"ભુતકાળે આપણને જે પાઠ શીખવ્યા છે તેટલીજ તેની કીમત થવી જોઇએ. ભુત કાળમાં આપણે જે છક્કડો ખાધી હોય, તે માટે ગમ કરવાની કંઇજ જરૂર નથી. જેમ આપણે ઠાપ ખાધી છે તેમજ બીજા સર્વેએ ખાધી છે. ખરો દાના તો તેજ કે જે અગણીત ઠાપો ખાધા છતાં નાસીપાસ થતો નથી. કેટલીક વેળા, એવી છક્કડો મારફતેજ આપણે ઘણું શીખીએ છીયે. જ્યારે સઘળા સંજોગો તમારી વિરૂદ્ધ જતા હોય, એમ તમુને દીસે, અને આશાનું એક પણ કીરણ તમો જોઇ ન શકો. ત્યારે તમારી કલ્પના શક્તિમાં એક આશાનું કીરણ તમે ઉપજાવી કાઢો અને તે ચલકતાં કીરણ ઉપર વિશ્વાસ, મક્કમ મન, અને ઠેકાવથી તમારાં ચિત્તને લગાડો અને તેમ કર્યાથી, નબળાઇ ગુંચવાડો અને નાસીપાસીથી આજેજ બનતાં તમે પોતાને અટકાવી શકશો. તમારાં મનને વિચાર કરવાને કંઇ આપો કે ખુશકારક હોય, અને તેની અસર એવી તો ચમત્કારીક થશે કે તમારી નાસપાસના અંધકારમાં એક ચળકતું કીરણ પ્રકાશી નીકળશે અને તે તમારાં બદતાલોને પાછળથી હાંકી કાઢીને તમને ફતેહ બક્ષસે અને જે ફતેહને તમે એક સ્વપ્ન રીશાલ માનતા હતા તે હવે ખરેખરી પુરવાર થશે: તમો જો શાંત મગજ રાખીને નિંદ્રાદેવીને વશ થશો તો બીજી સહવારે બીદાર થતાં તમો વિસમય પામશો કારણ તે વેળાએ તમો આસુદગીભર્યા અને ખુશ હશો અને ત્યારે હસ્તે મુખડે નવેસર કોશેષ કરવાને તમને કેટલું બધું સહેલું થઇ પડશે. "જે માન્યતા ધરાવે છે તેને માટે સઘળું બનવાજોગ અને સેહલ છે, જે આશા ધરાવે છે તેને માટે તે ઓછું મુશ્કેલ છે, જે માયા ધરાવે છે તેને માટે તે આશાન છે અને જે આ ત્રણે ચીજ ધરાવે છે તેને માટે કોઇ ચીજ મુશ્કેલી યા ન બનવાજોગ નથી."

*　　*　　*

વાંચનાર, તમારા નિરાશી અને નાશીપાસીના વખતમાં ઉપર લખ્યા પ્રમાણે અમલ કર્યાથી ખચીતજ મનમાં શાંતી થશે:

નીચલું લખાન એક દુઃખી મનનું ઘણુંક સમાધાન કરી શકશે.

૧ નાહક દુઃખી ના થાઓ—તેમાંથી તમને છોડવવાને તમારૂં બનતું કરો અને તે ઇન્સાફી મઝદ ઉપરજ સંપુર્ણ ભરૂસો રાખો.

૨. જેને ખુદા ભુલ્યો નથી તેને ભવિષ્ય માટે બીહવું ન જોઇએ.

૩. યાદ રાખજો કે, ખુદા પોતાના માનીતા ચેલાઓનેજ કઠણ પાઠ શીખવે છે:

૪. જો તમો ધીરજ રાખશો તો દીલગીરી અને નાસીપાસીનો છેડો ખુશી અને શાંતીમાંજ છે કારણકે દરેક દુઃખના ઇલાજ છે જેથી તે કાયમ રેહવાનું નથી.

છેવટ, નાસીપાસીને ફતેહની આમદનીજ વધાઇમાનીને તે ખુદાપરજ આધાર અને વિશ્વાસ રાખી ધીરજ અને હીંમતથી જો તેની સામે થવામાં આવે તો ખચીતજ તેનું પરીણામ આપંદે ફતેહમાંજ આવશે: એમાં કંઇજ શક નથી.

એક ટુંકી વાર્તા.) # "રાતો હીરો." (લખનાર કરીમ સજનલ

અર્લ ઓફ રેકમેર એક ઘણોજ દોલતમંદ ઉમરાવ હતો, તેણે મારા ઉપરીની મુલાકાત લીધી અને તેની પાસેથી દુન્યામાં ત્રીજા નંબરે સરસાઈ ભોગવતો એક મોટો રાતો હીરો તેણે પોતાની ખુબસુરત ધણીયાણી સારૂ મોટી રકમે વેચનો લીધો. આ હીરો હવે પછી મને કેવા કટોકટ પરિક્ષામાંથી જીંદગીના જોખમે પસાર કરાવવાની ફરજ પાડશે તે વિષે કોઈને જરા જાણતું હતું નહિ.

આ હીરો ઘણોજ મોટા કદનો હતો. અને અર્લ જ્યારે તે હીરો વેચાતો લીધો ત્યારે પોતાના સાથે લઈ જઈ શક્યો નહિ કારણ તેમાં થોડી એબ હતી કે જે કાઢી નાંખવા માટે તરત વેળા અમારી વિખ્યાત પેઢીની મોટી તીજોરીમાં તેને સહીસલામત રાખવામાં આવ્યો હતો.

" તમોને જણાવવા મારી ફરજ છે, મારા લોર્ડ, કે તે હીરા અંદર જે સેજ ખામી છે તે કાઢી નાંખવા અમોને થોડો વખત જોઈશે, ", મારા વડાએ કહ્યું. " હું તમો સાથે કરાર કરૂં છું કે આજથી બરાબર પંદર મે દીવસે હું તે હીરાની ખામી દુર કરી તૈયાર કરી તમને પહોંચાડીશ. "

" હું તે વખતે ઈગ્લંડમાં રહીશ અને તમોએ તે ત્યાં મને પહોંચાડવો જોઈશે. "

હીઝ લોર્ડશીપે કહ્યું, "તમો તેમ કરી શકશો કે મી. હેમીલ " ?

" અલબત "

" વારૂ ! પણ તે તમારા પોતાના જોખમે કરવું પડશે. " ફરી લાર્ડશીપે સવાલ કર્યો.

"હા, કબુલ છે," મારા વડાએ જવાબ દીધો.

તે નામચિન હીરો પોસ્ટ મારફતે મોકલાવવાનો જોખમ કોણ ખેડે ?

"શીલીપી" મારા શેઠે કહ્યું. "તમો આજથી બરાબર ચૌદમે દીવશે આ હીરો તૈયાર થવા બાદ ઈગ્લંડ પહોંચાડવા તૈયાર થઈ રહેજો."

આવતો પ્રસંગ અસાધારણ હતો અને તે બજાવવા મને હમણાંથી દીલમાં ધડક ધડક થતું હતું. હીરાના વેચાણને ત્રણ દીવસો થયા હશે કે એક પોલીસ અમલદારે મારા ઉપરીની ઓચિંતી મુલાકાત લીધી.

"મી. હેમીલ", તે અમલદારે પોતાના હાથના મોજાંઓ કાઢી પોતાના આંગળામાં ઝાલી કહ્યું, "તમને જણાવવા ખાસ મને વડા તરફથી હુકમ થયો છે કે "વોલોન્સકી" ચાર દહાડા થયા આપણા શેહેરમાં આવી પહોંચ્યો છે, અને તે 'રફાઈબ' હોટેલમાં આવી રહ્યો છે"

તે સદેશો સાંભળી મારા ઉપરીને ચટપટ થવા લાગી. અને ચિંતાતુર થયેલો દેખાયો. તે વોલોન્સકી કોણ હતો ! મારા શેઠે "કાઉંટ વોલોન્સકી" તરીકે તેને તરત ઓળખ્યો.

કાઉંટ વોલોન્સકીને ત્રણ મોટા દેશોની પોલીસ સારી પેઠે ઓળખતી હતી. તે હીરાઓ ચોરવામાં એક હિંમતવાન, યુક્તિબાજ ચોર હતો, અને પોલીસના પંજામાંથી ચતુરાઈ અને સફાઈ ભરેલી હિકમતથી છટકી જતો હતો. તેના ઉપર પોલીસ શક ભરેલી બની હતી, અને બારીકીથી તપાસ રાખતી હતી, અને તે જે જે દેશોમાં જતો તે દેશોના સત્તાવાળાઓને તાર મારફતે તેની હાજરીથી જાણ કરવામાં આવતું. તેને પકડવા માટે પુરતી જમાનીની ગેરહાજરી

તમારા દુઃખના વખતમાં તમારૂં મન જ્યારે ઉદાસ અને ડામાડોલ થાય, ત્યારે તમારી અક્કલને તમારાથી દુર જવા દેતા ના, એવે પ્રસંગે જ્યારે ધીરજ તમોને છોડી જતી રહે ત્યારે ઉમેદને તમો આગળ તેડજો. તમારા જીવને નાશીપાસી અને દીલગીરી જ્યારે નબળો અને નીરાશ કરશે ત્યારે હીંમત અને સ્ફુરતી તેને જોરાવર અને આશાવંત બનાવશે.

તમારી ગુંચવણ ભરી મુઝવણ અને નાસીપાસીના વખતમાં જ્યારે કંઇજ આશાનું કીરણ તમોને ન જણાય ત્યારે જો તમારો પુર્ણ ભરૂસો તે દાદારેપાક ઉપરજ હશે તો તે મહાદાની મઝદા કોઇ ધીરજ આપનારા નાતભાઇ અગર વાંચણના સમાગમમાં તમોને એવી રીતે મુકશે કે જે તમારૂં બધું દુઃખ અને નાસીપાસીને ભુલાવીને કરાર આપશે.

માણસ માત્ર અધીરૂં છે. જો તે ધીરજ અને હીંમતથી ખુદાપરજ ભરૂસો રાખે તો જરૂરજ તે સાહેબ આપણી ફતેહનો વખત આવતા સુધી કોઇબી રીતે ઘડતો દીલાસો દઇ આપતું બધું દુઃખ ભુલાવીને મન શાંત કરેછે.

* * *

"ભુતકાલે આપણને જે પાઠ શીખવ્યા છે. તેહલીજ તેની કીમત થવી જોઇએ. ભુત કાળમાં આપણે જે છકડો ખાધી હોય તે માટે ગમ કરવાની કંઇજ જરૂર નથી. જેમ આપણે હાપ ખાધી છે તેમજ બીજા સર્વેએ ખાધી છે. ખરો દાના તો તેજ કે જે અગણીત ઠાપો ખાધા છતાં નાસીપાસ થતો નથી. કેટલીક વેળા, એવી છકડો મારફતેજ આપણે ઘણું શીખીએ છીએ. જ્યારે સઘળા સંજોગો તમારી વિરૂદ્ધ જતા હોય, એમ તમુને દીસે, અને આશાનું એક પણ કીરણ તમો જોઇ ન શકો ત્યારે તમારી કલ્પના શક્તિમાં એક આશાનું કીર્ણ તમે ઉપજાવી કાઢો અને તે ચલકતાં કીર્ણ ઉપર વિશ્વાસ, મક્કમ મન, અને ઠેકાવથી તમારા ચિત્તને લગાડો અને તેમ કર્યાથી, નબળાઇ ગુંચવાડો અને નાસીપાસીથી આજેજ બનતાં તમે પેતાને અટકાવી શકશો. તમારાં મનને વિચાર કરવાને કંઇ આપો કે ખુશકારક હોય, અને તેની અસર એવી તો ચમતકારીક થશે કે તમારી નાસ્‌પાસના અંધકારમાં એક ચળકતું કીર્ણ પ્રકાશી નીકળશે અને તે તમારાં બદતાળોને પાછળથી હાંકી કાઢીને તમને ફતેહ બક્ષસે અને જે ફતેહને તમે એક સ્વપ્ના ખીઆલ માનતા હતા તે હવે ખરેખરી પુરવાર થશે: તમો જો શાંત મગજ રાખીને નિંદ્રાદેવીને વશ થશો તો બીજી સહવારે બીદાર થતાં તમો વિસમય પામશો કારણ તે વેળાએ તમો આસુદગીભર્યા અને ખુશ હશો અને ત્યારે હસ્તે મુખડે નવેસર કોશેષ કરવાને તમને કેટલું બધું સહેલું થઇ પડશે. "જે માન્યતા ધરાવે છે તેને માટે સઘળું બનવાજોગ અને સેહલ છે, જે આશા ધરાવે છે તેને માટે તે ઓછું મુશ્કેલ છે, જે માયા ધરાવે છે તેને માટે તે આશાન છે અને જે આ ત્રણે ચીજ ધરાવે છે તેને માટે કોઇ ચીજ મુશ્કેલી યા ન બનવાજોગ નથી."

* * *

વાંચનાર, તમારા નિરાશી અને નાશીપાસીના વખતમાં ઉપર લખ્યા પ્રમાણે અમલ કર્યાથી ખચીતજ મનમાં શાંતી થશે:

નીચલું ફરમાન એક દુઃખી મનનું ઘણુંક સમાધાન કરી શકશે.

૧ નાહક દુઃખી ના થાઓ—તેમાંથી તમને છોડવવાને તમારૂં બનતું કરો અને તે ઇન્સાફી મઝદ ઉપરજ સંપુર્ણ ભરૂસો રાખો.

૨. જેને ખુદા ભુલ્યો નથી તેને ભવિષ્ય માટે બીહવું ન જોઇએ.

૩. યાદ રાખજો કે, ખુદા પોતાના માનીતા ચેલાઓનેજ કઠણ પાઠ શીખવે છે.

૪. જો તમો ધીરજ રાખશો તો દીલગીરી અને નાસીપાસીનો છેડો ખુશી અને શાંતીમાંજ છે કારણકે દરેક દુઃખના ઇલાજ છે જેથી તે કાયમ રેહવાનું નથી.

છેવત, નાસીપાસીને ફતેહની આમદનીજ વધામણીની તે ખુદાપરજ આધાર અને વિશ્વાસ રાખી ધીરજ અને હીંમતથી જો તેની સામે થવામાં આવે તો ખચીતજ તેનું પરીણામ આયંદે ફતેહમાંજ આવશે. એમાં કંઇજ શક નથી.

એક ટુંકી વાર્તા.) **"રાતો હીરો."** (લખનાર કરીમ સજનરૂ

અર્લ ઓફ રેડમેર એક ઘણોજ દોલતમંદ ઉમરાવ હતો, તેણે મારા ઉપરીની મુલાકાત લીધી અને તેની પાસેથી દુન્યામાં ત્રીજા નંબરે સરસાઈ ભોગવતો એક મોટો રાતો હીરો તેણે પોતાની ખુબસુરત ધણીયાણી સારૂ મોટી રકમે વેચાતો લીધો. આ હીરો હવે પછી મને કેવી કટોકટ પરિક્ષામાંથી જીંદગીના જોખમે પસાર કરાવવાની ફરજ પાડશે તે વિષે કોઇને જરા જાણતું હતું નહિ.

આ હીરો ઘણોજ મોટા કદનો હતો. અને અર્લે જ્યારે તે હીરો વેચાતો લીધો ત્યારે પોતાના સાથે લઇ જઇ શક્યો નહિ કારણ તેમાં થોડી એબ હતી કે જે કાઢી નાખવા માટે તરત વેળા અમારી વિખ્યાત પેઢીની મોટી તીજોરીમાં તેને સહીસલામત રાખવામાં આવ્યો હતો.

" તમોને જણાવવા મારી ફરજ છે, મારા લોર્ડ, કે તે હીરા અંદર જે સેજ ખામી છે તે કાઢી નાખવા અમોને થોડો વખત જોઇશે, " મારા વડાએ કહ્યું. " હું તમો સાથે કરાર કરૂં છું કે આજથી બરાબર પંદરમે દીવસે હું તે હીરાની ખામી દુર કરી તૈયાર કરી તમને પહોંચાડીશ. "

" હું તે વખતે ઇંગ્લંડમાં રહીશ અને તમોએ તે ત્યાં મને પહોંચાડવો જોઇશે. "

હીઝ લોર્ડશીપે કહ્યું, "તમો તેમ કરી શકશો કે મી. હેમીલ " ?

" અલબત "

" વારૂ ! પણ તે તમારા પોતાના જોખમે કરવું પડશે. " ફરી લાર્ડશીપે સવાલ કર્યો.

"હા, કબુલ છે," મારા વડાએ જવાબ દીધો.

તે નામચિન હીરો પોસ્ટ મારફતે મોકલાવવાનો જોખમ કોણ ખેડે ?

"ફીલીપી" મારા શેઠે કહ્યું. "તમો આજથી બરાબર ચૌદમે દીવશે આ હીરો તૈયાર થવા બાદ ઇંગ્લંડ પહોંચાડવા તૈયાર થઇ રહેજો."

આવતો પ્રસંગ અસાધારણ હતો અને તે બજાવવા મને હમણાંથી દીલમાં ધડક ધડક થતું હતું. હીરાના વેચાણને ત્રણ દીવસો થયા હશે કે એક પોલીસ અમલદારે મારા ઉપરીની ઓચિંતી મુલાકાત લીધી.

"મી. હેમીલ", તે અમલદારે પોતાના હાથના મોજાંઓ કાઢી પોતાના આંગળામાં ઝાલી કહ્યું, "તમને જણાવવા ખાસ મને વડા તરફથી હુકમ થયો છે કે "વોલો-સકી" ચાર દહાડા થયા આપણા શેહેરમાં આવી પહોંચ્યો છે, અને તે 'રકાબ' હોટેલમાં આવી રહ્યો છે"

તે સંદેશો સાંભળી મારા ઉપરીને ચટપટ થવા લાગી. અને ચિંતાતુર થયેલો દેખાયો. તે વોલો-સકી કોણ હતો ? મારા શેઠે "કાઉંટ વોલો-સકી" તરીકે તેને તરત ઓળખ્યો.

કાઉંટ વોલો-સકીને ત્રણ મોટા દેશોની પોલીસ સારી પેઠે ઓળખતી હતી. તે હીરાઓ ચોરવામાં એક હિંમતવાન, યુક્તિબાજ ચોર હતો, અને પોલીસના પંજામાંથી ચતુરાઇ અને સફાઇ ભરેલી હિકમતથી છટકી જતો હતો. તેના ઉપર પોલીસ શક ભરેલી બની હતી, અને બારીકીથી તપાસ રાખતી હતી, અને તે જે જે દેશોમાં જતો તે દેશોના સત્તાવાળાઓને તાર મારફતે તેની હાજરીથી જાણ કરવામાં આવતું. તેને પકડવા માટે પુરતી જાબતીની ગેરહાજરી

ના સબબે પોલીસ અશક્ત થઇ પડી હતી. તે તેઓને યુકતીબાજ કળાથી હંફાવતો અને ડાગ લાગવા નહીં દેતો હતો.

ત્રણ મહીના અગાઉ એક વિચિત્ર બનાવ એમ બનવા પામ્યો કે "બેરોનેસ પોલુસ્કી" નામની એક રશીયન જનરલની ધણીયાણીએ એક ઘણી કીમતી માણેકની વીંટી ગુમાવી. આ વખતે કાઉંટ વોલોન્સકી તે જનરલના "સેંટ પીટર્સબર્ગ"નાં મેહેલમાં પરોણા તરીકે આવી રહેલો હતો. એક સાંજે બેરોનેસ અને તેણીની દાસીને તે પોતાના સાથે ગાડીમાં ફરવા લઇ ગયો, તે જ્યારે એક શાંત રસ્તા ઉપર હાંકી જતો હતો, તેટલાં ઘોડાઓ એકદમ ભડકી બાહોશ નાસવા લાગ્યા. તેણે ઘોડાઓને જોર ચાબકાથી ફટકા-વ્યા, આથી તેઓ દીવાનાં બની પવનને વેગે દોડતા હતા. તે હાંકનાર શાંત પડે તે અગાઉ તે બેઉ અબળાઓ ગભરાઇ જઇ તરફડીઆ મારવા લાગી, અને ત્રાસદાયક રીતે તે હાંકનારના બે બાજુથી બે હાથો મજબુત પકડયા અને સહીસલામત સાંજે જ્યારે ઘેર આવ્યા, ત્યારે બેરોનેસે અજાયબીથી જોયું પોતાના આંગળામાંની કીમતી વીંટીના પગ થઇ ગયા હતા. તેણીએ એ બાબતમાં પોલીસને જણાવ્યું અને વીંટી માટે રસ્તાઓ ઉપર શોધ કરવામાં આવી પણ તે ફેગટ વોલોન્સકી ઉપર પછી પોલીસ તરફથી બારીક નજર રહી કારણ પોલીસને પુરો શક હતો કે તેણી જ્યારે ગભરાટ વચ્ચે સખ્ત રીતે ફાંફાં મારતી હતી ત્યારે તે વખતનો લાભ લઇ તેણે વીંટી કાઢી લીધી હશે. પણ સાબેતી વગર તેના ઉપર કોઇપણ વાંક પુરવાર કરવા પોલીસ નાચાર હતી.

આ વખતે વાએના શહેરમાં તેનાં પગલાંઓની આમદ થઇ અને તે સ્કાઇબ હોટેલમાં તેણે પોતાનો ઉતારો લીધો, જ્યાં અર્લ રેડમેર પણ રહે છે, તેઓ વચ્ચે મિત્રાઇ બાઝેલી હોવાથી મને ધાસ્તી લાગી કે રખેને અર્લ રેડમેર રાતાહીરાની ખરીદી વિશે તેની આગળ વાત કરે, અને જો એમ થાય તો હીરાની સંભાળ રાખવાની અતિશય જરૂર પડે: " આ ઘણુંજ બનવા જોગ હતું કે એવા એક કીમતી નંગને પોતાના કબજામાં લેવા તે બેહદ કોશીશ કરશે," મારાં શેઠે મારી આગળ વાત છેડી "અને તે ખસુસ કરી અદભુત યુકિતઓ વાપરશે, પણ મને એક યોજના જડી છે. જેથી હું ફતેહ પામીશ."

તે કીમતી નંગ તેના માલીકને સ્વાધિન કરવાને હવે ફકત હાથમાં ત્રણ દીવસ બાકી રહયા હતા, તેટલામાં મારાં ઉપરીએ પોતાની આફીસના ખાનગી ઓરડામાં મને બોલાવ્યો. તેની સામેની ટેબલ ઉપર ન્હાની કાલી મોરોક્કો ચાંમડાની ઉંચી બનાવટની એક સરખી જાતની અને સરખા કદની બે પેટીઓ મજબુત તાળાંથી બંધ કરી મૂકેલી મેં જોઇ.

"તમો આ બે પેટીઓ ટેબલ ઉપર મુકેલી જુઓ છો," મારા ઉપરીએ હર્ખથી હરખાંતા પોતાનાં નાનાં જાડા હાથો એક બીજા સાથ મસળીને કહ્યું, " જેમાંની એકમાં આપનો અમુલ્ય રાતો હીરો મુકવામાં આવ્યો છે, જ્યારે બીજી પેટીમાં તદન અણગમતી ચીજ છે. ખરૂં પુછો તો તેમાં એક નાશકારક આત્મઘાતિક સંચોગોઠવવામાં આવ્યો છે. મારા વહાલા ફીલીપી તમો તાજુબ થઇ ચમકો ના. હું ખાતરીથી કહું છું કે જ્યાં સુધી તે બંધ છે ત્યાં સુધી તમારા એક બાલને પણ ધોકો થશે નહીં. એ એક નાનાં બચ્ચાં જેવો નિર્દોષ છે. તે જો તમો આ ઓરડામાં હાં ત્યાં ફેંકશો અથવા અફાલશો તો પણ કાંઇ થનાર નથી, પણ જો તમો તે ઉઘાડવાની કોશીશ કરશોતોજ એક મોટો

ત્રાસદાયક ધડાકો થશે અને તમને હમેશ સુખીના આ દુન્યામાંથી બીજી દુન્યામાં પહોંચાડી દેશે, એવો કાતીલ તે સંચો છે"

હું અત્યંત અજાયબી સાથે તે નાનકડી પેટીઓને જોતો ઉભો હતો, અને મારા ઉપરીનું મશ્કરીભરેલું હસવું મને શક ઉત્પન્ન કરતું હતું. એનું કહેવું ખાલી ભપકો સિવાય બીજું કાંઇ નથી-એમ મને લાગ્યું.

"ખસુસ કરીને ઘણાં હોંશિયાર કારીગરોને હાથે આ બનાવ્યું છે. એ એક ચતુર એનાર્કિસ્ટ કિસબીના હાથની બનાવટનો નમુનો છે." મારા ઉપરીએ બોલવાનું જારી રાખ્યું. "બે ચાર રીવોલ્વરો અથવા દજન એક ડીટેકટીવો કરતાં એ સલામત રીતે અર્લ રેડમેરને રાતો હીરો પહોંચાડશે, મે તેને આ બાબતમાં ખુલાસા સાથે વાત કરવાજ બોલાવ્યો છે, મેં એક બે રોજીંદા વર્તમાન પત્રોમાં એ બાબતમાં છપાવ્યું પણ છે જેમ વધુ જાહેર થાય તેમ સારૂં, કારણ તમને દશ હજાર પાઉંડની કીમતના હીરા સાથે ઇંગ્લંડ જવું છે. કાઉન્ટ વોલોન્સકી અથવા એનાજ જેવા બીજા બદમાશો જાણશે તો ઉલટું સારૂં છે. જો તે ચોરો આ પેટીઓ લુંટી જશે તો તેઓને આ બેઉ પેટીઓ ઉઘાડવી પડશે જે-માંની એકમાં તો હજારો પાઉંડોની કીમતનો હીરો છે જ્યારે બીજીમાં તેમનું મોત ઘુરકતું બેઠું છે, કેમ, હું જે કહું છું તે ખરૂં છે કે નહીં?"

મને તો સર્વે સરખું હતું. પણ મારૂં દીલ બેચેન હતું કારણ એવી મહા ખાનાખરાબી વાળી નરિ શેતાની બનાવેલી વસ્તુ સાથે મુસાફરી કરવી એ એક આફત હતી. હુ તે ઉપર ભરોશો કરતો નહીં હતો. તેથી મારા કૌતપર ભરોસો રાખી મેં મારી રીવોલ્વર મારી સાથે લઇ લીધી.

"કઈ પેટીમાં તે હીરો મૂકવામાં આવ્યો છે તે કહેશો?" મેં પુછ્યું.

"હા, એ તમારો સ્વાભાવિક સવાલ છે. પણ કઇ પેટીમાં તે હીરો મુકવામાં આવ્યો છે તે હું કહી શકતો નથી." મારો ઉપરી હસ્યો "તમો ફીકર ના પડો, તમો જાણો છો કે મારો તમો ઉપર પુર ભરોસો છે તો પણ આ જણાવવું ડહાપણભરેલું નથી, અને તમારૂં અજાણપણું કોઇ વખતે મંદદરૂપ તમને થઇ પડે તેથી આ વાત હું દીલગીરી સાથે જણાવી શકતો નથી.

"પણ તે અર્લ કેમ જાણશે"? મેં ફરી સવાલ કર્યો.

"જ્યારે તમારો સહીસલામત પહોંચવાનો મને તાર આવશે ત્યારે હું તરત વળતો જવાબ આપીશ કે ફલાણી પેટીમાં તે કીમતી હીરો છે તે પેટીને ઓળખી કાઢવી મુશ્કેલ નથી.

તે બે પેટીઓ એકજ કીસમની હતી. પણ તેમાંની એકને કુંચી નાખવાનું નાનું છિદ્ર હતું જેની આસપાસ નિકલની ચાર ખુણીએ પતરૂં જડી લીધેલી હતી. આ બે ઘણીજ વજન ધરાવનાર નાની કદની પેટીઓ હતી.

"તે નાશકારક સંચો વજનદાર હોવાથી," મારા ઉપરીએ વધુ ખોલાસો કર્યો, "મેં તે પેટીનાં વજન માફક બીજી પેટીના તળીયામાં સીસું ભરી તેને પણ સરખા વજનની બનાવી છે તથા કુંચી નાખવાના છિદ્ર આસપાસ નિકલની ચાર ખુણી પટ્ટી જડી લીધી છે. તેમાંજ પેટી ઉઘાડવાનો ભરમ સમાયલો છે જે હું તમને ત્યાં સલામત પહોંચ્યા બાદ તાર મારફતે જણાવીશ."

ત્રણ દીવસ પછી મારા હાથમાં સોંપેલું કાર્ય બજાવવા હું રવાનો થયો. તે એક કંટાળા ભરેલી લાંબી રેલવે મુસાફરી હતી. કોઇ પણ શક ભરેલો બનાવ ડોવર પસાર કરી જતી વખતે ક્યાંએ અનુભવ્યો નહીં. કોઇ પણ વિપતિ વગર હું લંડન સહી-

સલામત જઇ પહોચ્યો. તે વખતે રાત પડી હતી અને વરસાદ ઘણા જોરથી વરસતો હતો. મને લીવરપુલ સ્ટ્રીટ પસાર કરવી હતી ત્યાં સંખ્યાબંધ ઘોડાની ગાડીઓ ઉભેલી દેખાઇ. હું વખત ખોયા વગર બાહેર નીકળ્યો. એક ચાર પૈડાની બંધ ગાડીનો કોચમેન વાટરપ્રુફ ડ્રેસ પહેરી વરસાદથી ભીંજાતો પોતાની ગાડી હંકારી મારી રૂબરૂ આવી ઉભો રહયો.

"કેબ, સાહેબ," તે ગાડીવાને કહયું.

મેં તે તક ખોઇ નહીં, અને તે ગાડીમાં તરત ચડી બેઠો. અમો સ્ટેશનથી બાહેર પડયા તે વખતે તોફાન સાથે સખ્ત વરસાદ પડતો હતો. હું લંડન ઘણા વરસો બાદ આવેલો હોવાથી અને એવા સખ્ત તુફાન સાથના વરસાદના ધડક ધુજારાની મુસાફરી કરવાનો અનુભવ મને નહીં હોવાથી ત્યાંના રસ્તાની માહિતી મને ઘણી હતી નહીં.

ઘણો વખત પસાર થવા છતાં લીવરપુલ સ્ટ્રીટ નહીં આવ્યાથી મને શક ઉપજ્યો. મેં ગાડીમાંની એક કાચની બારી હળવેથી નિચે કરી બાહેર ડોકાવ્યું તો મેં જોયું કે કાંઇ સાકડા રસ્તાપરથી મારી ગાડી પસાર થતી હતી. તે મોહોલો કચરા અને બદબોઇ વાળો હતો અને અંધકારવાળો મિઆરભટ્ટાર લોકોથી વસાયલો એક હલકો લત્તો તે હતો. મને તે પરથી શક આવ્યો અને તે ગાડીવાલાને બુમો પાડી ગાડી ઉભી રખાવી. તેટલાં અચિંતો મારી ગાડીની બારીના કાચોનો કોઇએ ભુકે ભુકો કરી નાંખ્યો.

એક ઉંચો કદાવર પુરૂષ કે જેણે પોતાની માથાની ટોપી આંખો સુધી નીચે તાણી લીધેલી હતી, તેણે તરત પોતાનો હાથ તે ગાડી અંદર નાખ્યો. તે વખતે મેં જોયું કે તેના હાથમાં કાંઇ ચલકતી વસ્તુ ચમક ચમક કરતી હતી.

"બેસી જાઓ અને ચુપ રહો." તેણે દમ ભરાવતાં અવાજે પોકાર્યું.

મારામાં તાકત જેટલી હતી તેટલી વાપરી તેપર હલ્લો કર્યો, તે બે પગલા પાછો હઠી ગયો અને બીજીજ પળે બે મજબુત હાથોએ પછવાડેથી મારા ગળાને મજબુત પકડયું. તે બીજી બાજુનાં બારણામાંથી અંદર દાખલ થયો હતો, તે મજબુત હાથનાં આંગળાઓ મારા ગળાને ખુબ દબાવતા હતાં. હું ગુંગલાઇ ગયો, અને મારો શ્વાસ ચાલતો બંધ પડવા લાગ્યો. મારી આંખમાં અંધકાર ફરી વળ્યો અને મારી તાકાતનું ટીપે ટીપું ઓછું થતું ગયું, છેલ્લે હું બેહોશ થઇ મુડદા જેવો થઇ પડયો,

મેં જ્યારે આંખો ખોલી ત્યારે મેં જોયું કે એક જુની બાંધણીના મકાનમાં હું પડેલો હતો. થોડા વખતમાં મારા ઉપર જે ગુજર્યું હતું તે મને યાદ ચડી આવ્યું. મેં જ્યારે મારૂં માથું ફેરવી બીજી બાજુ જોયું તો ત્યાં બે માણસોને મારા નજદીક બારીક નજરથી જોતા બેઠેલા દીસ્યા, જેમાંનો એક ટેબલ ઉપર બેઠો હતો જ્યારે બીજાએ ખુરસી ઉપર બેઠક લીધી હતી. એક નેકનામો સીગાર ફુંકી ધુમાડાના ઘોટે ઘોટા કાઢતા હતા. મેં મારી નજર જ્યારે બીજી બાજુ ફેરવી ત્યારે જોયું કે ત્યાં બે ચામડાની નાન કડી પેટીઓ મુકેલી હતી, મને તેઓએ દગાબાજીથી સપડાવ્યો હતો તે ગાડીનો કોચમેન તેઓનો મળતીયો હોવો જોઇએ, એમ હવે મેં માન્યું, કારણ તે ત્યાં બેઠેલો મને ઘુરકતો હતો. હું ઉઠીને બેસવા સારૂં તરફડીઆં મારવા લાગ્યો, અને અંતે હું ઉઠીને મારા પલંગ ઉપર જેમ તેમ બેઠો.

"તમો પાછા શુદ્ધિમાં આવ્યા તે જોઇ હું તમને મુબારકબાદી આપું છું, મારા મિત્ર" તેણે ટેબલ ઉપરથી નિચે કુદકો મારી ઉભો થતાં કહ્યું, " તમો મિત્ર સાથે બેઅદબીથી વર્તવામાં આવ્યું છે જે વિષે સેવક માન સાથે ક્ષમા ચાહે છે. આ સેવક એમ કરતે

નહીં, પણ ધંધો પડ્યો તેથી લાચારીએ તેમ કરવાની જરૂરજ પડી છે. તમો ગજવામાં તમારી રીવોલ્વર સોધો ના, કારણ તે મારી પાસે સલામત છે. હવે આ ખાકસાર સેવક એક વધુ તકલીફ આપી દરગુજર ઇચ્છે છે કે આ બે પેટીમાંની કઇ પેટીમાં તે રાતો હીરો છે તે જણાવશો તો મોહોટો ઉપકાર થયેલો સમજીશ."

"તે શોધવાનું કામ તમારૂં છે", મેં તેનાં જેવો ઠંડો માટલો થઇ જવાબ દીધો "હું તે કદી કહી શકીશ નહીં."

"ત્યારે મીસ્ટર તમારૂં મોત આવેલું તમો માની લેજો, તેણે દાંતો કચકચાવતાં કહ્યું અને પોતા પાસેની રીવોલ્વરની નળી મારા માથા સાથે અડાવી દીધી.

મેં મારી આંખો મારૂં મોત આવી ચુકેલું ધારી બંધ કરી દીધી.

"વેલોન્સકી" તેના સાથીએ તેનેજ અટકાવાની મતલબે હાથ પોહોળા કરી ઓંચિંતા પોકાર્યું."

છટ વચ્ચે ના પડ," બીજાએ ગુસ્સા ભરેલા અવાજે બબડ્યું.

મેં હવે જાણ્યું કે એ કાતરું બદમાશ વેલોન્સકીનું હતું.

કઇ પેટી છે, કહે "? પાછો તકાદો કર્યો "જવાબ આપ, નહીં તો જેમ કુતરાને મારી નાખવામાં આવે છે તેમ તને મારી તારૂં મોત લાવીશ."

"કઇ પેટીમાં છે તે હું મુતલગ જાણતો નથી." મેં ધ્રુજતા દીલે દ્રઢપણે કહ્યું. તે વખતે તે નાશકારક રીવોલ્વરની નળી હજુ મારા માથા સાથે લાગેલી હતી, મારા શરીરમાંથી કંપારી પસાર થઇ ગઇ અને મારી રગોમાં લોહી ઠંડુ મારી ગયું. "હું સોગંદ પુર્વક કહું છું કે જેટલા તમો અ-જાણ છો તેટલો હું છું."

વેલોન્સકીના બદમાસ સાથીએ આસ્તેથી કહ્યું "એ કહેછે તે ખરૂં છે એ જાણતો નહીં હશે. મેં જે યોજના તમને કહી છે તે તમો અજમાવી કાંસ જોતા નથી?

બીજાએ એ સાંભળી માથું ધુણાવ્યું "તમો સાચે સાચું કહો છો કે કઇ પેટીમાં તે હીરો છે તે જાણતા નથી." તેણે પાછો મારા મોહોડા ઉપર નજર ટેકવી રાખી સવાલ કર્યો. "જ્યારે તમો જાણતા નથી, તો તે હીરો કયા બાકસમાં છે તે શોધી કાડવાનું કામ તમો ઉપર નાંખીએ છીએ." તે એક બુકકેસની નેમલનું ખાનું ખેંચી કાઢી તેમાંથી સ્ક્રુડ્રાઇવર બહાર કડાડી મારા પગો નજદીક ફેંકી નાંખતો બોલ્યો. "આ સ્ક્રુડ્રાઇવરની મદદથી તે ઉઘાડો. તેણે ગંભીર પણે બોલવાનું જારી રાખ્યું. આ બે પેટીમાંની એક તમો પસંદ કરી ખોલો. એમાં શક નથી કે એ ખાના ખરાબ પ્રયોગમાં તમારી જાનનો જોખમ છે, પણ તેમ કર્યા વગર ચાલે તેમ નથી. હું પાંચ મિનીટનો તમને વખત આપું છું. તે દરમ્યાનમાં આ પેટીઓમાંથી તમોને જે પસંદકારક લાગે તે ખોલજો, એ ઉપર તમારી જીંદગીનો આધાર છે, જો તમારા ખુશ નશીબે 'હીરાવાલી પેટી તમો ખોલશો તો અમો અમારી લુટ કબજે કરી તમને જીવતદાન આપીશું, અને જો તમારા કમનશીબે જે પેટીમાં નાશકારક યંત્ર છે તે ખોલશો તો પછી તમો મરણ પામશો અને અમો બીજી પેટી જેમાં હીરો છે તે ખોલી વગર જોખમે હીરો કાઢી લઇશું, હવે તમારી જીંદગી બચાવવાનો આ એક માર્ગ છે, સાહેબજી.'

તેઓ બાહેર પડયા. અને હું એકલો રહ્યો.

સ્થાપી ૧૮૮૪

બી. અરદેશરની કાં॰

EDISON PHONOGRAPH AGENCY.

માંગો તેવા હારમોનિયમો તે ક્યાંથી ખરીદશો ?

આજથી ૩૦ વર્ષોની જાણીતી થયલી બી. અરદેશરની કુંપની જાહેર પ્રજાને જણાવવાની રજા લે છે કે સારા ને ટકાઉ અંગ્રેજી તેમજ હાંના બનાવેલા ઉંચી કવોલીટીના અને હરેક પ્રકારની સારી સામગ્રીવાળા ખાત્રી પૂર્વકજ હારમોનિયમો યાતો તેને લગતો કશો પણ છુટો સામાન જોઇએ તો બી. અરદેશર તમારો ખીદમતમાં હાજર છે. હિંદની હવાને બરનોજ માલ કીફાયતે જામીનગીરીની સાથે મળશે

ખાત્રી ભરેલો ગ્રામોફોન અને ફોનોગ્રાફો માટે ક્યાં જશો

ફોનોગ્રાફ તેમજ ગ્રામોફોનમાં અમો અનુભવી હોવાથી તેમજ બનાવનારાઓને ત્યાંથીજ પરભારા આયાત કરનારાઓ છીએ. તમો માંગો તેવા હરેક પ્રકારના મોટા જથ્થામાં મોજુદ છે. ગ્રામોફોન તેમજ ફોનોગ્રાફને લગતો સામાન તેમજ પ્રખ્યાત ગાયનકારોના તેમજ નાટકોના ગાયનોના રેકર્ડોનો સર્વથી મોટો જથો તમારી પસંદગી માટે અમો પાસે મોજુદ છે. એકવાર પધારી તમારી ખાતરી કરજો. સારો માલ ને કીફાયત ભાવો.

છેલ્લામાં છેલ્લી રૂઢીના સીનેમેટોગ્રાફો વેચનારૂં જાણીતું મથક તે

બી. અરદેશરની કું. છે, સીનેમેટોગ્રાફ તેમનજ નાની મોટી મનપસંદ ફીલમોનો જથો અમારે ત્યાં અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લાંડ વગેરેથી આવતો રહે છે, લાઇમલાઈટ તેમજ વિજળીકને લગતો અપ-ટુ-ડેટ સામાન અતિશે કીફાયતે અમો વેચીએ છીએ, લગન નવજોતના મેળાવડાઓ વગેરે પ્રસંગોમાં અમો સીનેમેટોગ્રાફના ખેલો મનપસંદ રીતોથી ગમે તે મથકોએ ટુંક વખતમાં બહુજ કીફાયતે કરીએ છીએ.

શોખીન આલમને એક સારી સલાહ.

કોઇ પણ પ્રસંગે ઉપલી કાંઇ પણ ચીજો તમે ખરીદવા ચાહતા હોવો તો ખાસ કરીને અમારી સલાહ લેશોજી, બીન અનુભવીઓની ફોકટ દુકાને જવા આગમચ અમારા શો-રૂમની એક વખત મુલાકાત જરૂર કરી લેશોજી. રીપેરકામ નવા જેવુંજ થાય છે કોઈપણ ચીજો માટે લખો યાતો મલો સલાહ તદન મફત કીફાયત ભાવો તે ઉત્તમ માલની ગેરંટી.

પ્રસિદ્ધ મઠક—એડીસન ફોનોગ્રાફ એજન્સી.
કાલબાદેવીરોડ-મુંબઈ.

B. Ardeshir & Co.

Importers of Harmoniums, Cinematograph, Gramophones, Records, Ect. Kalbadevi Road, BOMBAY. — A Trial is Solicited.

Address. "up-to-date" BOMBAY.

વનસ્પતિ શાસ્ત્રનું સામાન્ય જ્ઞાન-૭

(સાંધણ પાને ૫૫૮થી ચાલુ)

(લખનાર-એમ. કે. દેશાઈ B. A.)

ટીમરૂં:—ટીમરૂં અથવા ટીંબરવાના પાનની બીડી પીવા માટે ઘણી વખણાય છે અને તેથી ટીંબરવાનાં પાનનો મોટો વેપાર ચાલે છે. એટલુંજ નહીં પણ ઘણા ગરીબ લોકો જેને કંઇ ધંધો કે નોકરી મળતી ન હોય તે પણ બીડી વાળતા શીખી ટીંબરવાની બીડી વાળવા મંડી જાય છે. ૫ વર્ષનાં છોકરાથી તે ૧૦૦ વર્ષના ડોસા સુધી અને કેટલીક હલકી વર્ણની તો સ્ત્રીઓને પણ જો કોઈ શોખ એવો લાગેલો હોય, કે, ખાધા સિવાય ચાલ્યું જાય, પણ તે શોખ સિવાય એક ઘડી પણ ચાલે નહીં દેખાદેખી ઉચ્ચ વર્ણમાં પણ આ શોખ અર્થાત્ એ ખરાબ ટેવ પ્રસરવા લાગી છે. પણ તંબાકુની બીડી પીવાથી ઘણી વાર ઘણાં ભયંકર પરિણામો આવી જાય છે, તેના બે ચાર જાણીતા દાખલા આ નીચે સમજુતી જાણ માટે લખવામાં આવે છે નાદના ૭થી૮ વર્ષના બાળકો પણ બીડી પીતાં શીખે છે

પ્રથમ તે દેખાદેખીને લીધે શોખને ખાતર પીયે છે. લાંબે વખતે તેઓને તે શોખ પ્રાણ સમાન થઈ પડે છે. તે માત્ર ખાધા પછી નહીં પણ ઝાડે જંગલ જવાની જગાએ પણ પીતા જોવામાં આવે છે, એવી ખરાબ જગાએ બીડી પીવી એ કુટેવ થોડી ઘણી વધી કહેવાય નહીં. આ કુટેવથી ઘણાઓને ક્ષય, છાતીના દરદો અને આંખના દરદો થાય છે, ને રતાંધળા પણ થાય છે, અને છબ સડી જાય છે. એવા પુરાવા દાખલ ઈંગ્લંડમાં નેલ ટેલર નામનો એક પ્રખ્યાત આંખનો ડાક્ટર કહે છે કે:—આંખના દશ રોગીમાંથી ૭ રોગીઓએ સીગારો અર્થાત બીડી અથવા તંબાકુ પીવાથી પોતાની અમુલ્ય આંખોનું તેજ ગુમાવી દીધું છે, તેમજ આંધળા થયા છે. અને કેટલાકની છબ સડી ગઈ છે. એક ડાક્ટરનો એવો મત છે કે "લીવર, પેશાબ, છાતી, મગજ અને હૃદયના દરદીએ તો ભૂલેચુકે પણ બીડી પીવી નહીં બીડી પીવાથી થોડીવાર મન ઉત્તેજિત " " "

પાછળથી તે ઘણું ઢીલું ને નિસ્તેજ થઇ જાય છે એમ કહેવું છે" તમાકુની બીડીનો તિરસ્કાર મી. ગ્લેડસ્ટનને ભારી હતો. એકજ વેળા પોતાની આખી જીંદગાનીમાં તેણે બીડી પીધી હતી; અને તેથી હાલના શહેનશાહ જેઓ તે વેળા પ્રિન્સ ઓફ વેલ્સ હતા તેમને પોતાને મકાને પધારેલા જોઇ તેમને રાજી રાખવા મી. ગ્લેડસ્ટને નાનકડી બીડી હોઠે લગાડી, પાછળથી એમને એમ ફેંકી દીધી હતી બીડીનો વાસ તે નામદાર ખમી શકતો નહીં અને કાપડાંપરથી તે પીછાની લેતો કે કયાણો બીડી પીને આવેલો છે એક તબીબ કહે છે કે, જેણે પોતાની તંદુરસ્તી બિગાડવીજ હોય તેને બીડી પીવી. તે કહે છે કે, જે જવાન એટલો બધો કેવળમંદ હોય કે તેને પોતાનું બળ ભારી પડતું હોય, જેનાં ફેફસાં, કલેજું ગુરદાં એટલાં સાજાં હોય કે તેને તેમની તંદુરસ્ત હાલત પીડા સમાન હોય, જે માણસની સાંભળવાની, સ્વાદ લેવાની કે સુંઘવાની ઇંદ્રીયો એવી નિર્દોષ હોય કે તેમની તિક્ષ્ણતા જરા બુઠી કરવાની જરૂર હોય; જે ધણીનું ભેજું એટલું બધું ચાલાક હોય કે તેટલી ચાલાકીવાળું તેને ચરી જવાનો ભય હોય; અથવા જે કેઇનું ... ... એટલું હદથી જ્યાદા હોય કે તેને ઓછું કરવાની અગત્ય હોય તો તેવા ધણીને બીડી પીતાં પાલવશે; પણ એવો બેઅપણું માણસ હોય એ શક ભરેલું છે. તમાકુથી કોઇ એકપણ માણસને બરોબર ફાયદો થયેલો સાબીત થયો નથી; પણ તેનાથી સંખ્યાબંધ લોકોને નુકસાન થયેલું સીધ્ધ છે. સૌ કોઇ જાણે છે કે તમાકુમાં જે મુખ્ય વસ્તુ "નિકોટિન" નામની આવે છે, તે કાતેલ ઝેર છે. બીડી પીનાર યા તંબાકુ ચાવનાર આસ્તે આસ્તે આ ઝેર તે શરીરમાં પચાવે છે. તેને તેની આદત પાડે છે. પણ તેમ તે આસ્તે આસ્તે શરીરનો બીગાડ કરી તેનું સત્યાનાશ વાળે છે, એટલે કે તમાકુ તંદુરસ્ત માણસને નબળો બનાવે છે. અને નબળાનું ખચું ખરાબ કરે છે."

[અપૂર્ણ]

અમેરિકાએ મિત્રરાજ્યો માટે શું કર્યું ?

લખનારઃ—J. N. P.

ઓસ્ટ્રેલીઆના મેલબોર્ન શહેરના "Stead's Review" નામના માસિકનો અધિપતિ પોતાના એક અંકમાં આ યુરોપી વિગ્રહમાં મિત્રો રાજ્યોને યુનાઇટેડ સ્ટેટસ તરફથી કેવી મદદ મળી છે તેનો સામટો સાર નીચે પ્રમાણે રજુ કરે છે—

ઓસ્ટ્રેલીઅન સંસ્થાનો તરફથી દોઢ લાખથી વધુ માણસોની મદદ મળતી રહે છે તેપર આપણું ધ્યાન ખેંચીને આ અધિપતિ સવાલ કરે છે કે આ લડાઇનો છેડો લાવવામાં વધુ મદદ કોણ કરે છે, આપણે (સંસ્થાનીઓ) કે અમેરિકા ? 'યુનાઇટેડ સ્ટેટસ'ના કારખાનામાંથી મિત્રો રાજ્યો માટે સંખ્યાબંધ સામાન બને છે તેમાંની થોડીક મુખ્ય ચીજોની યાદી નીચે મુજબ છે. આ યાદીજ આપણા સવાલનો જવાબ આપી શકે છે.

૧૧,૦૦૦૦૦	રાઇફલો.
૩૦૦૦૦૦૦૦૦	કાર્ત્રીજો.
૧૫૦૦૦૦૦૦	રતલ (ગોળાનો ઉશડનારો સામાન દારૂ.)
૫૦૦૦૦	રીવોલ્વરો
૧૫૦૦	યાંત્રિક તોપો.
૨૦૦	બખ્તરવાળી મોટરો.
૯૦૦	૭ ઈંચવાળી તોપો.
૪૦	નવ ઈંચવાળી તોપો.
૪૦૦૦૦૦૦	પોલાદી તીરો.
૫,૦૦૦૦૦૦૦	ફીટ જેટલો રેલના પાટાનો શામાન.
૬,૦૦૦૦૦૦	પીપ; ઘોડાની નાળો
૫૦૦૦૦૦૦	મોજાની જોડીઓ.
૬૦,૦૦૦	ટન, શાર્પનેલ ગોળા માટેનું પોલાદ
૫૦,૦૦૦૦૦	વાર, લશ્કરી પોશાક માટેનું કપડું.
૧૦૦૦૦૦૦	એલ્યુમિનિયમ ધાતુના પાણી-ટાંકો. (Canteens).
૬૫૦૦	મોટર ગાડીઓ.
૮૦૦૦	રસોઇ માટેના ગાડાઓ.
૧૦,૦૦૦૦૦	ધાબળીઓ.
૩૦,૦૦૦૦૦	જોડી બુટો.
૨૦,૦૦૦૦૦	ઊનના હાથના મોજાની જોડીઓ.

તે ઉપરાંત ઓવરકોટો, પજામા, અંડરવેર, બંદુકના તારો, પોલાદ, તંબુઓ અને સ્ટ્રેચર્સ માટે ડકનું કપડું, અને લશ્કર માટે જોઇતી દરેક ચીજોનો મોટો જથ્થો ત્યાં બને છે જ્યાં જ્યાં તેમના નાખીચા ખચ્ચરોથી લગભગ ખાલી થઇ ગયું છે, અને દોઢ લાખ ઘોડાઓ મેળવવામાં આવ્યા છે.

આવી રાક્ષસી સંખ્યાના લશ્કરને ખવાડવા માટે નોંધવાલાયક સૌથી વધુમાં વધુ ઘઉંના પાકનો નિકાશ કરવા માટેનો ફાજલ પડતો જથ્થો એટલાન્ટિકની પેલે પાર લાવીને લડાઇના મેદાનમાં મૂકવામાં આવ્યો છે!

ગયા વર્ષની આખેરીએ એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો હતો કે લડાઇનો અસબાબ અને લશ્કરો માટેની ચીજો જે જોડાયલા રાજ્યોમાં બનાવવામાં આવી હતી કે બનતી હતી તેની એકંદર કીમત ૬ કરોડ પૌંડની થવા જાય જાય છે. આ વખતે આપણે સહેલાઇથી કહી શકીએ કે હાલમાં તે વધીને ૧૦ કરોડ પૌંડની થવા જતી હશે, અને અમેરિકન કમીશનમા નાદર કામે બેલ્જીઅમની રૈયતને ભુખમરામાંથી બચાવી છે.

જાહેર ચર્ચા.

સોમવાર તા ૨૪મી મેને દિવસે **પારસી લેખક મંડળ**નો ૧૮મા વર્ષનો એક ખુશનુમા મેળાવડો કામાબાગમાં થયો હતો. તે આ મંડળની હસ્તિમાં ઘણે લાંબે કાળે થયો હતો. 'પારસી લેખક મંડળ' તેના ઘણાજ ખંતિલા સેક્રેટરીના કારોબાર હેઠળ સૌથી વધુ ફતેહમંદ અને પગભર હાલમાંજ થતું જાય છે એ ઘણી ખુશાલીની વાત છે. અરસપરસ વિચારો જણાવવા, નવી ઓળખાણ ગોઠવવા અને જૂની ઓળખાણને પુષ્ટી આપવા આવો મેળાવડા ઘણાજ સાધનભૂત થઇ પડે છે. પચાસ ઉપર સભાસદો અને મિત્રોનો આવો જમેલો એક અનોપમ રચના દેખાડતો હતો. તેમાં કેળવાયલા બાનુઓના ગીતોએ એ મેળાવડાની ખુશાલીમાં અત્યંત ઉમેરો કર્યો હતો, એ માટે મીસ મુલ્લાં ફીરોજ બહેનો અને મીસ નાવગામવાળાએ મોટા ઉપકાર શ્રોતાજનોપર કીધેલો કહેવાશે અમારી દીલગીરી એટલીજ છે કે મનની મોજની સાથે સાથ "પેટની પુજા"ની આવી મહોબત ભરેલી જરૂરીઆતની પીછાન વારંવાર કરવામાં આવતી નથી.

❦ ❦ ❦ ❦ ❦

સાહિત્ય પરિષદની બેઠક ગત મેહ માસની આખેરી સાથ પુરી થઇ છે. પરિષદની અમો પ્રસંશા કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે તેમનો પ્રયાસ ફળિભૂત થાઓ. આ પાંચમી સાહિત્ય પરિષદના પ્રમુખ રા. નરસીંહરાવ ભોળાનાથ બી. એ. ગુજરાતી ભાષાના એક સાક્ષર છે પણ તેમના ભાષણે ગુજરાતી સાહિત્ય, ભાષા કે વ્યાકરણ માટે કંઇ નવું અજવાળું પાડયું નથી. એમના કરતાં સત્કાર મંડળના પ્રમુખ રા. મધુવચરામનું ભાષણ અમને વધુ ગમ્યું છે.

સાહિત્ય પરિષદે શું કર્યું છે, અને તેનો ઉદ્દેશ શો છે એ સવાલ સહજ ઉત્પન્ન થાય છે. અમને લાગે છે કે માત્ર ભાષણો આપી જવાથી કે નિબંધો વાંચી જવાથી ગૂજર્ર ભાષાનો ઉત્કર્ષ થનાર નથી. જ્યાં નાગરો, બ્રહ્મણો, દક્ષીણીઓ વગેરે નાતોનો મતભેદ હોય ત્યાં ભાષાનો ભેદ કેમ નાબુદ થાય? પરિષદનું સઘળું કાર્ય હિંદુઓના એક હાથમાં છે. તેઓ ગુજરાતીને એકલા પોતાનીજ ભાષા ગણતા રહ્યા છે. પારસીઓની પણ એ ભાષા છે તે તેઓ ભુલી જઇને કામ લે છે. એ પરિષદની ફતેહમાં એક કટંક છે. કવિ હિરાચંદ પોતાના કોશમાં લખે છે કે ગુજરાતીનું પહેલું વ્યાકરણ અને પહેલો કોશ બનાવનારા પારસીઓજ છે. ગુજરાતી છાપાની માલીકી પહેલી મુંબઇમાં પારસીઓનેજ હાથ હતી. કવિ નર્મદને ઉત્તેજન અપાવવામાં તેમજ કવિ દલપતરામને અગ્ર સ્થાન આપવામાં પારસી મદદ મુખ્ય હતી. વાર્તાના પુસ્તકોમાં પ્રથમ ભાગ પારસીઓએજ લીધો છે. અને પહેલવહેલું ગુજરાતી અંગ્રેજી વ્યાકરણનું પુસ્તક સુરતના એક પારસી શિક્ષક તરફથી બહાર પાડવામાં આવ્યું છે. આ છતાં પારસીઓ હજી અશુદ્ધ બોલે છે અને લખે છે તે ના પાડી શકાતું નથી, પણ ગુજરાતી ભાષાના ઉત્કર્ષમાં પારસી હિસ્સો મુખ્ય છે એમ ના પાડી શકાશે નહીં. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એક એવી સંસ્થા છે કે જે તેમના હાથમાં રહેલ મોટા ફંડમાંથી ગુજરાતી શબ્દ કોશ કે વ્યાકરણના પ્રમાણભૂત પુસ્તકો બહાર પાડી શકતે. પણ તેના કારોબાર બહુ ભોલા અમદાવાદી હિંદુઓના એક હાથમાં હોવાથી તે સંસ્થા નિર્થક થઇ પડી છે. આ ફંડ મુંબઇની કોઇ એવી સંસ્થાના હાથમાં મેલવું જોઇએ કે જેમાં હિંદુઓ ઉપરાંત પારસી અને મુસલમાન વિદ્વાનો હોય. અમદાવાદની આ સંસ્થા બરખાસ્ત થઇ વડોદરા કે મુંબઇમાં કોઇ નવું મંડળ ઉભું થાય તો તે ગુજરાતી ભાષાની ઘણી સેવા બજાવી શકે સાહિત્ય પરિષદ શું આ અમદાવાદી મંડળના હાથમાં રમે છે કે સ્વતંત્ર છે તેનો ખોલાસો થવો ઘટે છે.

પુસ્તક પરિક્ષા.

Review by—J. N P.

અધીરી અરનવાજ અથવા પસ્તાયલી પારસણ.

લેખકઃ—મરહુમ મી૰ દાદી એ તારાપુરવાળા.

મરહુમ મી. દાદી તારાપોરવાળા એક પારસી કવિ અને પારસી સાક્ષર તરીકે જાણિતા હતા. એવા એક લેખકનું નામ જે ગે વધુ વખત સ્મરણમાં રહે તેટલું પારસી લેખકો માટે માનપ્રદ ગણાવું જોઇએ આથી આ પારસી કવિનાં સઘળાં ગદ્ય અને પદ્યના લખાણો છપાઇ જાળવઇ રહે એ સ્તુત્ય પગલું ગણીશું મુંબઇના જાણિતા પબલીશર્સ મેસર્સ જેહાંગીર બી કરાણીના છોકરાઓએ તેમની લખેલી ઉપરી ઉપરી ચોપડીમાં પ્રગટ કરી એવા એક સાક્ષરની કદર બુજી છે, તેમજ જાહેર સેવા બજાવી છે એમ અમો કહી શકીશું.

"અધીરી અરનવાજ એક ઉતાવળી અને વહેમી મોહોરદારનું પાત્ર છે, જે પોતાના સંસારનો પોતાની શંકીલી મનોવૃત્તિને લીધે કેટલો નાશ કરે છે, પોતાના અશ્રાફ ધણીને કેટલી હદ સુધી ગેરઇન્સાફ કરે છે, પોતાના બચ્ચાં તરફની ફરજ કેવી રીતે ભુલી જાય છે, તેનો હૃદય ભેદક ચિતાર રજુ કરે છે. અરનવાજ પુનામાં પોતાના ગરીબ ધણી સાથ રહે છે, જ્યાં પડોશમાં એક હિંદુ બાલી અબળા મંજુલા નામની રહે છે. અરનવાજના વહેમ અને કજિયાથી આ મંજુલા માહિતગાર રહે છે અને તેને વારંવાર શિખામણ આપે છે, તે છતાં આ વહેમી સ્ત્રી પોતાના ધણીની પુઠ પકડી મુંબઇ આવી પોતાના ધણીને પોતાની એક આબરૂદાર મિત્રણ મહેરબાનુ મુગા શેઠ સાથ ફરતી જુએ છે, આથી તેણીની આંખમાં ઝેર ભેળાય છે ને પોતાનું ઘર છોડી પોતાની બહેનને ઘર સિકંદ્રાબાદ જઇ રહે છે. આ બહેન પણ તેના વહેમી કામોમાં ઉત્તેજન આપે છે ને મુસલમીન ફકિરને ત્યાં તેણી રખડતી દીસે છે. જ્યાથી તેણી એક પારસીની મદદથી ફરેવા થતી બચી જાય છે. પોતાની બહેનને ત્યાં પણ અરનવાજને મારામારી થાય છે, જેથી રંજીદા દીલે મુંબઇ આવી પસ્તાઈ કરી. પોતાના ધણીની હાલતથી વાકેફ થઇ તેની માફ માંગી પરતવો કરી મહા મહેનતે તે અફસોસ ધણીની મહેરબાની પછી મેળવી એક થાય છે." વાર્તાનો આ ટૂંક સાર છે, પણ તેમાં લેખકે પારસી સંસારને લગતા ઘણાક સવાલો પર ટિકા ચલાવી છે, અને જગેજગા યોગ્ય દોહરા, પદો, કવિતો વગેરે મૂકીને લખાણને ઘણું આકર્ષિત બનાવ્યું છે. કેળવણીની કદર અને અબળા જાતિના છુટાપણાની કીમત વિષે અરનવાજ અને સુધરેલી મહેરબાનુ મુગા મોદી સાથ જે વાતચીત થાય છે તે હાલના સુધારાની સિમા દેખાડે છે, એ વિષે સફે ૫૪માં આપેલા લેખકના શબ્દો નોંધવા લાયક છે. ગરીબ લેખકોની સ્થીતિ માટેનો મી. દાદીનો બળાપો ઘણે ઠેકાણે લાયક ધ્યાન ખેંચે છે, જે વિષે હાલના લેખકોનું હૈયું તપાસવાની ઝાઝી જરૂર નથી. અરનવાજ જેવી લોભી ઓરત જ્યારે પોતાની ધણીની આવક ૫૦ થી વધીને ૧૫૦ ઉપર ગએલી જોય છે ત્યારે કેટલી બધી ટીપલી થઇ નાચવા કુદવા પડે છે, તે બ્યાન સ્ત્રી જાતની ડામાડોળ ખાસ્યતનો એક પડઘો રજુ કરે છે. ઘણી બારીક તપાસ કરતાં પણ આ વાર્તામાં અમને ધ્યાન પુગાડવા જોગ દોષો દીસતા નથી, એજ આ વાર્તાની ફતેહ છે. દરેક પારસી ઘરમાં આ ચોપડી જરૂર વંચાવી જોઇએ એમ અમો ઇન્સાફની રૂએ કહી શકીશું અમારા હિંદુ અને મુસલમાન વાંચકોને પણ એમાંથી ઘણું રસીલું વાચન મળી શકશે.

પ્યારનો એક પુલ.

લેખક મી. બમનજી ન. કાબરાજી

મી બ. કાબરાજીએ વાર્તાની ઘણી ચોપડીઓ લખી છે, જેથી તેઓ અસાર આગમજના વાંચકોમાં એક સારા વાર્તાનવેશ તરીકે જાણીતા થયા છે. મી. કાબરાજીની વાર્તાની ચૂંટણી ઘણી ખરી પ્યારની કાહંણીપર આધાર રાખનારી હોય છે અને હાલના વાંચકોની તૃષા છીપાવવા માટે તે ચૂંટણી તેમને લાભકારક થઇ પડે છે. ઉપલી વાર્તા ઇંગ્રેજી સંસારપર રચાઈ છે, આથી એમાં ઇંગ્રેજી નામો ઈંગ્રેજી સંસાર અને ઇંગ્રેજી વિવેકની બાબદોનું વાચકને જ્ઞાન થાય છે

વાર્તાની શરૂઆત "સર રે માર્ટીન" નામના નામાંકિત ઇજનેરની કારકીર્દીથી શરૂ થાય છે, આ ઇજનેરને બહાર ગામની એક શાંત જગ્યામાં હવા ફેરફાર અર્થે જવું પડે છે, જ્યાં એક ગામડીઆ જુવાનની ચંચળાઇ પર તેનું ધ્યાન ખેંચાય છે. આ છોકરાનું નામ લી ફ્રેઝર છે, જે આ વાર્તાનો હીરો છે. આ ગરીબ ખેડુતનો ચપળાક દીકરો સર રેનો પાળક બેટો થવા નસીબવંત નીવડે છે અને પોતાના માબાપથી છુટો પડી શહેરમાં 'સરરે' સાથ રહી, આગળ જતાં નામાંકિત ઇજનેર થઇ મોટી વિખ્યાતિ મેળવે છે, તે એટલે સુધી કે એક અતિ ખુબસુરત અને શ્રીમંત અબળાની વરણાગી તોડીને તેણીનું પણ દીલ જીતી લેછે આ સઘળા સુખમાં તેનો મોહટો અફસોસ પોતાના માબાપની જુદાઇનો લાગે છે. એક માનું હેત, એક બાપનો સમાગમ, વહાલા ભાઇ બેહનેની યાદ લીનું હૈયું આટલી જાહોજલાલી છતાં સદા કોતરી નાંખે છે. સઘળા સુખમાં આ મ્હોટું દુઃખ તેને હરદમ સાલે છે, તેનો બોધક ચિતાર બે ઘડી વાંચનારનાં મનપર સારો છાપ બેસાડે છે. પોતાની જનેતા મા તરફ બેવફા થનારા બચ્ચાંઓને આ દુઃખી અવતાર ચાનક રૂપી છે.

વાર્તાનો ખરો રસ છેક આખેરીએ જામે છે, જ્યારે 'કીંગ્સ કલીફ'ની પાર્ટીમાંથી નીકળી લી છુપાછુપ પોતાના વચનથી બંધાએલા મોહોરદાર લીલીની નજર ચોરાવીને પોતાની બહેનને એક ચોકસ ચેતવણી આપવા એકાંતમાં મળે છે. લીલી આ મોલાકાતનો ખોટો અર્થ ઉઠાવી લીને તરછોડ હડધુત કરી તેનો ખોલાસો સાંભળ્યા વગર ચાલી જાય છે.

લી હવે ઘર આવી. નીચલો બળાપો કરે છે. "તેણે ફુર્યાદની હાંખે સાથે ઉંચે આકાશમાં જોયું, તેણે પોતાના એ એકજ પાપની-જેરીમાં માબાપ ને તરછોડીને અલગ રહેવાને તેમને છાડી આર વાના મહા જબુન ગુનાહની-આમજા તાજેશ કરી ને દાવરે દાદગરથી દરેક માફી ચાહી તેણે બે તકરાર બહાલ રાખ્યું કે એક ઘેરનો પ્યાર તેજ સાચો સંગીન સર્વોપરી પ્યાર હતો"-(સફો. ૧૫૫) પાછળથી લીનો ખરો ખોલાસો થતાં લીલી માફ માંગની લીને ઘર આવી તેની સાથ પરણે છે ને વાતનું સારૂં ઉત્ર લાવે છે. આખી ચોપડીમાં ઘરના પ્યાર વિષેનો એટલો ચિતાર છે કે આ વાર્તાનું નામ "પ્યારનો એક પુલ" આપવામાં લેખકે ભુલ કીધી છે. જોડણીની બાબદમાં આવા અનુભવી લેખક હજી કચ્યા કેમ મલુમ પડે છે એ અમારી અજાએબી છે વાર્તાનું કદ બહુ નાનું છે, પણ તે વાંચી પુરી કીધા વગર છોડવા ગમે તેમ નથી. આ વાર્તા મેસર્સ જેહાંગીર કરાણીના છોકરાઓ તરફથી પ્રગટ થઇ છે, અને તેની કીમત રૂ ૧। રાખવામાં આવી છે.

પારસી વિષયો.

લખનારઃ-મી. શો. મ. દેશાઈ.

મી. શો. મ. દેશાઇ એક જુના અને અનુભવી લેખક છે. તેમના ઘણાં લેખો અસલ માસિકોમાં આવી ગએલાં હમો હોંશથી વાંચતા હતાં. તેમનું લખાણ શુદ્ધ હોઇને ઘણીજ ચોકસાઇથી રચાયલું હોય છે, જેથી એક પારસી સાક્ષર તરીકે અમો તેમને વાજબી રીતે ઓળખાવી શકીશું. જોકે તેઓ આગળ માફક હાલના માસિકોને પોતાના

લેખકોને જવાબ.

આ માસિક સંબંધીના લખાણો અધિપતિને નામે કાન્તા બીલ્ડીંગને શીરનામે મોકલાવવા. લેખકોએ કાગજની એકજ બાજુએ લખવું અને જોડણી શુદ્ધ રાખવાપર વિશેષ ધ્યાન રાખવું. ઘણા લેખકોની બાબદ મળી છે. જે અમારી તપાસ હેઠલ છે.

મી. ચંદુલાલ પરિખ—તમારી કવિતા મળી છે. જગ્યા થવે જરૂર દાખલ કરીશું.

D. તમારી કવિતાની ચૂંટણીની બાબદ કંઈ ઘણી રસિક લાગતી હતી. અમને તે ઘણું ઉંચું અને ચઢીયાતું લખાણ જોઇએછે. શરૂઆત તરીકે થોડુંક લેઇ લેશું. પણ કવિતા સંગ્રહના ઉંડાણમાં પ્રવેશ કરી તેનું પરિણામ રજુ કરતા રહેશો તો જરૂર ઉત્તેજન આપીશું.

H. M. V. તમારો પારસી કેળવણીનો વિષય-વણોજ કાબેલીયત ભરેલા વિચારોથી ભરપૂર છે. જલદીથીજ લઇ લેશું. તમારી શૈલી અમને વિશેષ ગમે છે.

હોમી—કેમ, ભાઇ, તમને એ શું સુઝી પડયું કે તમારો આગલો તખલ્લુસ ફેરવી નાંખી નવો લીધો. તમને શરૂઆતમાં બહાર પાડવાની થોડી ઘણી લાયકી આ અદના માસિકને આપવા તમારે મનિતાઇ માનવી ન જોઇએ. તમો લાંબે અંતરે દીસો છો; બીજા નવાં માસિકોમાં તરો દેકામ કરો છો, પણ બેઅદબી માફ અમને કંઇ તેનું દીઠું પોચું રૂચશે નહીં. કલમ વધુ કસો. તમારી મોકલેલી વાર્તા વાંચી છે, દમ જેવી નથી, તો પણ વખતે જોઇશું.

શોખીન—તમો બહુ લાંબે વખતે પધાર્યા. વાર્તા ગમી છે. લેઇ લઇશું. તમારી વાર્તામાં અંગ્રેજી શબ્દો ને વાક્યો ભારોભાર છે તે રૂઢી અમને પસંદ નથી. જોડણી ઘણીજ સુધારવી પડે છે.

મી. વેસાવેવાળા—તમારા નિબંધો ઘણી ઉત્સાહથી વંચાતા અમને જણાયા છે, ખાસ કરીને તેમા ધર્મ અને નીતિના ફકરા હોવાથી તે અમને બહુ ગમે છે. પણ સાહેબ, પેન્સીલ લખાય તેવી વાપરશો! તમારા લખાણો ઉકલાવતા મોટાં "પાવરફુ રીડગ્લાસ" પણ નકામું થઇ પડે છે!

મી. સા. મ. કા. તમારા લખાણો અમો દાખલ કરીશું પણ આ માસિક કોઇને પણ કશી બાબદમાં લવાજમ આપતું નથી, એ તમારે યાદ રાખવું.ઉલટું અમારી પાસ લખાણનો જથ્થો એટલો છે કે તેમને દાખલ કરતાં લાંબી મુદત લેવી પડે છે. કાચા નવા લખાણો અમને સંખ્યાબંધ રદ કરવા પડે છે. તમને ખાનગીમાં વધુ લખીશું.

સો. બા. મસાની—એક બાબદ અમોને મળી છે જગ્યા પ્રમાણે તુરત લઇશું.

કાંગા—તમારી અંગ્રેજી બાબદ અમારી તપાસ હેઠળ છે.

નવરોજના અમારા ડબલ અંક માટે રસિલી અને સુનંદી ચીજો લાવી મોકલવાની અમારા માનવંત લેખકોને સૂચના કર્યે છીએ.

રિપ્લાકાર—ઢાપણ જુન ૧૯૧૫નો અંક.

Vol. 5.] MASIK MITRA or MONTHLY FRIEND [No. 51.

પુ. ૫ મું] સપટેમ્બર ૧૯૧૫ [September 1915] [અંક ૫૧મો.

છુટક નકલ ૪આના | ઓફીસ કાન્તા બિલ્ડીંગ કાલબાદેવી, મુંબઇ. | વાર્ષિક લવાજમ રૂ. ૨-૮-૦ (પોસ્ટેજ સાથે)

બાબદો. સાંકળીયું. લખનારાઓ. સફો.

બાબદો.	લખનારાઓ.	સફો.
સાંકળીયું		૧૩૫
નુતનં વર્ષાભિનંદનમ્		૧૩૭
The Past and the Future of the Pa--es	By the Editor	139
Pateti.	Khalesh	141
Tabacco a pestilential and Ruinous habit.	By Dr. N B. Bhurucha.	143
Marseilles.	The Fair Rose of France	145
The Motto of Zoroastrianism	M. C. M.	146
Belgium; Past, Present & Future.	T. M. Pocha	147
Character Sketches.	J. Kanga.	148
Volcanic Phenomena	N. R. Mistry B.A.S C.	149
Beauty in Simplicity.	M. H. Udani M.A, LL.B.	152
Retorts & Rhymes.	A. K. D.	154
માણસ મોતને પાત્ર છે.	અરદેશર ખ વેસાવેવાળા B. A.	૧૫૫
હકનો હોકમ.	મી રૂ. ઇરાની,	૧૫૬
મોટાનું મોત	મી. શો. કા. ખંભાતા.	૧૫૬
ખુશ મિજાજ.	બાપુજી. દી. વજીફદાર.	૧૫૭
પ્રમાણિક મહેનત-મજુરીનું મહત્વ.	H. M. V.	૧૫૮
મગરૂરી.	ક. દો. છેલા.	૧૬૧
ઓરત અને તેણીનો દરજ્જો.	એમ. એમ. માદન.	૧૬૨
અર્ભકાના ખુરદો	પચી.	૧૬૭
બાનુ ગોશસ્પ	M.	૧૬૯
મોતી માળા.	મી. મી. માદન.	૧૭૩
કહેવત મુળ અને રૂઢીપ્રયોગ. (૩)	J. N. P.	૧૭૭
ડાકટરો સાથે શું નવા દર્દો પણ વધે છે.	ડા. ધ. ન. ભુચીઆ. L. M. & S.	૧૮૧
રદીમ ઇરાનીઓમાં લગનની મોતેબરીના ખ્યાલો.	રૂ. બ. પેમાસ્તર. મી. એ. એલએલ. બી.	૧૮૯

જો કે નવો છે, તોપણ તે જુનો ગણવો જોઇએ, કારણ કે છેક અકટોબરથી અમોએ "વાર્તામાળા" નામનો વધારો કાઢવા માંડયો હતો, જે ચોકસ કારણોસર અમોએ ટુંક વખત મોકુફ રાખ્યો હતો; હવેથી આ વાર્તામાળા' છુટી છપાશે અને જુદી વેચાતી મળી શકશે. એનો વાર્ષિક લવાજમ ૧૫ આના છે. અને છુટક નંકલ એક આનાની નામની કીંમતે મળી શકશે. અમારા માસિક મિત્રના ગ્રાહકોને તો તે મફત જ મળશે. એક વધારે તરીકે દરેક અંક સાથ તેને સાંથે સીવી અમારા માનવંત ગ્રાહકોને તેનો લાભ કશાપણ વધારા વગર આપીશું. અમો હજી વધુ સુધારા વધારા કરવાની ગોઠવણમાં છીએ; ઘણીક ખર્ચાળ યોજના અમારા મનમાં રમ્યા કરે છે, જે સઘળી પાર પાડવા માટે અમારે માટે નવા ગ્રાહકો મેળવી આપવાની કાળજી હાલના અમારા ગ્રાહકોએ કરવી જોઇએ. એમાં પરસ્પર લાભ સમાયલો છે.

'અદલ બ્રિટિશ અમલની જય-કુસ્તી બાંધવાની પાજંદ નિરંગમાં કહેલું છે કેઃ—

'હુશ પાદશાહાન અવાદશાં બાદ,
દુશમના સતોહબાદ, દુજમના અવાદશાં બાદ'

એક જરથોસ્તી હરઘડી કુસ્તી બાંધતા ઉપલા શબ્દો ભણે છે. તે દુશ્મનો 'સાજેજ' થાઓ, 'દુશ્મનો દફે થાઓ." દુઆ માગે છે કે બુરા પાદશાહિ દફે થાઓ,

આખા હિંદ માટે બ્રિટિશ રાજ્ય માટે એવી દુઆ ખરા અંતઃકરણથી માગવાનો જો કોઇબી સમય વધુ અનુકુળ આવ્યો હોય સો તે હાલના દારૂન યુદ્ધના ગજબનાક કાલ છે. ઇન્સાફ અને હકની લડાઇ માટે આપણા અદલ રાજકર્તાએ બુરા પાદશાહ કૈઝર સામે જે જંગ ઉઠાવ્યું છે, તેમાં તેની ફતેહ જલદી થાઓ અને દુન્યાને ત્રાસ પમા[illegible]

એવી દુઆં આજે લેવાતી સેંકડો બલકે હજારો, લખ્ખો સલામતીઓં સાથ મંગાશે, જે પાક અહુરમજદ આમીન કરો.

આજની લડાઈ તે હિંદુ શાસ્ત્રો પ્રમાણે અસલ ચાલતી દેવદાનવોની લડાઈ છે, ગોયા તે કૌરવ મહાભારત યુદ્ધનો ખ્યાલ આપે છે, જર્મનો અને તેના મળતીઆઓ તે કૌરવો છે અને મિત્ર રાજ્યો તે પાંડવો છે. મેક્ષમુલર કહે છે કે જેને આપણે દેવ દાનવોની કથા (mythology) કહીએ છીએ, તેમાંથી પણ આપણને કંઈ અક્કલ કે ડહાપણનો સાર મળે છે, તે ધ્યાન પુંગાડવા જોગ છે. જરથોસ્તી ધર્મનો એ નિયમ છે કે નેક અને બુરાઓના આ સૃષ્ટીના ચાલુ જંગમાં જેઓ અહુરમજદની ખાસિયત વધુ હોય છે તેઓની આંખરે ફતેહ છે અને જેમાં અહ્રેમનની (આહરેમનની) ખસલહત વધુ રહે છે તેમો આખરે નાશ થાય છે. આ રીતે જ્યાં સુધી એક જરથોસ્તી 'અશો'ને દરજ્જે પુંગે છે ત્યાં સુધી તેના અંતઃકરણમાં જુદા જુદા જુસ્સાઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા કરે છે. આવા યુદ્ધમાં આખીર સચાઈનીજ ફતેહ છે. તેટલા માટે કહ્યું છે કે Truth is great, and at last prevails.

અમારા તમામ વાચકો માટે ભલી દુઆના આશયનો જે ઉદ્ગારો સફે ૧૨૭ પર મરહુમ પારસી કવિ મી૦ દાદી તારાપોરવાળાની તેજી કલમથી લખાયેલા ઉતાર્યા છે, તે સર્વે તમામ વાચકોને, પારસી કોમને, તેમજ હીંદની સઘળી પ્રજાને બધી રીતે આમિન થાઓ.

તથાસ્તુ.

કાન્તાબીલ્ડીંગ, કાલબાદેવી

તા. ૧૨ સપ્ટેમ્બર ૧૯૧૫.

રોજ પાક દાદાર અહુરમજદ, માહા ફરોખ

ફેરદુન.

" MASIK MITRA "

Special Number.

SEPTEMBER, 1915

?ast and the Future of the Parsees:

By:—the Editor.

On leaving the shores of this frail world, King Arthur of the Round Table rightly sang:—

" Old order changeth, yielding place to new
And God fulfils himself in many ways,
Lest one good custom should corrupt the world."

So in wishing all our Zarthosti people a very Happy New Year to-day, the Masik Mitra has to give an integral share. We are now ushering into another year with pride and hope, pride that the little Zoroastrian community still lives even after 1284 years' vicissitudes in this our foster country and hope that its future is to be for ever bright. It is not untrue to say that this old Persian race has still in it germs of prosperity even in these days of colonisation. Our forefathers, as colonists of the very first order, settled in this new land to preserve their Sacred Fire and their Divine Faith; otherwise there was no reason for them to leave their dear Home. The Parsee Pilgrim Fathers, like those that sailed in the May Flower to the other side of the World did not meet with any resistance on the part of the old settlers; but their customs and manners to adopt from them and thus to mix with them they were given some concessions. Ever since the days of Neryosang, the Parsees have been a flourishing people in Western India; this may be partly due to their assiduous habits and integrity, and partly also to the work of the holy faith that they have so enthusiastically followed. With their usual zeal and pushing spirit they turned a fisherman's village into the urbs *prima* of India, the very gateway of Hindustan. Bombay in its making owes a deep debt to the Parsee business talent, when the Wadias and the Jejeebhoys, the Modis and Sethnas became pioneers. Bombay the beautiful could not be so but for the Parsees; Bombay the rich could]

not be such without these merchant princes, in whose veins ran the "Blue Blood" of Kyanian days.

Such is the past of this smallest but foremost race in India. It was a happy band of people in Gujarat. Its social and religious status was very high in the past. There were no beggars, no smokers, no shameless unworthies at all. Times are altered and with them also the ways and works of the world. "Luxury" says a highly developed Soul, "is the root of evils". This appears to be true in the present case. Another Flood threatens to approach us after thousands of years. Another Noah's Arc or Jamshed's Vara will have to be kept ready, lest the tiny race be now swept away by the stormy waves of the present Parsee Society. It is therefore with the greatest regret that we here ring the caution bell and utter aloud that the once immensely powerful Iranian nationality is *sinking*, morally, physically, religiously. Lo and behold, there is an irony of fate here. The scented sandal wood chips are indignantly set aside, while the stinking tobacco pipe is fondly, very fondly, handled. The old orthodoxy is slowly giving way to looseness of principles and moral depravity. Street after street in the Bombay City now displays so many undesirables in the community. Nay, our very Parsee nobility, if at all it is there, is leading the half ripe youngsters to the wrongest path. Our past glories are now reduced by them to the *tabacco smoke* and our religious leaders to connive at this ! a thousand pities! ! Materialism is the motto of the lower classes, "don't care" is that of the upper. Our middle class too finds now hard times to support themselves and the result is immoral ways of procuring money. Many a wretched father and mother have been caught red-handed in their most nefarious action of seeking means of maintenance by squeezing their own girls. We beg of our people to listen to this cry that is raised. What should the remedy be? This is certian; as long as the Parsees have no real head, as long as they do not appoint one common Priest to rule over them in matters social also, as long as there are no missionaries among them to preach once more the rare message of Zoroaster, and as long as the undesirables, already caught, are not urgently excommunicated, so long will their future be gloomy and dark; so long there will be nothing done in uplifting the already sinking waggon of Parsee Society. The Parsee Punchayat should be made the chief weapon to resuscitate our lost position, should have once more full magisterial powers to cope with the present difficulties. We only draw a dismal picture, because ours is a small community in India.

And it is always difficult to save a small object from sinking. This dark drawing on this auspicious morn is only a warning to our Co-relegionists and not a curse; we hope most earnestly that the scale be now turned once more to the path of Rightousness, which is the only path shown in the Zoroastrian Faith we have so long been fortunate to preserve. We want now the rising generation to stick to this path and no other; our young boys and girls should be soon given the advantages of *Applied* Zoroastrianism in these days of business luxury. While we say this, we beg to draw the attention of our readers to the article on Tabacco Evils from the powerful pen of one of our esteemed contributors in this special number. We earnestly hope that our leaders and our educationists will snatch away from the hands of *korgas* their noxious pipe and offer them sweet scented incense for their Fire and the Zoroastrian Bible for the illumination of their inward soul. We also advise our religious reformers to look to evils newly introduced into the Parsee Society, before meddling with unnecessary religious topics. Lately a few stars appeared on the horizon to show us the refined path ! Shall we open their eyes and ears as reformers to look to fresh impurities brought in by black sheep in the society of today and apply their sweet oratory and grand eloquence to this side of moral questions ? This alone will make our future brighter and this only will find us once more on the same high platform that saw on it the pious feet of many a hero of Nehavand and Cadesia, and many a loyal soldier who fought on the side of the Persian Prophet Zarathushtra in those bygone days. May Ahura Mazda the brightest and the best, the greatest preserver of human races be pleased to lead our Parsee race aright! May we once more regain the lost prestige of our fathers and may we rise higher and higher in our moral principles and religious fervour which distinguished the old world Parsee Zoroastrians of the Sassanian times! This is our only earnest prayer to-day !

"PATETI."
(ADOPTED)

By:—"Khalesh" (NAOSARI.)

1

By a beautiful road our 'Pateti' comes,
A road full twelve months long,
And every mile is as warm as a smile,
And every hour is a song.

Flower and flake, and cloud and sun,
And the winds that riot and sigh,
Have their work to do ere the dreams come true,
And 'Pateti' glows in the sky.

2

To the beautiful home our 'Pateti' comes,
The home that is safe and sweet,
With its door ajar for the beam of the Star,
And its corner for love's retreat,
There the mark on the wall for the golden head,
Is higher a bit, we know,
Between 'Pateti' coming and 'Pateti' sped,
There's time for the barn to grow.

3

'Tis a beautiful time when 'Pateti' comes
All up the street and down,
For hearts alight make faces bright,
When 'Pateti' comes to town.
Neighbour and friend in gladness meet,
And all are neighbours dear,
When the 'Pateti' peace bids evil cease,
In the holiest day of the year.

4

The fair white fields in silence lie,
Invisible angels go,
Over the floor that sparkles hoar,
With the glitter of frost and snow.
They scatter the sweetest balm of heaven,
Wherever on earth they stay,
And heaven's own store of bliss they pour,
On earth each 'Pateti' day.

5

'Tis a beautiful task our 'Pateti' brings,
For old and young to share,
With a jingle of bless, and silvery swells,
Of music in the air.
To make the sad world merry a while,
And to frighten sin away,
And to bless us all, whatever befall,
It the task of 'Pateti' day.

[N. B.:—This Poem was written by Mr. M. E. Sangster on '

Tobacco a Pestilential and Ruinous Habit

ITS USE A DISGRACE AND ITS DISPLAY A DELIBERATE INSULT.

By:—**Dr. Navroji Byramji Bharucha**, NATUROPATHIST.(B'bay.)

Dear readers—It is with the greatest regret and sincerest feelings that the following lines are to be read from top to bottom, and it is in that light alone that I submit them.

The filthy and disgusting tobacco habit to which some of the members of the community are so generously and slavishly addicted, has become a great communal plague.

This wasteful, health-blighting and degrading social vice is one of the worst evils that afflict the human family. In its blighting influence upon the health and the morals of the human race, tobacco ranks second only to that other great destroyer, alcohol. To the combined influence of these twin curses may be traced nearly all the poverty, crime, disease, *misery and suffering which afflict humanity in Christian countries.*

Smokers are so ill-mannered and destitute of all sense of honor and decency that it has become necessary to put down their aggressions by force. As it has been found impossible to suppress the depravations of tobacco fiends in any other way, they should be put down by the strong arm of the law. The public notices on placards posted up in the cabins of steamboats, in restaurants in railway waiting rooms and other public places to prevent smoking and spitting convey a severe reproof to all who use tobacco. That it is impossible to restrain smokers within the bounds of decency, even by these means, shows with a still greater force the baleful influence of tobacco in blunting and extinguishing those finer feelings of human nature upon which depend the amenities of social life. If smokers could be induced to submit to the written laws made known in public places, we might censure them the less for their disregard of the unwritten laws of polite society. But the demoralizing influence of the degrading tobacco habit is so strong as to drive its devotees through all restraints, expressed or implied. The stench of tobacco smoke is so offensive to the nostrils and so irritating to the eyes and lungs of ladies who are constrained to inhale it, that it induces sneezing, coughing, smarting of the eyes, lachrymation, headache, vertigo, nausea, and other symptoms of acute nicotine poisoning. It is not an unusual occurrence that refined ladies are forced in sheer disgust to leave convention halls and committees in order to escape the stifling smoke-laden atmosphere which are contaminated by the nauseating fumes from cigars and cigarettes in the mouths of male tobacco fiends, who evince no more courtesy, kindness or politeness in the presence of ladies than do the beasts of the field.

Tobacco users are intolerable public nuisances wherever they go. They are so sordidly and so selfishly devoted to the idol of their mouths

ઉમદા દવાઓમાંથી આ બનાવેલ છે, અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબીના રૂપીયા આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાશ મોતીરામ

રાજકોટ-કાઠીયાવાડ.

અર્ધાનો ખુદો.

લખનાર—"પંચી."

"નવું વર્ષ" અને નવી આશા. આગલાં વર્ષોનાં જોમ અને ખુશાલી ગયાં. હાલમાં તમામ દુનિયાની હાલત કેવી છે ? જોખમ અને જુલમી જીવડા કપસરની નીચ લોભની પ્રપંચી જાળમાં જે જુલમાત ભરેલી લડાઇ કરવામાં આવી છે તેની આગ-ઝાળમાં આખી દુન્યા આજે શોકથી ગર્કાવ થઇ બેઠી છે. દર અઠવાડીયામાં થતી રહેતી લાખો જીવડાઓના કીમતી જાનની બરબાદી અને કરોડો રૂપિઆનો દારૂગોળામાં ઉડતો ધુમાડો ગમે એવા સંગદીલના જીવડાનું પત્થરનું હૈયું પણ પીગળાવવાને પુરતાં છે. બહાદુર બેલજીયમ અને આપણાં મિત્રોરાજ્યો પોતાના જુલમી અને લોભી દરીફને સદાનો હેડળ પાડી આપણાં મોંઢ જલદીથી હસતાં કરે અને નવું આવતું પારસી વર્ષ વધુ આનંદમાં પસાર થાય એવી આપણી દરેકની આજના શુભ દીવસે ખરાં મનની પ્રભુ-પ્રાર્થના છે.

પારસી-સંસાર—ગયાં વદી ગયલાં વર્ષમાં પારસી સંસારની નાલેશી તથા નમ-ખાઇઓ વધુ પ્રમાણમાં જાહેરમાં આવેલી જોઇ આપણે દલગીર છીએ. હાઇકોર્ટ અને પોલીસ કોર્ટમાં ચાલેલા તરેહવાર કજીયાઓથી પારસી જેવી પરાર્થી કોમને જે કલંક લાગે છે તેનો હવે ગંભીરાઇથી વિચાર કરવો જરૂરનો છે. કોર્ટ દરબારના કજિયાઓ પારસી સંસાર અને પારસી મંડળોમાં સાધારણ થઇ પડવાની બીના બહુ સંતાપજનક તથા હીનરપની ભરેલી છે. ગયાં વર્ષમાં આ બાબદમાં બહુ અતેરું થયલું નજરે પડયું હતું. જેવો હલકો દેખાવ નજીકના ભવિષ્યમાં લગભગ નાબુદ થયલો જોવાની આપણી ફરજ, ગણત્રી અને દુઆમાં આપણી કોમ પાછળ પડશે નહીં એમ આપણે વ્હાલ અને વફાથી ખાત્રી રાખ્યે છીએ.

સ્ત્રી કેળવણી! પારસી સ્ત્રી કેળવણીનો સવાલ ચરાઇને કુવો થઇ ગયો છે. આ અગત્યના સવાલ ઉપર લખનારા તથા બોલ-નારાઓએ પોતાનાં બોજા અત્યાર આગમજ ઠીક પ્રમાણમાં કર્યાં છે. એક ઉપયોગી સવાલ તરીકે આ બાબદ ઉપર હજી વધારે લખવાની તથા બોલવાની જરૂર છે.

સર નારાયણ ચંદાવરકર વાજબી રીતે લખે છે કે:—

"Upon the womanhood of the country rested the burden of *social*, *moral*, *intellectual* and *physical* advancement of the Aryans" યાને આર્યોની સંસારિક, નૈતિક, માનસિક યાને શારીરિક સુધારા વધારાનો આધાર આ દેશની સ્ત્રી જાત ઉપરજ રહેલો છે.

સ્ત્રી જાતીનો ખરો ધર્મ શું છે! તે ગુણ સ્ત્રીતત્વને કુદરતી સ્વરૂપમાં ખીલવવા ઉપરજ આધાર રાખે છે. કેળવણી સ્ત્રી જાતીને તેના ફાયદાકારક રૂપમાં આપવાની જરૂર છે. હુન્નરકસબ, સ્વાદાઇ અને ધાર્મીક શિક્ષણને ખીલવી તેને અમલમાં મેલવાની જરૂર છે. સ્ત્રી જાતી પોતાની કુદરતી કોમળતા અને કુદરત તરફથી મળેલી દરેક પ્રકારની શક્તિ ગુમાવી દે; પત્નિ તથા માતા બનવાની લાયકાત મેળવવા પામે નહીં; કુદરતી લાય-કતની ખીલવણી કરવામાં અટકાવ રૂપ થઇ પડે, એવા પ્રકારની બારબરદારી કેળવણી સ્ત્રી જાતીને બંધબેસ્તી તથા સુખરૂપ થઇ પડે નહીં. આપણે ઇચ્છીએ છે કે સ્ત્રી કેળવણીનો હાલનો આકારો શિક્ષણક્રમ તદનજ નવેસરથી ગોઠવવામાં આવે.

ø ø ø ø

ગુરૂ નાનક કહે છે કેઃ—

નાનક દુખિઆ સબ સંસાર,
વો સુખીઆ જો કરે વિચાર.

વિચાર શક્તિનું બળ—બહુ મોટાં કાર્યો કરે છે. જેઓ સ્વાર્થમાં વીંટલાઇ ગયલા હોય છે તેઓનેજ વિચાર કરવાનો શુભ માર્ગ સુઝતો નથી. આતશબહેરામ, મંદીર અને દેવલ તથા મસીદમાં જતાં આવતાં પુરૂષો ઉત્તમ વિચાર કરતાં હોવાથી તે જગ્માનું વાતાવરણ શુદ્ધ અને આનંદી હોય છે જ્યારે કસાઇખાનું, દારૂનું પીઠું અને નાલેશી કરતા હલકા પુરૂષોની આસપાસ ખરાબ વિચારની આકૃતીઓ ભમ્યા કરે છે. એક કવી વાજબી રીતે કહી ગયો છે કેઃ—

He thinks in secret, and it
comes to pass
Environment is but his
looking-glass

આ ઉપરથી સ્હેજમાં જાણી શકાશે કે એક મનુષ્ય પ્રત્યે ખરાબ લાગણી દર્શાવનારો પુરૂષ પોતે તેવી લાગણીથી પ્રથમ ઉભરાશે. મનુષ્યની વૃત્તિ એવી વિચિત્ર છે કે તેને સ્તુતિ કરતાં નીંદાના વિચારો વધુ પ્રીય લાગે છે, જેનું કારણ તેની પોતાનીજ નીંદક વિચાર શક્તિ છે.

સારા વિચારો માણસને શુભ માર્ગે સુઝાડે છે જ્યારે બુરા અને ભટકતા વિચારો તેમજ આપણો ક્રોધ, વિરોધ અને અદેખાઇ સામાં મનુષ્યને હાની પુગાડવા કરતાં ખુદ આપણને દુઃખથી ડંખે છે.

" જો મન કાહુ સુ ક્રોધ કરે પુનિ
તો મન વ્હે તબહી તદરૂપા
સુંદર જો મન બ્રહ્મ વિચારત
તો મન હોત હિ બ્રહ્મ સ્વરૂપા"

હલકા વિચારના પુરૂષને નિંદ્રા પણ સુખે સુવા દેતી નથી; તેનું અંતઃકરણ તેને ડંખે છે અને ખુદ કુદરત તેના બુરા વિચારના વાતાવરણથી નારાજ થઇ તેના વિચારોના ફટકા પ્રથમ તેની ઉપરજ મારે છે. વિચારનું આ બળ છે.

ઇંગ્લંડની સ્કુલો—ઇંગ્લંડની સ્કુલો ત્યાં અપાતાં છેલ્લી રૂઢી મુજબના શિક્ષણથી માનીતી અને સંગીન પ્રકારની કેળવણી આપવામાં જાણીતી ગણાય છે. સ્કુલની ખાસ જુદી ઇમારત, રમવાની જગ્યા, બાગબગીચો, તથા રહેવા ખાવાની સગવડ, ઉપરાંત બીજી દરેક જાતની સામગ્રી ઇંગ્લંડની સ્કુલો પુરી પાડે છે. સ્કુલના શિક્ષણને અનુસરતા ખાશ હવા ઉજાશવાળાં કુસાદે વર્ગો અને વિદ્યાર્થીઓની ઠેરવેલી અમુક સંખ્યાજ દરેક વર્ગમાં હોય છે.

દરેક વર્ગમાં ૪૦ છોકરાની સંખ્યાથી એક પણ વધુ છોકરો બેસાડવામાં આવતો નથી. સ્કુલની ઈમારત સાહેજ લાયબ્રેરી, સાલ-સના શિક્ષણની સગવડ ઉપરાંત ખાસ સ્વીમીંગ-બાઠ પણ કોઇ કોઇ સ્કુલ સાથેજ જોડાયલો હોય છે. ઇટન સ્કુલમાં ૧ હજાર છોકરાની સગવડ રાખવામાં આવી છે. જે ઇંગ્લંડની સ્કુલમાં આગેવાન છે જ્યારે હેરો સ્કુલ ૬૦૦, માલબરો ૫૪૦ અને રગ્બી ૫૮૦ છોકરાઓની સગવડ ધરાવે છે.

ઘડપણ—

" જોબન દીવસ ચારનું, ઘડપણ સૌનો અંત;
ક્ષણની મોજ મજા ઉપર ધરો ન એવી ખંત.

મી. અ. મે. વીકાજીકૃત પ્રેમરાય.

રૂપગુણ—

" ન કાળા તે કપટી ન ગોરા ગુણવાન!
ગુણ જેમાં જેવા તેવા તે ગુણવાન"

મી. પાલમકોટકૃત.
નિરોંધ નાન્નં

બાનુ ગોશસ્પ.

આગલા જમાનાની એક મહાન બાનુની બહાદુરીનો ટુંક અહેવાલ.

(લખનાર—M.)

આ પ્રખ્યાત બાનુ ઇરાની સલ્તનતને સઘળી દુન્યામાં સર્વોપરી સત્તાદાર બનાવનાર ઝાબુલના જગઆશ્કર જેહાન પહેલવાન રૂસ્તમની બેટી હતી. મહાન શાએર ફિરદોસીએ આ બહાદુર પેહલવાન રૂસ્તમનું બેયાન પોતાના કીમતી ગ્રંથ " શાહનામહ " નામની કેતાબમાં એટલું તો વિસ્તારીને અને ઝમકદાર રીતે આપ્યું છે, કે વાંચનારાના દિલમાં કુદરતી જુસ્સો ઉત્પન્ન થયા વિના રહેજ નહીં.

આવા એક બહાદુર નરની બેટી પણ તેવીજ બહાદુર હતી. આ બાનુને "ગોશસ્પ" નો જે એલ્કાબ મળ્યો છે, તે તેની બહાદુરીને લીધેજ મળ્યો છે, કારણ કે "ગોશસ્પ"એ વીજળીના આતશને કહે છે, અને આ બાનુ તેવીજ વીજળીની ઝડપવાળી હતી. એનો જન્મ એના ભાઇ ફ્રરામર્ઝ કે જે પણ એક બહાદુર પહેલવાન હતો તેની આગમજ થયો હતો.

ફ્રરામર્ઝ નાનો હોવાથી તેના બાપ રૂસ્તમે તેને પોતાની બેટી બાનુને હવાલે કીધો, કે તું એને સંભાળીને રાખજે. બાનુ અને ફ્રરામર્ઝ બન્ને બચપણથીજ ઘણાં ઝોરાવર નીકળ્યાં, અને નાની ઉમરમાંજ લડાયક તાલીમ લઇ શિકાર કરવા લાગ્યાં. તે શિકારો પણ કાંઇ સાધારણ નહીં પણ ચિત્તા અને સિંહોનોજ કરવા લાગ્યાં. એમ કરતાં રફ્તે રફ્તે આગળ વધી પોતાના મુદ્દઇ અફ્રાસિયાબના શિકારગાહમાં જઇને શિકાર કરવા લાગ્યા. તેઓને કાંઇ દુશ્મનની ધાસ્તી જેવું હતુંજ નહિ. પણ જ્યારે જાલેજર કે જે તેઓનો બપાવો હતો તેને એ વાતની ખબર પડી, ત્યારે તેણે ગભરાઇ જઇ તે બચ્ચાંઓને શીખામણ આપી કે "તમો બન્ને નાદાન છો અને છેક દુશ્મનના શિકારગાહમાં જઇ શિકાર કરો છો, પણ જ્યારે આ તમારી વાત તે જાણશે ત્યારે તમોને શિતાબ પકડી લેશે."

પોતાના બપાવાની આ વાત સાંભળી બાનુ હસી પડી અને જાલને કહેવા લાગી કે "ઓ બુઝર્ગ બપાવા ! સઘળાં તૂરાનમાંથી તેમજ ઇરાનમાંથી એવો કયો શખ્સ છે, કે જે અમોને પકડવાની તો શું, પણ અમારી સામે આવવાની પણ હિમ્મત કરી શકે!"

બાનુના આ જવાબથી જાલ અચરત બન્યો, અને પછી તુરત પોતાના બેટા રૂસ્તમને તેડી સઘળી હકીકત કહી-કે તારા બચ્ચાંઓને ચિમકી લગાવ કે તેઓ અફ્રાસિયાબના શિકારગાહમાં જઇ શિકાર કરે છે, જેથી કદાચ તેઓ ઉપર કમી નગાહ કરી તેઓને પકડી લેશે તો આપણુને મોટી શર્મિન્દગી હાસિલ થશે. "

બરોસ્ત શુનીન ગોફ્ત યકરૂઝ ઝાલ
કે ફર્ઝન્દે ખુદરા બેદેહ ગૂશમાલ
મબાદા કમીન આવરાન અઝ કમીન
બેગીરન્દ ચાન અઝ પયે ખુન બકીન

ત્યારે રૂસ્તમે બાપને જવાબ દીધો કે " તું કાંઇ ફિકર ના કર હું છુપે વેશે જ્યારે તેઓ ત્યાં શિકારે જાય ત્યારે જઇ તેઓ બન્નેને બાંધી લઇ મઝબુત શિક્ષા આપું. " એમ કહી જ્યારે પેલાં બન્ને પાછાં શિકારે ગયાં ત્યારે સઘળો પોશાક જુદીજ રીતનો પહેરી મોઢાં ઉપર બુર્ખો નાખી રૂસ્તમ ત્યાં ગયો. જ્યારે તેઓ શિકારથી પરવારીને ખાવા પીવામાં મશગુલ થયલાં હતાં, ત્યારે રૂસ્તમે ઓચિન્તો

ત્યાં આવી તેઓને ગભરાવી માર્યા. તેઓને તેણે કહ્યું કે " હું આ શિકારગાહનો માલેક છું, મારૂં નામ," કુહઝાદ " છે. હું તમો બન્ને ખૂબસૂરત બચ્ચાંઓ છો તેથી તમોને અહીંથી બાંધી લઇ જઇ અફ્રાસિયાબને વેચીશ, કે જે મને પુષ્કળ દઉલત આપશે "

ચુ બેશ્નીદ બાન બેખન્દીદ સખ્ત
બદ ગોફ્ત કય તુર્કિ બરગશ્તહ બખ્ત
મન આન રોસ્તમે ઝાલરા દોખ્તરમ
ફેરાઝન્દહ દર બોજૅ ચુન અખ્તરમ
મશાવ ધર્રહ બર ઝુરા બાઝુએ ખોશ
અરીન બોજે બાલાએ હમ ચૂએ ખોશ
અગર કુહ બાશી ચુ ગાહત કનમ
બયક ગોર્ઝે ચુન ખાક રાહત કનમ
અગર કૂહ બાશી વગર અઝદહા
કે અઝ તીઘ તીઝમ નેયાબી રહા.

જ્યારે બાનૂએ રૂસ્તમનું બોલવું સાંભળ્યું ત્યારે ખુબ હસવા લાગી અને તેને કહ્યું કે " ઓ બરગશ્તે બખ્તના તુર્કી ! હું કોણ છું તે તું ઓળખે છે ? આસ્માન ઉપરના સેતારાની મિસાલ રોશની આપનારી ઝાલેઝરના રૂસ્તમની હું બેટી છું. તું પોતાનાં કૌવત અને બાઝુ ઉપર મુસ્તાક ના બન, અને આ બુલદ કદ અને તારા હોનરો ઉપર મગરૂરી ના કર. અગર તું એક પહાડ હશે તો પણ તને એક ઘાસનાં તણખલાં માફક ઉઠાવી લઇશ અને મારા એકજ ગોર્ઝથી તને ખાકમાં નાખીશ. અગર તું પહાડ હોય કે અઝદહા હોય, પણ મારી તેઝી તલવારથી છુટવાનો નથી. "

ત્યારે રૂસ્તમે તેને વધારે ચીડવી કે "તને કાંઇ પણ ઇઝા કર્યા વગર ઘોડા ઉપરથી ઉંચકીને અફ્રાસિયાબ પાસે લઇ જાઉં." આથી બાનુ પણ છેડાઇ અને બોલી:—

બદ્ ગોફ્ત બાનૂ કે અય દીવે દૂન
બચન્ગાલો બાઝુય કર્દી ઝબૂન
બેયા તા બેમર્દીએ જન્ગ આવરીમ
દરીન દશ્ત તા કય દેરન્ગ આવરીમ
બેગાફ્ત ઇનો બર નીઝહ અફગન્દ દસ્ત
તો ગોફ્તી કે આશોફ્તહ શુદ પીલે મસ્ત
ચુનાન નીઝહ બરઝદ કમરબન્દે ઉય
કે લર્ઝીદ અઝાન બન્દે પયવન્દે ઉય
અઝૂ દર દેલે રોસ્તમ આમદ નેહીબ
ઝે બીમશ બેશુદ હરદો પા અઝ રેકીબ
બેદાનેસ્ત રોસ્તમ કે ઉ સરકશ અસ્ત
કે દર જન્ગ હમચુ ગહે આતશ અસ્ત

રૂસ્તમને કહ્યું કે "ઓ કમીના દેવ! તેં હાથે કરીને તારી સુંગાલ અને બાઝુને ખરાબ કીધી. ચાલ આ મયદાનમાં ઢીલ નહીં કરતાં આપણે નીકળી લડાઇ કર્યે." એમ બોલી તે બાનુએ પોતાના નેઝા ઉપર હાથ નાખ્યો અને એક છેડાયલા હાથીની માફક ગુસ્સામાં આવી, રૂસ્તમનાં કમરબંદ ઉપર પેલો નેઝો માર્યો. તે ઝર્બથી રૂસ્તમના સાધે સાંધા ધ્રુજવા લાગ્યા, અને રૂસ્તમનાં દિલમાં ધાસ્તી પેઠી અને તે ધાસ્તીએ કરી તેના બન્ને પગ રેકાબમાંથી નીકળી ગયા. હવે રૂસ્તમની ખાતરી થઇ કે "તેણી લડાયક છે અને લડાઇમાં આતશની મિસાલ તેઝી ધરાવનારી છે." ત્યારે તેણીને પડતી મૂકી તે ફ્રરામર્ઝ આગળ ગયો. ફ્રરામર્ઝ સાથ પણ ઘણી લડાંઇ કરી પણ તે આજેઝ થયો નહીં એવી રીતે તે બન્ને સાથ રૂસ્તમ ઘણો લડયો પણ કોઇને પકડી શકયો નહીં. તેઓ બન્ને તેની બરાબર લડયાં કીધાં. ત્યારે રૂસ્તમ તેઓથી કંટાળી ગયો.

બદેલ ગોફ્ત રૂસ્તમ કે બદકાર શુદ
કે મારા બફર્ઝન્દ પયગાર શુદ
મબાદા શવમ આજેઝ અઝ જન્ગે ઉય
ઝેયાની રસમ આખેર અઝ ચન્ગે હય
સુ શીર અસ્ત બાનુગોશસ્પમ બરઝમ
કે બારાદ દરે પીરો રઝમમ ચુ બજમ

રૂસ્તમ પોતીકાં દિલમાં બોલ્યો કે "મારાં ફર્ઝન્દ સાથ લડાઈ શોધવાથી મારૂં કામ ખરાબ થયું છે. કદાચ કે તેણીની લડાઇથી આજેજ થાઉં, તો સેવટે તેણીની ચુંગાલથી મને નુકસાન પુગશે. લડાઇ કરવામાં તો મારી બાનુગોશસ્પ સિંહની મિસાલની છે તેણીની આગળ લડાઇ તો એક ખુશીની મજલેસ મિસાલ છે."

એવી રીતે રૂસ્તમ તે બાનુ સાથ ઘણી મસ્તમે લડયો, પણ તે બાનુ રૂસ્તમથી આજેઝ બની નહીં. સેવટે તે બાનુ ઘણીજ ગુસ્સામાં આવી પોતાની શમ્શીર ખેંચી રૂસ્તમનં સર ઉપર મારી જેથી રૂસ્તમથી ઢાલ ઉપરથી તે ઝર્બ છટકી જઇ તેને નાખેલા પોતાના મોં ઉપરના બુરખાને લાગ્યો જેથી તે બુરખો ચીરાઇ જઇ રૂસ્તમનું મોહું દેખાયું:—

નેકાબે ઝેરેહ ચુન ઝે હમ બર દરીદ
સરે રૂપે રૈસ્તમ બેયામદ પદીદ
ઝે શર્મે પેદર તીઘ અઝ દસ્તે ખીશ
બેયન્દાખ્ત બાનૂ સર અફગન્દહ પીશ

બાપની શર્મથી બાનુના હાથમાંથી તલવાર પડી ગઇ. તેણી નીચી ડોક કરી ઉભી રહી. તુરત રૂસ્તમે તેણીને તેમજ ફરામર્ઝને બગલમાં લીધા અને હસીને કહ્યું કે—

શુમારા ચે અન્દીશહ અઝ દુશ્મન અસ્ત
ખોદા તાન નેગહદાર જાન દર તન અસ્ત
શુમારા ઝે દુશ્મન નબાશદ ગઝન્દ
સરે દુશ્મન આરીદ દર ઝીરે બન્દ

"હવે તમારે માટે દુશ્મન નથી મને કશો પણ અંદેશો નથી તમારાં તન અને જાનનો નેગહબાન પાક યઝદાન હોજો!

હવે બાનુ અને ફરામર્ઝને જ્યાં ગમે ત્યાં ફરવાની રૂસ્તમે રજા આપી. એક દિવસ તુરાનમાં શિકાર કરતાં અફ્રાસિઆબના છોકરા "**શીદહ**"ની નજર બાનુ ઉપર પડી જેથી તે તેણીની ઉપર આશક પડયો, પણ તે બહાદુર છોકરીને પોતાના વિચાર જણાવવાની તેની હીમ્મત ચાલી નહીં. શીદહનો એક દોસ્ત "**તમરતાશ**" નામનો ચીની પેહલવાન હતો જેને **શીદહે** પોતાનો અહેવાલ કહ્યો જે ઉપરથી તે ઝોરાવર પહેલવાન પોતે બાનુ ઉપર આશક પડયો અને પોતાના બેહદ ઝોર ઉપર મુસ્તાક બની તેણીને જીતવા માટે તેણીની સામે ગયો. તે ચીની સાથ બીજા ત્રણ પેહલવાનો પણ હતા. **તમરતાશે** પોતાની માંગણી જાહેર કીધી. આથી બાનુએ ગુસ્સામાં તેની માંગણીનો જવાબ તલવારથીજ આપ્યો અને તે પહેલવાનના બે ટુકડા કરી નાખ્યા. આ જોઇ તેની સાથના ત્રણે પહેલવાનોએ તે બાનુ પાસે માફી ચાહી, જે તેણીએ સ્વીકારી. આ હકીકત જયારે **શીદહે** સાંભળી ત્યારે તે ચુપ રહ્યો.

હવે તે બાનુની ખૂબસુરતી ચોમેર ફેલાઇ. હિંદુસ્તાનથી જયપુરના રાજાએ તેમજ જયપાલ નામના રાજાએ અને કેશમીરના રાજા રાએહિંદીએ આ બહાદુર બાનુની માગણી કરી. જાલ અને રૂસ્તમે મસલહત કરી તેઓ ઉપર એવો જવાબ લખ્યો કે જે કોઇ શખ્સ આ બાનુને લડાઇમાં હરાવે તેને તે બાનુ કબુલ કરશે. આથી તે ત્રણે રાજાએ તે બાનુની લડાઇ માટે આવ્યા, અને તેણીની સાથે લડાઇ કરવા લાગ્યા, પણ બાનુને લાયકના તે હમ્નબર્દો નહીં હતા.

બચન્માલ જયપાલરા દસ્ત બોર્દ
કમરબન્દે ઉરા ગેરેફ્તો ફેશોર્દ
યકી કારતહ ગશ્તે દેગરરા બેખસ્ત
ચુ રાય આન ચુનાન દીદ અઝાનજા બેજસ્ત

તે બાનુએ પોતાની ચુંગાલ લમ્બાવી ને જયપાલનો કમરબંધ પકડી તેને અધમૂઓ કરી નાખ્યો. એકને મારી નાંખ્યો અને બીજાને ઝખમી કર્યો ત્યારે ત્રીજા રાયહિંદીએ તે જગ્યાએથી નાસવા માંડ્યું એવી રીતે ત્રણે રાજાઓનો નીકાલ આવી ગયો.

હવે આ બાનુની શાદી કેવી રીતે થઇ તે બાબત ઉપર આવ્યે. પાદશાહ કાઉસની દરબારમાં એક દિવસ સઘળા ઇરાની પેહલવાનો અને સરદારો મળી અગીઆર સો જણા એકઠા થયા હતા જ્યાં ખાણી પીણી ચાલ્યા બાદ આ પેહલવાની બાનુની વાત નીકળી, ત્યારે દરેક જણ તેને પોતાની મોહરદાર બનાવવા માટે તૈયાર થયા, અને શરાબની મસ્તીમાં વાત વધી પડી. દરેક જણ એક બીજા સાથ બાઝી પડયા, અને કાઉસના મેહલમાં ભારે તોફાન જાગ્યું.

બેયા તા બેમીની કે શર્બે શરાબ
કુનદ બીગુમાન ખાનહમાનહા ખરાબ
બેપર્હીઝ કીન આબે આતેશ જેહાદ
બસી ખાનહમાનહા બઆતેશ નેહાદ
મખુર મય કે મયખારહ ફર્જામે કાર
બતલ્ખી ગુઝારદ હમીન રૂઝગાર

"ઓ ભાઇ! તું આવ અને આ શરાબની ખરાબી જો. બેશક કે તે કેટલાક કુટુંબોનો નાશ કરે છે. આ આતશી ઝુન્યાદના શરાબથી તું દૂર રહે કે તેણે ઘણાક ઘરો આતશમાં બાળ્યાં છે. તું શરાબ ના પી કારણકે શરાબ પીનાર શેવટે તો પોતાનો વખત ખરાબ રીતેજ ગુઝારે છે."

કાઉસે આ ગડબડથી રૂસ્તમને તુરત બોલાવી મંગાવ્યો. રૂસ્તમ આવીને જુએ છે તો સાં ભારી તોફાન જાગ્યું છે. રૂસ્તમે સઘળાને નર્મ પાડયા અને જેટલા બાનુના ઉમેદવારો હતા તેઓને જુદા પાડયા. પછી તેણે તેઓને કહ્યું કે "આ તમો ચારસો જણાયાં છો જે સઘળા મારા મિત્રો છો. હું એકને રાઝી કરી બીજા સઘળાને નારાઝ કરવા માંગતો નથી. હું એક સૂચના કરૂં છું કે એક મોટો ગલીચો મયદાનમાં બિછાવે અને તે ઉપર મારી બેટીના સઘળા ઉમેદવારો બેસે પછી તે ગલીચાને હું ઝટક મારી ઉંચકી નાંખું અને જે કોઇ પોતાની જગ્યાએ બેઠેલો રહે તેને મારો દામાદ કરૂં. સઘળાઓ આ બાબત ઉપર એકમત થયા. મયદાનમાં ગલીચો બિછાવી સર્વ પહેલવાનો બિરાજ્યા. રૂસ્તમે પાક યઝદાનને યાદ કરી ઝોર માગી પેલો ચારસો પહેલવાનોવાળો ગલીચો ઉઠાવી નાખ્યો. સઘળા પહેલવાનો ગબડી પડયા, પણ પહેલવાન ગીવ બેઠેલોજ રહ્યો. કહે છે કે તેણે ગાલીચા ઉપર બેઠક લીધા પછી છરીએ કરી પોતાની આસપાસની જગ્યા ઉપર કાપ મૂકયા હતા. સઘળા પહેલવાનોએ તેને મુબારકબાદી આપી. રૂસ્તમે તેને પોતાના દામાદ તરીકે કબુલ કર્યો અને બાનુ ગોશસ્પના નેકાહ ગીવ સાથે બાંધી આપ્યા. જો કે બાનુને તે પસંદ નહી હતાં પણ બાપના સખુનને માન આપી નેકાહમાં બેઠી હતી, હવે જ્યારે શાદી પછી પહેલવાન ગીવ તેને બગલમાં પકડવા ગયો ત્યારે બાનુ છેડાઇ પડી.

કે તુન્દી બરઆશોફ્ત બાનુએ ગોર્દ
નમુદ આન જહાનજુયરા દસ્તબોર્દ
બેઝદ બર બેનાગુશે ઉ મુશ્તે સખ્ત
બદાનસાન કે ઉફતાદ અઝ રૂયે તખ્ત
દો દસ્તશ દો પાયશ બબસ્તે કમન્દ
બેબસ્તો બયફ કુન્જેરા અન્દર ફેઝન્દ

"અને ગુસ્સાથી તે પહેલવાન બાનુ તપી ગઇ અને ગીવને પોતાની બહાદુરી દેખાડી. તેના કાન ઉપર એક લપડાક એવી લગાવી

કે તે પોતાની બેઠક ઉપરથી નીચે પડયો. તુરત બાનુએ પોતાની કમંદે કરી તેના બન્ને હાથ પગ બાંધી એક ખુણામાં નાખ્યો." જ્યારે રૂસ્તમને એ વાતની ખબર થઇ ત્યારે તે બાનુ આગળ આવ્યો.

બબાનું ચુનીન ગોફત બા શુય ખાઅ
કે અન બારાદ અઝ શુયે ખુદ સરફરાઝ
ઝન અઝ શુયં દારદ બુલન્દી મનેશ
નબારાદ કે શુ બર ઝનાન સરઝનેશ

અને તે બાનુને કહ્યું કે "તારા ધણી સાથે તું રાહટવાટ રાખ, કારણ કે ખાવંદથી જ એક ઔરતને સરફરાઝી હોય છે. ઔરત ખાવિંદથીજ સારા વિચારની બને છે. ખાવિંદવાળી ઔરતો લોકોની લઅનતમાં આવતી નથી." પોતાના બાપની શીખામણ બાનુએ ઘણી શર્મિંન્દગી સાથ સ્વીકારી પોતાના ખાવંદ સાથ એખ્લાસ કર્યો

આ બહાદુર બાનુને પેટે તેવોજ એક બહાદુર બેટો જન્મ્યો હતો જેનું નામ "બીઝન" હતું. આ બીઝનની ઘણીક લડાઇઓ અને બહાદુરીઓ ફિર્દોસીએ પોતા શાહનામામાં આપી છે. આ બાનુગોશસ્પ જેવી જોરાવર બાનુ આગળા ઝમાનામાં કે હાલના વખતમાં પયદા થઇ નથી.

બદગોઈ.

બરફ જેવો તું હશે ચોખ્ખો ને પાક
કાચ જેવો હશે તું તરો ને સાફ.
પણ બદગોઇના હુમલાથી બચનારજ નથી.
કોઇ બહાણે એ આફત તળનાર નથી.

બહાદુરી—

રીત મારી નથી કે પીઠને માહરી
બે પગપર નાહસ્તી, તું પાછળથી જોય;
રીત માહરી એ છે કે માહરં આ સર
જાયને કપઇ પડયું જમીન ઉપર

મર્હુમ જ. ન. પીટીટ.

મોતી માળા.

સંગ્રહ કરનાર—બી. મા. માદન.

જે પોતા ઉપર વિશ્વાસ મુકે છે, તે કેમ જીવવું તે માટે જ્ઞાન ધરાવે છે."

"પોતાના કામથી રાજી થવા માટે ત્રણ શરતો મુકરર થઇ છે: (૧) તે કામ માટે આપણા લાયક હોવા જોઇએ (૨) તેમાં ફતેહ મળશે એવી આશા જોઇએ (૩) તેમાં હદ ઉપરાંત આગળ વધવું ન જોઇએ."

"સુંદર અને ખુશીના વિચારોથી આપણ બારહાથે એક ઘર બનાવ્યે છિએ જેમાં આત્મા વાસો કરે છે"—(રસ્કીન)

"અફસોસ કરવો ફોકટ છે"—ઇંવાનસોહ.

બેહસ્ત.

"બેહસ્ત જેમ ભવિષ્યમાં તેમ હમણા પણ હાજર છે. ઇશ્વર જેમ દેવતાઓની બેઠકમાં અનોપમ અને ભવ્ય છે તેમ તે આપણી વચ્ચે પણ તેટલોજ શોભાવંત છે. કાલ ઉપર કે ભવિષ્ય ઉપર બેહસ્ત મેળવવા આજે તેને મુલતવી રાખવું જોઇતું નથી. ઇશ્વરની વફાદાર ચાકરીથી દરેકપળે આપણ બેહસ્તમાં દાખલ થવા લાયક છિએ"— (રોનીંગ)

મનશક્તિ અને વાંચન.

ઘણાકો મોટા વાંચનાર હોય છે. પણ માત્ર વાંચનથી મન ખીલતું નથી—પણ વિચારથી ખીલે છે અને વાંચનથી વિચાર માટે સાધણ મળે છે. એક વાંચનાર ગમે તેટલું વાંચે પણ તેની મન શકિત તો તેના વિચારના પ્રમાણમાંજ મળશે. તેમજ વાંચન મુજબ ન ચાલવું તો તેવાં વાંચનમાંથી કશો ફાયદો મેળવી શકતો નથી. લોકને કહ્યું છે કે "વાંચનથી એક માણસ પંડિત અને પુષ્ટ બને છે, અને આ કથન જેટલું મન માટે

વાજબી છે તેટલું તે શરીર માટે પણ સાચ્ચું છે. ખોરાકથી માત્ર પેટ ભરાય છે પણ જ્યાં સુધી ખોરાક હજમ નથી થતો ત્યાં સુધી શરીરને ફાયદો પહોંચી શકતો નથી. તેમજ મન પણ ઘણાં વાંચનથી ભરાઇ શકે પણ જ્યાં સુધી તે ઉપર વિચાર કરવામાં ન આવે ત્યાં સુધી મન ખીલી શકતું નથી. × × × મગજ અને મનશક્તિ ખીલવવા માટે થોડું વાંચન પણ લાંબો વિચાર જરૂરી છે—(મીસીસ એઝન્ટ).

જખમનો એલાજ.

"શું તને કોઇએ જખમ કીધો છે ? તો ભલા, નરમાસભરી વાણીથી તેને સાફ કર, મારીથી રૂઝ લાવ અને ભૂલી જવાથી તેનો ડાઘ પણ નીકળી જશે."—(કવારલી.)

શું સરસ, ચોપડી કે સદી ?

"સદીઓ કરતાં ચોપડી લાંબો વખત ટકી રહેશે. ખુણેખુણાઓમાં તેના પ્રકાશે માણુસોના મન પ્રકાશિત થયાં છે–અને વરસો તક હજી તેમાંથી રોશની નીકળતી જશે જે અધડા સવાલો ઉપર અજવાળું નાખશે એકવાર હું કોલોનના મોટા દેવલમાં બડી બમદારે ગયો. રોશનીથી પુર્વ તરફની બારીઓ દિપાયમાન દેખાતી હતી જ્યારે બીજી બારીઓ અંધકારમાં હતી. બપોરે ફરી મારૂં જવાનું થયું તો સઘળી બારીઓ અજવાળામાં ચ-મકી રહી હતી. અને સમીસાંજે ફરી સઘળી બારીઓ ખુશ હદ તક પ્રકાશિત થઇ હતી. ચોપડી પણ એમજ માલમ પડે છે. તેમાં અંધારી લાઇનો–ફકરાઓ અને સફાઓ પડયા હોય છે, પણ જેમ જેમ વખત પસાર થાય છે અને સવારના સુર્યનો ઉદય થાય છે તેમ તેમ અંધારી લાઇનો અને સફાઓ એક એક પછી પ્રકાશિત થાય છે; અને લાયક વખતે તેમનો દરેક શબ્દ માણુસજાતને નસિહત આપંતો–હોંસ આપતો ઝલકી રહે છે."

(વીતકીસન.)

શોખ (taste) એટલે શું!

આપણે વારે ઘડીએ ફલાણી ચીજનો શોખ (તેસ્ટ) ની વ્યાખ્યા વિદ્વાનો નીચે મુજબ

એમરસન—"શોખ એટલે ઉપર મોહબત."

ફીન્ઝગેરાલ્ડ—અદ્ભુત જાતી"

હાવેલ—"અદ્ભુત થી બંધીતા"

હેઝલાત—"ખરી શુદ્ધતા

હેઝલાત—"લાગણીની

પેતર—"મગજ શક્તિની વણી."

એકેનસાઇડ—"જે પણ ભલું છે તેને જોવાની લાગણી અને બુરી ચીજ ઉપરનો ધિક્કાર'

સ્પેકતેતર—મનની તે ચીજની એબ અને ખુબી મા છે અને જેથી તેની ખામીઓ તર અને ખુબીઓ તરફ ખુશી

વિચાર.

આપણે તરેહ તરેહના [illegible] કોઇ હુન્નરમાં, કોઇ આપવામાં [illegible] જ્ઞાનમાં—તેઓ સાથ ઉપર [illegible] શીખવામાં થોડાક હુન્નરમાં, [illegible] કે કેટલાક સઘળામાં હોશ્યાર [illegible] સઘળામાં એકજ હુન્નર [illegible] દરેકે હુશ્યાર રહેવુંજ જોઇએ, [illegible] વિચાર કરતાં આવડવાનો છે, [illegible] ન કરો તો માણસ ([illegible] કહેવાવા લાયક નથી. [illegible] જાનદાર (હસ્તિમાં [illegible] બથી [illegible]—(કોલેરીજ)

WEST END WATCHES

ARE THE WATCHES FOR INDIA.

The possession of a West End Watch gives the wearer that absolute confidence in knowing he is in possession of the finest tinlekeeper in existance; that he knows his watch is strong and durable. West End Watches are made under the most scientific conditions, by skilled craftsmen of great experience, working with materials of the finest quality. That in why you should get a West End Watch, because watches made under these conditions are going to stand the ravages of time and be a source of continuous satisfaction. Here is an excellent line of wristlet watches:—



The "KEEPSAKE" Lever Watch.

GUARANTEED FOR TWO YEARS.

The "Keepsake" watch has a well finished gilt movement, lever escapement, strong keyless action.

Sterling Silver Case...	Rs. 28
10 Years' Rolled Gold Case	" 27-8
9-ct. Gold	" 40
14-ct. "	" 50
18-ct. "	" 60
18-ct. (*Larger size*)	" 75

Our illustrated catalogue describing over 300 varieties of watches will be sent post free in application.

West End watch Co.

373 Hornby Road BOMBAY.	14 Dalhousee Square CALCUTTA.

ખડયા ખરખર સાઇકલના ખટારા ઉપર બેસવાની કેમ ગમે છે?

પણ સાઇકલ વપરાઈને ઘસાઇ પીસાઈ ગઈ હોય તે શું નાખી દેવાની કે? નહીં બા! કોણે કહ્યું?

ગમે એવી -જુની જરીપુરાણી કચરા જેવી સાઇકલનો ખટારો બોલ બોલતાંમાં તમોને નવાં ફાંકડાં મશીનમાં અમો ફેરવી આપીશું. અજમાયશ લઇ જોવો.

તમારી સાઇકલ બગડી જાય યાતો ભાંગી જાય ત્યારે ક્યાં જશો?

એંગલબટં સાઇકલ કુાં. માં

કોટ—ભાટય, બાગ સામે-મુંબઇ.

—મોટર સાઇકલો—

તેના સમાર કામની તો અમારી ખાસ સ્પેશીયાલીટી છે. સાઇકલો ઈનેમલ કરવામાં, તથા તે તદન સસ્તા ભાવે રીપેર કરવામાં. અમારો હરીફ તો બાજુએ રહ્યો, પણ અમારો એકબી જોડીદાર નથી.

નવી ધરખમ આંખને ઠડી વળગે તેવી સાઇકલો તદન નજીવે ભાવે વેચીયે છોયે. સમારકામના અમારા ભાવ અને સંગીન કામ માટે અમારી દુકાન આખી મુંબઇમાં જાણીતી થઇ છે.

"કમળા કુમારી." (હિન્દુ ઘરસંસાર સ્થિતિનું ચિત્ર.)

(કીંમત રૂપિઓ એક) નવલકથા

અભિપ્રાય—"કમળા કુમારી"માં આવેલાં વર્ણનો કવિ ભવાનીશંકરના સંસાર ચિત્રોછે. ("રાસ્તગોફતાર") બાળલગ્ન, વિધવાપણાના સંકટો, પુનરલગ્નની જરૂર વિષેના ૧૦૦ નિબંધો કરતાં "કમળાકુમારી" સરખી ફક્ત એકજ ચોપડીને વધુ કિમતી જાણીએ છીએ. (વિદ્યામિત્ર.)

"ભાષા સ્વચ્છ અને વિચારને તરેહ અચ્છી મળી જઇને કોઇ કોઈ પાને વાંચવાને બહુજ રસ પડે છે. ગ્રંથને પાને પાને જેટલી કલ્પના ને કળા આવે છે, તેટલી જુના જુસ્સાને નવા વસ્ત્રથી ખુબ શોભાવી કાઢી મેળવવા લાયક નમુનો બનાવ્યો છે. (કૈસરેહિન્દ.)

"ગુજરાતી જુનાં ગીતો." અપુર્વ પ્રાચીન સાહિત્ય સંગ્રહ.

(કિંમત—આઠ આના.)

આ બંને ગ્રંથો મુંબાઈઈલાકાના સરકારી કેળવણી ખાતાંના વડાએ મંજુર કીધાં છે.

"સુદામા ચરિત્ર." પાંચ અંકી નાટક. કિંમત—રૂપિઓ એક.

લખો—ભવાનીશંકર નરસિંહરામ કવિ—લીંબડી(કાઠિયાવાડ.)

કહેવત મૂળ અને રૂઢી પ્રયોગ. (૩)

લખનાર J. N. P.

ગુજરાતી ભાષાનું ગૌરવ જાણવું હોય તો તેના મૂળમાં ઉતરી તેની અસલિયાત શોધવી જોઇએ. ભાષાનો વિસ્તાર વિદ્વાનોથી વધે છે. સાક્ષરોના રમૂજી ટુચકા, પ્રસંગોપાત કથનો અને લોકવાયકાઓથી ભાષા રસમય, વિસ્તીર્ણ અને પૌઢ બને છે. કહેવતોથી ગુજરાતી ભાષા કેટલી બધી અલંકૃત થઇ છે તેનું કંઇક તાત્પર્ય આગલાં બે લખાણોમાં હું આપી ગયો. વિશેષ કંઇક અત્રે વિસ્તારીશ.

એક લેખક કહેવતોના લક્ષણ વર્ણવતા જણાવે છે કે કહેવત ગોયા બધાથી વપરાય એવો એક સિક્કો છે, કે જેનો ભાવ કંઇ ખાસ બજારમાં આવી અટક્યો નથી. તે તે સિક્કો છે કે જે બજારની નાની દુકાનોથી મોટી વખારો સુધી સહેલથી વપરાઇ શકાયછે. કહેવતો નું બીજું લક્ષણ એ હોવું જોઇએ, કે તે બહોળી રીતે લાગુ પડતી હોવી જોઇએ. કહેવતો અનાદિ કાળથી જાહેર મતની એક કુંચી દાખલ પ્રજાથી સ્વિકારેલી છે.

કહેવતોનો સંગ્રહ પહેલ વહેલો એરિસ્ટોટલે કીધેલો જણાયો છે. તેજ પ્રમાણે પ્લેટોએ પણ તે પર લક્ષ દીધું હતું. કહેવતોનું મૂળ તપાસવું એ વિદ્વાનોનું કામ છે. કહેવતોમાં એક પ્રજાનો, એક દેશનો અને એક ભાષાનો ખજાનો સમાયલો હોય છે. આ ખજાનો કોણે એકઠો કીધો અને ક્યારે એકઠો થયો તે જાણવું તારાઓ ગણવા જેવું મુશ્કેલ છે. ઘણીક કહેવતોમાં અસલ કંઇ કથા છૂપાયલી દીસે છે. દાખલા તરીકે અસલી હિંદુઓમાં ગુરૂઓનો દરજ્જો પ્રથમ હતો. અસલી હિંદુઓની જીંદગીનાં ચાર આશ્રમો (four stages of life) હતા. તેમનો પ્રથમ બ્રહ્મચર્ય આશ્રમ (studentship, કે bachelorship) હતું, જીંદગીનો આ પહેલો તબક્કો વિદ્યાભ્યાસમાંજ જતો. આ કુંવારી જીંદગીનો વખત હતો, જેમાં શાસ્ત્રોનું અધ્યયન કરવું આવશ્યક ગણાતું. આ જ્ઞાન મેળવવા માટે ગુરૂઓને હવાલે બાળકોને સોંપવામાં આવતા હતા. મોટા મોટા રાજવંશી પુત્રોના પણ તેવા ગુરૂ હતા, જેમને આચાર્ય (Preceptors) કહેતા હતા. રામનો મોટો આચાર્ય દ્રોણ હતો. ગુરૂનો મહિમા તે કાળે વિશેષ હતો. આથી ગુરૂઓ વિષે ઘણી કથાઓ લખાઇછે. ઘણા શ્લોકો અને કવિતા જોડાયાં છે અને તેમનાં ગુણગાન ગવાયાં છે. ગુરૂકથા વિષે એકાદ બે દૃષ્ટાંત અતરે આપીશું.

ખરો ગુરૂ.

નરસીંહ મેહેતા ખરા ગુરૂની શોધમાં દેશો દેશ ભટકતા હતા, ત્યાં એક દેશમાં કોઇ ગુરૂ લોકોને બહુજ પુજ્ય હતો, તેનું નામ ગોકળનાથ હતું. મહેતાજીની પરિક્ષામાં તેવણ પણ ઢંગી માલમ પડયા, તે વિષે આ સુકવિયે એક દોહરો નીચે મુજબ લખ્યો છેઃ—

ગુરૂ કીધા મેં ગોકળનાથ, ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે, ધોકો ના હરે, એ ગુરૂ કલ્યાણ શું કરે ?

એવા ગુરૂઓને એક લેખક ગુરૂ નહિ પણ ગોર (બોજ) ના નામથી ઓળખાવે છે. આપણા વડવા આથીજ કહી ગયા છે કે 'પાણી પીજે છાણીને, અને ગુરૂ કીજે જાણીને.'

ખરા ગુરૂ કેવા હોય છે અને સંકટમાં તેઓ કેવી રીતે પોતાનું બુદ્ધિબળ વાપરે છે ને પોતાના ચેલાઓને દુન્યાનો ખરો અનુભવ દેખાડી શકે છે, તે જાણવા નીચલી વાર્તા ઉપયોગી થઇ પડશે.

કળે વળે તે બળે નહિ.

ઘણાંક કામો એવાં હોય છે કે ગમે તેટલો પૈસો ખર્ચતા તે થઇ શકતાં નથી, કે ગમે તેટલી સત્તા વાપરવાથી બની શકતાં નથી. જયાં જર અને જોર ચાલતાં નથી ત્યાં કળ અને કુનેહનું કામ પડેછે, આથી કરીને સાહેબી ચલાવવી છોડી દઇ સેવા કીધેથી અને નમ્રતા વાપરવાથી ગમે તેટલાં વિકટ કામ પાર પડે છે. આ બિનાની સમજણ માટે ચમત્કારિક દૃષ્ટાંતમાળામાંની ગુરૂ અને ચેલાની નીચલી વાર્તા એક સારો દૃષ્ટાંત પુરો પાડે છે.

એક ગામમાં પાદશાહે એક મુસાફરખાનું બંધાવ્યું હતું. ત્યાં એક સમે એક સિદ્ધ ફકીર અને તેનો ચેલો આવી પૂગ્યા. રાત્રે સુતી વખતે ચેલાએ ગુરૂને કહ્યું કે આવું સરસ મુસાફરખાનું છે તે પર તાબાનાં પત્રાં બાદશાહે ચઢાવેલાં છે તે ઠીક લાગતું નથી. આ પત્રાં સોનાનાં કીધાં હોત તો કેવી રચના થઇ પડત. ગુરૂએ એ વાત બને નહીં એવું જણાવી ઘણાક દાખલા આપી સોનાની લાલચ માણસનાં મનને કેવું ખરાબ કરે છે તે જણાવ્યું. આટલી વાતથી શિષ્યનાં મનનું કંઇ સમાધાન થયું નહીં. તેથી ગુરૂ ઉંઘઇ જવા પછી પોતાની ક્રિયા સિદ્ધિના બળથી પેલાં તાંબાનાં પત્રાંને સોનાનાં બનાવી દીધાં. આ કાર્યથી પોતાનાં મનનું સમાધાન થવાથી ચેલા પણ નિદ્રાવશ થઇ ગયા. સવાર પડતાં ગુરૂજીએ એ કામ જોઇ, વિચાર્યું કે આ કામ ખોટું થયું છે અને શહેરના લોકો તથા બાદશાહને ખબર પડશે તો આપણે સપડાઇ જઇશું, માટે અહીં રહેવું હવે જોખમ ભરેલું છે.

આવા વિચારથી ગુરૂચેલાં બંને રસ્તે પડ્યા. સવારના સૂર્યના કિરણથી મુસાફરખાનાનું છાપરૂં ઝકઝકી રહ્યું, તેની ખબર બાદશાહ સુદ્ધાં સર્વ જણને થઇ. બાદશાહે વિચાર્યું કે આ કામ કોઇ ઓલિયા ફકિરનું હોવું જોઇએ. આ વિચારોથી પાદશાહે ખબર કાઢી સવારો મોકલી પેલા બે ફકિરોને અડધે રસ્તેથી પકડી મંગાવ્યા. તે બંનેને પાદશાહ પોતાના મેહેલમાં લઇ ગયો. અને જે ક્રિયાથી તેમણે તાંબાનાં પત્રાં સોનાનાં બનાવી દીધાં હતાં તે શીખવવાની આજ્ઞા કરી. આ સાંભળી ગુરૂએ કહ્યું "પહેલાં તો આ શિષ્યને તોપને મોઢે ઉડાડી દ્યો." શિષ્યના આ રીતે અંત લાવ્યા પછી બાદશાહે ગુરૂને કહ્યું કે 'હવે બાબા, આ હુન્નર શીખાડોને' ત્યારે ગુરૂએ કહ્યું કે 'બાદશાહ એ ક્રિયા તો એને આવડતી હતી. કરનાર મરી ગયો ત્યારે હું કેમ કરી બતાવી શકું?' તેની આવી ચાલાકી ભરેલી વાતો સાંભળી બાદશાહે તેના પર પોતાનો અમલ બેસાડવા માંડયો, અને ન બતાવે ત્યાં સુધી જેલમાં રાખવા હુકમ કીધો. એટલુંજ નહીં પણ અનેક રીતે તેને સતાવવા માંડ્યું. આટલું છતાં ફકિર એકનો બે થયો નહીં. હવે બાદશાહે જોયું કે અતરે સાહેબી કે સત્તા ચાલતાં નથી, માટે સાહેબીથી મળતું નથી તે સેવાથી મેળવવા યત્ન કરવો જોઇએ. આથી ફકિરની સેવા કરવી એવો ઠરાવ કીધો. આ કારણે બાદશાહ રોજ સવારે ભિસ્તીનો વેશ ધારણ કરી જેલખાનામાં જઇ પોતાની મસક વડે તેને સ્નાન કરાવે, તેનાં કપડાં ધુએ, તેને ખાવાનું લાવી આપે, અને ઝાડુ વાળી સર્વ સાફ રાખે, એવી અનેક સેવા કરી પાછો સિંહાસન પર આવી બેસે, 'ને ફકિરને બોલાવી તરેહવાર ધમકી આપે, પણ ફકિર જરાપણ ડગ્યો નહિ. ફકિરને આવો દૃઢ જોઇ તેની વધુ સેવા કરવાનો મનમાં ઠરાવ કરી બાદશાહે તખ્ત ઉપરથી તેને તોપને મોઢે ઉડાવી દેવાનો હુકમ ફરમાવ્યો, 'ને તે માટે ૮ દીવસની મેહેતલ આપી આ ૮ દીવસ બાદશાહ તેની વધુ સેવા કરવામાં અને પોતાની ગરીબાઇ દેખાડી ફકિરની કંઇક મેહરબાની મેળવવામાં ગાળવા લાગ્યો. અંતે જ્યારે ૮મો દીવસ આવ્યો, ત્યારે બાદશાહ ફકિરની સેવામાં વહેલો દાખલ થયો અને આજ તેનો છેલ્લો દિવસ છે તે જણાવી શોક કરી રડવા લાગ્યો કે 'કાંઇ પણ સેવા મારાથી બની નથી માટે માફ કરજો.' ભિસ્તીની આવી દરિદ્ર હાલત જોઇ તથા પોતાનો મર્ણ કાળ આગળ આવેલો જોઇ ફકિરે હવે તેની ગરીબાઇ દૂર કરવા ઇચ્છા બતાવી ધિરજ આપી પોતાની પાસે બેસાડ્યો, અને બોલ્યો:—

"દેખ બચ્ચા, તુંને મેરી બહોત સેવા કરી હૈ, મયે તો ફકીર હું, સો તેરા ક્યા ઉપકાર કર શકુંગા? પરંતુ લે એ જડી તેરેકુ દેતાહું, ઇસકુ કોઇ ધાતુકા સ્પર્શ કરાવેગા તો સોના હોજાયગા; ઔર યહ દુસરી જડીકા ઇસકે કીસી રોગીકું દેંગા તો અચ્છા હોજાયગા."

એમ કહી પોતાની ઝોળીમાંથી બે જડી કાહડી ભિસ્તીના હાથમાં આપી. ભિસ્તી તે લઇ પગે પડી ચાલતો થયો.

હવે વખત થવે તોપ તૈયાર કરાવી તેના મોઢા આગળ ફકિરને ઉભા રખાવી બાદશાહ બોલ્યો. 'કહોજી સાંઇ સાહેબ. ક્યા ઇરાદા હૈ, બતાતે હયે કે ઉડાય દે, !' ફકિરે નિડર પણે જવાબ દીધો કે હું કાંઇ જાણતો નથી. આથી બાદશાહે એકદમ તોપ સળગાવવાનો હુકમ કીધો. તોપના કાન પરજ જરા દારૂગોળો ભપકી માટે મૂક્યો તે ફક્ત ભક્ક દેઇને ઉડી ગયો ને અવાજ થયો નહીં. ફકીરને હજુ સુધી

વધું ધભરાવવા બીજી તોપ મંગાવી તો પણ ફકિર એકનો બે થયો નહીં. ફકિરને આવો નિડર જોઇ પાદશાહે પોતાની પાસથી પેલી બે જડી કહાડી દેખાડી કહ્યું, 'નહીં જાનતે હોતો યે કહાંસે દીયા ?' ફકિરે ધ્યાન રાખી ઉત્તર દીધો 'જિસને યહ પાયા ઉસને અપને હુકમ કે બલસે નહિ પાયા. કુચ્છ અપને બાદશાહી દમામસેં થોડાહી પાયાહે ! કયા કે જે મેવાસે મીલના હો 'સાબેબીસે નહીં મીલના હૈ' ફકીરના એવા ડહાપણભરેલા વચનો સાંભળી સઘળાઓ સમક્ષ બાદશાહ તેને પગે પડ્યો ને તેને બાઇજત જ્યાં ગમે ત્યાં જવા રજા આપી

'બળ કરતાં કળાનું ફળી કેટલું ધાયું' આવે છે. તે પુરવાર કરવા હીંદના તેમજ ઇંગ્લંડની તવારીખમાંથી ઘણાક બનાવો રજુ કરી શકાશે. જેમ કરવું અતિવિસ્તીર્ણ થઇ પડે.

પારસી ગુજરાતી—પારસીઓ ગુજરાતી અશુદ્ધ લખે છે એ દોષ કોઇથી ના પાડી શકાશે નહિ, પણ તેમનામાં ઘણા લેખકો હવે એવા ઉત્પન્ન થયા છે કે જેઓ શુદ્ધ ગુજરાતી લખી વાંચી સમજી શકે છે. દિનપ્રતિદિન પારસી લેખોમાં શુદ્ધ જોડણી આગળ કરતાં વિશેષ આવે છે. હિંદુઓની સંસ્કૃત મય ભાષાથી તેઓ કંટાળે છે તે છતાં સંસ્કૃત રૂઢ થએલા શબ્દો તેઓ હવે આગળ કરતાં વિશેષ પ્રમાણમાં વાપરવા લાગ્યા છે. ઘણાકોમાં થોડાક ચાલુ શબ્દો વાપરવાની સમજણ હજી નથી, જે કારણે અત્રે થોડીક સૂચના કરીશું:—

વર્તમાન કાળના છ (છે, છીએ) 'ને' બદલે ક્રિયાપદને છેડે તેઓ ચ હજી વાપરે છે લખેચને બદલે લખે છે-છે; એમ જોઇએ.

નહીં-એ શબ્દ બે રીતે લખી શકાય, નહિં કે નહીં. પ્રાક્રમ ખોટો છે, (પરા (મોટા) ક્રમ (પગલા)) એપરથી **પરાક્રમ** (Enterprise) જોઇએ.

ઉપયોગ-શબ્દ તેઓ ઉપ્યોગ એમ જોડી લખે છે; તે ખોટું છે. વળી જાણીતાં વર્તમાન પત્રો પણ **બાખુશીથી** લખે છે. બા એ ફારસી શબ્દ છે, જેનો અર્થ (with=થી, વડી) થાય છે, જેથી **બા ખુશી** એમજ લખવું જોઇએ. એજ પ્રમાણે **યથા શક્તિ મુજબ** નહીં જોઇએ, યથા એટલેજ માફક, મુજબ, તેથી **યથા શક્તિ** એમજ લખાય.

મહેર્જે શબ્દો ઓગો બહુ વાપરે છે મહુર્જે એટલે એમ કહું જે. જોડણી માટે બીજો સાધારણ નિયમ તેમણે એ યાદ રાખવો કે હસ્વ ઈ પછી ય આવે ને દીર્ઘ ઈ પછી અ આવે એમ ઘણું ખરૂં રહે છે, હંમેશ નહીં, કારણ કે એમાં અપવાદ પુષ્કળ છે. રૂપિયો દુનિયા, દરિયો, નાળિયેર. કાઠિયાવાડ, એશિઆ વગેરે પણ જો એજ શબ્દોને દિર્ઘ ઈથી લખીએ તો રૂપીઓ, દુનીઆ, દરીઓ વગેરે લખાય.

કેટલાક શબ્દોમાં અનુસ્વાર આવે તે બે રીતે લખાય છે. અનુસ્વાર લખાય કે તેને બદલે અનુનાસિક શબ્દ લખાય. અનુનાસિક શબ્દો પાંચ છે. ઙ-ઞ-ણ-ન-મ. અનુસ્વાર પછીનો શબ્દ જે સ્થાનનો હોય તે સ્થાનનો અનુનાસિક શબ્દ અનુસ્વારને બદલે વપરાય છે. જેમકે, સંબંધી એને બદલે **સમ્બન્ધી** એમ પણ લખાય.

નીચલા શબ્દો હિંદુઓ ચાલુ વાપરે છે જેની સમજણ ઘણાક પારસી લેખકોમાં નથી, જેથી તે શબ્દો પાસ તેનો ઇંગ્રેજી શબ્દ મૂકી તેમને ઓળખાવીશું.

આક્ષેપ-વાંધો, ટીકા accusation, reflection.

સાધન-(instrumentality.) જેથી સિદ્ધ કરાય તે. એને મળતો બીજો શબ્દ **દ્વારા** છે જેમકે ચોપડી **દ્વારા** જ્ઞાન મળે છે.

અપેક્ષા-desire, ઇચ્છા, ગરજ.
ઉપેક્ષા નિષ્કાળજી indifference.

સંસ્થા—Society, મંડળ. સમેલન—Meeting, Congress. સમારંભ-(સભાનો સમારંભ કહેવાય) =મેળાવડો Procession, Celebration.

ખોટી જોડણી નીચલા શબ્દોમાં હજી ચાલુ છે, જે પર પારસી લેખકોનું ધ્યાન ખેંચાયું.

અશુદ્ધ શુદ્ધ	
માયાકુલ=માકૂલ	આંખ્યો=આંખો
જાવો=જાઓ	કલપ્ના=કલ્પના
કગેંછીએ=કરિયેછીએ	રાજકય=રાજકિય
આઉંછું=આવું છું	મજબુટ=મજબુત
ઉપ્રાંત=ઉપરાંત	છયું=છૂ
ટૂકડું=ટુકડું	ચોહું=ચોથું
ઠંડું=ઘંડું	હપ=હપ

ઠહાવ=ઠરાવ દિવાલ=દિવાર
સોડમ=સૌરમ ખોદા=ખુદા
પડદો=પર્દો મેજાજ=મિજાજ
જુઠું=જૂઠું શેકાર=શિકાર
સાન્ચું=સાચું ખરચ=ખર્ચ
નોતુ=નોતરું વિષ્ય=વિષય
ખાખ=ખાક કોશિશ=કોશીશ.

વિજ્ઞાન—પારસી લેખકોને પરા વિદ્યા કે વિજ્ઞાનને લગતા Scientific શાસ્ત્રીય શબ્દો વાપરવામાં ઘણી મુસ્કેલી નડે છે. હીંદુ લેખકો અને સાક્ષરો તરફથી વપરાતા અને લખાતા થોડાક જાણીતા શબ્દોની સમજણ પારસી લેખકોની રાહબરી અર્થે અત્રે ઉતારીશું:—

સાંકેતિક-Technical
ઐક્ય-Union
એકતા-Unity એકમતી.
:કોઇ જ્ઞUniversal
ભરેલું છે. ~iousness
આવાવિર
સવારના સૂર્યના કિ.
ઝકઝકી ગયું, તેની ખ
જણને થઇ. બાદશાહે I
કોણ ઓલયા ફકિરનું હ
વિચારોથી પાદશાહે ખબર કા
પેક્ષા એ ફકિરોને અડધે રસ્તે

મહત્વ-Greatness [tude
દાસત્વ-Slavery, servi-
આકર્ષણ-Attraction
ગુરૂત્વાકર્ષણ-Gravitation
કેટલાક ઇગ્રેજી શબ્દોના પૂર્ણ અર્થ દર્શાવનારા ગુજરાતી શબ્દો અત્રે આપીશું:-
Militarism-લશ્કરી ડરામણાપણું
Middle ages-અંધકારનો જમાનો dark ages.
Fallacy-અસત્યતા Wrong Statement—તકરારમાં લાગુ ન પડે એવું: પણ જો જાણી બુઝીને ખોટું કહ્યું હોય તો falcity બોલાય.
Social-સામાજીક, પ્રજાને પોતાને લગતું. [સંબંધી
Economical-આર્થિક;પૈસા
Community-જનસેમાજ
Political-રાજદ્વારી, સરકારી કારોબારને લગતું.
Renaissance-પુનઃજન્મ કોઇ સુધારો વધરાતું પાછું શરૂ થવું. [હત અભિમાન
Imperialism-સ્વ શહેનશા-
Transition state- સંક્રમણ સ્થિાત.

તે બંનેને પાદશાહ પોતાના.મેહForberance-સહિષ્ણુતા.
અને જે ક્રિયાથી તેમણે તાબાનાં ṁperficial-ઉપર ચોટયું
બનાવી દીધાં હતાં તે શીખવવાની ઇaand Posture of a
આ સાંભળી ગુરૂએ કહ્યું " પહેલાં તો યંત્રનું અભિનય
શિષ્યને તોપને મોઢે ઉરાડી દેઓ. " શિ઼iliianism-(મે-
આ રીતે અંત લાવ્યા પછી બાદશાહે ગુ઼ીઝમ) લુચ્ચાઇ,
કહ્યું કે ' હવે ભાઇ, આ હુન્નર શીખાડોnciples tau-
ત્યારે ગુરૂએ કહ્યું કે ' બાદશાહ એ ક્રિયnicco Machi-
એને અવડની હતી. કરનાર મરી ગયો ત્ય Florence.
હું કેમ કરી બતાવી શકું?' તેની આવી ચાલાture ઉષ્ણ-
ભરેલી વાતો સાંભળી બાદશાહે તેના પર પોતા
અમલ બેસાડવા માંડ્યો, અને ન બતાવે ત્યાં metre-ઉષ્ણતા-
જેલમાં રાખવા હુકમ કીધો. એટલુંજ નહીં
અનેક રીતે તેને સતાવવા માંડ્યું, ; angle-કાટખુણો
છતાં ફકિર એકનો બે થયો નહીં. endicular-લંબ
શાહે જોયું કે અનરે સાહેબી કે cumference-પરિધ
:nter-મધ્યબિંદુ

Diametre-વ્યાસ
Radius-ત્રીજયા
Semicircle-અર્દ્ધ વર્તુળ
Horsepower-અશ્વસત્તા
Density-ઘૃષ્ટફળ
Ratio-પ્રમાણભાગ
Square root-વર્ગમૂળ
Cube root-ઘનમૂળ
Geometry-ભૂમિતિ
Problems-સિદ્ધાંતો
Mechanical powers-યાંત્રિક શક્તિઓ
Laws of Combination-રસાયનસંયોગ [શિલ્પીમિશ્રણ
Mechanical mixture-
Chemical compound-રસાયની મિશ્રન
Zone-કટિબંધ
Constellation-નક્ષત્રો
Solstices-સંક્રાંતિ વૃત્તો,
Hydrogen-જળજવાયુ
Geology-ભુસ્તરવિદ્યા
Solid-ઘન
Triangle-ત્રીકોણ
Square-સમચોરસ
Oblong-લંબચોરસ
Axis-આંસ, અક્ષ, ધરી.
Cone-શંકુ
Hypotenuse-કર્ણ
Diagonal-કર્ણલીટી
Eclipse-ગ્રહણ
Observatory-વેધશાળા
Planet-ગ્રહ
Parallel-સમાંતર [જિત
Contemporary-સમકા-
Concave-અંતર્ગોળ
Convex-બાહ્યગોળ
Pole-ધ્રુવ
Equator-વિષુવવૃત
Latitude-અક્ષાંશ
Horizone-ક્ષિતિજ
Longitude-રેખાંશ;
Sphere-મહદગોળ
Tropics-અયનવૃતો
Nebula-પ્રચંડતેજોમેઘ
Oxygen-પ્રાણવાયુ

નવા ડાકટરો સાથે શું નવા દર્દો પણ વધે છે.

હાલની તબીબી સ્થિતિનો એક સવાલ.

(લખનારઃ—ડા. ધ. ન. બુચીઆ L. M. & S.)

ઓગણીસમી સદીમાં કેળવણીનો ફેલાવો દરેક પ્રજામાં ઘણો કુદકે અને ભૂસકે વધતો ગયો છે; અને તેમાં સ્ત્રી કેળવણી ખાસ ધ્યાન ખેંચે છે; આગલા વખતના લોકો વેપાર તથા હુન્નરો ઉપર વધુ લક્ષ આપતા હતા, જ્યારે હાલના જમાનાના લોકો કેળવણીનાં મીઠાંફળ ચાખવાની હદબહાર આતુરતા રાખે છે; પણ કમનસીબે મુશ્કેલી એ છે જે, જેમ કેળવણી વધુ પ્રસરે છે તેમ પૈસા મેળવવાની મુશ્કેલી વધતી જાય છે. કારણકે સાધારણ રીતે એમ માનવામાં આવે છે જે "'સરસ્વતી અને લક્ષ્મી" સાથે સંપીને બેસી શકે નહિ, અને આપણે પોતે પણ જાતે તેવુંજ હાલના કેળવણીના જમાનામાં અનુભવીએ છીએ.

કેળવણી વધી એટલે ગ્રેજ્યુએટો પુરતી સંખ્યામાં બહાર નીકળે છે; તેમાં વકીલો બેરીસ્ટરો અને ડાકટરો મોટી સંખ્યામાં જોત જોતામાં વધી ગયા છે.

જેમ જેમ તેઓની સંખ્યા વધી, તેમ તેમ લોકોની નજરમાં ચીતરી આવવા લાગી, કે અરે આશું! દાકતરો અને વકીલો તો મોહોલ્લે મોહોલ્લે અને ઘેર ઘેર વધી ગયા છે; ના, એટલુંજ નહિ, પણ ખુદ એક ઘેરમાં બી અનેક દાકતરો અને વકીલો રહેતા જોવામાં આવે છે; આ ઉપરથી લોકોએ તેમને મોંઢ આવતાં વિશેષણો લગાડવા માંડ્યા, તે એટલે હદ સુધી કે કેટલાકો તો ખુદ હલકા હજામો સાથે એક તબીબની સરખામણી કરીને તેને પાંચ લોકમાં બેસીને હલકો પાડવામાં મજાહ માનવા લાગ્યા, અને કહેવા લાગ્યા છે જે હાલમાં શોધેલા હજામો અને મોચીઓ મલતા નથી પણ દાકતરો તો ડગલે અને પગલે રસ્તામાં મળી જાય છે. પણ હવે એવું બોલનારાઓ કેટલા બધા આપમતલબી છે તે એટલાં ઉપરથીજ જણાશે કે જ્યારે બીજાની બહાર મશ્કરી કરે છે ત્યારે તેઓ પોતે પોતાના પેટનાં છોકરાઓને ઉંચી કેળવણી આપીને તેને બી. એ, એમ. એ, વકીલ, બેરીસ્તર કે દાકતર બનાવી દેવાની રાત અને દહાડો ગણત્રી કરે છે. એટલે તેનો મીનીંગ એજ કે, તેઓ પોતે અંતઃકરણથી ઉંચી કેળવણી પસંદ કરે છે પણ બીજાઓમાં માત્ર બહારથી એવો ખોટો ભપકો દેખાડે છે. એ કાંઇજ નહિ પણ પારસી પ્રજાની એક ખામી છે. એથી જાતીહીંમત (Moral courage) ની ખોટ જણાય છે. જેઓ એ કેળવણીને વગોવે છે તેઓ પોતેજ પોતાની દીકરીને કોઇ ગ્રેજ્યુએટ, દાકતર કે વકીલ સાથે ગોઠવી દેવાની ઘણીજ કાળજી રાખતાં દેખાય છે; એવાં એક જાતના ઉત્તેજનથી જુવાન્યાઓના બેંજા ઉપર એવી અસર થાય છે કે જો એવી ઉંચ કેળવણી લધું તોજ "લગ્નના બજાર"માં કીમત અંકાશે. એટલે તેઓ લોકોના ટાણા ટપલાની પરવા વગર માહોમ "યુનીવરસીટીની" એક "ડીગ્રી" મેળવવાની હદ બહાર ખાહેશ રાખે છે.

જો દાકતરો નવા વધે તો તેની સાથે નવાં દર્દો કેમ વધે એ બીલકુલ સમજ પડતું નથી; અને એમ બોલનાર પણ પોતે તેનો અર્થ ભાગ્યેજ સમજી શકતા હશે. ઉલટી ખરી વાત તો એ છે જે દાકતરી વિદ્યા (Medical science) આજ કાલ એટલી

વધી ગઇ છે અને યૂરોપમાં તેની દરેક શાખામાં એટલી બધી શોધો થઇ છે અને થાય છે કે જે દર્દો આગલા જમાનાના તમીબોમાં બીલકુલ અંજાણમાં રહી ગયાં હતાં, તેજ દર્દો હાલના જમાનાની શોધોના ઉત્તમ પરિણામ તરીકે બહાર જણાઇ આવ્યાં છે, અને તેમાં ખાસ કરીને (Microscope) સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી ઘણીક ઉમદા શોધો કરવામાં આવી છે.

જો એ યંત્ર હસ્તિમાં નહતે તો આજે મેલેરીઆ તાવ "મરકી" તેમજ બીજા ઘણાક કાતીલ દર્દો. માટેની અગત્યની શોધખોળ અંધારામાંજ રહી જતે; અને તે પરિણામે તેઓના ઉપાયો પણ જણાતે નહિ, અને ઉલટું પરિણામ એ ઉપજતે કે કાંઇક હજારો પ્રિય જીવો આજહાંનથી ઉપડી ગયા હતે; હા, વૈદાના પ્રચાર સાથ એમબી કબુલ કરવું પડે છે, કે બીજા નવાં દર્દોથી પ્રજાઓની જાણમાં વધુ આવ્યાં છે, કે જે આગલા જમાનામાં જણાયલાં નહેતાં, પણ તેની વિગતવાર સમજ આપવાથી માલમ પડશે કે તેમાં પણ કસુર આપણા લોકોનીજ છે, અને નહિ કે નવા દાકતરોની ?

નવાં નવાં દર્દોના કારણો–હાલમાં જે રીતે આપણે જીંદગી ગુજાર્યે છીએ તેને આગલા સારાં જમાનાની રીતો સાથે સરખાવતાં તુર્તજ સ્પષ્ટ માલમ પડશે કે હાલમાં હવા, પાણી, ખોરાક, પોશાક તથા ધર્મ જાળવવાના રીતોમાં આપણી રહેલી કરણીથી અનેક ફેરફારો થઇ ગયા છે.

હવા–છેલ્લાં વીસ વરસ થયાં મુંબઇની હવા એટલી બગડી ગઇ હતી જે માણસોને તેવી હવામાં જીંદગી ગુજારવું બીલકુલ મુશ્કેલ કામ થઇ પડયું હતું. મુંબઇમાં મરકીનો ચેપ શરૂ થયો. લોકો માટી સંખ્યાઓમાં નાશ પામવા લાગ્યા; થોડા વરસ પછી નવી ગોદીનું કામ શરૂ થયું, અને કોટમાં "મેલેરીઆ"નો ગભરાટ શરૂ થયો. તેથી "ફ્રીઅર રોડ" (સૌને લગભગ "ફીવરરોડ" જેવો થઇ પડવાથી) વસવાટને માટે ત્રાસ ઉપજાવનારો થઇ પડયો. મચ્છરો ઘણી મોટી સંખ્યામાં શેહેરમાં ફેલાઇ ગયા, અને જો કે સાદી સમજના માણસોએ પણ કબુલ કર્યું જે મેલેરીઆનું મુખ્ય ધામ નવી ગોદી છે, છતાં મ્યુનીસીપલખાતા વાળાઓએ પોતાનું એકલું ધ્યાન લોકોના ઘેરના કુવાઓ પૂરવા પરજ આપ્યું, અને આ કામ કંઇક વેળાએ ઘણી સખ્તાઇથી, અને કંઇક વેળાએ અણુગમાથી, અમલમાં મૂકવામાં આવ્યું.

એવી રીતે હવાના બીગાડાથી લોકોની તનદરોસ્તી ઉપર બહુજ માઠી અસર થવા લાગી "મેલેરીઆથી" લોકોની તલ્ખી પૂલવા લાગી. લોહીમાં ફીકાસ થયો, નબળાઇ લાગી, અને તેમાં પાછાં તાજગી મેળવવાનાં સાધનોની કોટાઇ, અને એવી રીતે લોકો બિમાર થઇ પડયા. હવે એમાં તકસીર કોણુની? *નવા દાકતરોની કે કુદરતી સંજોગોની ?*

પાણી–અસલના લોકો નળના પાણી ન હોવાથી કુવાનુંજ પાણી વાપરતાં હતાં. જે કુવામાં સોપ્ચંડ હોય કે એવાજ કંઇક તુર્તજ તંદરસ્તીને ફાયદો કરે તેવા ખારો હોય અને જેના પાણી સાથ ગટર લાગી ન હોય તે કુવાનુ પાણી નળના નબળા પાણી કરતાં વધુ ગુણકારક છે, અને પાચન શક્તિને મદદ કરે છે.

. કોટના મેદાનના **ભીખા બહેરામના** કુવાનુ પાણી સંખ્ય લોકો પીને ખુદરતને ભારે માનથી યાદ કરી તેની દુઆ ગુજારે છે; તે જીવતો દાખલો છે. પણ હાલ તેને બદલે આપણુ સર્વેને ફરજીઆત નળનું પાણી પીવામાં ભારી, અને કાંઇ પણ ખારા વગરનું, અને ઉલટું કેટલાંક જીવજંતુઓથી ભરપુર, પીવાને માટે વાપરવું પડે છે. અધુરામાં પુરૂં ઘેરના કુવાઓ ફરજીઆત બંધ કરી નાખીને આડકતરી રીતે લોકોનાં સુખનું એક અતી મોહોટું સાધન સત્તાવાલાઓએ છીનવી લીધું છે. અસમતાં ગલીચ પાણીવાળા કુવા તો પુરાવાજ જોઇએ. હજુ પણ જ્યાં બહારગામમાં કુવાઓ હસ્તીમાં છે; અને હવા સારી છે, ત્યાંના લોકોની તનદરોસ્તીનું સ્વરૂપ કેટલીક વખતે આપણી અદેખાઇ ઉતપન્ન કરે તેવું દીસે છે. દુઃખ દર્દો આ રીતે ખરાબ પાણીથી પણ ઉભરી નીકળે છે; જેને અટકાવવા માટે ગમે

તેટલા નવા ડાક્ટરો હોય તો તેઓ શું કરે ? એમાં નવા ડાક્ટરોનો શું કસુર ? કુદરતના સંગીન સુખાકારીના સાધનો હસ્તિમાં હતા, તેજ છીનવી લેવામાં આવ્યાં, પછી તબીયત કેવી રીતે સારી રહી શકે? એ સમજવું તદન સેહેલ છે.

ખોરાક—એવું અલંકારીક રીતે કહેવાય છે કે આગળના વખતના લોકો જેવાં પાણી પીતાં હતાં, તેવા ઘી પણ હાલના જમાનામાં મળતાં નથી. એટલે હાલની પાણી અને ખાધ ખોરાકની શી હાલત હશે તે ઝટ સમજી શકાય છે. હાલના વખતની મોંઘવારીથી અને વરસાદની અછત લીધેના દુકાળથી લોકોના ખોરાકનું પાસું તદન ફરી ગયું છે. આજના ખોરાકીના ભાવો એકદમ બે અંદાજ વધી પડ્યા છે. વરસાદની અછતને લીધે કે તે વખતસર ન પડવાને લીધે ઘાસ ચારો કમતી થવાથી, દુધ, ઘી, માખણ વગેરે તનદુરસ્તી માટેની જરૂરની ચીજો ભેળસેળવાળી અને મોંઘી થતી ગઇ છે. તેમજ ઢોરોની અછતને લીધે માંસનો ખોરાક મોંઘો થયો અને વળી કોઇ કોઈ વખતે સડેલું માંસ રૂજે છે. એવી રીતે ખોરાકની ઉપર સુંકણા પડવાથી લોકોની તનદુરસ્તીની હાલત વધુ બદ બદ થતી જાય છે. હવે તેના પરિણામે જે દરદો ઉત્પન્ન થાયે તેમાં નવા પાસ થયલા દાક્તરોનો શું કસુર !

ખોરાકને લગતી બીજી અગત્યની બાબદ એ છે જે આગલા વખતમાં લોકો પોતાનાજ ઘરમાં ચોખા, પોતાનાંજ ઘરની ઘંટીએ દળીને ખાતાં હતાં પણ સુધારો થવાથી હાલ વીજળીથી ચાલતી સંચારૂપી ઘંટીમાં દળાવલા ચોખા ખાધામાં લેવાથી કેવી ખરાબ અસર તબીયત ઉપર થાય છે તેનું બીલકુલ બધા લોકોને ભાન હોતું નથી. એટલી કસરત ઘેરમાંથી ઓછી થઇ તેટલુંજ નહિ, પણ ઘણું અગત્યનું તો એ છે કે તેમ થવાથી સંજોગ ઝીણો આટો બીલકુલ ગુણ વગરનો (તદન પહેલા નંબરનો ઝીણો લોટ) લોકોએ ખાવા માંડયો. હવે તેમાં પુષ્ટી શું રહી ? કારણ કે ઝીણો લોટ તો કોઇ પણ શક્તિ આપનારી ચીજ ધરાવતો નથી. ખુદ ફુલાનો ભાગ કે જે ઘણોજ કૌવત આપનાર તરીકે જાણીતો છે તેજ ન હોવાથી લોહીમાં જે ખારો આવવો જોઇએ તે બીલકુલ આવતા નથી ખાસ કરીને ફુલાંમાથી " કાલસીયમ " અને 'ફોસફરસ'નો ઘણોજ અગત્યનો અને શરીરના એકે એક છીંદને પુષ્ટી આપનાર ભાગ ન હોવાથી આપણું લોહી ખારો (Salts) વિનાનું ફીકકું થઇ જાય છે, અને પછી તેને પરિણામે સંખ્યાબંધ દર્દો ઉત્પન્ન થાય છે, હવે ઉપલી બન્ને ચીજો "કેલસીઅમ" અને 'ફોસફરસ' શરીરના મજબુત બંધારણને માટે ઘણીજ હદબહાર ઉપયોગી છે: તે એટલે સુધી કે જેટલું એક માણસને માટે હવા અને પાણી કરી શકે છે તેટલુંજ ઉપલી ચીજો શરીરની સુખાકારીને માટે કરે છે.

હાલના જમાનાના દર્દો ઉતપન્ન થવાનાં કેટલાંક ખાસ કારણો છે તેમાંનું એક **ખોરાકમાં " કેલસીયમ " અને 'ફોસફરસની'** ખોટ છે. એ બન્ને ચીજો ન હોવાથી તરેહવાર બીમારીઓ ભોગવવી પડે છે; જેવીકે કેટલાંક જ્ઞાન તંત્રોના દર્દો, એપેનડીસાઇટીઝ, હોજરીમાં યા આંતરડામાં ચાંદું, બેરી, બેરી, વગેરે.

ખોરાકમાં બરાબર ખાર (Salts) નો ભાગ કમતી રહેવાથી લોહીમાં ખાર કમતી રહે છે તેથી લોહી ફીકકું પડે છે; લોહીને અનેક દર્દોના જીવજંતુઓ સામે ટકી રહેવાનું જોર રહેતું નથી, કોહાની કમજોરાત ઘણું વધે છે. દાંતમાં તેમજ પારાઓમાંથી, લોહી તથા પરૂ નીકળે છે. કોઇ કોઇ વાર કેટલાકોને હાડમાં ઝીણો તાવ લાગુ પડે છે. સાંધાઓ નબળા પડી જાય છે અને કમતર થાય છે. હવે ઉપલી સઘળી બીમારીઓનાં કારણો નવા ડાક્ટરો નથી, પણ હવાપાણી અને ખોરાકની ખામીઓ છે.

હાલનો પોશાક અને ધર્મ-તંદરસ્તી સાચવવા માટે એ બાબદો ઉપર પણ થોડુંક ધ્યાન આપવું જોઇએ.

હાલમાં પૈસાની, મહેનતની અને વખતની જેટલી બરબાદી પોષાક પાછળ થાયછે, તેનો પા હિસ્સાનો ખર્ચ જન સુખાકારીમાં થતો હોય તો તનદુરસ્તીમાં ઘણો ફેરફાર થાય. જ્યારે આગલા વખતના લોકો પોતાની તનદુરસ્તી અને ખોરાક ઉપર વધુ ધ્યાન આપી પોતાના પોષાક તરફ ઘણુંજ જુજ ધ્યાન આપતા હતા ત્યારે હાલના જમાનાના લોકો પોષાકને પહેલી પંક્તીએ ચઢાવી દેખાદેખીને આધીન થઇ ખાધખોરાક ઉપર ઘણું જુજ ધ્યાન આપે છે. હાલમાં તો વેલાતી "રેસતોરાં" માં નાણાની બરબાદી અને તંદરૂસ્તીની ધૂળધાણી સિવાય બીજુ કાંઇ થતું નથી.

ઘેરમાં ખુદ હાથનો પકવેલો ખોરાક ખાવો, સોજજું, તાજું કુવાનું યા ઝરાનું બની શકે તેમ પાણી પીવું, તાજી હવામાં ફરવું, અને અંગને કસરત આપી, થોડોક વખત બંદગીમાં, ગુજારવામાં આવે તો બેશક ઘણા નવા દર્દો જેવા પરપોટાની માફક ઉભરી નીકળ્યા છે તેવાજ થોડા વખતમાં નાબુદ થઇ જાય. પણ એ દિવસ કયારે આવશે? હાલના લોકોની જીંદગી ગુજારવાની અધિાસી રીતો હસ્તિમાં છે તે ઝટ નાબુદ થઇ જાય તેવું કશું જણાતું નથી. વિલાયતી બીસકીટ અને મીલના દળેલા લોટની બનાવેલી રોટલી ખાવા કરતાં જો ઘુંસાતું પાઉં, ઘુંસાની બીસકીટ, ઘરની ઘંટીએ દળેલા લોટની બનાવેલી રોટલી, કે જે વધુ પુષ્ટીકારક છે, તે ખાધામાં આવે, તો જરૂર શરીરનો બાંધો ખીલવા માંડે. પણ હ લનો જમાનોજ ફેશનનો છે એટલે દરેક ચીજ "ફેશનેબલ" હોવીજ જોઇએ. લોકોનો ખાધ ખોરાક પણ 'ફેશનેબલ' થઇ પડયો છે. ધર્મ જાગરતાની રીતોમાં પણ 'ફેશન'નુંજ ઓથું ઘુંસેલું છે. પોષાકમાં તો 'ફેશન' થી અવધીજ થઇ ગઇ છે, અને હજુર પછી પણ ભવિષ્યના પોખાળ પેટમાં શું શું સમાયલું છે તે બાબે તો આપણે તદન અજ્ઞાનજ છઇયે

એક ગરીબ ગામડીઓ અને એક 'ફેશનેબલ' જવાનીયાને જોતાંજ જે સરખામણી થઇ શકે છે તે ઉપરથીજ દરેક રીતમાં આપણે 'ફેશન'ને આધીન થઇને કેટલું ગુમાવ્યું છે, અને હજુર પણ ચાલુ ગુમાવ્યે છે, તે ઝટ માલમ પડે છે.

એક ગામડાનો ખોરાક અને એક કેળવાયલા માણસનો ખોરાક શું? તેની તનદુરસ્તી અને આપણી તનદુરસ્તીમાં કેટલો ફેર? તેની કામ કરવાની અને આપણી કામ કરવાની શકિત કેટલી? તે કેટલો અભણ પણ સુખી અને આપણે કેટલાં કેળવાયલાં છતાં તનનાં તેમજ મનનાં દુઃખી?

ઉપલું વાંચિયા પછી માલમ પડશે કે નવાં દાકતરો નવા દર્દો ઉતપન્ન કરવામાં કંઇ ભાગ લેતા નથી, અને લોકોમાં તેનો કેટલી હદ સુધી ખોટો ખ્યાલ બેસી ગયો છે.

લોકો પોતે કસુર કરે અને તેનો સઘળો ભાર નવા દાકતરોને માથે ઓળવવો એ કાંઇજ નહિ પણ ખુદ પોતાનો તકસીર છુપાવવાને ખાતર પારકી ગરદન ઉપર તોક ઓળવવા જેટલું ગુનાહતું કામ છે.

ઉલટું હાલ નવા અને વધુ કેળવાયલા તબીબોથી લોકોને સુખાકારી વધું સારી રીતે જાળવવાની ચેતવણી આપવામાં આવે છે. અને દર્દોની બાબતો અંધકારમાંથી અજવાળામાં લાવવામાં આવી છે, તેને માટે તબીબોનો ખરી રીતે જોતાં તો મોટો ઉપકાર માનવો જોઇએ. એટલું તો નક્કી યાદ રાખવું જે તબીબો કાંઇ લોકોના દુસ્મનો થતા નથી, કારણ કે તબીબનો ધંધો એક ખુદાઇ ધંધો (Divine profession) છે. આપણે એવું ઇચ્છીશું કે દિદંમાંથી દુઃખ દર્દો તમામ ઓછાં થાય જેથી નવા દાકતરોનું કામ પણ ન પડે. વખત હવે એવો આવ્યો છે કે દરેક ઘરમાં એક માણસ એક દાકતર હોવો જોઇએ, અથવા તો તેણે તંદરૂસ્તી સાચવવાના નિયમોનું સાધારણ જ્ઞાન મેળવવું જોઇએ.

ઈ. એસ. માલાની કુંપની.

(નં૦ ૩૯૫-૯૭ ભીંડી બજાર પોસ્ટ નં૦ ૯)

ગાડી ઘોડા અને મોટરને લગતા સર્વે જાતના

ટેલીફોન] **સામાનના વેપારી** [નં૦ ૧૦૩૫

હમારે ત્યાં વેલાતી તેમજ સ્વદેશી હારનીસો તૈયાર મળેછે, તેમજ ઓર્ડર પ્રમાણે ઘરાકોને મનપસંદ બનાવી આપવામાં આવે છે.

ઘોડાની સ્વારીને માટે જીનો, બ્રાઈડલો, ગાડીના માટે તેમજ સવારીને માટે તરેહવાર જાતના ચાબુકો, બીટસ અને તબેલાને લગતો સર્વે સામાન,

ગાડીને માટે ઉંચામાં ઉંચી કવોલીટીના રબરનો ટાયર જે આખા હિંદુસ્તાન, બરમા અને સીલોન વીગેરે શહેરમાં પ્રખ્યાત થએલાં છે અને જે માટે વગર માંગવે ઉંચી સર્ટીફીકેટો મળેલી છે અને મળતી જાય છે.

મોટોરકાર અને ગાડીઓને માટે લાઈનીંગના મોરોકો ચામડાં, ઘમણનાં ચામડાં, ફીત, બનાત, ગલીચા, બટન અને તે ઉપરાંત લોખંડકામ અને લાકડકામ મળે છે.

ગાડી અને મોટરને માટે ઘણોજ ઉંચી કવોલીટીનો વીલીશ મેકરનો તૈયાર પીસેલો તરેહવાર જાતનો રંગ, અને ઘણુંજ ઉંચી કવોલીટીનું વારનીસ અને રંગને માટે અને વારનિસને માટે બ્રશિસ, તે ઉપરાંત જાણીતા લુકાસ અને બીજા મેકરના મોટર લેમ્પ, હોનર્સ સ્પેર રબરના બલબસ, હોર્નને માટે તેમજ હેડ સાઈડ અને તેલ, લાંપ જેકસ, ટાયર સેવર, બીરર અને વેકયુમ મોબીલ ઓઈલ, ગ્રાસ તથા પરચુટણ સર્વે સામાન મળે છે.

હારનીશ અને શેડલરીનું ઘણુંજ સફાઈદાર રીપેરકામ કરી આપીએ છીએ

હમારાં મેહેરબાન દુર વસતાં ઘરાકોની સગવડ ખાતરે હમોએ હમારી બ્રાંચ નયુ ક્વીનસ રોડ જુના ચોપાટીના દરવાજાની સામે ખોલી છે. જ્યાં સર્વે પ્રકારનો માલ જોવાને માટે ખોલ્લો મુકયો છે.

ભાવો ઘણાજ કીફાયત રાખયા છે.

હમારો મુદ્રાલેખ ઘરાકોને દરેક રીતનો સંતોષ આપવાનો છે. જો માલ નહીં પસંદ પડે તો બદલી આપવામાં આવશે, તેમજ જો કીમતમાં મોંઘો પડે તો પાછો લેવામાં આવશે. ઠે૦ ૩૯૫-૯૭ ભીંડી બજાર મુંબઈ.

એક વખત ટ્રાયલ ઓર્ડર મોકલવાથી ખાત્રી થશે.

અમારૂં જુનું અને જાણીતું મથક યાદ રાખજો.

સાચી સલાહ.

કબજીઆત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વીર્ય વકારના ગમે તેવા દોષ દૂર કરવાના, ગમે તે જાતની અને ગમે તેવી કમજોરી નાબુદ કરવાના, અને સ્મરણ શકિતને સતેજ કરવાના દૈવી ગુણો અમારી

મદન મંજરી

ગોળીઓ

ધરાવે છે. એવી સાચી સલાહ તમામ વિદ્વાન વૈદ્યો અને બાહોશ ડાકટરો પોતાના દરદીઓ ને આપે છે,

કીંમત-ગોળી ૪૦ની ડબી એકનો રૂા. ૧

રાજવૈદ્ય નારણજી કેશવજી.

જામનગર—કાઠિયાવાડ.

બ્રાંચ ઓફિસ-નં, ૧૮૭, કાળબાદેવી રોડ મુંબઇ.

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું " વૈદ્યવિદ્યા " નામનું ૬૨૮ પાના વૈદકીય પુસ્તક મંગાવો.

નવીન ચેતના! નવીન યુગ! નવીન સાહિત્ય!

પ્રગટ કરતું ગુજરાતનું લોકપ્રિય

સસ્તામાં સસ્તું સચિત્ર માસિકપત્ર.

વિવેચક.

જેમાં ગુજરાતના વિદ્વાન લેખકોના ખાસ મનન કરવા લાયક લેખો, કાવ્યો અને સંસારીક, ઐતિહાસિકવાર્તાઓ પ્રગટ થાય છે. દર વરસે ગ્રાહકોને પુસ્તકની ભેટ છે. ૧૯૧૫ની ભેટ બુક પાપપુંજ ડિટેકટીવ. કનવલકથા બાર આનાની કિંમતની તૈયારછે સત્વર ગ્રાહક થઇ વી.પી. થી મંગાવી લો. તે ઉપરાંત ઉત્તમ પુસ્તકો "વિવેચક"ના ગ્રાહકોને સસ્તાં આપવાની ગોઠવણ કરીછે પ્રાઇસલીસ્ટ માટે અર્ધા આનાની ટીકીટ બીડો. 'વિવેચક'નું વાર્ષિક લવાજમ હિન્દમાં રૂ. ૧-૧૦-૦. છે. હિન્દ બહાર રૂા. ૧-૧૪-૦ "વિવેચક"માંની જાહેર ખબર દરેક વેપારીને લાભ આપે છે ભાવ સસ્તાં પુછો.

ગ્રાહક તથા બાહોશ મેળવનાર એજન્ટો જોઇએ છે. પુછો.

લખો:— વ્યવસ્થાપક 'વિવેચક'

નં. ૧૨ લાછરસ નાદેદ R. S. R.

મુંબઇના એજન્ટ બક્ષી બ્રધર્સ

મનસુર બીલ્ડીંગ ત્રીજે માળે પ્રીન્સેસ સ્ટ્રીટ

નમુનાના અંક માટે બે આનાની ટીકીટ બીડવી

Artist Eruchshaw Pestonjee

ART STUDIO

KAVARANA MANSIONS, PRINCESS STREET

Opp Wadia's Fire Temple, BOMBAY.

મુંબઇનો જુનો અને પ્રખ્યાત આર્ટ સ્ટુડીઓ છે, કે જ્યાં તસવીરોને લગતું દરેકપ્રકારનું કામ જેવું કે ઓઇલ કલર, વોટર કલર, પાસટલ કલર તથા બ્રોમાઇડ એનલાર્જમેન્ટો વગેરે વગેરે બહુજ મનપસંદ અતિપે કિફાયતે બને છે.

સીમલા, ગ્વાલીયર, કલકત્તા, માઇસોર, પુણા, મદ્રાસ; મુંબઇ અને હિંદના બીજા અનેક જાણીતા શહેરોમાં ભરાયેલા આર્ટ એક્ઝીબીશનમાંથી ચાર સોનાના ચાંદો અને ડઝનબંધ રૂપાના ચાંદો અને સંખ્યાબંધ સર્ટીફીકેટસ ઓફ મેરીટ મળ્યાં છે તે શોખીન પ્રજાને જોવા માટે હમારા સ્ટુડીઓમાં મોજુદ છે.

તમારી જાતી ખાત્રી માટે

અમારા આર્ટ

સ્ટુડીઓની

એક મુલાકાત જરૂર લેશોજી.

કોઇપણ વખતે તમોને છબીને લગતું કાંઇ પણ કામ પડે તો પ્રથમ હમારા સ્ટુડીઓની મુલાકાત ખાસ કરીને લેશોજી. જે બીન અનુભવીઓ કમીશનથી કામ કરાવી ઘરાકોને આપે છે તે કરતા તમો જો પરભારૂ કામ અમારે ત્યાંજ કરાવશો તો તમોને ફાયદો છે.

પસંદગી પામે એવું ઉમદા કામ ને ભાવો ગામને પરવડે તેવાજ છે માટે એક મુલાકાત જરૂર લેશો.

તમો જ્યાં સુધી મુલાકાત લેશો નહિ ત્યાં તુલીક કામ તથા બીજા ભેદોની તમોને બીલકુલ ખબર પડશેજ નહીં માટે અમારો પ્રખ્યાત

ગમે તેટલા મોટા એનલાર્જમેન્ટ તથા ઓઇલ પેન્ટ માટે અર્જ કરો.

આર્ટ સ્ટુડીઓ

જરૂર યાદ રાખજો.

કાવારાણા બિલ્ડીંગ પ્રીન્સેસ સ્ટ્રીટ-મુંબઇ

વહાડયાજીનાઆતશબહેરામસાહેબની સામે.

ESTD, 1884
સ્થાપી ૧૮૮૪

બી. અરદેશરની કં૦

EDISON PHONOGRAPH AGENCY

માંગો તેવા હારમોનિયમો તે કયાંથી ખરીદશો ?

આજથી ૩૦ વર્ષોની જાણીતી થયલી બી. અરદેશરની કુંપની જાહેર પ્રજાને જણાવવાની રજા લે છે કે સારા ને ટકાઉ અંગ્રેજી તેમજ ત્યાંના બનાવેલા ઉંચી કવોલીટીના અને હરેક પ્રકારની સારી સામગ્રીવાળા ખાત્રી પુવંકજ હારમોનિયમો યાતો તેને લગતો કશો પણ છુટો સામાન જોઇએ તે. બી. અરદેશર તમારી ખીદમતમાં હાજર છે. હિંદની હવાને બરનોજ માલ કીફાયતે જામીનગીરી સાથે મળશે.

ખાત્રી ભરેલો ગ્રામોફોન અને ફોનોગ્રાફો માટે કયાં જશો!

ફોનોગ્રાફ તેમજ ગ્રામોફોનમાં અમો અનુભવી તેમજ બનાવનારાઓને ત્યાંથીજ, પરબારા આયાત કરનારાઓ છીએ. તમો માંગો તેવા હરેક પ્રકારના મોટા જથ્થામાં મોજુદ છે. ગ્રામોફોન તેમજ ફોનોગ્રાફને લગતો સામન તેમજ પ્રખ્યાત ગાયનકારોના તેમજ નાટકોના ગાયનોના રેકર્ડોનો સર્વથી મોટો જથો તમારી પસંદગી માટે અમો પાસે મોજુદ છે. એકવાર પધારી તમારી ખાતરી કરજો. સારો માલ ને કીફાયત ભાવો.

છેલ્લામાં છેલ્લી રૂઢીના સીનેમેટોગ્રાફો વેચનારૂં જાણીતું મથક તે

બી. અરદેશરની કું. છે, સીનેમેટોગ્રાફો તેમનજ નાની મોટી મનપસંદ ફીલમોનો જથો અમારે ત્યાં અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લાંડ વગેરેથી આવતો રહે છે, લાઇમલાઈટ તેમજ વીજળીકને લગતો અપ-ટુ-ડેટ સામન અતિશે કીફાયતે અમો વેચીએ છીએ, લગન નવજોતના મેળાવડાઓ વગેરે પ્રસંગોમાં અમો સીનેમેટોગ્રાફના ખેલો મનપસંદ રીતેથી ગમે તે મથકોએ ટુંક વખતમાં બહુજ કીફાયત કરીએ છીએ.

શોખીન આલમને એક સારી સલાહ.

કોઇ પણ પ્રસંગે ઉપલી કાંઇ પણ ચીજો તમે ખરીદવા ચાહતા હોવો તો ખાસ કરીને અમારી સલાહ લેશોજી, બીન અનુભવીઓની ફાલતુ દુકાને જવા આગમચ અમારા શો-રૂમની એક વખત મુલાકાત જરૂર કરી લેશોજી. રીપેરકામ નવા જેવુંજ થાય છે કોઈપણ ચીજો માટે લખો યાતો મળો. સલાહ તદન મફત, કીફાયત, ભાવો ને ઉત્તમ માલની ગેરંટી.

પ્રસિદ્ધ મથક-એડીસન ફોનોગ્રાફ એજન્સી.

કાલબાદેવીરોડ-મુંબઈ.

B. Ardeshir & Co.

Importers of Harmoniums, Cinematograph, Gramophones, Records, Ect.
Kalbadevi Road, BOMBAY.

A Trial is Solicited.

Address, "up-to-date", BOMBAY.

કદિમ ઈરાનીઓમાં લગનની મોતેબરીના ખ્યાલો.

તે વીષે શાહનામાની શાહદત.

લખનારઃ—મી. રૂ. બ. પેમાસ્તર બી. એ, એલ એલ. બી.

હજારો વરસ ઉપર એટલે ઇરાનના મહાન્ પેશદાદી પાદશાહાતના જમાનામાં, લગ્નનો રેવાજ કેવો હતો તે અમર કવી ફીરદોસીના શાહનામા ઉપરથી આપણને જાણવાને બને છે. એટલે લાંબે નહીં જતાં આજ ૯૦૦ વરસ ઉપર જ્યારે ફીરદોસીએ શાહનામું રચ્યું, ત્યારે એ કવિના જમાનાથી પારસી લગ્નોની પવીત્રાઇ કેટલી હતી તેટલું તો એ મહાન્ કેતાબ ઉપરથી આપણને જાણવાનું બને છે. આજે આપણા પારસીઓમાં લગ્નનો તાળો કેટલો બગડેલો છે, અને તેને લગતી બદીઓ કેટલી હદ સુધી વધી છે તેની સમજ આપણને અસલ લગ્નોની અકલમંદ રાહ રીતિઓ ઉપરથી માલમ પડે છે. એ રાહ રીતિઓ સાથની આજની રાહરીતિઓની સરખામણી કરવાથી આપણને આજે લગ્ન સંબંધી ઘણીક બાબદમાં શરમાવવા જેવું છે. લગ્નની મોતેબરી આગળ કેટલે દરજ્જે સ્વિકારગમાં આવતી હતી, તેનો ખ્યાલ આપણા આજના પશ્ચિમ તરફના સુધારાના જમાનામાં પણ આપણને કેટલીક બાબદમાં આશ્ચર્યમાં નાખે છે. પહેલું, આજે કંગાળમાં કંગાળ ભાડુતી કાજ કરનારાંઓના હાથમાં લગ્નના સોદા, અને સાટાં મેળવવામાં આવે છે, જેઓ પોતાની રૂ. ૧૦૮–૨૦૦ની હકસાઇ કે દલાલીને ખાતર "રૂપાના દાદર અને સુન્નાના દેરડાં બતાવી" લોકોને ફસાવવાને પણ ઘણીવાર ચુકતાં નથી. જો કોઇને વચમાં નાખી લગ્નના ગાંઠથી કોઇ જોડાને સાંધવું હોય તો તે વચમાં પડનાર ઘણી સારી ધાનત, આબરૂ, હંજરજવાની અને લાયકીવાળો જોઇએ. તેજ મીશલ ઇરાની પાદશાહ ફરેદુને પોતાના બેટાઓના લગનના બાબમાં કીધું હતું. બીજું, છોકરા છોકરી સારી રીતે એકમેકને જોવાની અને બંનેની ચાલ ચલણ તપાસવાની તક આપી પછીજ જન્મની પાળ બાંધવી જોઇએ તે આજે કયાં છે? ત્રીજું, છોકરીને જોવા છોકરાએ જવું જોઇએ તેને બદલે આજ કેટલાકો ચાલી ચલાવીને પોતાની દીકરીને સામી છોકરાને ત્યાં જોવા લઇ જઇ હલકી પાડે છે. ચોથું, એકમેકના ગુણો કેવા તેની તપાસ કર્યા વીના ઉતાવળ કરી આજે "લાકડે માકડું" ગોઠવી દેવામાં આવે છે અને પાછળથી પસ્તાવામાં પડે છે. પાંચમું, માબાપો પોતાની બેટીનાં સાથાં ધોઇ નાખવાને આંકળાં બની પુરતી તપાસ યા જોસ્તેજો કરવા વગર પોતાની દીકરી કાઢી આપે છે. છઠું, જમાઇના બાપની દોલત ઉપર લોભાઇ તેની નીતિ, લાયકાત તરફ મુદ્દલ નેગાહ પુગાડવામાં આવતી નથી. એ અને બીજી અનેક બદીઓ અને ખામીઓ આપણા પારસી લગ્નો સંબંધી જોવામાં આવે છે, તે આગલા જમાનામાં કદીમ ઇરાનમાં નહતી, અને ત્યાં કેવી સમજદાર રીતે, પાક નેમથી લગ્ન કરવામાં આવતાં હતાં તે ફરેદુનના બેટાઓના લગનને લગતું જે દાસ્તાન ફીરદોસીએ કહ્યું છે, તે ઉપરથી અચ્છી રીતે નજરે પડે છે.

ઉપલી દરેક બાબદની સંભાળ કેવી રીતે એરચ અને તેના ભાઇઓના લગ્ન સંબંધી લેવાઇ હતી તે હવે તપાસીશું:—

પાદશાહ ફરેદુનને પોતાના ત્રણ બેટાઓ સલ્મ, તુસ અને એરચને લગનના ગાંઠથી બાંધવા માટે શાહઝાદીઓની માંગણી કરવા પોતાના નામદારોમાંથી જંદલ નામના એક ઉંચી પંકતીના અમલદારને મોકલ્યો હતો, એવી ફરમાસથી કે તે "ઉંચી તોખમની" ત્રણ છોકરીઓને તેમની સાથ સગાઇ કરવા માટે શોધી કાઢે. તે એકજ મા અને બાપથી અવતરેલી ત્રણ બેહનો જોઇએ કે જે, 'પરી ચહેરાની, પાક અને પાદશાહી ઓલાદની હોય.' જંદલે (હાલના એડનની

નઝીક આવેલા) યમનના પાદશાહની બેટીઓ ને શોધી કાઢી; તેમને માટે નરમાશથી માગણી કીધી. ત્યાર બાદ યમનના શાહે ફરેદુનના એલચીને પોતાની આગળ બોલાવ્યો અને કહ્યું કે: અગર જો પાદશાહ મારી પાસેથી મારી એ આંખો માગે તેના કરતાં જો મારી દસ્તે ગોદાન તામની જગ્યા માગે અને યમનનું તખ્ત માગે તો તે બહેતર એ. છેલ્લું. મારી ત્રણે બેટીઓને મારી આગળ વખતસર નહીં જોઉં તેની આગળ નકામું છે. જો પાદશાહની સગાઇ કરવાની મરજી છે તો તેના ફરમાન મુજબ મારા ફરઝંદોને હું તે વખતે બહાર કહાડીશ, કે જ્યારે તેના તાજ અને તખતને રોશન કરનારા ત્રણે શાહજાદાઓને હું જોઉં, માટે તેઓએ ખુશાલ મારી નઝદીક આવવું. તેઓને જોતે જોવાથી મારૂં દીલ ખુશી થશે, અને તેઓની હુશયારી હું પણ તપાસીશ, જ્યારે હું જોઇશ કે તેઓના દીલ ધનસાફથી ભરપુર છે, ત્યારેજ ખચીત તેઓ પાસે જામીનગીરી તરીકે તેમના હાથ મારા હાથમાં લઇશ અને ત્યાર પછીજ મારી ત્રણે રોશન આંખોને રેવાજ પ્રમાણે શાદી કરી તેઓને સોંપીશ.

"ચુ બીનમ કે દેલશાન પેર અઝદા દહસ્ત,
બે ઝેનહાર શાન દસ્ત, ગીરમ બે દસ્ત."

ફરેદુને તેને આગમજથી કહી રાખેલું હતું તે પ્રમાણે બોલ્યો કે દાનેશમંદ કહી ગયો છે કે- 'જેને હું પોતાના ... ... ત્યારે ગણુતો ... ગેરટી.

પ્રસિદ્ધ મથક—એડીટર પસંદ, 'સો

મારા ત્રણ બેટાજ છે." ફરેદુને પોતાના બેટાઓને સ્ત્રી હરી લાવવા માટે યમન મોકલ્યા. અગાઉ પોતે પોતાના ... સસરાને ત્યાં કેવી રીતે વર્તવું તે વીશે ... શીખામણ દીધી હતી કે 'હવે, તમો ... નજદીક જવું. જોઇએ અને દરેક ... ઘટે તેવા ઓછા વધતા વિચારો જણાવવા ... તમે સારા સખુનો બોલનાર અને ... હુશયાર રહેજો, સામાની વાત ઉપર ... કાન ધરજો. તેને ખુબીથી જાણજો અને લાંબો વિચાર કરીનેજ ... કારણ કે પાદશાહથી ઉતરેલાને ... જગારી સિવાય બીજું કાંઈ ... નહીં. તેમણે સાચ્ચા વચન દેવા ... દેલના અને પાક દીનના થવું, જોઇએ ... દુરઅંદેશી વાપરી, કામમાં અગમચેતી રાખવી જોઇએ. જગાનને રાસ્તીથી સણગારવી, ... ની ઇચ્છા કરવી, દોલત માગવી નહીં.

"ઝબાન રાસ્તીરા બે આરાસ્તેહ
ખેરદ બારતેહ, ગંજ ના ખારતેહ,"

બીજી બાજુએ યમનના પાદશાહે પોતાના સરદારો સાથે મસલહત કરતાં કહ્યું 'મારી ત્રણ બેટીઓ મારી આંખ કરતે પણ વધારે રોશન છે,

"પસ ઓનગેહ સે રોશન જહાન બીને મર
બેદીશાન સેપારમ, અઝ આઇને મર"

આ ઉપરથી ફરેદુનના દીકરાઓ યમનના પાદશાહ આગળ જાતે ગયા, તેમની વાત ... સઇ આખરે તેણે ઘણી આનાકાનીથી ... સાથે પોતાની શાહજાદીઓને તેમની ... પરણાવી. પણ ત્યાર બાદ તે પોતાના ... તીશય મુંઝાયો. તેણે કહ્યું કે 'આ ... તશીબ કંઇ ફરેદુનથી થયું ... મારાથીજ છે, કે મારી ... મથી બેટીઓ પેદા થઇ,

B. Ardeshir & C...
Importers of Harmoniums, Cinematogra...
Gramophones, Records, Ect.
Kalbadevi Road, BOMBAY.
...dress. "up-to-date", BOMBAY.

"એહ અખતર કસી દાન કે દોખતરશ નીસ્ત,
ચુ કુખતર ખુઅદ, રોશન અખતરશ નીસ્ત."

એટલે કે 'તે શખશને તું બુલંદ સેતારાનો જાણ કે જેને ત્યાં દીકરી નહીં હોય, જ્યારે દીકરી હોય ત્યારે તેનો સેતારો રોશન નથી.' જે ધણીએ દીકરીઓ જ્યારે કુંમારી હતી ત્યારે તેમને "રોશન જહાનઆને મન" એટલે કે પોતાની ઝલકતી આંખો ગણી હતી, તેને હવે પરણાવી સાસરે મોકલતા તે પોતાને કમનસીબ ગણવા લાગો, છતાં પણ મોટુ મન કરી તે પોતાના દામેશમંદ મોબેદો આગળ બોલવા લાગો કે એ મહાતીપ જેવીઓને પાદશાહનીજ સંગાથલાયક છે. તેણે કહ્યું કે તમે જાણો કે આ મારી ત્રણુડે આંખોને હમારા રીત રેવાજ પ્રમાણે મજકુર શાહજાદાઓને સોંપી કે તેઓ પોતાની બંન્ને આખ મીસાલ તેણીઓને રાખે. તેમજ તેઓને છાતી આગળ જીવની માફક સંભાળે એમ કહી તેણે શાહજાદીઓ અને તેમનો સરસામાન ઉંટોની પીઠ ઉપર લાધ્યો અને દબદબા સાથ ઇરાન ભણી સાસરે મોકલી.

શીરદોસી આ ઉપરથી કહે છે કેઃ—

"ચુ ફેરજંદ બાશદ બે આઇનો ફર,
ગેરામી બે દેલ બર ચે માદે ચેહ નર"

એટલે કે જ્યારે ફરજંદ રીત ભાત અને સંસ્કારવાળું હોય ત્યારે તે દીલમાં પ્યારૂં લાગે છે પછી તે છોકરો હોય કે છોકરી. એ રીતે તે જમાનામાં છોકરા છોકરીનો તથા સ્ત્રી અને મર્દનો સરખો દરજ્જો હતો.

—※—

દિવાનો.

(ગઝલ.)

થયો દિલબર દિવાનો હું, દિદારે ત્હેં કર્યો જખ્મી!
કટારી કારેમી સીને, સનમ લાગી અતિ વસ્મી!
સુણાવું હાલ આ કોને? હકીમો દર્દમાં દખે!
દવાઇ ઇશ્કની ના ના, નથી હું વીણુ કો પાસે!
ઉડી આવું ગમે ત્યાં હો, ભલે આકાશ પાતાળે!
બતાવે રાહ જો કોઇ, બળુ છું ઇશ્કની આગે!
અઝીઝો, ઓલીયા કોઇ, કહોને કયાં વિરાજે છે?
રસીલી, દિલ દુલ્હારી, સનમ એ કયાં બિરાજે છે?
નથી ખાવું, નથી પીવું, નથી રોવું, નથી જોવું!
દુઃખી આ જીંદગી મ્હારી, સનમની શોધમાં ખોવું!
બચાવો આ દિવાનાને, દયા લાવી અયે આદમ?
બિચારી જાય, જો લાગે, સનમ દિદારનો મરહમ!
જીગર ખાલી, બળે અંગો, જવાની આ જલીજાશે!
મગર આ યારની દોદી, અમર આશા પુરી થાશે!

જમનાદાસ એન. અઢીયા.

પ્રિયાને પેગામ.

તલ્સે જીગર બિચારૂં આ ત્હેને ખબર નહીં!
શી બેખબર પ્રિયા! અહીં દિલે અસર! નહીં!
તલ્સે.

મરતું હૃદય હમારૂં હાય! ત્હારી ચાહમાં!
સંભળાવું હરઘડી છતાં ત્હેને સબર નહીં!
તલ્સે.

કાસદ અયે પેગામ આ પ્રિયાને આપજે!
દિલ રોજ ખા રડે છતાં ત્હેને અસર નહીં!
તલ્સે.

ત્હારી જુદાઇથી હમારાં ચશ્મ ફૂટીયાં!
દિદાર દે ત્હું જલ્દ નાતો જીંદગી નહીં!
તલ્સે.

જમનાદાસ. એન. અઢીયા

પુસ્તક પરિક્ષા.

By **J. N. P.**

શાહનામું-ભાગ ચોથો.

ફારસીમાંથી તર્જુમો કરનાર-નાયબ દસ્તુર મીનોચેહેર દસ્તુર જામાસ્પજી જામાસ્પ આસાના.

ફિરદુશી તુસીએ પારસી શાહાનામું ફારસીમાં રચીને પારસી શહેનશાહતની કીર્તિ અમર કીધી છે, જ્યારે આ આખા શાહાનામનો ગુજરાતી સંપૂર્ણ તર્જુમો પ્રકટ કરવાનું માન એક દસ્તુરજાદાને શીર જાય છે એ ખુશાલીની વાત છે. પારસી વિદ્યાર્થીઓને નિશાળો અને પાઠશાળાઓમાં ઇંગ્રેજી, મુસલમાની, ગ્રીક, રોમન, મરાઠી વગેરે તવારીખનું ગ્નાન આપવામાં આવે છે, જ્યારે પોતાના વતન વિષે કે પોતાની આગલી શહેનશાહત વિષેનું તેમનું ગ્નાન મૂઠીભર ખાસ અભ્યાસીઓમાંજ અટકી રહેલું હોય છે. આ કારણે આ સંપૂર્ણ તવારીખ પારસી કુટુંબોને એક લાંબા વખતની ખોટ પૂરી પાડશે, અને ચાર વર્ષ વેર પૈસા-અને મહેનતના ભોગ આપી આ વિદ્વાન દસ્તુર જાદાએ લગભગ આઠસો આઠસો સફાના ચાર દળદાર દફતરો પારસી કોમની સેવામાં અર્પણ કર્યા છે તેનો પૂરતો લાભ લેવાની અને કદર પીછાણવાની તક પારસી આલમે જરૂરજ લેવી જોઇએ.

હાલના દફતરમાં નોશીરવાન અદલના અસલની ગેર'ટી. ...ઇરાનના કમનશીબ ... પ્રસિદ્ધ મંશહેરીજાર સુધીનું ... ખેરી

આગલા અંકો માફક આ અંકમાં પણ લેખકે જગે જગે નોંધો આપી છે, જે ઘણી કીંમતી છે. આ નોંધો ઇંગ્રેજ તેમજ અગ્રથી ગ્રીક વિદ્વાનો તરફની છે, પણ આ સાસાનીઅન જમાનની તવારીખપર હવણા અરેબિક સાહિત્ય તરફથી પણ ઘણું અજવાળું પાડ્યું છે. દાખલા તરીકે મરહુમ મી. પીરોજ બેહેરામ કેરસાસ્પ દાદાચાનજી I. C. S. એ એ બાબદમાં એક ન્હાની ચોપડી લખી છે. તેણે એ બાબદ એક વધારે મ્હોટાં પુસ્તકરૂપે લંબાણથી બહાર પાડવાની આશા આપી હતી. પણ તેમના કમનશીબ મરણે એ બાબદ પડી નખાઇ છે. ઘણીક બાબદો ગ્રીક લખનારાઓને આધારે ખરી માનવામાં આવતી હતી તે હવે અરબીક શાહદતોથી ઉલટીજ દીસે છે, અને તે શાહદતોને લીધે આ મરહુમ લેખક એવી બાબતો પર ઉલટાંજ અનુમાન ઉપર આવ્યા હતા, અને એ કારણે આપણા માનવંત ન્યાગાનોને વધારે સારા રૂપમાં દર્શાવવાને તેઓ શક્તિવાન થયા હતા.

આ ચોથા પુસ્તકપરથી આપણી તવારીખપર નજર નાંખતાં નીચલી અફસોસકારક બાબદ બહાર આવે છે; અને તે એ કે નોશીરવાન અને ખુશરૂ પર્વીજ જેવા બાદશાહો જેમણે તે વખતની દુનીઆને ... હતી તે શાહોના મરણ પછી કેટલાં વર્ષો (નોશીરવાન પછી આશરે ૭૦ અને ખુશરૂ પર્વીજ પછી આશરે ૨૫) માં આપણી એક વખતની ગુમ'દ ...

B. Ardeshir
Importers of Harmoniums, Cinem...
Gramophones, Records, Ect...
Kalbadevi Road, BO...
ddress, "up-to-date", BOMBAY.

શાહત પોતાના પાયાપરથી સહેલથી ધ્રુજી પડી, અને આયંદે હંમેશ માટે તે પાદશાહી આપણા પોતાના હાથમાંથી અરબ જેવા તે વખતના જંગલી લોકોના હાથમાં આવી પડી. આ અસરકારક દાખલો દેખાડે છે કે જીતેલા મુલકને તેમજ પોતાના મુલકને કોઇક રીતની પાયદારીપર રાખવાની દરકાર નહીં કીધાથી તેમજ પાદશાહી ખાનદાનના માંહોમાંહેના મિનાકેસાથી ગમે તેવી એકવારની બુલંદ શાહેનશાહત સપાટામાં પડી ભાગે છે.

આ દફતરમાં આવેલા એક મહાન શહેનશાહનું નામ પારસી કે મુસલમીન દરેક કોમમાં આજ સુધી જાણીતું અને યાદગાર રહી ગયું છે, તે આ દફતરમાં શરૂઆતથી ભાગ લેતા અદલ પાદશાહ **નોશીરવાન** છે. એની ઇનસાફી અમલની કીર્તિ તે વખતેજ સઘળે પંથરાઇ ગઇ હતી, અને મુસલમાનોના પેગંબર પોતે પણ એક જાતની વડાઇ લેતા હતા કે હું શાહ નોશીરવાન અદલના જમાનામાં પેદા પડયો છું. એક અરબીક **વેહદત નામામાં** જણાવ્યા મુજબ તેવણ સાહેબ બોલ્યા હતા કે **"અન વુલીદતો ફી ઝમને મલક ઉલ આદલે."** આ બાબદને ફારસી કવિ **જામી**એ પણ પોતાની કેતાબમાં જાહેરાત આપી છે.

નોશીરવાનના એયામમાં મોબેદ લોકોનો દરજ્જો તથા દોર કેટલો બધો હતો તે એટલા પરથી માલૂમ પડશે કે તે શાહે સાત વખત મોબેદ લોકોની મિજલસ ભેગી કરીને તેઓ તરફથી જ્ઞાનની માગણી કરી હતી. સાસાન્યાન જમાનામાં મોબેદ સાહેબોનું ચલણ ઘણું ભારે હતું અને કેટલાક સાહેબોનું એવું પણ કહેવું છે કે લોકોની રોજીંદી જીંદગીમાં યાને તેઓના દુન્યાદારીના વ્યવહારમાં ધર્મને લગતી ન્હાની યા મ્હોટી બાબદો એટલા મોટા જથ્થામાં મોબેદો તરફથી તેઓના વિચાર મુજબની આમેજ કરવામાં આવતી હતી કે તેથી ગોયા લોકો કંટાળી ગયા હતાં, અને ઘણાં લોકો જ્યારે મુસલમાની અમલ ઇરાનમાં શરૂ થયો ત્યારે બાખુશીથી મુસલમાની જેવા એક સહેલ ધર્મથી આચિકી વગર ઘસડાઇ ગયાં હતાં. બીજું એમ પણ કહેવાય છે, કે સાસાની છેલ્લા કમનશીબ પાદશાહ **યઝદેજર્દ** જ્યારે કંઇ કામ હાથમાં લેતો, દાખલા તરીકે કોઇ ન્હાની મ્હોટી લડાઇમાં રોકાવું હોય, ત્યારે શરૂઆતમાં તાએ અને **બર્શોમ** હાથમાં લેઇ ભણવા બેસતો. આનો એક દાખલો સફે ૬૧૫માં મળે છે જ્યાં યજદેજર્દ તુર્કીઓને હાથ હાર ખમીને ભટકતો એક ગરીબ કારખાનાવાળાને ત્યાં જાય છે. જ્યાં તેને ખાવાની માંગણી થતાં પાદશાહ કહે છે કે "તારી પાસ જે કાંઇ હોય તે મારે માટે લેઇ લાવ. પણ જો બરસમ નહીં હશે તો તે ખાનું મને કામ લાગશે નહીં." આ એટલું તો દેખાડે છે કે મોબેદી જોર તે વખતમાં જોઇએ તે કરતાં ઘણું વધારે હતું, અને તેનું પરિણામ ઇચ્છવા જોગ આવ્યું નહતું.

નોશીરવાનના હેવાલમાં એક બીજી વાત ધ્યાન આપવા જોગ છે. આ દફતરના સફે ૩૨મે જણાવ્યું છે કે તે ઓરડામાં એક એક સીધા સરોવર જેવા શરીરની બધી મળી ૭૦ ઓરતો હતી. એજ મુંજબ ખુશરોના પોતાના બાબમાં પણ હતું. આ બાબદમાં હાલમાં આપણને અજાએબી ઉપજાવે છે. આ ઉપરથી કદાચ કહેવામાં આવે કે તે વખતે સાધારણ લોકોમાં પણ એક કરતાં વધારે બાયડી કરવાનો યા રાખવાનો ચાલ નહતો તો અહીં એમ કેમ! પણ આપણે જાણવું જોઇએ કે ઇરાનમાં તે વખતે એવો એક મત હતો કે " પાદશાહો સર્વે કાયદાની ઉપર છે " (Kings are above the law.) બીજી રીતે એક કરતાં વધારે બાયડીઓ કર·

વાનો ચાલ સાધારણ લોકોમાં તે વખતે ન હતો.

નોશીરવાનના અમલમાં બરજુ નામનો એક બુઝર્ગ વંશનો બોલકણો જાણીતો વૈદ હીંદમાં આવીને ત્યાંના રાજાની પાસે કલીલેહ દમ્નેહ નામની જુનાની હકિમાની એક ચોપડી ઈરાન લાવ્યો એવી વાત આવી છે. આ હીંદુ રાજા કોણ હતો અને એ કેતાબની હરિત-હાલમાં કેવી પ્રકારે છે તે વિશે વિદ્વાનો તરફથી વધુ જાણવાને આપણે ખુશી થઇશું. એ વિષે દસ્તુરજીની નોંધ ધ્યાન પુગાડવા જોગ છે. વળી ઇરાની શાહેનશાહો પોતાના દીકરાઓને કેવી સલાહ આપતા હતા તેનો ખ્યાલ નોશીરવાને પોતાના બેટા હોરમજદને દીધેલી નસીહતપરથી આપણને આવે છે. આ માટે આ દફતરના સફા ૧૭૨-૧૭૫ આજના પારસી જુવાનોને વાંચવા ...

આસમાનનું જ ચક્કર તેની પર ફરવું ફરી તેમા અમ શુરૈજ બાંધવા જોઇએ. પૈશ બહેમ્બ ફરગાંળ ચાંથુસ માહુઅસુરી તરફથી મોકલેલા એક શખ્સ કરખાનાવાળાને હાથે તે કતલ થાય છે અને એના પરિણામે ઇરાનની અને જરથોસ્તીઓની અધોગતિ શરૂ થાય છે.

દુન્યાને, ધ્રુજાવનાર, બહોળા સલ્તનતપર અમલ કરનાર અને બેહદ જાહોજલાલી ભોગવનારૂં આવું એક રાજ્ય આવી રીતે પોતાના વખતમાંજ એકદમ ભાંગી પડે એવા અફસોસકારક દાખલા દુન્યાની તવારીખે ઘણા નોંધ્યા નથી.

આપણું રાજ્ય ગયું છે તે પાછું આવે એવા દૂરના પણ સંભવો નથી, પણ આપણે જે કરવાનું છે તે એક એક વખતના જરથોસ્તી ધર્મને પાછો તેની ખાલેસીમાં પ્રકાશિત કરવો અને તેનો પ્રકાશ ચોમેર ફેંકીને અસલી કીર્તિ પાછી સજીવન કરવી.

(TRADE MARK)

EVERYTHING POINTS TO

Treacher Co., Ltd.

Service
Courtesy
Promptitude

As The Premier House In India

FOR

Grocery And Provisions & Everything First Class
Everything Fresh Everything Reliable,
Everything Selected Special Attention Given To

Up-Country Orders,

BUT NOT AT THE EXPENSE OF TOWN CUSTOMERS.

Think of the convenience.

ONE ORDER, ONE DELIVERY,
ONE ACCOUNT, ONE PAYMENT
FOR ALL YOUR REQUIREMENTS.

Send for our Catalogue, Compare rates with the present Bazar Prices,

Treacher & Co., Ltd., Bombay.

વગર મહેનતે પહેલવાન
બનવું હોય
તો

અ
બ
અંબરેતુર
તુ
ર

અંબરેતુર વાપરો જે એટલું તો મશહુર છે
કે જેની તારીફ કરવાની બીલકુલ જરૂર નથી.

જમાલ બ્રધર્સ

બુટ તથા સુઝના જાણીતા વેપારો.

દોડો દોડો ! !

અરે ભાઈ છે શું? કે આટલા બધા દોડો છો?

ત્યારે શું તમોને કંઇજ ખબર નથી કે ?

નારે ભાઈ છે શું ?

ત્યાં જુવો ને યાદ રાખજો પેલા સીતારામ બિલ્ડીંગમાંના જાણીતા બુટ ને સુઝસના વેપારીએ સેલ શરૂ કીધું છે. ત્યાં બુટો ને સુઝસના ભાવો એટલા બધા તો સસ્તા છે, કે દરરોજ સેંકડો જોડીઓ ખપે છે, માટે જલદી ચાલો કે સારી જોડી મળી શકે. નહીં તો પછી પસ્તાવું પડશે.

હાલમાં દુન્યામાં ભયંકર લડાઇ ચાલે છે તો પણ ભાવો અતિષે કીફાયતજ છે. ૫૦૦૦ જોડીઓ બુટો તથા સુઝનો જથ્થો આ ગંજાવર સેલમાં તમારી પસંદગી માટે મોજુદછે. ભાવોમાં રાક્ષસી ઘટાડો કીધો છે. રોજથી સેંકડો જોડીઓ ખપેછે. એકવાર જરા મુલાકાત લઈખાત્રી કરશો?

દરેક કોમને માટે અમો જાણીતા "હેલ્થ" "બોસ્ટોક" વગેરે વગેરે ...નના કમબંધિત આ[illegible]નો મોટો જથ્થો રાખીએ છીએ. એક મુલાકાત જરૂર

જમાલ બ્રધર્સ

બુટ અને સુઝના વેપારી

સીતારામ બિલ્ડીંગ—મુંબઈ.

હિતોપદેશ, પંચતંત્ર તથા અનવારે સુહીલી.

(લખનાર—શાપુરજી કાવશજી હોડીવાળા, બી. એ.)

સંસ્કૃતનું વ્યાકરણ શિખ્યા પછી પેહેલ વેહેલું પુસ્તક જે હાથમાં ધરવામાં આવે છે, તે પંચતંત્ર છે. આ પુસ્તક ઇસ્વીસનની પાંચમી સદીની આગમજ લખાયલું છે, અને તેની શૈલી, બહુજ સરળ, સુંદર તથા સેહેલ છે. તેમાં નાની નાની વાર્તાઓનો સમાવેશ કીધેલો હોવાથી તે અતિ મનોહર થઇ પડ્યું છે. અસલના વખતથી અનેક ભાષાઓમાં તેના તરજુમા થયલા છે. લગભગ પંચતંત્રના જમાનાનું એક બીજું પુસ્તક છે, જેનું નામ હીતોપદેશ છે. આ પુસ્તક પણ સાદી એબારતમાં લખાયલું છે અને તેમાં નીતિની તથા ગ્યાનની અનેક બાબરો છે. હવે આ પુસ્તકો વિષે સીલવેસ્ટર ડી સેસી નામના ગ્રંથકારે પુરવાર કર્યું છે, કે ઇ. સ. ૫૭૦ ને શુમારે એક સંસ્કૃત પુસ્તક જેની અંદર હીતોપદેશ તથા પંચતંત્રની વાર્તાઓ હતી તે પાદશાહ ખુશરૂ અનુશેહ રેવાનની દરબારમાં લાવવામાં આવ્યું હતું; અને તેનો પેહેલવીમાં તર્જુમો કરવામાં આવ્યો હતો. આ પુસ્તક એટલું તો કીમતી ગણાતું હતું કે તેને ખજાનના પ્રમાણે પાદશાહી તીજોરીમાં જાળવી રાખવામાં આવ્યું હતું, અને તે આ પ્રમાણે અરબોના હાથે ઇરાની રાજ્ય તારાજ થયું ત્યાં સુધી પાદશાહી ખજાનામાં જળવાઇ રહ્યું હતું. એક સો વર્ષ પછી આ પુસ્તક શોધી કહાડવામાં આવ્યું અને ઇ. સ. ૭૬૦ ને શુમારે અલ મોકાફા નામના અરબ ગ્રંથ કર્તાએ તે પુસ્તકનું અરબીમાં ભાષાંતર કીધું. ત્યાર બાદ તે અનેક અરબ કવીઓના હાથમાંથી પસાર થયું. પછી ઇસ્વીસનની ૧૦મી સદીને સુમારે રૂદાકીએ તેનો પહેલ વેહેલો ફારશી તર્જુમો રજુ કીધો. આ તર્જુમો કવિતાના રૂપમાં લખવામાં આવ્યો હતો. વખતના વેહેવા સાથે આશરે બસો વર્ષ બાદ નાસીરા લાહિ ફારશી ગદ્યમાં તરજુમો પ્રકટ કીધો. પણ સૌથી સરસ તથા શ્રેષ્ટ તર્જુમો તો ઇ. સ. ની ૧૫ મી સદીમાં હુસેન વેઝે જગજાહેર કીધો કે જે આજે અન્વારી સોહલીના નામે જાણીતો છે.

અલ મો કાફાએ જે ગ્રંથ રચ્યો હતો તેનું નામ કલીલ દીમ્ન હતું. તે ગ્રંથમાંથી ૧૧ મી સદીને શુમારે સીમીઓને અરબી ઉપરથી ગ્રીક ભાષામાં તર્જુમો કીધો હતો. અને પાછલા વખતમાં આ ગ્રીક તરજુમા ઉપરથી ઇટાલયન ભાષામાં તરજુમો થયો હતો. ઉપલાજ અલ મોકાફાના અરબી ગ્રંથપરથી રેબી જોએલે હીબ્રુમાં ભાષાન્તર કીધું હતું, અને આ ઉપરથી યુરોપની અનેક પ્રજાઓમાં તર્જુમા થયા હતા. ઇસ્વીસનની ૧૫ મી સદીની આખૂરીએ કેપુઆના જોને પોતાનો પ્રસિદ્ધ લેટીન તર્જુમો રજુ કીધો. વખતના વેહેવા સાથે ૧૭ મી સદીમાં અન્વારે સુહીલી નામના ફારશી પુસ્તકમાંની અનેક વાર્તાઓના તરજુમા યુરોપની પ્રજાઓમાં થયા, ત્યારે સર્વની આંખો ઉઘડી અને ત્યારેજ માલમ પડ્યું કે અન્વારે સુહીલી તો સંસ્કૃત હીતોપદેશ તથા પંચતંત્રનો તરજુમો છે. એવાં ભાગ્યવંત આ સંસ્કૃત પુસ્તકો છે.

Students' Columns

Dr. Dadabhoy Naoroji L.L.D

Friday the 6th August 1815 will be long remembered in the annals of the University of Bombay as a red-letter day, ; when the University's highest honours were conferred upon the Grand Old Man of India, Mr. Dadabhoy Naoroji, to be henceforth styled Dr. Dadabhoy. The University, we all know, has been rather making a very sparing use of the L. L. D. degree and now as it is granted to him who has fought for Bharatmata all through his life, it has done a great honour to itself. Our "Masik Mitra" takes this opportunity to congratulate both the Veteran Educationist—for Dr. Dadabhoy is one of the very first order and also the Bombay University. We also congratulate Sir Phirozshah Mehta on his securing the same coveted title of Doctor of Laws and Litrature.

The Bhandarkar Oriental Research Institute.

Poona boasts of being the parent of good many useful institutions of various types and now these is one more added to commemorate and continue the life-work of Sir Dr. R. Bhandarkar.

Reviews and Minor Notices.

"Herod out-heroded" is the strange title of a book, reviewing the present state of Parsee Education, by "Duty and Love." The writer draws our attention in an exaggerated form to some of the draw-backs in the present-day schooling with Matriculation as the be-all and end-all of Education. Education is begun too early and the method is the cram-cram method of imparting not education. but mere instruction and building-up of facts without originality and a foundation. But we shall ask the writer whether he can suggest any remedies ? In our opinion the greatest blunder in Parsi Education is the lack of Classical education and Religious lore in the school time-table. Education without any food for the Soul is futile and all the amount and energy spent on it will bear no fruits in future.

"The Poetry of Ancient Persia."

For free distribution.

This is the latest work of Mr. M. Pithawala to be given gratis to those eager to be initiated into the sacred Lore of Zarathustra. With a view to help Parsee students in their efforts to seek religious knowledge M. Pithawala has been disinterestedly issuing this series of applied Zoroastrianism.

મીનીએચર પેનટીંગ ઑન આઇવરી

સર અવસરે, વરસગાંઠ, નવજોત, શાદી રામસની વગેરેના શુભ હીંગામ ઉપર ભેટ સોગાદ કરવી હોએ તો ફકત આએજ ભેટ કરજો. બીજી કોઇજ નહિ.

જાવેદાન લગી યાદગીરી જળવાઇ રહેશે. આ ઉમદા ચીજ ભેટ કરનારને ઘણુંજ માન તેમજ શોભા ભરેલું લાગે છે.

બ્રોચ, લોકેટ, ઘડીઆલના છેડા, તેમજ સારીની પીનમાં રહી શકે એવાં સુંદર, હાથીદાંત ઉપર હાથથી બનાવેલી ઉમદામાં ઉમદા કારીગીરી.

બનાવનાર આખાં હીંદુસ્થાનમાં પહેલવહેલા જાણીતા પારસી આર્ટીસ્ટ છે. ૧૫) સોના રૂપાના ચાંદો, તેમજ સંખ્યાબંધ સરટીફીકેટસ ઑફ મેરીટ ઇનામ મલ્યાછે.

જુદી જુદી જાતની સાઇઝના ભાવ માટે લખો યા મળોઃ—

એરચશાહ પેસ્તનજી આર્ટીસ્ટ

આર્ટ સ્ટુડીઓ— કાવારાણા મેનશન્સ—વહાડીઆજીનાં આતશબહેરામ સામે
પ્રીન્સેસ સ્ટ્રીટ—મુંબઇ

પરણવું કે નહી?

પરણેલી પીરોજા વિરૂધ કુંવારી કુંબો વચ્ચે ચાલેલો સંવાદ.

(સંગ્રહ કરનાર દીલબર)

"રહે લાખ દોલત કદી આપ-ઘર;
બધુ ઝેર છે તે સિવા આપ-ઘર
ખસમ ઘેર સુકી મળે રોટલી;
મગરે છેજ હકની ખરી ઓટલી"
(ઝોહરા પાનું ૧૮૪મું-રચનાર-સો. પા.)

પીરોજા—
પરણવામાં સાર છે, ખોટી તુજ તકરાર છે;
પરણી સુખી નાર છે, પરણે તો પરિવાર છે.

કુંબા—
ખોટી તારી વાત છે, સંકટ દીવસ રાત છે;
નારી જાતી મ્હાત છે, પરણવું એ ધાત છે.

પીરોજા—
કુંબા તારી ભુલ છે, એજ ખુશીનું મુળ છે;
એના સુખ અતુલ છે, પરણવુંજ અમુલ છે.

કુંબા—
પરણેલાં પીડાય છે, ઘર ઘર ગોતાં ખાય છે,
હાલત માઠી થાય છે, સુખી સમો તો આય છે.

પીરોજા—
નારી પરને કાજ છે, ધન જેને મરતાજ છે;
પરણવામાં રાજ છે, સુખી સમો તે આજ છે.

કુંબા—
પરણીને શું થાય સુખી, પરણેલાઓ થાય દુઃખી;
પરણી જીંદગી છે લુખી, પરણી નાર સર્વ ભુખી.

પીરોજા—
બ્હેની, તું નાદાન છે, પરણે તે ધનેશાન છે;
પરણેલાને માન છે, કુંવારા હયવાન છે.

કુંબા—
પરણી નાર ગુંતાય છે, સ્વતંત્રતા લુટાય છે;
દુઃખને બોજ દટાય છે, ગોલામડી કહેવાય છે.

પીરોજા—
નારી ઘર હરતુ કરે, નારી દુઃખ અસ્તુ કરે;
નારી સુખ સસ્તું કરે, નારી ઘર વસ્તુ કરે.

કુંબા—
ખોટા તારા ખ્યાલ છે, નારી સુખની પાળ છે;
નહિ કે દુઃખની ઢાલ છે, પરણવામાં જંજાળ છે.

પીરોજા—
જલજો તુંજ વિચાર એ, બળી ગયો અવતાર એ;
થાય સુખી નહી નાર એ, પામે ક્યાથી પ્યાર એ.

કુંબા—
કુંવારો સંસાર છે, પરણેલીઓ ખ્વાર છે;
સુખી છુટી નાર છે, પરણેલી સ્ત્રી બેઝાર છે.

પીરોજા—
પરણેલા સુખમાં ફરે, કુંવારા સબડી મરે;
પરણેલા માલ્યા કરે, કુંવારાં રવડી મરે.

કુંબા—
પરણીઓ પરવશ ખરી, પરણી ક્યા શકશે ફરી;
બલ ધાંચીનો છે નરી, પુછવું પડે કામે જરી.

પીરોજા—
ધણી હોય તો ધાન છે, ધણી હોય તો માન છે;
ધણિયાતું સુખ મહાન છે, ધણી વિના હયવાનછે,

કુંબા—
પરણી સોમાંએક સુખી, બાકી બધિ થાય દુઃખી
સ્વતંત્રતાને કોણ પુગી, રહે પીરોજા બ્હેન મુગી

પીરોજા—
કુંબા તું તો ક્રૂર છે, તારી અકકલ દુર છે;
પરણવામાં સુખ પુર છે, જીંદગી એજ જરૂરછે.

કુંબા—
તમારે તુંજ સાર છે, પણ એનો શું આધાર છે
જેના સુખી નાર છે? માગ પણ વિચાર એ

પીરોજા—
અલબતાં આધાર છે, શું તારો વિચાર છે?
સંતોષી જે નાર છે, તેનો ખુશ સંસાર છે.

કુંબા—
હશસુખો જો વર મળે, સારૂં જેવું ઘર મળે;
પરણું એવો નર મળે, ભાગ્યશાળી કર મળે.
લાયક તારી શાન છે, કુંબા તુજને માન છે;
પરણવું એ ગુલતાન છે, ધન તારો*દિલજાનછે.

*મહુમ મી. દાદી તારાપુરવાલા.

ઈ. કે. પન્ય

તે વળી શું?   તો જુવો

દારૂ નહી પીનારાઓ માટે જે સ્વાદીષ્ટ લેહેજતદાર પીણાની ખોટ હતી તે પુરી છે. ઇ. કે. પન્ય. આલકોક વગરનોજ ને તદન સ્વચ્છજ છે. સઘળાં જાણુતા સ્ટોર્સમાંથી મળશે.

નામદાર શહેનશાહની ખાસ નીમણુંકથી

પ્રજામાં એક્કે અવાજે વખણાએલો

"બેગનો" વીશકી

વીસકીના એક્ષપર્ટોનું એવું કહેવું છે કે વીસકી જેટલો જુનો તેટલો સરસ, બેગનો વીસકી ત્રણ જુદી કવોલીટીમાં આવે છે. સફેદ, બલુ અને સોનેરી કેપસુલ. જો એકવાર તમે "બેગ નો વીસકી" વાપરશો તો પછી બીજો વીશકી હાથ ધરશો નહીં.

આખા હીંદુસ્તાનમાં હોટેલો કલબો અને મેસોમાં આ વીસકી વપરાય છે. "બેગનો વીસકી ખરીદનારોને નીચે સહી કરનારને સફેદ યા બલુ કેપસુલની બાટલીઓના ૨૪ કુપો યા સોનેરી કેપસુલની બાટલીના ૧૨ કુપો રજુ કરવે એક સુંદર ડીકેન્ટર વીશકીથી ભરેલી મુફત આપવામાં આવશે.

એકલા આડતીયાઓઃ— **ડી. સી. ઉમરીગરની કુંપની.**

કાફર્ડ મારકીટ, મુંબઈ.

અને દરેક જાણીતા વેપારીઓને ત્યાંથી મળશે.

સેંટનો રાજા **ઓટો મોહિની.** (રજીસ્ટર્ડ)

ચંબેલીના ફુલોનો બહાર.

માત્ર ચારજ ટીપાં રૂમાલમાં નાખો અને તમારી પાસે ચંબેલીના ફુલોનો એક તોરો હોય એવી સુગંધ ચાલુ આવ્યા કરશે. પણ તેમાં ખાસ ધ્યાન ખેંચનારૂં એ, જોશો કે જ્યારે ફુલોનો તુરો તેની સુગંધ ખોઇ સાંજે પડતાં કરમાઇ જાય છે ત્યારે આ સેંટના માત્ર ચાર ટીપાં ચાર દીવસ સુધી ચાલુ સુગંધ આપશે; તેની આ દીલખુશ અને અત્યંત અગત્યની ખુબીના સબબે, મજબુત હરીફાઇ અને તપાસ છતાં તેને કેટલાક પ્રદર્શનોમાં સોના અને રૂપાના ચાંદ મળ્યાં છે.

ઉપર લખવા પ્રમાણે તેનો ખમરાત ટકતો નથી એવું સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ મળશે.

અર્ધા આંઉસની કાચના બુચવાળી સીસીના રૂ. ૨. ૧ દ્રામની સુંદર ટયુબના ૧૨ આના.	કપડામાં રાખવા લાયક ઓટો મોહીનીના સુગંધી કાર્ડ ૧ ડઝનના ૧૨ આના

એકલા માલિકો:—**ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કંપની.**

કલા આસ્વાદો:-મોહિની એજન્સી, ૩, ફીદા બીલ્ડીંગ, જુમા મસ્જીદ, મુંબઇ ૨.

જાહેર ચેતવણી.

ચાલુ જમાનાના સુગંધીદાર તેલો માત્ર વાઇટ ઓઇલ યાને પારલેટ તેલમાં ખુશ્બો ખી બનાવવામાં આવે છે, જે વાપરવાથી આખરે બલ સફેદ થઇ જાય છે, તેમજ બા વખતના તેના વપરાસથી બાલ ખરી માથામાં તાલ પડી જાય છે, જેથી જુવાઆેની અવસ્થા બુઢ્ઢાના જેવી થાય છે. આથી સુગંધીની સડેલ કરી જુવાનીમાંએ ઢા થવાનાં કરતાં તમો શા માટે અમારૂં જગપ્રસીદ્ધ

પુષ્પાકર હેઅર ઓઇલ. (રજીસ્ટર્ડ)

પરતા નથી ? જેમાં વાઇટ ઓઇલ યાને પારલેટ તેલ નાંખી બનાવવામાં આવે છે તું સાબીત કરનારને રૂ. ૧૦૦) નું ઇનામ આપવાને બંધાઇએ છીએ. આ તેલ લાંબાં વાસ પછીજ ખાસ ફ્રેંચ ફુલોના અરકથી બનાવવામાં આવે છે. જેથી ખુશ્બો ઘણીજ ધુર હોવાથી અમો માત્ર તેની એકજ બાટલી વાપરવાની ખાસ ભલામણ કરીએ છીએ. કીંમત બાટલી ૧ નો રૂ. ૧. પોષ્ટ ખરચ જુદું.

એકલા બનાવનારાઓ:—**ધી ઓરીએંટલ ડ્રગ એન્ડ કેમીકલ કું૦**

ફીદા બીલ્ડીંગ, જુમા મસ્જીદ, મુંબઇ.

શબ્દ અલંકારો.

લખનારઃ મી. શા. મ. દેશાઇ.

"The poet's eye, in a fine frenzy rolling
Doth glance from heaven to earth, from earth to heaven;
And, as imagination bodies forth
The forms of things unknown, the poet's pen
Turns them to shapes, and gives to airy nothing
A local habitation and a name".

Shakspeare.

અલંકાર શાસ્ત્રમાં ત્રણ અલંકારો એકેકના વિરુદ્ધ શબ્દ ગણાય છે. તેમાં ૧લો; ચિત્ર છે. ૨જો; એકાનેકોત્તર છે. અને ૩જો; એકાનેક પ્રશ્ન છે. એક અલંકાર જે રસ્તે જાય છે તેની સામી બાજુએ બીજો જાય છે. ચિત્ર તે અલંકારને કહે છે, કે જેમાં જે અક્ષરોથી કિંવા જે શબ્દોથી જે પ્રશ્ન થયો હોય તેજ અક્ષરોથી અગર તેજ શબ્દોથી તે સવાલના જવાબ મળે. જેમકેઃ-" કો ઠારે અન્ન રહે ?" કો એટલે કોણ ? અન્ન હારે એટલે ઠેકાણે [illegible] સવાલ જે અક્ષરે પર પુછયો છે, તેનો જવાબ તેજ શબ્દોમાં કોઠારેમા સમાઇ જાય છે. એટલે કે કોઠારમાં અનાજ રહે છે. " આ તે મૂર્તિ શિ કોતરી આઇ ?" યાને આ શાની મૂર્તિ કોતરી ? તો તેમાંજ કહે છે, કે શિકોતરી માતાની. "કા કાળી, કા મધુરા કંબલ વન્ત ન બાંધતે શીત ?" કા કાળી ? એટલે કાળી કાળી કોણ ? તો કહે કાકાળી યાને કાગડાઓની હાર. કા મધુરા ? એટલે મધુર કોણ ? તો કહે કામધુરા યાને કામિતુર ઓ. કમ્બલવન્ત ? યાને કીયા બળવાનને ટાઢ વાતી નથી ? તો કે' કમ્બલવન્ત યાને જેણે કામળ ઓઢી હોય તેને.

ચોર દર્દ ચોરી કીધાનું, મિટે ન યુક્તિ જોડી;
એક દવા એ તે શી પાઈ, ચોરી તેણે છોડી ?

ચોરને ચોરી કરવાનું દરદ લાગુ પડેલું, તે ગમે એટલા ઉપાય કીધાંથી છુટતું નથી. પરંતુ તેને એવી તો અકશીર શી દવા પાઇ, કે તેણે ચોરી કરવાનું છોડી દીધું ? એમાં દવા શી પાઈ, એ સવાલમાં જવાબ આવી ગયો, કે ચોરને ઠેકાણે લાવનાર દવા શીપાઇ છે.

છોટા થા જબ સબને ભાયા,
મોટા થા કુચ કામ ન આયા;
કહે દીઆ ઉસકા નાંઓ,
જવાબ ઉનકા જો તુમ કહો,
તો દઉંગી સારા ગાંઓ.

ન્હાનો હતો ત્યારે સૌને ભાવ્યો. મોટો થયો ત્યારે કોઇને કામ ન આવ્યો. તે શું હશે ? એમાં કહે છે, કે જે જવાબ માગ્યો છે તે તો " કહે દીઆ " યાને કહી દીધો છે " કહે દીઆ " એમાંજ જવાબ આવી ગયો, કે દીઆ= એટલે દીવો.

શી શી વસ્તુમાં ભરે, દવા દારૂ ને દુધ;
શું ઠામે કરવરો ઠરે, સમજે મહી શું સુદ !

કઇ કઇ વસ્તુમાં દવા દારૂ ને દુધ ભરી શકાય ? તો કહે શીશીમાં. કઇ જગાએ કરવરૂં ગોઠવી શકાય ? તો કહે શુંઠામે યાને

શું હશે માં. જે કંઈજ સમજે નહીં તે કોણ ? તો કહે મુઢ યાને મૂર્ખ. અર્થાત; બધા સવાલના શબ્દમાંજ તેના જવાબ આવે છે. એવા પુષ્કળ દાખલા જુદી ભાષાઓમાં હોય છે. અંગ્રેજીમાં એને Wonderful puns કહે છે. આ અલંકારનો શત્રુ અલંકાર તે **એકોનેકોત્તર** ગણાય છે.

જ્યાં એક ઉત્તરમાં બીજા ઘણા ઉત્તર આવી જાય ત્યાં **એકોનેકોત્તર** અલંકાર કહેવાય. જેમકે:—

છતે પલંગે ભોંયે સુવે, ઘોડા ઘાસ ન ખાય;
અર્ધ ચોમાસે ઘર પડે, ચેલા કૌનસા ઉપાય?

એમાં ૩ સવાલ પુછ્યા,- કે પલંગ હોવા છતાં ભોંય ઉપર કાં સુવું પડે? ઘાસ હાજર છતાં ઘોડો તે કાં ન ખાય ? અને થોડો વરસાદ પડતાં વેંતજ ઘર પડી કાં જાય ? એ અનેક સવાલોનો એકજ જવાબ એ છે. કે **પાયા નહીં.** એટલે પલંગને પાયા ન હોયતો તે નકામો છે. ઘોડાને પાણી ન પાય તો તે ઘાસ પણ નહીં ખાય. અને ઘરના પાયાજ નહીં હોય તો થોડા વરસાદે પણ તે તુટી પડે.

ફાંસી ચઢાવે મિત્રને, પડે ખાળની માંય;
પ્રજા નમે બહુ માનથી, શીશ નહીં હલવાય.
જાગું છે પણ ઉંઘતો, તણખે ભડકી જાય;
વિના પ્રદેશે દેશનો. દીન રાજા કાં થાય ?

૧—એવું શું થયું કે એક દોસ્ત હોય તોપણ તે પોતાના દોસ્તને ફાંસી ચઢાવે છે?

૨—એક સાલેસ પુરૂષ હોય તોપણ ખાળિયામાં યાને ગટરમાં કયારે પડે છે ?

૩—પ્રજા નમે તોએ પોતાનું માથું પણ નહીં હલાવવાનું અભિમાન શાથી રાખે ?

૪—જાગતો હોય તો પણ ઉંઘ્યા શાથી કરાય ? અને માત્ર શ્વાસનું તણખું જેટલું પડતાંની સાથેજ ઉંઘમાંથી જાગી કાં ઉઠાય ?

૫—રાજ કરવાને કાંઈ મુલુક નહીં હોવા છતાં એક ગરીબ માણુસ રાજા શાથી થઇ શકે?

આ પાંચે પ્રશ્નોનો એકજ જવાબ છે. કે **અમલ કીધાથી.** અમલદાર થયો, કે મિત્રનો પણ ન્યાય કરી શિક્ષા કરવી પડે. દારૂ તાડીનો અમલ કરનાર સાલેસ હોય તે પણ ગટર માપે છે. હુદ્દા અમલ ઉપર ચઢેલા પુરૂષને લોકો વાંકા વળી વળીને નમે તોએ તે ડોકું ધુણાવતો નથી. અફીણી કે કેફી માણુસને જેટલો વખત અમલ ચઢેલો હોય તેટલો વખત તેને કોઇની તમા હોતી નથી તેથી તે રાજાજ થયલો હોય છે. અફીણ્યો ઉંઘે છે ખરો પરંતુ એક તણખું પડતાંજ જાગી ઉઠે છે.

પાન સરે, ઘોડા અરે, રોટી જલે,
વિદ્યા બિસર જાય;
રામ ગણ ભૂલે ભૂકસ ઘરે,
કહો ચેલા કૌનસા ઉપાય ?

જવાબ એકજ. **ફીરાય નહીં.** પાન ફેરવ્યા ન કરે તો સડીને કોહી જાય. ઘોડાને ફેરવ્યા કીધો ન હોય તો અડી જાય. રોટીને ફેરવ્યા નહીં કર્યે તો બળી જાય. જે વિદ્યા ભણ્યા હોઇએ તેને ફરી ઉઠલાવ્યા નહીં કર્યે તો વિસરી જવાય. ઇશ્વરના સ્મરણની માળા ફેરવ્યા ન કરવાથી તે પણ ભુલાય. જમીનને ફેરવ્યા ન કીધી હોય તો કસ ઘટી જાય.

શસ્ત્ર લેખણ નદ્દવા, હીરો અને સરદાર;
કાસદ શોભે સર્વ કેમ ? પડે **પાણીદાર.**

શસ્ત્ર કહેતાં હથિયાર જો **પાણીદાર** મને ધારવાળાં હોય તોજ શોભે.

લેખણ જો **પાણીદાર** યાને ઝરેહવાળી જલ્દ કલમ હોય તોજ શોભે.

નદ્દવા યાને નદી નાળાં **પાણીદાર** યાને પાણીથી ભરેલાં હોય તોજ શોભે.

હીરા **પાણીદાર** હોય તોજ શોભે.

સરદાર **પાણીદાર** હોય તોજ શોભે.

કાસદ પાણીદાર યાને સીતામ ચાલ-નારો હોય ત્યારેજ કામ બજાવે.

अष्ट त्रिया आई कृष्ण पास पुछे प्रश्न, एक कहे;
रचीके अवास भीति फीर कहा कीजीये ?
रेंट क्या आधार फिरे ? क्या विशेप मेरी कहे !
चौथि कहे मोचतिहकुं द्रव्य कैसे दिजीये !
पंचमी पटराणी कहे, शिशु दुःख कौन लेत ?
विना काम क्या करत ? कैसे जाप कीजीये ?
अष्टमी कह्यो युं पंछी, निशा काल कहां जात !
(मया छांड आखर हज, हाजी क्यों किजीये?
अंतको समय भयो, पूत वेण लेत क्या?)
हरि तब कह्यो माले—उत्तर महिजीये.

એમાં દસ સવાલોનો જવાબ માત્ર એક માલે શબ્દમાં આવી ગયો છે. અસલ કવિએ આઠ બાયડીઓ જણાવી છે. વધારામાં બીજી બે ઉમેરીને દશ જણીઓ શ્રી કૃષ્ણ ભગવાનને એકેકો સવાલ એવી રીતે કરતી જાય છે, કે દરેકને તેનો તેજ જવાબ આપવો. ૧લી; ઘરની દિવાલો બાંધ્યા પછી આપણે શું કર્યે છિયે ? તો કહે માલે યાને માળ બાંધવા માંડયે. ૨જી; રેંટયો શાના આધાર ઉપર ફરે છે ? તો કે' માલે (રેંટયાની વચમાંની દોરીને માલ કહે છે). ૩જી; સ્ત્રી જાત વધારે શાને ગણે છે ? તો કહે માલે યાને માલ-પૈસા ટકા ઇત્યાદિનોજ તેને પ્યાર હોય છે. ૪થી; મોહબ્બતમાં કેઈ નાણાં ઉછીનાં માગે તો કેમ ધીરવાં ? તો કહે માલે યાને માલ અવેજ લઇને ધીરવાં. ૫મી; ન્હાના બાળકનું દુઃખ કોણ ઉપાડી લે ? તો કહે, મા લે યાને તેની માતા ઉપાડી લે. ૬ઠી; વગર કામનો નવરોજ્યો માણસ શું કરે ? તો કહે, માલે યાને આળસ્યા કરે. ૭મી; જપ જાપ શા વડે થાય? તો કહે માલે યાને માળા ફેરવવાથી. ૮મી; સાંજ પડે ત્યારે પક્ષીઓ કયાં જાય ? તો કહે માલે યાને પોતપોતાના માળામાં. ૯મી; આ દુન્યાંની માયા છોડી દીધા પછી એક હાજી પેલી દુન્યાંની હજ શા વડે કરી શકે ? તો કહે, માલે યાને સારાં કામોના સોદાથી. ૧૦મી, મરણની વખતે સપુત કોને યાદ કરે છે, ને શું બોલે છે ? તો કહે, મા લે ! મા લે ! એમ પોતાની માતાને યાદ કરે છે.

આ અલંકારના એવા દાખલા ઘણા છે. જે એનો વિરૂદ્ધ અલંકાર ચિત્ર કહો, તેનો ઉપરના માસલનો જવાબ બીજા કવિએ આપી દીધો છે.

કા નકી મંગળકારી છબી !
અરૂ કાયકુ રચ્છન અંચલ ધારે !
કોન કરે નીજ જીયસુ વેરર ?
કા જર ધોત મીતે નહીં કારે !
કા મની કું લીખતે મન મોહન ?
કાકુ હીયે ખળતા ન નીકારે !
કા શીબહું પ્રીયહે દલપત કે ?
કો પર હીત હુ માન બીસારે !

એમાં જે શબ્દ વડે સવાલ કરેલા છે તેજ શબ્દમાં તેના જવાબ આવે એવા ૮ પ્રશ્ન આવે છે. ૧–મંગળકારી છબી કોની ! તો કહે કાનકી યાને કૃષ્ણની. ૨–કોના રક્ષણ સારૂં લુગડાં લત્તાં આપણે પહેર્યે છિયે ! તો કહે, કાયકુ એટલે કાયાના રક્ષણ સારૂ. ૩–પોતાનાજ જીવ સાથે વેર કોણ કરે ? તો કહે, કોન કરે યાને કોઇ પણ માણસ પોતાના જીવ સાથે વેર ન કરે ૪–પાણીથી ધોવા છતાં કાળાશ જેનો મિટે નહીં તે શું ! તો કહે "કાજર" યાને કાજળ અથવા મેસ. ૫–કઇ મણીને જોતાંજ મનમાં મોહ ઉત્પન્ન થાય ? તો કહે; "કામની" યાને સુંદર સ્ત્રીને જોતાં. ૬–પોતાના હૈયામાંથી કપટ કાઢતો નથી તે કોણ ! તો કહે કાગડો જે ઘણો કપટી કહેવાય છે તે. ૭–શીબ યાને શીવને બહુ પ્રિય શું છે? તો કહે કાશી. ૮–પાર-

કાનું હિત ઇચ્છનાર કોણ? તો કહે "કોપ રહિત" યાને જેના દિલમાં ગુસ્સો નહીં હોય તે.

હવે ઉપલા બન્નેનો વિરૂદ્ધ અલંકાર એકોનેકપ્રશ્ન છે. ઘણા જવાબ થઇ શકે એવો અનેક પ્રશ્નવાળો અલંકાર. જેમકેઃ—

प्याला तो गबड़ला, पात्र कांहीं गबडत नाहीं.

એમાં પ્યાલા તથા પાત્ર એ શબ્દો ઉપર આધાર છે. ૧લો, દારૂતાડી પીધેલાજ ગબડી પડે, સુગ્ન સારા માણુસ કદિ ગબડી પડતાં નથી. ૨જો. હિંદુઓમાં 'પ્યાલુ' નામનું ક્રિયામાં વપરાતું વાસણ છે, તેની બેઠક સાંકડી હોવાથી ગબડી પડે છે, અને પાત્ર કરીને જે પંચપાત્ર નામનું વાસણ આવે છે તેની પરગે યાને નીચલી બેઠક પહોળી હોવાથી તે ગબડી પડતું નથી.

પંડે શ્વેત અરૂ શ્યામતા, વણ પાવે ચાલંત;
અજાચી જા સેવા કરે, અનજાચ્યા આવંત.

પોતે ધોળો છે તેમજ, મહિં કાળું છે, અને વગર પગે ચાલે છે, પોતાના ધણીના હુકમ પ્રમાણે સેવા બજાવે છે, અને, વગર એ પગ છતાં, જ્યાં મોકલે ત્યાં જાય છે, અને ન ધારેલો મળી આવે તે શું? એનો જવાબ દીધો કે, કાગળ યાને ધોળાં કાગળ ઉપર કાળી સાહીથી લખવામાં આવે છે, તે જેને પગ નહીં છતાં એક દેશથી બીજે દેશ જાય છે. તે, જે માણુસ તેને જ્યાં મોકલવા માંગે છે ત્યાં વગર ઓળખે જાય છે. બીજાએ જવાબ દીધો કે, પાંસા. સોકટાં રમવાના પાસાને પણ તે બધી રીતે લાગુ પડે છે. ત્રીજાએ કહ્યું; આંખ. આંખને પણ એ લાગુ પડે છે. ચોથાએ કહ્યું; પાણીનો પ્રવાહ. પ્રવાહને પણ એજ લાગુ પડે છે.

થોડા દાખલા આપ્યા છે તેથી વિષયનો હેતુ સમજી શકાશે.

વર્ષો પછી વર્ષો કાયમ રહેલી કીર્તિનો પતેતીને દહાડે

હ
રી
દા
સ
વા
લ
જી

મળતો પુરાવો.

આજે કોણનું નામ આખી પારસી કોમને મ્હોડે ચહડી રહ્યું છે?

સામે જુઓ!

આજે કુટુંબ કબીલા છોકરા છઇયાં કઈ દુકાને દોડવા માગે છે?

સામે જુઓ!

આજે પારસી ઘરોમાં કોણની મીઠાઈના ખુમચા ખાલી થશે?

દરેક શાહ કનફેકશનર	હરીદાસ વાલજી.

—ચીરાબજાર—મુંબઈ.

ટેલીફોન નં૦ ૧૩૬૫.

હમારી હલવા આલબમો એક ખરેજ ઉત્તમ નોવેલટી અને સ્પેશયાલીટીજ છે.

બેવફા કે બાવફા.

(લખનાર—Persian Pride)

"શું ત્યારે રેલથી તમારી પાયમાલી થઇ ગઇ"

"હા" તે બોલ્યો મારા બધા બકરાં મેંઢાં ડુબી મુવાં છે પણ—

આ તમો ખરૂં બોલો છો ?" તેણીએ પાછો સવાલ કીધો.

"હા હું ખરૂંજ કહું છું પણ હું જાણું છું કે હું આ બધું પાછું મેળવી શકીશ તું જાણે છે લીલી કે વરસ એક અગાઉ હું અત્રે એક ફારધીંગ વગર આવ્યો હતો. જ્યારે ૭ મહીનામાં તો હું એક પૈસાવાળો ખેડુત થઇ ગયો, પણ નશીબ બે ડગલાં આગળને આગળજ છે. નધારેલી રેલ આવી અને તેને મારી બધી સત્યાનાશી કરી નાખી. લીલી, બોલ, હું પાછો એક વરસમાં પૈસાવાળો થઇ જઇશ. તું .મારે માટે થોભશે "? પોતાની હકીકત જણાવીને તેણે પુછ્યું.

આમ બોલી જોર્જ બરનાર્ડ લીલીના સફેદ થઇ ગયલા ચહેરાપર તીકી તીકીને તેણીના જવાબની રાહ જોતો ઉભો.

તેણી થોડો વાર ઉભો રહી જે જવાબ ની જોર્જ વકી રાખતો હતો તેનેથી ઉલટીજ બોલી "મી. બરનાર્ડ તમો તો હવે ફારધીંગ વગરના થઇ ગયા છો એ જાણી હું ઘણી દલગીર છું, અને હું તમો સાથે પરણી શકતી નથી, માટે હવે આપણે પરાયાજ હોઇએ તેમ વર્તીશું."

"પણ કાંય ?" તદનજ ફીકા થઇ ગયલા ચહેરાએ તેણીને સવાલ કીધો "શું હું પાછો પૈસાદાર થનાર નથી ?"

"હર વખત પૈસો યારી આપતો નથી મી. બરનાર્ડ, અને તમો પૈસાદાર થાઓ તે પહેલાં જો મને કોઇ બીજો પૈસાવાળો મળે તો હું તેને પરણી જવા વગર રહું નહીં." આમ બોલતાં તેણીને અંદરથી ઘણું લાગતું હતું, પણ બહારથી બહુ શાંત દેખાવે તેણી બોલી.

'ચાલો, ત્યારે છેવટની સાહેબજી, મીસ ત્રેમોત", તે દુઃખી અવાજે બોલ્યો, "છેલ્લી સલામ" આમ બોલી સરમોમ તે નાના 'કોટેજ' માંથી બહાર નીકળી પડયો.

"તેના જવા પછી તેણી પોતાના ઓરડામાં જઇ પોતાની બારીમાંથી દેખાતા જોર્જ તરફ નજર ફેંકતી રહી."

જોર્જ બહુ ઉશ્કેરાએલી હાલતમાં ચાલતો હોય એમ દેખાતું હતું. આંધળાની માફક દોડતો તેણીએ જોયો અને પછી તેણીની છાતી ભરાઇ આવવાથી તેણી ફોક ફોક રડી પડી.

"જોર્જ, મારા વ્હાલા, મેં તુને ઘણો દુઃખી કીધો છે. મને માફ કરજે જો હું આજે સવારના એ વાત જાણુતે નહીં તો કેવું સારૂં તો હું ખુશી સાથે તેના સવાલના જવાબમાં 'હા' કહેતે, તેણી રડતાં રડતાં બોલી. ઉપલો બનાવ ન્યુઝીલેંડના એક ગામમાં બન્યો હતો.

એ જોર્જ બરનાર્ડ કોણ હતો, અને ઉપલી વાતચીત કયા સંજોગમાં થતી હતી, તેનો ખ્યાલ આપવા વાચનારને જોર્જની શરૂઆતની હકીકતથી અત્રે વાકેફ કરીશું.

જોર્જ ઈંગ્લંડમાં રહેતો એક ગરીબ માણુસ હતો, તેણે ઘણા ધંધામાં નશીબ અજમાવ્યું, પણ કેમે પણ યારી મળી નહીં. શરૂઆતમાં પોતાની બાપીકી પુંજીમાંથી કંઇ ધંધો શરૂ કીધો પણ તેમાં તે ફાવ્યો નહીં. ધંધામાં તે એક કોડી વિનાનો ભીખારી થઇ ગયો ત્યારે કંઇ ચાકરીની શોધમાં નીકળ્યો તેને એક ચાકરી મળી આ ચાકરી ઇગ્લંડની એક નામીચી આફીસમાં હતી. આ આફીસનો

મેનેજર મિ. બટલર નામનો એક લુચ્ચો માણસ હતો. બટલર પૈસાની મોટી રકમો ઉપાડતો, જેની નોંધ રાખતો હતો નહીં. બરનાડનું કામ હિસાબ રાખવાનું હતું તેથી આ ઉપલકની રકમો વિષે વારંવાર તેને તેના મેનેજર સાથ બોલાચાલી થતી. આનું પરિણામ એ આવ્યું કે પ્રમાણિકપણાપર લાગવગ ફાવી ગયો, ને બિચારા જોર્જ બરનાડને ચાકરીપરથી રજા મળી.

જોર્જ આથી લંડનથી તદનજ કંટાળી ગયો અને એક બુઝર્ગ માણસ સાથે તેના એક સોબતી દાખલ તેની સાથે સફરે નીકળ્યો. તેઓ પહેલાં અમેરિકા ગયા, જ્યાં તેનો શેઠ મરણ પામવાથી પાછો જોર્જ વિચારમાં પડ્યો. તેની પાસે તેના પગારના થોડા પૈસા હતા. તેણે જોયું કે આ પૈસામાંથી ન્યુ ઝીલેન્ડ જવાઇ શકાશે, તેથી ત્યાં જવાની એક ટિકિટ તેણે લીધી, અને ન્યુઝીલાન્ડ જવા નીકળ્યો, ન્યુ ઝીલેન્ડ પોહોંચવાને માત્ર એકજ દીવસ બાકી હતો તે પહેલાં એક અકસ્માત થયો. સ્ટીમરમાં ગાબડું પડ્યું અને સ્ટીમર ડુબવા માંડી.

જોર્જ અઠંગ તરવાવાળો હતો તે સ્ટીમર તદન ડુબી ગઇ, પણ જોર્જ એક લાકડાના કટકાને વળગી રહ્યો. એક કલાકમાં તો તે કોઇ ઉજડ ટાપુ આગળ આવી લાગ્યો, ત્યાં તે ભુખ્યો તરસ્યો ઉતર્યો, વિચારમાં ને વિચારમાં દરીયા કીનારે બેઠો હતો તેટલે તેણે દુરથી એક બીજી સ્ટીમર જતી જોઇ. તેણે જેટલી બુમ પડાય તેટલી બુમ પાડી. તે સ્ટીમરના કેપ્ટને તે બુમા બુમ કર્યાથી આવતી હતી તે જોવા પોતાની દુરબીન ઉપાડી. તેણે દુર એક આકારને પોતા તરફ આવવા માટે હાથ કરતો જોયો.

સ્ટીમરને તરતજ થોભાવવામાં આવી અને એક વહાણ થોડાક ખલાસીઓ સાથે ઉતારવામાં આવ્યું. પાંચ મિનીટમાં તો તે વહાણ ત્યાં આવી લાગ્યું અને જોર્જ બુમ મારવાથી તદનજ નસીસ થઇ ગયો હતો તેને તે વહાણમાં ઉપાડી લેવામાં આવ્યો.

જોર્જ થોડીવારે તદનજ હોસ્યારીમાં આવ્યો. કેપટને પુરતું ખાવાનું આપીને એક પેગ વીસ્કી તેને પીવાડ્યો, આથી તે નિરાંતે ઉંઘવા મંડયો.

જ્યારે તે જાગ્યો ત્યારે તેની આગળ કેપટનને ઉભેલો જોયો. કેપટનને પુછ્યું કે સ્ટીમર ક્યાં જતી હતી.

"હાલ હમે ન્યુઝીલેન્ડ જઇયે છીએ", કેપટને જવાબ દીધો.

"હું પણ ત્યાંજ જતો હતો પણ અમારી સ્ટીમર ડુબી જવાથી હું એક લાકડાના ટુકડાને વળગી પડી તે કિનારાપર જવા તરી ગયો અને તમોએ મને ઉચકી લીધો." જોર્જે પોતાની કહાણી બધી કહી સંભળાવી.

"આપણે હવે થોડાજ કલાકમાં કિનારે જઇ પુગીશું તેટલા તમો ગમે તો જરા ડેક પર જઇ હોંશીયાર થઇ જાઓ." આમ કહી કેપટન તે કેબીનમાંથી બહાર નીકળ્યો.

પોતાનાં કપડાં ઠીક કરીને જોર્જ કેબીનની બહાર નીકળ્યો. ડેકપર ગયો કે પુછપરછ માટે બધા તેની આસપાસ ટોળું થઇ ગયા. જોર્જ દરેકને ખુશાલ જીવે બધા જવાબો આપતો ગયો, તે જરા દુર ગયો કે એક દહાડીવાળો બુઢ્ઢો એક અતી ખુબસુરત છોકરી સાથે એક બાજુ વાતે ઉભો હતો. તેણી અને જોર્જની નજર એક થઇ અને બેઉના દીલમાં કઇ નહી સમજ પડે તેવી લાગણી પ્રગટ થઇ. તે બુઢાની નજર જોર્જપર પડતાંજ ફીકો મારી ગયો જોર્જને તેણે કેહે જોયલો હોય તેવો લાગતો હતો. જોર્જને તે બુઢો કંઇ ધ્યાનમાં આવ્યો નહીં. તે બુઢો કંઇ બબડતો પોતાની છોકરીને મુકી પોતાની કેબીન તરફ ચાલ્યો. તે થોડે ગયો નહીં તેટલાં ઉભો રહ્યો

અને જરા ફરી પોતાની છોકરીને કહ્યું.

"લીલી, દીકરી, હવે કીનારો નજદીક દેખાય છે માટે તારી તૈયારી કરી નાંખ"

"વારૂ પપા, હું હમણાં આવી," તેણી મધુર અવાજે બોલી.

"જોર્જને તે બુઢાનો અવાજ કેટે સાંભળેલા હોય તેવો લાગ્યો, પણ તે યાદ કરી શકયો નહીં.

તે છોડીના જવા પછી તે બુઢો પોતાની કેબીન તરફ ચાલી ગયો.

"લીલી હવે પોતાની સામે ઉભેલા આ ખુબસુરત જવાન તરફ ફરી, અને માયાથી બોલી.

"મી. હમે ઘણા દલગીર છીયે કે તમોને અકસ્માત નડયો, પણ તમો સહીસલામત બચી ગયા તે સાંભળી હમો બધા ખુશી થયા છીયે! પણ મોટી અજાયબી તો એ છે કે આ સ્ટીમર પરનું કોઇ પણ માણસ તમારૂં નામ જાણતું નથી." તેણી બોલી.

મારૂં નામ જોર્જ—જોર્જ બરનાર્ડ "તેણે હાવકાઇથી જવાબ આપ્યો"અને તમારૂં.

"મારૂં નામ લીલી વેમોન, મી. બરનાર્ડ," અને તેઓ છુટા પડ્યા.

* * *

જોર્જ કિનારે ઉતરીને કંઇ ચાકરી મળે એવી ઉમેદમાં પોતાના ખીસામાં થોડા પૈસા હતા તે લઇને એક રોજીંદુ પત્ર લીધું. તેની અંદર ચાકરીની બાબદ તપાસતાં તેને પોતાને રૂચે તેવી એક જગ્યા માટેની જાહેર ખબર વાંચી. તે જાહેર ખબર હિસાબો રાખી શકે તેવાં એક પ્રમાણિક માણસની શોધ માટે હતી.

જયોર્જ તેમાં લખવા પ્રમાણે ઠેકાણે પુગી ગયો.

નશીબે તેનો યારી આપી અને તે જગ્યા તેને મળી. ત્રણેક મહીના ગબડવા પછી તેની પાસે થોડી ઘણી પુંજી થઇ કે જોર્જ એક ખેતર લઇ તેની ઉપર હવે પોતાના દહાડા ·કહાડવા લાગ્યો. છ મહીનામાં તો તેનું નશીબ નું ચક્કર ફર્યું અને તે એક માતબર ખેડુત થવા પામ્યો.

આ સઘળી જંગ્લમાં ઉપર વર્ણવેલી મીસ વેમોનતને તે એક પણ વખત મળ્યો નહીં.

એક દીવસ જોર્જ કિનારે બેઠો બેઠો પોતાના નશીબનું ચક્કર કેવી રીતે ફરી ગયું હતું તેનો વિચાર કરતો હતો તેટલાં પાછળથી કંઇ ચીચીઆરી સાંભળીને તે ફરી ગયો તો તેને પછવાડે એક લુચ્યા દેખાવના માણસને કોઇ જુવાન છોડીના હાથમાંથી પૈસાની થેલી ઝુટાવી નહાસતા દીઠો.

જોર્જ તુર્ત પોતાની જગ્યાપરથી ઉઠી તે શખ્સ તરફ દોડયો અને તુર્ત તેને પકડી એક બે તમાચા મારી કહાડી તે પર્સ તેના માલેકને આપવા માટે તેણીની જગ્યા આગળ આવ્યો.

તેને તે પર્સ આપી, પણ તેણીનો ચહેરો જોઇને તુર્ત અજાયબ થઇ ગયો.

"મીસ વેમોન!"

"મી. બરનાર્ડ તમોએ મારી પર્સ બચાવી માટે હું તમારો ઉપકાર માનું છું." આ પછી તેઓ બીજી ત્રીજી વાત કરવા લાગ્યા.

આ પ્રમાણે દહાડાઓ ગબડવા લાગ્યા અને એક દીને ટક જોઇને જોર્જ લીલીના હાથની માગણી કીધી, જે તેણીએ ખાખુશીથી કબુલ રાખી. તેણી બોલી:—

"જો વ્હાલા, હમારૂં નામ કઇ વેમોન નથી પણ બનલર કરી છે, મારા બાપા ઇગ્લંડમાં એક એક રીક પડી ગયા અને તેઓ જયારે સારા થયા ત્યારે તેઓએ બસ પોતાનું નામ એકદમ બદલી નાંખ્યું. ડાકટરને પુછવાથી માલમ પડયું કે એવણનાં ભેજાપર અસર થવાથી આ પ્રમાણે

કીધું છે. પછી હમો ત્રણ જણા હું, બાવા ને માય કરી અત્રે હવા ખાવા નીકળી પડયા, પણ હવે બાવા ઈગ્લંડ જવા માંગતા નથી, અને પોતાની ચાકરીથી ફારેગ જીંદગી ગુજારવાનો વિચાર છે.

"મારી મમાને દરીયો લાગવાથી સ્ટીમરપર તમો તેણીને જોઇ શકયા નહીં હતા" આ પ્રમાણે બોલી લીલી જોર્જ તરફ હેતથી જોવા લાગી.

"કોણ? હેનરી બટલર મેસર્સ બુમ, બોયડ કુ. નો મેનેજર!" જોર્જ એકાએક બોલ્યો."

"હા તમો ત્યારે મારા પપાને ઓળખો છો," તેણી ખુશાલીથી બોલી, 'એમ છે તો તેઓએ સ્ટીમરપર એવણને ઓળખ્યા કેમ નહીં."

એવણ કંઇ ઇંગ્લાન્ડમાં દાઢી રાખતા ન હતા, પણ સ્ટીમરપર તો દાઢી હતી, તેથી મેં ઓળખ્યા નહીં. પણ વ્હાલી આપણી વાત છુપીજ રાખજે. તારા પપાને મારે માટે કંઇ કહેતીજ ના. હું તને એ વીશે પાછળથી કહેવશ. આ પ્રમાણે બોલી તેઓ છુટા પડયાં

* * *

બીજા ત્રણ મહીના વિત્યા, અને ન્યુઝીલેન્ડમાં એક રેલ આવી અને તેની અંદર જોર્જની પાયમાલી થઇ ગઇ. આટલે પહેલા પ્રકરણમાં થએલી વાતચીત વાંચનારે ધ્યાનમાં લેવી, અને પછી શું બન્યું તે આપજ વાંચી ગયા.

જયોર્જના ખેતરની પાયમાલીથી જયોર્જ કોડી વગરનો થયો, અને તે કારણથી તેની પ્રિયા લીલીએ તેને રદ કીધો, એમ શરૂઆતમાં આપણે વાંચી ગયા લીલીનો આવો કઠણ જવાબ સાંભળી જોર્જ સીધો નીકળેલો પોતાના ખેતરમાં ગયો.

"જયોર્જ, હું તારે માટે ઘણો દલગીર છું, શું કરશે?" મારો પણ હાલ એવોજ છે.

જયોર્જ હજી ખેતરમાં દાખલ થાય તેટલાં એક ખુબસુરત દેખાતા જવાને જોર્જને દીલાસો દીધો.

"વેલ, જેક, હું તારે માટે સાંભળીને ઘણો દલગીર છું," જોર્જે વળતો દીલાસો દીધો, "પણ જો મારી એ માંગણી તેણી કબુલ કરતે તો મને આ ફટકો ઘણો લાગતે નહીં."

જેક જોર્જનો વહાલો દોસ્ત હોવાથી જોર્જની બધી વાત જાણતો હતો.

"ત્યારે શું તેણીએ ના કહ્યું?"

'હા, ના કહ્યું એટલુંજ નહીં, પણ જો તેણીને લાગ ફાવે તો મારા કરતાં કોઇ વધારે પૈસાદાર મળે તેની સાથે તેણી, પરણી જાય એમ મને તેણીએ ખુલ્લું કહ્યું. જોર્જે દલગીરી સાથે પોતાનો ઉભરો બહાર કઢાડયો.

"પણ ત્યારે તું એના લુચ્ચા બાપને પકડાવી દેતો કાંય નહીં, કે નીકાળ થઇ જાય જેકે જોર્જને સલાહ આપી.

"નહીં કદી નહીં, જોર્જે ખરા જોરસાથી બોલ્યો. "હું જેણે ચહાઉં તેના બાપને આવી રીતે નામોશીમાં નાખું તો તેથી તેણીનું દીલ દલગીર થઇ તુટી જાય, તે હું દેખી કેમ શકું!

વાંચનારે અહીં જાણવું જોઇએ કે લીલીનો બાપ કોઇ નહીં પણ જોર્જને તેની ઈંગ્લંડની ચાકરીપરથી બરતરફ કરાવનાર મી. બટલર હતો, જે પોતાની કું. ના નાણા ઉચાપત કરી નાસી ગયો હતો. તેને પકડવાનું વારંટ નીકળ્યું હતું, તે જયોર્જ અને તેનો દોસ્ત બંને જાણતા હતા.

"હા એબી બરાબર, પણ તેણીને કોઇ બીજો પયસાદાર મળે તો પરણી જાયની."

"તેથી શું થઇ ગયું. હું એમજ ધારીશ કે તેણી પોતાને ગમતા સાથે પરણી છે, અને

ખુી સુખી થાય તે જોઇને હું પણ ખુશી છું", જોર્જ પોતાની દલીલ રજુ કરી.

"હા બરાબર છે. એવી ખરી લાગણી ાકવા માટે જોર્જ તને ખરેખરી શાબાશી છે" જેકે જોર્જને કહ્યું. "પણ હું એમ ; છું કે હવે તું શું કરવા માંગેછ ?"

"વળી શું કરવું ?" મારી જમીન ને વેચીને ઇંગ્લન્ડ જઇ કંઇ નવો ધંધો ચાકરી શોધું. મારા નશીબમાંજ ધકેલા ાવાના છે તે.

"પણ હું તો કેંડે જવાનો નથી. હું તો ત્રેજ મારૂં નશીબ અજમાવીશ. તું જાણે છે મારો ઇરાદો કોઇ ખાણ શોધવાનો છે. મેં ઇરાદો તને ત્રણેક મહિનાપર કહ્યો હતો.

"હા પણ તુંને બધી સોનાની ખાણ ળા જવાની, ને તું બધો કરોડોનો ધણી થઇ વાનો, તે મને ખબર છે."

"જો જોર્જ, હું એમ કહું મને એક ાથીની જરૂર છે. તું મારી સાથે આવ ને મળે તેમાં આપણો બેઉનો અડધો ભાગ, લ, કબુલ છે ?"

અરે પણ નહીં મળ્યું તો મારું શું થાય?

"ભાઇ તું આટલો તો હેરાન થયો. જો ી મળી તો એમજ સમજ કે એક વખત ારે હેરાન થવું. એમ તો મારી પાસે શું ? વળી નહીં મળશે તો હું શું કરીશ. જે કરીશ તેમાં તારો હિસ્સોજ છે."

ચાલ ત્યારે તું ખુશી થા જેક, એમ તો આપણે કાલેજ ઉપડીશું.

" હા કબુલ છે." આમ કહીને બે ાની રસ્તો છુટાં પડયા.

* * *

એક મહીનાની રખડપટ્ટી પછી જોર્જ ને જેક એક જગ્યા આગળ આવી લાગ્યા.

"હજી વધારે આગળ જવું છે કે જેક, જી તો તારૂં મારૂં નશીબ ખુલ્યું હોય મ દીસતું નથી."

ધીરજ રાખ જોર્જ હવે આપણું નશીબ નજદીક આવતું લાગે છે, જેકે જવાબ આપ્યો.

પાએક કલાક ચાલ્યા બાદ તે લોકો એક ગદલા પાણીના ઝરા આગળ આવી લાગ્યા.

"કેમ આ બધા વાસ મારતાં પાણીની અંદરથી સોનાના લાડા નીકળવાના છે,જેક !" જોર્જ મશ્કરી કરવા લાગ્યો.

પણ જેક, કંઇ ઘણા ઉંડાં વિચારમાં હતો. તેણે ગણત્રીપર ગણત્રી કીધી, તેણે ત્યાંની માટી ખુબ તપાસી અને છેવટે તેના ચહેરાપર એકદમ લાલાશ ફરી વળ્યો.

'કંઇ શોધ્યું મેં કંઇ શોધ્યું', આપણું નશીબ હવે ફરશે જોર્જ, જો કંઇ લાભ થાય આ ઠેકાણે થાય એવું દીસે છે. આ પાણી અંદર તુંને કંઇ વાસ જણીતો માલમ પડે છે ?" જેક એકદમ ઉશ્કેરાઇ બોલવા લાગ્યો.

જોર્જ હવે ગંભિર થઇ વાંકો વળી સુંઘવા માંડયું. થોડો વાર સુંઘવા પછી તે પણ એકદમ ઉશ્કેરાઈ બોલ્યો.

"જેક, એમાં તો કેરોસીન જેવો વાસ આવે છે." ચક્કર અહીંજ ફરશે ખરૂં બરાબર આપણા નશીબ," જેક ખુશાલીથી બોલવા લાગ્યો. "જો હું ભુલતો નહીં હોઉ તો આ ગદલાં પાણીની નીચે કેરોસીનનો કુવો હોવોજ જોઇયે"

જોર્જને પણ તે વાજબી લાગ્યું, તેણે પુછ્યું, જેક હવે આપણે શું કરવું.?

"તું અત્રે રહે ને હું ગામમાં જઇ એને લગતા થોડાં ઘણા હથિયારો લઇ આવી જોઉં, કે શું છે."

તેઓ તરત એકમત થયાં અને બીજે દીવસ સવારના જેક ઉપડી ગયો.

આઠેક દહાડામાં તો જેક આવી પુગ્યો તેણે પોતાના ઓજારોથી ચાંપતી તપાસ કરી જોયું. પાણી નીચે એક કેરોસીન તેલનો ઝ્હેરો

ઝરો હતો. તેણે હવે કામ ચાલુ કીધું. જોર્જ અને જેક તે ઝરાની પાસેજ એક ઝુંપડું બાંધી સાથે રહી કામ કરવા લાગ્યા. કેટલુંક કામ ચાલ્યા પછી તેમણે મજુરો રાખ્યા ને એક કું. સ્થાપવાનો વિચાર કીધો. આ કું. નું નામ ચેસ્તરફીલ્ડ અને બરનાર્ડ" રાખવામાં આવ્યું.

* * *

બીજા બે મહીનામાં તો જોર્જ અને જેકને ત્યાં પૈસાની રેલ આવવા લાગી. ધંધો રાહ પર આવ્યા પછી જોર્જ કંઇક આશાએ પાછો પોતાની અસલ જમીન તરફ આવ્યો. આ જમીન તેણે કહાડી નાખી નહીં હતી તેથી હવે તેનીપર એક બંગલો બાંધવાનો વિચાર તેને થયો. તે ત્યાં આવ્યા પછી વેમોત કુટુંબ માટે તેણે ઘણી જુસ્તેજુ ચલાવી, પણ કંઇ પત્તો મળ્યો નહીં.

આખરે થાકીને ડીટેક્ટીવ ખાતામાં ગયો ત્યાંથી તેને માલમ પડ્યું કે મી. વેમોત (આપણા અસલ મી. બતલર)ને વેલાતની બ્રુમ એન્ડ કું૦ માંથી નાણાં ઉચાપત કરવા માટે અને મેનેજરપણાનો ગેરઉપયોગ કરવા માટે પાંચ વર્ષની સખ્ત કેદની શિક્ષા થઈ હતી.

"પણ તેની કોઇ બચરી બચ્ચાં હશેની" જોર્જે વધુ પરપૂછ કીધી.

"હા છે, પણ તે લોકોને ખરાબ લાગવાથી તે કેહે ભરાઇ બેઠાં છે. તે લોકોનો પત્તો મળતો નથી.

"પણ તમો પત્તો મેળવી આપવાને શક્તિવાન છેઓ ! કંઇ પણ શોધ કરીને તે લોકોનો પત્તો મને મેળવી આપશો. તો હું તમોને તેનો બદલો પુરતો આપીશ."

"તે માટે સાહેબ અમને કંઇ કહેવુંજ નહીં પડે, તમારો હુકમ મળે કે અમો તે માટે શોધ ચલાવીશું."

"હા, તમો શોધ ચલાવો તો હું ઘણો ખુશી થાઉં."

"ચાલો સાહેબજી. મી. બરતાર્ડ મને કંઇ પણ રીતનો પત્તો મળશે તે હું તરતજ તમોને જણાવીશ,"

"સાહેબજી, ખુદા તમોને મદદ કરે."

આ વાતને બીજો મહીનો પછી તે ડીટેકટીવે તે ગરીબ મા દીકરીના રહેઠાણનો પત્તો જોર્જને મેળવી આપ્યો.

જ્યોર્જ આથી બહુ ખુશ થયો. તે અમલદારને નવાજ્યો અને તેને સાથેજ લઇને તેમના ગામડામાં જવા નીકળી પડયો.

જ્યાં તેઓ રહેતાં હતાં તે લન્ડનથી ઘણો દુર એક નાના ગામડામાં હતો. તે ગરીબ માણસોની એક ચાલી હતી કે જ્યાં તેઓ રહેતા હતા. જોર્જ સીધો એધાણી મુજબ એક બેથતલ્યે નંબર ૪)ના ઓરડા આગળ ગયો. ત્યાં કોઇ સાંચાપર સીવતું હોય એવો અવાજ આવતો હતો. આ પરથી જોર્જને લાગ્યું કે આ મા દીકરી દરજીકામ કરી પોતાના પેટનું પુરૂં કરતાં હતાં.

તેણે તે બારણું ઠોક્યું અને અંદરથી કોઇને ખુરશીપરથી ઉઠતાં સાંભળ્યું. પછી તેના પગલાં તે બારણા આગળ આવતાં સંભળાયાં.

હવે અડગરો ઉઘડયો, અને જોર્જે મીસીસ બટલરને પોતાની સામે ઉભી રહેલી જોઇ.

"કોણ જોર્જ, કેમ તું ક્યાંથી આવ્યો તેં તો હમારી હાલત જાણી હશે."

"અને તેથીજ હું અહીંયા આવ્યો મીસીસ બટલર," જોર્જે વળતો જવાબ આપ્યો.

જોર્જ ઓરડામાં દાખલ થયો અને આજુ બાજુ નજર ફેરવી તો ત્યાંનું ફર્નીચર ઘણું કંગાલ હતું પણ સઘળી ચીજો સુઘડ અને સારૂ રીતે ગોઠવી હતી.

તેમનું મોટામાં મોટું ફરનીચર દીવાલે અટેલીને મુકેલો સીવવાનો સાંચો હતો. વચમાં

એક ટેબલ હતી તેની આસપાસ બે ખુરશીઓ હતી, અને એક ખુણામાં એક પલંગ સીવ્યો હતો, આ બધી તેમની મિલ્કત હતી.

" મીસીસ બતલર હું લીલીને મળવા માગું છું. જોર્જે થોડો વખત ચુપ બેઠા પછી કહ્યું.

"તે તો પાએક કલાકપર એક 'ગાઉન' લઈને આપવા ગઇ છે, હમણા આવશે."

આ પછી તેઓ બીજી વાતપર ઉતરી પડયા.મીસીસ બટલરની વાતચીતપરથી એમ લાગતું હતું કે લીલી દરરોજ સેવાતી જતી હતી અને જોર્જને યાદ કરતી હતી. આ સાંભળી જોર્જ વિચાર કરતો હતો કે લીલી તો તેને પરણવાની ના પાડતી હતી અને હવે તેને યાદ શા માટે કરતી હતી.

થોડે વારે લીલી અંદર આવી અને જોર્જને જોઇ અજાએબ થઇ ગઇ.

"લીલી, જોર્જ તને મળવા માંગેછે" લીલી જેવી અંદર દાખલ થઇ કે તેણીની માતાએ કહ્યું, અને આમ બોલી મીસીસ બટલર પાસેના ઓરડામાં ચાલી ગયા.

"મી. બરનાર્ડ તમો મને કંઇ કહેવા માગો છો ?" લીલીઅને જોર્જ એમ મળ્યાં પડતાં લીલીએ પુછયું.

"મી. બરનાર્ડ નહીં, લીલી માત્ર જોર્જ" જોર્જે વાંધો ઉઠાવ્યો.

જોર્જે આટલી વારમાં જોઇ લીધું હતું કે લીલી તદન સેવાઇ ગઇ હતી અને આંખમાં તેમજ ગાલમાં મોટા ખાડા પડયા હતા.

જાણે કંઇ સમજયુંજ નહીં હોય તેમ લીલી પાછી માત અકરામથી બોલી.

"મી. બરનાર્ડ તમો શું કહેવા માગો છો, તમો અત્રે શું કરવા આવ્યાં છો ?"

"તારી સાથે પરણવા, બોલ આપણે એક અઠવાડયાની અંદર, કહે કે કાલેજ, પરણ્યે તો કેમ ?"

" નહીં હું તમારી સાથે પરણી શકતી નથી. મી. બરનાર્ડ" અને આમ બોલી લીલી તરતજ બીજા ઓરડામાં જવા તૈયાર થઇ.

પણ જોર્જે તેણીને જતી અટકાવી, અને તેણીનો હાથ મજબુતાઇથી પકડી બોલ્યો,

"લીલી, બોલ, તું શું મને ચહાતીજ નથી. તું પુરા અંતઃકરણથી બોલ અને જો તું મને ચહાતી નહીંજ હોય તો હું આએજ પળ ચાલી જાઉંશ, ખુદાના નામથી બોલ, લીલી" જોર્જ એકદમ ઉશ્કેરાઇ જઇને બોલ્યો.

" હું તમોને ચહાઉ છું મી બરનાર્ડ પણ હું તમોને પરણી શકતી નથી. "

" કાંય, શા સબબ " ?

" તેનું કારણ તો તમોને ખબર હશે, મારા બાવા!"—

" અને તેથી શું એક બાપની તકશીર માટે તેનું બચ્ચું દોષિત ઠરે. તેમ કદી બનશે નહીં. લીલી જો તું મને ચહાતીજ હોયતો પછી મને તું શું કરવા દુઃખી કરે છે !

હવે લીલી, બોલ કે "જોર્જ હું તુંને ચહાઉંછું હું તારી ધણિયાણી થયશ, અને આમ બાલી જોર્જે લીલીને પોતાની વધારે નજદીક ખેંચી.

" જોર્જ વ્હાલા, હું તુને ચહાઉ છું હું તારી મહેરદાર થયશ, જાણે મોઢે પાક કીધો હોય એમ લીલી બોલી.

* * *

બીજે દીવસે તો તેઓ પરણીને એક થયાં, અને તેની સાથે આવેલો ડીટેકટીવ કે જેને લીલીને શોધી હતી તેના હાથમાં જોર્જે મોટી રકમનો એક ચેક સેરવી દીધો. પછી પોતાની તૈયાર રાખેલી ગાડીમાં આ સુખી જોડું ઉપડી ગયું.

તેઓ કયાં જવાના હતા, તેમજ જોર્જ પૈસાદાર હતો કે નહીં તેનો ઝાંખો પણ ખ્યાલ લીલીને હતો નહીં. ત્રણ દહાડાની મુસાફરી

"અને તેનો કોઇ ઇલાજ દુન્યામાં દરતી ભાગવતો નથી." સર હેન્રીનો અવાજ તે વખતે ખોખરો હતો. "અને હું હિમ્મતથી કહીશકું તમારી જીંદગીની આશા આપી શકતો નથી."

તે ખુબસુરત મુખડાવાળા જેમ્સના ચેહેરાનો રંગ મુડદા જેવો ફીકો પડી ગયો, તેની આંખો ડાકટરના ચેહેરાપરથી ખસી નહિ. તેનો અવાજ હજુર ઠરેલ અને સ્થિર હતો.

" તમો મને મોતની ટેપ સંભળાવોછો સાહેબ. "

" હા "

એટલું જલદી, પણ તે કમે દીવસે તે કેહેશો ? તે નિરાશ થયલા માણસે પુછયું.

" તમો કયે દીવસે મરણ પામશો તે હું કહી શકતો નથી. પણ ઘણામાં ઘણી ૭ મહિનાની મુદતની હદ આપું છું. તે કરતાં વધુ દહાડા કાઢી શકશો નહીં. " તે ડાકટર પોતાના ધંધાના તોર સાથે બોલ્યો

" તમો જે કહો છો તે વિશે આપને પુર ખાતરી છે કે " ?

" બેશક મને પુર ખાતરી છે. " તમોએ મને કાંઇ પણ છાનું રાખવા ના કહ્યું હતું, તેથી મેં ભેદ ખુલ્લો કર્યો છે તમારી છાતી અંદર બગાડ શરૂ થઇ ચુકો છે, અને તમો ૭ મહીનાં કરતાં વધુ એક પણ દહાડો આ દુન્યામાં જીવનાર નથી. તમો એક મજબુત બાંધો ધરાવનાર માણસ હોવાથી એટલા દીવસો તમો કાઢી શકશો, તે પછી:—

• " મોત, અફસોસ " તે દર્દી [illegible]માં બોલી ઉઠયો.

"તમો તે મોતનો બોલ બોલવા અચકાવો ના સાહેબ, એમાં શક નથી કે મોત બોલ મને ખુશ કરતો નથી. હું તો ઇચ્છું છું કે નેવું લાંબા વર્ષો સુધી છવું. " જેમસ પોતાની બેઠક પરથી ઉઠી ઉભો થયો અને પોતાની પોહોળી છાતી અને ખભા હીલવ્યા.

"હું હવે રજા લઇશ મારા હાથમાં થોહોળો વખત છે. અને હું મારૂં ઘર અને કારોબાર ઠીકઠાક કરી શકીશ."

તેનો અવાજ અને તેની આંખો દ્દ અને સ્વસ્થ જોઇ ડાકટર તેની હીમ્મત વિશે વિસ્મય પામ્યો. તે મહાન ડાકટરનાં હાથોમાંથી સેંકડો ઓરત અને મર્દો દર્દીઓ પસાર થયા હશે, પણ જેવો આ મોતની ટેપ પામેલા દર્દીનો ચેહેરો શાંત અને દ્દ હતો તેવો કોઇનો ચહેરો તેણે જોયો નહિ હતો.

થોડી પળો ચુપકીદી સાથે પસાર થઇ અને તે ડાકટર તે દર્દીનો ચહેરો ઘણીજ બારીક નજરથી પ્રસંશા સાથે તપાસતો હતો. તેટલે તેના ચહેરાપર ઓચિંતો અજબ તરેહનો ચમકાટ સાથનો ફેરફાર થયો.

"વધુ એક સવાલ પુછીશ સાહેબ" તે દર્દીએ કહ્યું. "જો હું પરણું તો કાંઇ ફેર પડે કે ? પરણવા બાદ બિચારી વિધવા તો દુઃખ પામશે નહિ."

"ભલે પરણો; તમો જો આવતી કાલે પરણવા ઇચ્છતા હોવ તો તેમ ખુશી સાથે કરી શકો, કાંઇ હરકત આવે તેમ નથી."

"આભાર થયો, પણ મારા જેવા એક મરતાં માણસના બાબમાં આ એક વિચિત્ર સવાલ કેહેવાશે કે નહિ સાહેબ?" "મારા જેવાની સ્થિતિ પણ વિચિત્ર છે "

તે બોલનારના ઉદાશ ચેહેરા ઉપર અજબ જોતનું હસવું પ્રગટી નિકળ્યું હતું. તે એક પળ ચુપ રહ્યો "હું હવે વધુ આપને રોકીશ નહિ," તેણે ડાકટરનો હાથ પોતાનાં હાથમાં લઇ સેકહેંડ કીધી; અને શાંત પગલા સાથે તે રૂમ છોડી બાહેર પડયો. તે એક

ઉંચા ભપકાદાર દેખાવનો પહેલવાન બાંધાનો જવાન હતો અને ડાકટરની આંખોમાં જાણે ફરેરતો હતો.

"અજબ મજબુત મનનો માણસ મેં મારી જીંદગીમાં આજેજ જોયો. ભવિષ્યમાં આવતી આફત વિશે તેને જરા પણ દરકાર નથી," તે મહાન ડાકટરે વિચાર્યું "મને વધુ તાજુબી એ થાય છે કે એ હમણાં કાંય પરણવા માગતો હશે."

તે સાંજના પાંચ વાગે જેમ્સ એક નહાનાં કુશાદે શણગારેલા ઓરડામાં ઉભો હતો. તે ઓરડામાં ફરનિચર વગેરે સફાઈથી ગોઠવેલું હતું. તે ડાકટરનાં કન્સલ્ટીંગ રૂમ કરતાં હમણા તે વધુ બેચેન દેખાતો હતો. તે ધીમે પગલે તે રૂમમાં બેચેની સાથે ફરવા લાગ્યો. તે પછી ત્યાં પડેલી એક ચોપડી હાથમાં લીધી અને તેના પાના એક પછી એક ફેરવવા લાગ્યો. તે વખતે તેના હાથો કંપતા ખુલ્લા દેખાતા હતા.

તે ઓરડાનું બારણું આસ્તેથી ખુલ્યું અને એક ઓરતનો ઉંચો આકાર અંદર દાખલ થયો. તેણીનો ચેહેરો એક તાજા ગુલબનાં ફુલ જેવો ખુબસુરત હતો પણ તેણીની આંખો ગભરાયલી હોય એમ ભાસ આપતી હતી. તેણીએ બારણું બંધ કીધું અને ગભરાયલી અદાથી અધીરાયથી બોલી, "જેમ્સ જ્યારે ચાકરડીએ તમારા આવવાની મને ખબર કહિ ત્યારે તમો આવ્યા હશો એમ મેં માન્યું નહિ હું ધારૂ છું કે—" તેણી વધુ બોલી શકી નહિ

સાફ જણાતું હતું કે તે મરદ અને ઓરત બેઉએ એક બીજાને સેકહંડ આપી નહિ હતી અને હરખ દેખાડયો નહીં હતો.

"તું ધારતી ના કે હું વધુ પજવવાની માકશદે તારી પાસે આવ્યો હોઇશ." તેનો અવાજ નરમાશ ભરેલો હતો. "હું યહાં આવતે નહિ પણ અતિશય અગત્યનાં કામની બાબતમાં મને આવવું પડયું છે. મોત અને જીંદગી જેવી બાબત છે." તેણે જબરીથી દસ્વાનો ઢોંગ કરતાં કહ્યું. પણ તે ઓરતે જોઇ લીધું હતું કે તેનાં હોઠો ધ્રુજતા હતા.

"જીંદગી અને મોત! શું બકો છો જેમ્સ" તેણીની નજર તેનાં ચેહેરાપર હતી અને ટેબલ પાસે ઉભી હતી જ્યારે તેણીનાં હાથો ત્યાં પડેલી ચોપડીપર ટેકવેલા હતા.

"હા મારી કહેવાની એજ મતલબ છે" જેમસે જવાબ દીધો "મેં આજે સવારે અતરેનાં વિખ્યાતી પામેલા નામાંકિત તબીબ સાથે મસલહત કરી હતી તે પરથી કહું છું."

તેનો અવાજ બોખરો પણ ખુલ્લો હતો.

"તમો"? તેણીએ તે મજબુત બાંધાનાં પોહેળા છાતી અને ખભાવાલા આકાર ઉપર ઉડતી નજર નાંખી અને તે માનતી નહીં હોય એવા આવેશમાં શંકા ભરેલા અવાજે પોકાર્યું "હું ધારૂં છું કે તમારા પોતાને માટે તેવું કાંઇ નહિ હશે કારણ તમો એક ઘણાજ મજબુત કૌવત ધરાવનાર માણસ છો?"

"હા મારા બાબમાં છે, મેં ધાર્યું હતું કે મારા જેવા જબરદસ્ત માણસને કાંઇ નથી, પણ તેમ ધારવામાં હું ઠગાયો અને મારી ભુલ જોઇ અને હું હવે મોતની શિક્ષા પામેલો એક કમનશીબ માણસ છું."

તે સાંભળનારને વધુ બોલવાનો વખત આપ્યા વગર ચલાવ્યું.

"વખતે તું અજબ થતી હશે કે એ સર્વે હું તારાં રૂબરૂ કાય જાહેર કરતો હોઇશ. હું જે કહું છું તેમાં ઉંડો સમજ સમાયલો છે."

"તમો સારી પેરે જાણો છો કે હું તમારી એક જુની મિત્રણ છું. તે સિવાય બીજું કાંઇ મને લાગતું વળગતું નથી." તેણીએ ગંભિરાઇથી કહ્યું.

"હા, હા હું તે જાણું છું." તે એક પગલું સાંભે ભરતાં બોલ્યો.

"મારા તરફ તારી દીલસોજી ઉશ્કેરવા આવ્યો નથી, અથવા તારી અને મારી જુની મિત્રાઈ છે તે હેઠળ હું કાંઇ બણઘટતો લાભ લેવા પણ ઇચ્છતો નથી પણ તારો મત શું છે તે જાણવાની ઇચ્છાથીજ હું આવ્યો છું."

નહિ કહિ શકાય તેવી ચુપકીદી પથરાઇ.

તે ફરીજ એચેની સાથે તે ઓરડામાં એક બાજુથી બીજી બાજુ એક પછી એક પગલું ભરવા લાગ્યો. તેણી બારીક નજરે ગંભિરપણે તેને જોતી હતી. તે શું કહેવા માંગતો હતો તે તેણીને ઉપ્ખ્યાણા સમાન લાગ્યું.

"એક મહિના આગળ જ્યારે મેં તને મારી મોહોબ્બતદાર થવા પુછ્યું હતું," આ સાંભળી તેણી ચમકી પણ કાંઇ બોલી નહિ "અને મારી માંગણી ઉપકાર સાથે ના કબુલ કરી હતી તે વખતે સ્વપ્ને પણ મને ખ્યાલ નહિ હતો કે ફરી મને પુછવું પડશે. મારી કહેવાની મતલબ તું સમજેલી લાગતી નથી. જેમ એક ડુબતો માણસ એક તણખાને ઝાલે છે તેવી રીતે મારી હાલત છે. હવે સમજી."?

"તમારૂં દીલ દુખાવા હું જરાએ રાજી નથી, જેમ્સ" તેણીએ કહ્યું, "અને તમોને કાંઇ દુખ પણ થાય તે હું ખમી શકું પણ નહિ, કારણ તમો મારા એક જુના મિત્ર છો પણ તમો જાણો છો કે મેં મારૂં દીલ બદલ્યું નથી."

"નહિ નહિ ખચિત નહિ? તારૂં દીલ શું કરવા બદલવું જોઇએ, તેમ તું કદી કરીશ નહિ." તે તેણીનાં ખુબસુરત ચેહેરાપર નજર ટેકવી રાખેલી હાલતમાં બોલ્યો "પણ પ્રસંગ બદલાયો છે. એલીસ. હું ખુલાસા સાથે જે કહું તે સાંભળ તું અને હું વર્ષોના જુના મિત્રો હતા, છતાં તેં મને તારો બનાવવા પરવા કરી નહિં. હું જાણું છું અને મારાથી અંજાણ નથી કે જ્યોર્જ તારો હાથ મેળવવા નશીબવંતો થયો છે ત્યારે હું નિરાશી સાથે નિષ્ફળ થયો છું." આ બોલતાં તેનો અવાજ કડવાશ ભરેલો હતો.

"હું સર્વે જાણું છું, એલીસ, જ્યોર્જ તને દુન્યાની દોલત કરતાં વધારે હતો જ્યારે હું તો કાંઇ નહિ" તેણે ગમગીન અવાજે વધુ બોલતાં ઉમેર્યું.

"કાંય, તું કાંઇ નહિ. શું કહે છે જેમ્સ, તું મારો હંમેશનો વહાલો મિત્ર છે."

"હા તેને લિધે ખુદાના હજારો આભાર માનું છું કે માશુકનાં મોહમાંથી આવું બોલવું પણ સ્વર્ગનું મને સુખ બક્ષે છે. તું મારો વહાલો મિત્ર છે એમ કહ્યું છે ત્યારે મારી અરજ સાંભળ. હું મોટો તાલેવંત છું તે તો તું જાણે છે. મારી બેશુમાર દોલતનો હું માલેક છું. જે રીતે તે દોલત મને મળી છે તે તું જ્યારે જાણશે તો અજબ થશે, મારા વિલની એક વિચિત્ર કલમ છે. જે દોલત મને મળી છે તે પૈસા લખો નહિ પણ બલકે કરોડો નાં આંકડા નજીક રકમ જાય છે; તેમાં લખેલું છે કે હું જો જીંદગીમાં પરણું નહિ તો તે ગંજાવર દોલતમાંથી એક કોડી પણ મળે નહિ. હું મારી બેશુમાર દોલત મારી બૈરીને નામે કરી શકું તેમ છે. ત્યારે હવે, એલીસ, સાંભળ, મને બોલતો અટકાવ ના" તે તેણીના ચેહેરાપર થતા ફેરફારો જોઇને બોલતો ગયો 'મારૂં શરૂથી આખર સુધી બોલવું પુરૂં કરવા દે હું જાણું છું કે તું એક નિરાધાર ગરીબ અબળા છે અને જેહેમત ભરેલી દીનરાતની મેહેનત કરી તારા બુઢ્ઢા માતપિતાનું પાલન કરે છે અને વધુ એ પણ જાણું છું કે જેને તું ખરા જીગરથી ચાહે છે તે જવાન જ્યોર્જની સ્થિતિ પણ ગરીબ હોવાથી તમો પરણી એક થાઓ તેને વર્ષો જોઇએ. હું જે કહું છું તે ધ્યાનમાં ઉતરે છે કે નહીં"?

" હા, જેમસ પણ-–"

"એલીસ" તેણીની બીલકુલ નજદીક આવી તેણે તેણીના હાથો પોતાનાં હાથમાં લીધા અને કહ્યું " હુ એક એવો રસ્તો દેખાડું કે તું થોડા મહીના બાદ એક મોટી તાબેવંત સ્ત્રી થઇ જાય તો તું ખુશી થશે કે " ?

" હું તમારૂં બોલવું બીલકુલ સમજી શકતી નથી " ' મારી કહેવાની મતલબ એ છે કે ' તેણીના મજબુત હાથો પકડેલાજ રાખી બોલવાનું તેણે જારી રાખ્યું. " જો તું મને પરણે તો ( ) મહીના બાદ તું મુક્ત થશે અને તું એક તાલેવંતસ્વતંત્ર ઓરત કહેવાશે અને"

" શું કહો છો !" તેણીએ વધુ બોલતો અટકાવી બોલી " તે કેમ બને તમો એવો વિચાર તમારા મગજમાં કેમ લાવ્યાં. ૭ મહીનાં શું બકો છો, અરે જેમ્સ તમારૂં બોલવું ખરૂં નહીં હશે, તે ડાકટર મોહોટી ભુલ પણ કરતો હોય, અને તમો જેમ ઇચ્છો છો તેમ કોઇ કાળે બની શકે તેમ નથી. તમો જાણો છો કે હું બીજાને ચાહું છું "

" મારી વહાલી" તે અધીરાઇથીબોલ્યો. ' હું સર્વે જાણું છું, અને મેં જે કહ્યું છે તે સમજીનેજ કહ્યું છે. તું જોઇ શકે છે કે તારે લીધે આ ઘણો લાભકારક રસ્તો છે. આ હાથ આવેલી તક તારે ગુમાવવી નહીં જોઇએ. તું જો મારી ૭ મહિનાં મોહોરદાર બને તો તારા લાભમાં ઘણું સારૂં છે. " તે વખતે તેનો અવાજ ગુંગળાતો હતો, " જો મારી વાત કબુલ કર. "

" મારા લાભમાં સારૂં છે, કાંય જેમ્સ એ કેવા કીસમની ઉદારતા કહેવાય. " !

" એમાં શું ઉદારતા બળીછે એલીસ." તે નરમીથી બોલ્યો. મારા દીલમાંમેં નિશ્ચય કર્યો છે કે તે દોલતની માલેક તું બનવા પામે અને તેમ થવાનો રસ્તો મેં કહ્યું છે તેમ થાય તો બને એ જાણે એક. વેપાર ધધાનું સારૂં છે, તેમાં તું એક ભાગીદાર છે અને બીજો જે ભાગો છે તે ૭ મહીના બાદ તો મરી જશે અને પછી તો સર્વે તારૂંજછે."

" એવું ના બોલ " તેણી દોલસોજી સાથે આસ્તે પટપટી. " તમારૂં એવું બોલવું હું સાંભળી ખમી શકતી નથી. "

" વારૂં " તેણે ઠંડાઇથી કહ્યું. "આજ સવારનો ડાકટરનો અભિપ્રાય સાંભળશે તો તને બહુ વિચિત્ર લાગશે, હું હવે થોડા વખતનો પરોણો છું જે ૭ મહીનામાં તો આ દુન્યા છોડી જશે. "

" એ કેવું ભયંકાર. " તેણી ધ્રુજતી હાલતમાંબોલી. "એ ભયંકર નથી પણ ઘણુંજ અજાયબી ભરેલું છે કારણ હું કઢંગી અવસ્થામાં આવી પડ્યો છું તેથી કહુંછું કે જે જુજ વખત મારા હાથમાં ફાજલ રહયો છે તે વખત સારૂં તું મારી મોહોરદાર બન. એમ થવાથી તારા માતા અને પીતા ઘડપણમાં સુખી થશે અને તે વખત પસાર થયા પછી તું જોર્જ સાથે પરણી શકશે. " તેનો અવાજ એમ બોલતી વખતે ધ્રુજતો હતો અને હાથોની મુઠી મજબુત વાળેલી હતી.

" તમો જેમ કહો છો તે હું કેવી રીતે કરી શકીશ તેજ મોરો સવાલ છે. " તેણી પટપટી ' હું કાંઇ કરી શકું તેમ નથી."

" ત્યારે હું એક સવાલ પુછીશ. તારા જ્યોર્જ સાથે તારો સંબંધ કેવો છે, ! "

" અમો હજુર અદરાયાં નથી પણ વચનથી બંધાયલા જઇએ પણ તેથી શું થયું તમો જેમ કહો છો તે કેમ બનશે. ? "

" બની શકશે, હું સમજણ પાડીશ " જેમ્સ ઉંડા મર્મ સાથે બોલ્યો.

તેણીના હાથો જેમ્સનાં હાથોમાં હતા જે બેચેની સાથે થરથર કંપતા હતા.

"શું કરું?" તેણીએ કહ્યું "હું શું બોલું તે પણ સમજી શકતી નથી." તેણીના દીલમાં એક લાગણી પસાર થઇ, શું તેણી જેમ્સની માંગણી સ્વિકારે કે? તેણીના અંતઃકરણમાં હા અને ના વચ્ચે જંગ ચાલતું હતું. તેણીનાં માબાપની ગરીબાઇ તેણીની સામે આવી ઉભી. તેણીનાં હા, કેહેવામાં તેઓની ઘડપણની જીંદગી સફળ થતી હતી. તે સિવાય તેણીને તથા તેણીનાં વહાલા આશક જ્યોર્જ ડ્રેકને દોલત સાથે સુખ પ્રાપ્ત થતું હતું. તેણી જો ૭ મહીનાની મુદત સારૂ બીજાની મોહોરદાર બને તોજ તે લાભ થતો હતો. બની શકે એવું છે કે? બનવા જોગ છે કે?

તેણી તે ટેબલ નજદીક ઉભી હતી. થોડો વખત કલાકો જેવો લાંબો લાગતો હતો જેમ્સનાં અવાજે ચુપકીદી તોડી.

"વહાલી," તેણે ઘણાજ ધીમા સ્વરે કહ્યું. હું જે માગણી તારી પાસે કરૂં છું તે તને સખ્ત લાગશે અને હું મતલબી હેવાન પુરવાર થઇશ. તેથી હું બીજી દરખાસ્ત તારી રૂબરૂ ધરૂં છું, તે ધ્યાન દઇ સાંભળ તે યોજના એ છે કે તું મારી નામની મોહોરદાર આ ૭ મહીના બન. હું તારા સાથે પરણ્યા બાદ મારૂં ઘરબાર અને રાચરચીલું વગેરે તને સોંપી દઇશ. મારા મનથી હું સંતોષ પામીશ કે તું મારી વહાલી મોહરદારને સોંપી દીધું છે. તે બાદ હું ૭ મહિના સુધી એ ગામ છોડી દુર ચાલી જઇશ. એવી રીતે નામની મોહોરદાર બનવાનું સ્વિકારે છે કે, એલીસ?"

એલીસની અને તેની આંખો મળી, તે વખતે તેણીના હૈયામાં ઉંડો બાણ લાગ્યો હોય તેમ તેણીને લાગ્યું. તેણી વિચારોમાં ડુબી ગયલી હતી તે કેવા ઉદાર દીલનો અને અમીર ખવાસનો માણસ હતો તે તેણીને જાણી લેવા વિલંબ લાગ્યો નહિ. તે કેવી કાકલુદી સાથે અરજ કરતો હતો તે તેણીની છાતી ફાડવા પુરતું હતું. તેણીનાં દીલમાં તે મોતની ટેપ પામેલા માણસ તરફ દીલસોજી ઉશ્કેરાઇ કે જેણે તેણીની દયાપર પોતાને મુકી દીધો હતો અને તેણીને નામની મોહોરદાર બનાવી તે ચાલી જવા તૈયાર થયો હતો. તે એમ સુચવતો હતો કે ૭ મહીનાં સુધી પોતાનાં દોસ્તો, સગાંવહાલાં તથા રેહેવાનું ગામ છોડી જવા તૈયાર હતો, તે બીજા કોઇને લીધે નહીં પણ તેણીને ખાતર તેમ કરતો હતો, અને જો તેણી તેનાં સાથે પરણી ૭ મહિનાની ટુંક જીંદગી તેના સાથે રહી ગુજારે અને તેને સુખી કરે તેમ તેનાં હાથમાં હતું, બીજું તેનું કેહેવું હતું કે તેની સર્વ દોલત અને માલમિલ્કત તેણીનાં પગો ઉપર મુકી તે ચાલી જવા ચાહતો હતો. એવા એવા વિચારોમાં તેણી લિન હતી. તેણી ટેબળ નજદીક ઉભી હતી ત્યાંથી પ્રાજી હઠી તેની સામે આવી.

"નહિ જેમ્સ" તેણીએ કહ્યું" હું તમારી નામની મોહોરદાર બનીને તમોને એવી રીતે જવા દઇશ નહીં. જે ટુંક વખત તમારો જીંદગીનો ફાજલ રહ્યો છે તે કીમતી વખતમાં તમોને સુખી કરવા આતુર છું તેથી હું તમારી નામની ઓરત તો નહિ પણ ૭મહીનાં સુધી તમારી પોતાની દુઃખ સુખની ભાગીદાર ઓરત બનીને રહીશ.'

જેમ્સે તેણીનો હાથ આભારની લાગણી સાથે પોતાના હાથમાં લીધો અને પોતાની આંખો સાથે તે નાજુક હાથો દાબ્યા.

* * * *

જેમ્સની મોહોરદાર પોતાનાં ખાનગી ઓરડામાં ઉભી હતી, અને તે ઓરડા અંદરની એક બારીમાંથી બાહેર આવેલો બગીચો નિહાળતી હતી. જે દિવસે તેણીના ભરતારે વિચિત્ર માગણી કરી હતી અને તેણીને જુદી ઓરત બનાવી હતી તેને આજે બરાબર ૭ મહિના થયા હતા.

તેણીનાં ખુબસુરત ચહેરામાં ફેરફાર થઇ તે ભરેલો અને વધુ ખુબસુરત આ ૭ મહીનાની મુદતમાં થયો હતો. તેણીએ પોતાના ભરતારની સોબતમાં સુખમાં ૭ મહીનાનું સંસારનું ગાડું ચલાવ્યું હતું. તેણીએ આ ટૂંક વખતની તેની જીંદગીમાં પોતાનાં શરીર અને આત્મા તેને સુખ આપવા ખાતર અર્પણ કરી દીધાં હતાં. તેણીએ પોતાનું હૈયું દયાથી ને મોતની ટપ પામેલા કમનશીબ માણુસને લીધે ગોપાં ભુડાડી દીધું હતું.

અને હવે ?

તેણી આતુરતા ભરેલી આંખો સાથે જોતી હતી જે વખતે તે બગીચા અંદરના ફુલનાં રોપાઓ અજબ બહાર આપતા હતા, અને સાંમે સુર્ય નારાયણ આખા દીવસની જંજાળ ભરેલી મહેનત બાદ અસ્ત પામતો સોનેરી પ્રકાશ ચારે તરફ ફેંકતો હતો, તે એક ઘણોજ રળીયામણો દીલકશ દેખાવ હતો અને કુદરતની અનુપમ લીલા જાહેર કરતો હતો. ગુલાબનાં ફુલોનો સુગંધી પમરાટ ચારો તરફ ફેલાઇ જઇ અજબ સુગંધ પાથરતો હતો. ચારો તરફ અજબ ચુપકીદી હતી અને મધમાખોનો ઘું ઘું કરતો અવાજ ખુલ્લો સંભળાતો હતો અને જેમ મધમાખ ફુલો અંદરનો સુગંધ લૂંટી લેતી હતી અને તે ફુલને વગર કામના બનાવતી હતી, તેમજ આજે એલીસનાં ૭ મહીનાનો સંસાર પુરો થયો હતો. તેની ૭ મહીનાની ટુંક જીંદગી સારૂં તેણી મોહોરદાર થઇ હતી. તે મુદતમાં તેણી પોતાનાં ટુંક વખત જીવનાર ધણીને સુખ આપવા હદ ઉપરાંત કીધું હતું. તેણી એક ભલી પરણેતર તરીકે લાયક વર્તી હતી, ધન છે એવી ઓરત, તને ધન છે, ભલી માવતર જેવી ચાકરી કરનાર પરણેતરથી કયો ભરતાર અજાણ બેરફા થશે ?

તેણીને આવના ભવિષ્યનાં વર્ષો એક સ્વપ્નાં સમ કલ્પિત લાગ્યા.

તે ઓરડાનું બારણું આસ્તેથી ખુલ્યું. તેણીએ બારી પાસેથી ફરી જઇ પોતાના ધણીનાં આકાર તરફ માનથી વધારી લેવા બે પગલા સામે ભર્યાં. તે સવારે કામસર બાહેર ગયો હતો ત્યારે તેણીએ તેનો ચહેરો ફીકકોફચ સફેદ પુની જેવો જોયો હતો. તેની આંખોમાં નિરાશા ભરેલી હતી તેણી બીલકુલ સાંમે આવી બોલી.

"જેમ્સ વહાલા" "તમો શું બિમાર છો ? તમોને શું થયું છે, જેમ્સ" ?

"મને કાંઇ નથી" તેણે કહ્યું આ વખતે તે ઘણીજ મુશ્કેલી સાથે બોલી શકતો હતો, અને વાત શરૂ કેમ કરવી તેના વમાસણમાં પડયો હતો. "હું બીમાર નથી, હું—"

તે બોલતો અટકી ગયો અને તેની આંખોમાંનો દેખાવ એવો દયાજનક હતો કે તેની મોહોરદારે ખરી દીલસોજી સાથે પોતાના હાથો તેના ખંભાપર મેલ્યા. જાણે એક માતા પોતાના બચ્ચાંને પટામણા કરતી હોય તેવોજ તે દેખાવ હતો.

"મને જલદી કહો" ! તેણી પરપટી "તમારી તબિયત મને સારી લાગતી નથી. મને તલસાવો ના"

તેણે દુઃખનો ઉંડો નિસાસો ભર્યો અને તેણીના હાથમાંથી આસતેથી છુટો પડી, બે હાથોથી પોતાનું મોહોડું ઢાંકયું. તે વખતે ઉંડા શોકમાં તે ડુબેલો હતો.

"નહીં એલીસ મને કાંઇ નથી. મારા ખુદા કેવી રીતે બોલવાની હું શરૂઆત કરૂં, અફસોસ મેં એમ ધાર્યું નહિ હતું કે માત્ર ભુલનું એવું પરીણામ આવશે. સર હેનરી જેવા બાહોશ નામાંકિત તબીબ ભુલ કરે તે મેં અજેજ જાણ્યું. મેં એના બોલવાપર ભરોશો બાંધી સત્ર કીધું, અને આખર તેનું છેવટ આ આવ્યું."

પોતે ફરી જઈ તેણીની તરફ પીઠ કરી ઉભો. તે તેણીની આંખો સાથે પોતાની આંખો મેળવવા શરમાતો હતો. તે ઓરડાની બારીમાંથી દેખાતો અસ્ત પામતો સુર્યનો પ્રકાશ જે બાહેર પડતો તે એકી નજરે ટીકતો હતો અને તેનાં શરીરના એકેએક અવયવ શોકમાં ગિરફતાર હતા. તે અતિશય દુખમાં પીડાતો હતો.

"પણ શું છે, જેમ્સ, મને તરસાવો ના. વહાલા જલદી બોલો, હું તમોને એવી રીતે જોવા કરતાં ગમે તેવી ભયંકર ખબર સાંભળવા વધુ મંતેજાર છું, કહો શું બનાવ બનવા પામ્યો છે." ?

"એમ બન્યું છે કે" તે ફરી જઇ દીલને કાબુમાં રાખતાં ધીમેથી બોલ્યો મેં ખોટી વાત પર દોરવાઇ જઇ તારી સાથે લગ્ન કર્યાં છે, હું હમણાં મરી જનાર હતો, કારણ આજે બરાબર છ મહીના આખર થયા છે. હું મરી જવાનાં બદલે તે બોલતો ઓચિંતો અટકી ગયો અને એક પળ થોભી જઇ ફરી બોલવાનું જારી કર્યું." હું જીવનાર છું. એલીસ મારા પ્રાણ, હું મરનાર નથી. આ થયની મોટી ભુલ વિશે કેવી રીતે તારી ક્ષમા માંગું તેજ સમજાતું નથી. મેં તને ફસાવી આ બોલવું સાંભળી તેણીનાં ચેહેરા ઉપર રતાશે ફરી વળ્યો પણ તરત પાછી ગુમ થઇ ગયો. તેણીએ પોતાનાં બેઉ હાથો પોતાના ભરથારના હાથો પર મેલ્યા.

"તમો હવે તનદરોરત છો વહાલા," તેણી બોલી. તેણીનો અવાજ નરમાશ ભરેલો ખુલ્લો મીઠો હતો.

"હા, હું સારી પેઠે છું" તે ફરજીઆત ભરેલા અવાજે બોલ્યો. "એલીસ મેં સ્વપ્ને પણ ધાર્યું નહીં હતું કે સર હેન્રી જેવા કાબેલ તબિબ મોટી ભુલમાં ગેલું ખાતો હતો. મેં આ છેલ્લા અઠવાડીઆમાં જોયું કે જેમ તેં કહ્યું હતું તેમ મારી તબિયત બગડી નથી અને મારી મોટી અજાયબી એ હતી કે મારી છાતી અંદરનું જુનું દર્દ સદંતર દફે થઈ ગયું હતું. અને મોટી તાજુબી એ થતી હતી કે એકાએક એ દર્દ જવાનું કારણ શું હશે અને આજે જ્યારે સર હેન્રી પાસે મેં મારી તપાસ કરાવી ત્યારે જાણ્યું "—તે બોલતો અટકી ગયો. બીજી લાંબી શાંત ચુપકીદી પથરાઈ, કે જે ચુપકીદી બાહેર બગીચા અંદરના સુંદર ઝાડ ઉપરથી એક કોયલ પક્ષીનાં સુરીલા કુઉકુઉનાં અવાજે ભાંગી.

એલીસનું અંગ કંપ્યું, પણ તેણીએ ઝાલેલાં તેનાં હાથો છોડયા નહિ.

"અને સર હેન્રી કહે છે કે જે જીવલેણ દર્દની બિહિક હતી તે દુર થવા પામી છે. એલીસ તે કહે છે કે એ કેમ બનવા પામ્યું તે એક મોજેજા સમાન છે. એના ભરોસા સાથના કહેવા પરથી મેં તને લગ્નના ગાંઠથી બાંધી, એમ ધારીને કે છ મહીના પછી હું મરણ પામીશ અને તું છુટી થશે. પણ હમણાં અફસોસ, મને મોતનો દેવ પકડનાર નથી મેં તારૂં સારૂં ધારી કીધું અને માઠું પરિણામ આવ્યું, એલીસ, એમ બનવા પામશે તે સ્વપ્ને પણ મેં ધાર્યું નહીં હતું." તેનો અવાજ ધ્રુજ્યો અને તે અસ્ત પામતા સુર્યનો પ્રકાશ તેનાં ફીકકા ચહેરા પર બરાબર પડતો હતો, તેની સંતાપજનક આંખો એલીસને ભારે દુખ સાથે જોયા કરતાં હતી. તેણીનો પોતાનો ચહેરો સફેદ ફીકકો હતો પણ તેણીનો અવાજ સાફ અને ખુલ્લો હતો.

"બીજું કોઇ જાણતું નથી તેટલું હું જાણું છું. જેમ્સ તમોએ શું શું કર્યું છે તે મારા હૈયામાં કોતરાઇ ગયું છે. તમોએ મારે લીધે જે ખરી ઉદારતા ભરેલી ચાલ ચલાવી છે તે મારો જીવ જાણે છે અને જેટલી વખાણ કરૂં તેટલી થોડી છે. ભવિષ્યમાં શું બનનારૂં છે તે કાળા માયાનો માનવી કદી કહી શકતો નથી.

[વધુ માટે જુવો સફો ૨૨૭ મો.]

કીર્તિવંતુ નામ

એજ

સારા કામનો પુરાવો છે

પાલનજી હીરજી મોહમ્મદી મહાલ

પાલનજી હીરજી મોહમ્મદી મહાલ

ઈ. સ. ૧૮૬૫થી પ્રખ્યાત થયલી એરેટેડવોટરની કુંo આજે પોતાના નામ ને કામથી દરેક કોમોમાં જાણીતી થયલી છે. પાલણજી હીરજીની કુંoના સ્વચ્છ અને જાતી દેખરેખ હેઠળ બનતા પીણાઓ ઘર બેઠાં પુગાડવામાં આવે છે. એ પીણાઓ,

૧ ચાર વખત ફીલટર કરીનેજ–જાતી દેખરેખ હેઠળ ભરાય છે.

૨ દરરોજ તદન તાજોજ માલ ઘરાકોને પુગાડવામાં આવે છે.

૩ દરેક કામકાજ વીજળીક પાવરથીજ થય છે.

૪ ગમે તેવો મોટો જથ્થો ટુંક વખતમાંજ પુરો પાડીએ છીએ.

૫ કુટુંબોમાં, જીમખાનાઓમાં, કલબોમાં, રેસ્ટોરાઓમાં, લગનો, નવજોત, પાર્ટીઓ, મેળાવડાઓમાં મોટે ભાગે હમારૂંજ નામ પસિદ્ધપણું ભોગવે છે માટે

કોઇ પણ પ્રસંગે નાના મોટા ઓરડરો માટે ખાસ કરીને નિચલે ઠેકાણે લખવાની યાદ રાખશોજી.

પાલનજી હીરજી.

મોહમ્મદી મહાલ.

ધોબી તળાવ—મુંબઈ.

"વફાદારી કે ફીદાગીરી."

એક ટુંકી વાર્તા] [લખનાર—અદલ)

"પરીન દીકરી મને આજે તને એક નાખુશ ખબર આપવી પડેછ. દીકરી આપણી ઉપર આફતનું વાદળ ઘેરાયું છે," મીનોચેર લાલકાકા એક દીવસે સહવારે પોતાની દીકરી સાથ નાસ્તો લેતાં બોલ્યાં.

"બોલો, પપાજી."

"ટુંકમાં કહું તો, દીકરી આપણે ખુવાર થયાંછ, એક પૈ વગરના ભીખારી બન્યાછ", મીનોચેર એક ઉંડો નિસાસો નાંખતાં બોલ્યો.

આહ ! તવંગરીમાં ઉછરેલી એક જવાન ખુબસુરત છોકરી માટે આ કેવી ખબર હતી. પૈસાના બળમાં લપટાયલી, મુફલસીની ગીરદેશીથી બીમાહીતગાર રહેલી આ પરીન લાલકાકા પેહેલ્લાં તો તેણીનાં બાપનાં છેલ્લા બોલોનું ગંભીરપણું બરાબર સમજી શકી નહિ. ગરીબાઇમાં શું શું સમાયું હતું તેનો ખ્યાલ તો તેણીએ આખ્ખો દીવસ ખુરસી ઉપર પડીને નોવેલો વાંચીનેજ મેળવ્યો હતો.

"દીકરી આજે કેટલોક વખત થયો પૈસા ટકા બાબદ મારી હાલત બરાબર તો હતીજ નહિ" મીનોચેરે આગળ ચલાવ્યું, "પણ આજે મળેલી છેલ્લી ખબર ઉપરથી આપણું ઉંવટનું સત્યાનાશ વળ્યુંછ. આજથી પાંચ વરસ અગાઉ ટ્રાન્સવાલમાં હીરાની એક મોટી ખાણ ખાંધવાનું એક યુરોપીયન કું. એ માથે ઉંડાવ્યું હતું, અને આપણા સારાં યા માઠાં નશીબે તેને ફક્ત બે વરસમાં એટલો તો મોટો નફો કર્યો, કે હું આ પેઢીમાં મારૂં સઘળું નાણું મૂકવાની લાલચ રોખાવી શકયો નહિ. આખરે એક નેહેરન ચોઘડીએ મેં એકજ વેળા સાત લાખ રૂપીઆનાં આ કું. ના શેર લીધા, અને અફસોસ ! મારી આજની ખુવારીનો ખાડો મારા હાથે આણ્યો."

"કાંઇ નહિ, પપા ફીકર ના કરો" પરીને બાપને સધ્ધારો આપ્યો "હું કાંઇખી મેહનત કરીને આપણું પુરૂં કરીશ."

"મેહેનત !" મીનોચેરનો દયામણો અવાજ સંભળાયો. "મેહેનત ! પરીન હું તો ધારૂંછ કે તવંગરીમાં ઉછરેલી છોકરી કોઇપણ જાતની વેહવારૂ મેહનત કરી શકે નહિ.દીકરી,જો સમજ કે હું તો હવે બુઢો થયોછ. પણ આ આફતથી તારો જવાન જીવ કરમાઇ જાય એ હું કદીબી જોઇ શકીશ નહિ તું હવે અઢાર વરસની થઇછ, અને હવે કોઇ સારે ઠેકાણે ગોઠવઇ જાય તો મારાં અરધાં દુઃખનો પણ છેડો આવે."

"ધીરજ ધરો, પપા, સઉ સારૂંજ થશે એ વીશે મને જરા શાંત મને વિચાર કરવાની રજા આપો," અને એટલું બોલતાં તેણી પોતાનાં બાપને છોડીને "પરીન લોડજ"નાં સુંદર બગીચાના એક એકાંત ખુણામાં આવીને ગોઠવઇ.

વાંચનાર પરીનની હાલત ખરેજ દયા ઉપજાવવા જોગ થઇ પડી હતી. એકકીવેળા કંઈ સેંકડો વિચારો તેણીના મનમાંથી વીજળીક ઝડપે પસાર થઇ જતા હતા. એક બાજુથી તેણીનાં બાપનું ભલું નામ બચાવવા ખાતર કોઇ તવંગર ખાન બહાદુર યા શેર બહાદુરને પરણીને, એક તાબેદાર ફરઝંદની પાક ફરજનું કરજ અદા કરવાનો બોજો તેણીને માથે આવી પડયો હતો જ્યારે બીજી બાજુથી તેણીની સઘળી ગોઠવણને ઉથલાવનાર "મોહબતનો મીરાસ" તેણીને પોતાના મુફલેસ પણ સદ્ગુણી વખાણનાર ફલી ફ્રેમજીમેન તરફ ધસડતો હતો.

"ગુડ મોરનીંગ, મીસ પરીન", તેણી બેઠી હતી તેની પછવાડેથી એકાએક કોઇનો અવાજ સંભળાયો, "કેમ આજે કાંઇ ઘણાજ ગંભિર અને વિચારવંત દેખાવોછ?,"

"ઓ સાહેબજી ફ્લી "પરીન પોતાનાં વિચારમાંથી ચોંકી ઉઠતાં બોલી" હા, આજે હું ગંભિર છું તેનું કારણ એ જે હમણાજ અરધો કલાક થયો મારી જીંદગીમાં મોટો ફરક પડયોછ."

"એ સમજી હું ખુશી છું કે દલગીર છું એ એમાંથી શું કહેવું તે હું વિચારી શકતો નથી", ફ્લી બોલ્યો. "પણ પરીન મેં હમણાંજ બે ત્રણ ઠેકાણેથી સાંભળયુંછ કે તમારા પીતા પૈસા બાબદ જબરી મુશ્કેલીમાં આવી પડયાછ, અને આ બાદશાહી "પરીન લોડજ" પણ વેચવા કાઢયોછ. પરીન હું ઇચ્છુંછ કે એ સઘળું ખોટું હોય. તમારી રજાથી મારા અંતઃકરણના વિચારો કહીશ કે એ સાંભળી મને તો ચોકીક ખુશાલી લાગી છે, કારણ પરીન હું તને ચાહુંછ અને તારા જેવી એક તવંગર બાનુ તરફ મારી મુફલેસ આંખોમાંથી પ્યારનો અંગાર કાઢવાની સરકસી હું આજે વરસો થયાં કરી ચુકયોછ. આહ, તારી ગરીબાઇએ આજે મારી આશા ફુલે એમ લાગે છે, મારી મુંજવણ ટળી જશે. બોલ ડીયર, શું એ સઘળું ખરું નથી ?"

"તું કહે છે તે સઘળું ખરું છે, વ્હાલા ફ્લી", પરીન ધીમેથી બોલી, "પણ અફસોસ તું ઘણો મોડો આયોછ, તારી લાગણી ઘણીજ અસુરેથી જાહેર કીધીછ. ફક્ત ગઇ કાલેજ જો તેં એ વાશે મને જણાવ્યું હતે તો હું મારાં વચનથી તારી સાથ બંધાઇ ગઇ હતે. પણ આજે હું તે વચન આપી શકતી નથી. નહિ ફ્લી હવે હું તને કદીબી પરણી શકીશ નહિ."

"તેનું કારણ ?"

"તેનું કારણ એ જે મારા પિતાને બચાવવાની પાક ફરજ મારે માથે પડીછ, પ્યાર છોડીને પૈસાને બમતગીરી કરવાની આફત મારે માટે સરજાયલી છે, કે જેથી હું મને નહિ પણ મારા પિતાને બચાવી શકું."

"શાબાશ, પરીન શાબાશ", ફ્લી બોલ્યો। "દુનિયામાં જો દરેક બાપ તારા જેવી દીકરી ધરાવવાને નશીબવંત નીવડે, તો હું ધારુંછ કે દુનિયાની અડધી બદી નાબુદ થાય. મગર તારા આ ઠરાવે મારા સુખનું સત્યાનાશ વળ્યુંછ", ફ્લી દલગીર અવાજે બોલ્યો, "ખુદા ખબર કે હવે આપણે પાછાં કયારે મળીશું. પરીન હું જાઉછ. સાહેબજી ડીયર."

"સાહેબજી, વ્હાલા" અને આટલું બોલતાં આ જવાન જોડું એક બીજા સાથે આંસુએ વચ્ચે છુટું પડયું.

દલગીર ચેહેરે પરીન ઘરમાં પાછી ફરતી હતી તેવામાં પછવાડેથી કોઇનાં ઝડપી પગલાંનો અવાજ સંભળાયો, અને પછવાડે ફરીને જોતાં પરીને પોતાનાં બાપનાં દોસ્ત ખાન બહાદુર ખરશેદજી દુબાશને પોતાની તરફ આવતા દીઠા.

"કેમ મીસ પરીન, જુનાં દોસ્તની નવા સેભાસમાં મુલાકાત લેવોછ કે ?" ખાન બહાદુર ફ્લી ત્રીશ એસારો કરતાં બોલ્યા "ઓ આઇ એમ ગ્લેડ ટુ નોટ ઘેટ. પરીન આજે હું તમારી સાથે એક ગંભીર બાબદ ઉપર વાત કરવા માંગુછ. હમણાં આખા વાલકેશ્વરમાં બુમ ઉડી રહીછ કે તમારા પિતા પૈસાની બાબદમાં જબરી મુશ્કેલીમાં આવી પડયાછ, અને આ "પરીન લોજ" પણ વેચવા કાઢયોછ. પરીન તમારા પિતા મારા એક જુના દોસ્ત છે, અને તેવણને આવા વખતમાં બચાવવાની હું મારી એક દોસ્ત તરીકે ફરજ સમજુંછ. પણ ફક્ત એકજ શરતે હું તે ફરજ બજાવી શકીશ, અને તે માટે સઘળું તમારી ઉપર આધાર રાખેછ. પરીન, મેં મારી આખી જીંદગીમાં ફક્ત એકજ છોકરીને ચાઇ છે, પણ તે છોકરીની મારી તરફની કાંઇ વિચિત્ર વર્તણુથી હું આજની ઘડી સુધી કુમારો રહ્યોછ. મગર, તે દરમ્યાન તારા મધુર મુખડાએ મારી ઉપર ઉંડી અસર કરીછ. ડીયર હું તને ચાહું

છ અને હવે મને જવાબ આપતા અગાઉ વિચાર કરજે કે પૈસો જે ચાહે તે ચીજ કરી અને મેળવી શકેછ. બોલ ડીઅર, તુંને તો એક કાંકરે બે પક્ષી મારવાનાં છે."

"ખાનબહાદુર તમે આજે મને મોટું માન આપ્યુંછ" પરીન ગંભિર ચુપકીદી પછી બોલી "અને તે માટે હું તમારો ઉપકાર માનુંછ. ખરૂં કહું તો હું આટલો વખત સુધી તમને ફક્ત વખાણની લાગણીથી જોતી આવીછ, અને તે ઉપરાંત બીજી કોઇ પણ રીતે મેં તમારો વિચાર કીધો નથી. જો મારો આ એકરાર સાંભળવા પછી તમે મને તમારી ધણીયાણી બનાવવા ખુશી હો તો હું તૈયાર છું."

"ઇનસાલ્લા, ચાલો ત્યારે તો આપણે મીનોચેર આગળ એવનની રજા મેળવવા જઇયે", ખાન બહાદુર પરીનનો હાથ ઝાલીને તેણીને ઘરમાં લઇ જતા બોલ્યા.

નસીબ! નસીબ!! તારા નખરાંથી આજે કોણ બાકાત રહ્યુંછ. તારા ઢંગઢડા વગરનાં ચકકરની સામે થવાની આજે કોણની તાકાત છે. એક પલવારમાં પરીનને તવંગરીમાંથી ગરીબાઇનાં સીહા અંધકારમાં ફેંકી દેનાર, તેણી તરફ એક મુફલેસ અને બીજે તવંગર આશક મોકલવાનું ઓ કીસમત, એ, સઘળું તારૂંજ પરાક્રમ છે.

ઉપલી વાતને પંદર દીવસ વહી ગયા છે, અને તે અરસામાં મીનોચેર લાલકાકાએ ચોકકસ સંજોગો ધ્યાનમાં લઇને "પરીન લોડજ" વેચી નાખવાનું ઠરાવ ધાર્યું હતું. આ બંગલો ટ્રાન્સવાલથી આવેલાં કોઇ મીસીસ જરબાઇ જસાવાલા નામની જવાન વિધવાએ ખરીદી લીધો હતો, અને છેલ્લાં થોડા દીવસો થયાં તેવણ એકલીજ ત્યાં આવી રહ્યાથી વાલકેશ્વર તરફ રહેનારા સઘળાં બઇરાંઓમાં આ તવંગર બાઇ માટે કાંઇક ચકચાર ચાલી રહી હતી. પણ વધારે અજાયબ જેવું તો એ હતું કે આ બાઇ આપણા ખાન બહાદુરનાં કોઈ અતલગનાં સહી નીકળી આવ્યાં.

"પરીન આપણા બંગલામાં તો મારા એક જુના સહી આવી રહ્યાછ." ખાનબહાદુરે એક દીવસ પરીન આગળ કહ્યું "અને એ જરબાઇ જસાવાલા તે કોઇજ નહિ પણ આગળના મીસ જરબાઇ કોટવાલજ છે. આજે વરસો થયાં એજ જરબાઇ, એક તવંગર ગ્રહસ્થને પરણીને ટ્રાન્સવાલ ગયા હતાં. સાંભળવા પ્રમાણે તેવણનાં ધણી હીરાની એક મોટી ખાણમાં મોટો ઓધ્ધો ભોગવતા હતા, અને ત્યાં પુષ્કળ વગવસીલો ધરાવતા હતા પણ કીસ્મત આ બંને જણા ઉપર રૂઠ્યું, અને આ જરબાઇ જસાવાલા એક કમનશિબ જવાન વિધવા તરીકે આજે, આપણી સામે આવી રહ્યાં છે. પરીન હું ઇચ્છુંછ કે તું એ બાઇ સાથે ઓળખાણ પાડે."

"તમારી મરજી હશે તો હું તેમ કરીશ", પરીન બોલી.

એ પ્રમાણે વખત વેહતો ગયો. રફતે રફતે "ટ્રાન્સવાલ માઇન્સ" કે જેમાં મીનોચહેરે પોતાનું સઘળું નાણું ગુમાવ્યું હતું તેના શેરમાં કાંઇ અજાયબ રીતનો વધારો થતો ગયો, અને હવે મીનોચેરની ખુશાલીનો તો પારજ હતો નહિ. મગર તેવણની દીકરી પોતાનાં બાપની ખુશાલીમાં ભાગ લઇ શકતી હતી નહિ. પરીન દર દીવસે નિરાશ અને ગમગીન જેવી દેખાતી હતી, પણ તેણીની આ હાલત તેણીનો પિતા યા તો ખાનબહાદુર જોઇ શકયા નહિ. અફસોસ, તેણીની આ નિરાશીનું કારણ ફલીજ હતો, તેણી હજુ આ વ્હાલા જવાનને ભૂલી શકતી હતી નહિ.

"પરીન હું ધારૂંછ કે તુંને કાંઇ છુપો ગમ છે", એક દીવસે પરીન તેણીના નવાં થયલાં સહી જરબાઇ જસાવાળા આગળ ગઇ હતી ત્યારે તેવણે પુછ્યું.

(સાધણ પાને ૨૩૩.)

શોખીન આલમને એક સારી સલાહ.

પગે ચાલવાનો જમાનો હવે વહી ગયો છે. કાંય ? કારણ કે હવે સાઇકલ પર બેસવાનો વખત આવ્યો છે; ત્યારે ટકાઉ અને સોજ્જી સાઇકલ ક્યાંથી લેશો ? **એમ. આર. બ્રધર્સને ત્યાંથીજ.** એજ ઠેકાણે મોસમને બરની નવી ઇંગ્લીશ મેકરની સાઇકલો (પાંચ વરસની ગ્યારંટી સાથ,) ડનલોપ ટાયરો અને ટ્યુબઝો, તથા સાઇકલની એસેસરીઝ અને સાઇકલ રીપેરીંગનું કામ પણ થાય છે. અને વળી નવી કીટસન લાઇટો વેચાય છે અને ભાડે મળે છે.

ઠેકાણું નોંધી રાખજો.

એમ. આર. બ્રધર્સ.

૪૦ કાલબાદેવી રોડ, મુંબાઇ.

તમને સોજ્જો ને ટકાઉ

માલ લેવો હોય તો ક્યાં જશો ?

આજને આજ મણીલાલ માણેકલાલની કં.માં જાવો કે ત્યાં સર્વે જાતની ફેન્સી સ્ટેશનરી, લગનસગાના ફેન્સીકાર્ડઝ, ફુલીશકેપ કાગળો તથા પ્રખ્યાત મેકરોની પેનસીલો તથા દરેક જાતની સ્ટીલપેન તથા પ્રખ્યાત મેકરોની ટકાઉ ફાઉનટન તથા સ્ટાયલો ગ્રાફીકપેન તેમજ કોપીંગ બુકો, શ્યાહી, લખવાની સાહી. બલોતીંગ વગેરે માલ ખાત્રીપુર્વક મળશે. બહારગામના ઓરડરો પુરતી સંભાળથી રવાના કરવામાં આવશે ને તેને માટે દશ ટકા આગમજથી ડીપોઝીટ લેવામાં આવેછે.

મણીલાલ માણેકલાલ.

સ્ટેશનર્સ ને કમીશન એજંટઝ ૨૦૧, અબદુલ રેમાન સ્ટ્રીટ મુંબાઇ.

સ્ત્રીની સૌંદર્યતા મુખ્ય ભાગે તેના વાળમાં સમાયલી છે.

જ્યારે તમો કોઇ સ્ત્રીના વાળ—લાંબા, સુંવાળા, ચળકતા, ગુચ્છાદાર, અને રેશમ જેવા જુવો ત્યારે ચોકસ જાણજો કે તે

કામીનીઆ ઓઇલ

(રજીસ્ટર્ડ)

નું રોજના વપરાસનું પરીણામ છે.

ત્યારે તમો શા માટે તમારી માતા, બહેન, અને સ્ત્રીને માટે બીજા ભળતા અજાણ્યા હલકા હેર ઓઇલો વાપરો છો.

એ તો જગજાહેર વાત છે કેઃ—

કામીનીઆ ઓઇલ ખરી પડતા વાળને અટકાવી સુંદર, તેજસ્વી, ગુચ્છાદાર, અને સુંવાળા રેશમ જેવા બનાવે છે, તે કેવળ સુગંધી તેલ નથી પણ તેમાં વાળનાં મુળને કૌવત આપનાર અને મગજને તાજગી બક્ષનારા તત્વો સમાયલા છે, જેથી કરીને સ્ત્રીઓ વિદ્યાર્થીઓ, મગજ સંબંધી કામ કરનારાઓ, અને જેઓને મગજમાં ચાલુ દુઃખાવો રહેતો હોય તેઓને ઘણુંજ ગુણકારક થઇ પડે છે.

એની ઉત્તમ બનાવટ માટે

માઇસોરના પ્રદર્શનમાં સોનાનો ચાંદ અને અલ્હાબાદના પ્રદર્શનમાં સર્ટીફીકેટ ઓફ મેરીટસ અને બીજા હજારો અભીપ્રાયો મળેલાં છે.

એક વખત વાપરી ખાત્રી કરો પછી હંમેશ વાપરશો.

કીંમત ૧ બાટલીનો રૂ. ૧-૦-૦ વી. પી. ખર્ચ ચાર આના જુદા.

„ ૩ બાટલીના રૂ. ૨-૧૦-૦ „ „ „ સાત આના „

કામીનીઆ ઓઇલ દરેક ગામમાં પ્રસીદ્ધ દુકાનદારો વેચે છે. પણ ખરીદતી વખતે નામ બરાબર વાંચીને સીલબંધ બાટલી ખરીદજો. જો ન મળે તો નીચેને પત્તેથી મંગાવજો.

સોલ એજંટ—

ધી એંગલો ઇંડીયન ડ્રગ એંડ કેમિકલ કું. મારકેટ મુંબઇ.

(સાધણુ પાને ૨૩૮)

"એમ છે ખરૂ" તેણી બોલી "મારા પિતાને બચાવવા જતાં હું મુશ્કેલીમાં આવી પડીછ."

"ત્યારે એ વીશે તું ખાન બહાદુરને વાકેફ કર", જરબાઇએ સુચવ્યું, "પરીન હું કહ્યું છ કે પ્યાર વગરના લગનનું શું પરીણામ આવે છ તે તું સમજી શકે."

"હું બરાબર સમજું છ, જરબાઇ, પણ હું તે ખાન બહાદુરને કેહવાની હીંમત કરી શકતી નથી."

"ધીરજ ધર પરીન, ખુદાનું ચાહવું હશે તો તારૂં કામ ફત્તેહ થશે." જરબાઇ કાંઇ અજબ લાગણીથી બોલ્યા, અને ત્યાર પછી બીજી પરચુરણ વાતચીત પછી આ બંને સહીઓ એક બીજાથી જુદા પડયા.

પરીનનાં ગયા પછી થોડે વખતે ખાન બહાદુર ખરશેદજી જરબાઇ આગળ આવી પોહચ્યા.

"કેમ છેઓ ખાન બહાદુર", જરબાઇએ પુછ્યું.

"બહારથી જોતાં હું લોકોની નજરમાં એક સુખી જીવડો દેખાઉં છ, પણ બાતેનમાં હું મને પોતાને એક ઘણો કમનશીબ આદમી સમજું છ, જરબાઇ", ખાન બહાદુરે જવાબ આપ્યો.

"કંઇ વારૂ?" જરબાઇએ પુછ્યું "હવે તમે પરીન જેવી એક ખુબસુરત અને અશરાફ છોકરીને પરણનાર છો એમાં કમનશીબી શાની!"

"ખરૂં કારણ તેમાંજ સમાયું છ, જરબાઇ હું કબુલ કરૂં છ કે હું પરીનને જીતી શકેગો છ પણ તે વાજબી રીતે નહિ. તેણીનાં પિતાની હાલતે મને તેણીનાં હાથની માંગણી કરવાની એક તક આપી અને તે મેં લીધી પણ હમણાં હું જોઇ શકું છ કે પરીનનું જીગર મારી તરફ નથી પણ પેલા જવાન ફ્રેન્ચમેન તરફ છે. જે દીવસે મેં તેણીના હાથની માંગણી કરી હતી તે દીવસે પણ આ જવાન જોડું એક બીજાને મળ્યું હતું. અને હું ધારૂં છ તેમ તેઓ વચ્ચે કાંઇ અગત્યની વાતચીત થઇ હતી. જરબાઇ, મારા કરતાં આ જવાન પરીનને વધારે લાયક છે."

"ત્યારે તમે પરીનને એ વીશે કહી દો" જરબાઇએ પરીનને કહ્યું હતું, તેજ મુવાફેક ખાન બહાદુરને પણ સલાહ આપી.

"નહિ હું તેટલી હીંમત કરી શકનો નથી" આ ઉપરથી તો તેણી મારે માટે પણ હલકું વીચારશે.

"પણ આખરે તો તમારા બેમાંથી એક પણ તેમ કર્યા વગર છુટકોજ નથી", જરબાઇ હસીને બોલ્યા.

અને વાંચનાર! ખાન બહાદુર તરફનાં ફકત એકજ બોલે આ સઘળી ખટપટનો ત્યાંજ નીવેડો લાવી દીધો હતે. મગર ખરશેદજી જો કે ખેતાબે ખાન બહાદુર હતા, છતાં હીંમતે તેવણ તદન બુજરા હતા. અને આ વાત ભવિષ્યના કોઇ ટાંણા માટે ત્યાંજ અટકી.

બીજાં થોડાક અઠવાડયાં વહી ગયાં, અને તે અરસામાં ટ્રાન્સવાલ માઇન્સના શેરનાં ભાવ કોઇ બેહદ રીતે પોતાની અસલ તેજી ઉપર આવી ગયા. મીનોચેર તો હવે ખાન બહાદુર સાથે પોતાની દીકરીનાં ધામધુમથી લગન કરવાની દોડાદોડીમાં પડયા હતા, પણ એક દીવસે પરીને જ્યારે તેવણને જણાવ્યું કે તેણી હવે ખાન બહાદુરને તેવણની પોતાની મરજીથીજ પરણી શકશે નહિ, ત્યારે આ ખબર સમજીને મીનોચેર પુરેપુરા અજાયબ થયા. તેણીએ ફુલ્લું જણાવ્યું કે ખાન બહાદુરે પોતેજ કાંઇ નહિ જણાવવા કારણસર તેણીને પોતાના વચનમાંથી છુટી કરી હતી અને હવે તેણી પોતાના અસલ ચાહનાર ફ્રેન્ચમેન સાથે જોડાવા પોતાનાં બાપની પરવાનગી અને આશિષ માંગતી હતી.

"પણ ખાન બહાદુર સાથે પરણવાનું વચન મેં તમારા ભલાને માટે આપ્યું હતું. કારણ એવણે આપણને પૈસાટકા બાબદ મદદ કરવા જણાવ્યું. હતું પણ શુક્ર ખુદા કે આપણને વધુ વાર હવે કોઇનાં પૈસાની જરૂર નથી. ટ્રાન્સવાલ મઇન્સનાં શેરનાં ભાવ વધવાથી હું ખાનબાહદુર સાથનાં મારા કોલથી છુટી થઇ છું. પપા, વ્હાલા પપા, હવે તમે ફ્લીને તમારા જમાઇ તરીકે કબુલ કરશો કે!"

"અલબત મોટી ખુશી સાથે" મીનોચેર હરખથી બોલ્યા, "જે દીકરીએ પોતાના પિતાને માટે આટલું ખરચ્યુંછ, તે દીકરીને પોતાનાં ભવિષ્યનું સંપુર્ણ સુખ આપવા હવે કયો બાપ નારાજ હોય?"

આ પછી બીજા પંદરએક દીવસમાં ફ્લી અને પરીનનાં લગન નકકી થયા.

વાંચનાર, હવે આપણે ખાન બહાદુર અને જરબાઇ તરફ ફરીયે. તેવણે પોતાનો આગલો પ્યાર હવે જરબાઇ આગળ જાહેર કીધો હતો, અને જરબાઇએ કાંઇક દલગીરીથી, બ્હારની દેખાતી કાંઇક નામરજીથી, પણ બાતેનની બેહદ ખુશાલીથી તેવણનો હાથ કબુલ્યો હતો.

"જર, જર, તારા વગર મેં કેવા દીવસો પસાર કર્યાછ તે તો હું એખદાજ જાણુંછ." ખાન બહાદુર બોલ્યા.

"અને તમારે માટે હું શું શું કરી ચુકીછ તે હવે સાંભળો." ટ્રાન્સવાલથી પાછા ફરતી વખતે મને ખબર પડી કે તમે હજી કુમારા છો, અને તેથી ફક્ત તમારા નજદીક રેહવા માટે મે આ "પરીન લોડજ" મોંટી કીંમતે ખરીદયો. પણ એ નિરાશી. જયારે મેં જાણ્યું કે તમે પરીનને પ્રોમીસ થઇ ચુકયા હતા ત્યારે અદેખાઇનાં કેવા તીક્ષણ બાતરો હું તમો બંનેને જોવા શીખી હતી. પરીને તમારો હાથ પોતાનાં બાપને ખાતર કબુલ્યો હતો. એ સઘળું હું થોડા વખતમાં જાણી શકી. અને તમારો પણ વિચાર હું સમજી શકવાથી મેં ટ્રાન્સવાલ માઇન્સ કે જ્યાં મારા બેહેરતી ધણી મોટો ઓધધો ભોગવતા હતા તેના ડીરેકટરોને રૂપીયા દોઢ લાખની કીંમત મદદ કરી. આ વખતસરની મદદથી આ ખાણ પાછી સજીવન થઇ, અને છેવટે હું મારૂં ધારેલું પરીણામ લાવવાને નશીબવંત નીવડી. પણ એ સઘળું કોણને માટે? ખરશેદ, વ્હાલા ખરશેદ, એ સઘળું તારેજ માટે."

પણ ખરશેદની ખોપડીમાં હાલમાં ભેજું હતું નહિ. આ અસાધારણું એકરાર સમજવા પછી તેવણ તો ખુશાલી અને અજાયબીથી દંગ થઇ ગયા હતા.

પ્રીય વાંચનાર! આ બે સુખી જોડાનાં લગન ધામધુમથી થયાં. જે દીવસની ખુશાલીમાં જરબાઇએ પોતાનો પરીન લોડજ એક કીમતી ભેટ તરીકે પરીન અને ફ્લીને પાછો એનાયત કર્યો હતો.

સઘળા કારણોનું કારણ.

ધણીઆણી–તમને ચોખાંની એટલી બધી કેમ સુગ ભરાઇ ગઇછ.

ધણી–તેનું એક મુશતકીમ કારણ છે?

ધણીઆણી–શું?

ધણી–મારી જીંદગીની કમનશીબ કંગાલયતોની શરૂઆત તારી સાથના મારા લગ્નના વખતે આશીર્વાદમાં મારીપર નંખાયલી એજ હીણભાગ્યા ચોખાથી શરૂ થઇછ.

વાજબી આશા.

ભવીષના સસરા–તમારો પગાર કંઇ મારી ખર્ચાળ છોકરીના ખર્ચાને પુગી વળે એટલો મોટો નથી.

ભવીષના નક્કટ જમાઇરાજ–આઇ એમ વેરી ગલેડ કુ શી કે તમે ખરૂં એટલું જલદી પીછાની લીધું, ને ત્યારે હવે મારી એક મોટી મુશ્કેલી મટી ગઇછ, કારણ હવે તમે ખરૂં પામી ગયલા હોવાથી તમારો સખી દસ્ત અમારી તરફ હમેશની માફક રીત મુજબ લંબાવશો. "શોખીન."

આપણો નવો દોસ્ત ઈટલી.

એ દેશ વીશે થોડુંક વીવેચન.

લખનારઃ—Violits

થોડા દીવસ ઉપર ઉપલું રાજ્ય આપણી સાથ લડાઈમાં જોડાયું છે તેનો ખાસ કરીને હાલના વખતને ખરની ઉપયોગી ચીજોનું એક વર્ણન નીચે કરૂં છું.

નકશા ઉપરથી માલમ પડે છે કે ઇટલી, ફ્રાન્સ સ્વીટઝરલેંડ અને ઓસ્ટ્રીઆ દરેક એક મેક સાથે જોડાયલાં છે, અને ઇટલીને ઓસ્ટ્રીઆમાં જતાં આલ્પસ પર્વત અને આઇસોન્ઝો નદી મુખ્ય નડતલ છે.

'ઇટલીનું મુખ્ય શહેર રોમ છે કે જે એક ઘણુંજ સરસ શહેર છે. લડાઇને લગતાં શહેરો નીચે મુજબ છે.

ટ્રેન્ટીનો (Trentino):–દક્ષીણ ટાઇરોલ એ ઓસ્ટ્રીઅન મુલક છે જેને ઇટાલી પોતે માગે છે. વસ્તી મોટે ભાગે ઇટાલીઅન છે.

આલસીએરો; અસીઆગો, પ્રીમોલાનો; એ ઇટલીની સરહદ ઉપર મજબુત કીલ્લાઓ છે.

'કારનીક આલ્પ્સઃ—ઉત્તર પૂર્વ બાજુ ઉપરની સરહદ છે. એ પસાર કરવી ઘણી મુશ્કેલ છે.

વેનીસ-ઇટલીઅન બંદર છે અહીંથી નૌકા ખાતાને ટ્રીએસ્ટપર મારો લઇજવાને ઘણી સારી મદદ મળશે.

ટ્રીએસ્ટઃ-મોટું ઓસ્ટ્રીઅન બંદર છે જે ઉપર ઇટલી દાવો કરે છે.

પોલાઃ-ઓસ્ટ્રીઅન મોટું નેવલ સ્ટેશન છે.

સીનોર સલાન્ડ્રા—એ વજીર છે. વચમાં ન્યુટ્રલીસ્ટ પાર્ટીનું જોર વધી ગયું હતું ત્યારે એણે રાજીનામું આપ્યું હતું. રાજ સભામાં લોકોનાં ઘણાંજ આગ્રહથી પાછો જોડાયો છે.

બેરન સોન્નીનો—પરદેશ ખાતાનો વજીર છે. એણે ઓસ્ટ્રીઆ સાથે હાલમાં પત્ર વહેવાર ચાલ્યો હતો તેમાં મુખ્ય આગળીયો હતો. એ "નેશનલ" રાજ્યદ્વારી પુરૂષ છે.

"ડયુક ઓફ અબ્રુઝી" (Abruzzi) કીંગ ઓફ ઇટાલીનો પીત્રાઇ થાય છે. અને એડ્રીઆટીક દરીઆના ઇટલીઅન કાફલાનો વડો છે.

"જનરલ કેડોરના" –ઇટલીઅન લશકરનો કમાનડર ઇન ચીફ છે, અને છેલ્લાં ૪૦ વરસ દરમ્યાન લડાઇમાં સતા સમાન તેનું મત ગણાય છે.

દરીઆઈ બળ. દરીઆ ખાતામાં ઇટલીનો કાફલો પણ ઘણો મજબુત ગણાય છે. હાલમાં ઇટલી પાસે ૬ ડ્રેનોટ છે જે ઉપર ઘણી સારી તોપો છે. તેમાંથી પાંચ ઉપર તો ૧૩–૧૨ ઇંચી તોપો છે. આ ડ્રેડનોટો ચાલવામાં જડપી છે, એ ઉપરાંત મજબુત બખતરવાળી, જડપી અને બચાવનાં હાલનાં સાધનોથી તૈયાર ૧૧ પ્રીડ્રેડનોટ છે. અને ૧૦ આર્મડ ક્રુઝરો છે.

ડીસ્ટ્રોયરોમાં ૩૩ બોટો ૧૫ વરસની અંદર બંધાયલી છે, જેમાંની સૌથી મોટી ૩૫ા નોટની જડપે ચાલે છે, અને બીજી દસ થોડા વખતમાં તૈયાર થશે, અને ૬૭ ટોરપીડો બોટ છે.

સબમરીનો ૧૯ છે જેમાંની દરીઆ ઉપર કોઇ કોઇ કલાકના ૧૮ માઇલ ચાલે છે. બીજી બંધાય છે.

"સરવીયા"

લખનાર—એચ. સી. કલ્યાણીવાલા.

જગતની બત્રીસીએ ચઢેલી હાલની મહાન લડાઇ ને લીધે આ ન્હાના મુલકનું નામ રોજીંદુ કાનપર આવેછે જેથી તે વિષેની ટુંક હકીકત દર્શાવીશું.

પહાડો—આ દેશમાં બધેખબ પહાડો આવીરહેલા છે અને મુખ્ય કરીને તેઓ સેવ નદીના બંને બાજુના કીનારાઓ તરફ વહેંચાઇ ગયલી જણાય છે. પૂર્વે બાજુ ૩ પહાડોની હાર એટલે ત્રાનસીલ્વેલીન આલ્પ્સ આવેલો છે. પશ્ચીમ તરફના પહાડો ની હારો અનિયમિત રીતે ફરી વળેલી છે.

રૂતુ—સરવીઆ દેશની આબો હવા ઘણીજ નોંધ લેવા લાયક છે. ઉનાળામાં તેની ટેમપરેચર ૧૦૬ ડીગ્રી ફેરનહીટ જેટલી રહે છે, અને શીયાળામાં ૧૩થી ૨૫ ડીગ્રી જેટલી હેઠળ ઉતરી પડે છે. ટેકરીવાળા પ્રદેશ કરતાં સપાટ જમીનવાળા ઉંડાણનાં મુલકો વધારે ગરમ રહે છે.

રાની જાનવરો—આ દેશમાં રીંછો, જંગલી કુકકરો, શીયાળો, વરૂઓ, જંગલી બીલાડી, નોળીયા, અને નદીઓમાં જળબીલાડી પુષ્કળ નજરે પડે છે. કોઇ કોઇ પહાડી ખીણમાં તો રોમવા જાતના હરણો મળી આવે છે. ગરૂડ, ગીધ, બાઝ પક્ષી, ઘુવડ, કાગડા, મેના, જંગલી અથવા ટુર્કી મરઘા ત્યાંની જમીનપર કુદરતી રીતે ઘર કરી રહેલ છે.

જંગલો—ઇ૦ સ૦ ૧૯૦૫ ના સત્તા ધારી રીપોર્ટમાં આ દેશના જંગલોનો કુલ વિસ્તાર ૩૮૦૦૦૦૦ એકર જેટલો જણાય છે, જેમાંથી ૧૬૨૫૦૦૦ એકર લોકોના ના હાથમાં છે, અને બાકીના એક સરવીયન સરકારની જાતી દેખરેખ હેઠળછે. ઉતરે ઓક અને બીચ જાતનાં ઝાડ ના પુષ્કળ જંગલો છે.

પેદાશ—સરવીયાની મુખ્ય ઉત્પતી મકાઇનો અનાજ છે. આ મકાઇનો અનાજ ત્યાંના ખેડુતોનો મુખ્ય ખોરાક છે, જેને તેઓ રોટલી બનાવવા ઉપયોગમાં લે છે. આ ખોરાક સાંના જંગલી કુકકરોને પણ પુરો પાડવામાં આવે છે. આ દેશમાં મકાઇ, ઘઉં, શણ અને તમાકુ વગેરે ઉગાડવામાં આવે છે.

આ દેશમાં જરદાલુના ઝાડો પુષ્કળ થાય છે. આ જરદાલુમાંથી સેકીના નામેનો દારૂ જેને તેઓ સલીવાવીસતા કરી કહે છે તે બનાવવામાં આવે છે. વળી ૧૦૦૦૦ પૌંડની કીમતનાં રેશમના કોશેટાની ઉત્પતિ થાય છે. સરવીયન કુકરોનો રંગ શુદ્ધ સફેદ યા કાળો હોય છે.

ક્ષેત્રફળ:—સને ૧૮૮૪માં સરવીયાના જનરલ સ્ટાફ તરફથી આ મુલકની સરવેઇ કરવામાં આવી હતી, જેના પરીણામમાં એ દેશનો કુલે વિસ્તાર ૧૮૭૮૨ ચોરસ માઇલ જેટલો નોંધાયો છે.

એમ. એમ. કોપટીની કું૦

આરસ તથા ટાઇલ્સના વેપારી.

જમીન, દીવાલ અને ફરનીચરના બરની સફેદ તથા ફેન્સી લાદીઓ (ટાઇલ્સ) મારસેલ્સના રંગીન તથા લાલ લાદીઓ, માંગલોરી નળીઓ, આરસની સફેદ તથા કાળી લાદીઓ, તથા પાટીઓ ટેબલને માટે આરસનાં ચોકઠાં, પોર્ટલેન્ડસીમેન્ટ, શાહબાદની લાદી તથા બ્રોકન મોઝેક ટાઇલ્સ હમારે ત્યાંથી છુટક તથા જથાબંધ કીફાયત ભાવે મળશે. આરસનું કોતરકામ કીફાયત ભાવે કરી આપીશું.



એમ એમ કોપટીની કં૦

નં. ૪૮, કસટમ્સ હાઉસ: રોડ,

ટેલીગ્રાફ એડ્રેસ "મેઝોલીકાસ" સરકલ–મુંબઈ.

મોહોતની ટેપ! યાને સૌ સારૂં તેનું સેવટ સારૂં

(એક ટુંકી વાર્તા.)

(માસિક મિત્રના નૌરોજી અંક માટે ખાસ)

(લખનાર—સોલન.)

"પણ ડાકટર મને ખરૂં કહોની! હું જે તે ખરૂં નરૂં જાણવા માગુછ" નરીમાન દુબાશે હાર્ટના સ્પેશ્યાલીસ્ટ ડોકટર સર હારકોર્ટને પુછયું.

"શું ખરૂં કેહું? મેં તમને જે કેહવાનું હતું તે કહ્યું, હા છે. તમે—"

"નહીં ડાકટર એમ ઉડાવો ના. મને ખરૂંજ કહો. હું હવે કેટલો વખત જીવશ!"

"વેલ, જ્યારે તમે જાણવાને ઘણા બહુદજ થાઓછ તો મારે તમને કહેવાની ફરજ પડે છે કે તમે ઘણા તો ત્રણ મહિનાથી વધુ જીવવાના નથી!

"ત્રણ મહીના! ઓ ખોદા! બસ કેટલો ટુંકો વખત! ડોકટર કંઇ તમારી ભુલ તો નથી!"

"નહીં, હું તદન ખાત્રીપુર્વક છેઉં!" ડાકટરે કહયું "માઇન્ડ, હું તો તમને નહીં કહવાનો હતો, પણ તમેજ ઓહોશકીધી. હું તમને કેહતે કે નહીં કેહતે તો બી આખરે અંજામ તો એજ આવતે.

ડોકટર સર હારકોર્ટ હાર્ટ ડીઝીઝનો એક સ્પેશ્યાલીસ્ટ હતો. રોજનાં તેને ત્યાં પુસ્કળ દર્દીઓ આવતા હતા. અને તેનાં ચુકાદામાં કશો પણ ફરક પડતો હતો નહી. તેના કનસલટીંગ રૂમમાં નરીમાન દુબાશ જેવા તો રોજના ઘણા દર્દીઓ આવતા હતા, પણ ડાકટરનો ચુકાદો સાંભળીને જેમ બીજાઓ બેશુદ્ધ થઇ જતા યા ગભરાટ અકરાટમાં પડતા તેવું નરીમાને કશુંજ કીધું નહીં.

"વારૂં, ત્યારે એ ત્રણ મહીનાની અંદર મારૂં મોહોત આવે ખરૂં કે?" તેણે પુછયું, "એકાએક?"

"વેલ, તે તો હવે તમારીપર આધાર છે." ડોકટરે જવાબ આપ્યો. તમે એકદમ ઉશ્કેરાવો નહીં, ઘણી હેપસેપ કરો નહીં, ને આશાયશ લેઓ,તો મેં આપ્યો છે તે ટાઇમની અગાઉ તમે મરો એમ લાગતું નથી. પણ એ હાર્ટડીઝીઝને માટે કંઇ ચોકસ કેહવાય નહીં. ભલા ભલા ડોકટરો થાપ ખાઇ જાય છે તમારા કોઇ સગા વ્હાલા હોય તો—"

"મારૂં કોઇ સગું વ્હાલું હૈયાત નથી" નરીમાન બોલ્યો, "મારાં બીચારા માયજી હતાં તેવણુંને બે વરસ થયાં ગુજરી ગયાં. બસ એવનના ગુજરવા પછી હું આય દુન્યામાં વાહેજહાન એકલોજ છેઉં!"

"હં, હું સાંભળીને ઘણો દલગીર છેઉં, મી. દુબાશ, સાહેબજી."

"સાહેબજી ડાકટર!"

એટલું બોલી નરીમાન તે ડાકટરના કનસલટીંગ રૂમમાંથી બહાર પાડ્યો. નરીમાન

દુબાશનું આપણે ઉપર જોયું તેમ કોઇ સગું વ્હાલું હતું નહીં. તે એક ભાગ્યાની સાથે ભાગમાં વેપાર કરતો હતો. તેઓનો વેપાર ઘણો ધીકતો હતો અને બંને ભાગીઆઓ પાંચ પૈસે સુખી હતા.

ઉદાશ ચહેરે અને ભારી દીલે નરીમાન ડોકટરના રૂમમાંથી બ્હાર પડયો. સર હારકોર્ટનો કનસલટીંગ રૂમ ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલો હતો. ક્યાં જવું તેનો હજી તેણે પકો વિચાર કીધો હતો, નહીં એટલે પગથી પરથી ધીમે ધીમે ચાલીને નાકા આગળ આવી ઉભો. જરાક વાર ત્યાં ઉભો રહીને હવે રસ્તે પડયો, અને ફલોરા ફાઉનટનના રસ્તા આગળ ઉભો. ટ્રામની રાહ જોતો ઉભો હોય, કે ધ્યાનમાં ને ધ્યાનમાંજ ત્યાં ઉભો હોય, એમ કહી શકાતું નથી.

સર હારકોર્ટના બોલ હજી તેના મગજમાં ભમ્યા કરતા હતા. ત્રણ મહીના! પણ ત્રણ મહીનાના ટુંક અર્શામાં તે શું કરી શકે? વિચારમાંને વિચારમાં તે ત્યાં ઉભો હતો, અને રસ્તાપર દીવા થયા, તેનું બી તેને ભાન આવ્યું નહીં.

એકાએક તે પોતાના ખ્યાલમાંથી ચોંકયો "મી. દુબાશ! મી. નરીમાન!" કોઇએ તેને હાંક મારી. તેણે ઉપર જોયું. તેની થોડેક છેટે એક મોટર થુમ ઉભેલી હતી અને અંદરથી એક જુવાન છોકરી તેને હાથ કરી બોલાવતી હતી

નરીમાન તે મોટર આગળ ગયો.

"કોણ? માણેક? તે ઉંડીને જોતાં બોલી ઉઠયો "હા, હું માણેક છેઉ!" તેણી બોલી "કેમ કાંહ જાઓ છો, ચાગ્રાની, હું તમને મારી મોટરમાં તમારે ઘેર પુગાડતી જાઉં! મને આંટરોડ જવું છે!"

એક પળ નરીમાન અચકાયો.

"ઠુંક સુ!" તે બોલ્યો, "ચાલ હું તારી સાથે આઉ છ." અને તે બારણું ઉઘાડી મોટરમાં બેઠો.

'કેમ આંટરોડ કાંહ ચાલી?" મોટરમાં બેસ્યા પછી નરીમાને પુછ્યું.

'મારાં કાકીને તાંહ જાઉં છ. કાકીએ મને આજે જમવા બોલાવીછ, બાવાજી બચારા ઘેરમાં એકલાજ છે.

"તારે એવણુને એમ એકલા છોડીને મજાહ કરવા નહીં ઉતરી પડવું જોઇએ." નરીમાને કહ્યું.

"પણ શું કરૂં? બાવાજી કેથે બહાર સસરતાજ નહીં ને વળી મને કાકીને લાંબી તે શું મજાહ પડછ જે! બધાં એવણુનાં જેવાંજ બુઢાં બુઢાં ઓ આવે ને કંઇ આઝી વાતચીતબી નહીં થાય, કંઇ હસાય બોલાય નહીં. એવાં બુઢાઓ.

"હં. હં, માણેક, એમ તો હું બી બુઢો છેઉ," નરીમાન હસતાં બોલ્યો, "એમ કંઇ બોલે કે?"

"મરે તમે વળી બુઢા સાથી થઇ ગયા? નોનસન્સ! જાઓ જાઓ તમને બુઢા કોણ કહે?"

"માણેક તુંને બાવીશ વરશ ને મને સુડતાલીશ, પછી હું બુઢો નહીં કેહવાઉં તો શું"

"હવે મુંગા બેશો, તમારા કરતાં વધારે ઉમરનાઓ કલફ લગાડીને જુવાનમાં ખપવા માગેછ, ત્યારે તમે બુઢામાં ખપવા માંગીછ!

થોડીક પળ ચુપકીદી પંથરાઇ રહી.

"આજે તમે એમ કેમ દેખાઓછ?" આખરે માણેકે પુછ્યું "તમારા ચહેરાપર ઉદાશી કેમ? શું તબિયત ઠીક નથી?"

"સીક જેવો હું લાગુંછ? સીકનેસ જેવું તો કઇ નથી, માણેક, પણ આજે મેં એક ઘણી ખરાબ ખબર સાંભળી!"

"ખરાબ ખબર," માણેક બોલી ઉઠી. "વારૂં તે મને નહીં કહો?"

" આજે કેટલાક દહાડા થયા મને છાતીમાં દુખ્યા કરતું હતું, તેપરથી મને મારા ભાગયા પેસતનજી કહજે ચર્ચગેટ સ્ત્રીટમાં ડાકટર હારકોર્ટ હાર્ટડીઝીઝમાં ઘણો હુશયાર છે તેની પાસ તપાસ કરાવ, તેથી આજે સાંહજના તેની આગળ ગયો હતો. તે કેહજે તમને હાર્ટ ડીઝીઝ છે. "

" હાર્ટ ડીઝીઝ " માણેક બોલી ઉઠી. ખરેખર તેણી આ ખબર સાંભળી લગાર ગભરાટમાં પડી.

" એટલી બધી ગભરાયછ શાની ? " નરીમાન બોલ્યો " મોડે વ્હેલે માણસને મરવાનું તો છેજ. હું પોતે બી એટલો ગભરાતો નથી, તે સહમજેછ કે માણેક. સર હારકોર્ટને ત્યાંથી તપાશ કરાવીને હું બહાર નીકળ્યો કે પહેલ વહેલો મને તુંને મળવાનો વિચાર આવ્યો"

"વારું પણ એવણે તમને બીજું શું કહયું?

"એણે મને એમ કહસું કે આ દુન્યામાં મને માત્ર ત્રણ મહિના રહેવાનું છે કદાચ એથી બી ઓછા, પણ માણેક હું કંઈ તને આજ વાત કેહવા સારું મળવા નહીં માંગતો હતો, માણેક મને તને કંઇ કહેવુંછ ! "

" બોલો શું છે ? "

" માણેક હું જો રૂડ થતો હોઉં તો માફ કરજે, પણ તું મારી ધણીયાણી થશે ? માણેક, મેં તને હંમેશ ચાહીછ પણ આપણી વચ્ચેના ઉમર । તફાવતને લીધે મેં આટલો વખત મારી જબાં ખોલી નહીં. હવે આજે ડાકટર હારકોર્ટના કહેવાથી મેં જેટલી જીંદગી બાકી રહીછ તે ભોગવી લેવાનો વિચાર કીધોછ. વખત ઘણોજ ટુંકો છે. ત્રણ મહીના, પણ માણેક એ ત્રણ મહીના તું મારી થશે ?"

" અને પછી ?"

"પછી ? પછી તો તું છુટી થશે? જેમ ગમે તેમ કરવાને તું મુખ્તયાર થશે- ડાકટર સર હારકોર્ટના મતપર કોઇ બી સવાલ ઉઠાવતું નથી. એ જે કેહછ તે થવુંજ જોઇએ. સપટેમ્બરમાં આપણી પપેટીપર જ્યારે બધાં મજાહ કરતાં હશે ત્યારે હું તો હયાત આય દુન્યામાં હોઇશબી નહીં. માણેક તું એનો વિચાર કર, હું તારી પાસે કાંઇ વધુ ભોગ તો નથી માંગતો.

"નહીં નહીં એવું કંઇ નથી".

" ત્યારે તારી અને મારી વચ્ચે કોઇ બીજો છે, પેલો પેસી પંટેલ ? મને કોઇ કોઇ એમ વિચાર આવતો' તો કે એ–

" નહીં; નહીં, મારા મનમાં કોઇ નથી. નહીં પેસી, કે નહીં નરીમાન, હું તમારી સાથે પરણીશ "

નરીમાને તેણીનો હાથ ઉંચકીને તે પર એક કીસ લીધી.

" ઠેંક યું, માણેક, "તે બોલ્યો. " તેં મને ઘણો સુખી કીધો. તું ધારતી હોય તેનાં કરતાં બી સુખી. "

હવે વધુ વાતચીત કંઇ થઇ નહીં. માણેકના કાકીનું ઘર આવી પુગતાં મોટર ત્યાં ઉભી રહી.

" ઠીક છે, કાલે હું તારા બાવાજી આગળ આવીને વાત કરીશ,"નરીમાને કહયું, સાહેબજી ડારલીંગ.

" સાહેબજી હું કાલે બાવાજીને ઘેરમાંજ રહેવા કેહવશ. "

" ઠીક સાહેબજી. "

માણેક પોતાનાં કાકીને ત્યાં ગઇ અને નરીમાન પોતાના રહેવાના મકાનમાં ગયો.

માણેક માકીદલાલ, મહેરવાનજી માકી દલાલની એક પુરી દીકરી થતી હતી. માણેકની મા તેણીને નાની મુકીને મરણ પામી હતી. મેરવાનજી પાસે દોલત હતી જે તેવણે વેપારમાં જમાવ કરી હતી. માણેકને તેવણે પાળી પોષી મોટી કીધી, અને માણેકનું જો

કે માં વગરનું સુખ જતું રહયું તો પણ મેરવાનજીએ તેણીની માની જગયા પુરી. મેરવાનજીએ તેણીને સારી સંગીન કેળવણી આપી હતી ને માણેક પણ કેળવણીને જેબ આપતી હતી.

બહારવણે નરીમાન દુબાશ માણેકના પિતા મેરવાનજી આગળ ગયો અને માણેકના હાથની માગણી કીધી, જે ખુદાજીએ કબુલ કીધી. લગન પણ જલદીજ કરવાનું નક્કી થયું, અને ઉપલી વાતચીત થયાને પંદર દહાડામાં તો નરીમાન દુબાશ માણેક માંડીદલાલ સાથે પરણીને દેવલાલી હતીમુનપર ઉપડી પણ ગયો, દેવલાલીમાં મહીનો રહયા પછી તેઓ અંદેરીમાં એકએકાંત જગ્યામાં બંગલો લઇને રહ્યાં.

માણેકે ખરેખર નરીમાનનો પરણ્યો સંસાર સુખીજ કીધો. તેણી નરીમાનની એવી કાળજી કરતી કે નરીમાન પોતાના બાકીના દીવસો આવી સરસ રીતે ગુજારવા પામ્યો તે માટે તે ખુદાના શુક્રાના કરવા લાગ્યો.

પણ એક વાતનો તેને ખત્રો આવ્યા કરતો હતો. તે આ માણેકને પરણીને તેણીને સુખી કરી હતી કે નહીં ? કે તેણીનો જુવાન જીવ તેણે કેદમાં પુર્યો હતો ! શું તે ચાહતી હતી કે ખાલી દયાને ખાતરજ તે તેની સાથે પરણી હતી. !

એક દીવસ તે ફરવા ગયો હતો ત્યાંથી અચણુચ પાછો ફર્યો જે ઓરડામાં માણેક હતી ત્યાં તે ગયો ને જોયછે તો માણેક ટેબલ પર માથું નાંખી દઇ રડતી હતી. માણેકે તેને આવતો જોયો હતો નહીં એટલે તે પાછું બારણું અલગું બંધ કરીને પોતાના ઓરડામાં જતો રહ્યો.

"મારા જેવો બુદો એવી જુવાન છોકરીને પરણીને તેણીને શું સુખી કરે ?" તે બડબડયો, "ખરેખર, ગરીબ બીચારીને હવેજ માલમ પડયું કે મને પરણવામાં એને ભુલ કીધી. બચારી હાં કંપની વગર ઝુરાતી હોશે એને મુંબઇ લેઇ જાઉં કે ત્યાં જરારતી એને સોહવાય !"

તેજ રાત્રે ખાતાં ખાતાં તેણે વાત છેડી.

"ડીયર, આપણે હવે મુંબઇ જઇએ તો કેમ ?" તેણે પુછયું, "હું જોઉંછ કે તું કંપની વગર ઝુરી જાયછ ને તુંને કંઇજ સોહવાતું નથી."

નહીં'રે પહેલે તમારો વિચાર કરવાનો છે !" માણેક બોલી મને શું સેકો તાણો છ ! મારી મુંબઇ જવાની મરજી હશે કરીને તમે મુંબઇ જવા તૈયાર થયાછ ! પણ મારી મુદ્દલ મરજી નથી મુંબઇની ગડબડ સડબડને ત્યાંની ડોડઘામથી તમારી તબિયત પર કેટલી ખરાબ અસર થશે? એમ કરવાનું શું વાજબીછે?

" મને જવા ગમેછ ! હયાંના કરતા મુંબઇ વધારે ગમેછ !

" નહીં, નહીં, નરીમાનજી તમે એમ કરીને મને વાહોછ. શું મારી કંઇ ખામકી થઇછ ? શું તમારી બરદાસ્ત––"

" નોનસન્સ, માણેક હું કહ્યુંછ કે તારાજ જેવી ધણીયાણી બધાઓ મેળવવાને ભાગ્યશાળી થાય. તું મુંબઇની મજાહમાં પડવાને બદલે હયાં ગોંધાઇ રહે તે મને નથી ગમતું. તું મને પરણી તેથી તું દલગીર થાય એમ હું જોવા માંગતો નથી."

" પણ હું દલગીર થઇજ નથીની ને થતી બી નથી.

" તે જાણીને હું ઘણો ખુશી છેઉ, પણ તો બી હું ધારુંછ કે આપણે મુંબઇ જઇએ તો સારૂં. મને ત્રણ મહીનાની ટેપ મળીછ તેનો મોટો ભાગ તો પસાર થઇ ગયો !"

" ત્રણ મહીના, મરે હું તો હજુર બરાબર સમજીબી નથી સકતી ! તમે

મુદ્દલ ઠીક જેવા તો લાગતા બી નથી. મુવાનું તોડકું ! એને ભુલ તો નહીં કીધી હોય ?"

" નહીં એ ભુલ કરે એવો આદમીજ નથી. પણ હું કંઇ મોહોતથી બીહતો નથી. મને તો માણેક તારી ફીકર લાગેછ. હજી તો તેં તારી પરણેલી જીંદગી હમણાજ શરૂ કીધી, તેટલાં, તેટલામાં—"

" જાબા એમ શું ઘેલાં કહાડોછ, તમુને બધાછી. તમે તો હજુર ઘણાં વરસ જીવશો."

એટલું બોલી આંખમાં આંસુ સાથે તેણી ઉઠી ગઇ.

* * * * *

તેઓ મુબઇ પાછાં ફર્યા માણેક અને નરીમાન દીવસો પસાર કરવા લાગ્યા.

એક સ્હાંજના તે નરીમાન—હોનબી રોડ આગળથી જતો હતો તેટલાં ન્યુસપેપર વેચનાર છોકરાની બુમ પર તેનું ધ્યાન ખેંચાયું

" આ જામેનો વધારો. એક અંગ્રેજ ડાકટરનો આપઘાત. "

તુરતજ નરીમાને એક દહોડયું આપી તે જામેનો વધારો લીધો. અંદરના પાના પર મોટા ટાઇપે કરેલાં હેડીંગ પર તેનું પહેલું ધ્યાન ખેંચાયું.

જાણીતા હાર્ટ સ્પેશયાલીસટ ડાકટર સર હારકોર્ટે કરેલો આપઘાત

"અમો જણાવવાને ઘણા દલગીર છીએ કે ચર્ચગેટ સ્ટ્રીટમાં ડાકટરનો ધંધો કરતા હારકોર્ટે આજે સહવારે પોતાનાં મસ્તકમાં ગોળી મારી આપઘાત કર્યો છે. આજે સહવારે રાબેતા મુજબ મરનારે બીછાનું નહીં છોડેલું હોવાથી તેવણનો નોકર ઉઠાડવા ગયો તો મરનારને પોતાના હાથમાં એક રીવોલર સાથે મુએલા પડેલા તેણે જોયા. મરનારે આપઘાતજ કીધો છે એમાં તો કંઇ શક નથી. એવું માલમ પડે છે કે કામના અતીશય દબાણને લીધે આજે કેટલો વખત થયો મરનારનાં મગજની હાલત તદન અસ્થિર હતી.

મરનારની લાશપર આજેજ જુરી ભરવામાં આવતાં જુરીએ એવો અભિપ્રાય દર્શાવ્યો કે મગજની અસ્થિર હાલતને લીધે મરનારે પોતાના મગજમાં ગોળી મારી આપઘાત કર્યો હતો !"

બસ આટલુંજ જામેના વધારામાં હતું. આ વાચતાંજ નરીમાનના ભેજામાં એક ખ્યાલ આવ્યો.

" કાંય નહીં હું બી તપાસાવા ગયો ત્યારે એનાં મગજની હાલત એવીજ હોય ને તેથી એણે મને એમ કહયું હોય ? "

આ ઉપરથી તે તુરતજ ત્રણ ત્રણ ડાકટરો આગળ ગયો, અને ત્રણેએ અભિપ્રાય આપ્યો કે તેનું હાર્ટ તદન સંપુર્ણ હાલતમાં હતું અને કંઇ પણ જાતના રોગથી નિરાળું હતું.

ગરીબ બચારા સર હારકોર્ટે જે કહ્યું તે માટે તે જોખમદાર નહીં હતો. છેલ્લા ડાકટરે તેને કહ્યું કે તે બિચારાની મગજની હાલતજ તેવી હતી, એટલે તે પછી શું કરે ? ચાલો સઉ સારૂં તેનું સેવટ સારૂં !"

સઉ સારૂં તેનું છેવટ સારૂં ! માણેક સાંભળશે ત્યારે તેણી શું કહેશે ? તેણી તેને વિષે શું વિચારશે તેણીના તાણાવાણાની તે કેમ સાંખી શકશે ?

તે તુરતજ ઘેર ગયો માણેક ઓરડાની એક બારીએ ઉભેલી હતી. તેને આવતાં જોઇને તેણી બારીએથી ફરી.

" માણેક, તેં આ જામેનો વધારો વાંચયો કે ?" તેણે પુછયું.

"નહીં, કેમ કંઇ અસાધારણ બન્યુંછ શું?

" તુંજ વાંચીને જો !"

માણેકે તે પેપર લીધું અને વાંચ્યું અને ટેબલપર મુકયું.

"કેમ સર હારકોર્ટને વીશે વાંચ્યું?" તેણે પુછ્યું.

"હા, ગરીબ બીચારો, ઘણુંજ ખરાબ થયું."

પણ તું જાણેછ કે એ મરી ગયો તેની ઘણા મહીના અગાઉથી એનું મગજ જરાક ખસી ગયલું ને તેથી એ પોતાના દર્દીઓને જે મત દરશાવતો તો તે મત માટે તે જોખમદાર નહીં હતો?"

"શું, શું તમે શું બોલ્યા?" માણેક બોલી ઉઠી. "આહા નરીમાન ત્યારે તો એને તમારે વીશેબી ખોટુંજ કહ્યું હશે?"

"હા એણે જે કહયું તે તદન ખોટું હતું હું ત્રણ ત્રણ ડોકટરો આગળ જઇ આવ્યો ને તેઓએ મને એકજ ચીજ કહી, કે તમને કંઇજ નથી?"

"કંઇજ નથી?" માણેક બોલી, "ત્યારે તમે મરવાના નથીની?"

"નહીં હાલ ગજરતો હું મરવાનો નથી." તે બોલ્યો, હવે તેથી એમ ઠરેછ કે હું તને ખોટું સમજાવીને પરણ્યો!"

"ખોટું સમજાવ્યું?" માણેક બોલી ઉઠી "તમે શું બોલોછ તે હું સમજતી નથી."

તું શું સહમજતી નથી! માણેક". તેણે પુછ્યું "મેં તારી સાથે પરણી ઠગાઇ કીધી. તું હવ ચાહે તેની સાથે પરણે તેમાં મેં અટકાવી.

"એ તમે શું બોલોછ, શું?" માણેક હસતા બોલી "હું મારો જીવ ચાહેછ તેનેજ પરણીછ, નરીમાન. આજની ખુશાલી ભરી ખબર સાંભળીને મારા જેટલી બીજી કોઇને ખુશાલી ઉપજી નહીં હશે. તમને કંઇજ નથી ને તમે હજી વધારે વખત જીવશો તે જાણીને કોણ કમબખ્ત નહીં ખુશી થાય? તમે હંમેશ મારા માથાંપર કાયમ રહો એમ હું રાત દીવસ ઇચ્છતી હતી અને ખોદાએ તે મારી મુરાદ પાર પાડી."

* આ વાર્તા અમારા એક લેખક મી. સજનલાલની "એક સગનવંતી ભુલ" નામની વાર્તાને મળતીજ આવે છે. એવું જણાય છે કે બન્નેએ એકજ સાધનપરથી આ વાર્તાઓ ઉપજાવી છે, પણ બંનેની મહેનત સફળ થાય એ હેતુથી મી. સોલનની વાર્તા અમને મોડી મળવા છતાં દાખલ કરવામાં આવીછે.

અધિપતિ—મા. મિ.

રમુજી ટુચકા.

(લખનાર:—P. N. P.)

જસી—દોસ્ત પેસી, એક લેખક તરીકે તેં ઘણીક ચોપડીઓ પ્રકટ કરી તો કહેશે કે તને સૈથી વધુ ફાયદો કઇ ચોપડીથી થયો.

પેસી—(નીસાસો નાખી) મારી બેન્કની ચોપડીથીજ.

* * *

બાપ—દીકરા સોલ, તારી વર્ષ ગાંઠને દીવસે તારા કાકા રૂસીએ તારી ઉપર કુતરાંના બચ્ચાંની જે ભેટ મોકલી છ, તેને તું શું નામ આપવા માગેછ?

દીકરો—પપા હું તેને આપણા બપાવા "દાદી" નું નામ આપું તો કેમ?

બાપ—નહીં દીકરા, એમ કુતરાને તારા બપાવાનું નામ આપ્યેતો તેવણને અપમાન થાય.

દીકરો—ત્યારે પપા તમેજ કહોની કે નવા પપી ને શું નામ આપું?

બાપ—એને "જરમન કયસર"ના નામથી બોલાવ, કારણ કે—

દીકરો—નહીં પપા, એ નામથી તો મારા પપીને અપમાન થાય.

* * *

દીકરો—બાવા આપણે મ્યુનિસિપલ કાઉનસીલરોને શહેરી બાવા કહીએછ તે ખરૂ છે કે?

બાપ—હા દીકરા તેઓ શહેરીબાવા તરીકેજ ઓળખાય છે.

દીકરો—ત્યારે બાવા તેથી કરીને તેઓ વચે અને આપણા ઘેરના બાવા વચે શું ફેરક પડેછ.

બાવા—જોની દીકરા, ફેરક તો બંને વચે એક સરખોજ છે; જ્યારે ઘેરનાં બાવા પોતાના દીકરાનું કરજ અદા કરે છે ત્યારે શહેરીબાવાઓ પોતે કરજ કરેછ જે તેઓના દીકરાઓ (આપણુ પોતે) ને ભરપાઇ કરવું પડેછ.

મોટું સસ્તું

વાર્તામાળા

ચાલુ માસના નૌરોજનો

ખાસ કખલ અંક.

આર્ટીસ્ટના દોરેલા ખાસ ચિત્રો સહિત ૧૫૦ સફાઓ

કીંમત માત્ર બે આના.

આખા હિંદમાંનું એકલું સસ્તું

વાર્તાઓનું નિરમુજોનું

જાણીતું ચોપાન્યું.

ઓકટોબર ૧૯૧૧ થી શરૂ થયલું.

ચુંટી કાઢેલી વાર્તાઓ ને રમુજો સાથે

કીં. દરમાસે માત્ર ૧ આનો.

(પાછળ જુઓ)

"વાર્તામાળા."

"વાર્તામાળા" વાંચજો—કાંકે નાની મોટી વાર્તાઓ ને ભારોભાર રમુજો દરમાસે પ્રગટ થશે.

"વાર્તામાળા" ખરીદ કરજો—કાંકે રોયલ સાઈઝનું નજદીક ૮૦ ઉપર સફાનું દલદાર પુસ્તક તમોને માત્ર દર માસે એક આનામાં મળશે.

"વાર્તામાળા"ના ઘરાક થજો—કાંકે વર્ષ માત્ર ૧૨ આના છે. (પોષ્ટેજ ત્રણ આના.)

"વાર્તામાળા" જરૂર જોજો—કાંકે વાર્તાઓના સંગ્રહ ને રમુજોનો ખરો ભંડારજ છે.

લાભ કોણને છે? તે જરૂર જોજો.

પરિક્ષા કરજો—કે તમો છેતરાશો નહીં.

જરૂર ખરદજો—કે તમો પસ્તાશો નહીં.

માત્ર રા આનાની ટીકીટ મોકલો (નમુનો મફત મોકલશું નહીં.)

જાહેરખબર આપનારને કવચીતજ મળતી તક

માત્ર એક કાર્ડ લખી અરજ કરો.

સઘળો પત્ર વહેવાર મેનેજર "વાર્તામાળા."

c/o "માસિક મિત્ર" કાન્તાબિલ્ડીંગ મુંબઈને

સરનામે કરવો,

એક અમુલ્ય તક.

શકિતની દવા માટે ખાલી ફાંફાં શા માટે મારો છો? નાહક પૈસા ન ગુમાવો. ફક્ત પોસ્ટ ખર્ચના ચાર આના મોકલો, એટલે અમો સંજીવની ૪૦ ગોળીઓની ડબી એક કીંમત રૂા. ૧)ની તુરત રજીસ્ટરથી મોકલી આપીશું. ફાયદો થાય તો રૂા. ૧) મોકલજો, ફાયદો ન થાય તો પ્રતીજ્ઞાપુર્વક એક પોસ્ટ કાર્ડપર લખી જણાવજો કે "તમારી ગોળીઓથી કાંઈ પણ અસર જણાઇ નથી." તો પછી કીંમતનો રૂપીયો અમે મંગાવીશું નહીં.

લખો-**સપટ કંપની**

કાલબાદેવી મુંબઇ

એસ. ડી. બારીયા

વાઈન, સ્પીરીટ, પ્રોવીઝન, ખોરાકી, સેંટ, સાબુ, પેટંટ દવા, ટોઈલેટ રીકવીઝીટસ, ટોબેકો મરચંટ,

સઘળી ચીજો

મારકેટના ભાવે મળશે,

હમારી દુકાન ૧૨ કલાક સુધી ખુલ્લી રહેછે.
તેમજ દર રવીવારે પણ ખુલ્લી રહે છે.

ઠે. એમ્પાયર બિલ્ડીંગ ટ્રામ જંકશન ભાટીઆબાગ સામે

અમદ ઈસાઅલ્લીની રેશમી કાપડની દુકાન પાસે — **હોર્નબીરોડ,** કોટ, મુંબઈ.

બહારગામના ઓર્ડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

The Kalkadevi Shorthand Typewriting Institution.

ESTABLISHED 1898

Over 7,000 Students joined up to date

EFFECTIVE COACHING—EXCELLENT RESULTS.

THE ONLY SUCCESSFUL AND THEREFORE THE BEST.

Special arrangements for LADIES

SUBJECTS TAUGHT:—

Shorthand Typewriting, Book-keeping & Accountancy,

AND ALL COMMERCIAL SUBJECTS.

STUDENTS PREPARED FOR THE RECOGNIZED LONDON

EXAMINATIONS

TESTIMONIALS FROM MEMBER OF PARLIAMENT & OTHERS.

PARTICULARS AND THE HIGHEST BONAFIDE PRESS AND OTHER OPINIONS FROM

GOPALDAS LALDAS

MANAGING PROPRIETOR.

Opposite Bhangwadi, Kalkadevi Road-**BOMBAY.**

પ્રદર રોગ માટે

રામબાણ ઉપાય

ખાતરી ભરેલી અકસીર દવા.

દાકતર સાહેબ તમે બોલ બોલ કરી મને વધુ કંટાળો ના આપો. બધુંજ મને પુછીને દવા આપો તેમાં કંઇ ઝાઝી ચાલાકી નહીં કહેવાય પુછયા વગર મને દવા આપી સાજો કરો ત્યારેજ તમને ચાલાક—

તબીબ—સાહેબ, તમે મેહેરબાની કરીને કોઇ જાનવરના દાકતરની સલાહ લેવો કારણ કે મારી જાણ મુજબ તેજ એક એકલો એવો તબિબ છે કે જે પોતાના દરદીને કદી પણ પુછયા વગર ચાલુ દવા આપેય. (તારે દરદી બિચારો જાનવર કે ?)

* * * *

અધીપતિ—દીકરા રસી લોક કહેય કે હાલમાં તારી "પારકી પીડા"નામની નવી નોવેલ લખી એક બહુ બીકટ કામ પુરું કીધુચ ?

ગ્રંથ કર્તા—અરે યાર બીકટ કામ તે શેનું જો ! ચોપડી લખવાનું તરજુમાનું સહેલું કામ તુરત પુરું થયુંચ હવે તો ચોપડી ખપા વવાનું બહુ બીકટ કામ બાકી રહયુંચ.

Hormones

હૉરમોનની અસરકારક બનાવતો.

હોરમોન એ શું છે ?

આ શબ્દ ગ્રીક ભાષાનો છે. જેનો અર્થ જાગૃત કરવું, ગતિમાં મુકવું, એવો થાય છે. 'હોરમોન્સ' એવા પદાર્થો છે કે જે જાતિક કોષોનું શરીર બન્યું છે તેમાંથી હંમેશાં તેમાંથી રીત પ્રમાણે રસાયણ ક્રિયા થાય છે, તેમાંથી ઉત્પન્ન થાય છે. તેના રસાયણી ગુણો અને અસરમાં 'alkaloips' સાથ તેમને સરખાવી શકાય

સાધારણ રીતે ગણતા 'હોરમેન' શરીરની અંદર-જે જુદી જુદી પ્રવાહી લોહીમાંથી એકઠી થય છે તેના આ અસરકારક તત્વો છે. જીવદાર તત્વોના આં કરિયાણાં છે.

હૉરમોનની અસર શરીરપર કેવી છે. ?

હોરમેન સ્થિર, મજા–colloid પદાર્થો છે, જે લોહી સાથ ભેગા થઇને જુદી જુદી ઇંદ્રિયોમાં આમેજ થાય છે, જેથી ઇંદ્રિવિજય શાસ્ત્ર પ્રમાણેની અસર તે આખા શરીરમાં કરે છે. જીવન શકિત વધારે છે, પાચન શકિતને ઉત્તેજક કરે છે, 'હોરમેન' એવી રસાયણી દ્રવ છે કે જે અટકાવ તરીકે તેમજ ઉપાય તરીકે બંને રીતે કામ આવે છે.

જે પ્રમાણે રસાયણ શાસ્ત્રમાં 'રેડિયમ' ભાગ બજાવે છે, તેવીજ રીતે ઉપાય શાસ્ત્રમાં હોરમેન કામમાં આવે છે.

એજ રીતે ફાયદામંદ હમારી બીજી દવાઓ નીચે પ્રમાણે છે.

Trypsogen—in Diabetes Mellitus.
Secretogen—in the Indigestions
Kinazyme—in Tuberculosis &c.
Hormotone—in Neurasthenia &c.

G. W. Carnrick Co.
New York.

સેંટનો રાજા

ઓટો દિલબહાર

(રજીસ્ટર્ડ)



દીલને આનંદ આપનારૂં, મનને પ્રફુલીત કરનારૂં અસંખ્ય ફુલોના અર્કની સુગંધીઓથી ભરેલું ઉંચામાં ઉંચી બનાવટનું (સ્પીરીટ વગરનું) સર્વોત્તમ સેંટ છે. ફક્ત ચાર પાંચ ટીપાં કપડાં અથવા રૂમાલ ઉપર છાંટવાથી વાપરનારને તથા તેની આસપાસનાઓને, મીઠી ખુશકારક સુગંધીમાં મુકી દેછે, બીજુ કોઇપણ જાતનું સેંટ ખરીદના પહેલાં ઓટો-દીલબહાર વાપરી જુઓ અને તેની સુગંધીનો બે ઘડી વિચાર કરો. ઓટો-દીલબહારમાં સ્પીરીટ નહીં હોવાથી અત્તર તરીકે પણ વાપરી શકાય છે.

કીંમત વચલી બાટલીના ૧૨ આના, મોટી અર્ધા ઔંસની બાટલીના રૂ. ૨, નમુનાની બાટલીના ૨ આના. સુગંધી કાર્ડનો એક આનો.

ચેતવણી—ઓટો દીલબહારનો ખપ મોટો હોવાથી તેની નકલો નીકળી પડી છે અને કેટલાક લબાડ વેપારીઓ વધુ નફાની આશાએ ઓટો દીલબહારને બદલે બીજા બનાવટી નામવાળા ઓટો-આપવાનો પ્રયત્ન કરે છે, તેટલા માટે તમો સાવચ રહેજો અને ઓટો દીલબહાર માગજો અને નામ બરાબર વાંચીને સીલબંધ બાટલી લેજો. નામમાં જરા ફેરફાર લાગે તો તરતજ તે બાટલી ફેંકી દેજો.

સોલ એજંટ

ધી એંગલો ઈંડીયન ડ્રગ એંડ કેમિકલ કંપની. માર્કેટ-મુંબઈ.

મનુષ્યની જીંદગીને સુખમય બનાવનાર શકિતની મહાન દવા.

પ્રો. જેમ્સની વિજળીક શક્તિની ગોળીઓ.

આ ગોળીઓ;-શસ્ત્રોક્ત ક્રિયાની સહાયતાથી વિજળીક શક્તિ આમેજ કરીને દરેક રૂતુમાં માફક આવે એવી સંભાળભરી રીતે બનાવી છે, તેથી તે શરીરમાં ઘટી ગયેલું વિજળીક તત્વ પુરતા પ્રમાણમાં ઉત્પન્ન કરી થયેલી નબળાઇને ભેદ ભરેલી રીતે અટકાવી સંપૂર્ણ શક્તિ ઉત્પન્ન કરે છે તેમજ સ્વપ્નામાં અને પેશાબમાં જતી ધાતુને બંધ કરી શરીરને શક્તિ આપે છે. જ્ઞાનતંતુની નબળાઇ, ધાતુનું પાતળાપણું, અજીરણ, ખોરાક ન પચવો, હાથ પગનું દુઃખવું, મગજે ચકરી આવવી, યાદશક્તિ ગુમ થવી, જુવાનીમાં બુઢાપાની હાલત, મનની ચિંતા, ઉદાસી, કોઇ પણ કામપર ચિત્ત ન લાગવું, ખાવાપર અરૂચિ, છાતીનો ધબકારો, હરસ, દમ, આંખે અંધારા આવવાં, ચહેરાની ફીકાશ, જુવાન વિદ્યાર્થીનું અભ્યાસના બોજાને લીધે નબળું પડી ગયલું મગજ, તેમજ વકીલ, બારીસ્ટરો, અને કલાર્કો, સ્કુલ માસ્તરો અને બીજાઓ કે જેમને રાત દીવસ મગજ કસવું પડે છે તેમને ગોળીઓ વિજળીક ઇલાજથી થોડી મુદતમાં અજબ જેવા ગુણ કરે છે. તેમ જે સ્ત્રીઓને હદબહાર .માસીક બીમારીથી શરીર લેવાઇ જાય છે અને હીસ્ટીરીઆ, કમરનો દુખાવો, પ્રદર, ભુખ મરી જવી, વીગેરે રોગો થાય છે તે ઉપર આ ગોળીઓ ઘણીજ ફાયદાકારક છે. બીજી ભળતી દવાઓ વાપરવા પહેલાં આ ગોળીઓ વાપરી જુવો અને તમારાં દુઃખ દરદો બીજાઓની પેઠે જલદીથી સારાં થવા પામશે.

ચેતવણી:—ગોળીઓ ખરીદતી વખતે સાવચેતી રાખવી. તેને બદલે કોઇપણ અપ્રમાણિક વેપારી બીજી ભળતીજ દવા "સારી છે અને સસ્તી છે" એમ કહી આપવા માંગે તો લેતા નહીં. કારણ તેવી દવાથી ફાયદો થવાને બદલે નુકશાન થાય છે, માટે **Pro. James' Electro Tonic Pearls.** પ્રો. જેમ્સ ઇલેકટ્રો ટોનીક પર્લસ. (પ્રો. જેમ્સની વિજળીક શક્તિની ગોળીઓ) બરાબર વાંચીને લેવી.

કીંમત-૨૫ ગોળીની શીશીના રૂ. ૧-૪-૦, તથા ૪૦ ગોળીની શીશીના રૂ. ૨. વી. પી. ના એકથી ત્રણ શીશીઓ સુધીના રૂ. ૦I વધુ.

સોલ એજંટ—

ધી એંગલો ઇંડીયન ડ્રગ એંડ કેમિકલ કું. માર્કેટ-મુંબઈ

વ્હેમી પણ વફાદાર,

(લખનાર—P. N. Polishwala.)

(૧)

પ્રખ્યાત પેન્ટર રોનાલ્ડ ઇંગ્લંડમાં બહુ પંકાઇ ગયો હતો. તેની કુશળતા અને વિખ્યાતી લગભગ આખા લંડનમાં જાણીતી થઇ હતી. પોતાની છબી ચિતરાવવા અર્થે રોનાલ્ડના સ્ટુડીઓમાં અમીર ઉમરાવ અને બાદશાહી કુટુંબના આસામીઓની તુટાતુટ પડતી હતી. પેન્ટીંગના હુન્નર ઉપર રોનાલ્ડ ફીદા હતો. તે એ બાબતમાં રાત દિન પોતાનું ચિત્ત રેડી નાંખતો હતો, જેથી તેની [illegible]તી ઉપર પણ આ 'દલબહાર બોજાની અસરે થવા પામી હતી. રોનાલ્ડની માશુક તે તેનો પેન્ટીંગનો હુન્નર હતો, જે ઉપર તે દીલોજાનથી પોતાનો વખત અને ખુટથી પૈસા રોકતો હતો. રોનાલ્ડના સ્ટુડીઓમાં દરરોજ નવા ઘરાક આવતા હતાં, જેઓ પોતાની છબી માટે ખાસ ઓર્ડર આપતાં હતાં.

એક દીવસે આ બાહોશ ચિતારા સન્મુખ પોતાની તસવીર ખેંચાવવાને રોનકેસ્ટરના ઉમરાવની મનમોહન બેટી રૂથ, રોનાલ્ડના સ્ટુડીઓમાં આવી. રૂથ સ્ટુડીઓમાં આવતાં ત્યાં નજરે પડેલી તરેહવાર છબીઓ જોઇ આ નામાંકિત ચિતારાના હુન્નર ઉપર ફીદા થઇ, અને દોસ્તીનું રંગરૂપ શરૂ થયાં બાદ ૩ માસની મુદત પછી આ ઉમરાવજાદી રૂથના રોનાલ્ડ જોડે લગ્ન થયાં.

૨

રોનાલ્ડ અને રૂથના લગ્ન સુખી શરૂઆતનું એક શુભ મુહુરત હોવાથી પ્રેમ અને સંપથી સુખરૂપ નીવડયાં. પહેલા ૭ માસ બહુ સંતોષ વચ્ચે પસાર થયા, જે અરસામાં રૂથ પોતાના પતિના કામમાં બહુ દીલસોજી ભરેલો ભાગ લેવા લાગી અને રોનાલ્ડ તથા તેનાં હુન્નર તરફ વ્હાલ તથા વફાથી ભરપુર રહી પરંતુ પછી પણ રોનાલ્ડનું કામ બહુ ધીકવા લાગ્યું, અને તેની પરણેલી જીંદગી હોવાથી હવે આમલ કરતાં ઘણીક ઉમરાવ પદની ખુબસુરત અને નામાંકીત બાનુઓ પણ રોનાલ્ડના સ્ટુડીઓમાં વધુ પ્રમાણમાં આવવા લાગી. રોનાલ્ડે આ સઘળો બોજો ખંતથી ઉપાડયો, જેમાં તેને ખાસ પ્રકારનો હાંસો લાગુ પડયો. આ સમય અને સ્થિતિ વચ્ચે પણ રોનાલ્ડે પોતાના સ્ટુડીઓને લગતી માનીતી અને કીર્તિવંત મોજથી વિખુટો ન પડતાં પોતાનું કામ ચાલુ રાખ્યું.

૩

સ્ટુડીઓમાં આવતી તરેહવાર જુવાન ખુબસુરત અબળાઓ પોતાના પતિ રબેને ખેંચાય એવા ખ્યાલ અને વ્હેમથી રૂથ વ્યાકુલ બની, અને આ મુંઝવણની ગુંચવણમાં દાખલ થવે,—તેથી સ્ટુડીઓમાં આવતી દરેક અબળાની છુપી રીતે ખબર રાખવા લાગી. પોતાના વ્હાલ અને વફામાં રોનાલ્ડ એક ઇંચ પણ હેઠળ ઉતર્યો નહતો, તે છતાં રૂથ તેની ઉપર છુપાઇને પોતાનો ચોકી પહેરો રાખવા લાગી. પરણ્યા પછીની ૮ માસની મુદત બાદ રૂથના મનમાં પોતાનો આગલો વ્હેમ વધુ મજબુત થવે તે અવારનવાર પોતાના પતિનાં કામ દરમ્યાન વધુ બારીક નીવડી. રૂથ હવે આગળ વધી સ્ટુડીઓમાં

ચાલતાં કામ દરમ્યાન પોતાના પતિના ચેન ચાળા જોવાને અંદર ધસી આવતી, જેથી બાહેરની આબરૂદાર ઉમરાવજાદીઓ, જેઓ પોતાની છબી ચિતરાવવા દોનાલ્ડ ા સ્ટુડીઓમાં આવતી હતી તેઓમાં રૂથની આ વાંધા ભરેલી વર્તણુંક બાબેનું અપમાન સહન ન થયું અને દોનાલ્ડની ઘરાકી આ નાસોગોસો રમનારી વ્હેમી ભાર્જાને લીધે કમતી થવા સાથે બાહેર તેની નીતિ માટે અપશબ્દો બોચ ાવવા લાગ્યા. પોતાની વ્હાલી રૂથના અખંડ પ્રેમથી દોનાલ્ડે આ ગંભીર ફરિયાદની પણ ઝાઝી દરકાર ન કરી અને રૂથને તેની વ્હેમી વલણ માંહેથી બાજ આવવાને તેને પ્રેમાળ અરજથી મનાવી

૪

લંડન ક્રિસ્ટલ પેલેસમાં ફોટોગ્રાફીને લગતું મોટું પ્રદર્શન ભરાનાર હતું જે પ્રસંગે દોનાલ્ડ પણ પોતાના નિયમ અને નામના મુજબ એક અચ્છી છબી ત્યાં રજુ કરવામાં રોકાયો હતો આ માટે એક ખુબસુરત અમીરજાદીનું ચિત્ર તૈયાર કરવામાં તે રોકાયો હતો. સ્ટુડીઓમાં આ ચહેરે નમુન નાજનીન ખુરસી ઉપર આનંદી ચહેરે બેઠી હતી, જેની સામુ ટગર ટગર જોઇ ડોનાલ્ડ પોતાની પીછીથી ચિત્ર દોરતો હતો. રૂથ આ પ્રસંગે આગળની પેઠે પાછી વહેમી બની અને છુપાઇને પોતાના ભરથાર તથા અમીરજાદીની હીલચાલ તપાસવા લાગી. આ ગેરવર્તણુક ભરેલી ચાલચલણ પેલી અમીરજાદીની નજરે પડી, જેથી તેણી પોતાને થયલું આવુ અપમાન સાંખી ન શકવે ખુરશી ઉપરથી બીલાડીની પેઠે કુદકો મારી ઉઠી, અને આ બાબે ડોનાલ્ડને ઠપકાના બે શબ્દો કહી તેણી ધિક્કાર સહીત સ્ટુડીઓ છોડી ચાલી ગઇ,

ડોનાલ્ડને આ અપમાન એક મોટા ફટકા સમાજ લાગ્યું જેથી તેણે રૂથને બોલાવી તેની આવી અવિચારી વર્તણુક માટે સખ્ત ઠપકો દઇ જો ફરીને રૂપ આવી ચાલ ચલાવે તો તેનાથી છુટાછેડા લેવાની તેણીને ભપકી આપી

છુટાછેડાનું નામ સાંભળતાંજ ભોલી પણ વ્હેમી અને અદેખી રૂથનો પોતાના મનમાં રમ્યા કરતો વિચાર વધુ મજબુત થયો અને ડોનાલ્ડ તે સ્ત્રીના પ્રેમમાં લિન થયો છે એવું ખોટું અને ઉતાવળું અનુમાન બાંધી તેણી દોનાલ્ડનું ઘર છોડી પોતાના બાપને ત્યાં જઇ બેઠી.

૫

પ્રેમી જોડું છુટું પડવાનો જખમ બંને ધણી ધણીયાણી માટે એક સરખો કાતિલ હતો રૂથના માતપિતા ડોનાલ્ડની આવી અપમાન ભરેલી ભપા માટે બહુ ખફા થયાં અને તેઓએ પોતાની વ્હેમી બેટીને શીખામણના બે શબ્દો ન કહેતાં તેણીનું આ અવિચારી પગલું પંપાળી પોતાના ધણીને ઘર નહીં જવા રૂથના વિચારને ટેકો આપ્યો.

સંસારી ખટપટનો આ બનાવ જાહેરમાં એક તમાશી સમાન થઇ પડયો અને તેને લગતા તરેહવાર ગપાટાઓ દોનાલ્ડના કાને આવવા લાગ્યા. આ સંકટથી દોનાલ્ડનું દીલ બહુ તુટી ગયું અને તેની નામના ઉપર ડાઘ લાગવા ઉપરાંત તેની ઘરાકી તુટી ગઇ. આ વાતને ૪ માસ વહી ગયા. દોનાલ્ડની સ્ત્રી રૂથે પોતાના પિતાના મહેલમાં એ અરસામાં એક બાળકને જન્મ આપ્યો હતો જે વાતથી દોનાલ્ડ જાણીતો થવા છતાં પોતાના બાળકને જોવાને કુટુંબી કલેશથી શકિતવાન નહતો. ૬ માસ બાદ ડોનાલ્ડની તબીયત બહુ નખાતી ગઇ અને થોડાક માસની માંદગી પછી તે એક વાર પાછો બીકટ સલેખમથી પટકાઇ

પડવે લંડનના નરસીંગ–હોમમાં સારવાર અર્થે ગયો રૂથનો ગમ અને તેની નબાઇ જતી તબીયતથી તેની માંદગીએ ભયંકર રૂપ લીધું, અને વડા તબિબે તેના જીવવાની આશા ઉડાવી બીજે દીવસે "લંડન ટાઇમ્સ"માં આ બાબેની નીચલી નોંધ રજુ થઇ:—

નામાંકીત ચિતારા દોનાલ્ડની ભયંકર માંદગી.

આપણા નામાંકીત ચિતારા ડોનાલ્ડની ભયંકર માંદગીને લગતી ખબર આપતાં અમને દલગીરી ઉપજે છે. આ પ્રખ્યાત ચિતારો હાલમાં "નરસીંગહોમમાં" જીંદગી અને મોતની લડાઇ લ્યે પડયો છે જ્યાંના તબિબોએ તેની જીંદગીની આશા છોડી છે."

રૂથના વાંચવામાં આ ખબર આવતાંજ તેના દીલમાં આગલો પ્રેમ ઉભરી નીકળ્યો, અને પોતાના માબાપની નામરજી છતાં તેણી તુરતજ નરસીંગ હોમમાં આવી પુગી.

૬

રૂથે વડા તબિબની મુલાકાત લીધા બાદ દોનાલ્ડની બેશુદ્ધ હાલત જોઇ પોતાના પતિનો જીવ ગમે એવા ભોગે બચાવવાની અરજ કરી, જેનાં જવાબમાં વડા તબિબે જણાવ્યું કે:—"માત્ર એકજ છેલ્લો ઉપાય બાકી છે જેમાં જો કોઇ તંદુરસ્ત પુરૂષ પોતાના જીવની દરકાર ન કરતાં પોતાનુંજ પાઇન્ટ લોહી આપે તો તેથી કદાચ દોનલ્ડ બચી શકે."

રૂથ પોતાનો ભોગ આપવા તુરત તૈયાર થઇ અને પોતે જીવે યા મરે તેની કાંઇ પણ પરવા ન કરતાં પોતાનાં શરીર માંહેથી જોઇતું લોહી કાઢી તે દોનાલ્ડના શરીરમાં દાખલ કરવાને તેણીએ વડા તબિબને એજ્જર ખ્વાહી ભરેલી અર્જ કરી. દોનાલ્ડની અજલ નઝદીક આવતી હોવાથી આ ઓપરેશન વધુ ઢીલ ન કરતાં અમલમાં મેલવાની જરૂર હતી. જેથી વડા તબિબે પોતાના મદદનીશોને બોલાવી રૂથની અર્જ એકવાર ફરીને સાંભળી તેણીનું લોહી મેળવવાને અર્થે તુર્ત ઓપરેશનની તૈયારી કરી.

એક કલાક પસાર થયો જે અર્સા દરમ્યાન રૂથના શરીર માંહેલો લોહીનો જથ્થો જોઇતાં પ્રમાણમાં કાઢી તે દોનલ્ડના શરીરમાં દાખલ કરવામાં આવ્યો. આ ઓપરેશન દરમ્યાન બને વ્હાલાંઓ બહુ ધસ્તી ભરેલી સ્થિતિમાં હતાં યાંરવા ઉપાય બાદ દોનાલ્ડની સ્થિતિ સહેજ સુધરતી જણાઇ, જ્યારે રૂથ તેનાં શરીર માંહેલો લોહીનો મોટો જથ્થો નીકળી જવે તદનજ બેશુદ્ધ અને ધસ્તી ભરેલી હાલતમાં પોતા[illegible] બીછાનાં ઉપર પડેલી હતી.

[illegible] દીવસ પસાર થયા કેડે દોનાલ્ડ વધુ સાવચેત બન્યો અને તેનાં શરીરમાં દાખલ થયલાં નવાં લોહીથી તેની તાકાતમાં વધારો થવે તેની ભયંકર માંદગીનું રૂપ બહુ મનમાનની રીતે સુધરેલી હાલતમાં ફેરવાઇ ગયું.

રૂથની હાલત વધુ નખાતી ગઇ અને તેનું હાર્ટ બહુજ નબળું પડવે તબિબોએ રૂથની હાલત બહુ બારીક થયલી વારી. બીજા બે દીવસ પસાર થયા. પોતાની ઉપર થયલાં વ્હાઢ કાપની અસરથી વ્હેમી પણ વફાદાર રૂથ ગોતા પોતાના પતિ ઉપર પોતાનો વ્હાલો અને કીમતી જાન સદકે કરતી આવી હોય તેમ પોતાનાં બીછાનાં ઉપર લાશ થઇ પડી અને પોતાની આ જીંદગી માંહેલી છેલ્લી ફરજ બહુ ઉમદા રીતે બજાવી તેણી પોતાનો જીવ કિનારને હવાલે કરી બેઠી.

વફાદારીના આ મોટા ભોગની વાત રૂથનાં માબાપને તુરત જણાવવામાં આવી હતી, જેઓ પોતાની પુત્રીની છેલ્લા બે દીવસની મોત અને જીંદગી વચ્ચેની લડત પોતાની આંખો સમક્ષ જોઇ જાણી બેહદ દલગીર થયાં. આખી હોસ્પીટલમાં આ વાત પવન વેગે ફેલાઇ ગઇ અને દોનાલ્ડને પણ તેની ખબર પડવે તે પોતાની સહેજ શક્તિ આવવે બે નર્સોની મદદ સહીત ખુરશી ઉપર બેસી રૂથના બીછાણાં નજીક આવ્યો.

રૂથે પોતાની વફાદારીથી પોતાનો જાન દોનાલ્ડને માટે ખોયો હતો એમ જ્યારે તેણે પહેલી વાર જાણ્યું, ત્યારે તેનું જીગર ચીરાઇ ફસાઇ ગયું અને પોતાનો જીવ બચાવવા માટે આવી રીતે રૂથનો જાન જોખમમાં મેલવા અર્થે તેણે બંને વડા તબિબો તરફ બહુ ગુસ્સાની લાગણીથી જોઇ પોતાની રૂથના આવા વફાદારી ભરેલા પણ અકાલ છેડા માટે પોતાના દીલમાં બહુ મોટો ગમ આમેજ કર્યો. ત્હેણીજવાર રૂથનું ૧ વર્ષનું બાળક ડોનાલ્ડના હાથમાં મેલવામાં આવ્યું, જેને પોતાની છાતી સાથે વળગાવવા પછી ડોનાલ્ડ તેના ઉપર આત્રી જાતનો ન ધારેલો મોટો બોજો આવી પડવે તુરતજ જમીન ઉપર ટુટી પડ્યો અને પોતાની વ્હાલી રૂથના બીછાણાંની નજદીક મુડદું થઇ પડ્યો. આ રીતે આ દુન્યામાં જોડાવલા આ બંને વ્હાલાઓ ગોયા એકમેક ઉપર પોતાનો જાન સદકે કરી બીજી દુન્યા માંટે પણ સાથેજ કુચ કરી ગયાં.

ગોલ પીઠાપર ગર્જના.

ઇટાલીઅન આબાદ ગાલીચા

કીફાયત ભાવે પુરા પાડવાની ખાસ ગોઠવણ કરીછે.

લાદી સર્વે માપની અને તાંદુર, શહાબાદ, નાવંગી, અને આરસપહાણની તૈયાર છે. તેમજ સફેદ, ચળકતાં અને રંગીન ટાઇલ્સ તથા તરેહવાર ગાલીચા, પેટર્નના ટાઇલ્સ, રજીસ્ટર માર્કાના માંગલોરી નળીયા, રીજીસ, કાચનાં નળીયાં, અને અસ્સલ છાપનું સીમેંટ વગેરે માલ જથાબંધ રાખેલો છે. ભાવ અને નમુના માટે લખી તાકીદે ઓર્ડર આપો.

તારનું શરનામું—"લાદી" ટેલીફોન નં૦ ૧૮૩૧

જીવનદાસ બોધાભાઇ રૂપારેલ.

સર્વે જાતની લાદી અને ગાલીચાના વેપારી.

"ખાલિસી–રમુજ."

("માસિક મિત્ર" માટે ખાસ)

(લખનારઃ—"ખાલિસ")

"મને વાંચતાં નથી આવડતું ?"

હોમી—કેમ રતન, આજે બહુ ઉનાતલમાં છે. જરા ઉભો તો રહે ?

રતન—હા, જરા એમ છે ખરૂં. મારી ઉપર આ એક કાગજ આવ્યું છ, પણ નખ્ખોદ ગયા જેને બી વાંચવા આપું છ, તે લોક કહેછ કે "બાપુ મને વાંચતાં નથી આવડતુ." હવે હું એ કોણ પાસે લઇ જાઉં.

હોમી—લાવની, હું તો જરા વાચી જોઉં.

રતન—અરે બાપુ માથું ના ખા. એ તમારા લોકથી વંચાયજ નહિ ને.

હોમી—અરે; પણ ગુજરાતી ભાષામાં લખેલું આટલું કાગળ નહિ વંચાય ? શું વાત લાયોછ. ચાલ હું નહિ વાંચું તો મારે દશ રૂપીઆ આપવા, ને વાંચું, તો તારે. આવા સમજકે ખીચમે.

રતન—તું હમણાં હુસ્યારી કરીને વંચવાતો નીકલ્યોછ, પણ એમ ના બોલતો કે "મને વાંચતાં નથી આવડતું"

હોમી—હા, હા લાવની. એમ બોલું તો દશ રૂપીઆ તારા.

રતન—પહેલાં દશ રૂપીઆ આપ ? તારો ભરૂસો કોણ કરે?

(હોમી રૂપીઆ આપે છે. રતન કાગજ આપે છે. હોમી વાંચે છે.)

રતન—કેમ બાપુ એમાં શું લખ્યું છ.

હોમી—(વાંચે છે) "મને વાંચતાં નથી આવડતું."

(રતને દશ રૂપીઆ ખીસામાં નાંખી ચાલતી પકડી.)

ૐ ૐ ૐ

"હાજર જવાબી તે એનું નામ."

એક લશ્કરી હવાલદારથી તેનાં કામમાં એક દહાડો કંઇ ગફલતી થઇ ગઇ. આથી તે લશ્કરનો ઉપરી તેની મશ્કરી કરવા બોલ્યો "બસ આખી દુન્યાના બધા હવાલદાર જમાદાર સુબેદાર, અને જેનાં નામની પાછળ "દાર" શબ્દ આવે, તે બધા મુર્ખ, ગધેડા છે, ખરૂ કેની ?"

"હા, મારા સરદાર", પેલા હવાલદારે ઠંડે પેટે જવાબ આપ્યો.

એક નાનો છોકરો પોતાનાં બાલ હોર્યાં વગર સ્કુલ આવતો હતો, એક દીવસ તેને માસ્તરે પૂછ્યું "શા માટે તું તારા બાલ હોરતો નથી

છોકરો—સાહેબ મારી પાસે બ્રશ નથી.

માસ્તર—શા માટે, તું તારા પપાનો બ્રશ વાપરતો નથી।

છોકરો—સાહેબ, તેવણુ પાસે પણ બ્રશ નથી.

માસ્તર—(અજાયબીમાં) શું તેવણુ પાસે પણ બ્રશ નથી.

છોકરો—હા, સાહેબ, તેવણુને માથા ઉપર બાલજ નથી.

"બરો અક્કલમંત"

એક દરીઆઇ લડાઇની અંદર એક સેલરને તેનાં પગની અંદર ગોળી વાગી, અને તે ભોંય ઉપર પડ્યો. તેને પોતાની પાસે ઉભેલા પોતાના એક સાથીને કહ્યું કે મને નીચે દાકતર પાસે લઇ જા. પેલા ભલા ખાનસના આસામીએ તેને પોતાની પીઠ ઉપર લીધો, અને નીચે લઇ જતો હતો, તેટલાં એક બીજો ગોળો આવ્યો, અને તે ઘાયલ થયલા સેલરનું ડોકું પોતાની સાથેજ લઇ ગયો. પેલો ઉંચકનાર આ બનાવથી તદન અજાણ્યો હતો, તેથી પેલા મુડદાને નીચે હોસ્પીટાલમાં લઇ ગયો, દાકતરે આ દેખાવ જોઇ બુમ પાડી અય મુર્ખ, આ ધડ વગરનાં આંસામીને તું કહાં લઇ જાય છે."

પોતાનો ભાર નીચે ઉતારતાં, તે સેલરે કહ્યું; શું એનું માથું નથી. સારે તો ખરેખર એ દુન્યાનો સૌથી જુઠો માણસ હોવો જોઇએ, કારણ કે એણે તો મને કહ્યું હતું કે એને તો પગમાંજ ગોળી લાગી છે.

વાડીના ભમરો.

(ગીત.)

વાડીના ભમરા, વાડી મારીરે તું નવ વેડતો, (ટેક.)
ભમરા, દ્રાક્ષ મીઠીરે મારા બાગની,
ભમરા, અમૃત સરખી અથાગરે. વાડીના ભમરા.
ભમરા, ચારૂ રસિલાં ફળ ચાખતો,
ભમરા, મ્હોટાં છે તારાં એવાં ભાગ્યરે, વાડીના ભમરા.-૧
ભમરા, ચંપા-ચંમેલીને તું ચુંટતો,
ભમરા, ગમતાં ખિલેલાં ગુલાબરે વાડીના ભમરા.
ભમરા, લાગ જોઇને રસ લુંટતો,
ભમરા, બાગમાં શો છે તારે બાજરે વાડીના ભમરા.-૨
ભમરા, રાયણ, આંબા જોઇ રીઝતો,
ભમરા, પ્રેમથી ચુસતો પરાગરે વાડીના ભમરા.
ભમરા, મધુરના ચાખી લેતો મ્હોરની,
ભમરા, લુંટતો જોઇને લાગરે. વાડીના ભમરા -૩
ભમરા, માળી આવીને તને મારશે,
ભમરા, વારસે તને મારા વીરરે. વાડીના ભમરા.
ભમરા, ઉછરંગી અહિં તહિં ઉડતો,
ભમરા, હોંશે ચુશતો ફળ હીરરે. વડીના ભમરા-૪
ભમરા, ગણુ ગણુ કરી ના ગણકારતો,
ભમરા, શો છે તારો એવો સ્વભાવરે. વાડીના ભમરા.
ભમરા, ચોરી કરીને રસ ચુશતો,
ભમરા, રંકડી કરૂં હું કયા રાવરે. વાડીના ભમરા-૫
ભમરા, મનમાં ગમે તને આ માલતી,
ભમરા, કમળોમાં થઇશ તુતો કેદરે. વાડીના ભમરા.
ભમરા, કેદમાંહિયો કોણ કાઢશે.
ભમરા, ખચીત તુ પામીશ ખેદરે. વાડીના ભમરા -૬
ભમરા, ચેતીને કમળોથી તું ચાલજે,
ભમરા, લેસ સ્વતંત્રનો સ્વાદરે વાડીના ભમરા.
ભમરા, રસના લોભે કરી તુ દીઝાતો,
ભમરા, તખમાથી તજી દે તું નાદરે. વાડીના ભમરા-૭
ભમરા, સંતોષ રાખવાનું શીખજે,
ભમરા, લોભ ન- રાખજે લગારરે. વાડીના ભમરા.
ભમરા, સુર્ય આથમતા સંભાળજે,
ભમરા, હોંધી લેજે ભવાની સારરે. વાડીના ભમરા-૮

ભવાનીશંકર નરસિંહરામ કવિ.

રમુજી ટુચકા.

(લખનાર—Amateur.

બધુંજ ભાગ્યું તુટું.

મીસીસ—ડીયર જોની, તારી પાસે બધુંજ ભાગ્યું તુટું છે. આ કપસોસર જો એની ઉપરથી તરસ પરેલી છે.

હોમી—ખરેખર ડીયર, મારી પાસે બધું ભાગ્યું તુટું છે એમ તેં આજેજ જાણ્યું, પણ હું તો અગાઉથીજ જાણુંછ તારોજ દાખલો લેની, તારાં કાતર્યા માંથી તરસ તેથી મને અગાઉથી મલૂમ હતી.

નોટ—(મીસીસે ખાધા વગર જી કાપી છે!)

ૐ ૐ ૐ

કાંઈ સમજ પડી કે?

રૂસી—(કુંવારો) કેમ ભાઇ વરી આજે વાસની દાળના જેવું મોઢું કરીને કેમ બેઠો છ વરી ભાભી સાથે વઘેરાયુંછ કે!

મેહલી—(પરણેલો ભાઇ) યાર શું કેહું આજે મારી જર બહાર ગઇછ તે આવતી હશે અને વરસાદ કેવો જોરમાં પડેછ.

રૂસી—તું થી શાનો બળાપો કરેછ કોઇ દુકાનમાં થોડો વાર ઉભી રહેશે અને પછી આવશે.

મહેલી—દીકરી તેજ મનેથી ધારતી છે કે રખેને દુકાનમાં જાય અને કચરો ઘસડી લાવે. હવે બીલો આપતાં ટાલકાથી ઘસાઇ ચાલી.

ૐ ૐ ૐ

કમબખતી.

તેણી—ડીયર આપણે હવે ડાન્સ કરીએ કે વાતજ કરીઆ કરીએ.

તે—મારાં કલેજાં, હું હવે થાકી ગયો છે, માટે જરા રેસ્ટ લેવા ડાન્સ કરીએ.

(સમજે તેનું મોત.)

ૐ ૐ ૐ

ખરો અકલમંદ.

બુચો—માયજી માયજી આપણા મહોલાને નાકે લાયબ્રેરી હતી તે બંધ કીધી.

માયજી—કાલે તો ખુલ્લી હતી ને વળી શું થયું. વાય! વાય! મુવો નવો નીસપીટર આયોછ તે મુવો રોફ કરેછ તેટલો થોડો.

બુચો—પણ એમ કેછ કે ડીકશનરીમાંથી તેણે "મેલેરીઆ" બોલ શોધી કહાડયો તે બસ કહે જે બંધ કરો.

ૐ ૐ ૐ

સેરને માથે સવાસેર.

પાટલી પીરપાંઉઃ— ડાકતર સાહેબ જો તમે ઇનસલ્ટ નહી લેઓ તો મારો વિચાર છે કે તમારું બીલ હમણાં રોકડેથી નહીં આપતા મારા વીલમાં તમુને મોટી રકમ આપી જાઉં.

ડાકટરઃ—સાહેબ તમો ઇનસલ્ટ નહીં લેઓ તો જરા મને પ્રીસક્રીપશન પાછું આપો. હું જરા બદલીને આપું.

ૐ ૐ ૐ

કાતર્યાના વાંધા.

એક ફંડના ટ્રસટી પાસે એક ગરીબ માણસ પોતાના એક ગરીબ સગાને ધર્માદા ફંડના પૈસામાંથી કબરસ્તાનમાં દાટવાને માટે અરજી લઇને ગયો હતો.

પેલા ટરટીએ તેને નીચે મુજબ ચીઠી લખી આપીઃ—

મી—ને માલમ થાય જે આ ચીઠી લાવનાર ગઇ કાલે યાને સોમવારે મરણ પામ્યો છે તેને એક કોફીન મુફત આપજો.

ૐ ૐ ૐ

નવો નુસકો.

લેખકઃ—યાર શું કહું આજ કેટલો વખત થયા બસ મને ઉંઘજ નથી આવતી ને મારા લખાણોનોજ વિચાર આવ્યા કરે છે કાંઇ ઉપાય નહીં કહેો.

દોસ્ત ઉપાય તો તારી પાસેજ છે. જો મારું માને તો તારાં લખણો લઇને વાંચવા માંડ કે તરતજ ઉંઘ આવશે.

ૐ ૐ ૐ

મગજ શક્તિ સાથની બહાદુરી.

તેણીઃ—તમોએ મારા હાથની માગણી કીધીછ પણ મારે જણાવવું જોઇએ કે મને મારા ધણી તરીકે એક બહાદુર અને સાથે મગજ શકતી વાપરે તેવો માણસ જોઇએ છે.

તેઃ—વેલ ! હું ધારૂંછ કે મારામાં બેઉ ગુણો છે.

તેણીઃ—અરે હા ! હું કબુલ કરૂંછ કે તમો બહાદુર છેઓ. કારણ કે તે દહાડે મારી હોડી ઉંધી વળી ગઇ અને મારી જીંદગી તમેજ બચાવી હતી. પણ તેમાં તમારી મગજ શકિત શું, બતાવો.

તેઃ—એક્સક્યુઝ મી પણ તે બોટ મેંજ ઉંધી વાળી હતી.

ૐ ૐ ૐ

ફીલસુફી ભેજું.

ડાકટરઃ—મી. કોરોનર આ વરસે હું ધારૂંછ કે પુસ્કળ મરણો નીપજ્યાં છે.

કોરનરઃ—તે હું કેમ કહું; પણ મેં એટલું તો જોઇ લીધું કે આ વરસે જે લોકો મરી જાય છે તે લોકો પહેલાં કદી મરેલાં નહીં હતાં.

કેવો હીસાબ.

માસ્તરઃ—સોલી, ચાલ બોલ. આ ટેબલ પર ચાર માખ હોય ને હું એક મારી નાંખુ તો કેટલી બાકી રહી.

સોલીઃ—(ઉ. વ. ૬.) સાહેબ એકજ રહે, કે જેને તમે મારી નાંખી તે.

ૐ ૐ ૐ

બાપ તેવા બેટા

સોરાબજી સીકંદરનો છોકરો નીશાળે મોડો ગયો તે મહેતાજી સાથે નીચે મુજબ વાતચીત થઇઃ—

મહેતાજીઃ—"કેમ પાલી આજે સહવારે કેમ નહીં આવ્યો અને હજી બી હમણાં કેટલો મોડો આવ્યો"

પાલુલીઃ—"સાહેબ, હમારી પછાડે ના ઘેરામાં ચોરી થઇ ને મારા બાવા ઘેરમાં નહીં હતા તેથી મારી માયે મને ચોકી ઉપર જોવા મોકલેલો કે બાવા ત્યાં છે કે ?"

Amateur

"અંતે ભૂમિમાં મળિ જવું છે."

Dust thou art, to dust returnest
Was not spoken of the soul. Longfellow.

ગઝલ—જગતના દુઃખી આગઓ, વળી જે સુખ લેનાર;
મળ્યા મૂકી દઇને માન, રંક કે રાય કેનારા.
સીકંદર ને અલાઉદ્દીન, બોનાપાર્ટ ને બીજા,
મૂકીને રાજ્યો લક્ષ્મીઓ, થયા છે સાથી માટીના
ગુણીઅલ શાહ અકબર જે, વળી જે ક્રુર જંઘીસખાન,
થયા વાસિજ ભૂમિના, ભલે આરોહતા આસન.
કરણ દાનેશ્વરી જેવા, વળી અર્જુન બાણાવળી,
ભલાઓ ભોજને વિક્રમ, ગયા છે ગર્દમાં એ મળી.
અહંકારી દુર્યોધન, રાવણ જે લંકેશ્વર અરે,
મૂકીને અર્વ પરતાયા, ઘસીને હાથ તેઓ મરે.
ભલે કોકીલ કંઠીઓ, શોભાવતી ઝરૂખાઓ,
અરે ! હાય ! સહુ તેઓ, મળી ગઈ સાથે માટીઓ.
ધનિકોને ગરીબો સહુ, વળી સાધુ અને પાપી,
ધનંતર વૈદને દર્દી, થયા સહુ એ જમીનવાસી.
ભલે ભોગવતા ગાદી, ભલે ફરતા મોટરગાડી,
જવાનું છે નક્કી આપણે, થઇ પુણ્ય પાપના સાથી.
સુવું છે ભૂમિના ઉદરે, મૂકી સહુ માલને મિલ્કત,
પ્રભા કહે છે છતા માનંવો, છતી આંખે બને છે અંધ.

VOL. 5 { "MASIK MITRA" } No. 52
OCTOBER 1915.

EDITORIAL COLUMNS

The Tobacco Evil:

In our last Number we referred to the burning question of Tobacco Evil which has just sought refuge in our community. Those who are living in Bombay find smoking now very common among Parsee youngsters.

Instead of going to the *Atashbehram* in the early morning to bow to the sacred Fire kept burning for ever inside, they are now found defiling the very relic which our forefathers came to preserve in this strange land. It seems to us as if our forefathers brought it here to last for not more than twelve centuries or so. We hope not therefore to leave this matter which is under our serious consideration, till we have arrived at a fair solution.

Our foremost argument is: The Parsees are now-a-days busy amassing wealth, they now pay no need to matters religious and study no sacred text, are slowly forgetting the time-honoured customs like those of Baj Rojgar, Muktad and others, have almost forgotten to revere the sacred Fire installed ever since we landed here, are developing no new virtues among them even after having been educated along the western lives; in a word they are living to-day simply on their past glory and past traditions. Just then they are keen on introducing new evils like that of *Smoking*—for smoking we dare say is an evil of the first water. The Parsees again are

known all the world over as the only community that has abstained so long from smoking. We ask then why they turn a deaf ear to our warning given more than once. Leaving aside sentimentality and also sensitiveness, we charge our brethren why they should teach our innocent youngsters how to set aside virtues and cultivate habits which in the long run are sure to ruin our race. We only draw a gloomy picture here, because we cast a forward glance on the future of the Parsees, which every true-born Zoroastrian wishes to find brighter and brighter. We suggest that there should be formed a committee of some prominent priests and learned laymen to inquire into this matter and lay down certain rules for the guidance of the rising generation. The doors of our sacred places must surely be closed against mischief-makers of this type. We do hope the series of articles in the *Masik Mitra* on " Tobacco " will sufficiently clear, with sound arguments from the able writer, all doubts and hesitation on the part of our readers and they will one and all try to guide others on the right path and earn untold blessings from the misguided members of the needy community.

The presidency Match Poona: Last Day.

I

The Day is all bright,
The ground is quite tight;
Players are all right;
There is a nice sight.

II

When the ball goes t' a height,
'Tis is a lovely sight;
As if 'twere a small kite,
Or a tiger's fierce bite.

III

O have some refreshment light,
When the batsman shows his might;
He seems indifferent quite,
To bowlers brown, black or white.

IV

Aye, we'll dream one dream to night,
Of the day's all rarest sight.

M. P.

Students' Columns

Need of a Parsee " Bible ".

It has been emphatically said that the Great War has given a great impetus to the East and that Asia is rising to a new day. While such is the case with almost all the communities of India, it is regrettable to find that Parsees are slowly forgetting their Faith and are *sinking* morally, physically and religiously. At a meeting of the Y. M. C. A, the chairman, our popular Governor himself, remarked that no national, no community could ever live **without religion.** Parsees are too fond of sending our children for their education to Convent Schools. But we cannot help asking the parents as to what arrangement they have made for the development of their soul and spiritual uplift. The voice of the prophet of Iran is heard in the little hearts of our innocent children, whose parents at the *cost of our Religious lore, give them only a smattering of the* **English language.** We have to appeal to such parents and guardians again and again to put into their hands a readable Parsee " Bible ".

Help ful Auto-Suggestions.

In one of the recent, numbers of ' The Harold of The · Golden Age' Mr. C. D. Larson gives the following beautiful helpful auto-suggestions:—

I will become more than I am.

I will achieve more because I know that I can. I will recognise only that which is good in myself, only that which is good in others. When adversity threatens I will be more determined than ever in my life to prove that I can turn all things to good account.

I will wish only for that which can give freedom and truth which can add to the welfare of the race.

I will speak to give encouragement, inspiration and joy.

I will work to be of service to an ever increasing number; and my ruling desire shall be to enrich, ennoble, and beautify existence for all who may come my way.

A. K. D.

Sayings of the War

By:—"Khalesh" (Naosari.)

There are no politics in the army.—Eart Stanhope.

A soldier may be born, but he also has to be made.—Arnold Hills.

We must all wish to serve and honour Russia, which is keeping glory over a thousand miles.—Lord Rosebery.

The work of the country must come first, because unless it does, there will be no country left worth working for.—Lloyd George.

No nation has more swiftly increased in efficiency, in discipline, in power and skill, during the war than the French Nation.—Sir W. Robertson Nicoll

Our countrymen have rarely any passion for fighting for its own sake, but they have a passion for finishing a job, and on that they will never weaken.—John Buchan.

At the front we do not think very much when the war will end. We only think "When will people in England wake up and give us the guns and the ammunition that we required."—Lord Stalbridge.

I don't see that it is any more undemocratic to requisition a man's labour than it is to requisition horses, cattle, sheep, hay, straw, vehicles, and everything else which has been requisitioned since the war began.—Lord St. Davids.

There is no need to talk about conscription. It is unnecessary to talk about compulsion, because nine hundred and ninety-nine men out of every thousand are quite ready to do what is required of them the moment they are told what they should do.—The Bishop of Pretoria.

Tobacco--a Pestilential and Ruinous Habit:

Its use a disgrace and its display a deliberate insult.

(CONTINUED FROM OUR LAST NUMBER)

By:—Dr N. B. Bharucha, Naturo pathist (Bombay.)

An atmosphere contaminated with the deleterious fumes of burning tobacco is utterly unfit for respiration. Every person who respires such an atmosphere, whether willingly or unwillingly, is sure to have her or his blood poisoned with the virulent nicotine and pyridine in the smoke. I

daily see women calmly submitting, without a word of remonstrance or protest, to the gross indignity of having puffs of tobacco—smoke blown into their nostrils by their ill-mannered male escorts while driving or promenading on the public thorough-fares and streets of this city. Tobacco smoking in public places is a direct and flagrant invasion of the 'inalienabl rights' of every citizen to breathe and enjoy fresh air, uncontaminated by poisonous, unhealthful and offensive odours The right to breathe uncontaminated air is a natural right which belongs to every human being. It is a right which cannot justly be taken away The right to protect one's rights by force, if need be, against invasion by smokers is an inherent right. Non-smokers and abstainers from the weed are fully justified in the insistent assertion of their natural and legal rights to suppress this most persistent and abominable nuisance.

A fellow who is inured to the smoking habit is more annoyed at being compelled to consult the preferences of others about not smoking than about anything else which arises in social intercourse and he takes little pains to conceal his irritability and impatience with non-smokers who insist that their rights be respected by smokers and chewers of the malodorous weed. Although there can be but little difference between a smoke-cured hem of a hog and the flesh of a human hog who smokes, it is, neverthless, declared by travellers that cannibals refuse to eat the flesh of smokers. The nicotine in such meat is even too much for cannibals. If the porcine family should become addicted to the filthy tobacco habit and chew, spit and smoke, where is the human tobacco fiend who would eat the flesh of tobacco-fed swine?

I shall now give the views of medical and other well-known men regarding the use of tobacco As a presumed prophylactic or preventive of disease, tobocco is a common resort among shallow-minded medical men, especially during epidemics of malignant infectious diseases. On entering a quarantine hospital, inexperienced doctors are wont to " fortify " themselves with a cigar, a chew of tobacco, or a glass of brandy. Nothing could be more preposterous and absured than such practices on the part of medical men who should know better. In writing upon the alleged prophy lactic powers of tobacco, Henry Gibbons, M. D., Professor of màteria medica in Toland Medical College and editor of the Pacific Medical and Surgical Journal, has this to say " The writer had an opportunity of witnessing the efficacy of this protective agent in the Philadelphia alms-house during the prevalence of a cholera epidemic. A number of medical attendants who sought protection in the cigar fell victims to the desease, although it prevailed only to a moderate extent. The cigar attracted the malady.

શકાતું નથી ત્યાં એક કાગળનો ટુકડો જઇ શકે છે, અને વર્તમાન પત્રવાળાઓને આપણાથી બની શકે એટલી ખબરો પુરી પાડવાની આપણી આઇનફરજ છે." થોડીક મીનીટો સુધી તે પેનસીલના ઘસાવાથી થતા અવાજ સીવાય ત્યાં બીજો કોઇએ અવાજ સંભળાયો નહીં, કે જે પેનસીલ તે માણસો તરફનો છેલ્લો પેગામ લખતી હતી, કે જેઓનાં કપાળ ઉપર અત્યાર આગમજની મોતની મોહર પડી ચુકી હતી. તેઓ ત્રણે જણા ટ્રેવર્સને ભુલી ગયા હતા, અને તે છતાં જે ઘડીથી તેઓએ વાતચીત કરવા માંડી હતી, ત્યારથી તે જાગૃત થયો હતો, અને તેઓની વાતચીત સાંભળતો હતો. હવે તે પોતાના હાથનાં ગુઠણનો ટેકો લઇ ઉઠી બેઠો હતો.

"નીકલસન !"—તેણે નબળે સાદે કહ્યું

નીકલસન ફર્યો, અને તેની નજદીક ગયો. "હલો !"—તેણે કહ્યું. "તમે જાગૃત થયા કે ? તમે કેમ છો ?"

ટ્રેવર્સે તુરત કાંઇ ઉતર કર્યો નહીં; તેણે પોતાના તાવથી બળતા હાથમાં નીકલસનનો હાથ પકડયો. અને તેને પોતાની વધુ નજદીક ખેચ્યો. "હું ભારે દુઃખમાં છું,"—તેણે કહ્યું, "તમારે અનજાણપણાનાં ઢોંગ કરવાની જરૂર નથી, હું જાણું છું. આજે આખા દીવસથી મોતના ખ્યાલથી હું ધ્રુજી રહ્યો છું, હમણાં હું ડરતો નથી. આશા જેવું કાંઇજ નથી કે ?"

"તમે આપણે વાસ્તે—કહો છો કે ? કાંઇજ નહીં"

ટ્રેવર્સે માથું હલાવ્યું. "તમને વાત કરતાં મેં સાંભળ્યા હતા, મગર હું ખાતરી કરવા માગતો હતો. એમાં સઘળો કસુર મારો હતો.—જરાક જરાક. મારાં દુઃખમાં તેમ બોલીને તમે વધારો નથી કરતાં, એ તમારી લાયકી છે. તેણીને—તમે બદનામ ના કરતા. તમે જાણો છો કે મેં તેણીને લલચાવી હતી, મને મદદ કરવાને મેં તેણીને ઉશ્કેરી હતી. એ માટે તેણી જવાબદાર નથી જો કાંઇ પણ હોય તો, તેણીએ તો પોતાનું દીલ ખુલ્લું કરી દીધું હતું—જે તેણીને માટે કાંઇક શોભા આપનારૂં છે. હું તેમ કરવા માગતો નહતો—તેમ કરવાનો મેં કદી વિચાર વટીક કર્યો ન હતો જે લોકો પશ્ચાતાપ કરે છે, તે જાતનો હું નથી. મગર આ છેલ્લાં અઠવાડયા દરમીઆન તમે એટલી તો માયા દેખાડી છે, અને નાનકડી લોઇસે એટલી બધીતો હીમત દેખાડી છે. તેણીએ તો મને ધીઃકારવો જોઇતો હતો-અને કદાચને તેણી તેમ કરતી પણ હશે—છતાં તેણીએ પોતાથી બનતું કર્યું છે. નીકલસન, તમે સાંભળો છો કે ? હું જે કહું છું તે તમે સમજી શકો છો કે ? એ વિષે બોલવું મારે માટે અત્યંત મુશ્કેલ થઇ પડયું છે."

"હું સમજી શકું છું,"—નીકલસને માયાથી કહ્યું. "જેનો ઇલાજ થઇ શકતો ન હોય, તે બાબે ફોકટમાં ગમ ના કરો" આ સઘળું છતાં, તે મર્દની તેને દયા લાગતી હતી, અને તે તેની બોલવાની ઢબ ઉપરથી જણાતું હતું.

નીકલસનનાં ખભાનો ટેકો દઇને ટ્રેવર્સ વધુ તડો થયો. તે અચકીઅચકીને ખોખરે સાદે બોલવા લાગ્યો, 'મગર તેનો ઇલાજ થઇ શકશે—તેનો ઇલાજ થવોજ જોઇયે ! તમે જોતા નથી—હું ખાસ મતલબથી તમારી અને લોઇસની વચ્ચે આવ્યો હતો. જે વારે પહેલ વહેલા તમે તેણી વિષે બોલ્યા હતા, તે વારેજ મેં જાણ્યું હતું કે, તમે તેણીને ચાહતા હતા—અને હું તેણીને મેળવવા માંગતો હતો. તમારો પેગામ મેં તેણીને કદી પોંહચાડ્યો હનોજ નહીં. તેમ કરવાની મે

હીંમત કરી ન હતી. તમે એક એવી જાતના મર્દ છો, કે જેઓ મારે ઓરતો આરજુ કરે છે—લોઇસના જેવી ઓરતો મરી રીટે છે. તે જોખમ હું માથે ઉઠાવી શકયો નહીં. મગર હવે—વેલ, મારૂં આવી બન્યું છે, અને તે પછીથી તેણી છુટી થશે—"

નીકલસન તોરમાં પાછળ હઠયો, "તમે વહીઆત બકવો કરો છો,"—તેણે કાંઇક કરડા સાદે કહ્યું. -તમને મરી ગયલા જોવા કોઇ માગતું નથી—અને મરા બાબમાં, તમે સારી રવેસે જાણો છો કે આ ઝંપાઝપીમાંથી જીવતા છટકી જવાનો અમારે માટે કાંઇએ સંભવ નથી."

ટ્રેવર્સે તેનો હાથ પકડયો. તેની આંખ્યો દર્દમંદ ઉશ્કેરણીથી ચમકી રહી હતી "હા-હા! તે અચકી અચકીને બોલ્યો. "એક સંભવ છે-એક ખાત્રી પુર્વક આશા છે હું તમને બચાવી શકીશ; હું બદલો વાળી શકીશ. તેજ હું માગું છું. માત્ર તમારે મને મદદ કરવી જોઇશે હું મોતને કંઠે આવેલો એક મર્દ છું, તાબડતોબ-તે રાજા સાથે મારો મેળાપ કરાવવાને હું તમને કહું છું. તેની સાથે માત્ર પાંચજ મીનીટ-તેટલી પુરતો થઇ પડવે. અને ત્યારે તે તમને જવા દેશે તે જરૂર તેમ કરશેજ!"

તેની બાથમાંથી નીકલસન દ્રઢતાથી છુટો થયો. "તમારી શકિત વિષે તમે અજાતિયે કિંતિ કરોછો"-તેણે કહયું,-"અને વળી જે કરવા તમે કહો છો, તે બની શકે તેવું નથી."

તે ઉઠી ઉભો થયો, અને ત્રેવર્સ શ્વાસ લેવાને વળખાં મારતો પછડાઇ પડયો. નીકલસન પાછો મેજ આગલ ગયો. તે કર્નલે પોતાનું લખાણ પુરૂં કર્યું હતું, અને હવે તેણે તે કાગળ પોતાનાં ગજવામાં સેરવી દીધો. "વખત લગભગ થવા આવ્યો છે,"- તેણે કરડાઇથી કહયું. "સોનડર્સ, તમે તે બાનુઓને હયાં લાવશો? આસરે અર્ધા કલાકમાં ન્યોફ્રીસ બે સ્ત્રેયર્સ લઇને હયાં આવી પહોંચશે, ત્રેવર્સ અને મીસીસ કેરીને માટે. એ ગોયા તેઓ ઉપર ફ્રોકટમાં ઘાતકીપણું ગુજારવા સમાન જણાય છે; મગર તેમ કરવાની આપણી ફરજ છે."

ઉત્તરમાં સોનડર્સે સલામ કરી, અને બારણા ઉપર ટકોરા મારી તે માહેલા ખુણામાં દાખલ થયો. પાછળ રહેલા તે બે મર્દોએ એક બીજા સામે જોયું. કર્નલ કારમાઇકલે પોતાનો હાથ લાંબો કર્યો. "આપણે હમણાજ છેલ્લી સલામ કરી લઇયે તો ઠીક, નીકલસન," તેણે કહયું. "તેઓની સમે જો આપણે તેમ કરીશું, તો ફ્રોકટમાં તેઓ ગભરાઇ જશે. અને માત્ર છેલ્લી એકજ વખત તમારી સાથે હસ્ત મેળાવ કરવાને મને ગમે છે. અમો સઘળાંના તમો એક ઉત્તમ મિત્ર પુરવાર થયા છો. તમારા કરતાં કોઇ વધુ સારો મર્દ મારી જોડમાં હોય એમ હું ઇચ્છી શકતો નથી. ખોદા તમને સલામત રાખે, જોન. "

"ખોદા તમને સલામત રાખે, સાહેબ" તે એક લાંબો હસ્તમેળાપ હતો. ટ્રૅવર્સે તે જોયો, અને તેની કાવાદાવાથી ભરપુર આખી જીંદગી, કે જેનો હવે ઉતાવળે અંત આવતો હતો, તેમાં આ પહેલીજ વાર તેના અટુલા પડેલા આત્માને પશ્ચાતાપનો ડંખ લાગ્યો મિત્રાચારી ભર્યો એક હાથ તેની તરફ કોઇ પણ લંબાવનાર નહતું--કોઇ એક જણ વકીક નહીં. મનની વેદનાથી તેણે એક એરો નીશસો નાખ્યો, મગર તેની ઉપર કોઇનું ધ્યાન ખેંચાયું નહી. તે ચારે બાજુએ ત્યાં દાખલ થઇ, મીસીસ કારમાઇકલ તેઓની હરોળમાં ચાલતી હતી. છેલ્લાં બે અઠવાડીયાંઓએ તેણીની ઉપર પોતાની અસર કરવામાં બાકાત રાખી નહતી. તેણીના ગાલોમાં ખાડા પડી તે ફીકા મારી ગયા હતા; મગર તે

ણીની આંખો અને રીતભાત અંસલના જેવીજ હીંમતવાન હતી.

" તમારી સઘળી યોજનાઓ અમોએ સાંભળી છે, જ્યોર્જ,"—તેણી શાંતીથી બોલી,—"અને તેને માટે અમો તદન તૈયાર છીએ. અમારામાંથી કોઇ એક, જણ વટીક ફોકટનું ગોખ્યારૂં કરનાર નથી. જો કાંઇ પણ અમારેથી બની શકે તેવું હશે, તો અમો તેમાં મદદ કરીશું. "

કર્નલ કારમાઇકલે ડોકું હલાવ્યું. કદાચને તે પળે જુવાન બોલવી તેને માટે મુશ્કેલ થઇ પડી હશે. તેણે ખખાર માર્યો, અને તેનાં ભવાં ચઢયાં " હું જાણું છું, વાહાલી,"—તેણે કહ્યું " તમો સઘલાં ઘણાંજ હીંમતવાન બાનુઓ છો હું કાંઇ ઝાઝી આશા આપી શકતો નથી; મગર અમારેથી બનતું સઘળું અમો તમારે માટે કરીશું. એક મર્દ જેવી ઓરતો માટે પોતાની જીંદગી જોખમમાં નાખવાને તૈયાર થાય છે, તેવી ઓરતો તમો છો ". તેઓએ એક બીજાનાં હાથો દાબ્યા. આ બે વૃધ્ધ લડવૈયાઓની છુટાં પડતી વેળાની આજ માત્ર એક હેતભરી ક્રીયા હતી, અને ખુદ તેની શાતી અને મજબુતીમાં તેઓની લાગણીઓનું માપ સમાયલુ હતું. નીકલસને લોઇસ તરફ નજર કરી. તેણીનું માથું સહેજ નમેલું હતું, અને તેણીના રીકકા ગાલ ઉપર તેણે એક આંસુ ચળકતું દીઠું; મગર તે જાણતો હતો કે તેણી બીહતી નહતી. તેણે તેણીના હાથને હાથ લગાડયો. તેણીએ તેની તરફ જોયું અને મોંહ મલકાવ્યું. તેઓની પણ આ છેલ્લી સલામ હતી, એક શબ્દ વનાની છતાં સંપુર્ણ, તે એકવાર ફરીને તે કર્નલ તરફ ફર્યો.

" કોઇ આવતું હોય એવો મને અવાજ સાંભળાય છે, "—તેણે કહ્યું. "કદાચને જ્યૉર્ડીસ સ્ટૅયર્સ લઇને આવ્યો હશે. હું બારણું ઉઘાડું ? "

કર્નલ કારમાઇકલે તુરત ઉત્તર કર્યો નહીં. ગોયા તે ધ્યાનથી સાંભળતો હોય તેમ તેણે ડોકું ઉંચુ કર્યું. " મને પગલાનો અવાજ સંભળાય છે,—આખરે તે બોલ્યો, —" મગર તે જ્યૉર્ડીસનાં પગલાંનો અવાજ નથી. હજી ઘણું સકારૂં છે."

તે નાના ઓરડામાં એકઠા મળેલાં નર નારીઓએ એક બીજા સામે જોયું. એક થંડી ફુંક માફક એકાએક વગર કારણે અને વગર વિચારે તેઓનાં દીલમાં વેહમ ઉત્પન્ન થરો. બાહેરની શાંતીમાં કોઇના આવી પહોંચવાનો તેઓને અવાજ સંભળાયો, કે જે અલગે મગર ઉતાવળે પગલે ચાલતું હતું. તેઓએ જાણ્યું કે તે કોઇ ઇંગ્રેજના પગલાંનો અવાજ નહતો. કુદરતી પ્રેરણાથી સઘળાઓના ચેહરા બારણા તરફ ફેરવાયા, અને મર્દોએ પોતાની રીવોલવરો ઉપર હાથ નાખ્યા. તે પગલાં સંભળાતાં બંધ પડયાં, અને એક પળ પછી તેઓએ ધીમા પણ ઇસ્સાબરી રીતે બારણા ઉપર ટકોરા પડતા સાંભળ્યા, નીકલસને તે કર્નલથી. તરફ જોયું.

" હું બારણું ઉઘાડું?—તેણે ધીમેથી પુછ્યું.

" એ કોણ છે?"—કારમાઇકલે સવાલ કર્યો.

કાંઇએ ઉત્તર મળ્યો નહીં. એકાએક મક્કમ મન કરી નીકલસને બારણાં ઉઘાડી નાંખ્યાં, અને ત્યારે એક ઉંચો, તેઓએ કદી નહીં જોયલો એવો આકાર તે બારણાંમાં આવી ઉભો. તેનાં માથાં અને ખભાં ઉપર એક સુફેદ દુપેટો વીંટાલેલો હતો, કે જેથી કરીને તેનો ચેહરો લગભગ ઢંકાઇ ગયો હતો. " તમે કોણ છો ?"—તે કર્નલે ફરીને પુછ્યું. તે સેહજ વાંકો વળ્યો હતો, અને દબાવેલા ગુસ્સાને લીધે તેનો સાદ ચીચવાતો હતો. ત્યાં એક પળ ચુપચુપણું

આગટી તીકળ્યું. તે પછી તે દુપટ્ટો પાછળ હટાવી નાખવામાં આવ્યો અને તે જમીન ઉપર સરી પડ્યો. તેઓએ તેને તુરતજ પીછાણ્યો, અને એક ચીચ્યારી જેવા અવાજ નો પડઘા તેઓને સંભળાવા લાગ્યો. ટેવર્સ તડો થયો, અને તે શાંત હાલચાલ કર્યા વનાના આકાર તરફ ફાટેલે ડોળે ટીકવા લાગ્યો. તે સીવાય, નતો કોઇ હાલ્યું, કે નતો કોઇ બોલ્યું. તે નાનો ઝમેલો દીઘ-મુઢ બની ગયો હતો. તેઓને મોઢે મોઢું આવી મળનાર મર્દ નીહાલસીંગ હતો.

પ્રકરણ ૩૦ મું.

તેના પોતાના જાતભાઇ.

ગોયા એક જમાના તક ત્યાં તે ચુપકીદી ચાલુ રહી હોય એમ તેઓને લાગતું હતું. તે પછી નીહાલસીંગે પોતા પાછળ બારણું બંધ કર્યું, અને ઓરડાની વચ્ચે મળેલી મેજની આગળ આવી તે ઉભો. જે ચહેરાઓ તેની તરફ ફેરવાયલા હતા તેઓ ઉપર તેણે ધીરેધીરે નજર કરી. તેણે પહેલે બીએટ્રીસને દીઠી, અને એક લાંબી પળ સુધી તેણીને સલામ આલેકુમ કર્યા વના તેણીની તરફ જોયા કર્યું મગર તે વેળાએ તેના દેખાવમાં એવો તો ગુંચવાડા ભર્યો, સમજી નહીં શકાય એવો ફેરફાર થયલો હતો, કે જેથી તેણીના ગાલો ઉપર લોહી ધાઇ આવ્યું. તેણીએ પણ કાંઇએ ઇશારત કરી નહીં, અને તેની શોધ કરતી આંખ્યો આગળ વધી, અને આયંદે તે નીકલસનના ચેહરા ઉપર પડી. તેણે નમન કરતાં ગંભીરાઇ પોતાનું માથું નમાવ્યું.

"તમારે ગભરાવાની કાંઇ જરૂર નથી," તેણે ધીમા શાંત સાદે કહ્યું. "હું એકલોજ આવ્યો છું."

તે જાદુઇ અસર તુટી ગઇ. ત્યાં સામાન્ય હાલચાલ થઇ રહી. કર્નલ કારમાઇકલે પોતાના ખભાં તટાર કર્યા. "આં આવવાની હીંમત કરવા કાજે તમો એક બાહદુર મર્દ છો" તેણે કહ્યું "મને અજાયબી ઉપજે છે કે, અમારા પોહરેગીરોએ તમને વીંધી કેમ નથી નાંખ્યા."

નીહાલ ઝીકકું હસ્યો. "મીરતમાં જે રસ્તાઓ અને ભોંયરાઓ છે, તેની તમને કાંઇએ માહીતી નથી,"–તેણે કહ્યું.

"આ આગમજ જો તમે તેનો ઉપયોગ કર્યો હતે, તો તમે તમારી ઘણી મહેનતનો બચાવ કરી શકતે,"–આ તેને મળેલો કડવાશ-ભર્યો ઉત્તર હતો.

"તમારી–સામે હું જમીનના પેટામાં લડાઇ ચલાવતો નથી." બીજી વેળાએ તે નીકલસન તરફ ફર્યો. "હું તમારી એક માહી-ને પાત્ર છું,"–તેણે કહ્યું. "જ્યારે તમે તે દેહડાંમાં મારી આગળ આવ્યા હતા, ત્યારે મેં તમને તાણો માર્યો હતો. તમે જે કહ્યું હતું, તે મેં માન્યું નહતું. હવે તમારૂં કહેલું હું માનું છું. તમો બાહદુર મર્દો છો. હું કસમ લઇ કહું છું"–અત્રે તેઓની ભારે અજાયબી વચ્ચે અત્યંત લાગણીથી તેનો અવાજ ધ્રુજ્યો—"આ છેલ્લાં અઠવાડયામાં કેટલીક પળો એવી પણ હતી, કે જ્યારે તમોએ મને એક વેળાએ તમારો મિત્ર કહ્યો હતો, તે કારણે હું મગરૂર થયો હતો."

"તે નામે તમને પાછા બોલાવવા કાજે શું હમણાં કંઇ અસર થઇ ગયું છે, રાજા?—"નીકલસનને આમ બોલતા સાંભળી તે કર્નલનો મીજાજ ગયો. તેને લાગ્યું કે, નીકલસનની આ શાંત આજીજીએ તેઓના દરજ્જાને ઉતારી પાડ્યો હતો, અને તેઓના રસ્તામાં એક નડ નાખી હતી. મગર તેવું કાંઇ બન્યું નહીં. "તમો પાછા તે વખતની માફક નહીં વર્તશો?"—નીકલસને આગળ ચલાવ્યું.

લગભગ લાગણીભરી આજીજીના આવભાવથી નીહાલસીંગે પોતાનો હાથ લાંબો કર્યો. "પાછો હઠું! હું ઇચ્છું છું, કે હું તેમ કરી શકતે! મગર હું તેમ કરી શકતો નથી. હું મારી પ્રજાની સાથેજ જીતીશ યા હાર ખાઇશ. સીવાય કે કોઇ મોજેજાથી આપણે બચવા પામ્યે, અને જો તેમ નહીં બને તો મારે જરૂર જરૂર તમારો નાશ કરવોજ પડશે. તમારે યા મારે માટે તેમાંથી છટકવાનો એકે માર્ગ નથી. સીવાય એક મોજેજો બને એક મોજેજો—" તે ભારે ઉશ્કેરાઇને મોટે સાદે આ શબ્દો ફરીને બોલ્યો, અને તેઓની અજાયબી વચ્ચે જ્યાં પોતાનો છેલ્લો દમ ખેંચતો ટ્રેવર્સ પડેલો હતો, તે તરફ ગોયા કોઇ મજબુત પ્રેરણાથી હોય તેમ તેણે આંગળી દેખાડી, અને રાતી, તસતસ થતી આંખ્યોએ તેને નિહાળતો તે ઉભો. "તે મોજેજો શોધવાને ખાતરજ હું હ્યાં આવ્યો છું. ટ્રેવર્સ સાહેબ, તમારે મને કાંઇજ કહેવું નથી?"

એકવાર ફરીને ત્યાં ચુપકીદી વ્યાપી રહી. તેઓ જાણતા હતા કે, તે બંને મર્દોના મનમાંથી કાંઇ પસાર થતું હતું, કે જે વિષે તેઓ અનજાણ હતા, અને જેનેથી તેઓનું ભવીષ્ય નક્કી થનાર હતું. પોતાની નબળાઇ કરતાં કોઇક વધારે જોરાવર શક્તિને આધીન થઇ લથડતો પથડતો ટ્રેવર્સ ઉઠી ઉભો થયો. તે પોતાનો છેલ્લો દમ ખેંચતો હતો, તેમાં તો જરાએ શક નહતો. તેની આંખ્યોની આસપાસ કાળાં ચકરડાં પડયાં હતાં, અને તેનો દમ ભારે મુશ્કેલીથી અટકી અટકીને ચાલતો હતો. મગર તે તડો થઇને ઉભો. આ વેળાએ વટીક તેની ઉભા રહેવાની અદામાં ચોકસ રોબ સમાયલો હતો.

"મારે તમને કાંઇ કહેવું છે,"–તેણે કહયું. "જો મારામાં શક્તિ હતે, તો મે તે તમને અત્યાર આગમજનું કહયું હતે, અને તે બાબે હું નીકલસનને શક્તી બોલાઉં છું."

નીહાલસીંગે એક ડગલું આગળ ભર્યું. તેઓની વચ્ચે માત્ર એક મેજ જેટલોજ છેટો હતો. ગોયા ન્યાયાધીસ અને ગુનેહગાર સામસામે ઉભા હોય, તેમ તેઓ ઉભા હતા.

ટ્રેવર્સ સાહેબ, તમે જાણતા હતા કે એક ઓરત–ઇંગ્રેજ ઓરત–ને મારા મહેલમાં કેદ રાખવામાં આવી હતી?"

"હું તે જાણતો હતો."

"તેણીએ તમને કાંઇ–એક પેગામ યા કાગળો–મને આપવા માટે આપ્યાં હતાં?"

"હા"

"તે હવણા મને આપો." ધ્રુજતા હાથે ટ્રેવર્સે પોતાના ગજવામાં ખોળ ચલાવી હાથે લખેલા કાગળનો ફાટેલો એક વીંટો, કે જે તેના પોતાના લોહીથી ખરડાયલો હતો, તે બાહેર ખેંચી કાઢયો, અને તે મેજ ઉપર મેલ્યો. "આ કાગળોમાં શું લખ્યું છે, તે તમે જાણો છો?"

"તેમાં તેણીનો હેવાલ લખેલો છે."

"કોણનો હેવાલ?"–એક પીસ્તલમાંથી છુટેલી ગોળીનાજ જેટલી ઝડપથી અને અચાનક રીતે આ સવાલ પુછયો.

ધીમેથી, અને દરેક શબ્દ બોલવા આગમજ વિચાર કરીને ટ્રેવર્સે ઉત્તર કર્યો, તે પહેલાં દેખાતી રીતે તે કેટલોક વખત સુધી થોભ્યો. "તમારી માતા–મારગ્રેટ કેરૂથર્સનો હેવાલ."

કર્નલ કારમાઇકલનાં મોઢાં ઉપર ગોયા ચાબકાનો એક ફટકો લગાવ્યો હોય ને તે ચીસ પાડે, તેવી તેણે એક ચીસ પાડી, અને એકવાર ફરીને ત્યાં ઘોર છુપકીદી પથરાઇ નીહાલસીંગે તે કાગળનો વીંટો લીધો. અને તેની ઉપર બાંધેલી દોરી છોડી.

"કરનલ કારમાઇકલ,"–તેણે કહયું–

"આજ રાત્રે મારા હાથોમાં એક ઓરત મેરણુ પામી હતી, તેણી એક ઇંગ્રેજ ઓરત હતી અને તેણીએ આ કાગળો શોધી કઢવાને મને કહ્યું હતું. મેં તે શોધી કાઢયાંછે, બનવા જોગ છે, કે તે મૌંઝેએ એમાં સમાયલીહશે, અને આપણુ સઘળાં તેનેથી ખુલાસો થવા પામશે. એમાં શું લખ્યું છે, તે તમે વાંચશો ?"

તે હાથનાં લખેલાં કાગળો જે તેની સામે ધરવામાં આવ્યાં હતાં, તે તે કરનલે લીધાં તેની આંખો નીહાલનાં ચેહરા ઉપર ટીકાયલી હતી, અને તેના હોઠો ધ્રુજતા હતા.

" મોટેથી—સઘળાં સાંભળે તેમ ? " —તેણે ઘણાજ ધીમા સાદે પુછયું.

સઘળાં સાંભળે તેમ બીએટ્રીસ જેણી સેહજ છેટે ઉભેલી હતી, તેણી બારણા તરફ ફરી, તેણીને અટકાવવા કાજે હાથ લાંબો કરતાં નીહાલે કહ્યું:—"દરેક ચીજ જાણવાનો તમને હક છે".

" અત્યાર આગમજની એક વખત હું તમને કહી ચુકીછું"—તેણીએ શાંત પણે ઉત્તર કર્યો,—" કે તમે કોણ અને શું છો, તેની મને પરવાહ નથી."

તેનો ચેહરો ખીલી નીકળ્યો—જે ઉંડી લાગણીની એક ઉતાવળી નીશાણી હતી—મગર તેણીનું કહેવું તે ચુપચુપ કબુલ રાખતો હતો, એવું દેખાડવા કાજે તેણે ડોકું નમાવ્યુ. " તેમ છતાં—તમે જાજ થોભો. એમાં જેબી કાંઇ જાણવા યોગ્ય હોય, તે તમારે જાણવુંજ જોઇએ " એકવાર ફરીને તે તે કરનલ તરફ ફરી. " હું તમારી પાસે માગી લઉંછું," —તેણે ઉતાવળે કહયું,—" હજી પણ વખત છે તેટલાં વાંચી નાખો."

ગોયા તેની મરજી તેની હતેથી છીનવી લેવામાં આવી હોય, અને સામાની મરજી પ્રમાણે તે ચાલતો હોય તેમ કરનલ કારમાહકલ તેને તાબે થયો. તેણે તે ફાનસ પોતાની વધુ નજદીક ખેંચ્યું, અને તે લોહીથી ખરડાયલો પીળો વીંટો ઉમેડયો. ચર્મપત્રના તુકડાઓ અને કપડાંની પટીઓ એક બીજા સાથે મજબુતીથી જોડાવામાં આવી હતી, અને તે સઘળાં ઉપર એક સરખા અણઘડ ફીકકા અક્ષરે લખવામાં આવ્યું હતું—આવો તે ઓરત નરફનો છેલ્લો પેગામ હતો કે જેણી તેના મીત્રની પરસ્રેતર થતી હતી. તે કાગળ મારફતે તેની સામે શુ ભરમ ખુલ્લો થનાર હતો ? એક પળ સુધી તેની આંખો એક સાવળી પણ ખુબસુરત ઓરતના ચેહરા સીવાય બીજુ કાંઇજ જોઇ નહીં શકી. તેણે નજર ઉંચકી, અને તે ઝાંખી રોશનીમાં તે ઓરતના ચેહરાનો પડછાયો નીહાલના ચેહરા ઉપર પડતો તેણે દીઠો—તેનો પડછાયો પડતો હતો, મગર કાંઇ પારખી નહીં શકાય એવી રીતે તે બદલાઈ ગયોહતો, અને તેમાં કાંઇ નવુંજ મળતાપણું જેવામાં આવતું હતું, જેથી તેની નાડી જોરથી ઢપકવા લાગી, અને આગલી નહીં વિસરાયલી માયાથી તેનાં દીલને નરમ મોમ બનાવી મેલ્યું.

"આ કાગળો ઉપર કાંઇએ મથાળું યા તારીખ લખવામાં આવી નથી,"—તેણે કહ્યું, અને તેનો સાદ તેના પોતાના કાનોનેજ અણજાણ્યો લાગ્યો. "તે નીચે પ્રમાણે શરૂ થાય છે.":—

"વગર વપરાયલાં ચર્મપત્રના થોડાક તુકડાઓ મને મળ્યા છે, અને મારી પોતાની બનાવટની કલમ અને સાહીથી મારી જીંદગીનો ટુંક હેવાલ હું લખું છું. તેમ હું શા માટે કરું છું, તે માટે હું અજબ થાઉં છું. મને કાંઇ ઘણીજ ફંગલી થવાની ટેવ નથી. મારી જીંદગીનાં સર્વેથી ખરાબમાં ખરાબ વખત દરમીઆન મારી પોતાની કંગાળયત વિષે મેં

એક હરફ કાઢયો નહતો. ચુપકીદી મારો એક બચાવ હતો. હવે વધુ વખત ચુપકીદી અખત્યાર કર્યાથી હું દીવાની બની જઇશ લગભગ નહીં તોડાયલી ચુપકીદી મારી આસપાસ-ખોદા માલુમ કેટલાક વર્ષોથી ફરી વળી છે? એકલા ખોદાનેજ તે ખબર છે. હું તો તેની ગણત્રી પણ લગભગ ચુકી ગઇ છું. મારો પોતાનો સાદ મને અણજાણ્યો લાગે છે. હું આ લખું છું તે વેળાએ લખવાની મારી આદત તુટી ગયલી હોવાથી મારો હાથ ધ્રુજે છે, અને અર્ધ ભુલાઇ ગયલી અક્ષરો હું મુશ્કેલીએજ લખી શકુ છું. હું દીવાની બની નથી ગઇ-એ સઘળી અજાયબીઓ માહેલી સર્વેથી વધુ અજાયબી છે. મેં સાંભળ્યું છે કે, જે કેદીઓને એકાંત કોટડીમાં રાખવાની શિક્ષા કરવામાં આવે છે, તેઓ એક યા બે વર્ષમાં પોતાની શુદ્ધ ખોહી દે છે. મગર હું મારી પુર અકકલ હુશિયારીમાં, અને હદ બાહેર તંદુરસ્ત અને મજબુત છું. મોત, કે જે વહાલાંઓને અને ઉપયોગીઓને ઉંચકી જાય છે, તેણે મારી ઉપર પોતાનો હાથ લંબાવ્યો નથી, કે જેણીને આ દુન્યા ભુલી ગઇ છે. કદાચને એ એક શિક્ષા હશે કારણ હું એક ગુનેહગાર ઓરત છું-મારાં પોતાનાં દીલ સામે-મે ફીતુર જગાડયું હતું, મારી પ્રેરણાને હું બીવકા નીવડી હતી, અને મારા બદનનો એકેએક તાંતણો જે ઝાતીનો છે, તે ઝાતને વટીક હું બીઇમાન થઇ હતી. હવે ઘણું અસુરૂં થઇ ગયું છે—કે જ્યારે મારાં દીલનો કડવાશ ગુપ થયો છે—અને ત્યારે મેં શું કર્યું હતું, તેનો હું ખરેખરો ખ્યાલ કરી શકું છું, અને તેનો બદલો વાળી શકતી નથી. બાને તે બદલો, તોજેશ કરવાની ઉમેદ, તે એકજ ચીજ મારી પાસે બાકી રહી છે, તે એકજ ચીજને માટે શું હું જોવું છું? જેઓ ગરણ પામ્યાં છે, તેઓને હું મદદ કરી શકતી નથી, મગર એક જણ હજી જીવતો છે—મારો બેટો—અને તેની ઉપર હું આ લખું છું. મને એક વિચિત્ર આગાહી થાય છે કે એક દીવસે મારૂં આ લખાણુ તેના હાથમાં આવશે-તેની અતિયંત જરૂરની વેળાએ તે આ મેળવવા પામશે તે વખતને આ મારો હેવાલ અરપણ કર્યો છે.

"મેં ગણત્રી કરવાની યત્ન કરી છે, થંડી, ગરમ રૂતુના બદલાવા સાથે મારી બંદીવાન હાલતનાં વર્ષોની મેં ગણત્રી રાખી છે, અને મને લાગે છે કે, હાલમાં મારી ઉમ્મર તેંતાલીસ વર્ષની હોવી જોઇયે. જો મારી યાદદાસ્ત મને ભુલાવો ખવાડતી ન હોય તો જ્યારે અમારી ઉપર આફત આવી પડી તે વેળાએ હું અઠાવીસ વર્ષની હતી, અને તે પછી પંદર કકડતા ઉનાળાઓ પસાર થઇ ગયા છે તે આગમજ, પરણી જીંદગીના પાંચ વર્ષો મેં ગુજાર્યા હતાં. મારી જવાની અને બીન અનુભવના પુર બાહરમાં હું મારા ભરથારને પરણી હતી, તે વેળાએ મેં તેનામાં અખંડ અને સંપુર્ણ વિશ્વાસ મેળવ્યો હતો, તેનામાં મેં મારી બચગીનો "આઇડીઅલ" જોઇ, તેને એક કસુર યા લાછણ વનાનો મર્દ માની લીધો હતો. જો તે વેળાએ કોઇએ મને એવુ કહેવાની હીંમત કરી હતે કે એક નીચ અને ના લાયક કામ કરવાની તે શક્તિ ધરાવે છે, તો હું તે વાતને હસી કાઢતે મગર પરણી જીંદગીનાં એકજ વર્ષમાં મારી આંખ્યો સામે જે ખુલ્લું થવા પામ્યું તેની સચ્ચાઇ સામે હું હસી શકી નહીં. તે મને ચાહતો નહતો. તે મને ધીઃકારતો હતો, તેની આંખ્યોનું મુખ્ય ખેંચાણ મારા પૈસા હતા. મેં આગળ કહ્યું, તેમ, હું જવાન હતી. તે એક બાળકી કરતાં હું કાંયક વધુ ઉમરની

હતે. તો મેં આગળજથી જાણ્યું હતે, કે મારી એવી હાલત થશે. જો હું મોટી ઉમરની થઇ હતે હું- શિખી હતે, કે જે માણસના હાથમાં મારૂં સુખ અને મારો વિશ્વાસ મેં મેલ્યો હતો, તેની પાસેથી તેમ કરવા આગમજ મારે શું શું ભણી લેવું જોઇતું હતું. લંબાણ ન કરતાં હું ટુંકમાંજ જણાવીશ. મારી નસોમાં હીંદના દેશીઓનું લોહી વહેતું હતું. મારો પિતા, જે એક ઇંગ્રેજ હતો, તે એક હીંદુ ઓરત સાથે પરણ્યો હતો. તેણી એક રાજ્ય કુંવરી હતી, અને અત્યાર સુધી તેણીનાં લોહીમાં કોઇ બીજી જ્ઞાતીનું લોહી મેળાવા પામ્યું નહતું, તેનો શું મુજાકો હતો? વિચાર, લાગણી અને કેળવણીમાં હું ઇંગ્રેજોના જેવી હતી. મારી માતાના ઘટમ સાથે મારો ચેહેરો ભાગ્યેજ મળતો આવતો હતો, તેનો શું મુજાકો હતો? મારા ભરથારને મનથી હું કાંઇક દરજ્જે તેનેથી ઉતરતી પંક્તીની હતી—હું એક લાંછણવાળી ચીજ, એક આસામી, કે જેનામાં તે બે જુદી જ્ઞાતોના લોકોનો સડો છુપાયલો હતો, કે જેઓની સાથે મારાં લોહીએ મને જોડી હતી. તેણે પોતાની લાગણીઓ છુપાવવાની કોશેષ કરી, મગર તેનો તીરસ્કાર—કદાચને તે ખુદ મારે માટે ન હશે, મગર મારી ઉત્પતી માટેનો તેનો ધીઃકાર—કુદરતીજ અને છુપાતો નહીં શકાય એવો હતો. પહેલે તો મેં તે માન્યું નહીં અને હું તે માની વટીક શકી નહીં—એટલી હદ સુધી હું તેને ચાહતી, અને તેનામાં વિશ્વાસ ધરાવતી હતી; મગર આખરે મારી આંખ્યો ઉઘડી, અને મેં જાણ્યું કે, તેને માટે અને આખી દુન્યાને માટે એક હાફ કાસ્ટ મર્દ યા ઓરત એક ન્યાતબાહાર આસામી જેવું છે. મારૂં હૃદય તુટી ગયું. એક રાત્રે, જ્યારે તે એક અણુજાણ્યા વિચીત્ર બાળકને મારી આગલ લાવ્યો, અને મને તીરમાંજ હુકમ કર્યો કે, તે ઘડીથી તે અમારૂં પોતાનું બાળક-થનાર હતું, ત્યારે મારૂં હૃદય બંધાઇને પથર થઇ ગયું. મારા માત પિતાના ખાનદાનો ઉંચ હતાં, અને મેં માન્યું કે તે જાણી જોઇને મને હલકી પાડતો હતો; મને લાગ્યું કે, તે એવો પુરાવો રજુ કરતો હતો કે, જેવી રીતે તેની પોતાની જ્ઞાતની એક ઓરત સાથે વર્તવાને તે કદી પણ હીંમત કરી ન શકે, તેવી રીતે મારી સાથે વર્તવાને તે હક ધરાવતો હતો. મેં ધાર્યું કે, તેની પાપી વર્તણુક અને હદ વનાની કુરતા મારી સામે જાહેર થતી હતી. ખોદા મને માફ કરે—તે બાળકને મેં તેનાં બાળક તરીકે માન્યુ! મગર હું અતીશય મગરૂરી ધરાવતી હતી, અને મારાં દીલમાં હદ બાહેર ધીઃકાર અને કડવાશે ઘર કર્યું હતું, જેથી મેં તેની પાસે ખુલાસો જાણવા માગ્યો નહીં, અને તેણે કદી પણ મારી આગલ ખુલાસો કર્યો નહીં. ત્યાર પછી મેંજ પાપ કર્યું, મેં જોયું કે, એ સઘલું છતાં—કદાચને મારા થંડાપણાને લીધે—મારા પતીનું દીલ મારી તરફ પીગળવા લાગ્યું. તેનો પ્યારનો ઉત્તર મેં મુંગા તીરસ્કારથી વળ્યો. હું તેને મદદ કરી શકી હતે, તેને ઘણીક ચીજોથી બચાવી શકી હતે, મગર મેં તેની તરફ મદદનો એક હાથ લંબાવ્યો નહીં. જ્યારે તે ગએ ગુજરીનો હું વિચાર કરૂં છું, ત્યારે હું આશા રાખું છું અને હું માનું છું, કે તે બાળક પ્રત્યેની મારી ફરજ બજાવવા મેં કોઈ રીત ની કચાસ કરી ન હતી. તેણીની નસોમાં પણ કાળું લોહી દોડતું હતું, અને તેણીનું ભવિષ્ય પણ મને મારા પોતાનાજ જેવું ભયંકર અને દયને પાત્ર જણાયું. જેવી રીતે મેં ખમ્યું હતું, તેવીજ રીતે તેણીને પણ ખમવું પડનાનું હતું, અને તેથી હું તેણીની તરફ ખરા દીલની દયાથી દોરવાઇ મેં તેણીને નાની

ઉમરે ઇગ્લંડ મોકલી દીધી, અને તેમ કરવા કાજે મેં તેણીની તબીયતનું બહાનું કાઢયું, મગર ખરેખર તો તેણીને તે ભેવડા ધીઃકારમાંથી બચવાને કાજે મેં તેમ કર્યું હતું, કે જે ધીઃકારથી એવા કમનસીબો સાથે એંગ્લો-ઇંડયનો વર્તે છે-'' ગોયા કોઇ ભયંકર ખ્યાલ તેના મગજમાં પેવસ્ત થવા પાગ્યો હોય તેમ તે કર્નલ ઠોબ્યો. તેની આંખ્યો લોઇસ તરફ ફરી તેણે જોયું કે તેણીનું માથું ઉંચકાયલું હતું, અને તેણી કાંઇક ધ્રુજતી મને સાંભળતી હતી. ''મગર જ્યારે તેણી ગઇ, ત્યારે પણ મારા ભરથાર અને મારા વચ્ચેની તે નડ તો કાયમજ રહી. હું તેને માફ કરી શકી નહીં. જે રાત્રે બીહારસીંગ હમારી ઉપર હુમલો લાવ્યો તે રાત્રે તેણે મારી માફી ચાહી અને મેં તે તેને બક્ષી. મગર તે એક ખાલી ઢોંગ કરતાં અધિક કાંઇ નહતું. તે વેળાએ પણ મારૂં હૃદય પથરાના જેવુંજ કઠણ હતું. તો બી કે તે વેળાએ હું જાણતી હતી કે, અમારા વચ્ચે એક જોડાણ હસ્તી ધરાવતું હતું, કે જે કોઇ પણ નડતલ કરતાં વધુ મજબુત હોવું જોઇયે. દુશમનના ઘાટકીપણામાંથી સ્ટીવન મને બચાવવા માગતો હતો-તે પોતાને હાથે મારી જીંદગી અંતમ કરવા માગતો હતો, કે જેવી રીતે સ્ટેફર્ડે પોતાની પરણેતરની કરી હતી મગર મેં તેને તેમ કરવા નહીં દીધું મારી આખી જીંદગી દરમીયાન જે સલબો કડવાશ મારાં જીગરમાં ઘર કરી બેઠો હતો, તે તે વેળાએ ઉભરાઇ નીકળ્યો. હું દીલે અને આત્માએ ઇંગ્રેજ હતી, અને મને ધીઃકારામાં, અને તીરસ્કારી કાઢવામાં આવી હતી. હવે મારી માતાનાં લોહીનો મારા મન ઉપર રાજ્ય કરવાની વારી આવી હતી, અને તે મને તેની પોતાની જાત તરફ ખેંચતું હતું. કે જે એકલીજ મને પોતાની સગેવરની તરીકે કબુલ રાખે તેમ હતું. મેં મરવાને ના પાડી. સ્ટીવનને મારી નજર સામે મારી નાખવામાં આવ્યો. મગર મને જીવતી રાખવામાં આવી, કે જેમ થવાની મેં વકકી રાખીજ હતી; મગર તેમ કરવાનું જે કારણ તે વેળાએ મેં ધાર્યું હતું, તે કાંઇ નહીં. બીહારસીંગનાં મોણસો મને આ ઠેકાણે લઇ આવ્યાં અને મને બંદીખાનામાં બંધ કરી, કે જ્યાં મેં પંદર વર્ષો ગુજાર્યાં છે. આ એક લાંબો, ઉંચી ઉભરણીને ઓરડો છે, કે જેમાં એક બારી યા બારણું જણાતું નથી. છાપરાં માંહેલાં એક નાના બાકોરાં માંહેથી સુર્યની રોશની આ ઓરડામાં દાખલ થાય છે, કે જે બાકોરૂં દીવસો સુધી બંધ કરી મેળી મને ભયંકર અંધકારમાં રાખવામાં આવી હતી. નોકરો મારે માટે ખોરાક લાવતા અને મારી ખીદમતમાં ઉભા રહેતા; મગર મારા સવાલોના તેઓ ઉત્તર નહીં દેતા, કે નતો બીહારસીંગને મારી આગળ લાવવાની મારી આરજી ઉપર ધ્યાન આપતા. છેલ્લી અંતે તે આવ્યો. તે છુપા બારણાં આગળ તે આવી ઉભો, અને કાતીલ ધીઃકારથી ભરપુર આંખ્યોએ તેણે મારી તરફ જોયું, તે મને બરાબર યાદ છે.

'' એ તો ઠીકજ થયું છે,''—તેણે કહ્યું. '' તમારા હીચકારા જાતભાઇઓને મેં મારાં દેશમાંથી હાંકી કાઢયાં છે. મારી ઇજ્જત ઉપરની લાંછણ સાફ થઇ ગઇ છે અને તે પછી એક વિચિત્ર બનાવ બન્યો તેની આવવાની હું અધીરાઇથી રાહ જોતી હતી, મારો બચાવ કરવાની તેની ફરજ હતી એવો દાવો હું રજુ કરનાર હતી, અને જે સગાઇનો ગાંઠ અમો વચ્ચે હસ્તી ધરાવતો હતો, તેને ખાતર હું વીનંતી કરનાર હતી. જ્યારે મેં તેનો ચેહરો જોયો ત્યારે તે શબ્દો

મારા હોદ્દા ઉપરજ મરણ પામ્યા. તે પળે મેં તેને એક દુશમનની માફક ધીઃકાર્યો, અને તે ભરથારના ખુની તરીકે તેની તરફ મેં તીરસ્કાર દેખાડયો કે જે ભરથારે મને હદ બહેર દુખી થવાને કારણ આપ્યું હતું. મારા જન્મનો ભેદ મેં છુપાવ્યો. એક ઈંગ્રેજ ઓરત તરીકે મેં મારાં છુટાપણા માટે દાવો કર્યો, અને જ્યારે તે તે ઉપર હસ્યો, ત્યારે મારી મમરૂરીએ—ખોદા મને મદદ કરે, ગમે એમ છતાં તે મારી ઇંગ્રેજ તરીકેની મગરૂરી હતી! તેને—મને ચુપ કરી. તે પોતાને રસ્તે ચાલતો થયો, અને ૭ માસ પછી મારા બેટાનો જન્મ થયો. ગરીબ બાપડા સ્ટીવનનો તે બેટો હતો. તે દીવસોમાં માત્ર દેશી ઓરતોએ મારી સારવાર કરી, જેઓ ગુપચુપ ફર્યા કરતી હતી, અને પોતાના અજ્ઞાન વેદમોથી મારાં દુઃખમાં વધારો કરતી હતી. એક વર્ષ સુધી તે મારા ગમગીન કાળી આંખોવાળાં બાળકને મારી પાસે રાખવા દેવામાં આવ્યું; તે પછી બીજી વેળાએ બીહારસીંગ મારી આગળ આવ્યો, હવે તે ફતેહની મગરૂરીથી ફુલી ગયલો નહતો, મગર પુઠે લાગેલા એક શીકારીથી બીહીને જીવ ઉપર આવી નાસતાં એક જનાવર જેવો તેનો દેખાવ હતો. બાહેર ફુટતી બંદુકોના અવાજો હું સાંભળી શકતી હતી, અને પ્રેરણા બુદ્ધીથી મેં જાણી લીધું હતું કે, મદદ આવી પોહચી હતી. બીહારસીંગે મારી ખુશાલી દીઠી, અને તેના ચેહરા ઉપર પ્રગટેલી જંગલી ક્રુરતા સેતાનયતભરી બની.

"હરખાઈ ના જાવો,"—પોતાની મુકકી મને દેખાડતાં તેણે કહ્યું. તમારો દેશ તમે કદી પણ પાછો જોઇ શકશો નહીં."

"મરવાને માટે હું બીહતી નથી!" હું પુકારી ઉઠી.

"મોત નહીં પણ જીંદગી!" તે પુકાર્યો, અને તે વેળાનો ટેનો દેખાવ હું કદી પણ ભુલી શકીશ નહીં. "તમે મારો જીવતો કીનો થશો. તમારા પતીએ મારી પરણેતર ચોરી મારી ઇજ્જત લીધી હતી. મેં તેની પત્નીને ચોરી છે, અને હું તેણીને મારા કબજામાં રાખીશ."

"મારા ભરથારે!"—મેં પડધા કર્યો, અને મારા આગલા વેહમોને આ કહેવાતી મજબુની મળતી જોઇ મારૂં દીલ ગમગીન બનવા લાગ્યું.

'તેણે ગુસ્સા અને કીનાથી દાંતો કચ કચાવ્યા. "હું તે તમને કહીશ, કારણ તેમ કર્યાથી તમને દુઃખ લાગશે,"તેણે કહ્યું:—"તમારો ભરથાર મારી ધણીઆણીને ચોરી લઇ ગયો હતો—તેણીનું નામ રૈનીઓના હતું. મિત્રાચારીનાં ઓઢાં હેઠળ તે તેણીને ચોરી ગયો હતો. મહીનાઓ સુધી મેં તેણીને અને મારા શત્રુને ઢુંડ્યાં. તે પછી એક રાત્રે મરવાને કાજે તેણી પાછી આવી, કારણ તેણે પોતાનાં રમકડાંને બાજુએ ફેંકી દીધું હતું. તેણી પોતાનાં બાળકને તેની કને મેલીને આવી હતી, તેણીનાં સર્વસ્વનો નાશ કર્યા પછી તેણે તેણીને રખડતી કરી હતી, તેવી હાલતે રહેવા કરતાં શિક્ષા ખમવાનું તેણીએ વધુ પસંદ કર્યું. તેણી મરણ પામી"—તે વેળાએ તેની આંખોમાં જે કીનો પ્રગટી નીસર્યો હતો, તે હું કદી ભુલી જાઇ શકીશ નહીં—"અને તમે, તેનાં પરણેતર, જીવતાં રહેશો, મારો કીનો, મારો જીવતો કીનો. આહ, મૅમ સાહેબ સ્ટૅફર્ડ, ઇન્સાફનો હાથ લાંબો છે. અને—"

"હું છલંગ મારી ઉભી થઇ. મારી સામે કાંઇક ભેદ ખુલ્લો થતો હતો. ' તમે મને સ્ટૅફર્ડ કરી બોલાવો છો!"—હું પુકારી ઉઠી." તે કાંઇ મારૂં નામ નથી. મારો ભરથાર તો સ્ટીવન કૅરથર્સ હતો."

" તેણે મારા હાથ કાંડીમાંથી પકડયા. " તમે કેપટન સ્ટેફર્ડનાં ધણીઆણી નથી થતાં ? "

" નહીં. "

" જે સઘળી ચીજોને તમે પવીત્ર ગણો છો, તેના કસમ લઇને કહો છો ? "

" હું કસમ લઉં છું.

" તેનો ગુસ્સો વધ્યો. " ' ત્યારે તમે કોણ છો ? "

" મેં તમને કહ્યું છે-સ્ટીવન હેરથર્સની પરણેતર. "

તેણે મારી તરફ જોઇ તીરસ્કારથી માથું ધુણાવ્યું. " આહ હા, મેં તમારે વિષે સાંભળ્યું છે-એક હાફ-કાસ્ટ. અમારી જાત માહેલી સર્વેથી હલકી જાતનાં તમે છો. ત્યારે તે પ્રપંચીની સાથે જે ઓરતને મારા નોકરોએ જબેહ કરી, તેણી કોણ હતી ? "

" ક્રીસ્ટાન સ્ટેફર્ડ-કેપટન સ્ટેફર્ડની મોહરદાર. "

" તે શાંત. થઇ ગયો, અને તેના ચહેરા ઉપરનો ગુસ્સો નાબુદ થઇ ગયો. ગોયા તે સંતોષ પામ્યો હોય, તેમ તેણે ડોકું હલાવ્યું " ત્યારે તેઓ સઘળાં મરણ પામ્યાં છે-સઘળાં, સીવાય કે તે બાળકો અને તેઓ પણ બચી જઇ શકશે નહીં. " ધમકી આપતી અદાએ તે મારી તરફ ફર્યો. " સ્ટેફર્ડ સાહેબનો એક છોકરો હતો. તે કયાં છે ? "

" તે ઇગલંડમાં સલામત છે ?"—મેં ક્રોધથી મળકાતાં ઉત્તર કર્યો, જે. હું છુપાવી શકી નહીં, કારણ મારા જન્મ વિષેના તેના કડવા તાણાએ મારાં લોહીને ઉકળાવી મેલ્યું હતું. મારી જાતવાળાઓથી છુટી થવાની મેં યત્ન કરી હતી-હા, મારી જાતવાળાઓ; કારણ મારી રગોમાં મારા પીતાનું જે લોહી દોડે છે, અને જે તેઓ સ્વચ્છ લોહીથી ઉતરી આવેલાં હોવાનો દાવો કરે છે, તેઓ કરતાં વધુ મજબુત અને સ્વચ્છ છે, તેને આધારે હું તેઓની જાતની હોવાનો હમણાં દાવો કરું છું-અને તેને માટેની આ મને શિક્ષા થઇ હતી.

"અને તેની બેટી"-બીહાકસીંગે દાંતો કચકચ વ્યા-"રેની ઓનાતું બાળક ?"

"તે હું નથી જાણતી"-આ શબ્દો બોલતાંજ મને કાંઇક ખ્યાલ થવા પામ્યો. સ્ટીવન અને સ્ટેફર્ડ વચ્ચે ગાઢી મિત્રાચારી બાઝી હતી, કોઇક આગલા ઉપકારે તેઓને એક બીજા સાથે મજબુતાઇથી સીકડી લીધા હતા. હું જાણતી હતી, કે તે બીજા માટે સ્ટીવને પોતાનો પ્રાણ વટીક આપ્યો હતો. જે વેળાએ મારો પતી તે બાળકને મારી આગળ લાગ્યો, તે વખતે સ્ટેફર્ડની પરણેતર પોતાની ઇગ્લાંડના ત્રણ વર્ષના પ્રવાસ પછી પાછી હીંદુસ્તાન ભણી આવતી હતી. આ બનવા જોગ હતું કે સ્ટેફર્ડ પશ્ચાતાપના આવેશમાં તે તજી દાધેલાં બાળકને સ્ટીવનની સંભાળમાં સોપ્યું હોય, કારણ તે ખેરેખર એક ભળાં દીલનો મર્દ હતો, અને તેણે જે કાંઇ ખોટું કર્યું હોય, તે સુધારવાને તે સદા તત્પર રહેતો હતો; અને આ તરફ, સ્ટીવન, પોતાના હે મિત્રને ખાતર કોઇ પણ જાતનો ભોગ આપવાને આચકી કરે તેમ ન હતું. સ્ટેફર્ડની વાત છુપી રાખવાની કબુલાત સાથે તે બાળકનો હવાલો સ્ટીવને કબુલ રાખ્યો હોય, અને તે વેળાએ મારા ચોકકસ વેહમનો તેણે ખ્યાલ વટીક કર્યો નહોય, એ પણ બનવા જોગ હતું. તે સઘળું ભય ભરી રીતે મારી આખ્યો સામે ખુલ્લું થવા પામ્યું હતુ. પોતાના કાળા બાળો અને આંખ્યો સાથની લૉઇસ-'

અપૂર્ણ.

કહેવત મૂળ અને રુઢી પ્રયોગ [૪]

લખનારઃ—J. N. P.

Society (સમાજમાં) વાતચીત કરતાં કહેવત વાપરવાનો ચાલ હાલમાં ઘણો વધી પડયો છે, કારણ કે મોજશોખના આ જમાનામાં સૌને ગળ્યું ગળ્યું બહુ ભાવે છે, અને કહેવતોમાં હમેશા મિઠાશ રહેલો હોય છે, તેમજ તેમાં આપણા બાપ દાદાઓનું મંજુર રાખેલું ડહાપણ સમાયેલું હોય છે. કહેવતો વાપરવાથી આપણી નેમ આબાદ બર આવે છે, અને આપણી વાત અને મતલબ ટુંકમાં સમજાવી શકાય છે. કહેવતો ભલતી તકરારોનો છેડો લાવે છે. કહેવતોનો વપરાશ એટલો બહોળો છે કે એક ભાષાની કહેવત બીજી ભાષામાં સહેલાઇથી પસાર થાય છે. આવી રીતે કોઇ કહેવત કોઇ પ્રજામાં અને ભાષામાં એટલીતો અસરકારક રીતે વપરાતી થાય છે, કે આયંદે તેનું મૂળ શોધવું કઠણ થઇ પડે છે. ઇંગ્રેજી ભાષાની જાણીતી કહેવત–"One swallow makes no summer." ૬૦ થી ૭૦ ભાષાઓમાં વપરાવા લાગી છે, અને ગુજરાતીમાં એને મળતી કહેવત "સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય" એવી છે. પૂર્વ દેશોની કહેવતોમાં અરબી કહેવતોની સંખ્યા ઘણી છે, પણ હીંદુસ્તાની અને ફારસી કહેવતો તેની મીસાલમાં વધુ માલમ પડે છે. આથી હીંદી કહેવતોનો કંઇક ખ્યાલ અતરે આપીશું.

કહેવતોપરથી એક પ્રજાની રીત રસમો જણાઇ આવે છે. ઘણીક કહેવતો લોક વ્યવહાર અને સગાઇપરથી પડી છે. સગાઇમાં આવતી કહેવતોમાં બેહનને ઘેર ભાઇ જમવા જાય એ સઘળી હીંદુ પ્રજાઓમાં ભૂંડું અને નફટાઇ ભરેલું લાગે છે, તે એટલે સુધી કે બેહનને ઘર જઇ ભાઇ જમી આવે તેવા ભાઇને એક કુતરાની માફક તુચ્છકારી કાઢયો છે, જે નીચલી કહેવતપરથી જણાશે.

પહેલા કુત્તા ખાવનવાલા, દુજા કુત્તા માંગણવાલા;
ત્રીજા કુત્તા બેન ઘર ભાઇ, ચોથા કુત્તા ઘર જમાઇ;
સબ કુત્તાકા એ સરદાર બાપ રહે બેટીકે દ્વાર.

આમાં પાંચ પુરૂષોને હીણાયેલા ગણ્યા છે, તેમાં પ્રથમતો જે પારકાનું ખાઇ જાણે એવો, બીજો ભીખારી જે માંગી માંગીને મહેનત વગર આઇતું ખાયે, ત્રીજો પુરૂષ જે બેનને ઘર આધાર રાખે તે ભાઇ, ચોથો જે સસરાને ઘર જઇને રહે (ઘર જમાઇ તરીકે). આવા રીવાજને વખોડી કાઢયા છે, તેમાં જે બાપ પોતાની બેટીને સાસરે જઇ તેને આશરે રહે તે તો સૌથી બેવકૂફ ગણાયલો છે. તેથીજ કહેલુ છે કે "સાસરા દો દીનકા આશરા, ત્રીસરે દીન ખાય ખાસરા"

પારસીઓમાં પણ જમાઇ ઘેર રહે તો તે માટે "જમાઇ ને જમ" બરાબર એવી કહેતી છે. આવી રીતે બીજાને આશ્રે જઇ રહેવાનું દરેક જાતમાં કનિષ્ટ ગણાય છે. હિંદુસ્તાની એક કહેતી એને મળતી એ છે કે–"ગધાસો ઘર જમાઇ, કુત્તા સો બેહેનકા ભાઇ." ખુદ મારવાડી જેવી કૃપણ જાતમાં પણ એવોજ રીવાજ છે કે પોતાની બહેનના ઘરનું પાણી પણ પીવું નહીં. તેમનામાં કહે છે કેઃ—

કુત્તેકુ પાળે સો કુત્તા, કુત્તેકુ મારે સો કુત્તા,
ભાણકા(બેહેનનો)ભાઇ કુત્તા, સાસરે જમાઇ કુત્તા,
સબ કુત્તાકાઓ સરદાર,બાપ રહે બેટી કે બાર (ઘર.)

લોક વ્યવહારમાં પ્રમાણિક કોણ અને મફતિયા કોણ તે વિશે પણ એક રમુજી કહેવત છે કે "ડારી જોશી ને વરેમાણું એ

ત્રણે રોકડયાં, વૈદ વાળંદ ને વેશ્યા એ ત્રણે રોકડયાં.'' એમાં ડોશી અશક્ત તેથી બીજાને આધારે, જોશી બીચારો બેઠો બેઠો જુદા ફ્રટવા આપી વહેમીઓ પાસથી મફતના પૈસાની દક્ષણા લે છે. વટેમાર્ગુ તો પગે ચાલતોજ જાય ને બીજાની ભિક્ષા પરજ આધાર રાખે તેથી આ ત્રણે ફોકટિયા ગણાય છે. ડાક્તર હમેશાં આગપર પૈસા લે છે, હજામ પણ કોઇની હજામત કીલી કે લાગલો આનો બે આના લેવા ઉભોજ રહેશે, તેમજ અનીતિવાન માણસને પણ પોતાનો ચરસ છીપાવવા માટે પ્રથમજ પૈસા આપવા પડે છે. આથી એ પાછલા ત્રણે આસામીઓ રોકડીઆ એટલે પહેલા પૈસા લેનાર ગણ્યા છે.

માણસની ચાલચલગત પરથી પણ ઘણી કહેતીઓએ જન્મ લીધો છે. આપણામાં સાધારણ રીતે હલકા ઉતર માણસ વિષે કહેવામાં આવે છે કે 'અધુરો ઘડો છલકાય ઘણો' એનેજ વિષે કબિરનું વચન છે જે ઘણી મીઠાશદાર રીતે મૂકવામાં આવ્યું છે. તેઓ અધુરા ઘડાને બદલે ભરેલા ઘડો મૂકી જણાવે છે કેઃ—

ભર્યા સો છલકે નહીં, છલકે સો આધા;
ઘોડા સો ભુંકે નહીં, ભુંકે સો ગદ્ધા.

પારસી શાહેર સ્આદી પણ પોતાના પારસી ગ્રહેરામાં એક ઠેકાણે ઉપલાનેજ મળતી શીખ દીએ છે કે "જે ડાળી મેવાથી ભરપૂર છે તે પોતાનું શિર જમીનપર નમાવે છે".

હાલમાં ચાલતી ધર્મની તકરારોમાં બિચારા અઘોરનાનો અને દસ્તુરોને પણ "રહીઆલ શિરપાવ"ની ભેટથી કોઇએ છોડયા નથી. તેમને વગોવવાનું કેથું આગલા જમાનાથી ચાલતું આવેલું દીસે છે, જેપરથી ઘણીક કહેવતો પડેલી છે. તેમાંની એક અમારા સાંભળવામાં નીચે પ્રમાણે આવી છે—

કસ્તુરીને રંગ નહીં, અને દસ્તુરીને ઢંગ નહીં. આ કહેવત એક અઘોરનાનેજ અમને કહી સંભળાવી હતી. નીચલી કહેવત આ બાબદમાં ઘણી રમુજી છે, "માળી પુછે ચોધરી, પખાલી પુછે કુવો, ને પાછલી રાતે અંધારે પુછે કે બહેદીન કોણ મુવો."

કહેવતો પરથી માણસોના ખવાસનો પણ ઘણો ભાસ મળે છે. અંગ્રેજીમાં એક કહેવત છે- He puffs his own wares. કે દરેક માણસ પોતાનાજ માલનો વખાણ કરે છે. ગુજરાતીમાં એને મળતી અનેક કહેવતો છે. એક આપણે ન્હાનપણથીજ બોલતા આવ્યા છીએ કે **પોતાની માને ડાકણ કોણ કહે?** એજ પ્રમાણે **આપસી તો લાપસી ને પરાઇ તો કુસકી.** કુસકી—એ એક જાતનું હલકુ અનાજ આવે છે) એટલે કે પોતાનો માલ કે પોતાનો સ્વાર્થ હોય ત્યાં સઘળું લાપસી જેવું મીઠું ને સ્વાદિષ્ટ દેખાય, પણ જ્યારે બીજાની વાત હોય ત્યાં સઘળુ હલકું ને મોળું ગણાય. બીજી રીતે હીંદુઓ બોલે છે કે " **છગન મગન તો સોનાના, ને પાડોશીનાં ગારાનાં** એટલે કે પોતાના છોકરા છગન મગન તે સોના જેવા કીમતી, અને પારકાના છોકરાં તે કાદવ જેવા હલકા—આ સઘળી કહેવતોમાં માણસજાતનો સ્વાર્થ કેવો પ્રબળ છે તેનું કંઇક ગ્નાન મળે છે. ઉપર જમાઇની સ્થિતિમાટેની કહેવતોનું અવલોકન કીધું, જમાઇને લગતી બીજી કહેવતો નીચે મુજબ છેઃ—

"જમાઇ ગયો ભૂખ્યો, તો કોનો કુલો દુખ્યો"? (એટલે કોઇનો નહિ) અંગ્રેજીમાં એને મળતી કહેવત એ છે કે "Nobody is affected at a stranger's misery."

"જમાઇ, જમ ઔર જાચક, ત્રણે એક સ્વભાવ.'
લીયા, લેવેગા, ઔર લેને ઉપર ભાવ.

એટલે કે જમાઇ તો બધામાં લેનારો

આપવામાં કંઇ નહીં. આપણી પારસી બાનુઓ જમાઇને માંગતી વરણ (વણ) કહે છે. વળી વાણિયાઓ કહે છે કે "કૂતરા પોષ, બિલાડા પોષ, જમાઇના જણ્યાને વાડમાં ખોસ." એટલે કે નાનાં જાનવરોનું પણ તેઓ પોષણ કરે, પણ જમાઇ તરફ એટલો તિરસ્કાર કે તેના બચ્ચાં સાથ પણ અભોલાં રાખે.

આ પ્રમાણે વહુને સાસુનો પણ ઘણો અણગમો હોય છે, તે વિચારમાં નીચલી કહેવત બોલાય છેઃ—

સાસુરીરે સાસુરી, ભાંણુ તારી પાંસુરી (પાંસળી) ખાંઉ તારો ખીચડો, ને લેઉં તારો દીકરો.

હિંદુ રિવાજનું પુરેપુરૂં અવલોકન કરનારી એક પૂરાણી કહેતી આપણે વારંવાર વાપર્યે છીએ, પણ તેનો અર્થ હીંદુ ન્યાતોનાં જ્ઞાતિભેદને લાગુ પડે છે, એ થોડાજ જાણતા હશે. આ કહેવત '**નહીં ત્રણમાં, નહીં તેરમાં, નહીં છપ્પનના મેળમાં**' એવી રીતે સાધારણ બોલાય છે. આ કહેવતનું મૂળ નીચે પ્રમાણેઃ-

'પાટીદાર કુળવાન મોટાં ગણાતાં ગામો એકંદર ૫૬ છે. તેમાં નીચલા ૧૩ ગામો વધારે કુળવાન ગણાય છે-૧. વસો ૨. નડિઆદ ૩ સોજીત્રા, ૪. સાવલી ૫. ભાદરણ ૬. કરમસદ ૭. ધર્મજ ૮ નાર. ૯. પીઠીજ ૧૦. સુણાવ ૧૧. તારાપોર ૧૨. ઓડ ૧૩. ઉત્તરસંડા.

ઉપરના તેર ગામો પૈકી વળી સાડાત્રણ ગામ વસો, નડિઆદ, સોજીત્રા અને અરધું સાવલી એ સર્વોત્તમ ગણાય છે.

પાટીદાર જ્ઞાતિમાં સાધારણ રીવાજ છે કે કન્યા પોતાનાથી ગમે તેવા હલકા કુલમાંથી લાવી શકાય છે. પરંતુ કન્યા આપવાની તે પોતાનાથી ચડતાં કુળમાં અગર નિદાન સરખા કુળમાં આપવામાં આવે છે. મતલબ કે મોટા ગામોમાં કન્યા લેવા દેવાનો વ્યવહાર રાખવામાં આવે છે. પણ ૧૩ ગામવાળા ૫૬ માં બનતા સુધી કન્યાઓ આપતા નથી, અને ૫૬વાળા બ્હારના ગામોમાં કન્યા આપતા નથી, પણ તે ગમે ત્યાંથી લાવી શકે છે. આ પ્રમાણે બેટી વ્યવહાર છે, અને તેનો મુખ્ય જથો દશક્રોઇ, ચરોતર, કાનમ અને વાકળના પાટીદારોનો ગણાય લો છે. આવા કારણથીજ ગુજરાતમાં ઉપલી કહેવત ચાલેલી સમજાય છે"

'સસ્તુ ને સીંગણપોરની જાત્રા-' આ વળી કહેવતોની ભૂલમાં આવી શકે છે. આ કહેવતના મૂળનું નિરિક્ષણ કરતાં જણાય છે કે સીંગણપોર સાથ સોંઘાઇને કંઇ લાગતું વળગતું નથી. પરપૂછ કરતાં માલમ પડે છે કે સીંગણપોરને બદલે સિદ્ધપુર શબ્દ અસલમાં છે. ગુજરાતમાં આવેલા સિદ્ધપુર ગામમાં અસલી જાત્રાળુઓ જતા હતા. તે વખતે ગામમાં જવા માટે વાહનોની સગવડ ઓછી હોવાથી જવા આવવાની અડચણ બહુ પડતી. બળદના ગાડા બહુ મોંઘા મળતાં હતાં તે જોઇને કોઇ ગરીબ જાત્રાળુએ એક ખટારો સસ્તે ભાડે લીધો હવે આ ખટારો એટલો આસ્તે ચાલતો હતો કે જ્યારે ગામના દહેરાં આગળ તે જઇ પુગ્યો ત્યારે તો જાત્રાનો દીગામ પૂરો થઇ ગયેલો, આથી સિદ્ધપુરની જાત્રા સસ્તામાં કરતાં તેમને કેવી ભરી પડી ગઇ, તે માટે કટાક્ષમાં આ પ્રયોગ વપરાય છે.

મીયાભાઇઓ માટે ઘણીક વાતો એવી બોલાયલી છે કે જેમાં સહરાપાતનો કંઇ શુમારજ નહીં હોય. એવી વાતોને "બારા કોથકા માંડવ" ની ઉપમા આપી છે. પોતાના દીકરાના લગ્નના સમારંભમાં બાંધેલાં એક માંડવ માટે કોઇએ એવી ટોપ મારી હશે, તે પરથી દરેક ટોપચીખાંની વાતને "બારા કોથકા માંડવ" સાથ સંરખાવવામાં આવે છે. એવીજ વાત એક ભાલાની લંબાઇની અને તળેલાના વિસ્તારની બોલાય છે. આ સઘળા કરતાં એક રમુજી કથા અસલી જુનાગઢના

નવાબના કેટલાક સિપાહો મારેની છે. કહે છે કે અસલી વખતમાં આ સિપાહીઓની ૧૮ જણાની ટુકડીને બહાર ગામના બે હીંમતવાન કોળીઓએ મારી મારી રહેજ કરી કપડાલત્તાં લૂંટી નસાડી દીધી. પોતાને શહેર આવી આ સિપાહીઓને પોતા ની નામોશી ઢાંકવાની કંઇ યુક્તિ કરવી પડી. આ કારણે પોતાના સહાસનું વર્ણન તેમણે નીચલી રીતે કહ્યું, જે મારેની કહેવત ર મૂજ તરીકે હજી પણ ડાહ્યા માણસો તરફથી બોલાય છે.

તેઓ બોલ્યા કે "દેખા ભાઇ—
અઢારે ભાઇ તો હમ એકીલે,
ઔર દો કોલી કે ફોજ સામને,
સો આતી કે સબ હોઇયાં,
કોલી ભાઇ કે ઝરડે, ઔર અમારે બરડે,
કોલી ભાઇકી ડાંગા, ઔર અમારી ટાંગા,
ઐસા કે ઐસા મારા,કે સબ કપડે અસબાબ
દે કે નસાડ દીઆ

વાતની મતલબ એમ કે અમોતો ફકત ૧૮ જણા પણ સામે તો ૨ જણની મોટી ફોજ! અમો જરાબી બીધા વગર સામે ટૂટી પડયા, તેમના હાથમાં ઝાડની ડાળીએ, તો અમ લોક કંઇ પર્વા કરે, અમારે બરડેથી અમોએ જવાબ આપ્યો (બીચારાના બરડાપર સોટા પડયા.) તેમની ડાંગ આવી તો તે સામે અમારી જાંગ આપી અને આ રીતે એવા માર્યા કે અમારા કપડાં સામાન આપીને નસાડયા. આ દરેક લીટીમાં બિચારા સિપાહીઓની કમબખ્તિ દેખાડી છે, તો પણ વાતમાં કેટલો રસ લઇને ઉલટી સમજ દેખાડવાની કોશેશ કીધી છે તે ધ્યાનથી જોતાં સ્પષ્ટ માલૂમ પડે છે.

અપૂર્ણ.

દરગુજરના બે શબ્દો.

"માસિક મિત્ર" ના ગયા નોરોજી અંકની એક પણ નકલ અમો પાસે નથી. માટે કૃપા કરી કોઇ પણ સાહેબોએ મંગાવવી નહીં. માત્ર બેજ દીવસમાં સઘળો જથ્થો ખપી ગયાથી પાછળથી મંગાવનાર ઉપર અમો મોકલી શકયા નથી. મુંબઇ તેમજ દેશાવરોંખાતેથી મંગાવનારનો ટીકીટાનો એક મોટો જથ્થો અમારે ત્યાં પડેલો છે. તેઓ ઉપર ચાલુ માસનું માસિક મિત્ર તેમજ વાર્તામાળા મોકલીશું. આવતે વર્ષે આ અંક માટે આગળથી પૈસા ભરવાની ભલામણ આ ખરીદદારોને અમો કરીશું, કે જેથી તેમને છેલ્લી ઘડીએ નિરાશ થવું ન પડે.

"વાર્તામાળા."

અમારા વાર્તામાળા ખાસ અંક ઉપર ન ધારેલો દરોડો પડયો હતો. ગયા માસની તા. ૭મી તુલીકમાં વેચનારાએ પાસેની સઘળી કોપીએ ખપી ગઇ છે—જો અમારા રજુ કરેલા મથકોએથી થોડીક કોપીઓ મળશે તો નવા ઘરાકોને તેમજ મંગાવનારને ચાલુ માસની તા. ૧૦ મો તુલીક પુગાડશું-અમારા નોરોજી અંક માટે વર્તમાન પત્રો વાળાએ જે સારા શબ્દો લખ્યા છે, તે માટે ઉપકારી છીએ. નોરોજના મુબારક બાદીના કાર્ડો તેમજ ચીઠ્ઠીઓનો એક મોટો જથ્થો અમોને મળ્યો છે, મોકલનારાઓની સારી દુવા માટે ઉપકારી છીએ.

રીવ્યુ માટે ઘણીક ચોપડીઓ તેમજ ચોપાન્યાએ મળ્યા છે, તે ઉપકાર સહિત સ્વિકારીએ છીએ; રીવ્યુ જગ્યાની તંગાસ માટે મુલતવી રાખવો પડયો છે.

ESTD, 1884 | બી. અરદેશરની કું૦ | EDISON PHONOGRAPH AGENCY

સ્થાપી ૧૮૮૪

માંગો તેવાં હારમોનિયમો તે કયાંથી ખરીદશો?

આજથી ૩૦ વર્ષોની જાણીતી થયલી બી. અરદેશરની કુંપની જાહેર પ્રજાને જણાવવાની રજા લે છે કે સારા ને ટકાઉ અંગ્રેજી તેમજ હાંના બનાવેલા ઉંચી કૃવોલીટીના અને હરેક પ્રકારની સારી સામગ્રીવાળા ખાત્રી પૂર્વકજ હારમોનિયમો યાતો તેને લગતો કશો પણ છુટો સામાન જોઇએ તો બી. અરદેશર તમારી ખીદમતમાં હાજર છે. હીંદની હવાને બરનોજ માલ કીફાયતે જામીનગીરી સાથે મળશે.

ખાત્રી ભરેલો ગ્રામોફોન અને ફોનોગ્રાફો માટે કયાં જશો?

ફોનોગ્રાફ તેમજ ગ્રામોફોનમાં અમો અનુભવી તેમજ બનાવનારાઓને ત્યાંથીજ પરભારા આયાત કરનારાઓ છીએ. તમો માંગો તેવા હરેક પ્રકારના મોટા જથ્થામાં મોજુદ છે. ગ્રામોફોન તેમજ ફોનોગ્રાફને લગતો સામન તેમજ પ્રખ્યાત ગાયનકારોના તેમજ નાટકોના ગાયનોના રેકર્ડોનો સર્વથી મોટો જથો તમારી પસંદગી માટે અમો પાસે મોજુદ છે. એકવાર પધારી તમારી ખાતરી કરજો. સારો માલ ને કીફાયત ભાવો.

છેલ્લામાં છેલ્લી રૂઢીના સીનેમેટોગ્રાફો વેચનારૂં જાણીતું મથક તે

બી. અરદેશરની કું. છે, સીનેમેટોગ્રાફો તેમજ નાની મોટી મનપસંદ ફીલમોનો જથો અમારે ત્યાં અમેરિકા, ફ્રેન્સ, ઇગ્લાંડ વગેરેથી આવતો રહે છે, લાઇમલાઈટ તેમજ વીજળીકને લાગતો અપ–ટુ ડેટ સામન અતિશે કફાયતે અમો વેચીએ છીએ, લગન નજોનના મેળાવડાઓ વગેરે પ્રસંગોમાં અમો સીનેમેટોગ્રાફોના ખેલો મનપસંદ રીતોથી ગમે તે મથકોએ ટુંક. વખતમાં બહુજ કીફાયત કરીએ છીએ.

શોખીન આલમને એક સારી સલાહ. કોઇ પણ પ્રસંગે ઉપલી

કાંઇ પણ ચીજો તમે ખરીદવા ચાહતા હોવો તો ખાસ કરીને અમારી સલાહ લેશોજી, બીન અનુભવીઓની ફાલતુ દુકાને જવા આગમચ અમારા શો–રૂમની એક વખત મુલાકાત જરૂર કરી લેશોજી. રીપેરકામ નવા જેવુંજ થાય છે કોઇપણ ચીજો માટે લખો યાતો મળો. સલાહ તદન મફત, કીફાયત, ભાવો ઉત્તમ માલની ગેરંટી.

પ્રસિદ્ધ મથક–એડીસન ફોનોગ્રાફ એજન્સી.
કાલબાદેવીરોડ–મુંબઈ.

B. Ardeshir & Co.

Importers of Harmoniums, Cinematograph, Gramophones, Records, Ect.
Kalbadevi Road, BOMBAY.

A Trial is Solicited.

Address. "up-to-date" BOMBAY.

સાચી સલાહ.

કબજીઆત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વીર્યવીકારના ગમે તેવા દોષ દૂર કરાના, ગમે તે જાતની અને ગમે તેવી કમજોરી નાબુદ કરાના, અને સ્મરણશકિતને સતેજ કરાના દૈવી ગુણો અમારી

મદન મંજરી

ગોળીઓ

કરાવે છે. એવી સાચી સલાહ તમામ વિદ્વાન વૈદો અને ખાહોશ ડાકટરો પોતાના દરદીઓને આપે છે,

કીંમત—ગોળી ૪૦ની ડબી એકનો રૂ. ૧

રાજવૈદ્ય નારણજી કેશવજી.

જામનગર—કાઠિયાવાડ.

બ્રાંચ ઓફિસ—નં, ૧૮૭, કાળબાદેવી રોડ મુંબઇ.

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું "વૈદવિદ્યા" નામનું ૬૨૮ પાનાનું વૈદકીય પુસ્તક મંગાવો.

નવીન ચેતના! નવીન યુગ! નવીન સાહિત્ય!

પ્રગટ કરતું ગુજરાતનું લોકપ્રિય

સસ્તામાં સસ્તું સચિત્ર માસિકપત્ર

વિવેચક.

જેમાં ગુજરાતના વિદ્વાન-લેખકોના ખાસ મનન કરવા લાયક લેખો, કાવ્યો અને સંસારીક, ઐતિહાસિકવાર્તાઓ પ્રગટ થાય છે. દર વરસે ગ્રાહકોને પુસ્તકની ભેટ છે. ૧૯૧૫ની ભેટ બુક પાપપુંજ ડિટેકટીવ નવલકથા બાર આનાની કિંમતની તૈયારછે. સત્વર ગ્રાહક થઇ વી.પી. થી મંગાવી લો. તે ઉપરાંત ઉત્તમ પુસ્તકો "વિવેચક"ના ગ્રાહકોને સસ્તાં આપવાની ગોઠવણ કરીછે પ્રાઇસલીસ્ટ માટે આર્ધા આનાની ટીકીટ બીડો. 'વિવેચક'નું વાર્ષિક લવાજમ હિન્દમાં રૂ. ૧–૧૦–૦. છે. હિન્દ બહાર રૂા. ૧–૧૪–૦ "વિવેચક"માંની જાહેર ખબર દરેક વેપારીને લાભ આપે છે ભાવ સસ્તાં પુછો.

જાહેર ખબર તથા ગ્રાહકો મેળવનાર એજન્ટો જોઇએ છે. પુછો.	લખો:— 'વ્યવસ્થાપક 'વિવેચક'

નં. ૧૨ લાઠ્રસ નાદોદ R. S R.

મુંબઈના એજન્ટ બક્ષી બ્રધર્સ મનસુર બીલ્ડીંગ ત્રીજે માળે પ્રીન્સેસ સ્ટ્રીટ

નમુનાના અંક માટે બે આનાની ટીકીટ બીડવી

વૈદક શાસ્ત્રના નિયમાનુસાર બનેલી

દેશી દવાનો મોટો વિજય.

ગરીબ શ્રીમંતો અને રજવાડામાં પ્રખ્યાત થએલી, ડો. ડી. એચ. ભટની

અખુટ તાકાત દેનારી

રાજવંશી નવરત્ન યાકુતી.

અજ્ઞાનતાને લીધે કરેલા કુચર્શાથી થતાં દુઃખો દૂર કરી તથા માથાના દુખાવાને દૂર કરી લોહીની શુદ્ધી કરી વીર્યની વૃદ્ધિ કરી શરીરને નવેસરથી રચે છે, અને ગયેલું પુરૂષત્વ માત્ર એક ડબી વાપરવાથી પ્રાપ્ત થાય છે. કીં. ગોળી ૪૦ ડબીના રૂા. ૧૦) પરેજી કાંઇ નથી.

રાજવંશી સાંધાનું તેલ.

ઉપલી યાકુતી જ્યારે અંદરથી જોર આપે છે ત્યારે આ તેલ બહારથી મજબુતી આપે છે. તેલ તથા યાકુતી સાથે વાપરવા ભલામણ છે. કીં. ઔંસ ૧ ની બાટલીનો ૧ના રૂા. ૫) નમુનો રૂા. ૧)

રાજવંશી ટોનીક પીલ્સ.

અપૂર્વ બળ દેનારી, ધાતુ વિકારના તમામ રોગો અજીર્ણ, કળતર, આળસ, અને વૃદ્ધાવસ્થાના તમામ ચિહ્નનો દૂર કરી અપૂર્વ તાકાત આપે છે. કીં. ગોળી ૨૫ ની બા. ૧ ના રૂા. ૨)

રમણીય ટુથ પાઉડર.

દાંતના દરેક દર્દ મટાડી દાંતને સફેદ દુધ જેવા બનાવે છે. કીં. ૰ તોલે રૂા. ૰ાા

વાઘની ચરબી.

સંધીવાનો જાણીતો રામબાણ ઇલાજ છે કીં. ઔંસ ૧ ના રૂા. ૫).

ખરજવાનો મલમ.

ઉપરના મલમથી ગમે તેવું ખરજવું નાબુદ થાય છે. કીં. દબી રૂા. ૨ા)

ગરમીના રોગ ઉપર રામબાણ ઉપાય-રાજવંશી શીરપ.

ગરમીનો ગમે તેવો જુનો રોગ ત્રણ દીવસમાં નાબુદ થાય છે, આ સીરપની અસર પહેલા દિવસે માલમ પડે છે. ઔંસ ૩ ના રૂા. ૧ાા).

કુમારી આસવ.

સ્ત્રીઓના પેટના દરેક પ્રકારના રોગ દૂર કરી ગર્ભાશય સાફ કરે છે, નીયમીત અટકાવ લાવવાનો તેમાં ખાસ ગુણ છે. કીં. રૂા. ૨).

પત્રવ્યવહાર ખાનગી, સલાહ મફત, દવાનું પેકીંગ પો. જુદું.

મળવાનું ઠેકાણું

પ્રોપ્રાઇટર
જે. જે. મનીઆર.

ડો. ડી. એચ. ભટનું દવાખાનું
ભુલેશ્વર ફરંગીના દેવળની સામે—મુંબઇ.

બગડેલા લોહીને શુદ્ધ કરનાર.

ડા૦ વામન ગોપાળ નો આયોડાઇડ

સાર્સાપરિલા

લોહી એ મનુષ્યનું જીવન છે, તે બગાડ્યું હોય તો અનેક રોગ ઉત્પન્ન થાય છે. તેને માટે આ **સાર્સાપરિલા** વિના બીજી એકે દવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે **ગરમી** અને તેના વડે થતાં ભયંકર વિકારો દુર થાય છે. લગભગ **પચાસ વરસથી** હજારો દરદી સારાં થયાં છે.

અનુભવથી ખાત્રી થશે.

અનેક પ્રદર્શનોમાંથી સોના રૂપાના:ચાંદો વગેરેના ઈનામો મળેલાં છે.

કિંમત એક બાટલીનો રૂ. ૧।

(પોષ્ટેજ ખર્ચ પાંચ આના.)

આ સાર્સાપરિલા મુંબઈ તેમજ હિંદમાં હરેક નાના મોટા શહેરોમાં હરેક દવા વેચનારાઓ તથા બીજાઓ પાસેથી મળશે. જથાબંધ ખરીદનારાઓને કમીશન મળશે, નિચલે ઠેકાણે લખો.

બનાવનાર માલેક,

ડૉ. ગૌતમરામ કેશવ.

પોષ્ટ નંબર ૨—મુંબઈ.

ઉંઘમાં ચાલવાની ટેવ---

ઉંઘમાં ચાલનાર પુરૂષોની અજાએબ જેવી કાંહાંણી.

(લખનાર—Persian Pride)

ઉંઘમાં ચાલવાની ટેવ વિષે સઘળું ભેદભરમમાંજ રહેલું છે. આ ટેવ કેવી રીતે પડે છે તે વિષે વિદ્વાનોએ ઘણા ખોલાસાઓ બહાર પાડયા છે પણ તે સઘળા અપૂર્ણ, અને સાધારણ માણસને સમજ પડે નહીં તેવા છે. આ બાબદનો સાધારણ ખોલાસો આ પ્રમાણે છે.

માણસ જાતનું મન બે પ્રકારનું છે પહેલું objective જે સૌમાં આગળ પડતું છે, અને જેની મદદથી આપણી સાધારણ જીંદગીના રોજના બનાવોની સમજ મેળવી શકાય છે. બીજું મન subjective છે. જેનું કાર્ય માણસની જીંદગીની જ્ઞાન આપનારી ક્રિયાઓને મદદ કરવાનું છે. આ બીજા પ્રકારનું મન કદી પણ ઉંઘતું નથી. વળી તેની સ્મરણ શકિત ઘણીજ સંપૂર્ણ છે. મનની આએજ શકિતને મેસમેરીઝમ અને હીપનોતીઝમની ક્રિયાઓ સાધેવા માટે કામમાં લેવામાં આવે છે

જ્યારે Objective મન ઉંઘમાં હોય છે, ત્યારે પણ Subjective મન જાગૃત રહે છે, અને કેટલીક બાબદોમાં જે શરીરમાં તે રહેલું છે તેની પાસ તરેહવાર જાતનાં વિચિત્ર અને ફાટાબાજ કામ કરાવેછે.

ઉંઘમાં ચાલનારાઓ ઘણીક વખતે એવીતો સહાસિક ક્રિયાઓ કરે છે કે જો તેને મજબુત પુરાવા અને સાક્ષિઓથી ટેકો મળતો નથી તો તેના વાજબીપણાપર ભરોસો પણ મુકવામાં આવે નહીં. સાધારણ રીતે ઉંઘમાં ચાલનારને જો ખરાબ રીતે જાગૃત કરવામાં આવે નહીં, તો તેની હાલત સહિસલામત ગણાય છે. એક જુવાન ઇંગ્રેજ બાનુની એક કાહાંણી છે કે તે એક વખત ફ્રાન્સમાં પોતાના મિત્રો સાથ રહેતી હતી, તેણી ઘણી નાજુક હતી અને તેની દાસી બીજા ઓરડામાં ઉઘાડે બારણે સુતી હતી. એક રાત્રીએ તે દાસી જાગી ઉઠી અને જોયું તો તેણીની શેઠાણી બીછાણાપર હતી નહીં.

તે દાસીએ તે ઘરવાળીને ઉઠાડી અને બેઉ જણા શોધ કરવા લાગ્યાં, આમ કરતાં તેઓ છાપરાપર જવાના ઓરડા તરફ આવ્યા, અને તેઓએ છાપરાનું ઢાલકું ઉઘાડેલું જોયું અને તેની આગળ એક નીશરણી મુકવામાં આવી હતી. આ ઉપરથી તે દાસી ઉપર ચહડી અને તે રાતે ચંદની હોવાથી તેણીએ પોતાની શેઠાણીને તે છાપરાની પાળ કે જે માત્ર પંદર ઇંચ પહોળી હતી તે ઉપર ચાલતા જોઇ.

તેણીની શેઠાણી આગળ અને આગળ ચાલતી ગઇ અને છેક નાકે વેર આવી, અને તેણીની દાસી ગભરાવા લાગી કે રખે ને તેણી આગળ વધે અને પોતાનો જાન ખોય. પણ નહીં, તેણીની ધારતી ખોટી પડી. તેણીની શેઠાણી તે છાપરાંના છેડા આગળ ઉભી રહી અને થોડી વારમાં પાછી ફરી અને સીધી તે ઢાલકાં આગળ આવીને નીચે ઉતરી પોતાના ઓરડામાં જઇને સુઈ ગઇ.

સવારના તેણી ઉઠી ત્યારે પોતાના પગ મેલા થએ ગયલા દીઠા તેથી પોતાની દાસીને તેનું કારણ પુછ્યું, અને કારણ

જાણ્યાથી તેણી ગભરાઇ ગઇ અને પછી તે દહાડાથી પોતાના બારણાને તાળું મારીને તેણી સુતી હતી.

૧૯૦૮ના વર્ષની ૩૦મી માર્ચને દહાડે સવારના પહેરમાં એક ૧૬ વરસની છોકરી સ્રોપશાયરમાં આવેલા વેલીંગટન નામનાં શહેરનાં એક મેદાનમાં ઉંઘતી માલમ પડી. તેણીના દીલમાં રાતના પહેરી સુવાના કપડાં હતાં અને પગમાં સ્લીપર પહેરેલા હતા, અને અજાયબ જેવું તો એ હતું કે તેણીએ એક હાથમાં પોતાનો ચશમો અને બીજા હાથમાં એક શીલીંગનો સીકકો મજબુત પકડી રાખ્યો હતો.

તેણીને નજદીકના ઘરમાં લઇ જવામાં આવી, અને જ્યારે તેણી શુદ્ધિમાં આવી, ત્યારે પારકા ઘરમાં જોઇને ગભરાઇ ગઇ. તેણને શાંત પાડી તેણીનું નામ પુછ્યું. તેણીએ પોતાનું નામ તથા ઠેકાણું આપ્યુ, તેપરથી જણાયું કે તેણીનું ઘર ત્યાંથી ત્રણ માઇલ દુર હતું, અને તેણી પોતાના ઘરથી અંધારી રાત્રે ઉંઘમાં ચાલી આવી હતી.

બીજો એક એવોજ બનાવ બન્યો કે ૧૯૧૧ના સાલની ૧૪મી સપ્ટેમબરને દિવસની રાતના એક જુવાન છોકરી ઉઘાડે પગે પોતાના ઘરમાંથી ઉંઘમાં નીકળી અને લગભગ ૪ માઇલ ચાલી ગઇ, અને કાંઇ ઠોકરલાગવાથી પડી ગઇ પડતાંજ તેણી ઉંઘમાંથી જાગૃત થઇ, અને પોતાને આવી હાલતમાં જોઇ ગભરાઇ ગઇ, અને બીની ટં'ટોસતી પોતાને ઘેરગઇ. સારે નશીબે તેણી સીધી સડકપર ચાલી ગયલી હોવાથી તેણી ઘરનો રસ્તો જાણી શકી, નહીં તો તેણીનું શું થતે, તે કહેવું મુસ્કેલ છે.

૧૯૦૭ના જુલાઇમાં એક ૨૧ વરસની છોકરીને એક હોસ્પીટલમાં આજ કારણને-મારે લાવવમાં આવી.

તેણી જ્યારે ચાર પાંચ વરસની હતી ત્યારે તેણીના બાપે તેણીના દેખતા આપઘાત કીધો, અને અજબ જેવું એ હતું કે તેણી તે વીસરી ગઇ નહીં અને તેણીનાં મગજપર બહુ ભાર આવી ગયો અને આ ઉપરથી તેણીને ઉંઘમાં ચાલવાની ટેવ પડી.

તેણી રાતના એક બે વાગે ઉઠતી અને જર્મન ભાષામાં કાગળો લખતી, અને તેણી વળી તદન અંધારામાં. જો તેણી પાસે બતી હોય તો તે તેણી બુંજવી નાખતી અને પછી લખવા વાંચવા બેસતી.

તેણીને હોસ્પીટલની સારવાર મળવાથી તેણી આસતે આસતે સારી થઇ, અને તો-પણ ત્રણ ચાર મહીને તેણી પોતાની આગલી અસર દેખાડતી પણ અજાયબ જેવું તો એ હતું જ્યારે તેણી જાગૃત રહેતી ત્યારે પણ તેણી અંધારામાં લખતી અને વાંચતી હતી. અંધારામાં કામ કરવાની ટેવ વાળો બીજો એક દાખલો હમબર્ગના એક દાકતર નામે ડા. સચયુલઝ આપે છે. એક છોકરી જેણીની ઉમર માત્ર ૧૩ વરસની હતી, તેણી અંધારામાં દરેક જાતના રંગ પારખતી હતી અને લખી વાંચી શકતી હતી, અને આ બધી ચીજ તેણી જાગૃતપણામાંજ કરતી હતી.

એવીજ બીના એક જર્મનને લગતી જણાય છે જે લગભગ દરેક રાત્રે ઉંઘમાં પોતાના ઘોડાપર સવાર થઇને ન્યુરેમબર્ગથી વીએમાર સુધી જતો હતો, અને જ્યારે ખાડી ઓળંગતો હતો, ત્યારે તે પોતાના પગો ઉંચે રાખતો હતો. આ પ્રમાણે તેને ઘણા માણસે જોયલો કહેવામાં આવે છે.

એક માણસ એક રાત્રે એક હોસ્પીટલમાંથી ઉઠી અને બહાર વરંડાપર આવ્યો, અને ત્યાં એક ખુરસી લઇને તેપર બેઠો અને પછી લખકારવા લાગ્યો. આથી ત્યાંનો દાકતર અને રખેવાલ બેઉ ઉંઘમાંથી ઉઠી તપાસ

કરવા લાગ્યા તો તેઓએ તે માણસને ભર ઉંઘમાં જોયો. દાકતરે તેને ઉઠાડવાની ઘણીએ વેતરણ કીધી પણ તે ઉઠી શક્યો નહીં. આથી તે દાકતરે પોતાના સાથના રખેવાલને કહ્યું કે મહેરબાની કરીને એને મુંગો રાખ. તે રખેવાલ તે માણસને બરાબર ઓળખતો હતો તેથી તે પોતાનું મ્હોઢું પેલા ઉંઘમાં પડેલા માણસનાપેટ આગળ લઇ ગયો અને પછી તેને મુંગો રહેવા કહ્યું. આથી તે તદન મુંગો રહી ગયો. આ પ્રયોગથી તે દાકતર અજાએબ થયો. પછી તે રખેવાલ એક નાનું ઘડીઆલ લઇ આવ્યો અને તેનાપેટ આગળ મુક્યુ, અને તે દાકતરની વધુ અજાયેબી વચ્ચે તે માણસે ઘડીયાલમાં કેટલા વાગ્યા હતા તે કહ્યું. ત્યાર પછી તે રખેવાળે તે માણસની આંખ ઉઘાડી અને તેની આગળ એક બત્તી લઇ ગયો પણ તે માણસે કંઇ પણ કીધું નહીં. આ ઉપરથી તે દાકતરે તપાસ ચલાવી તો તેને માલમ પડ્યું કે તેની સાંભળવાની અને જોવાની શકિત પેટમાં ઉતરી પડી હતી!

ઉંઘમાં ઘેલા ગાંડાં કાઢવાના અનેક દાખલા નોંધાયા છે, તેમાં નીચલા દાખલાએ તો અવધિ કીધી છે.

એક માણસે તો પોતાની બૈરીનું ખુન ઉંઘમાં કીધું હતું જે દાખલો નીચે મુજબ છેઃ—

મી. હોલીશ નામનો એક શખ્સ કે જે યુનાઇટેડ સ્ટેટસની રાજધાની વોશીંગટનમાં રહેતો હતો તેને નાનપણથીજ. ઉંઘમાં ચાલવાની ટેવ હતી પરણ્યા પછી તેની ઉંઘમાં ચાલવાની ટેવ નીકલી ગઇ પણ તેને ૧૯૦૮ના માર્ચ મહીનામાં. એક દહાડે તે ટેવની અસર પાછી થઇ. તે દહાડે સવારના પહોરમાં તેની બૈરી પોતાનું બચ્ચું જે તે દહાડે બીમાર હતું તેને જોવા ગઇ અને પાછી તેણી પોતાના ઓરડામાં ફરી. તેણી જેવી ઓરડામાં આવી કે તેણીના ધણીએ તેણીને બંદુકની એક ગોળીથી વીંધી નાખી, આટલું કીધા પછી પણ તે જાગૃત થયો નહીં. તેણીની માય જે ત્યાંજ હતી તેણી ઓરડામાં દોડી આવી અને મી. હોલીશને ઉંઘમાંથી ઉઠાડ્યો, અને પોતાની વહાલી મહેરદારના ખુનનું કારણ જાણવાથી તે એકદમ ગેલ થઇ ગયો અને પછી થોડા દહાડામાં મરણ પામ્યો.

"કોહીનુર હીરો"

(લખનારઃ—એરચ સી. કલ્યાણીવાલા)

અગાઉના વખતમાં જગપ્રસિદ્ધ હીરાઓ ઘણું કરીને "બોરન્યો," "બ્રાઝીલ" અને "કેપ કોલોની"માં મલી આવતા હતા. આપણા હીંદુસ્તાનમાં દખણ પ્રદેશ યાને મછલીપતમ અને હૈદ્રાબાદમાં જગ પ્રસિદ્ધ હીરા શોધી કાઢવામાં આવ્યા હતા.

કોહિનુર હીરો ઇ० સ० ૧૮૫૦માં ઇંગ્લંડના મહારાણીજીના હાથમાં આવ્યો હતો અને એક વખત આ હીરાનો મલીક મલાયાનો રાજો હતો. તે વખતે તેનું અસલ વજન ૭૦૩ કેરેટ* હતું

આ કોહીનુર હીરાના ત્રણ ભાગ કરવામાં આવ્યા હતા. અને દરેકને જુદા જુદા નામો, "કોહીનુર" "રશીયન ડયમંદ" અને "એ શન ઓફ લાઇટ" આપવામાં આવ્યાં હતાં.

"રશીયન ડાયમંદ" નું વજન ૧૯૪ કેરેટ હતું, અને તે હીરો ૯૦૦૦૦ પૌંડે વેચવામાં આવ્યો હતો.

અગાઉના વખતમાં એક કાપેલા, સાફ કીધેલા એક કેરેટ હીરાની કીંમત ૮ પૌંડ થતી હતી.

એવું ધારવામાં આવે છે કે આ "કોહીનુર હીરો" ઈ સ. ૧૬૬૫માં મોગલ પાદશાહનો હતો.

આ "કોહીનુર હીરો" ઇ.સ. ૧૭૦૯માં નાદીરશાહે જે દીવસે દીલ્લી શેહર કબજે કીધું ત્યારે તેણે પોતાના તાબામાં લીધો હતો.

* ૧ કેરેટ=૩⅙ ગ્રેનસ

રમુજી ટુચકા.

શિક્ષક-અલ્યા પેથી, મેં તને આગળા સમજાવ્યું તેમ જો આપણે પક્ષીનું પાંજરૂ એ એક શબ્દમાં બે શબ્દો કરવા હોય તો વચમાં કાપો દો ? "પક્ષી-પાંજરૂ" એમ લખવું. હવે ત્યારે વિચાર કરી બોલ કે મે પક્ષી અને પાંજરા વચ્ચે આ નાના ડાંડાની મેઠે લાઇન શા માટે મેલી. ?

પેસી-સાહેબ, એની લીટીને દાંડો તો પાંજરામાં પક્ષીને બેસવા માટે હંમેશ આવેછ

× × ×

સિપાઇ-આએ સરકારી તલાવ છે જેમાંથી માછલી પકડવાનો મુદલજ હોકમ નથી જે છતાં તમે બે કલાક થયા માછલી પકડવાને ગલ નાંખી બેઠાછ માટે ચાલો ચોકીપર—

માછલી પકડનાર-અરે ભલા માણસ હું કંઇ હંઇયા માછલી પકડતો નથી પણ સાંમો બે કલાક થયા એક પણ મચ્છી પકડયા વગર તલાવની મચ્છીને મારી ગલમા પોરવેલી મચ્છી ખવડાવુંછ.

બેજી વેપારી:—શોરાબજી બા તમે એમ શા ઉપરથી કહોછ કે તમારો દીકરો જે આફ્રીકા પૈસા કમાવા ગીઓછ તે "મરણ પામેલો લાગેછ"

શોરાબજી:—જેઓની બેજીબા, મારો એ દીકરો દર મહિને કાગલ લખતો હતો તેમાં વારંવાર પૈસાની રકમ મંગાવતો હતો ને તે હું મોકલ્યા કરતો હતો પણ આજે છેલ્લા બે મહીના થયા તેનો કાગલ આવતો નથી એટલે મને માનવાને સાફ કારણ છે તે બીચારો મરણ પામ્યો હશે.

કાઉ કટલરી:—અરે દીકરા જશી, તારૂં તરેહવાર કવિતા લખેલું કાગલોનું બંડલ ગુમ થયું તેમાં તું એટલો ઉદાસ શાને થાયછ ? કવિતા તો તું પાછી લખી શકી અને —

જશી:—અરે યાર અમકા કવિતાન કાગલો ખોવઇ ગયા હતે તો ઓછી પીડા, પણ તે કાગલોમાં મેં બપોરનો નાસતો બાંધેલો હોવાથી મને મારૂં સુનાં જેવું એ-ભરવાનું જતું રહેવે વધુ લાગેછ. (કવિતાની કીંમત ત્યારે કેટલી ?)

હેડમાસતર-છોકરાઓ આપણી નવી સ્કુલમાં તમે વળી નવોજ કાયદો જોશો, જે એવો છે કે આપણા દરેક માસતરોએ નેતર મુદલજ નહીં વાપરવાનો મેં ખાશ હુકમ બાહેર પાડયોછ (છોકરાઓએ આ સાંભળી ખુશાલીથી તાલીઓ ફોડી જેવખતે હેડમાસતરે આગળ ચલાવ્યું કે-) અને તેને બદલે જાડા પોહોળા પટાથી કમર ઉપર ફટકા આપવાની રૂઢી અમલમાં-(છોકરાઓ ડાચું પ્રકાશી વિચારવા બેઠા કે બીજે દીવસે સ્કુલમાં આવવું કે નહીં.) મૂકી છે.

અમેરીકન-અરે મી. તમે ઇંગલંડના રહેવાસી હોવાથી કૃપા કરી મને કહેશો કે સસેકસની હોસપીટલમાં જવાનો રસ્તો કયો !

મી.-સાહેબ, હોસપીટલમાં જો તમે જવાજ માંગતા હો તો સીધો રસ્તો તો એ છે જે મોહલ્લાને નાકે જઇને "કૈસર માટે હુરરેના ત્રણ પોકારા કરો" એટલે તમારી મુરાદ તુરત પાર પડશે.

મંત્રી-દોસ્ત જશી, ગયા રવીવારે તેં મારી કલમથી લખાયલો નાટક જોયો તેમાં તને દીકરા કયો ભાગ સૌથી વધારે પસંદ પડયો !

જશી-પહેલા અંક પછી ૧૦ મીનીટનો વીસામો પડયો તે ભાગ.

P. N. P.

"એ ખોટી સહી કરનાર કોણ ?"

(એક ટુંકી વાર્તા—લખનાર-"દીલખુશ")

વાંચનાર, સેવક એક ડીટેકટીવ છે. એક દીવસે હું એક ગુંચવાડાભર્યો કેસ ઉકલાવતો હતો, તેટલાં "લેન્કેસ્ટરટાવર્સ"ના માલેક લોર્ડ લેંકેસ્ટર તરફથી જરૂરી કામે એકદમ નીકળવા માટેનો એક તાર મને મળ્યો. હું તુર્તજ લેંકેસ્ટર જવા ઉપડયો અને "ટાવર્સમાં" ગયો, જ્યાં મને સારો આવકાર આપી લોર્ડ લેંકેસ્ટરે પોતાના કામની બીના નીચે પ્રમાણે કહી. "આજ સહવારે મને મારા લંડનના બેંકરો તરફથી કેટલાક રદ કરેલા ચેક મળ્યા જે તપાસતાં તેમાંનો ૧૦૦૦ પૌંડનો એક ચેક 'ફ્રોર્જ' (ખોટી સહી) કરેલો માલમ પડયો. બેંકમાં તપાસ કરાવતાં એજ દીવસ થયાં કોઇ મધ્યમ ઉમરનો માણસ તે વટાવી ગયાનું મને બેંક તરફથી જણાવવામાં આવ્યું.

મેં તે ચેક જોયો જે તેના માલેકની આબાદ સહી ધરાવતો હતો "એ માટે કોઇ પર તમને શક છે સાહેબ ?" મેં પુછ્યું.

"જરાએ નહીં—મારાં બધા માણસો જુના છે," તેણે કહ્યું.

"આ ચેક બુકનો કોણ ઉપયોગ કરે છે ?" મેં પુછ્યું.

"મારી ધણીઆણી, મારો સેક્રેટરી વીલીઅમ અને મારો દીકરો પરસી, જે અત્રે હાજર છે," તેણે જવાબ વાળ્યો.

"ઠીક છે," મેં કહ્યું "ત્યારે મારો શક તમારા સેક્રેટરીપર જાય છે"

"નહીં-નહીં-તેના ઉપર મારો પુર્ણ ભરસો છે, તેને એવી સેંકડો તક મળ્યા છતાં તેણે એક પેનીનેબી હાથ લગાડયો નથી."

'પપા, તમે જુઓ છો, કાંય નહીં એ શરૂઆત હોય !" વગર પુછવે પરસી કુદી પડયો. તેનો અવાજ અજબ જેવો ખોખરો અને ગભરાયલો હતો જેથી મને શક ઉપજ્યો.

"ચુપરાવ" તે લોર્ડ ગગડાવીને બોલ્યો, "વિલ્યમને માટે કોઇએબી એક સખુન કાઢવાની સત્તા છે નહીં. હું દરેકની વર્તણુક સહેલથી પારખી શકું છું કારણ તેનો મને લાંબા કાળનો અભ્યાસ છે."

"સાહેબ", મેં કહ્યું. "ચોરો હમેશ નિર્દોષ દેખાવાજ કોશેશ કરે છે તેમ છતાં વધુ તપાસ કરવા હું જાઉછું. પછી બધું આપો આપ જણાશે." હું તુર્ત તે બેંકના મેનેજરને મળ્યો. "ખચીત આ ઘણું ખરાબ થયું છે, સાહેબ", તેણે કહ્યું, "વળી અમે બી કંઇ થોડા ગુચવાડામાં નથી." "તે ગમે તે હોય પણ આપણા કેશીયરને બોલાવશો ! કે તે ચેક વટાવી લઇ જનારનું બરાબર બયાન કહે કે જેથી કંઇ કળ મને મળે", મેં કહ્યું. કેશીઅર મી. પાઇક્રેફ્ટને બોલાવવામાં આવ્યો, જેણે કહ્યું કે "બ્લુ દાઢી અને થોભીયા સાથનો આશરે પીસતાલીસ વરસનો, સારા દેખાવનો પુરૂષ તે દીને બપોરે આ ચેક વટાવી ગયો હતો." 'દહાડી અને હોભીયા ખોટાજ હશે', મેં ટીકા કરી, "આગલ ચલાવો" "તેણે એક બુરો ઓવર કોટ પેહરેલો હતો. તેનો સાદ ઘોઘારી હતો, એટલે અકુદરતી લાગતો, છતાં સહી લોર્ડના જેવીજ આબાદ હતી એટલે મને પૈસા આપવામાં કંઇજ વાંધા જેવું ન લાગ્યું, " તે કેશીઅરે ખુલાશો વધુ કર્યો. તેનું માપ પુછતાં તે કેશીઅરે કહ્યું કે તે ૭ ફીટની અંદર હતો, જેથી મારો ગઇ કાલનો શક વધુ મજબુત થયો. પણ શક તે

બળતું હોય તો હોલવવું

(મી.-કે. રૂ. કેરાંવાળા)

બીખો ગોંવન નામનો ભલ્હેલો એક દીવસે વઘસાડથી તીથલ પોતીકા સાસરીયે જતો હતો ત્યારે તેની માનજીનામની માએ નીચે મુજબ શીખામણ દીધી.

" દીકરા સાસરે જાય ત્યારે ભારમાં રહેજે."

" બળતું હોય તો હોલવવું "

હવે જ્યારે તે મા તરફના આશિષ લઇ બાહેર ગયો, થોડાક ગાઉ ગયા પછી તેને એક ઝુંપડું દુરથી જોયું જ્યાંથી ધુમાડો નીકળતો હતો.

તે જગાએ કુંભારે પોતીકી કેટલા દીવસની મહેનત પછી માટલીઓ, કુંજાઓ, વાટકીઓ વગેરે ચેહ સળગાવીને પકવવા મુકયાં હતાં. તેટલા આપણો " બીખો " ત્યાં આવી લાગ્યોને મંયના કહેવા મુજબ " બળતું હોય તો હોલવવું " તેમ તે બાજુથી લાકડી લઇને ધમાધમ પેલા વાસણોની આજુ બાજુ મારવા લાગ્યો ને જે જગો બલતો હતો તે ઓલવવા લાગ્યો, પણ તે બીચારાને ક્યાં ખબર હતી, કે બધાં લાં વાસણનો ખુદો થાય છે. એટલામાં ભાનો કુંભાર ત્યાં આવીને એને ગાંડા હાથીની માફક ઉપડું મહાભારત કામ કરતો જોઇ ચીરડાઇને બોલ્યો "અલ્યા લોંઠાં આ શું કીધું ? બળતું હોય તો બલવા દેવું નહિ કે"? એમ કહી તેને ખુબ કુંડીપાક જમાડયો. "અહિંથી નાસ નહિ તો મારી નાખઇ "

પેલો બીચારો બીખો ત્યાથી ગુપચુપ માર ખાઇને ગયો ને "બલતું હોય તો બળવા દેવું" એવું મનમાં ગોખીને આગળ ચાલ્યો. છેટે ગયો કે એક નાનું ઘર તેને બળતું દીઠું ત્યારે દોડતો દોડતો જઇ જેઓ આગ ઓલવતા હતા, તેમને કહ્યું,"બાપ, આએ" શું કરો છો, બલતું હોય તે બલવા દો હોલવો ના.

પેલાઓએ એને હસી કાઢયો, પણ તેનો કંઇ ખ્યાલ ન કરતા ઘરની આજુ બાજુ જઇને ઉલટી બધી બાજુએ ચેહ લગાડી.

ત્યાંથી લોકોએ તેને મારીને કાઢી મુકયો, કે એમ કરવું નહિ ત્યારે બીચારા લોકોએ પેલા કુંભારનો દાખલો આપ્યો. લોકો તે સાંભળી સમજ્યા કે આ તદન મુર્ખો છે.

હવે ત્યાંથી નીકળી આખરે પોતાને સાસરે આવી પુગ્યો. ત્યાં સીધો સાસુને મળવાને બદલે એકદમ વાડામાં ગયો ને ત્યાં મોટો ગોળ ચાક (પત્થરનો) હતો. તે માથાપર મુકવી ત્યાંના રસોઇયાને કહ્યું. રસોઇયાએ હઠ લીધી કે અલ્યા મરી જાહે ! મરી !! પછી એકદમ ઘરની અંદર જઇને બધાને કહ્યું ત્યારે તેણે ખુલાસો કીધો કે માએજીએ કીધેલું કે "ભારમાં રહેજે", તથા છે તે કહીને ભારમાં રહ્યો. "સસરાજી તો બીચારા હાય સોસારામાં પડયા કે જમાઇરાજ તો અક્કલના ઓઠમીર છે ને આજુબાજુના તો હસવા લાગ્યા.

"માસિક મિત્ર"ની ગયા નોરોજી અંકની એક પણ નકલ અમો પાસે નથી માટે કોઇએ મંગાવવી નહીં.

"નામદાર સરકાર, અને સ્વદેશને ખાતર"

અંગ્રેજી સંસારની એક દીલજીત ટુંકી વાર્તા.

લખનારઃ—"ખાલેસ"

(૧)

"હું એક ઠીચકારાને પરણવાને ના પાડું છું?"

ઉપલા શબ્દો હવામાં ગણગણવા લાગ્યા, અને જ્યોર્જ ઇલીઅટ. તે સુંદર ટેકડીની એક બાજુ ડંખ લાગ્યો હોય તેમ ઉભો રહ્યો.

એક ઠીચકારો?

ઉપલા શબ્દો જેનીડેલે તેને કહ્યા હતા– તેણીને તે ખરાં અંતઃકરણથી ચાહતો હતો, અને તેણીનો પડયો બોલ ઉંચકી લેતો હતો–જેણી એક વર્ષ પછી તેની મધુરી મહોરદાર બનનાર હતી.

જો કે તેણીની આંખો સાથે તેની આંખોએ મુલાકાત લીધી તોપણ તેનો ચહેરો ઉપલા શબ્દોથી રાતો થઇ આવ્યો. કારણ જ્યોર્જ ઇલીઅટ એક ઠીચકારો નહતો, અને પહેલેજ તડાકે તેણે જાણ્યું કે તેણીને આવી ટીકા કરવાને કાંઇ પણ કારણ મળેલું હોવું જોઇએ.

"હું ધારૂં છું," તેણે ધીમા અવાજે કહ્યું "કે તને ગુસ્સે થવાનું કારણ ગઇ કાલે રાતનાં ડાન્સ વખતે મી. સ્ટીવન મરાલીંગે તારૂં અપમાન કીધું તોપણ મેં તેને એ માટે ઠોકયો નહિ એ છે. એમજ ને!"

જવાબમાં તેણી હસી પડી અને જાણે કાંઇજ બન્યું ન હોય તેમ સામે સૂર્યાસ્ત પામતી વખતે જે ઝઝકવું થતું હતું ત્યાં જોવા લાગી.

તે મરદ એક પગલું આગળ વધ્યો, અને પોતાના દમનો છુટકારો કરતાં તે છોકરીનાં એક બાજુના સુંદર ચહેરાં ઉપર નજર કીધી.

"સાંભળ!" તેણે તોરમાંજ બોલવા માંડયું. "હું તને હમણાં જણાવીશ કે હું શા માટે તેને મારતાં અટકયો હતો. એ તો ખરૂંજ કે હું બીધો હતો." તે થોભ્યો, તેના મહોઢા ઉપર હસવું ફુટી નીકળ્યું, કારણ કે તેની સાથી પાછળ હઠતી હતી, બાર પછી તેણે હુશયારીથી પાછું બોલવા માંડયું. "હા બીધો–પણ જેમ તું ધારે છે તેમ નહિ. હું તેને ઘણો માર લાગી જાય તેથી બીધો. એક વખત લગભગ એક માણસને મારી નાંખ્યો હતો– તેનો ચહેરો ફીકકો મારી ગયો. તેને માટે જે દુઃખ મેં ખમ્યું તેણે મને પાછી યાદ આપી કે તેવો અનુભવ પાછો મેળવતાં મારે સાવચેત રહેવું જોઇએ. તું સમજી."

પોતાનો રાંઢોડી હાથ લાંબો કરી તેને આમથી તેમ ફેરવતાં, તેણે કહ્યું "હું ઘણો જોરાવર છું અને મારૂં લોહી જયારે જોશ ઉપર આવે છે ત્યારે હું તે બાબદ ભુલી જવાની કોશેશ કરૂં છું."

તે છોકરીના મહોઢા ઉપર હસવું પ્રગટી નીકળ્યું.

"મને સમજાવવાને માટે તારી પાસે બસ આટલોજ ખુલાશો છે." તેણીએ ઠંડા અવાજે પુછ્યું.

"આટલુંજ છે," તેણે જવાબ આપ્યો "અને જો એટલાથી તું સંતોષ પામતી ન હોય તો હું કહું છું કે ગુડ બાઇ" અને એક પગલું પાછળ હઠતાં, તેણે પોતાના ગજવામાં પોતાના હાથો ખોસ્યા, અને તે ઓરતના અર્ધ ચેહેરા ઉપર ટીકતો ઉભો રહ્યો. તેણીએ જાણ્યું કે

તે તેણીનાં જવાબ માટે ખોટી છે, અને તેથી તેને શું જવાબ આપવો તેના વિચારમાં તેણી ગુંચવાયા કીધી.

"પણ—એક હીયકારાને પરણવું ! કદી નહિ!"

" ત્યારે ગુડ બાઈ " તેણીએ ઠંડાઇથી કહ્યું. અને એક ફેરો ફરતાં તેણીએ પોતાનાં આંગળામાંથી વીંટી કાઢી. એક સુંદર નાની ચીજ અને તેની સામે ધરી.

તેણે તે લીધી અને લખો વખત ચુપકીદીએ ત્યાં પોતાનું રાજ ચલાવ્યું, તેટલા વખતમાં તે માણસે તરેહવાર વિચારો પોતાના મનમાં ઉભા કીધા. એ વખત બોલવાને તેણે પોતાનું મોહડું ઉઘાડ્યું, અને એ વખત તેણે પોતાનો વિચાર પાછો ફેરવ્યો. શા માટે તે આ છોકરી સાથે તકરાર કરે કે જેણે તેને હીયકારો જણાવ્યો ? શા માટે તેણીને જણાવવું જોઇએ કે થોડા દીવસની અંદર તે દેશ અને રાજાને માટે લડાઇના મેદાનમાં પોતાની બહાદુરી દેખાડવા જનાર છે.

નહિ, તેણે પોતાનો ટેક પણ જાળવવો જોઇએ. તેણીએ હીયકારો-હીયકારો જણાવ્યો તેણીને-એમજ ધારવા દે, કદાચ કેઇ દિવસે-"

એક ટુંકા હસવા સાથે જ્યોર્જે પોતાના હાથમાંની વીંટી પાસે વહેતા એક નાળામાં ફેંકી દીધી, અને કાંઇ પણ બોલ્યા વગર અથવા જેણીને તે ચાહતો હતો તેની તરફ એક નજર પણ નાંખ્યા વગર તે તે ટેકડી ઉપરથી ઝડપમાં પસાર થઇ ગયો.

❀ ❀ ❀ ❀

-થોડા દીવસ પછી કંઇ અફવા જેનીના કાન ઉપર આવી તેથી તેણીએ તરત જ્યોર્જના ઘર તરફ ફેરું લીધું. તેની બુઢી માય દરવાજામાં મળી અને જેનીએ તરત તેણીના ચેહરા ઉપરથી જોઇ લીધું કે તેણી તેને ધીક્કારથી જોતી હતી

"આહ, તે--તે ગયો." જેની કાંઇ પણ પુછે તે અગાઉ તે ડોકરીએ કહ્યું.

'તે દખણી લડાઇની જગા ઉપર ઢરી-તે માટ કે જેને તેં હીયકારો જાહેર કીધો!"

આ શબ્દોથી જેનીનું હાડેહાડ ધ્રુજવા લાગ્યું, અને તેણી દરવાજાને અઢેલીને ઉભી રહી. તેણી અજાયબીમાં તે બુઢીના ચેહરા ઉપર ટીકતી ઉભી.

"અરે ?" ડચકાં ખાતાં ખાતાં તેણીએ કહ્યું, "શા માટે તમે તેને જવા દીધો ! અહ, જો હું માત્ર એટલુંજ જાણતી હતે તો—"

તે બુઢીની આંખ કે જે લગભગ જ્યોર્જની આંખને મળતીજ હતી, તેણે રતાશ પકડ્યો અને અજાયબ જેવું હસવું તે બુઢીના હોઠ ઉપર ફુટી નીકળ્યું.

"અને શું તું એમ ધારેછ કે મારા દીકરા જ્યોર્જને લડાઇ ઉપર મોકલનાર તુંજ છે ! શું તું એમ ધારેછ કે તારા ના કહેવાથી તે કદીબી ઘરમાં રહી શકતે ?"

તે છોકરીનો ચેહરો લાલ થઇ આવ્યો.

"મેં જવાબ આપવામાં ઉતાવળ કીધી" તેણીએ જણાવ્યું. "મેં-મેં ધાર્યું—"

"ઉતાવળ ?" તે બુઢીએ જવાબ આપ્યો. "તું એને ઉતાવળ કહેછ ? તું ધાતકીપણે બોલી હતી. તું જેમ બોલી તેમ કદાચ દુન્યાની કેઇપણ બાયડી પોતાના ચહાનારને બોલી હશે નહીં. કંઇ તારા કહેવાથીજ તે લડાઇમાં ગયો નથી—પણ એતો એથી પણ વધારે ઉમદા કારણ છે"

જ્યારે જેનીએ કાંઇપણ જવાબ વાળ્યો નહિ, ત્યારે તેણીએ પાછું બોલવા માંડ્યું.

"તે લડાઈમાં ગયો કારણકે તે જાણતો હતો કે 'રાજા અને દેશને' તેની અગત હતી."

જેનીની આંખઆ શબ્દો સાંભળીને પાણીથી તર થઇ ગઇ

"પણ નમે"–તેણીએ દમ ખાધો "તમો શું કરશો જો-જો તે પાછો ન આવે તો!"

આ શબ્દોથી તે દોશીનો ચેહરો પેહલાં તો ફીકકો મારી ગયો, પણ તરતજ તેની જગા હસવાએ લીધી.

"હું શું કરીશ?" તેણીએ કહ્યુ "જેમ અગાઉ કીધું હતું તેમ હાલમાં પણ કરીશ. હું તે ખુદાની બંદગી કરીશ કે તે મારા દીકરામાં કૌવત મુકશે. એક સોલજરની બાપડી અને મા એથી વધારે શું કરી શકે? ખુદા મને મારા ચાર છોકરાઓ સાદે સુખી રાખે, કે જેમાંના ત્રણ મારા ધણી સાથે પોતાની ફરજ બજાવવા બહાર પડયા છે. અને જો મારો સૌથી નાનો બેટો–મારો બેનજામીન પણ લડાઇમાં જાય તો હું કોણ કે તેને માટે ફરીઆદ કરી શકું? એથી ઉલટું મારે હર ખાણું જોઇએ કે ખુદાએ મને આવા નામાકીત નરોની માતા થવાને સરજાવી છે? પણ"–તેણીનો અવાજ ધીમો થઇ ગયો, તેણીએ ત જુવાનના ચેહરા ઉપર નજર કીધી અને કહ્યું "જો તું તારો છેલ્લો આટલો પ્યાર જાહેર કરવા આવી હોય, તો જા અને તારૂં મોહુું મને ફરીથી દેખાડતી ના. કારણકે તારા કહેલા શબ્દો ઘણા ઘાતકી હતા–તેં તેને તાણો માર્યો હતો."

જેની ઉલ આ શબ્દોથી ચમકી, અને કાલાવાલા માટે હાથ લાંબા કીધા.

"અરે" તેણીએ બુમ પાડી "એમ તમે બોલો ના. શું તમો ધારોછ—" ગુસ્સાવાળા હાથના ચાળા સાથે—"હું તેની તરફ ઘાતકી થઇ હતી, તેને માટે મને કેવું દુઃખ ખમવું પડે છે! શું તમો ધારોછ કે મને તેની માફી માગવાને એક ટક પણ મળે નહિ હું હવણા સુખી છું.!"

"આહ" તે બુદ્ધીએ કહ્યું "હું તે બરોબર જાણુંછ પણ મારૂં અંતઃકરણ તારી તરફ દયા બતાવવા ના કહેછ—હજુ પણ નહિ. તું જાણેછ, હું જ્યોર્જની માતા છું અને તું–વેલ–તું હમણા તો તેની નથી શું તેં તારી વીંટી તેને પાછી નથી આપી?"

❀ ❀ ❀ ❀

તે માસ સપટેંમ્બરનો છેલ્લો વખત હતો, કે જ્યારે પ્રેસખબરો તરફથી, રોયલ ફુઝીલીયરની ૧૧)મી બેટેલીઅનનાં એક સીપાઇની હુસ્યારીની અને હદ બહારના પરાક્રમની વાત બહાર પડી હતી. પોતાની જીંદગીના જોખમે, તેના કાનની આગળથી આગગાડીની સીટીના અવાજની માફક પસાર થતી ગોળીઓ અને જીંદગીનો છેડો લાવનારા આતશી ગોળીઓ તેના પગ આગળની જમીન ખણી નાખતા હતા, તેવા વખતમાં, તેણે પોતાના ચાર ઘાયલ થયલા સાથીઓની જીંદગી બચાવી હતી. લડાઇવાળા જગાએ તે એક હેરેમનની માફક લડયો હતો, અને જ્યારે એના સઘળા સાથીઓ એનાથી છુટા પડયા, અને એની બંદુક ચીરાઇ ગઇ, ત્યારે તેણે પોતાની મુઠ્ઠીઓથી ત્રણ જરમન સોલ્જરોને પેલી જહાનમાં મોકલી આપ્યા, અને હજુ ચોથાને પોતાના માસુસાઇ જોરનો સવાદ ચખાડે તે અગાઉ પોતાના દુશ્મનોનાં સામટાં હુમલાથી વીંધાઇ ગયો.

"આહ, ખરેખર," એક સોલ્યમેન પોતાના દોસ્ત ઉપર તે વખતનો હેવાલ લખતાં જણાવે છે કે "આવી રીતની લડાઇ મેં કદી પણ જોઇ નહતી. તેની મુઠ્ઠીઓ જરમનોનાં પોભરાં રંગતી હતી એ જોવું એક અજાયબી હતી. જો હું સો વર્ષથી પણ વધુ જીવું તોપણ આવો દેખાવ ફરીથી હું જોવા પામીશ નહીં અને તેને મરેલા ધારી તેની વ્હાલી મા—આહ

પણ એ એક દલગીરી ભર્યો બનાવ છે કે તેની જીંદગી ધારનીમાં છે. "

ઉપલો બનાવ લખતી વખત ઇંગ્લાંડના એક નાના શાંત ઝુપડામાં એક જૈફ ઓરત દલગીરીમાં એક જુવાન છોકરીનો હાથ પકડી બેઠી હતી, અને તેણીને ખુશાલ રાખવાને હીંમતના શબ્દો વારંવાર જણાવતી હતી.

(૨)

; એક ખાસ સ્થાપેલી હોસ્પીટલની અંદર જેની ડેસ " નર્સ જેન " ના નામે ઓળખાતી હતી; અને તેણી ત્યાં પાથરેલાં બીછાનાઓ ઉપર દલગીરી ભરેલા ચહેરાએ જોતી ઉભી હતી.

. એક મીનીટનાં વિસામા પછી, તેણીના વિચારો બે મહીના અગાઉ આ જગા ઉપર બનેલા બનાવની યાદ આપતા હતા. બે મહીના અગાઉ કાપણીના વખત ઉપર તેણી જીયોર્જ સાથે આજ જગા ઉપર ડાન્સ કરતી હતી કે જ્યારે સ્ટીવન મારલીંગે તેણીનું અપમાન કરવાની હીંમત કીધી હતી.

તે વખતે આ ઓરડો વીજલીક લાઇટોથી સણગારેલો હતો, અને તરેહવાર યુવાન છોકીઓ પ્યાના ઉપર ગાનતાન કરી રમુજ મેળવતી હતી, અને તેજ છેલ્લો સુખી વખત હતો અને હવે—?

બત્તી ધીમી બળતી હતી, અને ભપકાદાર સણગારોને બદલે રેડક્રોસનો વાવટો ત્યાં દેખાવ દેતો હતો. હવા કે જે ગીતો અને પ્યાનાના અવાજો, તથા હસવાના અવાજોનો પડઘો પાડતી હતી ત્યાં શાંત ચુપકીદી અને મોત અને જીંદગી વચ્ચેની ખેંચતાણ ચાલતી હતી

બહારનો ચંદ્રમા જ્યારે અંદર નાચરંગ પુરો થતો, અને યુવાન જોડાંઓ પોતાના ઘર તરફ રસ્તો લેતાં ત્યારે પુર ભપકામાં પ્રકાશતો હતો, તેને હાલમાં જાણે આ દુઃખદાયક બનાવની આગાહી થઇ હોય તેમ તે પણ પોતાનો પ્રકાશ ઝાંખો તે રેડક્રોસ વાવટા ઉપર પાડતો હતો.

અને એક જણ કે જે તે વખતે પોતાની પ્યારી સાથે તે જગા ઉપર ડાન્સ કરતો હતો, અને પોતાની પ્યારી સાથે વાતમાં હતો તે આજે લડાઇની જગા ઉપર પોતાના 'રાજા અને દેશને માટે' લડત ચલાવતો હતો, કારણ કે તેને પોતાના 'રાજા અને દેશને માટે' પોતાનો જીવ અર્પણ કીધો હતો.

ગુંગળાતાં ડચકાંએ નર્સજેન આમ તેમ ફરતી હતી, તેટલાં તેની વડી નર્સ ત્યાં આવી લાગવાથી તેણીને પોતાનો ચેહરો હસતો બનાવવાની ફરજ પડી.

"તમે કાલે રાતનાં કામ ઉપર હતાં તેટલાં ત્યાં એક નવો કેશ આવ્યો છે." વડી નર્સે કહ્યું.

"કાલે બપોરની એક સ્પેશ્યલમાં તેને હાથમાં લઇ આવવામાં આવ્યો છે. હું તમને તેનો ચાર્જ લેવા કહું છું. તેની કાંઇ માવજતતી ઘણી અગત નથી-ગરીબ બીચરો ? તે બીચારો મોતની અણી ઉપર છે, અને તેથી તમારે તેની આગળ રહેવું અને તેની તપાસ રાખવી તે કદાચ કોઇ ઉપર પોતાનો છેલ્લો પેગામ કહેવડાવનાર હશે, વાસ્તે તમારે તેની આગળથી ખસવું નહિ." અને તેણીના મોઢાં ઉપર નરમાશથી હાથ ફેરવી તે વડી નર્સ બીજી બાજુએ ચાલી ગઇ.

નર્સ જેનને તે નવા આવેલા કેશના બીછાના આગળ જતાં એક કલાક પસાર થઇ ગયો, કારણકે તે છેક ઓરડાના બીજા છેડા ઉપર હતો, અને ત્યાં નર્સ જેને જોયું કે-તેણીને ફરમાવવામાં આવ્યું હતું તેમ તેની નજદીક બેઠી નહિ-પણ બીછાના ઉપર વાંકો

વળી અને પાટાઓથી બંધાયલા ચહેરા ઉપર નજર નાંખતાં તેણીથી મોટે બુમ પડાઇ ગઇ.

"અરે ખુદા ! મને વધુ શિક્ષા કરવાનું મોકુફ કર,—હવે તેને મારી પાસેથી ખુંચવી ના લેતો—અરે ખુદા ? હું મારી જીંદગી તેને માટે અર્પણ કરૂં છું. માત્ર એની જીંદગી બચાવ, એની જીંદગી બચાવ ?"

આ બુમ તેની વડી નર્સ જે હજુ પાસેનાજ ભાગમાં હતી તેણે સાંભળી, અને તેણીની આગળ આવી તેણીને સાવધ કરતાં કહ્યું.

"તું શું કરેછ જેન, તું આવી રીતે દરદીને હેરાન કરશે, એકદમ ઉઠ ?"

"અરે ખુદા એને બચાવ. એને મરવા નાં દે ! હું તેની પાસે માફ માગું છું. જ્યોર્જ તું સમજેછ—જ્યોર્જ મને માફ કર નહિં તો હું પણ મરી જઇશ."

તે ઓરડાના બારણાનો અડગરો ખખડયો અને કોઇ અંદર દાખલ થતું હોય એમ જણાયું.

"નર્સ, ડાકટર આવેછ, નર્સ ઉભી થા. જો તું એમ હિંમત હારી જશે તો તે તને અહીંઆ રહેવા દેનાર નથી. ઉભી થા ?"

આખરે આ શબ્દોએ તેણીને હુશ્યાર કીધી. તમ્મર ખાતી તે ઉઠી, પણ તેણીએ પોતાની નજર તે બીછાના ઉપરથી ખસેડી નહિં

તે ડાકટર જેવો તે આજારી મરદની નજદીક આવ્યો, તેવીજ તેણે નર્સ જેનના તરફ નજર કીધી. તેણી એક અઠવાડીઉં આગળ તો ખુશાલ હતી, અને એક નર્સની અગત વખતે તેણીએ તુરત પોતાનું નામ દાખલ કરાવ્યું હતું. તેણી પહેલાં પોતાને અનુભવ નહિ હોવાથી બીતી હતી, પણ તુરતજ તેણીએ દેખાડી આપ્યું હતું કે તેણી કુદરતી નર્સ હતી. તે ડાકટરે તેણીની તરફથી નજર ફેરવી, તે બીછાના ઉપર પડેલા દરદી ઉપર નજર કીધી. તેનો ચેહરો પાટાઓથી ઘેરાયલો હતો સીવાય કે તેની બેઉ આંખો ખુલ્લી હતી, અને તેજ આંખ ઉપરથી નર્સ જેને પારખ્યું હતું કે તે જ્યોર્જ ઇલીઅટ પોતેજ હતો. પણ, અરે, તે દયાજનક દેખાવ, કે જ્યારે ડાકટરે પોતાના ઉપાયો અજમાવવા તેના મોઢાં આગળના પાટાઓ ખસાડયા. શું ખરેખર જ્યોર્જજ હતો—તેણીનો વ્હાલો કે જેનું સુદર મોઢું પેલા સુંદર ડાન્સ વખતે તેણીની ગરદન ઉપર હતું—માણસ કે જે હજારો માઇલ સુધી એક દેખાવડાં યુવાન તરીકે અખ્યાત હતો. અહીંઆ ખરેખર માણસના મોંઢાથી જુદોજ દેખાવ હતો—મોતની જીંદગી-ખરેખર લડાઇનો ભયંકર અને સખતાઇ ભરેલો દેખાવ જોવો હોય તો આ એક નમુનો હતો.

પણ એવો કોઇબી દેખાવ તે છોકરીની છાતી ખાલી કરનારો નહતો, કારણ કે જેને તેને એક હીચકારો જણાવ્યો હતો, તેની મા તરફનો વ્હાલો ફ્યાર તેણીની છાતીમાં ઉભરી નીકળ્યો અને તેણીને તદન ગભરાવી નાંખી. 'રાજા અને દેશને ખાતર' જ્યોર્જે પોતાને આવી સ્થિતિમાં લાવી મુકયો હતો, હજારોમાંનો એક જેઓ બ્રિટીશ શહેનશાહતને તેની ચડતીમાં વધુ દીપાવવાને પોતાના જીવો અર્પણ કરે છે.

દલગીરી ભરેલા ચહેરાને ડાકટરે પોતાનું ડાકું ઉચકયું. અને તે વડી નર્સ તરફ જોયું. "દયા" તે બોલ્યો "દયા. હું ધારૂં છે કે તમો એને માટે બધું જાણતા હશો, એને મુવેલો ધારવામાં આવ્યો અને એણે—હું જાણતો નહિ કે કેટલા દુશ્મનોને માર્યા ?" તે વડી નર્સે ઉદાસીમાં પોતાનું ડાકું ધુણાવ્યું અને નર્સ જેન તરફ નજર ફેંકી, કે જેણી એકકી તગરે તે ડાકટરનાં ચેહેરા ઉપર જોયા કરતી હતી.

" શું કોઇ બચવાની આશા નથી ? "

તે ડાકતરે પોતાની પીઠ ફેરવી અને તે વડી નર્સ તરફ જોયું અને બોલ્યો,

" જરાક પણ નહિ. સિવાય કે પણ ખરેખર તે અશકય છે. અને જો—"

તે એકાએક અટક્યો, કારણ કે તોતડા અવાજે નર્સ જેને બુમ પાડી અને તેનો હાથ પકડયો.

"સિવાય કે—સિવાય શું ! " તેણીએ પુછયું.

તે વડીનર્સ આ બનાવથી અજાયબીમાં ગર્ક થઇ ગઇ, એક નર્સ જો આવી ચાલ ચલાવે તો તે તેણીના ધંધાને ન છાજતું છે.

"ખરેખર નર્સ " તેણીએ બોલવું શરૂ કીધું પણ તે ડાકતરે તેણીને પોતાના હાથની નીશાનીથી ચુપ કરી નાંખી. તેણે કેટલોકવાર નર્સ જેનના ચહેરા ઉપર ટીકી ટીકીને જોયું અને પુછયું.

" એ તમારો કોણ થાય છે ?"

ધીમેથી તેણીની નજર તે માણસ કે જેણે પોતાના જીવના જોખમે મેદાનમાં કીર્તિ મેળવી હતી તેની તરફ ફરી.

" તે માણસ છે કે જે આ બીછાનું છોડયા પછી મારી જીંદગીનો ભાગ્યો થનાર છે. " તેણીએ જવાબ આપ્યો, " અને હું આશા રાખુંછ કે તે જલદી સારો થશે.—હું તે જાણુંછ, તેથી ડાકતર મને જણાવો કે હું મારી ધારણામાં ફળીભુત થઇશ કે નહિ."

તેણી જરા પણ બીક વગર ધીમેથી આ સઘળું બોલી ગઇ.

" ઓફ કોર્સ, તે એક માત્ર ચાન્સ છે." તે ડાકતરે કહ્યું. "તે માણસની અસલ ચામડી ક્યાં છે તેજ માલમ પડતું નથી—પણ આહ, વખત ગુમાવવો ફોકટ છે—તેમ સાથે ઘેણું ઘણું બીકટ કામ છે.. અને તને કોઇ બીજા કપડામાં લપેટવાની એટલી તો અગત છે કે—" ફરીથી નર્સ જેને પોતાની આંખ તેની તરફ ટાંકી; તે તારાની માફક ચમકતી હતી. તેણીનો ચહેરો ફીકો ભારી ગયેલો હતો છતાં તે કાંઇક ઉમેદથી ભરપુર હતો. તેણીએ ધ્રુજતા હાથે પોતાનો ખુલ્લુ ઝભ્ભો કાઢયો અને બોલી.

" ડાકતર આ લેવ. તમુને જે જોઇએ તે લેવ. હું મજબુત અને તન્દુરસ્ત છું હું અરે ! ડાકટર—જો એ મરી જશે તો મારૂં મોત પણ નકકીજ છે."

થોડો વખત સઘળું ચુપ થઇ ગયું. તે ડાકટરે તે સફેદ ગોળ ભરાવદાર હાથ કે જે લાંબો કીધો તેની ઉપર નજર કીધી. તે ડાકતર ઉમંગથી પોતાના કામ ઉપર ફરીથી મંડયો. તે બહાદુર મરદ તે ડાકટરનાં તાબામાં થોડો વખત રહયો, પણ એકજ મીનીટ, કારણ કે તે પોતાની પાછળ ઉભેલી અગત્યના વિચારોથી જાણીતો હતો, અને બીજી સેંકડે તેને નર્સ જેનને હિંમત રાખવા જણાવ્યું.

તે ફરીથી ઉમંગથી પોતાના કામ ઉપર મંડયો.

બે કલાક પછી તે ડાકતરે તે નર્સને તે દરદીને આ જગાએથી ઉંચકી બીજા બીછાના ઉપર મુકવા જણાવ્યું.

" એ એક પહેલવાન છે તો તેણી કોઇ પહેલવાનીમાં ઉતરતી નથી. " તેણે ધીમેથી કહ્યું. ત્યાર પછી ડાકટર તે હોસ્પીતલ છોડી ગયો, અને જતાં જતાં ત્યાં ઉડતો રેડ ક્રોસ વાવટો જોઇને પાછો બોલ્યો:

" ખરેખર એક બહાદુર ઓરત " અને એક માન સહીત ડોકાના લેહકો સાથે તે પોતાને રસ્તે પડયો.

(૨)

એક વર્ષનો ગાળો વીતી ગયો, અને જેનની ઉમદા બહાદુરી અને ખંતથી નર્સોએ

પોતાની નવી જીંદગી શરૂ કીધી, અને અગાઉ તે જેટલો ખુબસુરત હતો તેટલો કમર્ણ પણ બન્યો. આખરે તે બેઉનાં લગન થયાં.

જેને જે આટલી બધી મહેનત કીધી તેનો બદલો તેણીને આ મળ્યો કે તેણી આખે આખા ગ્રેટબ્રીટનમાં એક સૌથી સુખી અને મગરૂર બાયડી બની.

માત્ર જ્યારે જોનની આંખ તેણીની આંખ સાથે મળતી ત્યારે તેણીને કાંઇક ગળામાં ગુંગળાટ થતો હોય એમ જણાતું, અને ત્યારેજ તે મરદ પણ તે દાદાર પાસે પોતાને આવી બહાદુર બાયડી મળી તેનો ઉપકાર માનતો હતો.

હજુ પરણ્યાંને ૭ મહીના થયા તેટલામાં તેને પાછો લડાઇ ઉપર બોલાવવામાં આવ્યો અને ત્યારે તેણીએ ખુશાલીથી હરખાતાં ઉમરે પોતાના વ્હાલાને રજા આપી, એટલુંજ કહીને કે "" રાજા અને દેશને તારી અગત છે."

" તારે જરા પણ બીક ન રાખવી ડારલીંગ ? " તેણે તેણીને કહ્યું.

જો કે તેણીના અંતઃકરણમાં તો તે એક મોહટું દુઃખ હતું પણ તેણીએ તે પોતાના મનમાંથી કાઢી નાખ્યું.

"હું એક સોલજરની બાયડી છું." તેણીએ મગરૂરીથી તેને યાદ આપી, જ્યારે તેણીનું અંતઃકરણ ઉછાળામારી તેણીને જણાવતું હતું કે તેણી વખત જતાં એક સોલજરની માતા થશે. અને આઘા આપલના રસ્તા ઉપર એક બુઢી રહેતી હતી કે જેણી પોતાની લાંબી જીંદગીને માટે મગરૂર હતી. તેણી વારંવાર "મારો દીકરો અને મારા દીકરાની ધણીઆણી" આ બોલો બોલવા માટે મગરૂર હતી.

પણ આલસાજ શબ્દો તેણીને ખરેખર મગરૂર બનાવતા હતા.

ટાહુકા ટુચકા.

[લખનાર-દીલખુશ.]

એવી રીતે ત્રણ અઠવાડયાઓ પસાર થઇ ગયાં તેનાં ભવિષ્ય વિષે તકરાર કરવામાં, અને તેના નારાજ હાથોમાં લોઇસની દોલત મેલવાની ગોઠવણો કરવામાં તે આખો દીવસ તે કર્નલે તેની સંગાતમાં ગુજાર્યો હતો, અને હમણાં, રાત્રી પડતાં, તે એકવાર ફરીને તન અને મનથી થાકેલો એકલો પડયો હતો. તેના તાબે થવા પછી આ પહેલીજ વાર તેનાં મન ઉપરના ભારે બોજા પછીની શાંતી અને કરાર ગુમ થયો હતો. હજી પણ તે એકલોજ હતો. હવે તેને લાગ્યું કે, હવે પછી સદા તે એકલોજ રહેશે, કારણ. એકજ જણુ એવું હતું, કે જે તેની જીંદગીમાં પડેલો ખાડો પુરી શકે તેમ હતું, અને તેણી તેની આગળ આવી ન હતી. તેણે તેણીને ઠપકો આપ્યો, યા આપી શકયો નહીં. એવો તે કોણ હતો, કે જેથી એક ઓરત તેની સાથે પોતાનું કીસ્મત જોડે ? બેશક એક ઈંગ્રેજ બચ્યો, મગર તે એવો એક હતો, કે જેના જન્મ અને જવાની ઉપર એક કાળું ધાબું લટકતું હતું. કદાચને તે એક શ્રાપ હોય, કે જેવા એક શ્રાપે તેની માતાની જીંદગી, અને બીજા સઘળાઓની જીંદગી, કે જેઓની નસોમાં પરદેશી લોહી વહે છે, તેની ઉપર કહેર વરસાવ્યો હતો. તેણીએ એવો ખ્યાલ વટીક કરવો ન જોઇયે, કે ભુતકાળમાં બનેલા એક બનાવની સાંકળે તેણીને તેની સાથે જોડી હતી. તેણીએ છુટાપણું ભોગવવુંજ જોઇયે. પોતાની પસંદગી કરવા માટે બીલકુલ છુટાપણું. કંટાળીને તે પોતાની મેજ ઉપર બેઠો, અને કલમ હાથમાં લીધી.

"તમે મારી જીંદગીના મોટા રાહબર ફીરેસ્તા બન્યા હતા,"-તેણે તેણીની ઉપર લખ્યું. "તમે સદા તેમજ રહેશો, કારણ હું તે ભુલી જઇ શકતો નથી. મગર તમારે માટે તેમ કરવું વધુ સેહલું, અને લાભકારક થ

પડશે. તમે વધુ સુખી થઇ શકશો".-એટલું લખ્યા પછી તેણે બારણું ઉઘડવાનો અવાજ સાંભળ્યો, અને તેણી તેની સામે આવી ઉભી. જે શબ્દો તે લખવા ધારતો હતો, તે તેના હોઠો ઉપર ધસી આવ્યા, મગર તેથી વધુ તે બોલી શકયો નહીં. એક સાધારણ લાગણીથી આશ્ચર્ય બની તેઓ એક બીજાને મળવાને આગળ વધ્યાં, અને બીજી પળે તેણી તેના હાથોમાં જઇ પડી. કોઇએ બોલ્યું નહીં. એવું જણાતું હતું કે, ગોયા એક વેળાએ મોઢે મોઢું મેળાપ થતાં, તેઓ વચ્ચે કોઇ પણ રીતનો સંદેહ યા ગેરસમજુતી હસ્તિ ધરાવી શકે નહીં. તેઓની મોહબત શબ્દો વિનાની હતી. મગર શબ્દોથી તે જે કહી શકે તેના કરતાં વધુ છટાથી અને વધુ સંપુર્ણ રીતે તે ચુપકાદીમાં બોલી હતી.

"અત્યાર આગમજ હું આવી શકી નહીં," સેહજ વખત પછી તેણી બોલી. "હું તેણીને છોડી શકી નહીં, જ્યારે તેણીનો હાથ હું મારા હાથમાં પકડતી, ત્યારેજ માત્ર તેણી શાંત રહેતી. છેલ્લે તેણી ઘણી સુખી હતી-હવે તે સઘળું ખલાસ થઇ ગયું છે." તેણે તેણીને પોતાની વધુ નજદીક પકડી અને તેણી ગમીથી યા થાકથી નહીં, મગર એક જોરાવર ઓરત, જેણીએ કોઇ ચીજ માટે લડત ચલાવી હોય, અને તેમાં તેણી ફાવી હોય, તેવી રીતે તેને વળગી.

"આખર કરે પણ તે કીસ્મતની કરામત હતી,"-તેણે મુશ્કેલીએ કહ્યું. "કીસ્મતે આપણને એક બીજા માટે પેદા કર્યાં છે."

તેણીએ તેની તરફ ઉંચે જોયું. જો કે તન અને મનની વેદનાએ તેણીના ચેહરા ઉપર કદી ભુસરાઇ નહીં થકાય એવી કરચળીઓ ચઢાવી હતી, છતાં તેણે હીંમત અને અનુભવના જાદુથી તેણીની ખુબસુરતીમાં પણ વધારો કર્યો હતો. "લાંબા વખતથી હું જાણતી હતી, કે તે કીસ્મતની કરામત હતી,"-તેણીએ ઉતર કર્યો. "તે પહેલી સાંજ તમને યાદ છે ? તમે મને કહ્યું હતું કે, કાંઇ પણ નેમ વના લોકો એક બીજાની જીંદગી વચ્ચે ઘસડાઇ જતાં નથી. તે વેળાએ વટીક, મારી મરજી ઉપરાંત, મને લાગ્યું હતું, કે તે ખરૂં હતું. પાછળથી તે બાબે મારી ખાતરી થઇ હતી. દમ વનાનાં ઉછાંછળાપણામાં હું તમારી જીંદગીમાં દાખલ થઇ હતી, મગર તમે કોઇ બીજીજ મતલબથી મારી જીંદગીમાં દાખલ થયા હતા, અને તમારેથી હું મને પોતાને છુટી કરી શકી નહીં. મારી ઉપરનો તમારો કાબુ મજબુત થતો ગયો; અને તે એક ફાર્સ, એક ખરેખરા અને સાચા બનાવમાં ફેરવાઇ ગયો."

"મારે માટે તો તે સદા ખરેખરો અને સાચે સાચો બનાવ હતો."-તેણે કહ્યું. "જ્યારે તે મુર્તિની સામે ઉભેલા મેં તમને પહેલવહેલાં દીઠા, ત્યારે મને ગોયા એમજ લાગ્યું, કે મારી જીંદગીની આસપાસ જે દીવાલ ભરી લેવામાં આવેલી હતી તે ભાંગી નાખવામાં આવી હતી, અને એક નવી અને ન જણાયલી દુન્યામાં મારા રાહબર અને સાથી થવાને તમે આવ્યાં હતાં."

"અને તે પછી મેં તમને નાસીપાસ કર્યાં."

વિચારવંત અદાએ તેની આંખો તેણીની સાથે મળી. "તમે મને નાસીપાસ કર્યો ! હમણાં હું તે બનાવ યાદ કરૂં છું, તો તે મારી ખાતરી થતી નથી. જ્યારે તમે મને કહ્યું કે, તમ મને ઠગ્યો, અને બેવકુફ બનાવ્યો હતો, ત્યારે તમારૂં તે કહેવું મને માન્ય રાખવું પડયું હતું. તમને ધીક્કારવાને મને મારાં અંતઃકરણ ઉપરજ જબરઇ વાપરવી પડી હતી. છતાં, જ્યારે તે બંગલામાં તમે મારી સામે આવી ઉભાં, ત્યારે મને

એકાએક લાગ્યું કે, તમારે કાંઇ પણ ખુલાસો કરવાની જરૂર ન હતી. હું સઘળું સમજી ગયો હતો. "

" શું તમે એમ સમજી ગયા હતા, કે મેં માત્ર મને પોતાનેજ ઠગી હતી ? મેં મારા મનથી કહ્યું હતું કે, એક ફાર્સ હતો, કે જે તમારે ખરચે ભજવાતો હતો, મગર-ખોદા જાણે છે. તમને પહેલાં જોતાંજ મેં માન્યું કે તે એક ફાર્સ નહોતો. તમે મારી ઉપર એટલો બધો તો વિશ્વાસ મેલ્યો, કે જેટલોતો શું, પણ થોડોક વિશ્વાસ પણ આગળ કદી કોઇએ મારામાં મેલ્યો ન હતો. મેં પોતે કદી મારા પોતામાં, યા ખોદામાં વટીક એટલો વિશ્વાસ મેલ્યો નહોતો. મગર મને તમારામાં વિશ્વાસ મેળવો પડયો. અને પાછળથી—બાકીનું બન્યું." તેણી તડી થઇ અને તેની કાળી આંખ્યો મેળવી. "સ્ટીવન તમે મારી ઉપર વિશ્વાસ ધરાવો છો ? "–તેણે ઊંડું હસાવ્યું. " તે દીવસ કે જ્યારે તમે મને કહ્યું હતું કે, તમે જે હતા, અને હવે પછી જે બનશે તે સઘળાંને માટે તમે મને આભારી હતા. તે દીવસે તમારો મારી ઉપર જેવો વિશ્વાસ હતો, તેવોજ હવણાં પણ તમો ધરાવો છો ? "

" તે વખતના જેવોજ, બીએટ્રીસ. "

તેણી ગંભીરપણે હશી. " મારામાં વિશ્વાસ મેલવામાં વાજબી કરોછો. તમે મને તમારા વિશ્વાસને લાયક બનાવી છે. "

તેણે તેણીના ખભાં આસપાસ પોતાનો હાથ મેલ્યો, અને તેણીને ધીમેથી વરંડા ઉપર લઇ ગયો. તે તારા વિનાની કાળી રાત હતી. તે કાળા અંધકારમાંથી તે લશકરી છાવણીમાં સળગાવેલા આનશની રોશની તેઓએ દીઠી, અને સીપાહોના એક બીજા સાથે વાત કરવાનો અને તેઓના ઉભાં કરીમેલેલાં હથિયારોના અવાજો તેઓએ સાંભળ્યા. તેઓ ચુપ ઉભાં રહ્યાં, તે પસાર ગયલા તુફાન, અને મનની આકુળવ્યાકુળતા પછી, સુલેહ શાંતીમાં પાછા મળવાથી તેઓ સંતોષી બન્યાં હતાં. તેઓ જાણતાં હતાં, કે તે દુઃખની કાળી રાત્રી વહી ગઇ હતી, અને સુખનો સુર્ય તલુ થયો હતો.

જ્યારે તે કર્નલ ત્યાં દાખલ થયો, ત્યારે તેનો અવાજ તેઓએ સાંભળ્યો નહીં, અને કાંઇ પણ બોલ્યા વિના તે કર્નલ પાછો ફર્યો, અને પોતાનું બારણું તેણે બંધ કર્યું. તેના હાથમાં તેણે એક તારનો સંદેસો પકડેલો હતો, જેમાં મીરતના રાજા નીહાલસીંગને તખત ઉપરથી ઉઠાડી મેલવાનો, અને સ્ટીવન કેરૂથર્સ નામના એક ઇંગ્રેજને માફી બક્ષી છોડી મેલવાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો. મગર લાંબા વખતથી આતુરતા સાથે જે સંદેશાની રાહ જોવામાં આવતી હતી, તે સંદેશા સાથે તે ગુપચુપ ત્યાંથી બાહાર નીકળી ગયો.

"પુરતો વખત છે,"–તેણે વમાસ્યું. "તેઓ સુખી છે." અને જો તેનાં જીગરમાં ઉભરાતી આ ખુશાલીની હેઠળ કડવાશનો ઓળો છુપાતો હોય, તો તેને માટે તેને કોણ ઠપકો આપી શકે ? તેનું પોતાનું બાળક તેને જેટલું વહાલું થઇ પડયું હતે, તેના કરતાં વધુ વહાલી થઇ પડેલી તે બેટી, જેણીનાં જખમી થયલાં જીગરને રાહત બક્ષનાર એકે મળમ તેને મળ્યો હોય એમ જણાતું ન હતું. અને તે છતાં, તે કર્નલની જાણ વિના, તેણીને માટે પણ સુખનો સુર્ય તલુ થતો હતો. કારણ જ્યારે તે ચઢાવેલાં ભત્તાં સાથે ત્યાંથી ચુપચુપ બહાર નીસર્યો, અને સોઇસનાં ગમમાં પોતાના પ્યાર અને દીલસોજીના જોરે ભાગ લેવા લાગ્યો, ત્યારે તેણીએ પોતાના હાથમાં વધુ સુખી ભવિષ્યનો પહેલો પેગામ પકડેલો હતો.

"તમે મને જે કહ્યું છે, તે હું કબુલ રાખું છું–કારણ હવે,"–જોન નીકલસને લખ્યું

હતું, "કારમાઇકલવાળાઓ સાથે મુસાફરી કરવામાં તમે ડાહપણ વાપર્યું છે. તેનાથી તમને ફાયદો થશે. હું, કે જે મારી આખી જીંદગી તક તમારે માટે રોભવાને તૈયાર થયો હતો, તે થોડોક વધુ વખત સુધી ધીરજ રાખી શકીશ. હું જાણુંછું કે, તમે હલાક થાવો છો, અને તે છતાં મારાથી તમને મદદ કરી શકાતી નથી. તમારી મગરૂરી આપણને છુટાં પાડે છે, મગર મારી મોહબત સાથે સરખાવતાં તમારી મગરૂરી કૃય બીસાદમાં નથી. તમારા જન્મ યા મા બાપ સાથે મને શું કામ છે? તમો કહો છો કે, તેનાથી મારી આખી જીંદગી ઉપર શીહા વાદળ ફરી વળશે અને મારી કારકીર્દી ઝંખવાણી પડશે ? ભલે તે તેમ કરવાની કોશેષ કરી જુઓ તે વળી સામે થવા માટે એક વધુ ચીજ થઇ પડશે. આપણે હીંદુસ્તાનમાં તેની સુગો દુર કરવાને આવ્યાં છીએ ત્યારે આપણી પોતાનીજ સુગો આપણને પહેલે દુર કરવા દેવો. છુટાપણું લાવવાને આપણે આવ્યાં છીએ ત્યારે આપણને પોતાનેજ પહેલાં છુટાપણું ભોગવવા દેવો. એ એક અચ્છી લડાઇ થઇ પડશે મગર તેનાથી મારી જીંદગી અસુખી નહીં બનશે, લોઇસ ! શું તમે એમ ધારો છો, કે હરકતો અને ખેંચતાંણ મારી જીંદગીને શીહા કરી શકશે ? બીશક, તમે મને વધુ સારી રવેસે પીછાણોછો. 'તમે મારી બાજુમાં ખડાં રહો, અને ત્યાં કાંઇ એ શીહાઇ દાખલ થવા પામશે નહીં. હું કાંઇ નાનો છોકરો નથી. હું ઉમરે પુગેલો એક મર્દછું, કે જે પોતા સામે દલદેસરીનાં લાંબાં વર્ષો જુએ છે, અને જેને એક ઓરતની જરૂર છે કે જેણી તેને મદદ કરી શકે. આપણું 'કેથીડ્રલ' શું તમે ભુલી ગયાં છો ? હું તે માનતો નથી, તમે એક એવાં ઓરત નથી, કે તે ભુલી જાવો. હવે તે વખત દુર રહેલો નથી, કે જ્યારે આપણે હાથ ભેરવીને આપણા 'કેથીડ્રલ'ને તાજ પહેરાવીશું. માત્ર જ્યારે તમારો પ્યાર મરણ પામશે, ત્યારેજ આપણા વચ્ચેની નડ દુર કરી નહીં શકાય એવી થઇ પડશે. જો તમારી મોહબત જીવતી રહેશે, તો જેમ આકાશમાં એક ખોદાની હસ્તી છે તેમ ખચીતજ હું આવીને તમને લઇ જઇશ, લોઇસ-મારી પરણેતર."

તે હીંમતથી લખાયલા શબ્દો વાંચતાં તેણીની આંખોમાં જે આંસુઓ ભરાઇ આવ્યાંહતાં તે હવે વધુ વખત ગમીનાં નહતાં. જેને વાટેનો તેણીનો પ્યાર એક ખડક મીસાલ હતો, કે જેની ઉપર તેણીની જીંદગીની ઇમારત બાંધવામાં આવી હતી. આ ઉપરથી તેણીએ જાણ્યું કે, તે આવે ત્યાં સુધી તેણીને લાંબો વખત રોભવું પડે તેમ નહતું.

સમાપ્ત.

અમારી ચાલુ લાંબી વાર્તા રાજા નિહાલસીંગ લાંબા અર્સા પછી આજના અંકમાં સમાપ્ત થઇ છે, જે માટે આ વાર્તાના લેખક થેટમાના અમો અંતિ આભારી થયા છીએ. થેટમાનું નામ ગુજરાતી ચોપાન્યાના વાંચકોને અજાણ્યું નથી. આ પારસી બાનુ લેખક બીજાં બાનું લેખકોમાં આગેવાન દરજ્જો ધરાવે છે અને તેમના લખાણો ઘણીજ ચોકસાઇ, શુધ્ધતા અને કાબેલીઅતપણાથી લખાયલાં જોવામાં આવે છે. રાજા નિહાલસીંગની વાર્તા ઇંગ્રેજી સંસારનો એક એવો સફો રજુ કરે છે કે જે વાંચકોના મનને છેવટ સુધી આકર્ષી રાખે છે. આ રાજાની અસલિયાત વિષે છેવટનો ખુલાસો આજના અંકમાં થાયછે જે વાર્તાના વાંચકોની લાંબા વખતની જિજ્ઞાસાને સંતોખશે. અમારી પાસે બીજી ચાલુ વાર્તા હાલમાં તૈયાર છે, જેનો લભ નવા ગ્રાહકોને પણ મળે એ હેતુથી અમો તે વાર્તા આવતા વર્ષથી શરૂ કરીશું. બેન થેટમાનો તેમણે લીધેલી મહેનત અને શોખની ખરેખરી સેવા માટે ફરીથી અમો ઉપકાર માનીશું.

જીંદગીનાં વૃત્તાંત લખવાની કળા.

(લખનારઃ—રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી.)

ઇંગ્રેજીમાં વાર્તાનાં પુસ્તકોની સંખ્યા પહેલે નંબરે આવે છે, તેથી ઉતરતી સંખ્યા કવિતાની આવે છે, પરંતુ ગુજરાતી તેમજ હિન્દની બીજી ભાષાઓમાં જીંદગીનાં વૃત્તાંતની સંખ્યા કમ જેવી નથી. જીંદગીના વૃત્તાંત લખવાં એ પણ એક જાતની કળા છે. કેટલાકોનો મત છે કે જીંદગીનાં વૃત્તાંત કોઇ પણ લખી શકે, પણ તે સાથે હું એક મત થતો નથી. એક આસામીનું વૃત્તાંત લખવું અને તેમાં તેની ખાસીયત સંપૂર્ણ રીતે વર્ણવવી એમાં ખાસ ખુબી જોઇએ છે. એક માણસના મરણ પછી તેની મોટાઇ, તેના ગુણદોષ, વાસ્તવીક રીતે અને સચ્ચાઇથી ભરપૂર, એવી રીતે વર્ણન કરવું, એ કાંઇ મોંમાં કોળીઓ મૂકવા જેટલું સહેલ નથી. વળી, તે માણસની જીંદગીનાં ભુલભુલામણી જેવાં વર્ગોમાંથી ખરી હકીકતો વીણી કાઢવી, અને તેમને યોગ્ય રીતે અને યોગ્ય જગે પુસ્તકમાં ગોઠવવી, એ કામ માટે લગરીક હુનેહ કુશળતાની જરૂર છે. હીરાની માફક તેના ગુણો અને કામો અસુદીક પણાંમાંથી તારવી કાઢીને તેને જોઇતું રૂપ આપવું, એ કામ વૃત્તાંતના લેખકનું છે; પાયો હાજર છે, પણ તે પાયા ઉપર ઇમારત બાંધવાનું કામ તે જીંદગીના વૃત્તાંત લખનારે માથે ઉપાડ્યું છે. જેમ બારીક દોરાઓને સંચામાં ગોઠવીને કપડું વણવામાં આવે છે, તેમ એક આખી જીંદગીના કામોને પુસ્તકના આકારમાં ગોઠવીને જીંદગીનું વૃત્તાંત પ્રગટ કરવાનું કામ વૃત્તાંતના લેખકનું છે. એ કામ બીજાઓ ધારે છે એટલું સહેલું નથીજ. જીંદગીનાં વૃત્તાંત લખનાર એવા કુશળ જોઇએ, કે વાંચનારે તે મરનાર શખ્સને ન જોયો હોય તો છતાં તેનું વૃત્તાંત વાંચીને તેના ગુણદોષ બરાબર સમજી લઇને તેને તેના ખરા રૂપમાં બરાબર પીછાની શકે એટલુંજ નહીં, પણ તેના કામોની તારીફ કરીને તેને પગલે ચાલવાનો ઠરાવ કરે. વૃત્તાંતના લેખકને આ માટે ભાષા ઉપર પણ સારો કાબુ જોઇએ. કેટલાંક વૃત્તાંત વાંચવાથી શીકુંચ લખાણ વાચીને કદાચ વાંચનારનો હસતો ચ્હેરો રડતો થાય છે, અને કેટલાક વૃત્તાંત વાંચીને રડતો ચ્હેરો હસતો બની જાય છે, અને કેટલાક વૃત્તાંત વાંચવાથી વાંચનારની જીંદગીમાં નવો ફેરફાર થવા માંડે છે. આ સઘળું વૃત્તાંતના લખનારની કળાથી થાય છે, આ પ્રમાણે માલુમ પડશે કે એક લાયક જીંદગીનું લખાણ લાયક કલમથી થવું જોઇએ.

ઘણીવાર બને છે કે એક માણસના મરણ પછી તેની પાસેથી મળેલા કાગળ પત્ર ઉપરથી તેની જીંદગીનું વૃત્તાંત લખાય છે, તેથી એ સઘળાં કાગળીઆમાંથી કયું પસંદ કરવું, કયું પેહેલું લેવું, કયું પાછળ મુકવું, એવી રીતે પસંદગી અને સુંટણી કરીને સંભાળથી પ્રકટ કરેલા પુસ્તકથી જોઇએ તેવી અસર થાયછે, માટે જો લેખક વૃત્તાંત લખતી વેળા ભોગમભોગાની જાત્રા બનાવીને પેહેલું પાછળ, અને પાછળનું પેહેલે, એમ ગોઠવણીનો નિયમ વિસારી દઇને, જેમ ગમે તેમ છાપી મારે, તો જે રૂપ અને રંગમાં વૃત્તાંત લખાવું જોઇએ, તે રૂપરંગથી જુદીજ રીતે વૃત્તાંત તૈયાર થઇ બાહેર પડે, તો તેમાં કચાસ અને કસુર તેના લેખકનોછે, અને જો એમ કહીએ કે લખવાની કળા તેને આવડતી નથી, તો તેમાં

સમ્ભાઇ છે. ગુજરાતીમાં કેટલાંક વૃત્તાંત લખાયલા છે ને વાંચવાથી માલુમ પડે છે કે તેમના ઘણુખરા લખનારાઓ ઉપર કહ્યું તેમ વૃત્તાંત લખવાની કળાથી માહીતગાર હોય એમ દીસતું નથી.

ઘણીવાર જીંદગીનું વૃત્તાંત લખનાર દીબાચામાં કબુલ કરે છે કે જેનું મેં ચરિત્ર લખ્યું છે તેની સાથે મને ઘણી ઘાડી ઓળખ હતી. ઘણી ઘાડી ઓળખ, એટલીજ લાયકાત વૃત્તાંત લખવાને બસ નથી. ઘણી ઘાડી ઓળખને લીધેજ વૃત્તાંતને પુરતો ઇન્સાફ મળે છે એમ ધારવું ભુલ ભરેલું છે. વળી, કેટલાક વૃત્તાંત તેમના વંશજોમાંનાં એકાદને હાથે લખાયલાં હોય છે. કોઇ પોતાના બાપનું, કોઇ પોતાના વડવાનું, કોઇ પોતાના અતલગના સગાનું, એ પ્રમાણે સગાંવહાલાંમાંથી કોઇ એકને હાથે વૃત્તાંત લખાય છે, તેથી પણ તે વૃત્તાંતને ઇન્સાફ મળેલો સમજવો નહીં. પોતાના વડવાનું વૃત્તાંત લખનાર લેખક, જો વૃત્તાંત લખવાની કળા કુશળતાથી અજ્ઞાન હોય, તો તે પોતાના વડવાનું ચરિત્ર લખતાં છબરડો અને કચુંબર કરે છે, અને કેટલીકવાર તે લેખક પોતાના વિષયને ઉલટા અને જુદાજ રંગ રૂપમાં રજુ કરે છે.

જેમ એક ચિતારો પીંછીથી ચિત્ર ઉભું કરે છે, તેમ વૃત્તાંત લખનાર લેખક કલમથી ચિતાર ઉત્પન્ન કરે છે, માટે જેમ એક ચિતારો પોતાનું ચિત્ર કમઅકકલથી બગાડી નાંખે છે, તેમ એક વૃત્તાંત લખનાર પોતાનાં અજ્ઞાનપણાથી, અને વૃત્તાંત લખવાની કળા તેને આવડતી નથી, તેથી બગાડી નાંખેછે, અને ટુંકમાં જે ચરિત્ર તે રજુ કરે છે તે જેવું જોઇએ તેવું કોઇનું ધ્યાન આકર્ષી શકતું નથી, કોઇના મન ઉપર તેની ખરી ખુબીની છાપ પડતી નથી, અને જેવું સરસ રીતે વંચાવું જોઇએ તેમ વંચાતું નથી; આથી જે બાપડા વડવાનું ચરિત્ર લખાયલું હોય છે, તેની ખરી લાયકાત અને ખુબી દીપી નિકળતી નથી. તે વડવો ખરેખર લાયક માણસ હતો, ખરેખર તેની મોટાઇ અને ખરેખર તેનો ગુણ વખાણને પાત્ર હતો, તે છતાં તેનું ચરિત્ર લેખકની કમ સમજણ અને અજ્ઞાનપણાને લીધે જગતના લોક ઉપર જેવી જોઇએ તેવી અસર કરતું નથી. હવે, જો તેજ ચરિત્ર કુશળ કલમ અને કળાબાજ લેખકથી લખાયું હોત, તો તે જુદીજ રીતે વંચાત, તેથી જુદીજ અસર થાત, અને તેથી તે ચરિત્ર વાંચનારનાં મન ઉપર જુદીજ છાપ મારત, અને એમ થવાથી તે મરનારનું નામ દુન્યામાં જુદીજ રીતે આશકારા થાત.

આ પણ યાદ રાખવું જોઇએ છે કે જીંદગીનું વૃત્તાંત લખતી વેળા, લખનારે પોતાના વિષે કાંઇપણ લખવું જોઇએ નહીં, અને બીજાનું વૃત્તાંત લખતી વેળા, જાણે પોતાના કામોને પ્રસિદ્ધતા આપવાની નેમ રાખતો હોય, તેવું કશું દેખાડવું નહીં. મરનારને મારી ઉપર ઘણો ચાહ હતો, મરનારને મારી ઉપર ઘણો વિશ્વાસ હતો, મરનાર મને એમ કેહતા હતા, અને મરનારે મને ફલાણું કહ્યું હતું, અને મરનારને મેં એવી રીતે સલાહ આપી હતી, એ પ્રમાણે મારૂં, મને અને હું, વગેરે એક વચનના પેહલા પુરૂષ સર્વનામ જગે જગે વાપરીને વૃત્તાંતને હલકું બનાવવું નહીં. જેનું વૃત્તાંત લખાતું હોય તેને લગતુંજ, તેનાંજ કામો, અને તેનાજ ગુણદોષો ઉપર અને તેનાંજ અમલ ઉપર અને તેનીજ નીતિ ઉપર અજવાળું નાખે, એવી બાબતો, વીગતો અને વાતો આપવી, અને મૂળ બાબતથી જરા પણ વેગળું જવું નહીં, વળી એ પ્રમાણે મૂળ બાબદને વળગીને ટુંકમાં લખવું વિષે,

અને મરનારનાં સંબંધમાં બનેલી વાતો અને વીગતો વાંચનારની સન્મુખ હાજર કરીને તે ઉપર પોતાની તરફની તરફેણમાં કે વિરૂદ્ધમાં કશી ટીકાઓ કરવી નહીં, પરંતુ એ સઘળી બાબદો વિષે શો મત બાંધવો, અને શો અભિપ્રાય આપવો, તેનું કામ વાંચનારને સોંપવું, અને વાંચનારની મુનસફી ઉપર છોડવું.

વૃત્તાંત માહેલી બાબનો યોગ્ય જગે લાંબી બનાવવી અને યોગ્ય જગે ટુંકી બનાવવી. લાંબા ટુંકા વિષે કાંઇ પણ ચોક્કસ નિયમ છેજ નહીં પરંતુ એ સઘળાનો આધાર લેખક ઉપર લટકેછે, માટે અતી લાંબુ થઇ જશે, કે અતી ટુંકુ લાગશે તેનો નિર્ણય કરવાનું કામ વૃત્તાંતના કર્તાનું છે, અને એમાં પણ કુશળતાની જરૂર છે. ખરેખરી અગત્યની કિંવા નકામી જેવી બાબતોથી પાનાં ભરીને વાંચનારને મોઢે ફીક આવે તેમ કરવાથી ચેતેલા રહેવું લેખકને વધારસ છે. એક માણસની જીંદગીનું જીંદગીનું વૃત્તાંત લાંબુ પ્રગટ થાય, તો તેની જીંદગી વધારે વખાણવા જોગ હોવી જોઇએ, એવું અનુમાન થતું નથી. ભળતી ભળતી બાબતોથી ભરીને વૃત્તાંત જેટલું લાંબુ કરવા માગીએ તેટલું થઇ શકે છે. એવી ભળતી બાબતોમાં, જે શખ્સનું વત્તાંત લખાયું હોય, તેના બૈરી છોકરાં, બપાવા, બાપ, ભાઇ, સગાંવહાલાં વગેરે દરેકને માટે થોડાં થોડાં પાનાં આપવામાં આવે, તો વૃત્તાંત જેટલું જોઇએ એટલું લાંબુ થઇ શકે છે, પણ એમ કરવું ભુલ ભરેલું છે, કારણકે એમ કરવું મૂળ વિષયથી વેગળા જવા બરાબર છે. કેટલાકો આવી રીતે સગાંવહાલાંઓ વિષે લખાણ વૃત્તાંતમાં ઘુસાડવાની તરફેણમાં હોય છે, અને પોતાના બચાવમાં જણાવે છે કે બાપદાદા અને વડવાઓના ગુણો બચ્ચાંમાં ઉતરે છે, માટે જો એક માણસનું વૃત્તાંત લખવું હોય, તો તેના બાપદાદા અને વડવાઓ કોણ હતા તે જોણવાથી કાંઇક અજવાળું પડે છે, પણ વિદ્વાનો કહે છે કે વંશપરંપરા ગુણો બચ્ચાંમાં ઉતરે છે, એમ જો કે સાધારણ રીતે બોલાય છે, પણ વિદ્યાની નજરે જોતાં, હજી એ બાબત ઉપર ઘણી તકરાર ચાલે છે, અને એ બાબદ હજી છેવટની નકકી થઇ નથી, તેટલા માટે એક માણસની જીંદગીનું વૃત્તાંત લખતી વેળા જાણે આપણે તેના બાપદાદાનું વૃત્તાંત પણ સાથે સાથે લખતા હોઇએ, એમ તેમને વિષે તરેહવાર બાબતો ચોપડીમાં દાખલ કરીએ તો મૂળ વિષયથી વેગળા ગયનું પુરવાર થાય, અને એમ કરવું ઇચ્છવા જોગ નથી. જીંદગીના વૃત્તાંતમાં પાંચમી છઠી પેઢી વિષે તાહેલું કરવામાં આવે તો તે બેશક કંટાળો ઉપજાવનારૂં થઇ પડે છે.

જીંદગીના વૃત્તાંતોમાં કાગળપત્રો ઉપર મોટી ઇમારત બાંધવામાં આવે છે. જે શખ્સનું વૃત્તાંત લખાયું હોય, તે શખ્સના હાથે લખાયલા કાગળો ઉપરથી તેની જીંદગી વિષે કેટલુંક અજવાળું પડે છે એમ કબુલ કરીએ પણ તે શખ્સને બીજાઓ તરફથી પુછાવી કરીને બહારનાં આસામીઓ તરફથી કાગળ તેને મળ્યાં હોય, તે સઘળાં એકઠાં કરીને છપાવવાથી મૂળ વિષયને ઝાઝો લાભ થતો નથી, કારણકે તેની જીંદગી વિષે તેમાંથી જાણવાજોગ જવલેજ મળે છે. આવાં કાગળોમાંથી જો કોઇ અગત્યનું માલુમ પડે તો તે લઇને બાકીના રદ કરવા ઘટે છે. વળી સઘળાં કાગળપત્રો વૃત્તાંતના

પુસ્તકમાં યોગ્ય જગે ગોઠવવાં જોઇએ, જેથી તેમને ઘટતું વજન મળે.

વૃત્તાંત લખનારે પ્રકરણોની ગોઠવણ કરતાં ખાસ સંભાળ લેવી જોઇએ, અને દરેક ભાગ અને ઉપભાગ કરતી વેળા ધ્યાન આપવું જોઇએ.

વૃત્તાંતો ખરેખર લાયક માણસોનાંજ લખાવાં જોઇએ. પૈસાવાળો થયો, કે મોટી પંક્તી ઉપર ચઢયો, કે મોટાં ખાનદાનથી ઉતરી આવ્યો હોય, તે શખ્સનું વૃત્તાંત લખાવુંજ જોઇએ એમ નથી. મોટે ભગે પૈસાવાળાઓ તેમજ ખાનદાની પુરૂષોના કામો વૃત્તાંત લખવા યોગ હોતાં નથી. બધા મોટાં માણસોનાં કામ નોંધી રાખવા જોગ હોય છે એમ ધારવું ભૂલ ભરેલું છે, કારણકે મોટાંઓનો મોટો ભાગ ખોટાં હોય છે. ખરેખર લાયક, ખરેખર મોટો માણસ કોને કેહવો તે પેહેલાં લેખકે સમજવું જોઇએ, અને ત્યાર પછી તેને મોટો ગણીને તેનું વૃત્તાંત લખવા માંડવું જોઇએ.

પરંતુ આ સઘળાં ઉપરાંત, વૃત્તાંત લખનાર પોતે અતિપ્રમાણિક હેવો જોઇએ. તેનું અંતઃકરણ ઘણું ચોખ્ખું હોવું જોઇએ, જેણે પોતાના સગાં વહાલામાં કે વડવાઓમાંથી કોઇનું વૃતાંત લખ્યું હોય તે તો સગપણના પ્રતાપથી અને લોહીના ખેંચાણથી આડો દોરવાય છે એમાં કશો સંદેહ નથી સઘળી જગે ગોળ પીરસવો વાજબી કહેવાય નહીં, અને જ્યાં નાલાયક કામોનું વર્ણન કરવું પડે ત્યાં કડવાશ પીરસવામાં પણ ફરજ સમજે તે પ્રમાણિક લેખક કહેવાયછે. વૃત્તાંત લખનારે યોગ્ય શબ્દ રચના વાપરવી જોઇએ, નહીં તો ખરેખર નોંધી રાખવા જોગ અને ખરેખર ધ્યાન આપવા જોગ બાબદો ઉપર ઝાઝું લક્ષ કોઇ આપે નહીં.

"અવળી દુનિયાં."

(મનહર છંદ.)

કોયલના કેંણ કેવાં કાળજડાં કોરનાર,
કાનના કઠોર કેંણ કાન કેવાં કોચે છે,
વાયસને વાસ નાખી તોય આપે ખીર વડાં.
લાપસીના લોંદા સારૂ કોયલ તો લોચેછે;
કાગડાની કરણી કળાય કેવી કુરતાની,
ધચ ચાંચ લોહી, પાચ, માંસ માંહી ધોચે છે,
બાગમાં બેસીને બોલે, કોયલડી બોલ કેવો,
ટોયા તરછોડી તામસથી તોય ટોચે છે.

(૨)

પાળેલા પોપટ તણા પાંજરામાં બાંધે પાય,
વાસવેળા વયસ વિલોકી વ્હાલ વાધે છે,
રંજાતાં રીંછડાં રંજાડી મૂકે રાનમાંહિ,
લાચાર ગધાડાપર ગુણ ભાર લાધે છે;
ઘુવડના ટોળાં કેવાં રાતે ઘાંટા પાડે ઘેરા,
સાંજને સહવાર સમશ્યાન માંહિ સાંધેછે,
સિંહ જે સંતાપે તેને સમણુ સુધારે નહિ.
બાપડી બકરીઓને બારણામાં બાંધે છે.

ભવાનિસંકર-નરસિંહરામ કવિ.

"પિયુડો રિસાયો."

(પદ)

આજરે સખી મારો પિયુડો રિસાયો. આજરે(ટેક)
અર્થ વિના એણે લીધા અબોલા,
વચને વરેલો મારો પિયુડો રિસાયો આજરે ૧
નણદી કને રોજ નાખું નિશાશા,
પ્રેમી પતળેલો મારો પિયુડો રિસાયો. આજરે ૨
પરવ સરવમાં દિવાળીના દિવસે,
દુઃખમાં ડુબાડી મારો પિયુડો રિસાયો. આજરે ૩
આજ લગણ નથી દિલ મેં દુભાવ્યું,
તોય તરછોડી મારો પિયુડો રિસાયો. આજરે ૪
રમત ગમત ગાન તાન તજાવી,
આલી અલબેલો મારો પિયુડો રિસાયો. આજરે ૫
વલ્લભ વદન જોવા આતુર તારું,
ભવાની ભણેલો મારો પિયુડો રિસાયો.
આજરે ૬

ભ. ન. કવિ.

વૈદક શાસ્ત્રના નિયમાનુસાર બનેલી

દેશી દવાનો મોટો વિજય.

ગરીબ શ્રીમંતો અને રજવાડામાં પ્રખ્યાત થએલી, ડૉ. ડી. એચ. ભટની

અખુટ તાકાત દેનારી

રાજવંશી નવરત્ન ચાકુતી.

અજ્ઞાનતાને લીધે કરેલા કુચશ્યાથી થતાં દુઃખો દૂર કરી તથા માથાના દુખાવાને દૂર કરી લોહીની શુદ્ધી કરી વીર્યની વૃદ્ધિ કરી શરીરને નવેસરથી રચે છે, અને ગયેલું પુરૂષત્વ માત્ર એક ડબી વાપરવાથી પ્રાપ્ત થાય છે. કીં. ગોળી ૪૦ ડબીના રૂા. ૧૦) પરેજી કાંઇ નથી.

રાજવંશી સાંધાનું તેલ.

ઉપલી ચાકુતી જ્યારે અંદરથી જોર આપે છે ત્યારે આ તેલ બહારથી મજબુતી આપે છે. તેલ તથા ચાકુતી સાથે વાપરવા ભલામણ છે. કીં. ઔંસ ૧ ની બાટલીનો ૧ના રૂા. ૫) નમુનો રૂા. ૧)

રાજવંશી ટોનીક પીલ્સ.

અપૂર્વ બળ દેનારી, ધાતુ વિકારના તમામ રોગો અજીર્ણ, કળતર, આળસ, અને વૃદ્ધાવસ્થાના તમામ ચિંહનો દૂર કરી અપૂર્વ તાકાત આપે છે. કીં. ગોળી ૨૫ ની બા. ૧ ના રૂા. ૨)

રમણીય ટુથ પાઉડર.

દાંતના દરેક દર્દ મટાડી દાંતને સફેદ દુધ જેવા બનાવે છે. કીં. ૦। તોલે રૂા. ૦॥

વાઘની ચરબી.

સંધીવાનો જાણીતો રામબાણ ઇલાજ છે કીં. ઔંસ ૧ ના રૂા. ૫).

ખરજવાનો મલમ.

ઉપરના મલમથી ગમે તેવું ખરજવું નાબુદ થાય છે. કીં. ડબી રૂા. ૨।)

ગરમીના રોગ ઉપર રામબાણ ઉપાય-રાજવંશી શીરપ.

ગરમીનો ગમે તેવો જુનો રોગ ત્રણ દીવસમાં નાબુદ થાય છે, આ સીરપની અસર પહેલા દિવસે માલમ પડે છે. ઔંસ ૩ ના રૂા. ૧॥).

કુમારી આસવ.

સ્ત્રીઓના પેટના દરેક પ્રકારના રોગ દુર કરી ગર્ભાશય સાફ કરે છે, નીયંમીત અટકાવ લાવવાનો તેમાં ખાસ ગુણ છે. કીં. રૂા. ૨).

પત્રવ્યવહાર ખાનગી, સલાહ મફત, દવાનું પેકીંગ પો. જુદુ.

મળવાનું ઠેકાણું

પ્રોપ્રાઇટર

જે. જે. મનીઆર.

ડૉ. ડી. એચ. ભટનું દવાખાનું

ભુલેશ્વર ફુલગલીના દેવળની સામે—મુંબઇ.

બગડેલા લોહીને શુદ્ધ કરનાર.

ડા૦ વામન ગોપાળ નો આયોડાઇડ

સાર્સાપરિલા

લોહી એ મનુષ્યનું જીવન છે, તે બગાડયું હોય તો અનેક રોગ ઉત્પન્ન થાય છે. તેને માટે આ **સાર્સાપરિલા** વિના બીજી એકે દવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે **ગરમી** અને તેના વડે થતાં ભયંકર વિકારો દુર થાય છે. લગભગ **પચાસ વરસથી** હજારો દરદી સારાં થયાં છે

અનુભવથી ખાત્રી થશે.

અનેક પ્રદર્શનોમાંથી સોના રૂપાના ચાંદો વગેરેના ઈનામો મળેલાં છે

કિંમત એક બાટલીનો રૂ. ૧ા

(પોષ્ટેજ ખર્ચ પાંચ આના.)

આ સાર્સાપરિલા મુંબઈ તેમજ હિંદમાં દરેક નાના મોટા શહેરોમાં દરેક દવા વેચનારાઓ તથા બીજાઓ પાસેથી મળશે. જથાબંધ ખરીદનારાઓને કમીશન મળશે, નિચલે ઠેકાણે લખો.

બનાવનાર માલેક,

ડૉ. ગૌતમરામ કેશવ,

પોષ્ટ નંબર ૨—મુંબઈ.

થાણાંઓની જમાવટ

અમારી આતંનિગ્રહ ગોળીઓ એ હિંદુસ્તાનના કિનારાપરના મુખ્ય બંદરો કરાંચી, મુંબઈ, મદ્રાસ અને કલકત્તા તેમજ અંદરના ભાગમાં પેશવાઓની જુની રાજધાની પૂના ખાતે પોતાનાં થાણા જમાવવા ઉપરાંત બરમામાં રંગુન ખાતે, સિલોનમાં કોલંબો ખાતે અને સ્ટ્રેટસ્ સેટલમેંટમાં સિંગાપોર ખાતે પોતાના થાણાંઓ બેસાડયા છે અને હજુ પણ આગળ વધવાની તૈયારીમાં છે. આનું કારણ એજછે કે એ ગોળીઓ અખૂટ બળ ધરાવેછે, અને પોતાનું સેવન કરનારાઓનેઅખૂટ બળ આપેછે.

કિંમત—૩૨ ગોળીની ડબી ૧ નો ફકત રૂ. ૧)

વધારે વિગત જાણવા માટે પ્રાઇસલીસ્ટ મંગાવી વાંચો.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

બ્રાંચ ઓફીસ
કાલબાદેવી રોડ-મુંબઈ

આતંકનિગ્રહ ઔષધાલય,
જામનગર-કાઠિયાવાડ.

ઈચ્છિત ફળ આપનાર

શક્તિ સુધારક ગોળીઓ.

આ પુરૂષોના તમામ પ્રકારના ધાતુ વિકારનો નાશ કરે છે. નબળાં શરીરમાં લોહી અને ધાતુ વધારી મજબુત બનાવે છે, અને છાતીનાં તેમજ ક્ષયનાં દર્દો, ઘડપણની નબળાઇ, વીર્યનું કોઈપણ પ્રકારે સ્ખલિત થવું, યાદ શક્તિનું મંદ થવું, હીસ્ટીઆ તથા હરકોઇ રોગ પાછળની નબળાઈ એ સર્વેને નાબુદ કરવાં એક રામબાણ ઉપાય છે. ખાંસી તથા દમ નાબુદ કરી, ભુખ લગાડી ખોરાક પચાવે છે, અને જુના પ્રમેહને નાબુદ કરે છે.

ત્રણ ડબી સાથે, ફાયદો ન થાય તો પૈસા પાછા આપવાની ગેરંટી મળે છે.

કીંમત ૩૨ ગોળીની ડબીનો. રૂ. ૧)

સજીવન તેલ.

લગાડવાથી ગમે તે કારણથી આવેલી ઇંદ્રિની નબળાઇ અથવા નપુસકપણું નાબુદ થાય છે અને નસો મજબુત બની પૂર્ણ સ્થિતિએ પહોંચે છે કીંમત રૂ. ૧)

પ્રમેહ ભંજન ગોળીઓ.

દરેક પ્રકાર જુના તથાં નવા પ્રમેહનો જડમુળથી નાશ કરે છે. પેસાબમાં અથવા ઇંદ્રિની કોઇપણ જગ્યાએ થતી આગ અને દુખાવો અટકાવે છે.

કીંમત ૨૦ ગોળીનો રૂ. ૧)

વૈદ્ય કલ્યાણજી હરિકૃષ્ણ ઠાકર.

જામનગર.

મુંબઈ, કાલબાદેવી રોડ, વીઠ્ઠલવાડી નાકે.

તેની માશુક જેવી લાગતી હતી તેની સાથ પ્યારથી લટકા કરતો જોયો, ત્યારે તો પોતાની આંખો કંઇ દગો દેતી હોય એની રીતે તેણી હરણફાળ થઇ ગઇ.

"શું એ પીટર છે? મારો પીટર?" પોતાની આંખ તે બાજુપર ફેંકતાં તેણીને જણાયું કે તે એક ભર જુવાન છોડી હતી. જેણી અસાધારણ ,ખુબસુરતી ધરાવતી હતી તે છોડીપરથી પોતાના ધણીપર નજર કરતાં તેણીનો છાત ધમકમ્યો. "જો હું એને અહીં પકડી પાડીશ તો તે શું ખુલાસો કરશે? પેલી છોડી વિષે શું કહેશે? હવે તેણીને ખ્યાલ આવ્યો કે પીટર વારંવાર ગેરહાજર રહેતો હતો તેની મોહોકાણ તો કેથી આ હતી. પ્યારને બદલે હવે 'અદેખાઇએ તેનામાં ઘર ઘાલ્યું. આ વાતને મથાળે સૂકેલા પોતાના વડીલ સહીના શબ્દો હવે તેને યાદ આવ્યા.

ચંદ્રમાની રોશની ખુલ્લી હતી, તેથી જેવું તે જોડું તેણીની આગળથી પસાર થયું કે "મારી વ્હાલી," એવા શબ્દો ખુલ્લે ખુલ્લે પીટરને મોઢેથી નીકળતા તેણીએ સાંભળ્યા, શું તેણીનો ગુસ્સો? થોડીકવાર તો તેણી ગુસ્સામાંજ દંગ થઇ ગઇ. પછી તેમની પછવાડે જઇ પોતાના ધણીની બેવફાઇ ઉઘાડી પાડવાના મજબુત ઠરાવપર આવી. લગભગ ૨૦ મિનિટ સુધી તેમની પૂઠે ગઇ, અને તે જાહેરઆમથી એક માઇલ દુર આવેલા એક નાના છુટા ઘરમાં તેઓ દાખલ થયાં. પાંચ મિનિટ દમ ખાઇ પોતાના વિચારો એકઠા કરી તેણી પણ હિંમત કરીને તે ઘરમાં દાખલ થઇ, અને કાંકરા પાથરેલા તે બાગના રસ્તાપર ઉંચો દમ રાખી ધ્રુજતી ધ્રુજતી તેણી અંદર આવવા લાગી. 'હોલ'ના બારણાપર આવી ઘંટ વગાડવાનું બટન દાબ્યું અને બારણાના નકુચાને ઢીલવીને ટીક ટીક અવાજ કરીને આગળ આવતી આફત માટે તેણી હીંમત એ કઠી કરવા લાગી. ઘંટનો અવાજ સાંભળીને સુઘડ પોશાકમાં સજ થએલી તે ઘરની કારભારણ તેણી આગળ આવી ઉભી.

હોલમાં દાખલ થવાનો જાણે તેણીને પૂરો હક્ક હોય તેમ અંદરજતાં હાંફતી હાંફતી તેણી બોલી, "મને તમારા શેઠને એકદમ ઘણાજ તાકીદના કામે મળવું છે, ગને કોઇ એવા ઓરડામાં લઇ જશો કે જ્યાં હું તેમને એકલી મળી શકું, કંઇ નહીં, મારૂં નામ જણાવવાની જરાએ જરૂર નથી."

ઘવના ભપકા ભરેલા પોશાકથી અંજાઇને અને તેણીના બોલવાના દમામથી આજેજ થઇ તે ચાકરડી બબડીને તેણીને એક ઓરડામાં લેઇ ગઇ અને ત્યાં બેસવા કહ્યું.

તે ઓરડાના એક ખુણામાં એક ટેબલ પર રૂપેરી ફ્રેમથી શણગારેલો એક 'ફોટો' ગોઠવેલો હતો તે જોઇ ગોયા તેણીની આંખમાં જાદુ થયું હોય તેવીરીતે તેનેજ ટીકતી તેણી તે ઓરડાની વચમાં ઉભીજ રહી. તે ફોટામાં પોતાના પીટરને જોઇને તેણીનું લોહી ઉકળી આવ્યું પોતાના ચહેરાનો રતાશ ઉડી ગયો, અને વધુ ચૂંથાઇતો એથી થયું કે તે વહાલાના હાથમાં હાથ નાખી તે પેલી ખુબસુરતી પોટ્ટી તે સબીમાં પોતાની કાળી આંખોથી તેણીને આંછી નાંખતી ઉભી હતી, જેણીની સોડમાં વળી એક હસતું ગેલ કરતું બેબી પણ હતું હવે તો હદજ થઇ!

પોતાનાં લૂંટાઇ જતાં સુખનો ગંભિર ખેદ કરી તેણી તે સબીનેજ ટીકતી ઉભી હતી, તેટલામાં દરવાજો ઉઘડયો અને પીટર પોતાની પ્રિયા સાથ દાખલ થઇ. આ કાળી આંખવાળી પ્રિયા પોતાની ટોપી વગર આ વખતે સૌથી વધુ સુંદર અને પ્રિય દીસતી હતી.

તેઓ બંને તેણીને નિર્દોષ પણે ટીકતાં ઉભા, પણ ઇવ તેથી એમ સમજતી હતી કે તેઓના દીલ ડંખે છે જેથી તેઓ ચૂપ છે. હવે દમસુમ કરવાને બદલે પોતાના ધણીનું મન સમજાવવાથી જીતી લેવાનો વિચાર કર્યો પોતાના ધણી તરફ ઠપકા ભરેલી નજર ફેંકી. તેણી અંતે તેના સાથીને જાણે જોઇજ નહીં હોય, તેમ બોલવા લાગી:—

"અરે પીતર !" અને આગળ વધી તેના ગળામાં પોતાના હાથ વીંટાવી પાછી ડચકા ખાતી બોલી, "અરે પીતર તમે મારી સાથ આવી ચાલ શા માટે ચલાવો છો ? મારી સાથ તમે એકદમ ઘેર આવો."

ફમફમાટ દેખાડતી ઢબે પીટર એકદમ તેના હાથો છુટાકરી પાછળ હઠયો અને કંઇક અજાએબીથી તનતપપ કરવા લાગ્યો, "મારા વહાલા બાનુ." તે પાછો બોલ્યો "મારી વહાલી બાનુ, આ અસાધારણ રીતની મતલબ શું તે હું સમજી શકતો નથી ! અને વળી પીતર કોણ મુઓ છે ? એ શું ?"

પોતાનું ડચકું જેમ તેમ દબાવીને તેની તરફ ધિક્કારથી જોઇ ઇવ બોલી, ત્યારે આવી રીતે તમો ઢોંગ કરી છટકી જવા માંગોછો, મહેરબાની કરી તમારો અવાજ બદલવાની કોશેશ ના કરો, એમ મને છેતરી શકશો નહીં. હવે તો મને તમે એમ બી કહેશો કે તું કોણ છે ? તને હું ઓળખતોજ નથી."

કંઇક ગુસ્સાથી તે બોલ્યો "મારી જીંદગીમાં મેં તમને કદીબી જોઇ નથી."

ઇવ હાંફતી હતી. તેણીનું ધ્યાન પેલી નાની છોડી જે મોમાં રૂમાલ દાબી કંઇક હાસ્ય કરતી હતી તેપર ખેંચાયું. "તમો હવણાં તો હશો પણ પાછળથી પસ્તાશો. મને કહેશો કે આ જુવાન તમારી સાથનો કોણ છે ?

થોડીક અદાથી તે છોડી તે પુરૂષના પાસામાં દબાઇને બોલી "બાનુ, તે કહેવાની મને કંઈ જરૂર નથી. એ મારો ધણી છે. અમો બે વર્ષપર પરણ્યા હતા, ખરૂં કેની જીમ ? અને આજે અમારો વાર્ષિક દિવસ છે."

એક પલ થોભ્યા પછી ઇવના ભેજાને ચકરી આવતી જણાઇ અને બોય તેને ભારી પડી ગઇ હોય તેમ જણાયું, તે છતાં પીટરની આવી દગાબાજીના ખ્યાલે તેનામાં કંઇક હીંમત આણી અને તેથી તેણી ભોંયપર પડતી સહેજ માંજ બચી ગઇ.

"અંહ કે," તેણીએ કાંઇક અચકાથી જવાબ દીધો, એ તમારો જીમ, અને મારો પિટર અને પાંચ વર્ષ અગાઉ છેલ્લા આગષ્ટમાં એ મારી સાથે પરણ્યો. જો તેની નોંધ તમને તપાસવી હોય તો બેલાશક હેમમર સ્મીથના સ્ટાર દેવલમાં જઇ તે જોઓ. દેખીતી રીતે જેમ મને ઠગી તેમ તેણે તમને પણ ઠગીછે હું તમને ઠપકો આપી શકતી નથી. હું ધારૂંછ કે તમને એણે કુંવારો છું એમજ કહ્યું હશે."

તે છોડીનો ચહેરો કુમળાયો. "તમે એની બાયડી થતી આગળ એવું કેમ બોલો છો?"

હવે તે જુવાને પતાવત કરવાના વિચારથી થોડાક દીલાસા ભરેલા શબ્દો તેણીને કહયા, જે સાંભળી તેણી છેડાઇને બોલી કે "આ રીતે તમો મને સમજાવવા માંગો છો કે હું ખોટી છું, એ ચાલશે નહીં. એમ તમો મને ફુસલાવી શકશો નહીં. પીતર, આજની તમારી ચાલ ઘણીજ શરમ ભરેલી છે. જો તમે મને કહેતે કે—હું તારેથી કંટાળી ગયો છું,—તો તેની વાત જુદી થતે, પણ આ રીતે તો હું તમારો પીછો છોડવાની નથી અને બે બૈરી કરવાના વાંક માટે તમારી ઉપર હું કામ ચલાવીશ."

ધ્રુજતા હાથે પોતાના ગળાનો પીછાનોહાર બરાબર ગોઠવીને પોતાના ખીસામાંથી પોતાના

નામનો એક કાર્ડ બહાર કાઢી તેણીએ ટેબલ પર મૂકયો.

તે છોડી તરફ એક દુઃખ ભરેલી નજર ફેંકી તેણી બોલી, "આ મારૂં નામ અને શિરનામું છે. તમો મારી વાતની સચ્ચાઇ સાબેત કરવાને પોતેજ શક્તિવાન થશો."

તે ટેબલપર પડેલો કાર્ડ તે જુવાન છોડી લે તે આગમચ તે જુવાને જરા હસીને પોતેજ તે લીધો અને તે પર ઉપર ટપકેથી જોઇને થોડીક હાસ્ય રીને ઇવ તરફ જોઇ તે બોલ્યો હું તમને હવે બધી બીના સમજ પાડીશ."

પણ ઇવનો જુસ્સો નરમ પડયો નહનો, તેણે ધિક્કારથી હાથની ઇસારતથી ના પાઠી કહ્યું કે હવે તો ઘણું મોડું થયું છે, હું તમને મારા સોલીસીટર મારફતેજ જવાબ આપીશ."

એટલું બોલી તેણી બારણા આગળ ચાલતી થઇ અને મનમાં બોલી "અરે પીટર, તમે એટલા ધાતકી છેઓ તેનો ખ્યાલ મને કદીપણ થયો હતો નહીં."

"જરા મને સમજો, મહેરબાની કરી ખોદાને વાસ્તે એક પલ મને સમજી લેઓ." તે જુવાને આજીજીથી કહ્યું.

પણ ઇવ તુતન ઇસારામાંજ બહાર ચાલી ગઇ. દરવાજો બંધ કરી તે જુવાન એક પલમાં પોતાની પ્રિયા આગળ આવી બોલ્યો "બૈરાઓ હમેશનાજ એવા અણઘડ રહી ગયા છે. સાંભળ, મારી વહાલી નેડા, હવે હું તુંને બધું સમજ પાડું."

"અરે, નહીં, નહીં, હું કંઇ સાંભળવાજ માંગતી નથી. મારેથી એ કેમ ખમાય! નેડાએ હવે જખમી જીગરે રડવા માંડયું. આ ગડબડ ઘોટાળો જોઇ તે જુવાને ઘણીજ ગંભીરતાથી નેડાને પુછ્યું તું શું એમ ધારેછે કે આ છોડીએ મને ચિતર્યો એવો હું ઠગ છું.

"મારે અને મારા બચ્ચાંએ હવે અહીંથી ચાલી જવુંજ જોઇએ, મેં પેહલા તે છોડીનું કહ્યું માન્યું નહીં પણ પાછળથી તમે તેને આજીજી કરતા હતા તેની મતલબ શી! વળી જે દેવલમાં તમો નાનપણથીજ પળોતાયલા હતા તેજ દેવળમાં લગ્ન થવાનું તેણી કહે છે, એ શું?

આ નવી બલા વળગેલી જોઇ તે જુવાન થોડોક ગભરાયો પછી બધી હીંમત એકઠી કરી બોલ્યો "હું ધારતો હતો કે મારી ધણીયાણીનો મારી પર પકો ઇતબાર છે. અને તે જુવાન અબલા વિષે હું તને હજીનો ખુલાસો કરૂં તે અગાઉ તું મારી આબરૂ પર શક લેઇ જાએ છે. તેણીનું નામ અને રહેઠાણ વાચીને હુંજ તેણીને પૂરતો ખોલાસો કરતે પણ તેટલામાં તો તે વિજળીની પેઠે બહાર નીકળી પડી, પણ હવે," તેણે કંઇક ભાર મૂકીને કહ્યું, "હું કંઇબી ખુલાસો કરવા ના પાડું છું." પેલો કાર્ડ પોતાના ગજવામાં મૂકી તે બોલ્યો, "હવે તો તમારી આંખોથી એ બધાની ખાતરી કરશો. ચાલો મારી સાથે બહાર, સઘળું ઠીક કરીને હમણાજ તૈયાર થાઓ, હું તમને બહાર લઇ જાઉં છું."

પ્રકરણ બીજું.

કેવા ખાલેસ દીલથી ઇવ સાંઝના પોતાનું ઘર છોડી ગઇ હતી અને હવે કેવા ભારે હૈયાથી તે ઘરમાં રાત્રે દાખલ થઇ. દરવાજો ઉઘાડતાંજ વચલી બારીપરના એક આકારપર તેણીની નજર પડવાથી તેણી ચોંકી. મોટો હાફરો થયો હોય તેમ દમ ઉપર રાખતા તેણીને જણાયું કે તે બારી આગળ કોઇજ નહીં પણ પોતાનો વહાલો પીતર ઉભો રહીને બીડી પીવાની તૈયારી કરતો હતો. શું તેણીની આંખ કંઇ દગો દેતી હતી?

જે થંડાપણું, બેદરકારી, અને સખ્ત હૈયાંથી તેણીનો પેલો ધારેલો ખાવંદ જવાબ દેતો હતો તે સઘળું તેણીના મનમાંથી ઉડી ગયું, અને તેણી ગુચવાયલો મને ઘરમાં ફરસામાંજ દાખલ થઇ અને જમવાના ઓરડામાં પોતાના પ્રિયા આગળ આવી ઉભી.

"હલો, હલો," તેણે માયાથી કહ્યું, "શું થયું છે તમને, મારી લાડકી, અને દુન્યાના કયા ભાગમાં તમો ફરો છો ?"

આ સાંભળી ઇવનો ગુસ્સાનો પારો એકદમ ૩૦૦ પોઇન્ટપર ચઢી ગયો, વેના ગાલ લાલ લોહી જેવા થયા, તેના કપાળપર પસીનાનાં ટીપાં બાઝયાં. પોતાની બધી હુસ્યારી વાપરી તેણી અંતે પોતાના ધણીપર ઉખડી, અને તેને આરપાર તાણાનાં ઘાથી વીંધી નાંખ્યો. પોતાનો સઘલો ગુસ્સો તેનાપર ખાલી કીધા પછી તેણી ઠેરી. પીટર તો આ તાણાજાણીથી કંઇક ડંગજ થઇ ગયો. તેને પાંચ મિનિટ તો કંઇ સમજ પડયું નહીં. તેનો તો દમજ બંધાઇ ગયો. આવી હાલતનો લાભ લેઇ ઇવ વધુ બબાળી, "મેં તમારી ગરદન આસપાસ મારા હાથ નાંખ્યા અને વળી તમને પાછા ઘેર આવવા વિનવ્યા, તોપણ મારૂં કંઇજ તમે સાંભળ્યું નહીં. મને આચકો મારી દૂર કીધી–અને તે વળી પેલી દુકતીનીજ હાજરીમાં !"

તોપનો ગોળો લાગ્યો હોય તેમ ચોંકીને હવે તે ચીરડાઇને બોલ્યો:—"આ સઘળું શું છે ? તમે બધું ઘેલું ગાંડું શું બોલો છો તે સમજ પડતી નથી, અને વળી તમારા હાથ કોઇ બીજાની ગરદન આસપાસ નાંખ્યા. એ તો વાત વધી. પેલો જવાન કયાં રહેતો હતો?"

ઇવની આંખમાથી આંસુ ટપકતા, તે આંસુવાળી આંખોથી તેને ઢીકતી ઉભી રહી. "હવે ઢોંગ ના કરો," તેણીએ કંઇક ગંભિર અદાથી આગળ ચલાવ્યું. "મારા ધણી કેવા છે તે હવે હું પુરતી રીતે ઓળખી શકી છું."

કંઇક ઠરાવ કરી પીટર હવે ઉઠી ઉભો થયો, "હું તે જવાનને ઘેર હવણાંજ જાઉછું. અને તમો હું ધારૂછ કે તેની મારી માંગવા મારી સાથેજ આવશો."

"હું કંઇજ કરવાની નથી." એટલું બોલી તેણી બારણા આગળ ગઇ, પણ તે બારણું પોતે ઉઘાડે તે આગમજ તે ઘરની ચાકરડીએ ઉઘાડયું, અને અંદર દાખલ થઇ એક કાર્ડ પોતાની બાઇના હાથમાં મુકતાં બોલી:—

"મી. અને મીસીસ જેમ્સ લુટન."

તે જુવાન અને તેની સાથની છોડી અંદર દાખલ થયા.

જાણે જાદુથી ડંગ થઇ ગયા હોય તેવી અચંબા ભરેલી રીતે તે ચારો જણા એક બીજાને ટીકવા લાગ્યા, અને તે બંને છોડીઓની આંખો તે પુરૂષો તરફ તગર તગર ટીકાવા લાગી. એકજ કદ, સરખોજ બાંધો, સરખોજ રંગ, પોશાક અને બીજી દરેક રીતે એકજ સરખી રીતે મળતા આવતા આ બંને પુરૂષોને જોઇ કોઇબી માનવગુણ શાબી પણ ભુલ કર્યાં વગર રહેજ નહીં. આવી હાલતમાં ગરીબ બિચારી ઇવ ભુલનો ભોગ થઇ પડી હોય તો ઘણી નવાઇ નહીં ગણાયં.

"ઓ મારા ખોદા," પીતર બોલ્યો. "એ તો મારો જીમ. મારો ભાઇ જીમજ હોવો જોઇએ."

જીમે પોતાનાં ગજવામાંથી ઇવના નામના નામનો કાર્ડ કાઢી બહાર મૂકયો, ત્યારે તેની આંખ્યો ચકચકિત થઇ રહી.

તે કાર્ડ ટેબલપર મૂકતાં તે બોલ્યો, "મને એની આગાહી અગાઉથીજ થઇ હતી, તેથી તમો બધા કરતા ઓછો અચંબો ઉપજે છે. પછી પોતાનો હાથ લાંબો કરી બોલ્યો, "વડા ભાઇ, આપણે છેલ્લા મળ્યાં તેને આજે ૧૫

વર્ષ થઇ ગયા, તો પણ આપણી સીકલ હજી અસલજ રહી છે. હવે તમેં એમ નથી ધારતા કે ગઇ ગુજરી ભુલી જઇએ, અને જે પૈસાને સારૂ આપણે મરાઇને જુદા પડયા તે પૈસા સરખે ભાગે વેહ્ચી લઇએ. એ પૈસા આજસુધી એકમાંજ પડેલા છે.

અડધી પલ સુધીજ પીટર અચકયો, પણ પોતાના જોડયા ભાઇ સાથ જે દુશ્મનાઇ તેના દીલમાં હતી તેપર પોતાની સગાઇનું લોહી ધાઇ આવ્યું અને એક ભાઇના હેતે કુટુંબી ગરદીપર અંતે સરસાઇ મેળવી, ખુશાલીના હસવા સાથ તેણે પોતાનો હાથ લાંબો કીધો, અને ભાઇના હાથને હેતથી દાબ્યો.

" કેવું રમુજી કે આપણે બંનેએ આપણી છાવણી ચીઝરીક ગામમાંજ મુકરર કીધી, " જીમે હવે આગળ ચલાવ્યું, " પણ નેડા ને હું આ ગામમાં એક અઠવાડિઉં થયુંજ આવ્યા છીએ, તેથી આપણે એક બીજાને રસ્તે મળી શકયા નહીં. " પછી પીટરને જરા આંખ મારીને બોલ્યો " હું ઇચ્છું છું કે તમો મારા ધણીઆણીને હવે ખાતરી કરી આપશો કે હું ખરેખરો જીમ છું, અને નહીં કે કોઇ બીજો પુરૂષ કે જે કોઇ વખત [પિટરનું ખોટું નામ પણ ધારણ કરે છે. " " અને હું ઇચ્છું છ, " તેવીજ રીતે ટણકાથી પીટર બોલ્યો " કે તમો મારી પરણેતરના ભેજામાં પકકું ઉતારશો કે હું બી. તે માણસ નથી કે જે જીમ નામથી કોઇ વખત ઓળખાય છે."

તે બેઉ જવાનો ફરીને પોતાની પરણેતરને જોવા લાગ્યા. પીટરના મોંઢા પર તેણીને ફરફાવે તેવું હસવું હજી હતું તે જોઇને તેણી પોતાના દેર તરફ વળી અને બોલી અરે મેં બી શું કીધું ! " અને પાછી પોતાના ધણી તરફ આંસુએ ભરેલી નજરે જોવા લાગી.

જીમ હવે ઇન તરફથી નજર દૂર કરી તે છોડી તરફ જોવા લાગ્યો કે જેણી કંઇક દુઃખ અને કંઇક પ્યારથી તેણીને વળગી રહી ઉભી હતી.

" કેમ, મારી વહાલી, હવે ત્હારી ખાતરી થઇ કે તારો ખાવંદ કંઇ ઉઠાઉગીર નથી. તમારી આંખથી હવે ખરી ખાતરી થઇ."

નેડાએ ફકત તેની તરફ એક ઝડપીનજર ફેંકી અને મુંગીજ ઉભી.

" તમો બંને એ જુદાજુદા 'બેડજીસ' રાખવા જોઇએ, નહીંતો"—તેણીએ નખરાથી સૂચવ્યું—"નહીંતો જેવી ભૂલ હવે કીધી તેવીજ ભુલમાં હું કોઇ વખત પડીશ."

" પણ તમે કાંય નહીં મને કહ્યું કે તમો તમારા ભાઇનીજ આબાદ મુર્તિ છો"? ઇવે હવે ખોલસો કીધો કે જે વખતે તે બંને ભાઇઓ નચિંતાઇથી બીડીના ધુમાની મઝાહ લેતા હતા.

" જીમે તો મને કદી બી કહ્યુ નથી કે તમારો કોઇ ભાઇ છે, " હવે નેડાએ ઉભરાઇ આવ્યું.

બેઉ ભાઇઓ એક બીજા સામુ જોઇને ખરખર હસવા મંડી ગયા.

"વાત એમ છે," પીટરે ખોલાસો કરવા માંડયો, "કે પંદર વર્ષ અગાઉ જ્યારે અમો બંને ૨૦ વર્ષની નાદાન વયમાં હતા ત્યારે અમને અણબનાવ થયો, અને તે દિવસથી અમો એક બીજા સાથ કરીબી સંબંધ ધરાવશું નહીં, એવા સોગંદ લીધા. આ ટંટો પૈસાની એક નજીવી રકમ માટે હતો, તે વિષેની બધી હકીકત હવણા કહેવાનો વખત નથી, કોઇ વખત આપણે તે કહીશું એમ- જની જીમ ? અને અમારા મળતા આવતા ચહેરા વિષે અમો એમ ધારતા હતાં કે વખતની અસર તેપર થશે. આ રીતે પેશી

કમનસીબ પૈસાની રકમ હજુ પણ બેંકમાંજ છે, જીમ ખરૂં કેની?"

જીમ ખુણાપર બેઠેલી પોતાની મોહોરદાર અને ભાભી તરફ જોતો હતો, તેને કંઇ યાદ આવ્યાથી એકદમ બોલ્યો, "અરે વહાલા ભાઇ, પેલા કંગાળ પૈસાનું હવે શું કરવું? આપણે બંને તો સોંગદ લીધા છે કે એ પૈસાને આંગળી બી લગાડવી નહીં, ઠીક, ખરૂં કેની, એક ઉપાય છે," પોતાની ચીરૂટની નલી તે એ બાનુઓ તરફ ફેરવીને તે બોલ્યો, "આ બેઉને તે કામ લાગશે, જોકે તેઓ એને લાયક નથી, પણ આપણી મતલબ સરશે, એમજની, પીટર." જીમનો આ રમુજી ઠરાવ પીટરને પસંદ પડ્યો, પણ 'તેઓનું' ગેરવવા તેણે ટાહુકો પૂર્યો, હા, એમને એ લેવા દેઓ, પણ તેમને એ રકમ ઘટતી નથી." પોતાની બેફાન જેવી બેઠેલી ઇવ તરફ ઇશારત કરી ઉમેર્યું, "ખાસ કરીને હું જાણુંછ કે મારી મોહોરદારને તો તે જરા બી ઘટતી નથી, કારણ કે તમારા આવવાની આગમજ પા કલાક સુધી એણે મારૂં પાકીને પળેઠર કીધું છે"

"હવે વાત છોડ, પીટર" જીમે રમુજમાં કહ્યું, એમ તો મારી નેડા ક્યાં ઓછી હતી, એની બી એવીજ વાત છે. મને બોલાવેછ શું કામ? પણ કંઇ નહીં-જવા દે, એ મારી વહાલી ઘણું નાજુક મારૂં ઘેટકું છે, ખોદા એને સુખ આપે!"

"ખોદા બેઉને સારી બુદ્ધિ આપે"—એક મિનિટની ચુપકીદી-"અને સઘળી વહાલી મોહોરદારોને પણ—" પીટરે અણુકાથી વધુ ઉમેર્યું.

તે રાત્રે ચિઝવીક ગામનું આ નાનું ઘર મોજમઝાહ અને ડાન્સથી ગાજી રહ્યું.

"વ્હાલીડા લેને ઉપાડી".

(પદ-કાફી.)

વ્હાલીડા! લેને ઉપાડી,
તારા વગર બની ગાંડીરે, વ્હાલીડા.
સ્થિર રહે નહિ મનડું રે મારૂં,
ભાળી ભયંકર ઝાડીરે,. વ્હાલીડા ૧
બુરા પહાડની ઉંચેરી ધારો,
મારગ કરડો કજાડીરે. વ્હાલીડા. ૨
વાઘ-વરૂનો ભય લાગે છે ઝાઝો,
આ જો આવીને ખાસે ફાડીરે. વ્હા. ૩
ચોર-લુટારા આવીને લુટશે,
પ્રિતમ બીલડા પહાડીરે. વ્હાલીડા. ૪
કાંટા લાગે ને વળી ઠોકર વાગે,
જાળે ભરાય મારી સાડીરે. વ્હા. ૫
તાપ તપે ને તન તાપથી તલપે,
ધીમી પડી છે મારી નાડીરે. વ્હા. ૬
તારા વિજોગથી ઝુરીને મરતી,
બળતી જુવાનીની આ વાડીરે. વ્હા. ૭
રસિક સલુણા મને ઘેલી કરી તેં,
પાઇને પ્રિતિ રસ તાડીરે. વ્હા. ૮
અપરાધ અબળાએ મુદ્દલ કીધો નથી,
આલચલાવી નથી આડીરે. વ્હા. ૯
મીઠાં બોલી બોલ મનમાં મનાવ્યું.
લેને ભવાની ઉપાડીરે. વ્હા. ૧૦

ભવાનીશંકર નરસિંહરામ કવિ.
લીંબડી.

("એક ટુંકી વાર્તા.") **માતાનો પ્યાર.** (લખનાર—"કરીમ સજાનલાલ.")

સલીમ એક એવો આલસુ છોકરો હતો કે આખો દહાડો રખડવામાંજ ગુજારતો. નિશાલમાં તેણે કાંઇ કર્યું નહીં અને કોલેજની તેની જીંદગી ખરાબ હતી. તેણે પોતાને એક બેકાર પુરવાર કર્યો હતો. આ મોટી ખોડનાં સબબે તે કોઇ ધંધો કરવા રાજી હતો નહીં.

તેની સ્કુલ અને કોલેજની જીંદગી એવી રદ્દમાતલ હતી કે શીખવાને બદલે તે આખો દહાડો પોતાના સોબતીઓ સાથે હંમેશાં ફરવામાં અને મોજ મારવામાં ગુજારતો, એવો સે એક નાલાયક છોકરો હતો. પણ એવી ખોડ હોવા છતાં ખોદાએ તેનામાં એક એવી ખુબી નવાજી હતી કે તેનો અવાજ ઘણોજ શુરીલો અને મધુર કંઠનો હતો, અને અને તે ગાયન ગાવામાં મોજ સમજતો. તેનાં સઘાં વહાલાઓ તેને કોઇ પણ ધંધો કરવા અને માણસાઇપણામાં આવવા શીખામણો દેતાં. પણ તે એક કાને સાંભલી બીજે કાને કાઢી નાંખતો. કાંઇ કામ ધધો કરતો નહીં. તે પોતાના મનથી એમજ સમજતો કે તે કોઇ કામ ધંધો કરવા સરજાએલોજ નથી. પણ વાજું વગાડી સુરીલા ગાયનો ગાવા તેને ઇશ્વરે પેદા કર્યો છે. ખરૂં પુછો તો તે એક આળસુઓનો પાદશાહ, એક ઐધી હતો.

છેલ્લે, સગાંઓની સમજાવટ પછી તેને દુર દેશાવરો તરફ ધંધા અર્થે મોકલવા નક્કી થયું. તે વખતે તેની એકવીસ વરસની ઉમર હતી. તેને દુર દરયા પારના દેશાવરો તરફ રવાના કરી દેવામાં આવ્યો.

શરૂઆતમાં તે પોતાનાં ઘેર બરાબર કાગજ પત્રો લખતો હતો, પણ થોડાજ મહીનાઓ પછી તેના તરફથી કાગળો આવવા બંધ પડયા. લોકો તેની બુઢી માતાને કહેતા કે તેનો દીકરો મરણ પામેલો હોવે।જોઇએ પણ તેણી નાનું ડોકું ધુણાવતી, અને સાદાઇથી જવાબ કરતી કે, " મારો ગરીબ દીકરો હજુ જીવે છે."

સલીમને ઘર છોડવાને લાંબા ચાર વરસો થઇ ગયા હતા. તેણીનાં બીજા ચાર દીકરાઓ એટલે તેના ભાઇઓ પરણી જઇ તેણીને છોડી જુદું ઘર માંડી રહ્યા, અને તેણીનો બુઢો ધણી પણ સ્વર્ગવાસ થયો હતો. તેણી એકલી પોતાને ઘેર રહેતી હતી અને પોતાને જુને ઘર સલીમ પાછો આવશે એમ ધારી હમેશ સાફસુફ કરી રાખતી અને આતુરતાથી તેની આવવાની વાટ જોતી.

આ અર્સામાં સલીમની ત્યાં હાલત બદતર થતી ચાલી. તે નસીબનો લીલો હોવાથી તેનાં કીસમત બે ડગલાં પાછળજ હતા. દશ વરસોની લાંબી ગેરહાજરી પછી તે કાસ્મીર શેહેરે પાઇ વગરનો મુફલેસ પોતાને દેશ પાછો ફર્યો. તે જો ઘેર જાય તો તેને માન ભરેલો આવકાર મળશે તે તેને શક ભરેલું લાગ્યું. આવી મુફલીસ હાલતમાં પોતાનું મોહોડું કેમ બતાવે તે તેને મોટી શરમીંદગી હતી, તેણે આથી પોતાના મનથી નક્કી કર્યું કે ઘરજવું સાર નહીં. કારણ એના જેવા પાઇ વગરના મુફલેસ ભીખારીની ત્યાં જગા છેજ નહીં. એવું પોતાના દીલથી કડવાશ ભરેલી હાલતે વિચાર્યું. એમ હોવા છતાં તે પોતાના મનની ઇચ્છાને કાબુમાં રાખી શકયો નહીં, અને પોતાનું અસલી નાનું ઘર જોવા આરજુ એટલા વાસ્તે રાખી કે તેની માતા હજુ જીવતી છે કે નહીં.

"પ્રકરણ બીજું"

કેશમીર દેશના તે નાનકડા ગામડામાં બરફ પડતો હતો, મોહોલાઓ તે વખતે વેરાન જેવા શાંત હતા, અને પવન મોટા જથામાં ફુંકતો હતો જે ઘણો ઠંડો હતો. એવા વખતે એક દુબલો પતલો આકાર કે જે એક માણસનો હતો તે ધીમે પગલે આવતો દેખાયો. તે આકાર ઘણી મુશકેલી સાથે ત્રાસ ઉપજાવે એવા પવનમાં રસ્તો કાપતો હતો એક ચોકસ ઘર આગળ તે આવી પહોંચ્યો અને તે ઘરને ટીકતો ઉભો રહયો. "હાએ મારા સુખવાસી ઘર." તે દુખી મને પટપટયો. આ વખતે બારીઓ ઉપરનાં પડદાઓ નીચે નાંખી દીધા હતા. પણ અંદરની બતીની રોશની તેમાંથી આરપાર નજર પડતી હતી.

તે એક અતિશય કકડતી ઠંડીની રાત હતી. પોતા પાસે થોડાક તાંબાના સિક્કાઓ સિવાય ગજવામાં બીજું કાંઇ નહીં હતું. કાંય એક ગાયન હું ગાઉ નહીં. વખતે મારા ગાવાનો અવાજ સાંભળી સુવા સારૂં બીછાનું પણ હું મેળવી શકીશ. આવાં વિચારથી શું-ચવાએલો દેખાયો. તે મનમાં પટપટવા લાગ્યો કે " વખતે તે ઓલખાઇ જાય એમ તેને મોટી બિહીક હતી. પણ તેને દસ લાંબા વરસો ઘર તજવાને થયા હતા. તે હવે નાનકડો છોકરો નહીં હતો પણ એક ત્રીશ વરસની મોટી વયનો એક જવાન માણસ થયો હતો. તે ઘોર જેવા અંધારામાં પોતાના મનથી હરયો

સલીમ ફર્યો અને તરત તે ઘરના પાછલા ભાગ તરફ પગલાં લંબાવ્યાં. તેનાં દીલમાં અજબ જાતની યોજના હતા. તે ધારતો હતો કે તેની માતા તે રોશનીવાળા રૂમમાં હોવી જોઇએ અને અંગારની સગડી નજદીક તેનાં આવવાની વાટ જોતી બેઠી હશે અને તે મોટી વયનો માણુસ થયો હતો તો શું થયું. આખર તે માયાળુ માતાનાં દીલથી તો તે બચ્ચું જ હતો.

જેવી રીતે આગલા દહાડાઓમાં કરતો હતો તેમ તેણે હમણાં કરવા ઇચ્છયું. તેને બરાબર યાદ આવ્યું કે તે રાત તેની સાલ-ગીરીની હતી. આજની રાત કાંય તેની વર્ષગાંઠની થઇ હશે? તે અજબ એક સંજોગ હતો તેણે પોતાના ઠંડીથી ધ્રુજતા આંગળાઓથી ડગલાના બટનો પોચાં કે જે અકડી ગયા હતા, અને તે હાથો પોતાના ડગલાનાં ગજવાઓમાં ગરમી આવવા સારૂ નાંખ્યા, અને બીજીજ પળે મીઠા સુરીલા અવાજથી ગાયન ગાવા લાગ્યો.

બરફ અને પવનનું જોર હોવાથી તે સુરીલો અવાજ ઘણા દુર સુધી ચારે તરફ ફેલાઇ જઇ સંભળાતો હતો. તે કુટુંબીનું જાણીતું ગાયન હતું કે જે ગાયન આગલા વખતમાં તેની માતાનું ઘણું માનીતું હતું.

" ઓ મધુરી માતા મને પાસામાં લે."–

એ ગાયન જયારે સુરીલા અવાજે ગાતો હતો તે વખતે પડતી સખત ઠંડી પણ થોડો વખત તે ભુલી ગયો.

× × + × ×

સલીમની માતાને તે દહાડો ઘણો ભારી અને બેચેની ભરેલો એકલવાયો પસાર થયો હતો, અને હવે રાત પડી હતી, અને તેણીએ જયારે બારીઓના પડદાઓ નીચે નાંખી દીધા હતા, કે જેથી બાહેર ફેંકાતો હાડ ધ્રુજાવે એવો ઠંડો પવન અંદર આવતો અટકયો ત્યારે તેણી ઘણી ખુશી થઇ હતી. તેણી ધગધગતી દેવતાની સગડી નજદીક તાપણું કરવા બેઠી. તેટલામાં તેણીના મગજમાંથી ઓચિંતા વિચારો ઉત્પન્ન થયા. તે વિચારોએ તેણીને દીલગીરીમાં નાંખી દીધી. તેણીએ એવા ખ્યાલો મનમાંથી દુર કરવા ઘણું ઇચ્છયું પણ કાંઇ તેમ કરી શકી નહીં. તેણીનો છોકરો, તેણીનો વહાલો દીકરો તે ગરીબ બીચારો, એવી બરફ અને પવન-

વાળી હાડ ધ્રુજાવે એવી નાશકારક ઠંડી રાતે ક્યાં બાહેર રખડતો હશે, તેણીને એવા ગંભીર વિચારોનો જવાબ જાણે મળતો હોય તેમ તેણીના કાને એક મધુરો સુરીલો અવાજ સંભળાયો, કે જે અવાજ ઘણો મીઠો હતો. તેણીએ ફાટતે ડોળે ચુપકીદી સાથે ધ્યાનથી સાંભળ્યું કે આ અવાજ આગળ ઘણી વખત તેણીએ સાંભળ્યો હતો.

" ઓ મધુરી માતા મને પાસામાં લે." તે અવાજ ધ્રુજતો હતો અને ઉદાસી સાથે તે ગાયન ગવાતું હતું

સલીમની માતાનો ચહેરો ચાદર જેવો સફેદ થઇ ગયો. તેણી તરત પોતાની બેઠકપરથી ઉઠી અને બારી નજદીક ગઇ અને તે બારીના પડદાઓ જરા બાજુ ખસેડયા અને ડોકું બાહાર કાઢી રસ્તા ઉપર જોવા લાગી. તેણીએ એક આકારને લેંપ પોસ્ટ નજદીક ઝાંખી પડતી રોશનીમાં ઉભેલો જોયો. જેની પીઠ તેણી તરફ હતી તેણીએ ઘણું ઇચ્છયું કે તે માણસ પોતાની પીઠ ફેરવે કારણ તેણી તેનું મુખડું જોવા ઘણી ઇંતેજાર હતી. પણ તે માણસ જરા પણ ખસ્યો અથવા ફર્યો નહીં તે તો જેવી હાલતમાં ઉભો હતો તેવીજ રીતે ઉભો રહી ઘણાજ મધુર કંઠે લલકારતો રહયો.

તેણીએ તેના પેહેરેલા પોશાક ઉપર દયા જનક નજરે જોયું. તેનો ડગલો ફાટીટુટી ગયલી હાલતમાં હતો અને પોતે પતલો દુબલો નાતવાન હતો તેણી હયુપયુ શક ભરેલી હાલતમાં દુઃખ સાથે બાજુ ખસી ગઇ. શું તે તેણીનો પ્યારો બેટો સલીમ હશે કે ! જો તે ખરેખર તેણીનો દીકરો હતે તો એવી નાશકારક ઠંડીમાં ઘરના બારણા બાહાર ઉભો રહી શું કરવા ગાયન ગાએ ! ખરેખર જરૂર તે ઘરમાં આવતે, તેણી તેનો સુરીલો અવાજ જાણતી હતી અને નીચે ઉભો રહી જે ગાયન ગાય છે તેનો અવાજ પણ સલીમના જેવોજ છે, એમ તેને લાગ્યું.

તેણીએ તરત પોતાની જુની દાસી ને બોલાવી " મરયમ તું તે બહાર ! ગાયન નો અવાજ સાંભળે કે તરત તું નિચે જજે અને તે ગાયન ગાનાર જવાનને મારા તરફથી અર્જ કરજે, કે. એક બુઢી બુજર્ગ ઓરત ઉપર. મેહેરબાની કરી અંદર આવી થોડા વખત પોતાના સુરીલા હલકે ગાયન ગાઇ સંભળાવશે, તો તેણી તેનો મોટો આભાર માનશે."

તે દાસી નીચે ગઇ, અને સલીમની માતા પોતાની સગડી વાલી જગાએ આવી વિચારનાં વમલમાં ખુરસી ઉપર બેઠી, અને તે ગવાતું ગાયન ઘણા ધ્યાનથી સાંભળતી હતી. તેણી હયુપયુ વમાસણમાં હતી, શું તે આવશે કે? તેટલા તેણીને દાદર ઉપર ચડવાના પગલાંઓ નો અવાજ સંભળાયો.

પ્રકરણ ત્રીજું.

તે ગાયન ગાવાના વમળમાં એવો ખિન્ન અને બેધ્યાન થઇ ગયો હતો કે દરવાજો ખુલવાનો અવાજ અને તેનાં તરફ આવતાં પગલાંઓનો અવાજ બીલકુલ તેણે સાંભળ્યો નહીં. જ્યારે તેના ખભાઓ ઉપર હાથ અડયા ત્યારેજ તેણે જાણ્યું, કે કોઇ તેની પાસે આવ્યું હતું તેણે તરત ફરી જઇ તે દાસીને જોઇ કે જેણીએ તેને ઉપર આવવાનો સંદેશો આપ્યો. તેણે તેણીનું બોલવું ચુપકીદી સાથે સાંભળ્યું. શું તે ઉપર જાય કે? તે દાસી તેની નજીક ઉભેલી હતી. તેણી ઇચ્છતી હતી કે તે ઉપર આવે, અંતે તે શાંતપણે તેણીની સાથે તે ઘરમાં દાખલ થયો.

સલીમ દાદર ચડતી વખતે પોતાની ચીથરે હાલ હવાલ હાલત ઉપર નજર નાખી

વિચાર કરવા લાગ્યો કે જેવી રીતે તે દસ વરસો અગાઉ ઘર છોડી ગયો હતો તે વખતની અને હમણાંની હાલતમાં કાંઈ ફેરફાર નહીં હતો.

સ્વપ્નામાં હોય તેમ તે જ્યારે બીજા દરવાજા નજદીક પોહોંચ્યો, ત્યારે તે પોતાના મનને કાબુમાં મુશ્કેલીથી રાખી શક્યો. જેવો તે બીજા બારણામાં દાખલ થયો અને પોતાને તે બુજર્ગ માતાની રૂબરૂ ઉભેલો જોયો તેવોજ તેણીએ તેને હસતા મુખડા સાથે માન આપ્યું અને આતુરતા ભરેલી નજરથી તેને જોયો. તેણે તેણીનો દયાળુ ચેહેરો જોયો અને તેણી પોતાની વહાલી માતા છે એમ તેને ઓળખી લેવાને વાર લાગી નહીં.

જ્યારે તેણી તેની સાથે વાત કરવા લાગી, કે જેના બોલવાથી ખુલ્લું જણાતું હતું કે તેણી તેને ઓળખી શકી નથી.

"તમો બાહેર ગાતા હતા તે મેં સાંભળ્યું. મેહેરબાની કરી બેસશો. તમારો અવાજ ઘણો મધુર છે. જે મેં આગલા વખતમાં સાંભળેલા અવાજના યાદની ભાસ અપાવે છે."

સલીમ બેસી ગયો તેને ઘણું અદભુત લાગતું હતું. તેણે પાછું ગાવાનું શરૂ કર્યું.

"આવે તારી જુદાઇનાં ડચકાં રહી રહી,
ભરે છે મારૂં દીલડું આ બચકાં રહી રહી."

"આ ગાયન જે તમો ગાવો છો તે મને અતિશય માનીતું હતું. આ ગાયન મેં દસ વર્ષોના લાંબા વખત પછી આજેજ સાંભળ્યું છે. તે ફરી એકવાર ગાઇ નહીં સંભળાવો કે?"

તેણીના બોલવાનો અવાજ ઘણોજ પ્યારો અને ઘણીજ કાકલુદી ભરેલો તે માતાને કાને સંભળાયો.

પોતે અગાઉ ઘણી વખતે ગાયનું આ ગાયન તેણીની બુઢી માતા અચરતીથી સાંભળતી અને જોતી હતી, તેણીએ પોતાનું મોહોડું મલકાવ્યું. તેણીને આગલા વખતમાં આ ગાયનો સાંભળેલા યાદ આવ્યા. તે જ્યારે અગાઉ તેણીનાં આગળ ગાઇ સંભળાવતો હતો ત્યારે તે કેટલી મગરૂરી લેતો હતો.

ઘણાજ સુરીલા પણ દર્દનાક અવાજે તે ગાયન તેણે ગાયું હતું. આ ગાયનના બોલો જાણે મોહોડાંમાંથી ફુલો ખરી પડતા હોય તેવા મધુર હતા. તેઓ બેઉ ગુચવણમાં હોવા ઉપરાંત દલગીરીમાં ડુબેલાં હતાં અને બોલી શકતાં નહીં હતાં.

"તમારો અવાજ મધ જેવો મીઠો મારા કાનોને અથડે છે," આ સાંભળી સલીમે આશ્ચર્યથી પોતાનું માથું નીચું નમાવ્યું.

"તમો ઘણું મજેહનું ગાવો છો. તમોએ ગાવાની તાલીમ ક્યાંથી લીધી છે?" તેણીએ શંકા ભરેલો અવાજ નરમાશથી કર્યો, અને જવાબની વાટ જોયા વગર ચલાવ્યું, "મારો એક દીકરો હતો, તેનું નામ સલીમ હતું" આ સાંભળી તે માણસ ખુરસી ઉપર બેચેની સાથ હાલ્યો. તે યહાં નહીં આવતે તો બેહેતર હતું, એમ તેને લાગ્યું. તે ઘણી મુશ્કેલી સાથ પોતાના દીલને કાબુમાં રાખી માથું નમાવી બેઠો જે તેણીએ જોયું નહીં." તેનો અવાજ બરાબર તમારા અવાજને મળતો છે, તે આગલા વખતમાં હંમેશાં દર રાત્રે મને ગાયનો ગાઇ સંભળાવતો હતો. દસ વર્ષો થયા તે મને છોડી ગયો છે. તે દુર દેશાવરો દર્યાપારના દેશો તરફ ગયો છે. તે જવા અગાઉ પોતાની ગરીબ માતાને વચન આપી ગયો હતો કે તે પાછો જરૂર આવશે, અને પોતાની ગરીબ માતાને જરૂર મળશે, સલીમનો ચહેરો દયાજનક ફીકો હતો તે મનથી પટપટયો. હા, તે તો આવ્યો હતો, છતાં તેણી તેણે ઓળખી કાઢી શકતી નહીં હતી. 'શર-

અંતમાં થોડા મહીના સુધી તેના તરફથી બરાબર કાગળો આવતા હતા અને તે પછી એકદમ કાગળો આવવાના બંધ પડી ગયા. ઘર્યા ના રેહેતા લોકો કેહેતા હતા કે મરણ મરણ પામ્યો હશે, જેથી કાગળો આવતા નથી પણ મારૂં દીલ શાક્ષી પુરે છે કે તે જીવતો છે." તે વખતે તેણીનો ગમખારી ભરેલો અવાજ કાકલુદી કરતો હોય તેમ દેખાયું. "તેણે કહ્યુ હતું કે હું પાછો આવીશ તેથી મને ખાતરી છે કે તે જરૂર આવશે. મારા બીજા છોકરાઓ લગનો કરી મને છોડી ગયા અને મારો ખુદો ભરતાર પણ ટુંક માંદગી ભોગવી મરણ પામ્યો છે અને મને વધુ એકલી અટુલી કરી ગયો છે. હવે હું એકલી છુ, અને અને આ મારૂં ઘર સાફસુફ કરી મારા બેટા સલીમની આવવાની વાટ જોઉં છું. તે આવશે ધારી તેની ઓરડી જો સાફ સુફ કરી અલાહેદી તૈયાર રાખી છે." આ સાંભળી સલીમ ખુશાલીથી ફાટી ગયો.

સલીમે ખંખાર મારી ગલુ સાફ કરી ફરી ગાયનો ગાવા શરૂ કર્યું. તેની માતા ઘણીજ આતુરતા ભરેલી આંખોથી તેનું મોઢું ટગર ટગર નીહાલતી હતી. પણ તેનાં ચેહેરા ઉપર કાઇ ફેરફાર જોયો નહીં. તેનો મુખડો ઘણો પટલો અને સફેદ ફીકો હતો, અને તે મોહોડા ઉપર લીટીઓ પડી હતી પણ દીલથી તે મજબુત હતો. ગાયન હવે પુરૂં થયું.

"તમારો ઉપકાર થયો, તમારૂં ગાયન સાંભલવું એક ખરી મોજ છે. તમો ઘણાજ મેહરબાન છો. હું જો મારી આંખો બંધ કરી તમોને ગાતાં સાંભલું છું તો એમજ મને લાગે છે કે મારો દીકરો મારી સાથે છે."

સલીમે માથું ધુણાવ્યું, "તમો સમજી શકો છો કે આજનાં જેવી તુફાની ભયકાર રાતે તે મને કેટલો બધો હૈયાએ ચડી આવતો હશે તે મારી આંખોમાંજ રમે છે ઘણી વખત હું તેને મોહોટા કદનો ખુશાલ અંજુમન ચેહેરા સાથનો જોવું છું, અને ઘણી વખત ભરાયલા ચેહેરાનો ફાટાં ટુટા કપડામાં જોવું છું. ખુદા એવો વખત કયારે લાવશે કે આ તલસતી માતાનું દીલ તેને જોઇ ટાઢું પડે." તે માણસ કાંઇ વધુ સાંભલવા અશકત હતો તે દીલને કાબુમાં રાખી શકયો નહીં, અને ઓચિંતો તેની બેઠકપરથી છલાંગ મારી ઉભો થયો અને તે દયાળુ માતાના પગો નજદીક ગુઠણભંડીએ પડી તેણીનાં હાથો પોતાના હાથમાં લીધા અને મોટે અવાજે પટપટયો.

"ઓ મારી મધુર માતા, તમો મને ઓલખતા નથી કે? હુંજ તમારો દીકરો સલીમ છું." એમ કહી પોતાનું માંથું તેણીના પેટમાં દીધું. આહા! માતા મધુર માતા! તારા અથાગ નિર્મલ પ્રેમની સરખામણી કોણ થી થઇ શકે?

પ્યારા વાંચક, ત્યાં ચુપકીદી થોડો વખત પથરાઇ. જે વખત ત્યાં રાખી મુકેલો ઘડયાલનો ટીકટીક અવાજ ખુલ્લો સંભલાતો હતો, અને તે અવાજ સાથે તેનાં પોતાના ધપકારાનો અવાજ જાણે મલી જઇ સરસાઇ કરતો હોય તેમ સંભળાતું હતું. તેટલા ઓચિંતો તેનાં માથા પર હાથ મુકાતો જણાયો અને તેની માતા બોલી, "મારા દીકરા," તે વખતે તેણીની આંખોમાં ખુશાલીનાં આંસુઓ હતાં, "મેં જાણ્યું, ભલે આવ્યો, મારા દીકરા, ઘેર ભલે આવ્યો."

(સમાપ્ત.)

વનસ્પતિ શાસ્ત્રનું સામાન્ય જ્ઞાન-૭

(સાવણ પાને ૬૫૮થી ચાલુ,)

લખનાર એમ. કે. દેશાઈ B. A.

મેંદીનો સામાન્ય ઉપયોગ-મેંદીના પાંદડાં રંગના કામમાં તેમજ સફેદ વાળને કાળાં કરવામાં અને હાથ પગને લાલ કરવામાં સ્ત્રીઓ તથા છોકરીઓ ઉપયોગમાં લેછે, પણ આ છેલ્લા ઉપયોગથી હાથ પગની તળા ગરમી ઓછી થાય છે.

માથાના દુખાવા પર પાંદડાં વાટીને તેની થેપલી ઘણા લોકો બન્ને લમણે બાંધેછે. કોઇવાર મેંદીના ફુલને પાણીમાં વાટીને તેનો લેપ માથાપર લગાડવામાં આવે છે. મેંદીના ફુલમાંથી નીકળતું અત્તર ગરમ ગણાય છે, તેને હીનાનું અત્તર કહે છે. સ્ત્રીઓ મેંદીના તેલને માથામાં નાંખે છે; તેથી વાળ મજબુત થાય છે. એના પાનનો ઊકાળો દાઝ્યા પર લગાડવામાં આવે છે.

નખ જાડા થતા હોય કે ખરી પડતા હોય તો પાંદડાં વાટીને લગાડવાથી ફાયદો થાય છે. મેંદીનું ખાસ રહેઠાણ નદી નાળાં નજદીક હોય છે. કરાંચીમાં સરકારી બગીચાની વાડમાં અને રતલામમાં શહેરમાં જવાના રસ્તા પર મેંદીની વાડો જણાય છે. આ ઝાડમાં ખુબી એ છે કે તેની ડાળો કાપવાથી તે જલદી મોટા થાય છે. હૈદરાબાદના સરકારી બગીચામાં એની કોમળ શાખાઓ કાપીને ઉપયોગમાં લે છે.

હુાધલોઃ-આ જાતની વનસ્પતિ અમેરિકામાં ઘણી ઉગે છે. પણ હવે આખા હિંદુસ્તાનમાં પોતાની મેળે થાય છે. આમાં કેટલીક જાતનાં ફુલ રાતનીજ વખતે ઉઘડેછે. તે બહુ જોવા લાયક હોયછે, અને એની એક જાતનું નામ "સારિયસ આન્ડિ ફ્લોરસ" છે અને તે ઘણે ઠેકાણે બગીચામાં જોવામાં આવે છે. એનું ફુલ રાતના ઉઘડે છે. તે વિષે એવું કહેવાય છે કે તે ફુલ આખી વનસ્પતિ સૃષ્ટીમાં સુંદરમાં સુંદર વસ્તુ છે. એક અંગ્રેજ વિદ્વાન લખે છે કેઃ—

"Do you wish to see the prettiest thing you ever saw in your lives ? If so, come this moment to my Conservatory. My night blowing cerens has her coming-out party to night."

કદમનું ઝાડ—કૃષ્ણચંદ્ર આનંદ કંદની વ્રજ લીલાનું કદમ વૃક્ષ કોઇ ઠેકાણે ઉગતું જોવામાં નથી પણ એનાં નાનાં ઝાડો ઘણાં છે. એની છાલનો કવાથ પેટના દુઃખાવા ઉપર ને તાવપર અપાય છે. એનાં ફળ ફુલ રંગના કામમાં વપરાય છે. કાંસકા, ખાટલાના પાયા, રમકડાં વગેરે એનાં લાકડામાંથી થાય છે.

મીંઢળ—મીંઢળને સંસ્કૃતમાં મદન કહે છે આનાં ઝાડ લાંબાને લાંબા ૬થી ૧૫ ફીટ ઉંચા થાય છે. ફળ મથાળે દબાતું ને તળીયે સાંકડું થતું હોય છે. અને બહારનો ભાગ કરચલી વાળો ને સહેજ ચળકતો હોય છે. ફળની અંદર બે ખંડ હોય છે, એની અંદર ઘણાં નાનાં બીજ ગળની અંદર મળી ગયા હોય છે. અને તે ફળ જયારે સુકાઇ જાય છે. ત્યારે હલાવતાં ખડખડ વાગે છે.

દવા તરીકે ઉપયોગઃ—પેટની ચુંક મટાડવા માટે મીંઢળનો ગળ ચોખાના ઓસામણમાં વાટીને ડુંટીપર ચોપડવામાં આવે છે. એના બીનો ભુકો ૩થી ૬ વાલ સુધી જુલાબ સારૂ અપાય છે.

ઇતિહાસઃ—મીંઢળને કામધેનુ સ્વરૂપ માને છે અને મરડા સીંગીને રતીનું સ્વરૂપ માને છે, આવી લોકમાન્યતા ઉપરથી વર કન્યાને પરણતી વખતે મીંઢળને મરડા સીંગી હાથે બાંધતા હશે.

કાળીજીરીઃ-એને અંગ્રેજીમાં "વરનોનીયા એનથેલ્મ મીન્ટીકા" કહે છે, એના છોડવા ચોમાસામાં ઉગે છે. એના ફળ કાળા હોય છે.

વૈદીક ઉપયોગઃ—વાળાના સોજાઓ ઉપર આના છોડવાના પાન વાટીને બાંધવાના કામમાં આવે છે. અજીરણ ને પેટના દુઃખાવા ઉપર પણ એનાં બીજ વપરાય છે. ગામડામાં ઘણે ઠેકાણે લોકો કાળીજીરીના બીજ ને મરીની ચા કરી પીયે છે. ખસ, દાદર અને માથાના ખોડા ઉપર એના બીજનો રસ લગાડવામાં આવે છે. તેને મિતી જી દવા સેન્ટોનાઇનની સાથે સરખાવી છે.

ઇતિહાસઃ-એના બીજનો આકાર જીરાને મળતો હોવાથી એને કાળીજીરી કહે છે.

બકુળી-બકુળીના ઝાડ ઘણા લાંબા ને સીધા ઉગે છે. એના ફુલ અત્યંત સુવાસીત હોવાથી તેની માળા અને સ્ત્રીઓને માથે પહેરવાની વેણીઓ ગુંથવામાં આવે છે. એવું કહેવાય છે કે એના કાચાં ફળ ચાવવાથી હાલતા દાંત મટી જાય છે. ચંદનના જેવી વાસ એના મુળમાંથી આવે છે. એના ફળનો મુરબ્બો પણ થાય છે. વૈદ રઘનાથજી કહે છે કે "જ્યારે દાંત ઢીલા પડી ગયા હોય અથવા તદન હાલતા હોય ત્યારે તેના ફળ ખવાય છે. તેમજ તેની છાલના કોગળા કરવામાં આવે છે. તેથી અવાળું અને દાંતની પીડાપરનો સોજો હલકો પડે છે. તેના ફુલ વાટીને સુંઘે તો માથું દુઃખતું નરમ પડે છે.

પુસ્તક પરિક્ષા.

By:—J. N. P.

દુઃખીને દિલાસો. ભાગ ૧-૮.

(લખનાર મી. સો, મં. દેસાઈ.)

સુખિયા ઢુંઢત મેં ફિરૂં, સુખિયા મિલે ન કોય,
જાકે આગે દુઃખ કહું, સો પહેલા ઉઠે રોય.

દુનિયામાં ખરો સુખીઓ કોણ? ઘણાં વર્ષો અગાઉ એક ચોપડી વાંચેલી અમને યાદ છે, જેમાં સુખની શોધમાં નિકળેલા દુઃખી મુસાફરોનું બ્યાન હતું. ગામે ગામ અને શહેરે શહેર ફરતાં બહારથી સુખી દેખાતાં દરેક આદમીને પુછતાં કે ઇનામાં પણ સંપૂર્ણ સુખ જેવું કશું જોવામાં આવ્યું નહિ એવો તેમાં ચિતાર હતો. ખરો સુખી દુનિયામાં ત્યારે કોઇજ નથી એવો અનુભવ એ મુસાફરોને થયો હતો સુખ કે દુઃખ એ માણસની મનનીજ કૃતિ છે. જેઓ પોતાની હાલતમાં સંતોષ માનતા નથી તેમને દુઃખનોજ વિચાર આવે છે. વળી ઘણી સંપતી છતાં મનને તુરંગી સુખોના ખ્યાલમાં જેઓ રખડાવે છે તેઓ મોંહમાગ્યું દુઃખ પોતાનાપર વહોરી લે છે. સુખ અને દુઃખ એ એક જુદું ન થઇ શકે એવું યુગ્લ છે. રાત્રી અને દિવસ, નર અને નારી, બે પગનું જોડું, બે આંખનું જોડું, (પક્ષીમાં) બે પાંખનું જોડું એમ સૃષ્ટિમાં દુઃખ અને સુખ એ જોડાયલાંજ રહે છે, એ જોડકામાંનું એક દૂર થાય તો બીજાની મજાહ ઓછી થાય છે, જેઓ દુઃખના તડકામાં રહીને સુખના છાંયડામાં આવે, તેમને તે છાંયડો બમણો ફાયદાકારક લાગે છે. Carlyle કહે છે કે "In all we are to become perfect through sufferings." સંસ્કૃત કવિ કાલિદાસ વદે છે કે:...

યદેવો પનતં દુઃખાત્સુખં તદ્રસવત્તરમ. અર્થ—"(વેઠયા પછી) આવેલું જે સુખ (તેજ સુખ) વધુ રસવાળું છે." આ રીતે દુન્યિાનો સઘળો વહેવાર ગાડીના બે પૈડાની માફક ને રેંટની ઘટમાળની માફક નિરંતર ફરતોજ રહે છે. માણસ જો આ "સે પંજ રોજ"ની દુનિયાની નાશવંત હાલતનો ખ્યાલ કરે, પોતાની આસપાસ તદન કંગાળિયતમાં રીબતા કમનશીબ માણસોનો વિચાર કરે, તો પછી જરા જરામાં દુઃખનો બળાપો કરવાનું તે ભુલી જાય. આ સઘળું સમજાવવા માટે પારસી લેખકોમાં સૌથી આગેવાન અને જ્ઞાની લેખક મી. શો. મં. દેશાઇએ દુઃખી માણસોના મન સુખી કરવા ઉપલા નામના ચોપાન્યા કાઢવા માંડયા છે, જેના આઠ ભાગોની પહોંચ અમો ઉપકાર સહીત સ્વિકાર્યે છીએ. આ દરેક ભાગ આ અનુભવી લેખકના બહોળો વાચનનો અને સેંકડો ચોપડીઓ ચોપાન્યાઓ, રેસાલાઓ કાવ્યો, નાટકોનો એક અમૃત અર્ક રજુ કરે છે, જે દરેકની કીંમત ચાર આના રાખવામાં આવી છે. દરેક ભાગમાં એકાદ વ્યક્તિને ઉદ્દેશીને તેના માની લીધેલા દુઃખ માટે દિલાસાપત્ર લખ્યો છે. આવા ૮૯ દિલાસા પત્રો ઉપલા આઠ ભાગમાં સમાવવામાં આવ્યા છે. કોઇને મોહતના ગમ માટે, કોઇને ભાઇની જુદાઇ, માટે કોઇને પિતાના ખોટા મત માટે, કોઇને નણંદ જેઠાણીના દુઃખ માટે, કોઇને બાયડી કે વર કે કોઇ સગાંની જુદાઇ માટે, એમ તરેહવાર બાહાના હેઠળ દિલાસાના શબ્દો કહેવામાં આવ્યો છે. દુઃખ કે સુખ ભોગવવાના કારણનો મુખ્ય મુદ્દો લેખકે "કરણીના કાયદા" પરથી લીધોછે, અને દુઃખકે સુખ માની લેવા માટે માણસનું મન અને અંતઃકરણ ઘણું કરી શકે છે, ઘણું ભુલી જઇ શકે છે, ઘણું સહન કરી શકે છે, અને દુઃખ હોવાં છતાં તેને સુખ માની શકે છે, તે સિદ્ધાંત વાંચકનાં મન પર સચોટ ઠસાવવા લેખકે પાને પાને, કહો કે લીટીએ લીટીએ, કહેવતો, નસિહતો, કથનો, ચાબકાઓ, દૃષ્ટાંતો, શ્લોકો, કવિતા, વગેરેનો એક ભંડાર લાગુ પડતો આપ્યો છે આ સઘળું એક ભાષા, કે એક દેશ, કે અમૂક જાતને લગતું નથી; પણ તે સઘળી રીતે સાર્વજનિક છે. લખાનકીર્શીની "પંચરંગીકા અલંકારમાં કાવ્યરૂપિ istrમાં ગોઠવી છે, જેમાં ગુજરાતી ઉપરાં the put ંસ્કૃત, ખોજ, હીંદી, મરાઠી, અરબ્ance.ી, લેટીન વગેરે ભાષાઓના ગોહરો સર, forાં આવ્યા છે. દિલાસા પત્રોમાં ઉદ્દેશેલી વ્યક્તિ પારસીઓ ઉપરાંત હિંદુ મુસલમીન વગેરે અન્ય કોમની છે. અહીં વાચક હિંદુ, મુસલમાન, ઇંગ્રેજ, રજપુત, ફ્રેન્ચ વગેરે દરેક પ્રજાની તવારીખના સફાઓના રંગ જોશે. અહીં તેમને મરદગીનું બળ, ભક્તિભાવના નિતિના નાટક, અને સદાચરણનો સંગ્રહ અનૂપ દીસે છે. વાચનની મોટી અસર તો વાંચકના મનપર થતી નૈતિક અને ધર્મિક વૃતિની મજબુતાઇપર રહી છે. પારસી કોમમાં ખાસ કરી આપઘાતના દોજખી બનાવો બને છે. પારસી જુવાન અબળાઓ, નહીં જેવા તુરંગી દુઃખના ખ્યાલમાં, ઉછરતી બગીમરી હિચકારાપણાનો કલંક દેખાડતી રહી છે. તેમના મન હાય દૃઢ કરવા, તેમને રીઝવવા અને બોધ દેવા રૂષિઓ, ફરેસ્તાઓ, પીર પેગંમ્બરો, મુરીદો, સાધુઓ, સંતો, મહાત્માઓ, સાલેકો, સહાદતો, પંડિતો, ગુરુઓ, અને સુફિઓની જ્ઞાન રૂપી પ્રસાદી

તૈયાર એકઠી મળી છે. લેખકે ગોયા વાચકોને આ લેખોમાં અવસ્તા, બૈબલ, કુરાનો, વેદો અને પુરાણોમાં ડુબકી મરાવી છે. અમારી ધારતી એજ છે કે આવા ઉપયોગી લખાણોના ૩૫ ભાગ કાઢવાના છે તે કયારે પૂરા થશે? માણુસની જીંદગી ટુંકી છે, જેમાં તેને ઘણું કરવાનું રહે છે. એ માટે કર્તાએ આ દરેક ભાગ કોઇ વહાલા ખેશીની ગંભિર યાદમાં અર્પણ કરવાની જે ગોઠવણ કીધી છે તેને શ્રીમંતો તરફથી જરૂરજ ટેકો મળવો જોઇએ. અમો સુચના કરીશું કે દરેક કવિત અને શ્લોક નીચે જ્યાં બને ત્યાં તેના અસલી લેખકનું નામ જણાવવું, ત્રણે બધા ત્રણ ત્રણ ભાગ સામટા બહાર પાડી ગમ ભુલાવનારો હદિયો વાંચક વૃંદ આ ... જલદી રજુ કરવાને માટે જાહેર ...મતી ...ખચિતજ જરૂર છે. આ માળાનો પહેલે ... તો અત્યારથીજ ખપી જઇ મળી શકતો નથી, જે મેળવવા અમો પણ એ નશીબ રહ્યા છે!

પહોંચ—નવરંગ—આ એક નવું માસિકછે, તે પારસી નવા વર્ષને દિવસથી શરૂ થયું છે, જેના માસ સપટેંબર અને અકટોબરના બંને અંકો મળ્યા છે. આ માસિકના અધિપતિ અમારા વાચકોને જાણીતાછે. જેઓ પહેલ વહેલા આ માસિકમાં "શોખીન" ના તખલ્લુસ હેઠલ લખાણો કરતા હતા. અને વાંચકોને વિધવિધ ખોરાક પૂરા પાડતા હતા. હાલના હરિફાઇના અને લડાઇના બારીક સમયે આ સહાસ મી. અરદેશર ખરશેદજી દેસાઇએ ઉઠાવ્યો છે જે પાકટ ગણત્રી કરીનેજ બહાર પાડ્યો હશે. એમ અમો ધારીએ છીએ. વિષયોની ચૂંટણી આ બંને અંકોમાં ઠીક થએલી દીસે છે લેખકોમાં ઘણાક જૂના માનવંત નામો દીસે છે. અમો આ નવા આઇબંધની યશસ્વી કારકીર્દી ઇચ્છીશું.

ફરવરદેગાનના પવિત્ર દિવસો—મી. જા. જ. વિમાદમાલે મુક્તાદના પવિત્ર દીગામ પર મુંબાઇની જરથોસ્તી જશન કમીટી તરફથી આપેલું ફરોહરને લગતું પ્રસંગોપાત ભાષણ એટલું તો વિદ્વતા ભરેલું અને ધાર્મિક વિચારોથી ભરપુર છે, કે તેની છુટી નકલ છપાવી જરથોસ્તીઓમાં ખરેખર મફત વહેંચવાની ગોઠવણ ઘણીજ કીમતી તેમજ કોમને ફાયદો કરનારી થવીજ જોઇએ. ફરોહરનો વિચાર આપણા ધર્મમાં કેટલો જૂનો, પવિત્ર, અને ખુલ્લી સમજણ આપનારોછે, કે તેની ફિલસુફી કોઇબી આગળ વધેલા વિચારવાળો જરથોસ્તી પણ કબુલ કર્યા વગર રહેશે નહીં આવા ભાષણો ધર્મના બુલંદી વધારવા અને ધર્મના એદીનને મુસ્તકીમ કરવા ઘણા સાધનભૂત થઇ પડે છે. જશન કમિટીનું આ પગલું ઘણું સ્તુત્ય ગણાવું જોઇએ.

"વાણીજય ડીરેકટરીની યોજના" Directory of Merchants & Manufacturers in India. આ ડીરેકટરીની બીજી આવૃતિ આવતા વર્ષમાં પ્રગટ થનાર છે જે માટેનો વિનંતિ પત્ર તેના પ્રવર્ત્તાવનાર મેસર્સ લક્ષ્મીચંદ ડોસાભાઇ એન્ડ બ્રધર્સ, રાજકોટ તરફથી મળ્યોછે. આ ડીરેકટરી હીંદના ઉદ્યોગને સજીવન કરવાનું, દેશની વેપારી, આર્થીક, અને ઔદ્યોગીક સ્થિતિનું આંકડા સહિત વર્ણન કરવાનું, અને દેશી માલને ઉત્તેજન આપવાનું એક મુખ્ય સાધન થઇ પડવું જોઇએ. બીજી આવૃત્તિ માટે દરેક દેશ હિતચિંતકો તરફથી પોતાના પ્રાંતની સ્થાનિક પેદાયશો, હુનરો, વેપાર વગેરેની હકિકત માંગવામાં આવી છે. અમો આ નવા સહાસને ફત્તેહ ઇચ્છીશું.

" MASIKMITRA "

VOL. 5 FEBRUARY 1916 NO. 56

EDITORIAL COLUMNS

The Life-work of J. N. Tata.

Messrs Ganesh & co. the well-known publishers of Madras have lately issued a handy volume on the Life-Work of Mr. Jamshedji Tata written by the veteran Mr. D. E Vacha. At this stage of the various phases in the development of British Young India, it is but fit that true records of the life-work of great Indians should be published and largely distributed among the rising youths of the country. This volume of the life of one of India's greatest sons should be welcomed and put in the hands of every student for information and guidance. Mr. Tata's name is a household word in all parts of india, for he was one who reaping the fruits of liberal education rose like a star on the Indian horizon to guide his motherland towards that path of progress both industrial and social as he was born in the Parsee town of Navsari at a time when orthodoxy was at its higtest pitch there it leaves the student in admiration how he should so rise and raise others along with him. Sir Phirozeshah Mehta, once in 1912 while Mr. Tata's statue was unveiled gave an eloquent and wise tribute to the great man " To appraise at its true and full value the life work of the man, we must look to the equipment with which he started in public life and which moulded his character throughout- The foundation of his huge moral purpose and his philanthropic public spirit were laid deep in the literary or as you prefer to call it-liberal education—*that English education which had commenced to be given in* the later forties of the last century and which was one of the most precious gift bestowed by British rule in this country."

Mr Tata's life is one long story of strenuous work, industry, honesty, forethought and above all that magitude of liberal views which enabled him to travel and study in various parts of the world and then establish in his own country large industrial centres, chief of which are the Nagpur and Kurla *Swadeshi* Mills. It was he who saw in a vision the benefits of Swadeshism, long before it was boomed in Bengal. Not only cotton industry but also irrigation, agriculture land revenue

currency and, also matters political received his attention. With his vast imaginative gifts he has left for all India great world-astonishing schemes, of which the chief are the Tata Iron and steel works Calcutta, the Banglore Research Institute and the Tata Hydro-Electric Power supply Co. Lonawla. The last one promises to be a splendid success and a great boon to industrial Bombay; but we have not much heard about the utitity of his Research Institute. No. less than 30 lacs are said to be in the deep pond from which when and where the current flows none can or is in a position to say at present.

As Parsees our only regret is that Mr. Tata *did not*, with his usual forethought and generosity, spare even a few lacs to be used excusively for the uplift of his own race and religion, which just to-day are in a critical condition; nor could he establish a useful Educational Institute for the rising youths of his community, who are yearning to reap the fruits of *liberal Education* which alone made him so great.

Tobacco:

The series of articles in our columns on the abuse of Tobacco by people in general and by Parsees in particular, is now concluded by our learned writer Dr. N. B. Bharucha. We are sure our readers have read and digested his arguments with unbiassed mind and are ready to put a stop to the new evil which is thus slowly admitted into our limited community. The numerous quotations from well-known persons and also his powerful reasons for not touching tobacco are enough at present. Our people hove so long abstrained from this practice simply on account of their reverence for their divine faith and holy fire. That Fire is a purifire itself and does not get defiled when attached to the *bidi* or cigar and smoking has nothing to do with Parsee religion, are silly agreement which were lately put in public by a Parsee daily a short time ago. It is a matter of great regret that severe steps are not taken by our dormant Priesthood and at the same time our own Parsee press has not only been trying to connive at this ruinous practice among our youngsters and Sethias, but also to cover them in one way or other. We trust this matter will soon be taken up by the Athornan Mandal and such other societies and companies which are growing in number in Bombay. It seems they have up to now wasted their time over unnecessary and elaborate sermons which do not appeal to the now anglicised Parsee mind. What we urgently need is the application of our old holy tenets and nothing else.

Inspiring Thoughts

By A "Parsee" Lady.

The waves:

The billows of the ocean are often in their wildest variations tossing one other with a hammered force, and showering passionate and foamy kisses upon the face of the prosaic rocks, which pitilessly repulse them every instant. Yet the waters heed not their rude resistance, and instead of bridling up their amorous action, the mirthful spray seems to take each and every repulsion, as though it were an inspiration enhancing their holy joy, and augmenting their undying energy—and thus the waters in their speechless career teach us a lesson:—" Be thou not depressed, or weary, in doing good, despite the repulsion, sufferance, and sorrow, thou mayst endure, in such noble achievements; but continue for ever, and thou shalt be the victor."

A deplorable Mistake:

One, who is so dazed with the grandeur of this earth only, and so completely blinded and amazed at it, as not to dream or even believe in the exquisite Loveliness, the magnificient Glory, and the ineffable sweetness that exist above, is like a little child that is kcht in a place which is totally encompassed with darkness, but is given the liberty, to gaze upon the tiniest star or the faintest light of Creation. Yet still it is charmed, and enraptured by its dim shado-wlike beauty so much, that it doubts in anything still more beautiful. Hence it leads you well to believe and reverence the promptings of a Divine Suggestion that sweetly whispers " Tis like a man, loving a shadow, and doubting the substance which clearly unveils from view the most cruel and the most deceitful fallacy into which a mortal is hurled."

Gratitude:

Behold! when rain falls sweetly upon the earth, to revive her parched bosom, how singularly soft and balmy is the odour she brings forth, as if, in token of love and gratitude to the Great Sender.

The tree elucidates the sameness by an emotion still more deep—the tender drops of, the rain, rest lingeringly on the petals and leaves, which when they fall down tacitly seem to indicate the delicious tears of the plants that have wept through a fit of sudden joy—while the innocent flowers declare their true happiness by spreading their fragrance in a

still more exuberant sweetness, which is diviner, sincerer, and more deeply eloquent, than all language.

The birds fly from bough to bough chirping in a mirthful and concordant chorus some of their indigenous melodies, that be speak an enthusiastic praise to their Lord and Creator Pity! if man with a nobler judgment and greater aspirations for higher and purer things. should alone prove himself ungrateful for all the Love and Merciys vouchsafed to him.

The sacred Sea:

Oh! what charms I see. Is it something substantial or visionary? Ah! methinks 'tis the former. Yes it is a sea. No, I doubt. For it is too dazzling to be the like. It seems more like the Halo of Saints concentrated together to exhibit a lovely and glorious vision. Yet how strange is the sea, the sacred sea! Behold how it glitters and moves, now gently, now rudely; now roaring, as if angry with some earthly throes; now humming softly like a frightened bird; now sighing lamentably like a hapless widow; at one time leaping fantastically like an innocent child; at another endeavouring to send forth a musical sound like a Heavenly Voice saying:—

"If sorry thou be,
Do come to me.
For haply I'll fill
Thy soul with glee.

And as I approached a bit, too close to it. It touched me so mirthfully, that I felt refreshed and happy beneath its sprinkling touch But still it sweetly flowed on, innocently unconcious of the admiration which its movements inspired within my bosom. While the Majestic Orb from Heaven Above, condescendingly showered, His bright and declining Beams; as if, to enhance the beauty and grandeur of the Sea, by bedecking its immeasurable bosom with holy gems of varying shades and heavenly lustre. While many an eagle alighted on its surface, as if the sea were its resting place, and many flew off again, fighting bravely and indefatiguably with the opposing air, that seemed rudely bent on oppressing every moment, the movements of its harmless flight, by encumbering its fight wings, with its tyrannical breath, as if, to check its flight upwards. Until the bird victoriously conquers, itt malicious enemy, like a man infaiibly pursuing 'The path of Virtue,' whereon he encounters many a difficulty which in the end serve but to strenuously, strengthen his Heavenly Course.

Students' Columns.

Medical Inspection of School Children.

The modern methods of educating School children requires that there should be periodical Inspections of school children by medical men. The teachers, in whose charge the scholars are put isin duty bound to take care of their health and they must see that disueases are nipped in the btd. If often happens that a boy or a girl has no occasion to go to the doctor for over a year. Meanwhile if any ailment is imperceptebly growing, it does do a great harm to the sufferer later on. It is there fore a healthy sign that Children are now examined by doctors in some schools in Bombay and Poona. This indeed must prove a great blessing to our poor as well as middle class people.

NATURE AND EDUCATION

a Fable.

Nature and Education were one day walking together through a nursery of trees.—"See," Says Nature, how straight and fine those firs grow—that is my, doing? But as to these oaks, they are all crooked and stunted; that, my good sister, is your fault you have planted them too close, and not pruned them properly.' 'Nay, sister,' said Education, 'I am sure I have taken all possible pains oner them; but you gave me bad acorns, so how coould they make *fine trees!*'

The dispute grew warm; and at length, instead of blaming one another for negligence, they bogan to beast of their own powers, and to challenge each other to a contest for superiority. It was agreed that each should adopt a favorite, and rear it up in spite of the ill offices of her opponent. Nature fixed upon a vigorous young Weymouth pine, the parent of which had grown to be the mainmast of a man-of-war. 'Do what you will to this plant,' said she to her sister, 'I am resolved to push it up as straight as an arrow.' Education took under her care a crab tree 'This,' said she, 'I will rear to be at least as valuable as your pine.

Both went to work. While Nature was feeding her pine with plenty of wholesome juices; Education passed a strong rope round its top, and pulling it downwards with all her force fastened it to the trunk of a neighbouring oak. The pine labored to ascend, but not being able to surmount the obstacle, it pushed out to one side and presently became bent like a bow

Still, such was its vigour that its top, after descending as low as its branches, made a new shoot upwards; but its beauty and usefulness were quite destroyed.

The crab-tree cost Education a world of pains. She pruned and pruned, and endeavoured to bring it into shape; but in vain. Naure thrust out a bow this way, and a knot that way, and would not push a single leading shoot upwards. The trunk was, indeed kept tolerably straight by constant efforts; but the head grew awry, and ill-fashioned, and made a scrubby figure. At length Education, despairing of making a sightly plant of it, ingrafted the stock with an apple, and brought it to bear tolerable fruit.

At the end of the experiment, the sisters met to compare their respective success. 'Ah, sister' said Nature I see it is in your power to spoil the best of my works.' 'Ah, sister' said Education 'it is a hard matter to contend against you However, something may be done by taking pains enough.'

HOMI DOCTOR.

Tobacco-A Pestilential & Ruinous Habit.

Its use a disgrace and its display a deliberate insult.

[*Concluded from our last Number.*]

By Dr. N. B Bharucha. (Naturopathist, Bombay).

I leave it to others to discuss the moral side of cigarette smoking. I denounce it simply because of its blighting, blasting effect upon one's success in life; because it draws off the energy, and saps the vitality and force which ought to be made to tell in one's career; because it blunts the sensibilities and deadens the thinking faculties; because it kills the ambition and the finer instints and the more delicate aspirations and perceptions; because it destroys the ability to concentrate the mind, which is the secret of all achievement, the whole tendency of the cigarette nicotine poison in the youth is to arrest development. It is fatal to all normal functions. It not only ruins the faculties, but it unbalancesthe mind as well. Many of the most pitiable cases of insanity in our asylums are cigarette fiends. It creates abnormal appetites, strange, undefined longings, discontent, uneasiness, nervousness, irritability, and, in many, an almost irresistible inclination to crime. In fact, the moral depravity which follows the cigarette habit is something frightful. Lying, cheating, impurity, loss of moral courage and manhood, a complete dropping of life's standards all along the line are its general results. Magis-

trate Crane, of New York City, says: "Ninety nine out of a hundred boys between the ages of ten and seventeen years who come before me charged with crime have their fingures disfigured by yellow cigarrete stains." He gives the following probable course of a boy who begins to smoke cigarettes: "First, cigarettes. Second, beer and liquors. Third, craps—petty gambling. Fourth, horse racing—gambling on a bigger scale. Fifth, larceny. Sixth state prison."

Herein lies one of the greatest dangers of the cigarette. It creates a longing which it cannot satisfy. Victims who have smoked, from one hundred to one hundred and fifty cigarettes a day, say that, while smoking gives some temporary satisfaction, it creates a perpetual dissatisfaction, in that it never appeases the additional hunger it creates; hence the longing for other stimulants that will do what the cigarette promised but cannot fulfil. Excessive cigarette smoking increases the heart's action very materially, in some instances, twenty-five or thirty beats a minute Think of the enormous amount of extra work forced upon this delicate organ every twenty-four hours. Before closing this paper I desire to address a few words to tobacco-smoking fathers. In view of this great physical and moral evil, so extensive and all-pervading, what is the plain duty of men as parents, as teachers, as citizens, as patriots? Abstinance, of course, to to avoid this evil practice themselves, and to avoid leading others astray by their example. Great is the responsibility of every father in regard to his young sons. Through the faculty of imitation which is implanted in human nature, children are drawn by invisible chords towards their parents. What children see their parents do, they are instinctively inclined to do, and parents are under the most solemn obligations, as guardians, teachers and moralists, to set before their children an example which they can follow with safety. Looking at the matter from this view point, what shall be said of a tobacco-using father who, by his vicious example, lures his innocent offspring into the snare of an evil habit!

Alexandria by night

Alas! how lone the city sits, so thronged of yore!
How widowed now is she, that was so great before!
How Queen of Nations once,
How stands she dumb and dunce!

It was a glorious September night. The starry vault of the clear blue sky was lit up by the silvery beams of the

harvest moon; and the sea was so placidly calm, that hardly a ripple on its bosom was visible in that glorious moonlight. A big English liner was slowly cutting through the shining mirror of the sea, after a long but not tedions voyage of not more than ten days. It stopped all of a sudden, and the anchor was rattled down half way. The boat now waited patiently for the pilot to come up and to take it to its place of rest. By this time the passengers had all collected on the decks and were gazing rapturously at the long line of glimmering lights that nearly now dotted half the horizon.

Alexandria (Sikundarya) was in sight. That great city of Alexander of Macedon still retains charms and attractions enough to fill the wondering crowd of people from the West with awe and admiration. Many and many a weary ship loaded with a precious cargo had halteh to see this soul-filling sight of glimmering lights since the time of the world's conqueror. Pompey, when he fled from his merciless foes after the decisive battle of Pharsalia, saw with evident relief the lights of his place of asylum. Cleopotra, that fair but treacherous Queen of Egypt, rowed here about in her elegant barge, its silver oars striking the shimmering blue waves at the tune of music. Again it was here that the fleet of the Roman Augustus waited before the battle of Antium, they decided the fate of Egypt in his favour. Many and many an Arab trader waited here for its turn to disembark its cargo from the Levantine ports the valuable goods of European manufacture that went to Persia, India and even as far as China.

Merchantmen from Genoa, Venice, Constantinople, Lisbon and Barcelona had in their time lingered in this place facing the famous Pharos light-house that still stands erect to tell its tale of his toric ages of the past. But Hark ! There is the sound of oars beating on the water. It is the pilot-boat, and is now alongside the steamer The pilot himself appears to be an Egyptian of Syrian extraction and knows French Italian and a stammering of English; besides his own Arabic With many a gesture he shakes hands with our stern looking bluff bull-dog of the English Captain who now resigns the helm to the pilot's charge. The ancher is weighed, and the mighty boat shakes in every joint with the thumping reverberation of the engines It then slowly winds round the Pharos and gliding through the mazes of countless steamers and sailing ships enters its harbour in the Basin du Charbous.

Alexandria }
2nd October; 15. } NARIMAN LAKDAWALA

(પારસી સંસારી) (ચાલુ વાર્તા)

શેહેરાં નહિ મેહેરાં

એક તવંગર — બીજી ગરીબ

ખાસ લખનાર રૂસ્તમજી હો. મીસ્ત્રી.

"અરે ! મેહેરાં ! એતો બંધ છે ! અરેરે કોઇ મને જોશે તો મુવો છુટયો ! " સોહબ મેહેરાંના કાનમાં આસ્તેથી બોલ્યો.

વાત ખરી હતી. આ બંગલી અંદરથી બંધ હતી, અને તેને સમરાવીને પાછી વપરાસમાં લીધી હોય એમ લાગતું હતું. એક ઉડતો વિચાર મેહેરાંના મનમાથી પસાર થઇ ગયો કે દોરાબજી હવાલદારે જાણી જોઇને ફસાવવાનું છટકું માંડયું હશે, પણ એ વિચાર તદ્દન ખોટો હતો, અને હવલદારને હલકું લગાડનારો હતો.

મેહેરાંએ સોહબને સંતાઇ જવા કહ્યું અને બંગલીનું બારણું ઉઘાડવાની કોશેશ કરી. વખતે ઘણા દહાડાનું બંધ હોય તો ચીટકી બેઠું હોય, પણ એમ કોશેશ કરે છે, તેટલા અંદર કોઇના પગલા સંભળાયા, અને એક મિનિટમાં કોઇએ બારણું ઉઘાડયું, ને શેહેરાં હાથમાં દીવો લઇને મેહેરાંની સામે આવી ઉભી, ને બોલી, "મેહેરાં, મેહેરાં તું છે ! કેમ અહીં કેમ ? "

તેઓ એક બીજાને ઘણાં દિવસ પછી મળ્યાં હતાં. હાલ મેહેરાંના દેખાવમાં ઘણો ફરક પડેલો જોઇને શેહેરાંને મેહેરાં ઉપર દયા ઉપજવા લાગી, અને તેથી તેણી પૂછવા લાગી," "મેહેરાં, કેમ તુ મળતી નથી ? કેટલોક વખત થયો તુ બિલકુલ દેખાતીજ નથી ! તને વળી બળાપો ઘણો લાગે છે ! "

મેહેરાંએ કાંઇ જવાબ દીધો નહી. જવાબ શો આપે ? તેણીએ ફક્ત માથું ધુણાવીને મુંગે મોઢે પોતાની હાલતથી ચતુર શેહેરાંને વાકેફ કીધી, અને પછી રડી પડીને બોલી, "ઓહ ! શેહેરાં ! અમને મદદ કર ! ખુદાને ખાતર અમને બચાવ ! " એમ કહીને તેણી રડવા લાગી. શેહેરાંની કાળજી ભરેલી વર્તણુકથી મેહેરાંને હિમ્મત આવી, અને ત્યારે તેણીએ તેણીને ખરી હકીકતથી વાકેફ કરી.

"સોહબ કયાં છે ? બોલાવ, હું દિલોજાનીથી એને અહીં સંતાડીશ પેહેલા આ બંગલી પડત પડેલી હતી, પણ આજ દિવસ થયા મેં એને રિપેર કરાવીને થોડો સામાન અંદર ગોઠવ્યો છે. બોલાવ, એ કયાં છે ? સોહબ સોહબ, અહીં આવ, ફિકર ના."

"પણ મેહેરાં, તેં બધી વાત શેહેરાંને કહી કે ? બધી વાત કહે ને પછી જો કે એ મને મદદ કરે છે કે નહીં ? નહીં તો પાછળથી એને ફરિયાદ કરવાનું કારણ મળશે કે બા, હું તો કાંઇ જાણુની હની નહીં."

"મને કાંઇ જાણવું નથી, ને મને કોઇની ફિકર નથી. આજની રાત તું અહીં બંગલીમાં ખુશાલ રહી શકશે. તું અહીં છે એમ કોઇને શક વનીક આવશેજ નહી," શેહેરાંએ સધ્યારો આપીને કહ્યું.

(પ્રકરણ ૪ થું.)

વિચારવંત પગલું.

ગુનાહ કરયો મેં-ભલે થાય મારા બુરા હાલ,
કાંય સહે તેની મારી બાઈ બેનો જંજાળ ?

"આવો સોહલ બેસો. મેહેરાં, જ્યાં સુધી અહીં ગડબડ કરયે નહીં, ત્યાં સુધી અહીં કોઇનું ધ્યાન ખેંચાશે નહીં. અને હું ખાતરીથી માનું છું કે આ તારો ભાઇ અહીં સહીસલામત છે. વળી આ બંગલીને થોડા દહાડા થયા રંગ ચુનો લગાડયો છે. મારૂં મન થયું કે એ પડત બંગલીને મારો અભ્યાસનો ઓરડો બનાવું. કેમ, હવે બધું કેવું લાગેછ ! " શેહેરાંએ પૂછયું.

" હા, તદન ફેરફાર લાગે છે ! " એમ બોલીને મેહેરાં એક ઇજીચેર ઉપર થાકેલી પડી. બીજી બાજુ ઉપર સોહલ પણ બે હાથે માથું દાબતો બેઠા હતો. ચતુર શેહેરાંએ તુરતજ જોઇ લીધું હતું કે આ બન્ને ભાઇ બેન ગભરાયલાં તેમજ થાકેલાં છે. મુંગે મોઢે તેણીએ સોહલ આગલ શેરીવાઇનની બાટલી મુકી, અને મેહેરાં આગલ લેમોનેડનું ગ્લાસ મુકયું. વળી કબાટમાંથી થોડી બીસકીટ, જામ જેલી, માખણ કાહાડીને મુકયું, અને સોહલને ખાવાની ઘણી બોહોસ કીધી. તુરત પોતાના નાનાચુલા ઉપર કૉફી બનાવી અને સોહલને આપી, અને બોલી, "સોહલ હું કાંઇ તને અંજાણી નથી. તું અહીં બિલકુલ ગભરાઇશ નહીં. પેટ ભરીને ખા અને પી, અને પછી ઉંઘી જા. અહીં કોઇ તને છેડશે નહી, તેમજ અહીં કોઇને તારા માટે કશો શક પણ પડશે નહી "

" હા, સોહલ, તું અહીં થોડા દિવસ ભરાઇને આરામમાં રહે, પછી તારાથી જવાય ત્યાં તું નાહાસી શકશે. "

" ઠીક છે !" સોહલે જવાબ દીધો. શેહેરાંની હાજરીમાં તેને બહુ ખરાબ લાગતું હતું, અને તેથી તેણીને પોતાનું મોં પણ બરાબર દેખાડવાની હિમ્મત કરતો હતો નહી, પણ પછી મેહેરાંની તરફ જોઇને બોલ્યો, "મેહેરાં, તને અને આ બાઇને મારે લીધે બહુ તકલીફ અને અગવડ પડી છે. હું મુંબાઇથી અહીં સુધી આવત નહી, હું માયનું મોંહુ જોવા આવ્યો; પણ મને માયજીની બહુ દયા લાગે છે. રૂપીઆ ખર્ચી ખાધા એ કામ મારાથી ઘણું ખોટું થયું એમાં તો કશો શક નથી."

" હા. એ કામ ઘણું ખરાબ તો ખરૂં કાયદા વિરૂદ્ધ તો ખરૂં !" શેહેરાં દિલસોજી સાથે બોલી.

આ સાંભળીને સોહલ બોલ્યો, " શેહેરાં, જો તું એમ ધારતી હોય કે મને અહીં છુપાવાથી તમો લોકને કોઇ પણ જાતની આપદા કે પીડા ભોગવવી પડશે, તો હું અહીંથી હમણા આ ઘડી ચાલી જાઉં. મારે લીધે કોઇને પણ પીડામાં લાવી મેલવા હું તદન નાખુશ છું."

" નહી, નહી ! સોહલ, જો મને કાંઇ પણ અડચણ હોત, તો હું તને પેહેલેથીજ કહી દેત. તેં ખરાબ કામ કીધું, એમ હું બોલી તેનો અર્થ એમ નથી થતો કે હું તને મદદ કરવા નારાજ છું. હજી સુધી મારી જીંદગીમાં મેં કોઇને પણ મદદ આપવા ના પાડી નથી."

" ત્યારે તારી મોટી મહેરબાની ! મારા માયજી આ વાતથી કેવાં દુઃખી થશે ! કેદમાં જવાનો પણ મને ગમ નથી, પણ હું કેદમાં જાઉં તો મારી બાયડીનું શું થાય તેના વિચારથી હું નાહાસભાગમાં પડયો છું ! "

"ત્યારે તું પરણી ચુકયો છે !" શેહેરાંએ પૂછયું.

" હા, મારી બાયડી મુંબાઇમાં છે. હું સુરત આવ્યો, તેની વળી બીજી મતલબ એ

કે મેહેરાંને સમજાવીને મુંબાઇ મોકલું, કે જઇને મારી બાયડીની સાથે રહે, ને તેણીને મદદ કરે."

"હું મારા ભાઇને મદદ કરવા કદી ના પાડી શકું નહી! પણ તારી બાયડી કયી? પેલી નાજાં કે?"

"નાજાં! કયી નાજાં?" શેહેરાં પૂછવા લાગી.

"હા, નાજાં, પણ હું કાંઇ તેણીને બરાબર ઓળખતી નથી. એ છોકરી——હું કાંઇ તેણીને વિષે ઝાઝું જાણતી પણ નથી." મેહેરાંને ગુંચવાડો થયો, તે છતાં હુસ્યારીથી વાત ઉડાવી નાખીને જવાબ દીધો, પણ તેણીનો ગુંચવાડો સોહલ કાંઇક સમજ્યો, અને તેથી તે બોલ્યોઃ—

"હા, મેહેરાં, તું મારી બાયડી વાસ્તે ગમે તે ધાર. હા, તેણી ભિખારી દોઢીઆંવાળી તો નથીજ! ભિખારી બાવરચીની છોકરી થઇ તેમાં તેણીએ શો ગુનાહ કર્યો? વળી ઘેરેઘેર કામ કરતી હતી, તેથી શું થઇ ગયું? જરા ઈજરડી પીજરડી ને ફુવડ જેવી લાગેછ, પણ તેમાં કાંઇ પાપ જેવું તો નથીજ! અફસોસ! હું તેણીને કાંઇપણ ચેનરણી આપ્યા વગર અહીં નાહસી આવ્યો છું!" સોહલ પોતાની બાયડીને માટે બળાપો કરતો બેઠો.

ઉપર પ્રમાણે સોહલને બંગલીમાં ખાવા પીવાનું સઘળું પુરં પાડીને શેહેરાં ત્યાંથી પડેલી એકલી ચાલી ગઇ. ત્યારપછી કેટલીક વારે મેહેરાં ત્યાંથી સટકી ગઇ.

સોહલ બારણું અંદરથી બંધ કરીને બેઠો હતો. મેહેરાં ઘરે જઇને આગલ પાછલ જુએ છે તો પોલીસના પાહારા જેવું કશું હતું નહીં. આ સઘળું રાત્રે સાડાસાત વાગે થયું હતું, પણ પાછલી રાત્રે ચાર વાગતે મેહેરાં સોહલને માટે ચાહ પાઉં લઇને કોઇ નહીં જોય તેમ બંગલી ઉપર ચઢી, અને બારણાંને ટકોરો માર્યો. ટકોરા સાથે બારણું ઉઘડી ગયું, અને ઓરડો ખાલી જોઇને મેહેરાંની અચરતીનો શો પાર! સોહલ ત્યાં હતો નહીં. ઓરડો તદનજ ખાલી હતો. જ્યારે તેણીની અચરતી અને ગભરાટ નરમ પડ્યાં, ત્યારે તેણીની નજર લખવાની મેજ ઉપર પડી. ત્યાં બે ચીઠી પડેલી હતી. એક મેહેરાંના નામની, અને બીજી શેહેરાંના નામની. તેણીએ પોતે પોતાનાં નામની ચીઠી ઉખેડીને વાંચી. તે નિચે પ્રમાણે હતીઃ—

વાહાલી બેન મેહેરાં,

જેમ જેમ મેં વિચાર કીધો તેમ તેમ મારી ખાતરી થઇ કે તમો લોકને મારે માટે બહુ પીડા ભોગવવી પડશે. માયજી, તું, શેહેરાં, એ સઘળાંઓને જરાપણ મારે માટે તકલીફ આપવા હું ખુશી નથી, અને તેથી મેં મારો વિચાર બદલ્યો છે. જે થાય તે ખરૂં એમ ધારીને હું બાહેર નીકળ્યો છું! હું પાછલી રાતની ગાડીમાં મુંબઇ જાઉંછ, ત્યાં નાજાંને મળીને તેણીને સાથે લઇને કોઇક ઠેકાણે નાહાસી જઇશ, ને ત્યાં મારાં બાયડી છોકરાં સાથે રહીશ. જો હું પકડાઇશ તો તે વિષે તને જણાવીશ, ને હું પકડાઉં તો પછી મારાં બાયડી છોકરાંને તમે સંભાળી લેશો એવી મારી ખાતરી છે. હાલ તુરત તારે મારી તરફનાં કાગળની રાહ જોવી નહીં. મેં શેહેરાં ઉપર ઉપકારનો પત્ર લખ્યો છે. મારી તરફથી તું પણ તેણીનો અતી ઘણો ઉપકાર માનજે! માયજીને મારી હાલતથી વાકેફ કરજે અને કહેજે કે મને માફ કરે. થોડીક મુદત વીતી જશે પછી તારી ઉપર કાગળ લખીશ."

લા॰ વાહાલો ભાઇ સોહલ.

(પ્રકરણ ૫ મું.)

વિચિત્ર બુઢો.

બુઢાપાનું વિલક્ષણ છે તિક્ષણ હઠીલાઇ,
જાન જતાં છોડે નહીં એ જમાની રાઇ.

માકાશાહનો બંગલો નાનો પણ રૈનકદાર હતો. અસલના વખતની બાંધણી એટલી મજબુત હતી કે લાકડકામ કે ઈંટકામને હજી સેહેજ પણ ધસાડો લાગ્યો હતો નહી. માકાશાહ આખો વખત પોતાની લાઇબ્રેરીમાં કાહાડતો હતો અને આખો વખત, શેહેરાં, શેહેરાં, બુમ પાડીને બોલાવીને તેણીને પાસેજ બેસાડી રાખતો હતો, અને સઘળો વખત તેણીની પાસે ન્યુસપેપર અને ચોપડીઓ વંચાવતો હતો. માકાશાહને વ.રતાં, તવારિખના પુસ્તકો ઉપરાંત અસલી ઈરાની નામાનો ભારે શોખ હતો.

માકાશાહનો બંગલો એક સદીનો જુનો હતો, પોતે એ ઉપર જમાના જોઇ ચુકયા હતા, પણ તેમ માકાશાહના બંગલાનો ફરનિચર પણ બાવા આદમના જમાનાનો હતો એમ નહી સમજવું. જેમ શેહેરાં નવા જમાનાની ઉધરતી નોજવાન છોકરી હતી, તેમ ફરનિચર નવી ઢબનું, નવા જમાનાનું હતું. ફરક માત્ર એટલો હતો કે શેહેરાં હાલતાં ચાલતાં પ્રાણીના વર્ગમાં હતી, ત્યારે ફરનિચર જુદા વર્ગમાં લેખી શકાતું હતું.

માકાશાહ પોતાની પૌત્રી શેહેરાં તરફ કાંઇ વિચિત્ર વર્તણુક બતાવતો હતો. લોકોમાં એવીજ બુમ હતી કે માકાશાહનો તાબો ધરી થયો કે તેની ગંજાવર દોલત, બંગલો, વજીફો, સર્વે શેહેરાંને મળશે, પણ બીજા હાથ ઉપર શેહેરાંને તેની લેશ ભાર આશા નહતી. મુવેલા માણસની દોલતની આશા રાખવી એમાં સર્વોમ દુર્ગુણ છે, એમ તેણી પોતાની કેળવણીથી માનતી હતી. બાવાનો પૈસો મળશે ત્યારે આમ કરીશું, અને બપાવાની દૌલત મળશે ત્યારે ફલાણું કરીશું; એમ જે લોક અગાઉથી હવામાં કિલ્લા બાંધતા હોય તેમને શેહેરાં ખરાં જીગરથી ધિક્કારતી હતી. વળી પોતાના બપાવાના મનના ફાંટાથી તેણી બરાબર વાકેફ હતી. માકાશાહ બેશક ફાંટાબાજ અને સેહેજ ચસકેલ હતા. ઘણીવાર તેમનાં કામ અસાધારણ હતાં. વળી એક કરતાં અનેકવાર તેમના મોંઢામાંથી શબ્દો નિકળ્યા હતા કે બૈરાંઓથી વજીફાની વ્યવસ્થા થઇ શકે નહીં. ઓરત જાત તરફ માન તો નહીંજ, પણ તેમને માટે ઘણો હલકો વિચાર ધરાવનાર શખ્શોમાંનો માકાશાહ એક હતો. જો કે તેને ઓરત જાત સારૂ હલકો મત હતો, તો પણ તે ભાર મુકીને કહેતો હતો કે ઓરત જાતનો નિભાવ કરવાની ફરજ મરદ જાતના માથે છે. આ તેના મતને અનુસરીને તે પોતાના ઘરની છોકરીને, એટલે શેહેરાંને, કોઇ પણ પ્રકારની હાજત કે તંગીમાં રાખતો હતો નહીં. તેનો મત એ હતો કે ઓરત જાત સારી રીતે પોશાક સજ કરવાને બંધાયલી છે, જેથી મરદોની આંખને ટાઢક થાય. આ તેના વિચારને અનુસરતી રીતે તે શેહેરાંને પોતાની આંખને ગમે એવા ડ્રેસ કરવાને ફરમાવતો હતો. આથી તેણીને સાડી કપડાં ઘરેણાં વગેરે ઘણા છુટા હાથે અપાવતો હતો. તે કહેતો કે જે ઓરત આપણી આંખને ખુશ ન કરી શકે તે ઓરત બીજા કાંઇ કામની નથી.

આજે પણ માકાશાહ ચશ્મો ચડાવીને શેહેરાંને માથાથી પગ તરફ તપાસવા લાગ્યો. તેને એવી ટેવ હતી તેથી શેહેરાંએ હસીને પૂછયું, "બપાવાજી, વળી કાંઇ મારા ડ્રેસમાં ખામી છે શું ?

" હા, મોરી ખામી ! તું જાણતી નથી કે જવાન છોકરીઓ કાળી સાડી પેહેરે છે તે મને ગમતું નથી ! "

"બપાવાજી, હું બદલતાં ભૂલી ગઇ," શેહેરાંએ જવાબ દીધો.

"મને ગમે કે નહી, તેની તને કશી દરકાર નથી, પણ હવે હું તને તાકીદ કરૂં છું કે કાળી સાડી પહેરીને મારી સામે કદી આવીશ નહી! કાળી સાડી મરણની વેળા પહેરી હોય, તે સમજ્યા?"

"બપાવાજી, હવે તમારો હુકમ ભૂલીશ નહી."

બુઢ્ઢાઓને કાળો રંગ શોભે છે. જ્યારે મારા જેવા સફેદ બાલ તારા થાય, ત્યારે કાળી સાડી તને શોભશે. હાલની તારી ઉમરે તને સફેદ, ગુલાબી, જાંબુરો રંગ વધારે શોભે છે. તારા ચાર્મીંગપણાને ગુલાબી અને જાંબુરો રંગ ઘણો માફક આવે છે, સમજી! વાસ્તે મને ગમતા રંગના કપડાં તારે પહેરવાં."

"વારૂજી, બપાવાજી તમે કહોછો તેમજ કરીશ."

"ચાલ, જા, આજે તારો કાળો અવતાર બદલીને આવ, પછીજ ન્યુસપેપર વાંચવા દઇશ."

"બપાવાજી, આજે કયા રંગની સાડી પહેરૂં?"

"દીકરા, સફેદ સાડી પહેર. જા બેટી આ તારો એબ લગામણો દેખાવ જલદી બદલીને આવ."

શેહેરાં બપાવાની મરજીને શરણ થઇને ડ્રેસ બદલવા ગઇ. જાણી જોઇને તેણીએ કાળી સાડીમાં બપાવાં આગળ દેખાવ દીધો હતો, અને તેમાં તેણીની એક મતલબ સમાયલી હતી, પણ બપાવાનો સ્વભાવ ઠીક નહી લાગ્યો, તેથી પોતાની મતલબની વાત કરવાનો તેણીએ જે ઇરાદો રાખ્યો હતો તે વિષે હાલ તુરત તેણી અખાડા કરી ગઇ હતી.

ડ્રેસ બદલીને શેહેરાં માકાશાહ આગળ પાછી આવી ત્યારે બપાવા ખુશી થયા અને બોલ્યા, "જો દીકરી! હવે તું કેવી મજાની શોભે છે!"

"બપાવાજી, સફેદ સાડી બુઢ્ઢાં બૈરાંઓને પણ મજાની લાગે છે! નહીં વારૂં?"

"હા, દીકરા, તું બુઢ્ઢી થાય, ત્યારે પણ તને સફેદ સાડી શોભશે, અને તારાં છોકરાં તેમજ તારાં છોકરાંના છોકરાંની આંખને પણ ગમશે."

માકાશાહની વાત કરવાની આ વલણ ઉપરથી શેહેરાં પામી ગઇ કે વળી બપાવાજી મારા લગનની વાત છેડશે. આ વાતથી શેહેરાંને તે ઘડી ઘડી કંટાળો આવતો હતો. વળી આ ડ્રેસની વાત ઉપરથી તે ગોળગોળ ફરીને લગનની બાબદ ઉપર આવશે એમ તેણીની ખાતરી હતી. વળી માકાશાહને ઉશ્કેરનારા જવાબ અપાય તેમ હતું નહીં તે હકીકત હતી, અને બુઢ્ઢાઓની ખાસીયત પ્રમાણે પોતાનીજ વાતને અને પોતાનીજ મમતને વળગી રહેનાર હતો. તે છતાં તેણીએ બપાવાનું ધ્યાન બીજી બાબદમાં ઘાલવાની કોશેશ કરીને બોલી, "બપાવાજી, હું તમને કહેતાં વીસરી ગઇ કે મેં કાળી સાડી પહેરી હતી તે પાસેના સરકારીના બીબાઇજી તે દહાડે ગુજરી ગયાં, તેવણની છોકરી આગલ જરા મળવા ગઇ હતી, અને એવી વખતે ધારા મુજબ કાળી સાડી પહેરવી પડી હતી. બિચારી તેવણની દીકરી મેહેરાંને માટે મને બહુ બળાપો થાય છે! અને તેજ વિચારમાં તમારી આગળ આવતાં અગાઉ કાળી સાડી બદલતાં ભૂલી ગઇ હતી.

"અંહ હવે હું સમજ્યો! પણ તારા જેવી એક જવાન છોકરીને મોહોત અને માહેતમની બાબદમાં સામેલ થવાની જરૂર શી છે? તારા જેવી જવાનને એવી મુલાકાત આપવાથી અલગ રહેવું સારૂં. ઘણાં અસલના વખતમાં જવાન છોકરીઓને મુયેલાઓની

લાસ આગળ બેસવા પણ દેતાં હતાં નહી."

' પણ બપાવાજી મારી સહી મેહેરાંનું મને બહુ લાગેછ ! એ બિચારી હવે તદન નિરાધાર થઇ ગઇ છે ! "

" હશે, પણ તેનો પેલો ભાઇ કાંઇ સારો નહીં નિકળ્યો ?" માકાશાહે ટીકા કરીને કહ્યું.

" હા, પણ બપાવાજી, તે અહીં ક્યાં છે ! અને તેને પોતાની માયના મરણની ખબર પણ નહીં હશે ! "

આથી માકાશાહ ખડખડ હસવા લાગ્યા. માકાશાહ ચાંદરાત ચાંદરાતે હસતા હતા, અને જ્યારે હસે ત્યારે એમ સમજવું કે કોઇ સામાં ધણીની ઠેકડી કરે છે. આ વખતે તેનાં અસાધારણ હસવાથી મેહેરાંના પેટમાં ગભરાટ છૂટયો, અને મનમાં બબડી, " વળી, બપાવાજી એમ હસેછ તેની કાંઇ મતલબ હશે ! "

ખુબ હસી હસીને પછી માકાશાહ બોલ્યો, " ખરી વાત તો આ છે કે તે જેલમાં હશે, અને તેને ત્યાં ખબર કોણ કરે !"

શેહેરાં આ ટીકાથી ડગ થઇને ચુપ બેઠી. માકાશાહ બધી વાત જાણે છે એ ખ્યાલથીજ તેણીના દિલમાં દહેશત પેદા થઈ હતી. ગામમાં શું શું થાય છે તેની માકાશાહને દરકાર નહીં હતી, પણ જો એક બાબદની પછવાડે લાગ્યો તો તે વાતના પડેપડ અને ભીંગડે ભીંગડા ઉખેડયા વિનાં તે જંપીને બેસતો હતો નહીં.

" ત્યારે, બપાવાજી, તમે બધું જાણો છો ?" શેહેરાંએ આરતે રહીને પૂછ્યું.

"હું જાણુંછ ! અરે, આખું સુરત શેહેર જાણેછ ! પોલીસ જાણેછ, રૈયત જાણેછ, હું જાણુંછ, તું જાણેછ !"

"નહી, બપાવાજી, તેને પકડી ગયા તે હું જાણતી નથી."

" પકડાયો કે નહી તે ચોક્સ હું જાણતો નથી, પણ પોલીસ તેને પકડયા વિના રહેશે નહી, પણ શેહેરાં, તું એ પોરીઆને માટે એટલી બધી કાળજી શા માટે ધરાવેછ ! અંહ ! મને કહી દે," માકાશાહે એવી ઢબથી ટીકા કરીને પૂછ્યું કે શેહેરાંનાં રુવેરુવાં ઉભાં થયાં.

"બપાવાજી, હું કાળજી ધરાવું તે ખુદરતી છે. તેની બેન મારી સહી થાય છે, અને તે પણ અમારી સાથે નાનપણથી રમીને મોટો થયો. એક ઓળખીતા તરફ દિલસોજી, એક પાડોસી તરફની ફરજ બજાવતાં કાળજી જેવું સામાં ધણીને જણાય, તો તેમાં ખોટું શું છે ?" શેહેરાંએ સાફસાફ જવાબ દીધો.

"એટલુંજ હોય તો સાધારણ કહેવાય, પણ શેહેરાં, જે મૂર્ખાઇ ભરેલું પગલું તે દાહાડે તેં ભર્યું હતું, તે મને નહી ગમ્યું, તે કાંઇ સાધારણ નહીં હતું. સમજી ! આપણી પછવાડેની બંગલીમાં તેં તેને એક રાત છુપાવ્યો, અને ખાવા પીવાનું પુરું પાડ્યું, તેમાં તેં મૂર્ખાઇ કીધી હતી, અંહ ! લોકો તારા અને તેના વચ્ચે શો સંબંધ ધારે ?"

"બપાવા તમે બધું જાણોછ ત્યારે આટલું પણ જાણતા હશો કે તેની સાથે તેની બેન મેહેરાં પણ હતી, અને એમ જાણ્યા પછી લોક બીજું શું ધારે ! લોકોને ગમે તે ધારે. મેં મારી ફરજ બજાવી તે ઉપરાંત બીજો કશો સંબંધ હું ધરાવતી નથી. "

" પહેલા તો મેં તારા પગલાંને મૂર્ખાઈ ભરેલું કહ્યું, પણ હવે તો આગળ વધીને કહું છું કે તારું પગલું ગુનાહ ભરેલું કહેવાય. તું જાણતી હતી કે તેને પકડવાનું વારંટ નિકળ્યું છે, અને તેણે ચોરી કીધી છે. તે છતાં એક ચોરને તારા ઘરમાં છુપાવ્યો અને સરકારનો કાયદો તોડયો, એ માટે તું અપરાધિ

કહેવાય કે નહીં? વારૂં, બીજું તને પુછુંછું તે કહે. હું શું મરી ગયલો હતો, કે જાણે, તું ઘરની ધણીઆણી હોય, તેમ મને પૂછયા વિના, તેને તેં એક રાત છુપાવી રાખ્યો? કોની રજાથી? તું શું એમ ધારેછ કે મારૂં જે છે તે બધું તારૂં છે? તું શું એમ ધારેછ કે મારા મરણ પછી આ બધું તને વારસામાં મળશે? શું એવી આશામાં તું જીવે છે કે? જો તેમ હોય તો આજે કહું છું તે સાંભળ કે આ બધું તને આપી જવાનો ઇરાદો હું રાખતો નથી "

" પણ બપાવાજી, એવો વિચાર મને કોઇ દિવસે આવ્યોજ નથી; હું તો એમ સમજું છું કે જો કોઇ આપણો આશ્રય શોધતું આવ્યું, ને આપણે તેને આશ્રય આપ્યો, તેમાં કશું ખોટું નથી તેમાં કશો ગુનાહ નથી. બપાવાજી, કોઇ રડતું કકળતું મદદ માગે, તેને તમે હાંકી કહાડો કે? "

" મારી વાત જુદી છે, ને તારી વાત જુદી છે. તું એક છોકરી. તું એક જવાન છોકરી, અને હું માટીડો અને વળી બુઢો માટીડો. મારા અને તારામાં કેટલો ફરક!! તારે સાફ ના પાડીને કહેવું હતું કે હું કાંઇ કરી શકતી નથી; વળી તું કહેછ કે તેની બેન પણ સાથે હતી, ત્યારે તો મને તે છોકરીના લક્ષણ પણ સારાં લાગતાં નથી. જો, સાંભળ, હવે પછી, વખતે પોલીસ તને કાંઇ પૂછે, તો સાફ સાફ જે હોય તે ખરૂં ખરૂં કહી દેજે, કાંઇ છુપાવતી ના."

"બપાવાજી, સારે ભાગ્યે તે કયાં ગયો છે તે હું જાણતીજ નથી."

" કાંઇ જાણતીજ નથી! વળી અંજાણી બન્મા થઇ!" બપાવાજીએ ટોકારામાં કહ્યું.

"નથી જાણતી, તે પાછલી રાત્રે કોણ જાણે કયાં વટાણા વાવી ગયો. તેની બેને અને મેં તો છેક સહવારે જાણ્યું કે તે જતો રહેલો છે. બધું તો રહ્યું, પણ જે ધણીએ મારી બધી હીલચાલની વાત તમને કહી, તે ધણીને પુછોની કે સોહલ કયાં જતો રહ્યો? બપાવાજી નોકર આદમીને તમે ઘણું ઉત્તેજન આપોછ એ સારૂં નહી!"

મહેરાંની વાત સાંભળીને માકાશાહ સેહેજ બેચેનીથી ખુરસીમાં હાલવા લાગ્યા, ને પછી આંખ ચુંચી કરીને બોલ્યા, "નહી, શેહેરાં, હું ઉતેજન આપતો નથી, પણ જો કોઇએ કંઇ નવી વાત જાણી હોય, અને તે આવીને મારી આગલ કહે, તો તે મારે સાંભળવી એ મારી ફરજ છે, અને જો કોઇ નોકર મને આવીને કહે તેમાં હું ધારૂં છું કે તેણે ફરજ બજાવેલી કહેવાયે. ચાલ, હવે એ વાત પડતી મુક, પણ યાદ રાખજે કે ભવિ–ષ્યમાં કોઇ પણ લુચ્ચાઓને કે ચોરોને મદદ કરવાને આપણે બંધાયલાં નથી."

"વારૂં, બપાવાજી, હું તમારૂં કહેવું યાદ રાખીશ. હાલની વાતમાં મેહેરાં અને સોહલ કોઇ પારકાં નથી, પણ મારી બચગીનાં દોસ્ત અને આપણા પાડોસી થાય છે, અને તેથી તેમને મદદ કરવાને હું તેમજ તમે બન્ને બંધાયલાં છીએ."

"તું તારી બધી ફરજ સમજે છે, ત્યારે તારી આ પણ ફરજ છે કે હવે તારે સંસારમાં પડવાનો વિચાર કરવો ઘટે છે," વળી માકાશાહે ગોળ ગોળ ફરીને શેહેરાંનાં લગનની વાત છેડી.

આથી મેહેરાં વળી ધીકકી પડી, અને વળી બપાવાનાં છટકામાંથી કેમ છુટવું, તેનો તોડ શોધતી બેઠી. તેણી હજાર વખત બપાવાજીને ના કહી ચુકી હતી, અને તેજ જવાબ એકવાર ફરીથી આપવો પડશે એમ ઠરાવ કરીને વાત આગલ ચલાવી.

" બપાવાજી, હું પરણવા ના કહેતી નથી, અને મોડે વહેલે પરણ્યા વગર છુટક

નથી, પણ જ્યાં સુધી મને મનગમતો વર મળે નહી, ત્યાં સુધી હું કોઇ સાથે પરણીશ નહીં. ઉતાવળ શી છે ? જેની તેની સાથે ઉતાવળમાં ગોઠવાઇ જાઉં ! ને પાછળથી પસતાઉં ? નહીં, બપાવાજી, જેની તરફ મારે પ્યાર દોડશે તેને હું મારૂં દિલ આપીશ !"

" પ્યાર ! પ્યાર ! પ્યાર શું ચીજ છે ? દરેક છોકરીને જે પહેલો છોકરો આગલ આવ્યો તેની ઉપર પ્યાર દોડે છે. હજી કોઇ જવાન છોકરાએ તારી આગલ પ્યારની વાત છેડી નથી, તેથી તને કોઇ ઉપર પ્યાર દોડયો નથી, પણ ઠીક છે, જોઇશું."

એમ કહીને માકાશાહ ઉંડા વિચારમાં પડયા. અને ઘણા દિલગીર થઇને બળાપો કરવા લાગ્યા, જે જોઇ શેહેરાંને દુઃખ થતું હતું, પણ બપાવા વર શોધી કહાડે તે કબુલ રાખવા તેણી કોઇબી રવેસે તૈયાર હતી નહીં.

શેહેરાં કેટલોક વખત થયો એક બાબદસર બપાવાની રજા લેવા તલપી રહી હતી, તે માટે તેણીને તક મળતી હતી નહીં, અને તેથી તેણીએ આ વખતે બપાવાને પૂછી લીધું, " બપાવાજી સરકારીની મેહેરાં હવે બિચારી ઘરમાં એકલી પડી છે, અને રાતે એકલી સુતાં બિહે છે, વાસ્તે તે છોકરી રાતે આપણા ઘરમાં આવીને સુવે તો તેમાં અડચણ શી છે ? "

"અડચણ ! અડચણ પેહેલી ! પોલીસ એના ભાઇની શોધમાં છે, તેથી પોલીસના છુપ્યા માણસો એ છોકરાની બેનની દરેક હીલચાલ છુપી રીતે તપાસતા હશે. એની બેન આપણા ઘરમાં દરરોજ રાતે આવે અને સહવારે પાછી જાય, તેની પોલીસને ખબર પડયા વિના રહે નહીં, અને તે ઉપરથી પોલીસને અમસ્થો વેહેમ પડયા વગર રહે નહી, કે એ છોકરાને સંતડવામાં આપણો હાથ હશે; પણ મેહેરાં, એ મેહેરાંનો ભાઇ ચોર છે તે જાણયા છતાં તું તેની તરફ આટલી બધી દયા દેખાડે છે, તેથી સાચું બોલ, કાંઇ તારો પ્યારો મીઠો વિચાર એ છોકરા ઉપર દોડેછ શું ?"

"બપાવાજી, તમે કેવા આડા વિચાર કરોછ ! કોઇની તરફ દયા દિલસોજી બતાવવી એમાં પ્યારની વાત કયાંથી આવી ! વળી તે તો પરણેલો છે," શેહેરાએ બપાવાના દિલમાંનો વેહેમ ભાંગવાની ખાસ મતલબથી આ ખુલાસો કર્યો. આ ખુલાસાથી બપાવા પાસે તકરાર આગલ ચલાવવા જેવી 'પોઇન્ટ' રહી નહીં, અને તેથી આજને વાસ્તે લગ્નની વાત બંધ પડી.

ખરો સંતોષ.

લખનારઃ—" જીલા."

એક ગ્રહસ્થને હર વખત પોતાના કામમાં તરેહવાર અડચણો નડતી હતી પણ તે બાબે જરાબી ફર્યાદ કીધા વગર ઉલટથી તેની પછવાડે લાગતો હતો, અને એવી રીતની ધીરજ રાખ્યાથી હંમેશાં તેની મુશ્કેલી આસાન થતી હતી. આ જોઇ તેના એક મિત્રે પુછયુંઃ—

" ભાઇ, તમે ઘણાજ સંતોષી અને સુખી દેખાઓ છો તે જોઇ હું ઘણો ખુશી છું, પણ મહેરબાની કરી મને જણાવશો કે તમે એટલી બધી ધીરજ રાખતાં કેમ શિખ્યા "

" ઘણી સહેલી રીતે; અને તે એ કે હું મારી આંખનો ઘણો સારો ઉપયોગ કરૂં છું. પહેલાં તો હું ઉંચે આકાશ તરફ જોઉં છું અને યાદ રાખું છું કે અહિંયાં મારૂં મોટામાં મોટું કામ તો અંતે તે દાદગરની દરગાહમાં પાછું જવાનું છે. ત્યાર બાદ હું આંખે જમીન તરફ નજર રોડાઉં છું અને વિચાર કરૂં છું કે હું એનાં બહોળા પેટાંમાં મારા મરણ બાદ કેટલી થોડી જગ્યા રોકીશ, અને ત્યાર પછી આખી દુનિયા પર મારૂં ધ્યાન પહોંચાડું છું તો સેંકડો બલકે હજારો માણસોને દરેક રીતે મારા કરતાં વધારે દુઃખી જોઉં છું. એ પરથી ખરૂં સુખ શું છે તે મને તરત માલમ પડે છે અને ત્યાર બાદ હું વિચાર કરૂં છું કે મારી હાલત પર દલગીર થવાનું અથવા તે વિષે ફર્યાદ કરવાનું મને કાંઇ પણ કારણ નથી." પેલાએ જવાબ આપો.

જર્મન સંસ્થાનોનું ભાવિષ્ય.

લખનાર—J. N. P.

British Imperialism Destiny.

"And now, behold from their martyr graves, Russell, Sidney, Eliot arise, and with phantom fingers beckon England on! From the fields of their fate and their renown, see Talbot and Falkland, Wolfe and De Montfort arise, regardful of England and her action as this hour And lo! gathering up from the elder centuries, a sound like a trumpet-call, clear-piercing, far-borne, mystic, ineffable—the call to battle of hosts invisible, the mustering armies of the dead, the great of other wars—Brunanburgh and Senlac, Crecy, Flodden, Blenheim and Trafalgar. Their battle-cries await our answer—the chivalry's at Agincourt. 'Heaven for Harry, England and St. George!' Cromwell's warshout, which was a prayer, at Dunbar, 'The Lord of Hosts! The Lord of Hosts!' —these. await our answer, that response by which this war we at last send ringing down the ages, 'God for Britain, Justice and Freedom to the World!"

J. A. CRAMB.

જર્મનોએ લડાઇ ઉઠાવવાનું એક મુખ્ય કારણ એ છે કે તેઓ પોતાના પરદેશી સંસ્થાનોમાં થોડાક વધુનો ઉમેરો કરવા મક્કમ ઠરાવ કરી તલસી રહ્યા હતા. પણ લડાઇનું સૌથી પહેલું પરિણામ એ આવ્યું છે કે દરિયાપારનો તેમનો રાજ્યાધિકાર તેમણે ખોઇ દીધો છે. ચીનમાં આવેલો 'કીઆઉચાઉ'નો બેટ તેમણે ગૂમાવ્યો છે; તોગોલેન્ડ, કેમરૂન, કૈઝર વિલ્હેમ્સ લેન્ડ, અને પેસીફીકમાં આવેલા બેટો તેમના હાથમાંથી જતા રહ્યા છે, અને આફ્રીકાના તેમના સંસ્થાનો હંમેશના ખોઇ દેવાની ધાસ્તીમાં તેઓ આવી પડયા છે જર્મનીનું સૌથી માનિતું મત એ હતું કે લડાઇ થાય કે બ્રિટિશ શહેનશાહતમાં બળવો થાય તેમાં ફાટફુટ જરૂર પડવાની, ઇંગ્લંડની મુશ્કેલી એમને આ શહેનશાહતને પરદેશી ગુલામી માંથી છુટા પાડવાની તક દેશીઓ લેશે. પણ નસીબજોગે સંજોગ એવો બન્યો છે કે જે પ્રજાઓને જર્મની બળવાખોર ધારતી હતી તેજ પ્રજા આજે જર્મનીના સંસ્થાનો ખૂંચવી લેવાને તેમની સામે સૌથી મોટો ભાગ ભજવે છે,

દક્ષિણના બ્રિટિશ આફ્રિકનો, જેમાં ડચ અને ઇંગ્રેજ ભાષા બોલનારી બંને પ્રજા સમાઇ જાય છે તેઓ જનરલ બોથાની મહાન સરદારી હેઠળ નૈરૂત્ય આફ્રિકાના જર્મન સંસ્થાનો લઇ લેવા રોકાઇ ગયો છે. જર્મન પૂર્વ આફ્રિકાની સામે હીંદની લશ્કરી ટુકડીઓ લડાઇ કરવામાં રોકાઇ છે. ઓસ્ટ્રેલીઅનો અને ન્યુઝીલેન્ડરોએ ઓસેનીઆમાં આવેલા જર્મન સંસ્થાનો લઇ લીધાં છે, અને તેમની સાથે ફ્રેન્ચ અને ઇંગ્રેજી ભાષા બોલનારા કેનેડીઅનો તેમજ હીંદીવાનો યૂરોપ, ઇજિપ્ત અને બીજી જગ્યાએ બ્રિટનો અને તેમના મિત્રો માટે લડવા ઉભા છે, આ રીતે કદી પણ ધારેલું ધ.મ થઇ પડવાને બદલે હીંદ અને દક્ષિણ આફ્રિકા તેમજ બ્રિટિશ શહેનશાહતના બીજા અંગભૂતો.

પોતાની માતૃભૂમિના રક્ષણ કરવા પૂરતાં બળવાન સાબેત થયાં છે, એટલુંજ નહીં પણ ખુદ દુશ્મનોના દેશમાં લડાઇ ચલાવવા, અને તેમની સૌથી નબળી દિશાએ–તેમના સંસ્થાન શહેનશાહતમાં ફટકો મારવાને શક્તિવાન અને આતૂર થઇ ઉભાં છે.

આફ્રિકાના કોઇ પણ ભાગમાં લડાઇ ચલાવવાનું સહેલું નથી, પણ કોઇપણ નકશામાં જોશો તો માલૂમ પડશે કે હથિયારના બળથી કરીને દરિયાપારના પોતાના સંસ્થાનો ટકાવી રાખવાનું કામ જર્મનો માટે કેટલું બધું અશક્ત થઇ પડ્યું છે. જર્મન …રૂસ આફ્રિકાનો પ્રદેશ બ્રિટિશ અને તેમના મિત્રો પોર્ટુગીઝના દેશો વચ્ચે તીકડાઇ ગયા છે; જર્મન પૂર્વ આફ્રિકા બ્રિટિશ, બેલજીઅન અને પોર્ટુગીઝ સંસ્થાનોની વચ્ચે ઘેરાઇ ગયું છે. તેમને મદદ મેળવવાનું કાઇપણ સાધન હોય તો તે દરિયો છે, અને ત્યાં પણ પૂર્વે અને પશ્ચિમે ફ્રેન્ચ અને અંગ્રેજોએ મજબુત તપાસ રાખી છે. આ હાલતમાં જર્મનોનાં સંસ્થાનો સઘળાં થોડા વખતમાં જે રાજ્યોને તે ધિક્કારથી . જોતો હતો તેજ રાજ્યના હાથમાં આવી પડવાની વકી છે જર્મન સંસ્થાનોનો લટકો ફટકો આવી રીતે યુરોપ બહારના લશ્કરોથી થઈ જશે તે સાથે એટલું યાદ રાખવું જોઇએ કે તેમનો છેવટનો ફડચો યુરોપની લડાઇના પરિણામપર આધાર રાખે છે, અને બરાબર બોલીએ તો નોર્થસીમાં થનારા યુદ્ધનું પરિણામ તેનો છેવટનો નિકાળ આણી રાખશે. આપણે સઘળા આ પરિણામ શું આવશે તે જાણીએ છીએ તે છતાં, આ સંસ્થાનોની અમૂક વહેંચણી મિત્રો રાજ્યોને લડાઇની લૂટ તરીકે મળશે એમ અત્યારથી બોલવું કરખનતું ગણાશે. આ મહાન યુદ્ધની છેવટે જે સલાહની શર્તો થશે તે પ્રમાણે આ સંસ્થાનોનો નીકાલ થશે. હાલમાં આપણે એમ ધાર્યે કે આ સંસ્થાનોમાંનું કોઇપણ તેના અસલ ધણીને પાછું આપવામાં ન આવશે, તો આ સવાલ મોટા મોટા રાજદ્વારી નરોનું ધ્યાન ખેંચે તેવો બિકટ અને અગત્યનો છે. જર્મનો પાસેના સઘળાંજ સંસ્થાનો લઈ લેવાનું કામ ઈન્સાફી ડાહપણ ભરેલું કહેવાશે કે, એવો અગત્યનો સવાલ દિર્ઘ દ્રષ્ટિવાળા રાજદ્વારીઓ ઉઠાવશે.

જો લડાઇનું છેવટ એ આવે કે સામું જર્મન શહેનશાહાત ભાંગી જાએ અને જર્મનીના ટુકડા પડીને સ્વતંત્ર અને જોડાણ વગરના રાજ્યો ઉભાં થાય તો અસલનાં તેની અસરે જર્મન સંસ્થાનોની હૈયાતી પણ આખરી આવે: આમ થાય તો મિત્ર રાજ્યો ગમે તેટલા સબાવતી દીલસુઝી બનાવવા છતાં પણ જે શહેનશાહતની હૈયાતીજ નહીં તેને તેના અસલી સંસ્થાનો કેવી રીતે સ્વાધિન કરી શકે? તેજ પ્રમાણે નવા સ્વતંત્ર બનેલા જર્મન રાજ્યોમાંના કોઇને પણ આ ભાગેલી શહેનશાહતના અસલ સંસ્થાનો સપુરદ કરવું અશક્ય થઇ પડે. જર્મન રાજ્યનો દરિયાને લાગેલો ફક્ત એકજ મુલક પ્રસિઆ છે કે જેને આ સંસ્થાનોની બક્ષેસ કરી શકાય, પણ ઇન્સાફ કરવાનો દિવસ આવશે ત્યારે બધામાંથી ફક્ત પ્રસિઆનેજ તારવી કાઢી તેને ખાસ મહેરબાની દેખાડવાનું કામ મિત્રો રાજ્યો કદી પસંદ કરશે નહીં તેજ પ્રમાણે બેવેરીયા, સેક્ષની, કે વુરટેમબર્ગ જેવા આસપાસ જમીનથી ઘેરાયલા રાજ્યોને આવાં સંસ્થાનો સ્વાધિન કરવા એ સ્વિટ્ઝલેંડ કે એનડોરા જેવા દેશોને સંસ્થાનો આપ્યા હોય તેવું વિચિત્ર લાગે, આથી એક રીતે આ પ્રમાણે અમલમાં આવશે કે "જ્યાં જર્મન શહેનશાહત નહીં ત્યાં જર્મન સંસ્થાનો નહીં." (No German Empire, No German Colonies.)

પણ ધારો કે જર્મન શહેનશાહતને હાલનીજ સ્થિતિએ કે કંઇક ફેરફાર કરીને જારી રાખવામાં આવે તો પછી શું? જે સંસ્થાનો જીતી લીધાં હોય તે બધાં કે તેમાંના થોડાં ઓ રાજ્યને પાછા સપુર્દ કરવા શું ડહાપણ ભરેલું ગણાશે? કે જે સંસ્થાનો મોટા દરિઆઇ કાફલાં બાંધવાને તેમને ઘણું મોટું કારણ અને બહાનું આપે છે. બીજી રીતે, જર્મનીના બધા સંસ્થાનો ખૂંચવી લઇને, તેની જરૂર કરતા વધતી જતી વસ્તી અને થાપણ માટે દરિયાપરના કોઇબી બંદર તેને માટે રાખ્યા વગર, અને તેના વિસ્તીર્ણ ઉદ્યોગી ધંધા માટે કાચી જણસો રાખવાના કંઇજી પ્રજાકીય સાધનો વગર તેને યૂરોપમાં સઘળી બાજૂથી બંધ કરી રાખવો, એ શું ડહાપણ ભરેલી રાજનીતિ ગણાશે? આવા મહત્વના સવાલો પર વિચાર કરવા માટે હાલનેજ પ્રસંગ ફકત જોઇને કામ લેવું ન જોઇએ પણ ભવિષ્યના પ્રસંગનો પણ વિચાર કરવો અગત્યનો છે. સલાહ સંપજનો વધારો કરનારા યુરોપનું કામ હાલના ટયુટોનિક લશ્કરી બળની રાજનીતિને ફકત જડમૂળથી ફચડી નાંખી બેસી રહેવાનું નથી, પણ ભવિષ્યમાં આવા પ્રસંગો ઉભા થાય નહીં તે માટે આજને કાલ બંદોબસ્ત કરવાનું છે. આવું કામ આરોપવા માટે સર્વ કાર્ય સિદ્ધ થવાની જેટલી જરૂર છે તેટલીજ જરૂર સખી થવાની છે.

હાલની લડાઇ થવાનું થોડુંક કારણ એ છે કે સંસ્થાનોનાં ખેતરોમાં જર્મની મોડો દાખલ થયો હતો. ત્રીસ વર્ષ અગાઉ જ્યારે જર્મનીએ સંસ્થાનો વસાવવાની રાજનીતિ હાથ ધરી ત્યારે દુન્યાના સૌથી સુંદર ભાગો બીજા બીજા રાજ્યોના હાથમાં આવી ચૂકયા હતા. જે વખતે જર્મનીએ આ કામ હાથ ધર્યું ત્યારે વસ્વાત કરવાની જગ્યાને બદલે શોધ કરવાની જગ્યાઓજ ખાલી હતી. આવા સંજોગોમાં જર્મનીએ સને ૧૮૮૪-૧૮૯૯ સુધીના ૧૫ વર્ષમાં દરિઆપારની જગ્યાઓમાં ૧૦ લાખ ચોરસ માઇલ જેટલી જગા મેળવવાનું અસાધારણ સહાસ કર્યું. ખુદ તેના દેશમાં ફ્રેડ્રીકની આ રાજનીતિ સામે પોકાર હતો કે બહારના આવા સંસ્થાનો રાજ્યપર એક બોજા સમાન છે, પોતાના દેશની સરહદ પરનું એક ગામડું ૨૫૦ માઇલ દુર આવેલા એક મોટા રાજ્ય કરતાં વધુ કીમતી તેઓ ધારતા હતા.

પણ ૧૯૦૭માં **સ્વતંત્ર સંસ્થાનોની ઓફીસની** સ્થાપના કરીને જર્મન શહેનશાહતે પોતાનો રાજ્ય વિસ્તાર વધારવાના આ કામને ઘણું ઉત્તેજીત કીધું. જર્મનીને ઘણા સંસ્થાનો જોઇતાં હતાં અને કમનસીબે તે બીજા સંસ્થાનો પોતાના પડોશીઓનો ભોગ આપ્યા વગર લઇ શકે તેવું નહતું. ૧૯૧૧ની સાલમાં મોરોકોના ઘોંટાળા વખતે તેણે **ફ્રેન્ચ કોન્ગોમાં** ૧ લાખ ચોરસ માઇલ જગા મેળવી; અને આ લડાઇ શરૂ થઇ તેની થોડુંક આગમજ તેણે બ્રિટિશ સરકારને ફ્રાન્સ અખંડ રાખવાની ખાતરી આપી પણ ફ્રેન્ચ સંસ્થાનોપર તે તડાપ મારશે નહીં એવી જામીનગીરી આપવાની તેણે ચોખ્ખી ના પાડી આથી સંસ્થાનોની ભૂખના અંગારાએ જો આ લડાઇ જર્મનીને ઉઠાવવાની ફરજ પાડી હોય તો, સવાલ એ ઉભો થાય છે કે લડાઇ આગમજ અને લડાઇ વખત જર્મનીના હાથમાં જે સંસ્થાનો હતાં તે તેની પાસેથી લેઇ લેવું વાજબી અને દિર્ઘદૃષ્ટી ભરેલું ગણાશે કે? જર્મની પાસથી સંસ્થાની રાજ્યની જરાકે જરાક નિશાની ખુંચવી લેવાથી ભવિષ્યમાં ઘોંટાળો થવાનો એક માર્ગ શું આપણે ચણતા નથી? આ સવાલનું ખંડન કરવાનું કામ સુલેહના એલચીઓનું છે, અને આ ખંડન જર્મન શહેનશાહતનો કેટલો ભાગ યુરોપમાં બાકી રહે છે તે પર જેમ આપણે ઉપર જોઇ ગયા તેમ આધાર રાખે છે.

આ સવાલ એક ઘણો મુશ્કેલ છે, તો જર્મનોના સંસ્થાનો, ઇંગ્લાંડના સંસ્થાનો માફક, સ્વરાજવાળા સફેદ માણસોના દેશો નથી

પસાર કરે છે ઇરાનના બીજાં શેહેરોની માફક ઇસફાહાનના ઘરોનાં બારણાં પણ બંધજ હોય છે, પણ ઘરોના ઓટલા ઉપર ઘંટ ટંગેલા જોવામાં આવે છે.

જુલફાની તવારિખ જાણવી હોય તો ત્યાં રહેતા આરમીનીઅન ખ્રિસ્તી વસ્તીની તવારિખ તપાસવી. તેઓએજ આ નાનું જેવું શેહેર વસાવ્યું છે અને તેમને ત્યાં રેહેતાં ત્રણસો વરસ થવા આવ્યાં છે. ઇરાનની તવારિખમાં જે લુહારે કાવ્યાની ઝુન્ડો ઉઠાવ્યો હતો તેનો જન્મ પણ અહીં થયલો કેહેવાય છે. એ કઆનીએ બાબીલોનના જુલમગાર જોહાકને માર્યો હતો એમ તવારિખ જણાવે છે. જોહાકને વાસ્તે દરરોજ બે માણસના ભેજાં જોઇતાં હતાં અને તેથી દરરોજ બે છોકરાને તે મરાવી નાખતો હતો. લુહાર કઆનીના બે છોકરાને એક દહાડો તે મહેલમાંથી પકડી ગયા અને તેમને મારી નાખ્યાં. છોકરાંઓના બાપે પ્રતિજ્ઞા લીધી કે જોહાકને મારૂં કે મરૂં આવી રીતે પોતાનું વેર લેવા માટે તેણે એક ભાલા ઉપર એક ચામડાનો કટકો વાવટા તરીકે લગાડ્યો. કહે છે કે તેણે જોહાકને હરાવ્યો અને પોતાના હાથે તેનું માથું ધડથી જુદું કર્યું. જે ચામડાનો વાવટો ભાલા ઉપર લટકાવેલો હતો તે પાછળથી ઇરાની રૈયતનો પવિત્ર ઝુન્ડો ગણાવા લાગ્યો આ કાવીયાની ઝુન્ડો ઉરાડનાર જુલફામાં જનમ્યો હતો

શાહ આબાસ, ઇરાનનો શાહ, જ્યારે તુર્કો સાથે લડાઇમાં ઉતર્યો હતો, ત્યારે તેણે આરમીઅન લોકોની હુશયારી અને આબાદી જોઇ હતી અને તેથી તેણે કેટલાક આરમીનીઅન લોકોને લાવીને વસાવ્યા હતા અને તેઓ ઉપર શાહની મેહેરબાની હોવાથી તેઓ ઘણી ધીકતી હાલતમાં રેહતા હતા અને તેમની સંખ્યા વધીને દશ હજાર ઉપર ગઇ હતી. આથી તેઓ થોડા વખતમાં ઇસાફાહાનની લોકોની અદેખાઇમાં આવી પડ્યા. સેંટ જોસફનું દેવળ આજે પણ આરમીનીઅનોથી વસાયલા જુલફા શહેરમાં તેમની એક વખતની આબાદીનો ઝાંખો ખ્યાલ આપે છે. શાહ આબાસમાં ધર્મનું ઝનુન જેવું જોઇએ તેવું હતું નહીં, અને તેથી તેણે આગલ રહીને તેમને દેવળ બાંધવાની રજા આપી હતી. આ તેમનું દેવલ બાંધણી, ભપકા અને રોનકમાં ખરેખર કારીગરીનો વખાણવાજોગ નમુનો છે, અને તે બીજા બોલોમાં કહીએ તો મુસાફરને જોવાલાયક છે. આ દેવળમાં બાઇબલ માંહેલી કથાઓના ચિત્રો અને બેહસ્ત દોજખનો ચિતાર દેખાડવામાં આવ્યો છે તે ખરેખર ધ્યાનથી જોવાલાયક છે. આ સઘળાં ચિત્રો એક દોલતમંદ આરમીનીઅન વેપારીએ ઇટલી દેશમાં જોયાં હતાં અને ત્યાંથી વેચાતાં લઇને આ દેવળને ભેટ આપ્યાં હતાં

જુલફા શહેરની આબાદી લાંબો વખત ટકી રહે એવું તે પરમેશ્વરે નિર્માણ કરેલું નહતું. પાછલથી જે શાહો ગાદી ઉપર આવ્યા તેઓ આ જુદદીન લોકો તરફ અદેખાઇ અને અંતસ દર્શાવવા લાગ્યા, અને તેમની દોલત અને તેમના ઘરબાર લુંટાવવા લાગ્યા. ધર્મ ઝનુની ઇરાની શાહોનો ફક્ત એકજ દાખલો આપીશું. શાહ સુલતાન હુસેન એટલો બધો પોતાના ધર્મને મોટો માનતો હતો કે તેણે એવો હુકમ બાહેર પાડ્યો કે જે મુસલમાન ઇરાની એક આરમીનીઅનનું ખુન કરે, તેનો જાન લેવાને બદલે તેને એક ગુણ અનાજનો દંડ કરવો અને તે અનાજ જે આરમીનીઅનનું ખુન થયું તેના કુટુંબને બક્ષીસ આપવો. છેવટે જ્યારે નાદીરશાહ ઇરાન ઉપર ચડાઇ લાવ્યો ત્યારે ઇસફાહાન અને જુલફા બન્નેને તેના દોરથી હેરાન થવું પડ્યું હતું. મૂખ્યત્વે કરીને જુલફાના ખ્રિસ્તીઓને નાદીરશાહના હુકમથી અત્યંત હેરાનગતી અને નુકસાન પુગ્યાં હતાં. આ વખતે આરમીનીઅનો જુલફા છોડીને કોઇ દુરદરાજ જગે નાહસી ગયાં

હતા અને ફક્ત ગણતરીના માણુસો ઇરાનમાં રહ્યાં હતાં. આજે પણ જુનફા આ આરમીનીઅન લોકોની માત્ર ભૂમી છે અને જેઓ બીજે દેશ કે શહેર રહીને ધધો ધાપો ચલાવેછે તેઓ પણ ઇરાન માંહેલા આ પોતાનાં વતને વરસે બે વરસે ફેરો મારી જાય છે.

આરમીનીઅનો ઉપરાંત થોડાક વેલાતના પાદરીઓ પણ જુલફામાં રહે છે અને ઇગ્રેજનું એક દેવળ પણ અહી હસ્તી ભોગવે છે. વેલાતના પાદરીઓએ એક હોસ્પીટાલ રાખેલી છે, જ્યાં ખ્રિસ્તી તેમજ ઇસલામી લોકોને મુફત દવાદારૂ આપવામાં આવે છે.

જુલફા નદી ઉપર એક પુલ બાંધેલો છે તે ઉપરથી ઇસફહાનના શેહેરમાં જવાય છે. આ પુલ તેના બંધાવનાર અલીવરદીખાનના નામે ઓળખાય છે. બધા મળીને આ નદી ઉપર પાંચ પુલો આવેલ છે. પણ આ પુલ સર્વથી ધ્યાન ખેંચવા લાયક છે. એ પુલ ઉપર બંને બાજુએ લોકોને ફરવાની અઢી ફુટ જગા રોકેલી છે, તેમજ વચમાંથી પણ રાહદારીઓને માટે ફરવા હરવાને માટે મોકલાશ છે. આ પુલ ૩૮૮ વાર લાંબો છે અને દુન્યાના જાણવા જોગ પુલોમાંનો એક છે. પુલને નાકે ઇસફહાન તરફ એક મોટો પથ્થરનો દરવાજો છે જેની પછવાડે મેહાર-બાગના નામથી ઓળખાતો પ્રખ્યાત ઝાડપાનથી ભરપુર રસ્તો આવેલો છે.

અલીવરદીખાન પુલને બીજે નાકે જુલફા શેહેરની બાજુએ એક લાંબો બાગ બગીચાથી ભરપુર ફરવા હરવાનો રસ્તો, આસરે અઢી માઇલ જેટલો લાંબો, મએદાનો શાહથી તે ઇસફહાન શેહેરના મધ્ય ભાગ સુધી, છેક પુલના છેડેથી તે હઝાર-જરીબ નામના બગીચા સુધી આવેલો છે. એ રસ્તા ઉપર હારેહાર મોજ-મજાહને માટે નાની નાની અગાસીઓ ઉભી કીધેલી હોય છે અને એ રસ્તા ઉપર અસલથી સેફી વંશના શાહો શેકારગાહની મજાહને માટે ઉતરી પડતા હતા. હાલ ઇસફહાન શેહેર માણુસના અને કુદરતના હાથે એટલું બધું નાશ પામ્યું છે, તે છતાં તેની આગલી જાહોજલાલી સુંદરતા, અને રળિયામણાપણું બાહેરના આવનારને ખુશ કર્યા વિના રેહેતાં નથી

ઝન્દે રૂદ ઉપર બીજા ચાર પુલો બાંધેલા છે. સોળમી સદીમાં શાહ આબ્બાસે એ નદી ઉપર એક પુલે-મારનુન બધાવ્યો હતો જે પુલ ઉપરથી આબાસાબાદ નામના પરામાં જવાતું હતું, પણ હાલ એનું નામ નિશાન જણાતું નથી. અલીવરદીખાન પુલ બધેથી એકસરખો પોહલો છે, પણ પુલે-મારનુન કોઇ જગેથી સાંકડો એ પ્રમાણે બાંધેલો છે, અને કીનારા ઉપરથી જોતાં તે તદન બેડોળ લાગે છે. એજ નદી ઉપર ત્રીજો પુલ છે તેનું નામ પુલે-જુબી કરીને છે, તે ચૌદ આરકાનો ત્રણુસો વાર લાંબો પુલ છે. આ પુલ બાંધવાની મકસદ એ હતી કે શાહનો હફ્ત—દસ્ત—મેહેલ હતો ત્યાં પાણી લઇ જવા માટે બાંધ્યો હતો. આ પુલની નજદીક ગબ્રીસ્તાન નામનું પરૂં આવેલું છે ત્યાં જરથોસ્તીઓ રહેતા હતા. અહીંજ પાછલા જમાનામાં શાહઅબ્બાસ (બીજો) ના વખતમાં તેનો જનાના મેહેલ આવેલો હતો. જે સાઅદત આબાદના નામે ઓળખાતો હતો. ત્રણુસોવારને છેટે બીજો એક પુલ છે જેને પુલેખાજુના નામથી ઓળખવામાં આવે છે. તેને બન્ને છેડે બાગ બગીચાઓ આવેલા છે.

આ નદીના કીનારા ઉપર ઉપરજણાવેલા હફ્ત—દસ્ત મેહેલમાં શાહો મજાહ કરતા હતા. આ મેહેલમાંજ ફતેહઅલી શાહ ઇ સ. ૧૮૩૪ માં મરણ પામ્યો હતો. એ મેહેલની પડખે આઇન ખાને એટલે આરસીનો મેહેલ આવેલો હતો, કારણકે તેના બારણા બારીઓમાં કાચ જડેલા હતા. આ સઘળું હાલ નાશ પામ્યું છે.

નાના ગોલાબના ફુલનું એક બાજુથી ખરી પડેલું પાતરૂં પડેલું દીઠું, જે તેણે ઉચકીને જોયું તો તે બતન હોલમાં "હસ્ત કૃત" ફુલો વાપરે છે તેમાંનું તે હતું, તેણે તે ઉંચકી ખીસામાં મૂક્યું કે આગળ જતાં આ ફુલની પાંખડીજ કંઇ ભેદ ખોલવામાં મદદગાર થઇ પડશે.

કેમ કંઇ પતો લાગ્યો? પ્રેસીડંટે પૂછ્યું

"કંઇ સહેજ પતો મળે છે તે પરથી હું તો ધારૂંછ કે કોઇએ તીજોરી ચાવીથી સહેલ.પથી ઉઘાડીછ ને પછવાડેથી ભાંજફોડ કીધી છે. વારૂં તમારી બેંકમાં કેટલા જણા તીજોરીનો ચાર્જ રાખે છે?" ડીટેકટીવે પૂછ્યું.

"સાહેબ બધા મલીને ચાર જણા, જેમાં આજ મહિનો દીવસ થયો એક જણ તો માંદગીની રજા લઇ ગયો છે," પ્રેસીડંટે ખુલાસો આપ્યો.

"વારૂ બાકીના ત્રણ કોણ છે?" ડીટેકટીવે પુછ્યુ.

"આવો હું તમને દુરથી બતાવું ને તમને જે પૂછવું હોય તે પુછો નહિ" "મારે પુછવું કંઇ નથી મને નામ દો!" ડીટેકટીવે કહ્યું.

એક તો "મનઝેલ" બીજો "રોબીન્સન"!!! ત્રીજો રોરતેર છે."

"વારૂં તે ત્રણમાં કોઇને ફુલનો શોખ છે હોય તો નામ કહો?" ડીટેકટીવે આસ્તેથી પુછ્યું.

મારા વિચાર પ્રમાણે પહેલોજ "મનઝેલ" છે, પ્રેસીડંટે કહ્યું.

"ઠીક તે કેવો માણસ છે, કયાં રહે છે ને તેની હાલત કેવી છે?"

તે ૨૧૭ ઘસ્ટ બોડવેમાં રહે છે ને તે એક માલેતોજાર શખ્સનો ભત્રીજો થાય છે, ને સાથે તે પણ પૈસે ભરપુર છે

"વારૂ મને બતાવશો?" ડીટેકટીવે પુછ્યું.

હા ચાલો કરીને દુરથી તે શખ્સને તેણે બતાવ્યો.

મનઝલ એક મજબુત બાંધાનો ને ખુબસુરત દેખાવનો જવાન હતો તે પોહળી પેશાની ધરાવતો હતો, ને તેનો ચહેરો એવો દેખાવડો હતો કે એનામાં કોઇપણ જાતના દુર્ગુણો છે એમ કોઇને શક આવે નહિ, ડીટેકટીવે પણ પોતાના બહોલા અનુભવ ઉપરથી એકી વખતે નેમ મારી કે આ "સફેદ સાદયામાં એક કાલો શહેતાન છે." તેની બારીક તપાસ કરવા તે ડીટેકટીવ ૨૧૭ ઘસ્ટ બોડવેમાં ગુસ્યો ને તુરતજ દરવાજાપરનો ઘંટ વગાડયો, જેના જવાબમાં એક બુઢી દાસી બાહેર આવીને પુછ્યું:

"બાઈ મી૦ મનઝલ ઘરમાં છે?"

"નહિ સાહેબ, હાલમાં બેંકમાં હશે. હમણા ૦ાા કલાકમાં જમવા આવશે. માટે જરા બેસો," દાસીએ કહ્યું.

"ઠીક બાઇ ઠેંકયુ" ડીટેકટીવે કહ્યું. તે ડીટેકટીવ જાણતો હતો કે મનઝલને તો તેણે બેંકમાં જોયો હતો છતાં તેની તપાસ અર્થે કદાચ કંઇ તોલશો લાગે કરીને તેની ગેરહાજરીમાં તે અહીં આવી પુગ્યો.

અહીં તેનો ફેરો કંઇક વસુલ થએલો તેને લાગ્યો, કારણ હોલમાં તેને બેસાડવામાં આવ્યો જ્યાંથી બેઠો બેઠો સઘળી દીશાએ મોટી મોટી આરસીઓ વગેરે તે જોતો હતો, તેવામાં તેની નજર એક "સેંટરપીસપર" પડી, જેની અંદર કેટલાક બનાવટી ફુલો ગોઠવેલાં હતાં. જેમાં તેણે પેલી તીજોરી આગલ ફુલની પાંતરી પડેલી હતી તેવાજ રંગની તેજ જાતની બીજી એક ફુલની કલી (ગોલાબની) ગોઠવેલી દીઠી, જે જોના તેણે તેમાથી એક ઉંચકીને તેના ગજવામાં મૂકી દીધી.

જરાવાર પછી પેલી દાસીને "પછી આવીશ" એમ કહીને ડીટેકટીવ અરમન રૂખી એ ચાલવા માંડયું. આખો દીવસ તેની બધી

બાતમીઓ મેલવવાનું ચાલુ રાખ્યું. એમ કરતાં તેને સહેલાઇથી માલમ પડ્યું કે મનઝલ એક ઉડાઉ જવાન હતો, ને પૈસાની કીંમત પીછાનતો હતો નહિ, ને વધુ ભોપાલું એમ બાહેર નીકલ્યું કે તેણે "ધકેનોમી સેવીંગબેંકમાં" તેજ દીને પોતાના નામને બદલે, એક ખોટા નામે મોટી રકમ અનામત મુકી.

મી૦ અરમન રૂબીએ બેંકના મેનેજરને ટુંકમાં સઘળી વીગતોથી વાકેફ કીધો, જેના જવાબમાં તેપણ બોલી ઉઠયો.

"બરાબર સાહેબ; તમારી અટકલ ખરીછે."

"કેમ ડાલે તો ના કહેતા હતા કે પૈસાવાલાનો છોકરો છે ને આજે એકદમ તે તે લુચ્ચો કેમ થયો." ડીટેકટીવે તાઇલાં કીધાં.

"'જુઓ સાહેબ તમારા ગયા પછી તુરતજ મેં તેના ચારજમાંના ચોપડાઓ તપાસવા માંડયાં ને ભારે મહેનતે માલમ પડ્યું કે તેણે તો મોટી ગંજાવર ૩૦૦૦૦ પૌંડની રકમ ઉચાપત કીધી છે, જેનો ખુલાસો માગવામાં આવ્યો, મગર—"

"અરરે ભુલ કીધી તમોએ એને કહેવું નહીં હતું," વચમાં ડીટેકટીવ બોલી ઉઠયો. બરાબર છે, ખુલાસો આપવાને બદલે તે બેંકમાંથી નાસી ગયો."

"વારૂ જે થયું તે થયું એ હાલમાં કયાં ગયો હસે?" ડીટેકટીવે પુછ્યું "એ મારા ધારવા પ્રમાણે એના લક્ષાપતી કાકા વોરીક, મનઝલને ત્યાં ઓડીસ્ટાથી ૧૫ માઇલ દુર જ્યોરજીઆમાં ગયો હશે?" મેનેજરે કહ્યું. "ઠીક ત્યારે હવે મને તેની પુંઠ પકડવી જોઇએ ને તેની ખોડ પણ તોડવી જોઇએ," ડીટેકટીવે કહ્યું.

"તમારો મોટો ઉપકાર થશે ને તેનો બદલો હું સારી રીતે વાળીશ. તમોએ ખુશાલ જે ખર્ચ થાય તે કરવો, જરા કચાસ રાખવી નહીં" મેનેજરે કહ્યું હવે જાન્યુઆરી મહીનાની સખત ઠંડીમા મુસાફરી ખાસ કરીને રેલવે મારફતે કરવી તેનો અનુભવ જેને મુસાફરી કીધી હોય તેનેજ ખબર પડે કારણ આપણા હાથ પગ પણ જયાં હોય ત્યાં અકરી જાય ને મોઢું :હિલે પણ નહીં ને થરથર ધ્રુજે તેવી હાડમારી વચ્ચે બીચારો અરમન રૂબી પોતાના નીર્દોષ બેબીની માંદગીનો ખ્યાલ પણ ન કરતાં પોતાની "ફરજ" બજાવવા રાતની ગાડીમાં ચઢી બેઠો.

ભારે જેહમતો અને સેંકડો વિપતીઓ પછી ત્રણ આખી રાતને દીવસ પછી ઓગસ્તાના સ્ટેશન પર તે આવ્યો, જયાં તેને પોતાનો નાસ્તો પાણી લઇને શહેર તરફ ચાલુ મૂક્યું ને અર્ધા કલાકમાં તે એક સુંદર ભવ્ય દેખાવના હોટેલમાં જઇ પુગ્યો ત્યાં તેણે પોતાનું નામ નોંધાવ્યું ને એક ટેબલ પર ટોપી લાકડી મૂકીને આરામ લેતા બેઠો.

પોતાની મનગમતી જોઇતી ચીજ પોતાના રૂમમાં ગોઠવીને બાહેર ફરવા નીકલ્યો કે કંઇબી રવેસે "મનઝલની" ખબર મલે. અને તે પછી પોતાને ઘરે બેબીની માંદગીનો રસ્તો કરે. તેણે કયા હોટેલમા પૈસા ઉડાવ્યા છે, અને કેવી રીતે તે હોટલમાં રહે છે તેની તપાસ તે ડીટેકટીવે કરવા માંડી. આથી તે જુદા જુદા હોટલોમા ઘુસ્યો પણ કેઠેથી પણ તેણે વીસ્તારેલા વીગત મુજબના કોઇ જવાન આવેલાની ખબર મળી નહીં.

આથ્દે નશીબદેવી મી. અરમન રૂબીપર પ્રસન્ન થઇ. એક નાના સુંદર "વેસ્ટ વ્યુ હોટેલ"માં મી. અરમન ડીટેકટીવ ગયો, જયાં તેણે બાર રૂમમાં જરા "ડ્રીંકસ" મંગાવાને કંઇ લીધું; તેટલામાં ત્યાં એક ખુરસીપર એક ફુલ પડેલુ હતું, જેની ઉપર નજર પડતાજ અરમન ડીટેકટીવ ઉઠયો. તે ગુલાબનું ફુલ તેણે હાથમાં લીધું. બેંકની ત્રીજોરી આગળ પડેલા ફુલની પાતરી ગજવામાંથી કાઢી ને સરખાવી જોઇ તો તે તેમાનીજ હતી, જે સઘળું નોંધી લઇને ત્યાંના મેનેજરને પુછ્યું "મહેરબાની કરીને મને જણાવશો કે આ ગુલાબનું ફુલ કોણનું છે?"

"હા ! સાહેબ હમણાંજ એક ખુબસુરત દેખાવનો ને મજબુત બાંધાનો જવાન બહાર ગયો તેનું તે છે. તેવણનું નામ મી. પારસી વીલીયમ લખાવેલું છે. તેવણ હમાં બે દીન થયાં ઉતર્યા હતા ને આજેજ મી. થીયેદાર મનઝેલ જેવણ ઓગરટામાના જંગલમાં રહે છે, તેની સાથે ત્યાંથી ગયા છે. તેવણે ત્યાંથીજ મારી પાસે ત્રણ બતનહોલ લીધા, ને આ એક જે તમારી પાસે છે તે ત્યાં ખુરસીપર નાંખીને તે બેઉ જણા ગયા" મેનેજરે ખુલાસો આપ્યો.

"વારૂં ! મી. થીયેદાર મનઝલ કેવો માણુસ છે ?" ડીટેકટીવે પૂછ્યું. "અરે બીલકુલ ના ! બે વખત તો તેને જુગાર માટે પકડવામાં આવ્યો હતો, ને તેમાં એક વખત દંડ ને બીજી વખત ત્રણ માસની જાત્રાએ માર આવ્યો."

ખુલાસું'ઠીક ! એનું રહેઠાણ ત્યાંથી કેટલું દુર

" તો કેવો છે ને કયાં છે ?" ડીટેક-ડીટેકટીવે ;

" એ રહેઠાણ આ ઉત્તર તરફના તમને જે પૂર્વાથી ૧૫ માઇલ છે ત્યાં છે. પુછવું કંઇ નથી ગમ છે ને ત્યાંથી, એક ટીવે કહ્યું.

નાડ્યા બાદ બરાબર

એક તો " મનઝેલ માટે જો તમોને

બીન્સન " ! ! ! ત્રીજો

ભાડે લો ને

" વારૂં તે ત્રણમાં કોઇને ફુલનો, કરજો."

હોય તો નામ કહો ? " ડીટેકટીવે પુછ્યું.

મારા વિચાર પ્રમાણે પહેલોજ " મન ઝેલ " છે, પ્રેસીડંટે કહ્યું.

" ઠીક તે કેવો માણુસ છે, કયાં રહે છે ને તેની હાલત કેવી છે ? "

તે ૨૧૭ ધ્રસ્ટ બોડવેમાં રહે છે ને તે એક માલેતાજાર શખ્સનો ભત્રીજો થાય છે ને સાથે તે પણ પૈસે ભરપુર છે

" વારૂ મને બતાવશો ? " ડીટેકટી પુછ્યું.

તેટલા તેને ઠોકર લાગતાંજ જમીન પર પડયો ને જમીન સાથ અથડાતાં તેના હાથ માંની બાટલી ફુટી જેથી મોટો-અવાજ થયો, તે ધડાકા સાથેજ આપણા ડીટેકટીવનો ઘોડો ભડકયો, ને એક વિકાળ પ્રાણીની માફક ચાર પગે કુદવા લાગ્યો. એમ કરતાં છેવટે એમદમ દીવાનાની માફક જીવ લઇને નાઠો. થોડેક છેટે ગયા પછી તે પોતાના સ્વારને જમીનપર પટકીને પાછો કોણ જાણે કઇ દીશામાં ગયો, તે કોઇને માલુમ પડયું નહિ. એમ કરતાં કરતાં બે ત્રણ જણાએ મદદ કરી "અરમન ડીટેકટીવ"ને ઉઠાડયો, ટટાર કીધો, તેને પુછતાં સઘળો ખુલાસો થયો.

થોડીક આસાયશ લઇને તેણે ત્યાંથી પગેજ ચાલવાનું દુરસ્ત ધાર્યું. મગર ચાલવાની તાકાત થોડી હતી, કારણ થાક લાગેલી હતી તે ઉપરાંત શરીર પણ થપકાયું હતું.

થોડા વખત પછી મી. અરમન ડીટેકટીવે ધુધમાં ને ધુધમાં ચાલવા માંડયું, ને જોગજોગે પોતાનો રસ્તો મૂકી દઇને આડે રસ્તે નીકળી ગયો. ચાલતાં ચાલતાં તેને રાત પડી, સઘળી બાજુ અંધેરૂં ઘોર થઈ ગયું. બિયાબાનતે સુમસામ જેવું લાગ્યું. એક ચલ્લાનો કે ન કંઇ બીજો અવાજ. એમ કરતાં કરતાં મી. અરમન તદન થાકી ગયો ને હોઠ પેઠ થઇને જમીન ઉપર પડયો. પડનાને વાર તરતજ તેણે એક બળતો દીવો એક દીશાએ ઓચિંતો દીઠો, ત્યાં નજર પડતાંજ તેના જીવમાં જીવ આવ્યો, જરા દમ ખાઇને આગળ ચલાવ્યું. એજ રીતે ચાલતાં ચાલતાં તે જગાએ એક લાકડાંનું બેઠી બાંધણીનું મકાન તેને મળ્યું, જયાં પેલો માનીતો દીવો બળતો હતો.

દરવાજામાંથી દાખલ થઇને બાગમાં અરમન ડીટેકટીવ દાખલ થયો ને ત્યાંથી વરંડા પર જઇ દરવાજા પર ટકોરા માર્યા.

"કોણ છે?" અંદરથી અવાજ આવ્યો અરે સાહેબ, એક મુસાફર છું. રસ્તો ભુલી

ગયો છું, માટે એક રાતનો વિસામો લેવા ઉતારો આપશો? દીટેકટીવે કહ્યું.

તુરતજ તે દરવાજે ત્યાં રહેતા બુઢા મી. થીયોદોર મનઝેલે ઉઘાડયો, ને સલામ કરીને તેને અંદર ઓરડામાં લીધો.

" તમારૂં નામ શું, કયાંથી આવ્યા, ને કયાં જવાના છો ? " બુઢા થીયોદરે પુછ્યું, મારૂં નામ વીરર સ્મીથછે. ને હું પારકેવીલેથી આવ્યો છું ને મારે મારા કામસર કેનટરવીલ જવાનું હતું. દીટેકટીવે અડાવ્યું.

"ઠીક તમારો ધંધો શું? " લુચ્ચા મનઝલે (જે જેલમાંથી નાસી આવેલો) અજાણ્યાને પુછયું. તેની બુદ્ધિ પણ ન હતી કે તેની સામે કોણ હતું. " હું શીયમંદનો એકસાઇઝ ઇનસ્પેકટર છું," દીટેકટીવે તોહલો ફેંકયો.

" ઠીક, ત્યારે તમો બેસો કંઇ ખાવાનું લેશો? " બુઢા મનઝલે પૂછયું " જો હશે તો મેહેરબાની. હું કંઇ તમોને લુંટીશ નહીં,ને તમારી મહેનતનો બદલો પુરતો વાળીશ. દીટેકટીવે કહ્યું.

"અરે! એમાં શું મોટું હમોએ કીધું" બુઢા થીયોદોર મનઝલે કહ્યું " કાંય ? મને રાત આખીનો ઉતારો આપ્યો ને મારી સેવા બજાવી તે તો જુદી. ત્યારે શું હું એવો નગુનો છું? " દીટેકટીવે ખુશામત કીધી. જેમ તમો કહો તેમ કબુલ લુચ્ચા મનઝેલે કહ્યું હવે ઉપલી વાતચીત પછી દીટેકટીવ અરમન રૂમી જમવા બેઠો ને બરાબર પેટની પૂંજા કરીને ઉઠયો.

" હવે સાહેબ ! તમારૂ સુવાનું કેમ " બુઢા મનઝલે પુછયું " જયાં તમો મહેરબાની કરો ત્યાં સુખશ. આએ બાજુના દાદર પરથી ઉપર માળ પર જવાનો રસ્તો છે, ને ત્યાં એક રૂમ છે જ્યાં મારો બેટો થોમસ છે જે ત્યાં સીકનો સીક ચાલવાથી સુઇ ગયો છે, કારણ હવા સારી છે, માટે જો તમો પણ તેની જોડમાં સુવાની તસદી લેઓ તો સારૂં; મગર એટલું મહેરબાની કરીને ધ્યાન રાખજો કે એને ઉંઘમાં બોલવાની કાંસવાની વગેરે આદત છે, તેથી ગભરાતા ના, " બુઢા મનઝલે કહ્યું.

"ચાલો આપણી કયાં ના છે, તમારી મહેરબાની," દીટેકટીવે જવાબ આપ્યો. તેઓ ત્રણે જણા ઉપર ગયા, જ્યાં દીટેકટીવને જગા બતાવી. ત્યાં સઘળું ઠીક ઠાક કરીને નીચે કાકા ભત્રીજા ઉતર્યા. પેલી બાજુ દીતેકટીવ " અરમન રૂમીએ " એક દીવો બળતો હતો તે પકડીને તેના રૂમમાં કોણ સુતું છે, ને કેવો ચહેરો છે, તે જોવા ઉઠયો.

ત્યાં દીટેકટીવે ભારે અજાયબી વચ્ચે જોયું તો એક કોપ બદસીકલ ચહેરાનો ઝનુની ને કુર દેખાવનો, પીલતન જેવા આંગનો શખ્સ સુતેલો હતો, જે કોઇજ નહીં મગર તેનોજ બેટો હતો, એવું તેઓના કહેવાથી અનુમાન કરી શકયો. તેટલામાં તેને ભેકા આવવા લાગ્યા તેથી ચુપચુપ, દગલો, વેસ્ટ, વગેરે કાઢીને જરા ઉંઘ કાઢી લેવાનો ઠરાવ કીધો.

જેવો તે કપડાં કાઢીને સુતો ને વિચાર કરવા મંડયો, તેટલામાં તેને કાઇનો ઉપર આવવાનો અવાજ સંભળાયો. તે જર ઉંઘમાં પડેલો હોય તેવો ઢોંગ કરીને મસ થઇને પડી રહ્યો. જેવો તેણે ઓરડાના દરવાજામાંથી બુઢા મનઝલને અંદર આવતાં જોયો તેવોજ સમજી ગયો કે ત્યાં કઇ ખાનુ જૂનુ કરવાનો તેઓનો વિચાર છે, માટે મોત ચેતીને રહેવું.

બુઢો મનઝેલ થંથેરતો થંથેરતો તેઓના બીછાના આગળ આવી પુગ્યો ને વાંકો વળીને જોવા લાગો કે તેઓ સુતેલા છે યા નહીં, ને પછી કંઇપણ કર્યા વગર ચુપચુપ નીચે દાદરપરથી ઉતરી ગયો.

દીટેકટીવ " અરમન " કાઇબી રવેસે ત્યાંથી નાસી જવાનો રસ્તો જોવા લાગ્યો કે

જઇને સત્તાવાલાની મદદ વડે તેઓનો રસ્તો કરે મગર કંઇ ઇલાજ હતો નહિ કારણ જે દરવાજેથી તે ઘરમાં દાખલ થયો તે એકજ માર્ગ હતો ને બીજો માર્ગ બારી વાટે હતો, જ્યાં નજર કરતાં ત્યાંથી કંઇપણ સીદ્ધા અધકાર સિવાય બીજું દીસ્તું હતું નહિ.

આવંદે ડીટેકટીવે ખુદાપર વિશ્વાસ રાખીને ગુપચુપ નીચે થતી કાકાભત્રીજા વચ્ચે વાત સાંભળવાની કોશીશ કરી ને તેને નીચલા સખુનો સાંભળ્યાં જે સાંભળતાંજ તે આવો બાહદુર ડીટેકટીવ પણ ધ્રુજવા લાગ્યો.

"શું ત્યારે એને મારે ખાડો ખોદીને દાટવો જોઇએ ?" બુઢા મનઝલે પુછ્યું.

"અરે હા રે ! નહિ તો જો એ જીવતો રહેશે તો આપણને પસ્તાવું પડશે, માટે ઉતાવળ કરો, કાકા !" હુસ્યા મનઝલે જવાબ આપ્યો.

ત્યારે ઉઠ બત્તી લે ને લાકડી લે, કુહાડી, ને પાવડો વગેરે હું લઉં છું," બુઢા મનઝલે સુચવ્યું.

ઉપલી સામગ્રી સાથે બેઉ કાકા ભત્રીજા ખાડો ખોદવા જતા હતા મગર સ્વપ્ને પણ તેઓને ખબર નહિ હતી કે તેઓ પોતાને માટે ખાડો ખોદે છે, હાથમાં બતી લઇને બાહેર સહાસ કામ કરવા નીકળ્યા, બતીનો ઉજાસ જેવો બારી વાટે અંદર આંવવા લાગ્યો ત્યારે ડીટેકટીવ "અરબન રૂબી" એ ધારતી બાધી ને બાહેર નાસવાનો રસ્તો શોધવા લાગ્યો.

ઉપલા સંજોગ ઉપરથી વાંચનારે જાણી લીધું હશે કે ડીટેકટીવ "અરમન રૂબીને" પેલા બેઉ કાકા ભત્રીજાએ ઓળખી કાઢયો ને તેનું કાટલું કાઢવાનો વિચાર કીધો હતો.

ઉઘાડે પગેજ તેણે માળ પરની બારી વાટે ન કુદતા દાદર પરથી હળવે હળવે નાચે ઉતરવા માંડયું મગર તેને તો મોતના ડાચામાં પડેલો પોતાને જોયો લુચ્ચો જવાન મનઝલ (બેંકનો કલાર્ક) હાથમાં ભરેલી "રીવોલવર" સાથે દરવાજા પર અંદરથી બંધ કરીને ઉચા ટુલ ઉપર બેઠેલો હતો જ્યારે બુઢો પોતાની બનતી ઉતાવળે ખાડો ખોદતો હતો.

આથી તેણે તુરતજ પાછું ઉપર ચઢી આવવાનું દુરસ્ત ધાર્યું ને તેમ કરવામાં ડા પણ વાપર્યું. તેને લાગ્યું કે હવે માત્ર તેઓની દયા પરજ રહેવાનું રહ્યું. જેવો ઉપર ચઢીને તે ડીટેકટીવ ઓરડામાં દાખલ થાય છે, તેવો તેના મોજાંની એડી એક લાકડાની ફાટમાં ભેરવાઇ ગઇ તેથી તે જરામાં પડી જતો બચ્યો. તુરતજ તેની નજર તે ફાટમાંથી નીચે જેસાબંધ કામ ચાલતું તેપર પડી. તેઓમાંથી એક જણ પતથર પર મોટી ચાકુ ધાર કાઢવા ઘરતો હતો તે પછી તેઓ બેઉ જણા પાછી વાતો કરવા મંડયા જે સઘળું પેલી જમીન લાકડાની ઉપર ઉંઘો પડી કાન દેઇને સાંભળવા લાગ્યો, જે નીચે મુજબ હતી

તારું મત ચોકસ છે કે એજ ડીટેટીવ અરમનરૂબી છે, બુઢા મનઝલે પુછ્યું. બરાબર હું જાણું છું કે એજ ડીટેકટીવ છે, જવાન મનઝલે જવાબ આપ્યો. ઠીક ત્યારે એનો રસ્તો કરી નાખવો જોઇએ, કારણ એક તો તું બચી જશે ને બીજું તો તે માલેતોજાર છે, યાને સાથે નાણાં પણછે, ને વળી એક મોટું હીરાજડીત ઘડીયાલ ને છેડો, ને વલી સાથે આંગળામાં હીરાની કીંમતી વીંટી છે, માટે 'એક પંથ-ઓર દો કાજ' પ્રમાણે એને લાંબો કરી નાખવો જોઇએ. બુઢા મનઝલે સુચના કીધી.

"બરાબર છે. કાકાજી, જલદી રસ્તો કરી નાંખો," જવાન મનઝલે કહ્યું.

ઠીક ત્યારે ભીંતની બાજુએ આપણો "થોમસ" સુતેલો છે ને એને માથે "નાઇટ કેપ" છે પેલો ડીટેકટીવ ઘોલિયાની બાહેરની બાજુએ છે ને માથે કંઇ ટોપી નથી. ચાલવેક હાથ લાવ.

ઉપલા સખુનો સાંભળતાંજ ડીટેકટીવે "થોમસ-થીયેટોર" ને માથેની ટોપી પોતાને

મથે સંભાળથી પહેરી લીધા ને પછી હીમત રાખીને આસ્તે આસ્તે થોમસને ભીંતની બાજુથી સેરવતો સેરવતો બાહેર લાવ્યો ને પોતે મોઢા વેર ઓઢીને માથે તેની ટોપી પહેરીને તેની જગ્યાએ સુઇ ગયો ને મોટે મોટે ઘોરવા લાગ્યો જ્યારે કમનસીબ થોમસને મોઢા વેર ચાદર ઓઢાડીને સુવાડી દીધો.

આસ્તે આસ્તે બેઉ કાકાભત્રીજા હવસી હૃપવાનોની માફક કાળાં કર્તુક કરી પોતાના પાપી જીવને સંતોષ આપવાને ઉપર ચઢયા ને દરવાજો આસ્તે ઉઘાડયો.

અરમાન માટે આ મહોત અને જીવનનો સવાલ હતો. પવનના એક લહેકાથી માથાની ટોપી ઉડી જાય કે કંઇ અકસ્માતથી ચાદર ખુંદરી થાય તો અરમાનનું આવીજ બન્યું હતું, ખચીતજ આવી બન્યું હતું. આવી હાલતમાં તે ખોદાને યાદ કરતો પડી રહ્યો, અને હંમેશ જેમ બને છે તેમ પાપ ઉભરાટે પાપીને બોળે છે તેમ આ પાપીઓ પણ પોતાના જુસ્સામાં ઉતાવળ કરી પોતાના કુટુંબીનેજ એકદમ છાતીમાં ખંજર ભોંકી ઠાર કીધો. 'કર ને જો' અહીં ને અહીંજ છે, તેનો ખોદાની ગેબી અવાજનો પુરાવો મળી ગયો. બાપ દીકરાનું ખુન કરી ખુશી થતો પોતાના ભોગને બાંધી લઇ બહાર દાટવાને નીકળ્યો. દુનિયાના ઢંગ એવાજ છે ને થોડે ઘણે અંશે એવાજ રહેશે.

આ રીતે તેઓ પોતાનાજ કુટુંબીને દાટવા લાગ્યા, જે તકનો લાભ લઇ તે બાહોશ ડીટેક્ટીવ ઘરની બહાર નીકળી પડયો અને દોડતો દોડતો ગામમાં જઇને લોકોને જગાડયા. સતાવાળાને સાથે લઇને મારતે ઘોડે સઘળો વરઘોડો બેઉ કાકા ભત્રીજાની સમક્ષ આવી પુગો. જેવો બુઢા મનઝલે ને પેલા બદમાસ જવાન, મનઝલે પોતાની સામે ડીટેક્ટીવ "અરમન રૂબી" ને જીવતો જાગતો જોયો, તેવાજ તેઓ તદન દિવાના જેવા થઇ ગયા ને બોલવાની કે ચાલવાની શક્તિ રહી નહિ, ઠુંઠડ જેવા થઇ ગયા ને વિચારમાં પડયા કે થયું શું.

તુરતજ ડીટેક્ટીવે પેલા લોકોને અને ત્યાંની પોલીસવાળાને તે બેઉ કાળા કર્તુક કરનારાઓની સામે સઘળું વિસ્તારીને તેઓનો દોજખી દેખાવ કહ્યો, જેમાં તેઓએ કેમ થાપ ખાધી, ને તેઓનેજ હાથે એક નિર્દોષ ભોગ કેમ થયો તે જ્યારે તેમણે સાંભળ્યું ત્યારે સઘળા ફરફેરાઇ ગયા, ને તેઓ પર ફિટકારનતનો ધીટકાર નાખવા લાગા.

પછી પોલીસવાળાને ડીટેક્ટીવ "અરમન રૂબીએ" એક વડા અમલદાર તરીકે કહ્યું. આએ બુઢાને એક કેદીને આશરો આપી મદદ કરવા તથા પોતાના બેટાનું ખુન કરવાના વાંક માટે તમારા તાબામાં લઇને મારી સાથે ચાલો; અને આ જવાન "મનઝલને" ચોરી કરવાના ને ખોટા બેંકના સર્વાયા બનાવવામાં ને પોતાના કાકાના દીકરા થોમસનાં ખુનમાં મદદ કરવા માટે તમારા તાબામાં આપું છું.

ઉપલો હુકમ કરી "પંચકયાસ" કરીને નાના થોમસની લાસ બાહેર કાઢીને તેની ઉપર 'જુરી' ભરીને તેને પાછો દાટી દીધો.

વાંચનારનો કીમતી વખત ન ખોવતાં એટલુંજ કહેવાનું બાકી છે કે મી. અરમન ડીટેક્ટીવે ઉપર મેલેલા ચાર્જ મુજબ મનજલને જન્મ દેશનીકાલની ને બુઢા થીઓડોરને ફાંસીની સજાથી નવાજ્યા. મંઝલ દેશપાર થવા પછી એકદમ દીવાનો થઇ ગયો ને આખરે દીવાનાપણામાં એકાએક પોતાના ગલામાં એક મોટું દોરડું પડેલું હતું તેનો ફાંસો ખાઇને આપઘાત કરી પોતાનો પાપી જાન તે કીરતારને સોંપી વિદાય થયો.

આપણા વાર્તાના નાયક બાહોસ ડીટેક્ટીવ મી૦ "અરમન રૂબીને" તેવણુની મહેનત ને બાહોસીની તેઓના વડાએ પીછાન કરીને તેવણુની સ્તુતિ કીધી ને મોટી પદ્દીએ ચઢાવ્યા.

વ્હાલા ભુલકાંઓની સબીઓ માટે

નાનાં મોટા ફેમીલી "ગ્રુપો" માટે તેમજ ફોટોગ્રાફી અને એનલાર્જીંગને

લગતી દરેક સાચી સલાહ માટે

એસ. હોરમસજી ફોટોગ્રાફર.

મોજુદ છે. આટલા સસ્તા સ્ટુડયો નીકળવા છતાં હમારે ત્યાં ઘરાકોનો

જે ચાલુ ધસારો જોવામાં આવે છે, એજ હમારા

નામ કામની ગેરંટી છે.

હાથી બિલ્ડીંગ, કાલબાદેવીરોડ મુંબઈ.

સાચી સલાહ.

કબજીઆત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વીર્યવીકારના ગમે તેવા દોષ દૂર કરવાના, ગમે તે જાતની અને ગમે તેવી કમજોરી નાબુદ કરવાના, અને સ્મરણ શકિતને સતેજ કરવાના દૈવી ગુણો અમારી

મદનમંજરી ગોળીઓ

ધરાવે છે. એવી સાચી સલાહ તમામ વિદ્વાન વૈદો અને બાહોશ ડાકટરો પોતાના દરદીઓને આપે છે,

કીંમત-ગોળી ૪૦ની એક ડબીનો રૂ ૧.

રાજવૈદ્ય નારણજી કેશવજી

જામનગર—કાઠિયાવાડ.

બ્રાંચ ઓફિસ-નં, ૧૮૭, કાલબાદેવી રોડ મુંબઈ.

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું "વૈદ્યવિદ્યા" નામનું ૬૨૮ પાનાનું વૈદકીય પુસ્તક મંગાવો.

તમોને શું જોઇએ છે!

તમોને સુખ જોઇતું હોય તો પૈસાની જરૂર પડશે, તમોને
પૈસા જોઇતા હોય તો ધંધો કરવાની જરૂર પડશે, તમોને
ધંધામાં આગળ વધવું હોય તો શરીરમાં કૌવત, અને
અંતઃકરણનાં ઉત્સાહ એ બન્નેની જરૂર પડશે,
અને એ બંને મેળવવા માટે તમોને વહેલામાં
વહેલી અને પહેલામાં પહેલી પ્રસિધ્ધ

આતંકનિગ્રહ ગોળીઓ.

જે ખરેખર આ પૃથ્વીપરનું અમૃતજ છે તેની અગત્ય છે.

આતંકનિગ્રહ ગોળીઓનું સેવન કરનાર મનુષ્ય દીર્ઘજીવન, શક્તિ, કાંતિ અને ઉત્સાહ એઓનો લાભ અવશ્ય મેળવે છે. કંટાળો, નિરાશા, થાક અને ચાલુ નબળાઈરૂપ પિશાચ સમુહ જે મનુષ્ય રક્તનું પાન કરવામાં મશગુલજ રહે છે, તેઓને પોતાના તીક્ષ્ણ પંજાથી પાર કરનાર સિંહ સમાન એ ગોળીઓ મનુષ્યને સિંહ સમાન બળવાન અને તંદુરસ્ત બનાવે છે.

કિંમત ગોળી ૩૨ બત્રીશની ડબી (૧) એકનો રૂ (૧) એક, વધારે વિગત જાણવાને અમારૂ પ્રાઇસલિસ્ટ અથવા કામશાસ્ત્ર જરૂર મંગાવી વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

સુરત એજન્ટ
ઉત્તમરામ ઉમેદરામ
રેશમવાળા ઝાંપાબજાર.

માલેકઃ—આતંકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.
મુંબઇ બ્રાંચ કાલબાદેવીરોડ

ETD, 1884
સ્થાપી ૧૮૮૪

બી. અરદેશરની કું.

EDISON PHONOGRAPH AGENCY

હારમોનિયમો

તે કયાંથી ખરીદશો ?

આજથી ૩૦ વર્ષોની જાણીતી થયલી બી. અરદેશરની કુંપની જાહેર પ્રજાને જણાવવાની રજા લેઉછે કે સારા ને ટકાઉ અંગ્રેજી તેમજ હાંના બનાવેલા ઉંચી કવોલીટીના અને હરેક પ્રકારની સારી સામગ્રી વાળા ખાત્રીપૂર્વકજ હારમોનિયમો યાતો તેને લગતો કશો પણ છુટો સામાન જોઇએ તો બી. અરદેશર તમારા ખીદમતમાં હાજર છે હિંદની હવાને બરનોજ માલ કીફાયતે જામીનગીરી સાથે મળશે

ગ્રામોફોનો અને ફોનોગ્રાફો

ફોનોગ્રાફો તેમજ ગ્રામોફોનમાં અમો અનુભવી છીયે તેમજ બનાવનારાઓને ત્યાંથીજ પરભારા આયાત કરનારાઓ છીએ. તમો માગો તેવા હરેક પ્રકારના મોટા જથ્થામાં મોજુદ છે, ગ્રામોફોન તેમજ ફોનોગ્રાફને લગતો સામાન તેમજ પ્રખ્યાત ગાયનકારોના તેમજ નાટકોના ગાયનોના રેકર્ડોનો સર્વથી મોટો જથ્થો તમારી પસંદગી માટે અમો પાસે મોજુદ છે એકવાર પધારી તમારી ખાત્રી કરજો. સારો માલ ને કીફાયત ભાવો.

સીનેમેટોગ્રાફો

છેલ્લામાં છેલ્લી રૂઢીના સીનેમેટોગ્રાફો વેચનારૂં જાણીતું મથક તે બી. અરદેશરની કું. છે, સીનેમેટોગ્રાફો તેમજ નાની મોટી મનપસદ ફીલમોનો જથ્થો અમારે ત્યાં અમેરિકા ફ્રાન્સ, ઇંગ્લાંડ વિગેરેથી આવતો રહે છે લાઇમલાઇટ તેમજ વીજળીકને લગતો અપ-ટુ-ડેટ સામાન અતિશે કિફાયતે અમો વેચીએ છીએ, લગન નવજોતના મેળાવડાઓ વગેરે પ્રસંગોમા અમો સીનેમેટોગ્રાફોના ખેલો મનપસંદ રીતોથી ગમે તે મથકોએ ટુંક વખતમાં બહુજ કીફાયત કરીએ છીએ

એક સારી સલાહ.

શોખીન આલમને કોઇપણ પ્રસંગે ઉપલી કાંઈ પણ ચીજો તમે ખરીદવા ચાહાતા હોવો તો ખાસ કરીને અમારી સલાહ લેશોજી, બીન અનુભવીઓની ફાલતુ દુકાને જવા આગમચ અમારા શો-રૂમની એક વખત મુલાકાત જરૂર કરી લેશોજી. રીપેરકામ નવા જેવુંજ થાય છે. કોઇપણ ચીજો માટે લખો યાતો મળો. સલાહ તદન મફત, કીફાયત, ભાવોને ઉત્તમ માલની ગેરંટી. પ્રસિદ્ધ મથક—એડીસન ફોનોગ્રાફ એજન્સી.

કાલબાદેવીરોડ—મુંબઇ.

B. Ardeshir & Co.

Importers of Harmoniums, Cinematograph,. Gramophones, Records, Ect.
Kalbadevi Road, BOMBAY.

A Trial is Solicited.

Address. "up-to-date" BOMBAY.

ટુંકી વાર્તા.

ભેદી-ટાપુ

(લેખકઃ-ટુ ઈ. સ.)

(પ્રકરણ ૧ લું.)

સોનાની ખાણ.

એલેક મેકડોનલ્ડે અજાયબીની એક ખુબ સાથ ન્યુસપેપર વધારે અધીરાઈથી વાંચવા માંડ્યું. એલેકના દોસ્ત પરસી રતલેન્ડે એલેક તરફ જોયું અને તેની પાસે ગયો.

"કેમ, શું છે, એલેક?" પરસીએ પુછ્યું, "કંઇ વાંચવા લાયક છે કે?"

"'વાંચવા લાયક?' એલેક બોલ્યો "લેની આએ વાંચની. નહિતો ઉભો રહે હુંજ વાંચુછ. જો બરોબર સમજ."

"સોનાનો ભેદી ટાપુ"

લંડન, ૧૭ જાનેવારી, ૧૮૪૦

'બે હબસીઓ અને એક સ્પેન્યાર્ડ કેપટન ન્યુઝીલેંડથી અત્રે આવ્યા છે, તેઓ એવું જણાવે છે કે તેઓએ સાઉથસીઝમાં એક ટાપુ, કે જેમાં સોનું, રૂપું, વગેરે અખુટ છે, તે શોધી કાઢ્યો છે. તેઓ એની બરાબર વીગતો આપતા નથી, પણ વારેઘડી હીરા માણેક વગેરે અજાયબી પમાડનારી ચીજો લોકોને દેખાડી, તેઓને આ વાત માટે વધારે લલચાવે છે. અમને એવું જણાવવામાં આવ્યું છે કે આપણા દેશના ચહેરાઓએ, પેલા ત્રણ મુસાફરો સાથ આ સોનાથી ભરેલા ભેદી ટાપુ પર જવા ગોઠવણ કરી છે. શું આવો ટાપુ હસ્તીમાં છે? એ તો જ્યારે બધા મુસાફરો પાછા ફરશે ત્યારે જણાશે."

પરસીએ આ બધું ધ્યાન દઇને પહેલેથી છેલ્લે સુધી સમજ્યું અને પછી વિચારમાંને વિચારમાં આમ તેમ આંટા મારવા લાગ્યો

"કેમ શું ધાર્યું? શું વિચાર કરેછ?" એલેકે પુછ્યું.

'હેં! શું? હું તો પેલા રાસકલ ફેલીક્સ ડેરનો વિચાર કરૂંછ. તને યાદ છે, તે દહાડે એ બોલ્યો તો કે એની પાસે એક એવો ભેદ છે જેથી બીજા છ મહીનામાં એની પાસે એટલા પૈસા આવશે કે એ આપણ બધાને વેચાતા લેવા માગે તો લઇ શકશે?"

"ઓ! એ એવું કંઇ બોલેલો ખરો, પણ એ એવો જુઠાનો પીર છે કે એનો એક બોલ માનવો નહિ જોઇએ. પણ હું એમ પુછું કે ફેલીક્સને આ ભેદી ટાપુ સાથ શું લાગેછ વળગેછ?"

"જો એલેક હું જાણુંછ, કે એ થોડા વખતમાં ઇંગલાંડની બહાર કેથે મુસાફરીએ જવાનો છે, પણ એ ક્યાં જવાનો છે, તે હું નથી જાણતો; સમજ્યો?"

"પણ તે એના બાપને પુછી જોની. તમે લોકો એક ઘેરમાં રહો ને આટલી ખબર નહિ!"

"એક ઘરમાં તો ખરૂં પણ હું જ્યારે હેઠળ હોઉંછ, ત્યારે એ લોકો જરાએ વાત કરતા નથી. મારે નામની કે ની દીકરા, એ લોકને જબરી અબીત્રો છે. મારો કાંઇ નીકળે કેની તો ફેલીક્સનો બેડો પાર થઇ જાય."

"ઓહો એમ છે કે?" એલેક બોલ્યો.

ફેલીક્સ ડેર એક પચ્ચીસ વરસનો

જવાન્યો હતો. તેના પૈસાદાર બાબાપે તેને ખુબ લાડ લડાવીને છકાવી દીધો હતો. પરસી રટલેન્ડે બહુ જુવાન ઉમરમાં પોતાનાં માય બાપ ખોઇ દીધાં હતાં. તેને ફેલીકસના બાપ મી. ડેરના કબજામાં મૂકી, તેનો બાપ મરણ પામ્યો હતો. પરસીને એક નાનો ફાળો મળ્યો હતો, જે તેને પચ્ચીસમે વરસે મળવાનો હતો, તેટલા વખતમાં તેનું બાજ મી. ડેરને મળતું હતું.

પરસીને ફેલીકસની સાથેજ સ્કુલમાં મૂકવામાં આવ્યો હતો, પણ ત્યાં, ગરીબ બીચારા પરસીને, તુમાખી અને લાડમાં છકી ગએલા ફેલીકસને હાથે ઘણું ખમવું પડ્યું હતું. ત્યાંથી તેઓ કોલેજમાં ગયા હતા અને ત્યાં પરસીએ એલેકની દોસ્તી બાંધી હતી, હાલમાં તેઓ કોલેજની ડીગ્રી મેળવી, મજાહ કરવાં નીકળી પડયા હતા.

"જો એલેક, આપણે એક કામ કરીએ," પરસીએ આગળ ચલાવ્યું, "આપણે ફેલીકસ-ની ઉપર નજર રાખ્યે ને એ કહાં જાએછ તે જોઇ લઇએ. ત્યારેજ આપણને ખબર પડશે કે એ આ ભેદી ટાપુ પર જાએછ કે શું. જો તેમજ હોય તો, બચ્ચા એલેક આપણને જતાં શું છે? આપણથી પેસેંજરનો ખરચ તો નહિ અપાશે, પણ છુપાછુપ ખલાસી-ઓ તરીકે જઇએ તો કેમ? બોલની કેવું લાગેછ? મારી સાથ આવશે કે?

"આવશે કે? તું જો દુન્યાને નાકે જવા તો હોય તોબી હું ત્યાં આવવા તૈયાર છઉં, ને બીજું તો જો આ વાત ખરી હોય તો આપણે લખોપતિ થઇને આવીશું."

"એ તારે તો કહે છે-નહિ, પણ આપણને વખત નહિ ખોવો જોઇએ. આજેજ આપણું કામ શરૂ કરી દઇએ."

"આ પછી, આખો દીવસ આ બન્ને જણાંઓએ પોતાના પ્લાનો સફાઇથી ગોઠવવા-માં કાઢયો અને રાત પડતાં બધી તૈયારી કરી રાખી. બન્ને જણાંઓએ પોતાની બેગ, બીછાના વગેરે બાંધીને તૈયાર કરી રાખ્યાં અને તેઓ બન્નેએ પોતાનું થોડું ઘણું નાણું બેંકમાંથી ઉપાડી લીધું. આવી રીતે તેઓની સફરે જવાની તૈયારી થઇ રહી.

* + *

બીજે દિવસની સવારનો વખત હતો. સર જોન લી અને તેવણની દીકરી મીસ મેરી લી વાત કરતાં પોતાના બગીચામાં બેઠાં હતાં. ખુબસુરત મેરીનાં લગ્નની વાત, જે મેરીના મોઢાપરથી નાખુશ લાગતી હતી, તે ચાલતી હતી.

"મેરી દીકરી, જ્યારે તું નહિજ માનતી ત્યારે હું તુંને આપણી હાલત કહું તે સાંભળ. આપણો "મેરી હૉલ" ઘરાણે છે અને આપણી પાસે એ છોડવવા એક પાંઇબી નથી. થોડા વખતમાં, છ મહીનામાં, માગ-નારાઓ ધાડ લાવશે એવી મારી ખાત્રી છે, અને આ મકાન જે ચારસેં વરસ થયાં આપણી પેઢીમાં છે, તે લીલાઉમાં જશે. મેરી જો વિચાર કર, જો અહીંથી હું બહાર નીકળશ, તો એક દહાડોબી જીવવાનો નથી."

મેરી બીચારી આ કયાં નહિ જાણતી હતી? તેનો બાપ તેની પોતાની દીકરી કરતાં પણ પોતાના બંગલા વાડીને વધારે ચહાતો હતો.

પણ મેરી બીચારી શું જવાબ આપે? તે મુંગી બેસી રહી. તેને તીખી તીખીને જોયા પછી બાવાજીએ આગળ ચલાવ્યું.

"હું તારાંજ ભલાની વાત કરૂંછ મેરી," તેવણ બોલ્યા, "તું જો એક પૈસાદાર ધણીને પરણશે તો તુંજ સુખી થશે ને વળી એટલુંજ નહિ પણ તું તારા બાપનેબી સુખી કરશે. આ બંગલો તારો પૈસાદાર ધણી કરજમાંથી છોડવશે તે એ તારો

પોતાનો થશે. જો દીકરી ત્રણ–ચાર વરસ થયાં હું કંઇ પણ બોલ્યો નથી તેનું કારણ એજ કે આપણી હાલત તે વખતે સારી હતી, પણ હમણાં આપણાં ખાલી નામ સિવાય બીજું કંઇબી બાકી રહ્યું નથી. ફેલીકસ કેરે ત્રણ વખત તારાં હાથની માંગણી કીધીછે પણ તેં તેને મચક આપી નથી. કાંય મેરી? તેનું શું કારણ? નહિ જવાબ આપતી? ઠીક ત્યારે હુંજ તુંને કહું. તું પેલા પરસી રતલેન્ડ પર મરી ફીટીછ. નહિ? પણ જો તું પસતાશે. બેઉની વચ્ચે ફરક જો. એક લક્ષાધિપતિ ને બીજો ભીખારી તું જો ફેલીકસને પરણશે તો એક રાણીની માફક રહેશે, ને આએ આપણો બાપીકો બંગલો બચાવશે, પણ જો તું પેલા સાથ પરણીછ તો—વેલ, તું જાણેછ મેરી કે શું થશે? તમો લોકને ભીખારીની માફક રહેવું પડશે ને તારે માથે તારા બાપનો હંમેશનો શ્રાપ રહેશે. જો, હું તુંને કંઇ દબાણ કરતો નથી. તુંને જોઇએ તે કર, પણ મેં તો તને આ બે રસ્તા દેખાડયાછ.''

સર જોને હાંફતા હાંફતા બોલવાનું પુરં કીધું. મેરી ગરીબ નિર્દોષ મેરી, આ બધો વખત મુંગે મોઢે રડયાં કરતી હતી. જે તેનાં બાપે કહ્યું તે તેણીને બો ખરૂં લાગ્યું, પણ તેણીનો પરસી માટેનો પ્યાર? તેનું પછી શું થાય? તેણી પોતે જાણતી હતી કે તેણી કદી પણ પરસીને આ હાલતે પરણી શકનાર હતી નહિ.

"પપા,...પપા ડીઅર, પણ હું શું કરૂં? હું પરસીને કેવાં પ્યારથી ચાહુંછ તે તો તમેબી જાણોછ,...એને હું કેમ છોડું? ને ફેલીકસ, પપા ફેલીકસ, એક હીચકારો ને લુચ્ચો માણસ, કે જેને હું ધીકારૂં તેની સાથ કેમ પરણું?"

"મેરી, 'પ્યાર' નો સવાલ આમાં છેજ નહિ. ભલે તું ફેલીકસને નહિ ચાહે, એમાં શું થયું? જે મોટી વાત છે તે આ આપણી બાપીકી જમીનની છે. ચારસેં વરસની આપણી ખાનદાની જમીનનું લીલાંઉ થાય? નહિ કદીબી નહિ. મેરી તેં મને ઘણીવાર કહ્યુંછ કે તું મને ઘણી ચાહેછ, ઠીક છે, આ વખતે મને દેખાડી આપ. યાદ રાખજે મેરી કે જે દહાડે આ બંગલો વેચાશે, તે દહાડે હું ગોળી મારીને મરીશ ને મારાં મોતની કાળી ટીલી તારે માથે રહેશે."

"એ પપા, પપા, તમે કેવા ઘાતકી છો, ઓ એવાં તમે કયે દહાડે હતાં," ગરીબ મેરીએ કગળીને કહ્યું.

"ઘાતકી? હું તને આ બીજી વખત કહુંછ કે એમાં કોઇબી ચીજનો સવાલ નથી. આ બાપીકી જમીન બચાવવા જો મારો જાન આપવો પડે, તો તેબી આપવા હું તૈયાર છેઉં. બસ, મેરી હવે ઘણું થયું. બોલ. મેરી મને હવણાં જવાબ જોઇએછ. તું શું કહેછ?"

"જવાબ! હવણા? ઓ પપા, પપા જરા થોભો તો ખરા. જરા મને વિચાર તો કરવા દેઓ. એટલી બધી ઉતાવળ શું છે?"

"જો મેરી, ફેલીકસ બે દહાડામાં બહારગામ જાયછ ને તેથી આજે છેલ્લી વખત તારો જવાબ લેવા એ આવશે. હું હવણાજ જવાબ નથી માંગતો, પણ જો, બરોબર વિચાર કરીને કહેજે ને જોઇએ તો તારા બાપને સુખી કરજે કે દુઃખી કરજે." આટલું બોલી સર જોન ઉઠીને ચાલવા માંડયું.

ગરીબ બીચારી મેરી પોતાનું માથું હાથમાં દાબીને બેસી રહી. તેણી શું કરવું, તે સમજી શકતી નહિ. પોતાના બાપને તે ઘણા પ્યારથી ચાહતી હતી, તેથી તેના કહ્યા પ્રમાણે કરવું કે કેમ તેના વિચારમાં હતી. મેરી એટલું જાણતી હતી કે જો બંગલો વેચાય, તો ખરેજ સર જોન આપઘાત કરે.

અંતે મેરીએ, બે ત્રણ કલાકના વિચાર પછી, પોતાનો ભોગ આપવો નક્કી કીધો અને પોતાની રડતી આંખ્યો સાફ કરીને ઉઠેછ તેટલાં તો મી૦ ફેલીક્સ ડેર મેરીની સામે આવી ઉભા.

પ્રકરણ ૨૭ મું.

પ્યાર !

"ગુડમોર્નીંગ, મીસ લી, કેમ તબીઅત કેમ છે ?" ફેલીક્સે પુછ્યું

"ઓ, ઠેક્યું મી. ડેર, હું તદન સારીકાની છેઉં," મેરીએ જવાબ આપ્યો. થોડોક વખત એમ તેમ વાત કરતાં નીકળી ગયો, અને પછી ફેલીક્સ પોતાની વાત પર ઉતર્યો.

"જોઓ મીસ લી આજે ચોથી વખત હું તમારા હાથની માગણી કરૂંછ...ઉભા રહો મીસ લી પહેલે મને પુરો સાંભળી લેઓ હું તમને અખુટ પ્યારથી ચહાઉંછ ને જે દીવસે હું તમારી સાથ પરણીશ ત્યારે મારી તમામ મિલ્કત તમારાં નામ પર કરશ. મીસ લી, મેરી. મને જવાબ આપ. બે દિવસમાં હું બહાર ગામ જાઉંછ, તેટલાં મેરી, ડીઅર મને હા કે ના કહી દે."

"મી૦ ડેર હું પહેલાંથીજ ખુલાસો કરવા માંગુંછ," મેરી બોલી, "હું તમને જરાબી ચાહતી નથી અને કદી પણ ચાહી શકવાની નથી. હું એક બીજાજ માણુસને ચાહુંછ અને જો તમારી સાથ પરણું તો–પણ હું તેનેજ ચાહતી રહેવંશ"

"ઓ મેરી,જો એટલુંજ હોય તો મારે કંઈબી વધો નથી. પરણ્યા પછી બધું થઇ રહેશે. બોલ ડીઅર તારે હા કહેછ કેની !" ફેલીક્સે ઘણીજ અધિરાઇથી પુછ્યું.

"મેરી બીચારી હવે શું કરે ! આ માણસ કે જેને "ગૃહસ્થ" શબ્દનો અર્થ નહિ આવડતો હતો, તેની સાથ વધારે શું વાત કરે ?

"ઠીક છે મી૦ ડેર હું હા કહુંછ," મેરી બહુજ મક્કમતાથી આ શબ્દો બોલી અને પોતાના બાપ ખાતર, પોતાની આખી જીંદગી બરબાદ કરવા તૈયાર થઇ.

"ઓ, ઠેંક્યુ મેરી ડીયર, હું ઘણોજ ખુશી છેઉં, પણ હવે મારે ઘણો વખત થોભવું નથી. બોલ ડીઅર હવે લગ્ન ક્યારે નક્કી કરવાછ ?

લગ્ન મી. ડેર ? હવણાંને હવણાં શું ઉતાવળ છે, પણ જો તમારી મરજીજ હોય તો, તમારા આવ્યા પછી વાત કરીશું, અને હવે મી. ડેર મને જરા એકલી પડવા દેઓ," મેરીએ કહ્યું.

"જેવી તારી મરજી, ડીઅર, થોડા સારે હું હવે જતે, સાહેબજી," અને એટલું બોલી મી. ફેલીક્સ મેરીને પકડીને કીસ કરવા ગયા, પણ એક ઝટાક સાથ મેરીએ તેને દુર કરી નાખ્યો,

"મી ડેર હું તમને કહેતાં વીસરી ગઇ કે, જ્યાં સુધી હું તમારી બઇરી થઇ નથી, ત્યાં સુધી તમારો મારી પર કંઇ હક નથી. મહેરબાની કરીને જરા એટલું ધ્યાનમાં રાખજો ચાલો સાહેબજી," અને મેરીએ બંગલા તરફ ચાલવા માંડ્યું.

"એમ છે કે બાઇ સાહેબ ? આપણેબી જોઇશું કે અંતે કોણ જીતેછ. હવે તો હું ચાર ઘણો પૈસાદાર થઇને આવુંછ ને તમને જો મારી બઇરી નહિ બનાવું તો, મારૂં નામ ફેલીક્સ ડેર નહિ," એમ પોતા સાથ બબડતા મી. ફેલીક્સ ડેરે દરવાજા તરફનો રસ્તો લીધો.

* * *

"મીસ લી, મી. રટલેન્ડ તમને મળવા આવ્યાછ," મેરીની દાસીએ આવીને કહ્યું.

મેરી જેમતેમ હસતું મોઢું રાખીને હોલમાં ગઇ અને પાંચ સાત મિનીટ વેર બીજી ત્રીજી વાત કર્યા પછી બંને જણાં બગીચામાં ઉતર્યાં.

"મેરી ડીઅર, આજે તું કેટલી ઉદાસ શું છે? મને તો કહે. તું કેટલી ફીકી થઇ ગઇછે," પરસીએ પુછ્યું.

મેરી બીચારી ખરેખર ઉદાસ અને ફીક્કી હતી. પરસીને હાલમાં બધું કહેવું કે નહિ તેના વિચારમાં તેણી પડી હતી.

"મેરી ડીઅર શું છે? શું વિચાર કરેછ? મનેબી નહિ કહે?"

મેરીએ પોતાનું મોઢું ઉંચકી પરસી તરફ જોયું અને પરસીની આંખમાં મેરીએ સાચો પ્યાર અને વફાદારી જોયાં અને એક ડચકાં સાથ પરસીને વળગી પડી.

"સાંભળ ડીઅર, હું તને બધું કેહું," મેરી બોલી.

*　　*　　*

મેરીએ પહેલેથી છેલ્લે સુધી બધી વાત પરસી આગળ કીધી. મેરી પોતે હવે તદન શાંત લાગતી હતી, પણ અંદરથી મેરીનું જીગર ચીરાઇ જતું હતું. પાંચેક મિનીટ સુધી ચુપકીદી ફેલાઇ રહી. એમાંથી કોઇબી બોલ્યું નહિ. અંતે મેરીજ બોલી

"પરસી ડીઅર, તું તો જાણેછ કે હું કોણને ચાહુંછ અને તે કોણ છે. તારા સિવાય મારે બીજું કોઇ નથી ડીઅર,"

"મેરી! મેરી! આ તેં શું કીધું? ડીઅર તારી કેટલી ભુલ? તારા પપા એમ કદી પણ તુંને દુઃખી કરે નહિ. તારે જરા સમજાવવું હતું. ઓ રાસકલ! રાસકલ! ફેલીકસ જો તારી ગરદન, તારી ગરદન, હમણાં મારા હાથમાં આવે તો મચડી નાખું, મેરી, મેરી, હજુબી તારા પપા કઇ નહિ કરે ?"

"પપા? આ બધું તો એવણે કરાવ્યું. એવણ નહિ કહેતે તો એક માણસ કે જેને હું ધીક્કારૂંછ તેને પરણવા હું કદીબી હા પાડને? પરસી, હવે બધું નકામું છે ડીઅર."

"ઓ ખુદા, હવે શું કરૂં મેરી, મેરી તારા વગર હવે મારેથી કેમ જીવાય આએ જુદાઇ કેમ ખમાએ? જો આખો જનમારો કુમારો રહેવો પડશે, તો રહેવશ મેરી આજે અહિં શાને વડે આવ્યોછ તે તું જાણેછ? નહિ? ઠીક સમજ ત્યારે. તું જાણેછ તેમ મારી પાસે પૈસા ટકા કંઇ નથી ને તારા પપા કહેછ તેમ હું એક ભીખારી છેઉં. પૈસા પેદા કરવાના વિચારથી હું થોડા વખતમાં ઇંગ્લાંડથી દુર જવાનો છેઉં. ડીઅર, તેં ન્યુસમાં "ભેદી ટાપુ" વિષે વાંચ્યું? હા! ત્યારે હું એ ટાપુ પર જવાનો વિચાર કરૂંછ. ડીઅર મારી પછી ખાતરી છે કે ફેલીકસબી ત્યાં જાએછ. જો ડીઅર, હું ત્યાંથી પાછો આવીશ તો એક લખપતિ થઇનેજ આવીશ, ને જો તેમ થશે તોજ આપણું કંઇ વળશે. અને જો નહિ આવ્યો તો ધારી લેજે કે હું...હું મરી ગયોછ. ખાલી હાથે આવ્યા કરતાં તો મરી જવું વધારે સારૂં, ડીઅર, પણ એટલું યાદ રાખજે કે આ દુન્યામાં કે પેલી દુન્યામાં તુ ને હું હંમેશ ચહાયા કરીશ. બસ હવે બધું ફોકટ છે, રાત પડવા આવીછ, ચલો હું જાઉંછ," અને પરસીએ ધીમેથી ચાલવા માંડયું.

"પરસી! પરસી! ડીઅર!"

"ગુડ નાઇટ! મેરી!" પરસી પાછળ જોવા વગર બોલ્યો.

"પરસી! પરસી,... "

પરસી ઉભો રહી ગયો અને ધીમેથી પાછળ ફરીને જોયું. એકમિનીટ વેર બંનેએ એકમેકને જોયાં કીધાં, પણ પછી મેરી પરસીને વળગી પડી.

"મેરી માઇ ડાર્લી,... ' પરસી વધારે બોલી શકયો નહિ. મેરીએ પોતાનું મોઢું બે હાથેથી ઢાંકેલું હતું. એક પછી એક આંગલી

પરસીએ ખીસાડી નાખી. મેરીને પોતાને શું થતું હતું; તેનું ધ્યાનજ નહિ હતું. પરસી એ જે તેણીને ફાંસો લીધો તેનું તેણીને જરા પણું ભાન હતું નહિ. મેરીના પગ પણ જાણે અકડી ગયાં હતાં અને જેણી જેમ તેમ પરસી પાસે ઉભી રહી હતી. આસ્તે આસ્તે બંને જણાં બગીચામાં ફરવા લાગ્યાં.

"ડીઅર! મારા જેવી છોકરી માટે તારી જીંદગી કાંય બગાડેછે?"

"એ મેરી જો તુને ચહાવાથી જીંદગી બગડતી હોય, તો તે અત્યાર અગાઉની બગડી ચુકીછે...મેરી ડીઅર વ્યાલ હવે છેલ્લી સલામ"

મરસીએ મેરીને હાથમાં લીધી અને...

બગીચામાં એક પક્ષી જાણે બહેસ્તમાં ગાતું હોય એમ ગાવા લાગ્યું.

મધરાત થવા આવી હતી, તોપણ એ ઓરડામાં ઢોલ્યાપર પોતાનું માથું મૂકી, રોઇ રડતું બેઠું હતું. રાતની શાંત હવામાં તેણી પાસેના દરીયાનો અવાજ સાંભળતી હતી. જાણે દરીઆના મોજાં કિનારે નારાજીથી અફડતા હોય તેવું તેણીને લાગ્યું.

થાકી ગએલી, અર્ધી બેશુદ્ધ થએલી તેણી ખુદાની બંદગી કરવા લાગી. થોડા વખતમાં વળી પાછી શાંતિ ફેલાઇ ગઈ અને તેણી ધોળીયા આગળથી ઉઠી, બારીએ જઇ ઉભી. વરસાદના છાંટા જાણે તેણીને માટે આસમાન પરથી કાંઇ સંદેશો લાવતા હોય, તેવું તેણીને લાગ્યું. તેણીના નાજુક થાકેલા પગો નીચે ધ્રુજવા લાગ્યા અને એક જીણી ચીસ પાડી તેણી જમીન પર બેશુદ્ધ હાલતમાં પછડાઇ પડી.

સ્ત્રીઓ માટે

નીયમિત અટકાવ આવવા માટે

કુમારી આશવ રૂ. ૨)

કોઇ પણ જાણીતા વૈદને પુછી ખાત્રી કરી જોજો.

હ્યુકોરીઆ શીરપ રૂ. ૧ાા

મદરનો કટ્ટો શત્રુ

ધાતુ ચીકાર

રાજવંશી **નવરત્ન ચાકુતી**

રજીષ્ટર ગોળી ૪૦ રૂ. ૧૦

ગમે તેવો ધાતુવીકાર દુર કરી નવી જુવાની લાવેછે પરેજી નથી.

રાજવંશી **સાંધાનું તેલ** રૂ. ૫)

ગુપ્ત નસો મજબુત કરવાને વરસો થયાં વખણાય છે.

ડૉ. ડી. એચ. ભટ

જામલી મોહાલો, મુંબઈ.

અમારે ત્યાં બનતાં અમુલ્ય રત્નો.

કમતાકાતી નપુશકપણું, આંખે ચકકર આવવા, માથામાં દુઃખાવો, છાતીની તળફાબ, નસોની કમજોરી, વીસાતું ફાટફાટ થવું, છાતીનો દુખાવો, કબજીઆત, બદ્દહજમી હમેશા ખાત્રા પર અરૂચી. ભુખનું મરી જવું, હાથ પગ ઝુલા થઇ જાય, અંગમાં મુંજ આવવી, કમતાકાતીને લઇને યાદદાસ્ત ગુમ થવી, પીસાબમાં આગ બળવી, ટચરો જવો, તનખ મારવી, વાંઝીયાપણું વગેરે વગેરે પર અમારી ટોનીક પીલ્સ એક આશીરવાદ સમાન છે.

આઠ દહાડાનો ખોરાક ગોળી સોળ શ્રીમંતો માટે રૂ. ૧૦-૦-૦
" " " ગોળી પચીસ નંબર ૨ રૂ. ૨-૮-૦
" " " " ૫૦ " રૂ. ૪-૮-૦
} વી. પી. પી. જુદું

કોલ્ડ ક્રીમ-તમારા ચહેરા પર પડેલા ડાઘ, ખીલ, ચાઠાં, તાપોડીયાં, કાળાપણું ચામડીનું ફાટવું, પરસીનું થવું, સીતલા સીલકથી ચહેરાનું કદરૂપા બનવું વગેરે પર અકસીર પુરવાર થયું છે. વી. પી. પી. જુદું.

નંબર. ૧ કીમત રૂ. ૨-૦-૦. નંબર ૨ રૂ. ૧-૮-૦ તાની રૂ. ૧-૦-૦ રાજા મહારાજા અથવા શ્રીમંતો માટે ખાસ રૂ. ૫-૦-૦ સુધી વી. પી. પી. જુદું

તમારા ટુંકા વાળ, વાળનું ખરી જવું, માથામાં તાલનું પડવું, નાની ઉમરમાં વાળ સફેદ થઇ જવા, કકરા થવા, ખોડો થવો, તાવની નબળાઇને લઇ માથામાં તાલ પડવી વીગેરે વાળની બીમારીઓ માટે અમારે ત્યાં ખાસ વનસ્પતિના ઉંચા તત્વો ધરાવતા હેરઓઇલો બનાવવામાં આવેછે. કીમત રૂ. ૧-૪-૦ થી રૂ. ૧૦-૦-૦ની બાટલી સુધીનાં. અમારાં હેરઓઇલોમાંથી વાઇટ ઓઇલ અથવા સ્પીરીટ જેવી કોઇ ચીજ પુરવાર કરનારને રૂ. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આવશે. વી. પી. પી. જુદું.

ડીનર પીલ્સઃ—ભુખનું મરી જવું, છાતીમાં ચરો થવો, બદ્દહજમી થવી, અજીરણ, ખાટા ઓડકાર વગેરે પર આના બાર વી. પી. પી. જુદું.

વેજીટેબલ પરગેટીવ પીલ્સઃ-સુખરૂપ જુલાબ, રાતના સુતી વખતે બે ગોળા પાણીસાથે લેવાથી લીવરનો સોજો, ખોટી ગરમી, મળનું ખરાબ જવું, ભુખનું મરી જવું વગેરે પર આના બાર.

નેત્રબીંદુઃ—આંખમાં જાળ, પાણી પડવું, રતાશ રતાંધળાપણું, ફુલાં થવા વગેરે પર અકસીર ટીપાં છે. કીમત રૂ ૧-૦-૦. વી. પી. પી. જુદું.

કર્ણબીંદુ-બહેરાપણું, કાનનું પાકવું, દુખાવો, રસી વગેરે પર અકસીર કીમત બાટલી એકના રૂપીઆ ૧-૦-૦. વી. પી. પી જુદું.

ગોલ્ડ એન્ડ સીલવર પોલીશ-તમારા સોના ચાંદીના દાગીનાને નવા અને ચકચકતા બનાવવા હોય તો વાપરો. બા. કી. ૦-૧૨-૦. વી. પી. પી. જુદું

અમારે ત્યાં ઘણી જાતના અત્તરો, ફુલેલો, દાંતના મંજનો, પેનબામ, પેનલોશન, મધરરીપ, તથા ઘણાં દરદોની દવાઓ બને છે તથા શીખવા માગનારને શીખવવામાં આવે છે. નાટપેડ કાગળ લેવા અથવા ટીકીટ મોકલવા વગર અમે જવાબ આપવા બંધાતા નથી. દરેક દવાનું પોષ્ટ પેકીંગ જુદું. કોઇ પણ દરદની સલાહ ફ્રીમાં. જોતષ સંબંધી અથવા મદ, ભુત, પીશાચ, વગેરે બાધ માટે અમો ખરા ખુલાસા કરીશું. ભાવ પુછાવો.

વેપારીઓને પુરેપુર કમીશન આપવામાં આવશે. નકલી માલના અમો જોખમદાર નથી. નામ તપાસીને લેજો, હરીફાઇ ઘણી છે.

પ્રોફેસર નીસચળ એન્ડ કું૦
મોમાયટર રી. રેવરૂ.
પોષ્ટ બોક્ષ ૧૫૮ કોટ મુંબઇ.

(પ્રકરણ ૩ જું.)

ચાંચ્યાઓના હાથમાં.

" સાન્ટા મેરાયા "

લંડન, ૨૦મી જાનેવારી ૧૮૪૦

" આજે સવારે ' સાન્ટ મેરાયા ' બારામાંથી ઉપડી ગઇ છે. તેની ઉપર બે કરોડપતિઓ, ત્રણ લોર્ડો, મી૦ ફેનીકસ ડેર, એક ઇજનેર અને બે સોનાની ખાણુના અનુભવીઓ ભેદી ટાપુ માટે ઉપડી ગયા છે. આ સ્ટીમર પેલા સ્પેનીશ કેપતનની પોતાની છે. એવી અફવા છે કે મી૦ ડેરે આ ટોળીમાં સામેલ થવા વીસ હજાર પાઉંડ આપ્યા છે. આખી સ્ટીમરમાં ફક્ત ત્રીસજ ખલાસીઓ છે. પણ કેપટનનો વિચાર કોલંબોથી બીજા ખલાસીઓ લેવાનો છે. આપણે તેઓને ભલી સફર ઇચ્છીએ છીએ. "

* * *

એલેક અને પરસી પણ આ સ્ટીમરમાં હતા. તેઓએ બે ખલાસીઓને પઇસાની લાંચ આપી હતી અને તેઓની જગ્યાએ સ્ટીમર પર ગયા હતા.

કોલંબોથી " સાન્ટા મેરાયા " એ બીજા કેટલાક ખલાસીઓ લીધા અને રાતો રાત બારાંમાથી નીકળી ગઇ. સવારે જ્યારે ઉતારૂઓ ડેક પર આવ્યા, ત્યારે તેઓને જણાયું કે પેલાઓ ખલાસીઓ નહિં પણ કોલંબોના લુચ્ચા ગળા કાપુઓ હતા. કેટલાકો આરબો, કેટલાકો તુર્કો અને કેટલાક મેલ્ટ જાતના હતા. આખી સ્ટીમરના ઉતારૂઓમાં ગભરાટ ફેલાઇ ગયો.

એલેક અને પરસીએ પણ જોવા માંડયું કે તેઓ આગળ કેપટન કાંઇપણ વાત કરતો હતો નહિ, પણ બીજાઓ સાથ કાંઇ છુપી મસલત ચલાવતો હતો. પરસી અને એલેકને એકખી દીવસ એકલા રહેવા દીધા હતા નહિ પણ એક દીવસે તેઓને વાત કરવાની તક મળી.

(આ વાર્તાના સાધન માટે આવતો અંક જરૂર જોજો)

પહોંચ અને રીવ્યુ.

નીચલાં કેલેન્ડર, ચોપાન્યા ચોપડીની પહોંચ સાભાર સ્વિકાર્યે છીએ.

ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસનું કેલેન્ડર

સફેદ બાર પાના પર દરેક માસના વાર, તારીખ, હિંદુ તીથી પારસી રોજ અને તહેવારો ખુલ્લા અક્ષરે છાપેલાં છે. સાદુ(પણ વાપરવામાં ઉપયોગી છે.

દુઃખીને દિલાસો, ભાગ ૧૨ મો-રચનાર મી. શો મ. દેશાઇ કિંમત આના ૪ દિલાસા-પત્રો ૧૧૩-૧૨૦.

જરથોસ્ત નામું લખનાર મી પાલનજી દેશાઇ

સાઉથબ્રિટીશ એસ્યુરેન્શ કું" તરફથી ત્રણ રંગમાં સુંદર કાર્ડ ઉપર છાપેલું નાનકડું કેલેન્ડર કે તેમાં જાહેર રજાના દિવસો ઉપરાંત બારમાસના નાના બ્લોક છાપેલા છે આ કાર્ડ ખીશામાં રહે તેવા ઉપયોગી છે. આ કેલેન્ડર ખાસ કરીને દરેકાની ટેબલ ઉપર બહુ સવળતાવાળું થઇ પડે તેવું છે.

સરતું સાહિત્યવર્ધક કાર્યાલયનું સંવત ૧૯૭૨ નું તિથિપત્ર આ તિથિપત્રમાં હિંદુભાઇ ઓ માટે આખા વર્ષના વાર, મહિના, ઇંગ્રેજી તારીખ, અને હિંદુ તિથિઓ રજુ કરનારૂં ઘણું ઉપયોગી કેલેન્ડર થઇ પડશે બ્લુશાહીથી સુંદર હરફે છપાએલું હોવાથી તે ઘરમાં રાખવા જોગ થઇ છે આ કાર્યાલયની આફીસ મુંબઇ કાલબાદેવી, હાથી બીલ્ડીંગમાં આવેલી છે.

ફીપેક્ષ એન્ડ કું. કે જેઓ હાર્ડવેર, યાર્ન, પીશગુડ આયાત કરનારાઓ તેમજ ઘણીક ચીજો નિકાશ કરનારાઓ છે તેઓ તરફથી દરરોજ ફાડવાની તારીખો સાથનું રંગીન છાપેલું કેલેન્ડર મળ્યું છે ઉપર હાલની લડાઇના દેખાવનું રંગીન પીકચર ખુબસુરતીમાં લગાર વધારો કરે છે જાડા કાર્ડબોર્ડ ઉપર છાપેલું પણ સાદુ છે.

" MASIK MITRA "

VOL. 5] MAY 1916. [NO. 59

EDITORIAL COLUMNS

The Humanitarian Era

Another year will well nigh elapse; and we are still where we were. The Great War has now become a curse not only to Europe but to the whole world. The flowers of the rich countries of England, France, Russia and Italy are destroyed; blood has been poured in torrents; gold and silver almost exhausted; infinite pain it has given to mankind in general. One is surprised to see why is there no bell yet rung for peace, lasting peace to enable the nations involved in the fray to breathe in utmost relief for at least a century to come.

A German professor lately professed that Germany like a kind parent punishes and rebukes her naughty children simply for *their* good! Sad indeed. What punishment, what crime, what salvation. "Whatsoever a man soweth" is the law by which Judgment is to be given at the Bridge; there is no evading this great law of life. What, then, we ask, has led the world so amiss? We have more than once pointed out that it is the so called *rational* spirit now prevailing in those parts of the world where the fray is at its highest pitch. Christianity has failed on account of its dull orthodoxy of the catholic branch on the one hand, and its extreme rationalism of the protestant sect on the other. Buddism failed long ago on account of its severe renunciation of all ease earthly; Brahminism bore a similar fate on account of its sects and its conventionalities. Naturally there remains ample room now for *a new world religion*—a universal faith, which instead of dictating that "might is right," should assert that "right is might", which, instead of making the world miserable, should

for a while the petty troubles and sorrows with which he is at times environed, and feels merry and light-hearted like a bird, after its prisonage in some cage, flying on its swift wings, with many a tender thought, and happy affection to its beloved ones: inhaling the holy breath of balmy air learning more ardently to value the **Sweetness of liberty.**

The reflection of impurity on purity.

When the shadow of the earth falls upon the beauteous Moon, behold you, how dark and gloomy the Moon looks, and seems for a while not pleasing to the eye. Thus when the shadow of some evil reflects itself upon the serene mind of an innocent or a happy being, it is absolutely impossible for the latter to be in his usual harmony, or his pleasing simplicity.

The effect of Sorrow.

When too great a shower falls upon the earth, to such an extremity it softens and loosen's her rugged soil, that even the gentlest foot-steps fail not to imprint a mark upon her; yet after a while you see her slowly regaining her aridity. Thus a heart wounded with great grief becomes so tender, feeble, and nervous, that even the kindest allusion to it hurts so much, that it feels unhappy as though a cruel shaft of an arrow were pierced within, its painful and unheeled wound. Still like the earth it fails not in recovering its lost composure and serenity.

The winds in a garden-a reverie.

It was a cool and delicious morn of spring, when the rain-drops fell with indolent tardiness upon the ground, one by one, in delightful succession, like the notes of a passage of music. Yes, I compare it to music, for, everything around me did suggest the mystic charm, and pleasing sweetness of nature's occult and pristine melody, like the voice of a Divine Goddess pervading ethereally into the passionate gush of the winds, that shook, with a mighty force, the limbs and fibres of every tree, plant, and hedge, with such varying and exalted sounds, with shades of such accurate modulations and expression, that it set at defiance the skill and understanding of the most shrewd of connoisseurs.

The winds when in turbulent motion seemed to suggest, musically, for a while, the emotions experienced by a listener to the sound of the waves, when the deep sea, is in grandeur of its majestic and powerful display of snow-white fleecy foams of its swelling billows, to the slumbering souls of humanity, as if endeavouring to reveal the inconceivable strength of its great Creator.

The winds then suddenly subsided into a soft and sentimental air, as if whispering caressingly to the flowers and trees all the enchanting sweet-

ness of pure and sacred love; and which seemed reverberated by a still softer gust of winds, that gracefully slided over the trimbling grass and leaves from an opposite direction.

Again, the winds gradually dilated into a strain of fortissimo fury and prestissimo vivacity as if well representing the unrivalled splendour of the quaint music played to watch a fairy's ball-room.

Once more the winds relinquished their boistrous expression, and developped into a romantic plaintiveness, like the pensive murmurings of a high-born, beauteous maiden imprisoned cruelly and unjustly by a selfish despot for having nobly repudiated the suit of his unrighteous amour.

Such were the suggestions sung forth by the invisible breeze, with varying tunes that rustled through the branches of huge trees that nodded their heads now with confusco liveliness, now with pianissimo gentleness how dying away like a bar of music dexterously and artistically executed in the style of morends And now once again awakening from its momentary swoon to its full and vigorous animation, as if bent to delight even the tiniest creature with its cooling and luxuriant presence, or aimed as if to make dance, everything it touched with its jubilant and sprite-like movements. No marvel therefore if even the butterflies seemed amused at the fantastical whims of the winds, and catching their sportive enthusiasm began jocundly to dance about, upon the velvety soft petals, that offered them a polished smooth surface for the mirthful indulgence of their tiny feet, and so they fluttered first upon the white rose, and then upon the red, and then upon the prink, and then once again upon the white rose; like a human-being that is drunk with joy, and so bewildered as to feel mazy, in fixing its choice upon that particular object from which he imbibes the most relishing draughts of his intoxication.

The aerial breeze failed not to impart its musical motion even to the bright green grass that shook with a dreamy movement its long knee-deep grown blades, that resembled in their undulating motion the gentle ripples of a pellucid rivulet, and so truly did it resemble the heaving waters, that I could not withstand the impulse of wading through the rich, emerald grass, to experience a novel and delicious sensation; naturally therefore I waded through it, when not only were pleasurable sensations awakened within me but likewise I reached a hedge of perfumatory and lovable Durantas, in the vicinity of which grew a carefully cultivated creeper of the Marchel neil, blooming in a fascinating redundancy, and gaily smiling with the sprightly breeze, in the bewitching glory of their precious golden hue enhanced in charm by one, or two, loving lingerings of the radiant and crystalline rain-drops. When I thought to myself how admirably would these roses present a glittering fount of inspiration to the mind of a poet,

ductions. But he was beaten by Napoleon on the field of aphorism. The *obiter dicta* of the great French Emperor sparkle through many a volume, and collected under one cover make interesting, if provocative, reading. Adove all things, they are a key to the mind of the man, revealing in many instances the secret springs of his mighty actions. At the same time, as in the case of all confirmed aphorists, many of his sayings were probably excursions into the realms of playfulness and cleverness. Often enough these realms were grim and sardonic; but the fact should be remembered. Below I give extracts from the sayings of each of these unsurpassadle men.]

Some Sayings of Wellington.

A conqueror, like a cannon ball, must go on. If he rebounds his career is over.

The next greatest tragedy to losing a battle is to win one.

The great secret of battle is to have a reserve. I always had, with the infantry sometimes eight or ten deep, and with the cavalry--no end to the reserve.

What people describe here as ancient abuses, which modern reformers wish to get rid of...are the very things which give us a remarkable support in all our difficulties.

There is only one line to be adopted in opposition to all tricks; that is, the steady straight line of duty, tempered by forbearance, levity and good nature.

Some Sayings of Napoleon.

Power is never ridiculous.

War is a singular art. I assure you that I have fought sixty battles, and learned nothing but what I knew when I fought the first

Love of country is the first virtue of civilised man.

High tragedy is the school of great men.

Cleverness is not wanted in War. What is wanted is accuracy, character, and simplicity.

Religion is an important affair in the public institution for the education of young ladies. *Let them be brought up to believe and not to reason.*

When a King is said to be a kind man, the reign is a failure.

The virtue and *magic of an aristocracy consist in time* and antiquity the only things which I was unable to create.

Conscription is the eternal root of a nation, purifying its morality and framing all its habits.

A general who does great things must possess civil qualities. It is because he is reputed to be the best brain that the soldier obeys and respects him.

Unity of command is the first necessity of War.

Education and history are the great enemies of true religion.

"STEP TO PROPHET ZOROASTER"

Price Rs. 2, "A very useful encyclopædia of things Persian."

To be had at 3, Arsenal Road POONA.

(પારસી સંસારી નવી ચાલુ વાર્તા)

શેહેરાં નહિ મેહેરાં

એક તવંગર — બીજી ગરીબ

ખાસ લખનાર રૂસ્તમજી દો. મીસ્રી.

" નહીં શેહેરાં, મને તું મારા ઘરે જવા દે ! ગમે તે હોય, પણ હું ક્યાં, ને તું ક્યાં ! તારી સાથે હું રહું અને તને બોજા સમાન થઇ પડું તે મારા વિચારથી ઉલટું છે ! તારી બરાબર હું ખરચી શકતી હોતું, તો તારી સાથે રહું ને સાથે ફરૂં તો તને અને મને બન્નેને શોભા લાગે! નહીં તો બલ્યું, તારી દાસી કે ચાકરડી જેવી લાગું અને તેથી મને સારૂં નહીં લાગે ?"

" નહીં ! મેહેરાં, તું મને ઘણી ગમે છે ! મને તારા ડ્રેસનો કશો વાંધો નથી, અને તેનું પણ થઇ રહેશે. ચાલ ડિઅર મેહેરાં, મને દિલગીર ના કર. આજે રાતે મારા ઘરે રહેજે પછીનો બંદોબસ્ત કરી લઇશું."

આ બન્ને મિત્રણો રિફ્રેશમેંટ લઇ રહ્યા પછી શેહેરાંએ ઓર્ડર ચુકવી આપ્યો, અને તેઓ ત્યાંથી ઉઠવાની અણીપર હતાં, તેટલાં એક ઇરાની જવાન પાસેની ખુરસી ઉપર આવી બેઠો. તે ઇંગ્રેજી પોશાકમાં હતો. તેણે આ બન્ને છોડીઓને જોઇને પોતાની ટોપી ઉતારી, અને મેહેરાંને જોઇને વિચારમાં બેઠો. તેઓ બન્ને પછી ત્યાંથી નિકળીને ગાડીમાં બેઠાં.

" એ કોણ ? મેહેરાં એ તનેજ જોયા કરતો હતો !" શેહેરાં આશ્ચર્યથી પુછવા લાગી, અને વળી બોલી, " તને ઓળખતો હોય એમ લાગે છે !"

" મેં પણ એને કોઇ જગે જોયેલો ! આહ ખરા ! એનું નામ દોરાબ વાડીઆ છે. એ સોલીસિટર છે." મેહેરાંએ પણ ઓશાઇમાં જવાબ દીધો.

" વાડીઆ સોલીસીટર મારા બાપાવાજીના સોલીસીટરનું નામ પણ વાડીઆ છે, પણ તેવણનું નામ દોરાબ નથી. તેવણનું નામ પેશતનજી છે. હશે, જે હશે તે—ચાલો."

" હા, પેશતનજી એના બાવાનું નામ. તમારા વકીલનો એ દીકરો થતો હોય તો ? મેં એને એકજ વખત જોયો હતો" એમ બોલતાં મેહેરાંના મોં ઉપરનો રંગ બદલાયો.

" મને ખબર છે ત્યાં સુધી મારા વકીલ પેશતનજીનો દીકરો પંજાબ તરફ કોઇ ઉંચા ધારાશાસ્ત્રીના હોદ્દાપર ગએલો હતો, પણ મેં સાંભળ્યું છે કે તે ત્યાંથી નોકરી છોડી દઇને થોડુંક થયું મુંબઇ આવેલો છે. મેં તેને નજરે જોયો નથી, તેથી તે એ કે બીજો તે કહી શકતી નથી, "શેહેરાં બોલી—

" કાંય, મોટો ઓપ્પો છોડી દેવાનું કારણ ?" મેહેરાંએ અજાયબીથી જવાબ પૂછ્યો.

" એના બાપને એની ગરજ હતી. પોતાની સોલીસિટરની પેઢી ઉપર મદદ કરવા માટે તેને બોલાવ્યો છે આજે બાપની દરકાર કેટલા દીકરા કરે છે ? પણ એ છોકરાએ

પોતાના બાપને ખાતર પોતાનો મોટો હોદ્દો છોડી દીધો છે. જો એ મારા સોલીસિટરનો દીકરો થતો હશે, તો મને હવે વારંવાર કામ કાજ માટે એ લોકની ઓફીસમાં જવુ પડશે ત્યાં એનો મેળાપ થશે. ”

મેહેરાં પોતાના મનમાં બબડી, “ પણ મારી સાથે હવે મેળાપ નહી થાય તો સારૂં” “ તેણી કાપડની દુકાનમાં જ્યારે બેશુદ્ધ થઇ ગઇ હતી તેવારે આ દોરાબ વાડીઆએ તેણીની માવજત કરીને હુશીઆર કરી હતી, તેની યાદ મેહેરાંના દિલમાંથી ભુંસાઇ ગઇ હતી નહીં. વળી તેણીએ તેની મદદ કરવાની દરેક ઓફર કેવી બહાનાં કહાડીને નામંજુર રાખી હતી, તેનો એકેએક શબ્દ તેણીના દીલમાં કોતરાઇ રહેલો હતો. આ વખતે શહેરાં કરતાં ઉતરતી પંકતીનો ડ્રેસ કરેલો હોવાથ તેણી મનમાં વિચાર કરવા લાગી કે ‘ રખેને વળી મારી ગરીબ હાલત ઉપર એનું ધ્યાન ખેંચાય ! ”

આ પ્રમાણે ગાડીમાં વાત કરતા તેઓ ચોપાટી આવી લાગ્યાં. ગાડીમાં ખાનગી વાત કરવી નહીં, એવી તાલીમ શેહેરાંના પટપટીઆ બાપાવાએ આપી હતી, અને એકવાર ટેવ પડી તે હમેશાં રહી જાય છે શેહેરાંએ તેટલા માટે ગાડીમાં પોતાની ખાનગી વાત કાંઇ કાહાડી હતી નહીં, અને તેથી તેઓ ગાડીમાં ઘણું કરીને ચુપ બેઠાં હતાં. મેહેરાંએ દોરાબ વાડીઆનો ચાલુ વિચાર કર્યો હતો, અને શેહેરાંના મનમાં ફક્ત મેહેરાં રમ્યા કરતી હતી, કારણકે મેહેરાંના અફસોસમાં તેણીનો ભાગ હતો

રાત્રે જમી રહ્યા પછી શેહેરાંએ મેહેરાંને વાતે બેસાડી, અને પૂછ્યું “ મેહેરાં, માફ કરજે, તને યાદ અપીને તારૂં દિલ દુઃખી કરવા માગતી નથી, પણ મને પુછયા વિના ચાલતું નથી કે તારા બાપની શા ખબર ! ”

“ કોણ જાણે ! હું શોધતી શોધતી ગઇ અને મને ઘર જડયું ત્યારે તેઓ ત્યાં નહી હતાં. ઘરવાળીએ કહ્યું કે એ લોક ખાલી કરી ગયાં. તેનું નવુ ઠેકાણું કોઇને ખબર નથી. તે શું કરેછ ને કયાં છે તે ખુદાને ખબર ! ”

“ કદાચ, તે તને લખતો હશે અને તને કાગળ મળતાં નહીં હશે!” શેહેરાં બોલી.

આ વાતથી મેહેરાંની આંખમાં પાણી ધસી આવ્યાં, તે શેહેરાં સમજી ગઇ, તેથી તેણીએ આ વાત પડતી મેલી. થોડી મિનિટ બન્નેની વચ્ચે ચુપકીદી પ્રસરી રહી, પણ તે ચુપકીદીને તોડનાર મેહેરાં હતી.

“ શેહેરાં, આજે તેં બોહોત કરી, માટે હું અહીં આવી. હવેથી મને તુ બોહોત કરતી ના. હવે પછી હું તારે ત્યાં નહી આવું. તારા ઘરમાં હું શોભું નહીં ”

“ કેમ ! મારાથી તને કંઇ અપમાન તો નથી થતું ! મારા બોલથી કાંઇ ખોટું થયું છે ? ” શેહેરાં દિલગીર થઇને પુછવા લાગી—

“ નહી તેવું કશું નથી ! મેં તને કહ્યું તેમ તારા અને મારા દરજ્જા વચ્ચે ઘણુ ફેર છે, તેથી આવા ઘરમાં મને રહેવુ પાલવે નહીં. મારાં જોતાં તેવાં કપડાંથી તારી સોબતી તરીકે હું નહી રહી શકું. ફરવા હરવા હું તારી સાથે હવે નહી આવું નહીં; વાસ્તે સૌથી સરસ માર્ગ આ છે કે તું મને પડતી મેલ. વળી તું પૈસા ખરચે અને હું જોયા કરૂં તે મને ઘણું નઠારૂં લાગે. આજે તેં પૈસા ખરચ્યા તેથી મારા ખરકે પાણી ઉતર્યું. મારી પાસે જો પૈસા જમવામાં હોત, તો હું ગાડીવાળાને ભાડું જરૂર આપત, અને આઇસ્ક્રીમના દામ પૈસા તને કદી આપવા દેત નહી ! કોઇ મારા વાસ્તે પૈસા ખરચે, તેથી મને નિચું જોવું પડે છે ! ”

"તારી પસે પૈસા નથી એ હું કબુલ કરૂં છું, તારી દોસ્તી માટે હું આતુર છું તે છતાં તું મને તરછોડી કહાડશે! ફક્ત તારી પાસે પૈસા નથી એટલાજ માટે મારો ચાહ છતાં તું મને તારી સંગત નહી આપશે?" શેહેરાં ખરા અંતઃકરણથી કરગરીને પુછવા લાગી.

"જો, શેહેરાં તું જાણે છે તો ખરી કે મોટાની સુઠે ન્હાનાં ચાલે તો મરે નહીં તો માંદાં પડે. આ કહેવત તું જાણતી તોહશેજ મોટું વહાણ ભરદરીએ જાય તો તરી શકે પણ તેમ જો ન્હાનું વહાણ ભરદરિયે જવાની હિમ્મત કરે તો જરૂર ડુબી જાય. આટલા ઉપરથીજ સમજ કે તારી દોસ્તી મને કેટલી મોંઘી અને ભારી પડે," મેહેરાંએ જવાબ દીધો.

"મેહેરા, આ બધી તારી ડાહી ડાહી વાતો છે, પણ આમાંનું તું મને કશું લાગુ પાડી શકશે નહીં હું તદન જુદી રકમનું માણસ છું." શેહેરાં બોલી.

"હું તને ખુલ્લું કહુંછ તેથી વખતે તને ગુસ્સો લગશે, પણ હું શું કરૂં? નાચાર છું! હું તારે લાયકની સહી હોતે, તો હું તારી સાથે ફરતે," મેહેરાં રડમસ ચેહેરે બોલી.

"મેહેરાં, તારી વાત બધી સહરાગાન ભરેલી છે. ફિલસુફો વચ્ચે આવી વાતો થાય તો સમજ્યાં, તારી પાસે પૈસા નહી હશે, પણ મારી પાસે છે. હું તારા પૈસાની ભૂખી નથી. મેં તને કહ્યું તેમ હું તારી દોસ્તીની ભૂખી છું. તું શું ખરૂં કહે છે કે તારી પાસે પૈસા હતા તે બધા ખલાસ થયા,! તારી સાથે તું સારી કપડાં લાવી હતી તે કયાં છે?"

"હા, તું મને ગમે તે પૂછ, હું તને બધું ખરૂં કહીશ મારી હાલત તારાથી છુપાવવા માંગતી નથી. તું જો મને મળી નહીં હોતે, તો હું બે રોટિવાના પાઉં સાથે ચાહ પીને ખુદાના શુકર ગુજારી કરીને સંતોષથી સુઇ જતે. હું સુરતથી અઢીસો ઉપર રૂપીઆ લાવી હતી, તેમાંથી મેં આઠ મહિના જેમ તેમ ગુજરાન કર્યું અને હવે મારી પાસે પાંચ આના બાકી છે."

"અને હાલ તું કોઇ જગે નોકરી નથી?" શેહેરાંએ પૂછ્યું.

"મારા મુશ્કેલીએ એક કાપડની દુકાન ઉપર વેચણ કરવા નોકરીએ રહી હતી, પણ ત્યાનો કારોબાર લખડુરો હતો, અને આજે સહવારે દુકાન સરકારના હાથમાં ગઇ છે, કારણકે મારા શેઠે નાદારી કોરટનો આશરો લીધો છે. મારો દોઢ મહિનાનો પગાર ચઢેલો છે, તે પછવાડેથી મળશે ખરો, પણ હાલ તો હું દોઢીઆ વગરની થઇ છું. વળી કહે છે કે સંકટ એકલું આવતું નથી તે ખરૂં લાગે છે. આજે સહવારે ત્રામમાં ઘેર પાછી ફરી, ત્યારે ત્રામમાં ગજવામાંથી કોઇ પાકીટ કહાડી ગયું, તેમાં થોડા પૈસા હતા."

"વારૂ, તું સુરતથી આવી ત્યારે સારી કપડનાં ગાસડાં લેતી આવી હતી. એમ હું જાણું છું." શેહેરાં પૂછવા લાગી.

"હા, ખરૂં એ. મુંબઇમાં રહેતાં નાચારીએ એકલા જીવે ૨૫-થી ૩૦ રૂપીઆ જોઇએ છે થોડું ઘણું મને વેચવું પડયું છે, અને થોડા કપડાં ઉપર સેહલને આપવા રૂપીઆ ઉછીના લીધા છે," મેહેરાંએ ખુલાસો કર્યો.

"બેશક, મેહેરાં, તું ઘણી કરકસરથી રહી છે? આ બધી તારી વાત ખરી છે! પચીસ કે ત્રીસ રૂપીઆ મારા હાથમાં પચીસ ત્રીસ કલાક નહી રહે!"

"ત્યારે, તુંજ જો, શેહેરાં, કે હું તારી સાથે ફરા હરી કેમ શકું? હું કોઇ તને ધીક્કારતી નથી, હું સમજું છું કે તું

"બેશક વિચિત્ર વિલ ! માકાશાહ બડા પાક્કા હતા, એમાં તો કશો શક નથી લાગતો !"

"હા, વિચિત્ર વિલ તો ખરૂંજ ! પણ સુરતમાં લોકો મારે માટે વાત કરે છે કે છોકરી બપાવાના કહ્યાસર નહી ચાલી, તેથી માકાશાહને આમ કરવાની ફરજ પડી ! તું જાણેછ, મેહેરાં, હું તો બપાવાજીનો પડતો બોલ ઉંચકી લેતી હતી. ફકત આ ગંભીર બાબદમાં મેં માથું ઉંચકયું તે ખરૂં ?"

"પણ લોકને વિલની વાત કેમ માલુમ પડી ?"

"બપાવાનો ભીખા નામનો બાવરચી હતો, તેની સાથે મને બનતું હતું નહી તેવણુના મરણ પછી મેં તેને રજા આપી, તેથી તે હવે જેમ બોલાય છે તેમ લોકો આગળ મારી નિંદા કરવાને ચુકતો નથી."

"ત્યારે હાલ તારા બંગલામાં કોણ રહે છે ?" મેહેરાંએ પૂછયું.

"મીસીસ જાલ પરવીઝ તરીકે તેની સાથે હું જઇને રહું, અથવા તો જાલ પરવીઝ ત્યાં જઈને એકલો રહે, ત્યાં સુધી તો તે બંધ રહેશે." શેહેરાં હસીને બોલી.

"ઓ શેહેરાં ! ત્યારે એક વરસ પછી તારૂં શું થશે ?"

મેહેરાંને એક વરસ અગાઉથી શેહેરાંને માટે અંદેશો થવા માંડયો.

"સાંભળ ! ડીયર મેહેરાં, એક વરસ જેમ બને તેમ મજાહ ઉડાવવાનો મેં પકો ઠરાવ કર્યો છે. એક વરસમાં 'જેટલું' ફરી હરી લેવાય અને જેટલું જેઇ લેવાય તે જોઇને બની શકતો અનુભવ મેળવવો. બપાવાજીની આવકે એક વરસના બાવીસ હજાર થાય છે તેમાંથી ખાઈ પી ફરી હરી અને જે પેહેરાય ઓઢાય તે પહેરી ઓઢી લઉં, પછીની વાત પછી."

"મુસલમીન લોકો કહે છે તેમ 'કલ હએ ઔર અલ્લાહ હય' શેહેરાં હસતી હસતી બોલી.

"શેહેરાં, એ બાવીસ હજારમાંથી થોડા હજાર તું બચાવે તો તને પાછળથી કામ નહી લાગે ?" મેહેરાંએ ડહાપણ દેખાડયું.

"તેમ નહી બની શકતું, માટે દિલગીર છું ! બપાવાજીના વિચિત્ર વિલમાં એક કલમ છે કે એક વરસની સઘળી આવક મારાં સુખ સગવડ માટે ખરચવી, તેમાંથી એક પાઇ પણ બચાવવી નહી, અને તેમાંથી એક રૂપીઓ પણ મારા નામ ઉપર બેંકમાં મુકવો નહી આવી કલમ દાખલ કરવાની મતલબ તું સમજે છે, મેહેરાં ?"

"નહીં હું નથી સમજી શકતી !" મેહેરાંએ જવાબ દીધો.

"એમાં પણ બપાવની મતલબ છે કે એક વરસમાં પૈસાની રેલછેલથી ખાવા પીવા ફરવા હરવાનો મને શોખ લાગે, તો બીજે વરસે ગરીબાઇની હાડમારીના વિચારથી બીહને હું જાલને પરણુવા હા પાડું અફસોસ છે કે મારા બપાવાએ મને મોટી કીધી, તે છતાં મને હજી બરાબર ઓળખી નહીં શકયા ! જોઇશું આગળ શું થાય છે, તે જોઇશું !" શેહેરાં ભવાં ચઢાવીને બોલી.

"પણ શેહેરાં, હાલ તારો વિચાર ભલો નેક છે. જેને તેં દીઠો નથી તેને પરણુવા હા પાડી શકાયજ કેમ ? પણ એમ સમજ, કે તે તને મળ્યો, ને વાતચીત થઇ, ને વારંવાર મળતાં ભેટતાં તારી પસંદગી તેની ઉપર ઉતરી, ત્યારે પછી ?" મેહેરાંને પૂછયું

"પસંદગી ઉતરે ! અને તે જાલ પરવીઝ ઉપર ! એ અશકય છે !" શેહેરાં બોલી.

" કેમ, એ વાત બની શકે તેવી છે " મેહેરાં બેલી.

" નહી, મેહેરાં, તું જાણતી નથી. એ વાત નહીંજ બનશે "

" અફસોસની વાત છે કે આટલી મોટી દોલત આ એક બાબદને લીધે તારા હાથમાંથી જશે ! " મેહેરાં દિલગીરીનો સાદ કહાડીને બોલી.

"મેહેરાં, મારો વિચાર છે કે બકરોબરમાં વરસીઆવે ત્યાં સુધીજાસને રૂળવાના અખાડા કરવા. બેવટે નામને ખાતર એક બે વખત મળવું અને પછી સુણવી આપવું કે આ બધુ લઇ લો, અને મને પાંચસો રૂપીઆ વરસ દહાડે મળે, તે ઉપર મારે સંતોષ પકડવો, " શેહેરાંએ પોતાના દિલનો ઠરાવ મેહેરાંને કહી સંભળાવ્યો.

" અને તે પણ પરણવા ના પાડે તો તો બધાં નાણાં બેવકુફોને મારેની ચાલમાં જાય એ તો તદનજ વિચિત્રપણું કહેવાય ?!" મેહેરાં અજાયબ થઇને બોલી

બપાવાનો આ ખ્યાલ તદન નવોજ છે ચાલી બંધાય ખરી, પણ છેવટે મને વરસ દહાડે ૫૦૦ રૂપીઆ મળવા જોઇએ મહિને દહાડે આસરે ૪૦ રૂપીઆ મને બસ થશે, કેમ મેહેરાં ?"

શેહેરાં પુરતા સંતોષથી બોલી, અને મેહેરાંને કહેવા લાગી "મેહેરાં, તું મારે માટે દિલગીર થાય છે તે મને ગમતું નથી. જો તને મેં મારી સાથે રાખી છે, તેનું કારણ આ છે કે મારા ઠરાવને અમલમાં મુકવાની એક યોજના જે મેં મારા મનમાં યોજી છે તે તારી મદદથી હું પાર ઉતારીશ તું મને હિંમત આપ હજી તો વરસ પુરૂં થવાને દશ મહીના છે, તેટલાં અગાઉથી દિલગીર થવું તે પડયા પહેલાં રડવા બરાબર છે."

આ પ્રમાણે વાત કરીને બન્ને સુઇઓ સુઇ ગઇ સહવારે ઉઠી શેહેરાંએ મી॰ વાડીઆ સોલિસિટર ઉપર ચીઠી લખી ને મેહેરાં સરકારીને રૂપીઆ એકસોના દરમાયે પોતાની સાથી તરીકે રાખવાની ભલામણ કીધી, જે ભલામણ મી॰ વાડીઆએ તુરત કબુલ રાખી.

" મેહેરાં, લે આ બસો રૂપીઆ તું અમસ્થા લેવા ના પાડે છે, તો તારા પગાર ના પેટે ગણ એમાંથી તું તને ગમે તેવાં કપડાં ખરીદ, અને તારો ઓરડો હાલતુરત કહાડી નાખ, કારણકે દશ મહિના હું તને મારી સાથે રાખીશ એટલું તો ચોક્કસ છે. વળી મને વરસ દહાડામાં બારસે હજાર રૂપીઆ ખરચી ખાવા છે, તો તેમાંથી દસ મહિને તારા ફાળે ફકત એક હજાર રૂપીઆ આવશે, પણ તેથી મને ઘણો સંતોષ થશે "

મી॰ વાડીઆએ મેહેરાં સરકારીને પોતાની ઓફિસમાં બોલાવીને તેણીની નેમણુંક કરી. મેહેરાંને જોઇને તે ખુશ થયો, કારણકે શેહેરાંના સાથી તરીકે તેણી લાયક હતી. મેહેરાં કોણ છે અને કેવી છે તેની તપાસ કરવી એ ત્રસ્ટી તરીકે તેની ફરજ હતી. શેહેરાંએ ખુલ્લું લખ્યું હતું કે હું એને નાનપણથી ઓળખું છું અને મારી સંગાથી તરીકે એ મને બીજી કોઇ પણ કરતાં વધારે માફક આવશે. આથી મી॰ વાડીઆને તેણીની નેમણુંક કરવાને કશો વાંધો હતો નહીં.

મેહેરાં મી॰ વાડીઆ સોલીસિટરની ઑફિસમાં ગઇ, ત્યાંની ગોઠવણ તેણીને પસંદ આવી, અને ખુશ થઇ તે ઓફિસમાંથી ઉતરી, પણ ખુશાલીની સફેદાઇમાં સહેજ દિલગીરીનો કાળાસ મિશ્ર થયલો તેણીનાં ચેહેરા ઉપર જણાયો, સબબકે પેશતનજી વાડીઆનો જવાન બેટો મી॰ દોરાબ વાડીઆ ત્યાં ઑફિસમાં દેખાયો હતો નહીં.

પ્રકરણ ૧૩ મું.

નામીચો ચિતારો.

ચિત્ર ચિતારૂં-જીંદગી સુનર-હું છું જાત પરવીઝ,
વાડી વછીફા-માટે પરણું-બનરો નહિ એ હરગીઝ

દોરાબ વાડીઓ ઓપીસમાં નહિ હતો તેનું કારણ હતું. તે પોતાના એક ઇષ્ટ મિત્રને મળવા ગયો હતો.

દોરાબ વાડીઓ દુન્યાંની ધોળી તેમજ કાળી બાજુઓનો પૂરતો અનુભવ મેળવી ચુકેયો હતો. દોરાબનો બુઝોર્ગ બાપ પેસ્તનજી વાડીઆ હમેશાં કહેતા હતા, કે જો પાકકી કેળવણી આપવી હોય, તો છોકરાઓને ગામે ગામ અને શેહેરેશેહેર મુસાફરી કરાવવી. દોરાબ નાનો હતો, ત્યારે તેની તબીઅત જરૂજ નરમ રહેતી હતી, અને તેથી પેસ્તનજીએ તેને શેહેરેશેહેરનાં પાણી પીવાની તક આપી હતી. ૧૫ વર્ષનો થયો તેટલામાં તેણે ઘણાં શેહેરો દીઠાં હતાં. આ પ્રમાણે તેને ઘડીઘડી બાહેરગામ ધકેલી આપતી વેળા તેનાં સગાં વાહાલાંઓ પેસ્તનજીને ઠપકો આપીને કહેતાં હતાં કે છોકરાને ભણવા દઓ, આમ બાહેરગામ રખડાવ્યા કરો નહિં. સરવેનો ખાતરી હતી કે છોકરો ઘણો ચંચળ છે. આવી રીતે જ્યારે દોરાબ પુરો પાધરો સ્કુલે બેઠો, ત્યારે તેની ઉમ્મર મોટી હતી; તે છતાં તે ઝડપથી થોડાં વરસમાં ગ્રાજ્યુએટ થઇને વળી સોલીસીટરની પરિક્ષામાં પણ પહેલે સપાટે નિકળી ગયો હતો. તેને ઇંગ્રેજી, ફ્રેંચ, ફારસી, ગુજરાતી ઉરદુ, આ પાંચ ભાષા ઉપર પુરતો કાબુ હતો, અને કાયદાનાં પુસ્તકોના ફકરા અને તેનાં પાનાં તેને મોઢે હતાં. વળી તે નિતિ અને રીતભાત અને બુદ્ધિબળમાં અચુક અને પહેલા નંબરનો હતો.

વકીલની પરિક્ષા પસાર કર્યા પછી તેને લાહોરમાં સરકારી આડવોકેટની મોટી પદ્દી મળી હતી, અને આગળ જતાં હિંદુસ્તાનનાં એકાદ મોટાં શેહેરનો જડજ થવાનો તેને ચાન્સ હતો, તે છતાં તેણે પોતાની કીર્તિની દરકાર ન કરતાં પોતાની પદ્દીનું રાજીનામું આપ્યું હતું. પોતાના બાપની તબીઅત હવે લથડતી ચાલતી હતી. એવું જાણીને બાપને મદદ કરવાના શુભ હેતુથી તે મુંબઇ ઉપડી આવ્યો હતો. દીકરો આવી મોટી પદ્દી છોડી દે, એવી પેસ્તનજીની ખુશી નહતી, પણ વળી બીજી રીતે જોતાં, પોતાના દીકરાને પોતાની જુની પેઢીમાં જોડવાથી તેને ખુશી ઉપજી હતી. અત્રે વધુ નોંધી રાખવા જોગ બાબદ આ છે કે આ બાપદીકરા વચ્ચે જોઇએ તે કરતાં સારો એખલાસ હતો, તે એટલા સુધી કે એકને બીજા વગર ચાલતું હતું નહીં.

દોરાબ વાડીઆને મુંબઇ આવ્યાને હજી થોડા મહિના થયા હતા. અને રફતે રફતે તે બાપના કામ ઉપર વધુ ધ્યાન આપતો હતો. હજી તે બાપના બધાં કુળોને ઓળખતો હતો નહિ, અને તેનો બાપ જે બાબદ તેને સોંપે તેની ઉપરજ ધ્યાન આપીને બાકીનો વખત મજાહમાં પસાર કરતો હતો.

માકાશાહના વાડી વછીફા તેણે દીઠા હતા નહિ, તેમજ શેહેરાંને તે ઓળખતો હતો નહિ, તે છતાં માકાશાહનું વિલ તેણે વાંચેલું હતું, તેમજ આ બાબદ ઉપર તે ખાસ ધ્યાન આપનો હતો, કારણ કે વિલમાં જણાવેલા શખ્સોમાંના એક શખ્સનો લાભ સાચવવા તે ખંતી હતો. [ચાલણુ છે.]

ન્યુ કિવન્સરોડ ઉપરના

ચોપાટીના જુના રેલ્વે ફાટકની સામેના

મ્હારાં શો રૂમ્સમાં

તમને ઘણી મનગમતી ચીજો આપશે.

સુંદર નવી ડીઝાઇનના પલંગો.

ભેટ આપવા લાયક ખરા હીરા મોતીના બ્રુચો.

અનેક નાની મોટી કિમતી ચીજો.'

પારણુંઓ તદન નવી ડીઝાઇન તથા ફીનીશ

ફરનીચર માટેના ઉત્તમ રંગો.

વિગેરે, વિગેરે.

શો રૂમ

જરૂર એક વાર શો રૂમ્સપર પધારો

વઝીર મેનશન-ન્યુ કિવન્સરોડ—મુંબઈ.

ચોપાટીના ફાટકની સામે.

એલ. રોયસંપટની કું૦

L. ROy Sampat. ૭૦, એપોલો સ્ટ્રીટ—મુંબઈ.

70, APOLLO STREET, FORT; BOMBAY.

વ્હાલા મુસાફરોની સંભીઓ માટે

નાનાં મોટા ફેમીલી "ગ્રુપો" માટે તેમજ ફોટોગ્રાફી અને એનલાર્જમેન્ટને

લગતી દરેક સાચી સલાહ માટે

એસ. હોરમસજી ફોટોગ્રાફર

તમારે માટે મોજુદ છે. આટલા સસ્તા સ્ટુડીયો નીકળવા છતાં હમારે ત્યાં

ઘરાકોનો જે ચાલુ ધરોશ જોવામાં આવે છે, એજ

હમારા નામ કામની ગેરંટી છે.

ઠે. હાથી બિલ્ડીંગ, કાલબાદેવીરોડ મુંબઈ.

સાચી સલાહ.

કમરદુખાત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વીર્યવીકારના ગમે તેવા દોષ દૂર કરવાના, ગમે તે જાતની અને ગમે તેવી કમજોરી નાબુદ કરવાના, અને સ્મરણ શકિતને સતેજ કરવાના દેશી ગુણો અમારી

મદન મંજરી ગોળીઓ

ધરાવે છે. એવી સાચી સલાહ તમામ વિદ્વાન વૈદ્યો અને બાહોશ ડાક્ટરો પોતાના દરદીઓને આપે છે. કીમત-ગોળી ૪૦ની એક ડબીનો રૂ ૧.

રાજવૈદ્ય નારણજી કેશવજી

જામનગર—કાઠિયાવાડ.

બ્રાંચ ઓફિસ—ન, ૧૮૭, કાલબાદેવી રોડ મુંબઇ.

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું "વૈદ્યવિદ્યા" નામનું ૬૨૮ પાનાનું વૈદકીય પુસ્તક મંગાવો.

"તંદુરસ્તી જાળવવાના ટૂંક નિયમો."

લખનાર-"દીલખુશ"

૧. રોજ સહવારના નાહીને લાંબે વેર ફરી આવજો.

૨. હંમેશ વખતસરજ ખાણું લેજો અને તેના વચમાં કંઇપણ ખાવાથી બનતા સુધી દૂર રહેજો.

૩. તમારી હોજરી પાચન કરી શકે તે કરતાં વધુ ખાતા ના, તેમજ રાત્રે તો બે કોળીઆ ઓછાજ ખાજો, અને હંમેશ ચાવીને ખાજો, યાદ રાખજો કે મહાજન રાજદ્વારી મી૦ ગ્લેડસ્ટન, એક કોળીઓ બત્રીસ વખત ચાવીને પછીજ ખાતો હતો.

૪. દારુ, તંબાકુ અને જલ્લદ ચાહના ઉકાળાથી દૂરજ રહેજો.

૫. ચાહ, જો પીવીજ હોય તો તે કુમળી, તાજી, અને થોડીજ પીજો.

૬. હમેશ તનની સફાઇ સાથે મનની પણ શાંતી રાખજો.

૭. કોઇપણ પીણું ઘણુંજ ગરમ અગર ઘણુંજ ઠંડું કદી લેતા ના.

૮. હંમેશ એકજ બીછાનાપર જ્યાં શાંતી અને હવાની આવ જા હોય ત્યાંજ તમારૂં સુવાનું રાખજો.

૯. રાત્રે જલદી સુઇ સહવારે સકાળે ઉઠવાની ટેવ રાખજો. યાદ રાખજો કે એક માણસને સાત કલાકની ઉંઘ પુરતી છે.

૧૦ રોજ બે કલાક કસરત કરજો, જેથી દીલ હલકું રહેશે

૧૧. તમારા પગ ગરમ અને સુકકા રાખજો અને તમારાં મનને ચાલુ કે આવતી ચિંતાથી નીરાળું રાખજો.

૧૨ ઉદાર દીલ, પરોપકારી જીગર, માયાળુ ખવાસ અને ખાલેસ હેતુ રાખી દીલને ખુશ બનાવી સંસારનું નિમેલું કાર્ય કરવા આગળ ખુદાની બંદગી રોજ જરૂરજ કરજો કે જેથી તે મહાનામી સાહેબની રહેમ તમોપર જરૂરીજ રહેશે. તમારી હાલની હકીકત ઉપર બળાપોકારી નાસબર થતા ના. યાદ રાખજો કે રાત પછી દીવસ ઉગે છેજ તેમ એ દીન વહી જશે ત્યારે તેની યાદબી ન આવશે, તેની ખાત્રી રાખજો.

રમુજ સંગ્રહ.

લખનાર—" Amatuer "

દેશની સેવા

સીપાહો નોંધનાર એક સારજંટ ગામડાંમાંથી પસાર થતો હતો.

સારજંટ (થોભીને)—અલો બુઢ્ઢાજી, જરા મને કહેશો કે આ તારી સાથે ત્રણ જુવાન છોકરા કોણ છે ?

બુઢો ગામડયો—તે મારા દીકરા છે.

સારજંટ—મારા બોહા ! તું તેઓને તારા દેશ માટે લડવા કેમ નથી મોકલતો ?

બુઢો—તમને શું ખબર, દર અઠવાડીએ હું બે છંડા ઘાયલ થયલાની ઇસ્પીટાલમાં મોકલી આપું છું.

કાચું કપાયું.

રૂસી—ઓ મારી હેતની કટકી, ઓ મારી ડાર્લીંગ, બસ તું મને એમજ કહે કે હું તુંને ચાહું છ, તો આજે મને દુન્યામાં સૌથી સુખી માણસ બનાવશે. ઓ ડીયર, બસ, મને હા કહે—

(કાંઇ બુચ દઇને અવાજ થયો)

નહીં એ કીસ તો ભુલાઇ જશે માટે તું આ વખત આપણે યાદ કર્યા કરીએ તેની યાદગીરી તારી પાસેથી આપ, જો મને તારાં આ સોનેરી બાલનો એક નાનો ગુચ્છો કાપી નહીં આપે.

સીરીન—(કાતર લેતાં જોઇને કાંઇ પદપદી) પછી બોલી-ડીયર બસ, તું કાતરે શું કામ મહેનત કરેછ? આખાજ તુંને આપું છ. એના મને ૨૫ રૂપીઆ આપવા પરેલા, પણ તારા પ્યાર આગળ એની કાંઇ બીસાદ નથી. (એમ કહીને માથામાંથી મરેલી મડમનાં બાલ કાઢીને આપ્યા.)

(નોટ—રૂસી કાંઇ તે તરફ જતો દેખાતો નથી.)

भीआं पोतानी गतमां

पेसी—अरे दोस्तो, शुं केउं ? पेलो लीमजी दारुवालो छे ते केनी, ते बिचारो केवो दयाळु ने सखी छे. तमने खबर पेली नाकेनी गलीमां छेला घेरमां एक बुढी रहेछ तेने मारे भाडुं उघरावीने घेरवाळाने आपवाने मारखी लीस्ट फेरवेछ.

एक अवाज—मारा साहेब ते घेर लीमजीनुं पोतानुंज छे !

एक वाजबी दलील.

पोलीसनो सीपाई—ए गाडीवाळा गाडी उभी राख. रातने वखते कां जाय छे.

गाडीवाळो—जाएथ मारे गाम जातो छुं.

सीपाई—ते गाडीने फानस कां छे ?

गाडीवाळो—बतीनुं नी काम पडे. आ मारुं बलदयुं छे ते बेरे आंखे अ धरुं छे ते उजरडुं'नी जोइए.

जराकज भुलकणी.

नं-१—पेला हमणा गर्या ते तमारां धणीआणी हशे. खरेखर घणां सरस छे. तमारे मगरुर थवुं जोइए.

नं-२—साहेब छे तो गजेनी, पण जराकज भुलकणी छे. कारण के थोडाक दहाडा पर में बजारमांथी हजन खमीस लेवा मोकली ते नवी जातनुं एक ब्लाउझ लइ आवी.

खरो परिक्षक.

जाणीतो रमुजी लेखक मार्कटवनने एक पेपरनो अधीपती पोतानी लायब्रेरी बताबतो हतो.

अधीपती—जुओ आ शुं सरस मारबलनुं लीस्ट छे, हुं ए दराली थी खरीदी लाव्यो हतो. एमां आबेहुब एक लेडीने बाल बनावती बनावी छे.

मार्कटवेन—पण, माफ करो साहेब. आप छेक कुदरती नथी.

अधीपती—केम?

मार्कटवेन—जो ए लाइफ उपरथी लीधु हते तो ए लेडीनुं माथुं हेरपीनथी भरेलुं हते.

वखत जोईने वात.

ट्राम कंडकटर—(पोलीसना इंसपेकटरने) साहेब जगा अंदर आवशो एक माणुस मने भाडुं नथी आपतो.

इन्सपेकटर—चालो (अंदर जइने मनमां विचारे छे, के नखोद गीयो ७ फुट लांबो ने चार फुट पहोळो छे ने तेनी पासे पैसा लेतां मरंज पाथरणुं बेसे एवो घाट जोइने बोल्यो) कडकटर, ले हुं भाडुं आपु छ एने जवा दे

पाछां राह्या थजो.

तेणीने विचार थई आव्यो के मारो वहालो मने बराबर चाहेछ के नहीं, तेनी परिक्षा लेवी एम करीने नीचली चीठी लखी—

" जत लखवानुं के महेरबानी करीने मं जे फोटो तमने चोकस वखते आप्यो हतो ते पछो मोकली आपजोजी, कारणके मे नादानपणे आप्यो हतो."

तेवणने नीचलो जवाब मळ्यो.

" हुं लखवाने दलगीर छुं के तमारो फोटोआफ बीजा फोटोमां भेळाइ गयो छे तेथी मने मळतो नथीजी, माटे आ साथे ५०० फोटो मोकलेला छे तेमांथी तमारो चुंटी काढशो अने १५७ मारे खर्चे पार्सलथी रेलवेमां मोकली आपजो."

एनुं नाम ते वेपारनी कुनेह.

वेपारी—आवो भाइसाहेब शुं करोछो?

दोस्त—अरे आवीए तो रोज, पण आ मेरो मेरो जोवानो आरशो शेनो मेल्यो?

वेपारी—ए तो जोनी, बधां बेगं माल लेवा आवे ते एमां जोइने बाल साफ

કરવામાં પડે કે જન ગજ ભરયા પર નજર નહીં પડે.

અરે ઉદ્યોગી.

ઘરાક—મને મચ્છરને દુર કરવાનો એક ગીન પાઉડર આપશો ?

કેમીસ્ટ—હાજી લેઓ.

ઘરાક—એ કેમ વાપરવાનો છેજી.

કેમીસ્ટ—(બેધ્યાનપણે) ખાવાની એક કલાક અગાઉ એક એક ચમચી આપજો.

મોત પછી પણ મોગાઇ

વકીલ—સાહેબ તમારૂં વીલ બનાવ્યું છે, પણ એમાં તમારી મિલકતો કાંઇ એટલી બધી નથી કે મારી મદદ લીધી.

ઘરાક—અરે શેઠ, એ તો હું મરી જાઉં તો મારી પછવાડે રડવા કુટવા ઘણા આવે તેથી એમ કીધું છે-પણ જરા એ વાત બહાર ના પાડતા. લેઓ રૂ. ૫૦ તમારી ફી.

તેને માથેનો મળયો.

દેખાવ—ગાર્ડન પાર્ટી.

એક ગામડયો જવાન—મેડમ જાતમતે-**બાઇ સાહેબ** (મીજાજ જોઇને)—મારા સાહેબ તમુને બીલકુલ રીતભાંત નથી આવડતી. તમે મારી સાથે " ઇન્ટ્રોડયુસ " થયા વગર વાત કરવા શાનાં આવ્યા, તમે ગૃહસ્થ નથી.

તે બીચારો તે બાઇ સાહેબના કોલરપર કાન કચુરો બેઠેલો કાઢી નાંખવા માંગતો હતો. હવે તે કાન કચુરો ગળાંપર ગયો ને બાઇજી તો બુમ મારવા લાગ્યાં. પાસે પેલા ગૃહસ્થ સિવાય બીજું કોઇ નહીં હતું.

બાઇ સાહેબ—અરે જરા આટલો કાન કચુરો કાઢી નાંખોરે તમારો ઉપકાર થશે.

ગામડયો—દલગીર છું, કારણકે એ કાન કચુરા સાથે હું ઇન્ટ્રોડયુસ થયો નથીજી.

ફરીથી ડાહ્યા થજો.

મીસીસ—અરે તમને શું ખબર, બીચારા મારા બાવા તો દરેક માણસને ભેટ આપે, અને ભેટ આપે તે પોતા પાસેની કીમતી ને ખર્ચાળુ ભેટ હોય તેજ આપે.

મીસ્તર—એમ હતું તેમાંજ મને બી તું ડીકરને ભેટ કીધી.

નોટ—[આ વખતે દરજીનો મોટી રકમનો આંકડો જોઇને મીસ્ટર ચેક લખના હતા.]

ખરૂં હેત તે એ.

વેલાતમાં એક જુવાન કુંવારીકાને તેના આશકે એઓર્લયાથી કાગજ લખ્યું તે એમ કહે છે કે ૧૦૦ કાગજના શીટ ભરીને લખેલું હતું જે હું ધારૂંછ " માસીક મીત્ર "ના એક બે અંક ભરાય.

મને કયાં ડંખે છે તે હું જાણું છું.

ઘરાક—(કુતરાને પાછો લાવીને) અરે આ કુતરાને જહાનમમાં નાંખ; તદન જંગુનીને જંગલી જાનવર છે; ને તમે ભલામણ કીધી કે એ બેરીના જેવું અસીલ છે.

કુતરાંનો વેપારી—અરે સાહેબ મેં ખરૂં કહ્યું. તમને ખબર છે કે હું મારી બેરી સિવાય કોઇ બીજી બૈરીના સમાગમમાં આવ્યો નથી.

એબી લડાઇનાજ લોગ.

મજુર—બાઇ સાહેબ, આ મહાન લડાઇનો લોગ થઇ પડેલા આ ગરીબને થોડાં જુનાં કપડાંની મદદ નહીં કરો ?

સખીવબ્લ્ભ બાઇ—હા જરૂર આપું-પણ એ કેમ બન્યું. શું તું લડાઇમાં ગયલો?

મજુર—નહીં બાઇજી, મારી ધણીઆણીએ તે બધા મારાં કપડાં લડાઇવાળા ગામનાં ગરીબ લોક નાસી આવેલાં તેને આપી દીધેલાં.

તેણીને નીરાશ કરશે પણ પછી સઘળું રાહપર આવી જશે.

તે માણસનું ચિત્ત અત્યાર તુલીકમાં વિચારોથી એટલું ચકભમ થઇ ગયું હતું કે ખરાં ખોટાનો તેને મુદ્દલ ભાસ થવા લાગ્યો નહીં. એક ચીજ તેના ચિત્તને આખો વખત રોકી રાખતી હતી તે એ હતી કે તે કામ પોતાની ધણીયાણીની જાણ વગર કેમ આટોપવું કે તે એમ નહીં સમજે કે મેં જાણી જોઇને કીધું. તેણી એટલું તો જોઇ શકી કે તે દહાડે દહાડે બહુજ નખાનો જતો હતો અને પોનેબી ચાલુ ઉજાગરાથી કંટાળી ગયલી હોવાને સબબે દરિયા કિનારાનાં કોઇક એકાંત ગામમાં થોડા દીવસ શાંતીમાં કાઢવા સુચવ્યું, ડયુમોંટે આ બાહનું તરતજ પકડી પાડી હા કહ્યું અને તેથી થોડા અઠવાડયાં માટે શાપેલાવ ખાતે એક 'કોટેજ' ભાડે લીધું. ત્યાં ગયા પછી ડયુમેંટને એકાએક 'ફોટોગ્રાફી'નું મોટુ ચેનક લાગ્યું અને તે ઉપરથી તેણે રસાયણુ અખતરા કરવા શરૂ કર્યું. એક સહવારે તેનું અઘોર કર્મ સફળ ઉતર્યું જેથી પોતાની બઇરીને અખતરા કરતો હતો તેમાં મદદ કરવા માટે સમજાવી. તેઓ સાથે સાથે થોડાક વખતના કામ ઉપર મંડયા હતા, આડીસ એક ટેબલ ઉપર વાકી વળી થોડીક 'એસીડો' ભેળવામાં મશગુલ હતી. ડયુમોંટ થોડીક શીશીઓ આમતેમ ગોઠવતો હતો અને એકુ બે થાળી જેવી રકાબી રોકી ડીરક કે જેવી 'ફોટોગ્રાફી'માં 'ડેવલપ કરવાના કામમાં વપરાય છે તેવી તેણીના માથા ઉપરની અભરાઇ ઉપર ગોઠવી. અચાનક તેણે તેણીને કોઇ કરવા કહ્યું અને તેથી તેણી સમજવા સારૂ પોતાની ટેબલ આગળ વાંકી વળી કામ કરતી હોવાને સબબે માથું ઉંચું કીધું કે નરતજ તેણે પોતાનો હાથ એવા સફાઇથી ખેંચી લીધો કે તેના ડગલાની બોય ઉપર મુકેલી 'સલફ્યુરીક એસીડ' ભરેલી 'ડીસ'ને લાગી અને તેની અંદરની સઘળી એસીડ તે અભાગણી અબળાના ઉંચા કીધેલાં સુંદર મુખ ઉપર ઢોળાઇ. અત્યારે જે દેખાવ થઇ રહયો તે લીસતા રવાને આ કલમમાં તાકાત નથી. કહો કે તે કહી શકવાને પુરતા બોલો જડતા નથી. તે સ્ત્રી મહા દુઃખથી એવી રીતે ચીચીયારીઓ પાડવા લાગી કે એવો દયાહીન પુરૂષ ત્યાંને ત્યાંજ જાણે લકવો થયો હોય એમ બીહીકથી જડ થઇ ગયો કે જ્યારે ફકત પેહેલીજ વખ્ત, પોતે તેને કીધેલાં આંધળા કામનો પુરેપુરો ખ્યાલ તેને આવ્યો.

જ્યારે પહેલે ઝટકે લાગેલી બીહીક ઉડી ગઇ ત્યારે પુરૂષ બહુજ ખુશીમાં ચાલી ગયો, દયાહીન ખુશીમાં ગરકાવ થયો. "હવે તેણી મારી થઇ છે-આખી મારી," તેણે વીચાર્યું "તેણી કદીમી પાછી નાટક તખ્તા ઉપર જંઇ શકશે નહીં અને હવે મારા સિવાય તેણીને કોઇ દીઠી શકશે નહીં."

તે તેણી તરફ વધુ ને વધુ દયાળુ બનતો ગયો અને દરહમેશ પોતાની અણુજાણુ ભુલની માફી ચાહતો. તે સ્ત્રીનું દુઃખ અસહય હતું, પણ તે માણસનો અથાગ પ્યાર અને તેણીની ઉપરનું મરી'ફીટવું' તેમજ 'તેણી હમેશ તેની આંખમાં આગળના જેટલીજ ખુબસુરત છે' એવા તેના બોલો તેણીનું દુઃખ થોડું ઘણું ભુલવાને મદદ કરતા હતા.

"તે મને આગળ માફકજ ચાહશે," તેણીએ વીચાર્યું" અને મને પણ આખી દુન્યામાં તેનો પ્યારજ જોઇએ છે" તેણીએ કદીબી ઠપકાનો એક અક્ષરબી પોતાના હોઠ બાહેર નીકળવા દીધો હતો નહીં જોકે નાટક તખ્તા ઉપરની તેણીની બધી હોશભર આશાઓ પાણીમાં મળી ગઇ હતી.

તે પુરૂષ માટે એક આખું વરસ બહુજ હર્ષમાં ગયું અને તે દુન્યામાં પોતાને બધાથી સુખી સમજવા લાગ્યો. તે સ્ત્રી કે જેણીને તે દીવાનાની સદાથી પુંજતો હતો તે બધી આખી તેની પોતાની એકલાનીજ થઇ હતી તે દુન્યાને ગોલાબી કાચના ચશમાથી જોવા લાગ્યો, અને તેણીનો કદરૂપો ચેહરોબી તેને સઉથી ખુબસુરત દેખાવા લાગ્યો.

* * *

આખરે આસ્તે આસ્તે તેની લાગણીઓ ઉપર ફેરફાર થવા લાગ્યો. તે પોને ખુબસુરતીનો શોખીન હતો અને તેથી હરહમેશ તે કદરૂપા ચેહરાને પોતાની સામે જોઇ કંટાળવા લાગ્યો તે તેણીનો પેહલેનો ફોટોગ્રાફ લઇ કલાકો સુધી ટીકવા લાગ્યો અને પછી જયારે તે પીકચરના જીવતા આકારને જોતો કે તેણીના ચેહરાનો દેખાવ તેને હમેશનો ધકો આપતો તેમ માલમ પડતો. ઓહ ! તે ભયંકર દેખાવ ત્યારે શું તેને પોતાની સ્ત્રી આ રીતે કદરૂપીજ થયલી જોઇને હવે તેને ગમતી ન હતી ? તે વિચારજ તેને કમ... ભાવતો હતો અને તેથી પોતાના મનના જુસ્સાઓને કાબુમાં લેવા જેહમત કરવા લાગ્યો. તેણે પાછું તેણીની માફી ચાહવાનું ચાલુ કર્યું અને કલાકો સુધી તેણીના ધુંટણ આગળ બેશી તે તેણીને કેટલો બધો ચાહતો હતો તે નિસનારીને કેહવા લાગ્યો પણ તેના પોતાના કાનોને તે આગલા પેરે જુસ્સાવાળા ખરા મનના લાગતા નહીં અને તેના બોલોના દરેક પડઘા જાણે તેની ઘતકી મશકરી કરતા હોય એમ હસતા સંભળાતા. આખરે તે પોતાના અંતઃકરણથી ખરી વાત છુપાવી શકશે નહીં. હવે તે તેણીને ચાહી શકતો નહતો. તે સ્ત્રી કે જેણીને તેણે કદરૂપી બનાવી હતી તેને હવે તે ચાહી શકતો નહતો,

પરંતુ બીજી સ્ત્રી આગલા દીવસની તેની સ્ત્રી તેણીને તે હજી ચાહતો હતો, અને તેથી તેણીના ફોટોગ્રાફને ટીકી ટીકીને જોઇને દીવાનની અદાથી ચુંમીઓનો વરસાદ વરસાવતો પણ આ સ્ત્રી, પોતાના દયાહીણ કાર્યોથી કદરૂપી બનેલી સ્ત્રીને તે હવે ધીકકારવા લાગ્યો.

હવે તદન જુદા વિચારો તેના ભેજામાં ભમવા લાગ્યાં. આ માણસનો સ્વભાવ કાંઇ ઓરજ હતો તેનું ભેજું બહુજ ચાલાક હતું (કારણ તે એક ચિતારો તેમજ કવી હતો) કે જેથી તરેહવાર પ્લાનો પોતાના ભેજામાં સહેલાઇથી ઉપજાવી કાઢતો હતો. હવે આ વિચાર તેને ફરીને ફરી આવ્યા કીધો "અગર જો હું તેણીને જોઇ શકતો ન હેતું તો તેણી પેહલી જેવી ખુબસુરત હતી તેવોજ મને ખ્યાલ આવ્યા કરશે."

પછી તે માણસ માટે ઘણોક કગાળમત ભરેલો વખત પસાર થયો. તેની સુખી પળો એટલીજ હતી કે જ્યારે તે પોતાની આંખો બંધ કરી તેણીના પગો આગળ બેસતો, અને તેણી તેને કંઇક પઢી સંભળાવતી, કારણ તેણીનો અવાજ આગળ જેટલોજ મીઠો હતો: અથવા તો સાંજે પાછો ખુરસી ઉપર આંખ બંધ કરી પડતો, અને તેણી તેના ખોળા ઉપર બેસી, સુંદર ગાયનો ગાઇ તેને રીઝવતી, ત્યારે તેને આગળના જેવું સુખ સંપાદન થતું, અને એવું લાગતું કે જાણે પોતાના 'હનીમુનનું' પહેલું અઠવાડયું ચાલતું હોય; ત્યારે તે બહુજ સુખી દેખાતો હતો. પણ ઉઘાડી આંખે તેણીની સામે બેસવું તેને માટે દુઃખ ઉપર ડદામ દેવા જેવું હતું. જે ભયંકર દુઃખ હવે તેને ખમવું પડતું હતું તે તદનજ અસહ્યથઇ પડતું પણ જ્યારે તે એમ વિચારતો કે તેણીએ આટલું બધું તેનાથી ખમવા છતાં, ઠપકાનો એકબી શબ્દ તેણીએ કદી તેને કહ્યો હતો નહીં, અને તેજ પોતાને હાથે જાણી જોઇને સુખી થવા માટે બનાવેલો કદરૂપો ચેહેરો

તેણીને પોતાથી અલગ કરવા સુચવતો, તે ખ્યાલ તેને તદનજ દીવાનો બનાવવા પુરતો હતો. ધીમેધીમે હવે આ ખ્યાલ તેના મન ઉપર મજબુત ઘર ઘાલી બેઠો, અને તેને અટકાવવા બીજી યોજના રચવા લાગ્યો. આ સ્રી તેને દેખતી, આંખે ગમતી ન હતી. એ અટકાવવા કોઇપણ ભોગે મક્કમ પગલાં ભરવાનો તેણે નિશ્ચય કીધો.

આખરે એક દીવસે તેને આ વિચાર સુઝયો. અગરજો હું આંધળો બનું તો હું તેણીને જોવા પામું નહીં! અને ત્યારે તેણી આગલ જેવી ખુબસુરત હતી તેવોજ વિચાર મને આવશે! મેં તેણીને કદરૂપી કીધી અને તેણીની જીંદગી દુઃખી બનાવી.

આ વખતે તેની આંખો થોડીક બગડવા લાગી હતી તેથી તેણે પોતાના એક મિત્ર ડાક્ટરની સલાહ લીધી જ્યારે તેણે આંખમાં ટીપાં નાખવાની કોઇક દવાઇ આપી અને સાથે સાથે તેણે એક બીજી રસાયણ દવા આગળ જે તેણે માંગી હતી તેનીબી બાટલી આપી તે ડાક્ટરે ઉપલી બન્ને ચીજો નાની નાની શીશીઓમાં આપીને કહ્યું કે જો ભુલમાં આ આંખની દવાને બદલે બીજી દવા આંખમાં નાંખશે તો આંખ સદંતર ખોઇ બેસશે. તેની શીશી ઉપર લખેલું નામ વાંચી-નેજ દવા નાંખજે.

"આંખ સદંતર ખોઇ બેસશે!" ભેળવામા. "પાનાને પાછા ઘર જતાં રસ્તામાં તેના શીશીઓ આમતેમ ગોઠવતા હતા" જતો તે' એ બે થાળી જેવી રકાબી રોકી ડીરક કે જેવાં 'ફોટોગ્રાફી'માં 'ડેવલપ' કરવાના કામમાં વપરાય છે તેવી તેણીના માથા ઉપરની અભ-રાઇ ઉપર ગોઠવી. અચાનક તેણે તેણીને 'કાંઇ કરવા કહ્યું અને તેથી તેણી સમજવા સારૂ પોતાની ટેબલ આગળ વાંકી વળી કામ કરતી હોવાને સબબે માથું ઉંચું કીધું કે તરતજ તેણે પોતાનો હાથ એવી સફાઇથી ખેંચી લીધો કે તેના ડગલાની બોય ઉપર મુકેલી 'સલફ્યુ

વાનું મન થાય તો મારે પોતે આંધળો બનવું શું બેહતર નથી? અને તેમ કરી તેણીની જીંદગી બચાવવી તે શું ખરેખર ઇનસાફી નથી?

આવા વિચારો આ અભાગ્યા પુરૂષના ભેજાંમાં રાત દીવસ રમવા લાગ્યા અને તેને ખાત્રીપૂર્વક લાગ્યું કે પોતાની ધણીઆણીને પુરો ઇન્સાફ આપવા માટે આ ચીજ કરવા વગર છુટકો હવે રહયો નથી.

જેવો તે વિચાર ઉપર ખાત્રીપૂર્વક થયો કે તે કામ પારપાડવા તેણે વીલંબ લગાડયો નહીં. તેજ રાતે પોતાની ધણી-આણીના બીછાને જવા પછી તેણે તેણીનો પ્યારો આગલો ફોટોગ્રાફ હાથમાં લીધો. તેને ચુમીઓ લીધી ને ટીકી ટીકીને જોવા લાગ્યો એવી રીતે કે જાણે તે પીકચરની દરેક લાઇનો ભેજાંમાં કોતરી રાખવા માંગતો હોય અને પછી મક્કમ મન કરી વગર ધ્રુજવે સાબુત હાથે મેલી એસીડવાળી શીશી લઇ 'ટયુબ' માં ભરી અને તેમાંની પ્રવાહી થોડી થોડી બેઉ નેત્રોમાં નાખી.

તરતજ તે આતસી પ્રવાહી તેની આંખોના નુર અસપાસ ફરી વળી, અંધકાર સાથે એવી અગન થવા લાગી કે દુખના એક પોકાર સાથે ભોંય ઉપર બેભાન પછડાયો.

* * * *

તેની સ્રી તે પોકારથી ચોંકી તેના ઓરડામાં પેસી જ્યાં તેને મુડદા જેવો પડેલો દીઠો. દાક્ટરને તરતજ. બોલાવવામાં આવ્યો જ્યારે તે આવ્યો ત્યારે તે પુરૂષ પાછો વેદ-નાથી પીડાવા લાગ્યો હતો અને દાક્ટરે મત આપ્યું કે તેણે પોતાની આંખોનું નુર સદા માટે ખોયું છે. આડીલે એ પ્યાર અને સંતોષ "યે તેની સારવાર કીધી. એક રાતે જ્યારે "તેં મને ગ(બકબકારો કરતાં ડપુમેરિ તેણીએ વાંચાયું"" અને ફોડી દીધો. તે ભયંકર આંખે અંધારા આવી દુન્યામાં તેનો પ્યારજ જોઇએ જમીન ઉપર ફુટી કદીબી ઠપકાનો એક અક્ષરની ફરર હલ્લો કીધો બાહેર નીકળવા દીધો હતો નહપેરી દુન્યા વચ્ચે તખ્તા ઉપરની તેણીની બધી હોશીઆરીઅ. અદેખા ૨ આવ્યો. પાણીમાં મળી ગઇ હતી.

પારસી કોમ અને કેળવણી.

[લખનારઃ—H. M. C.]

આ દેશમાં વસતી જુદી જુદી કોમોમાં કેળવણીનો ફેલાવાનો સવાલ હાલના વખતમાં મુખ્ય થઇ પડયો છે, ત્યારે કેળવણીમાં આગેવાન દરજ્જો ધરાવતી ગણાતી પારસી કોમની કેળવણી સંબંધી સ્થિતિ હાલમાં કેવા ધોરણ ઉપર, કેટલા પ્રમાણમાં છે, તે બાબે વિચાર કરવાની જરૂર છે.

પાશ્ચાત્ય ઇંગ્રેજી કેળવણીનો લાભ પ્રથમ ઉત્સાહપુર્વક લેવામાં પારસીઓ મુખ્ય હતા, અને બીજી કોમો કરતાં પારસીઓ કેળવણીમાં મુકાબલે ચઢીઆતા એક વેળા ગણાતા હતા. પારસીઓના વડવાઓએ જે કીર્તિ, દરજ્જો અને દ્રવ્ય મેળવ્યાં હતાં, તે તે વેળાની તેમની ઘરની તથા શાળાની શારીરિક, માનસિક, નૈતિક ઉપરાંત વ્યાપારિક અને ઔદ્યોગિક તાલીમ વા કેળવણીને આભારી હતાં.

ત્યારે હાલમાં શું પારસી કોમમાંથી કેળવણી દીનપ્રતીદીન ઘટતી જાય છે અને કેળવણીનો લાભ લેવાનું વાજબી સમજવામાં આવતું નથી? અથવા તો કેળવણીથી અસલ જે લાભ મળતો હતો તે લાભ પ્રમાણમાં કમી થઇ ગયો છે, જેથી કેળવણી તરફ વધુ ઉત્સાહ બતાવવામાં આવતો નથી? એવા સવાલ ઉઠે છે.

હાલમાં પણ કેળવણી તરફનો ચાહ, કેળવણીનું મહત્વ અને કેળવણીના ફાયદા સંબંધી પારસી પ્રજામત કેળવવાની જરૂર હોય એવું ઘણાઓને જણાશે નહિ, કારણ તેઓની એવી માન્યતા છે કે પારસીઓમાં સોએ નવ્વાણું ટકા વર્ગ કેળવણી પામેલો છે એટલે પારસી કોમ માટે કેળવણી સંબંધી ખાસ વધુ વિચાર કે પ્રયાસ અથવા ગોઠવણ કરવાની અગત્ય નથી.

પરંતુ પુરતી તપાસ કરતાં માલુમ પડી આવશે કે પારસી કોમના મોટા ભાગને ખરી અને જરૂર જોઇતી વેપાર અને હુન્નર-ઉદ્યોગને લગતી કેળવણીની અત્યંત આવશ્યકતા છે. પારસી કોમનો એક ધારવામાં આવે છે તે કરતાં ઘણો મોટો ભાગ જોઇતી અને ઘટતી હુન્નર-ઉદ્યોગની વ્યવહારૂ કેળવણીથી બેનસીબ રહેવા પામ્યો છે અને પામે છે. હાલમાં હસ્તી ધરાવતાં પારસીઓ માટેનાં કેળવણીનાં સાધનો તે માટે પુરતાં નથી. હાલની કેળવણી જોઇએ તેવા તેના સંપૂર્ણ ખરા સ્વરૂપમાં મળવા પામતી નથી. હાલની કેળવણીમાં સુધારો-વધારો અને ફેરફાર તેના યોગ્ય રૂપ અને હદમાં થવો જોઇએ એવું અનુભવથી માલુમ પડયું છે. હાલમાં પારસીઓ સાથે બીજી આઇઅંધ કોમોની સ્વાભાવિક હરીફાઇ વધતી જાય છે, અને પારસીઓ પાછળ હઠતા જણાય છે. પોતાની આગલી હરોળ તથા જમાની જાળવણીને માટે પારસીઓને ખાસ વધુ પ્રયત્નો કરવાની જરૂર છે. ધંધાદારીઓ તથા વેપારીઓ તરીકેની પ્રથમ પંક્તીની આબરૂ તથા જમા ઘણે ભાગે પારસીઓએ ગુમાવી દીધી છે. પારસીઓમાંથી પારસીપણાના કેટલાક ખાસ સદ્ગુણો અને ખુબીઓ કેટલાક પ્રમાણમાં ગુમ થતાં તેઓ વેપાર-રોજગારમાંથી પણ પાછળ હઠતા જાય છે.

કેળવણીનો ખરો હેતુ, મતલબ વા અર્થ શું છે તે દીનપ્રતીદીન ખરી રીતે સમજવામાં નિષ્ફળ થતા ગયા. પરીણામે કેળવણી પામેલાઓમાંનો ઘણો મોટો ભાગ એક ખરા વેપારી અને ધંધાદારીમાં જે જે યોગ્ય કુનેહ, આવડત, શારીરિક તથા માનસિક લાયકાત જોઇએ તે ખીલવી શકયો નહિ વા ખીલવવામાં તથા

તેનો વ્યવહારૂ ઉપયોગ કરવામાં બેદરકારી બતાવવી શરૂ કરી. કેળવણીનો એક પ્રકારનો ખોટો આડમ્બર તથા દેખાદેખીની, મોટાઇનું ગુમાન બહાર બતાવવાની ટાપ-ટીપ સાથે હદબહાર પ્રમાણમાં વધી ગયું. પારસીઓના વડવાઓનો ખાસ સદ્દગુણ જે ખડતલપણું વા શરીરની મેહેનત ખોટી શરમ બાજુએ મુકીને કરવાની આદત છોડી દીધી. જાતમહેનતથી નાના અને હલકા પાયા ઉપરથી વધવાનો વિચાર, હોંશ અને ઉમંગ છોડી દઇ તાત્કાળિક મોટો વા નાનો ફાયદો મેળવવાને નોકરી-ચાકરીનો હદ બહારનો મોહ વધી ગયો; જ્યારે બીજી ભાઇબંધ કોમની હરીફાઇ શરૂઆતમાં હતી નહિ ત્યારે નોકરી-ચાકરીનું ખેતર વિશાળ અને તાત્કાળિક લાભ આપતારૂં જણાયું, એટલે નાના-મોટા સર્વેનો રોહ નોકરી તરફ શરૂ થઇ ગયો.

સાદાઇ નમનતાઇ, કરકસર, વડીલો તરફના ચાહ તથા માન ધરતી તાબેદારી, ગંભીરતા, દુરંદેશી સહનશીલતા, સગાં સ્નેહી તથા પોતાના જાત ભાઇઓ તરફની ભલી લાગણી, વીગેરે સદ્દગુણો દીનપ્રતીદીન કમી થતા ગયા અને તેને બદલે છેલબીઅત અને હલકટપણું, ઉડાઉપણું, લખલુટ ખર્ચાળપણું, ખાલી દમામ, દોર, દેખાવ, ભપકો, મોહટાઇ, શ્રીમંતાઇ વધારવામાં તથા દેખાડવામાં સઘળા પ્રકારની શક્તિ વાપરવી શરૂ કરી કેટલાક પ્રમાણમાં તકરારી, ... અને નીતિની નબળાઇ

બે થાળી જેવી રકાબી રોક... મનની

' ફોટોગ્રાફી'માં 'ડેવલપ કરવાના ...

વપરાય છે તેવી તેણીના માથા ઉપરની અબડાઇ ઉપર ગોઠવી. અચાનક તેણે તેણીને કંઇ કરવા કહ્યું અને તેથી તેણી સમજવા સારૂ પોતાની ટેબલ આગળ વાંકી વળી કામ કરતી હોવાને સબબે માથું ઉંચું કીધું કે તરતજ તેણે પોતાનો હાથ એવો સફાઇથી ખેંચી લીધો કે તેના ડગલાની ખોય ઉપર મુકેલી ' સલફ્યુ

નબળાઇ સાથે હાલના સુધરેલા કેળવણીના જમાનામાં કેળવણી પામેલી કોમની માનસીક નબળાઇ ઘણે ભાગે દર્શાવી આપે છે.

કેળવણી સંબંધી વારંવાર ઘણું કહેવામાં આવ્યું છે અને આવશે. કેળવણીનો સવાલ પ્રજા તથા દેશની ઉન્નતિને અર્થે સર્વેનું મુખ્ય ધ્યાન ખેંચી રહ્યો છે. ભર નિંદ્રામાં એક વારનું પડેલું હિંદુસ્તાન કેળવણી લેવા હવે જાગૃત થવા લાગ્યું છે. કેળવણીની બુમ એક છેડેથી બીજે છેડે સુધી પડી રહી છે. કેળવણીમાં પછાત ગણાતી કોમોમાં કેળવણી એ સવાલ મુખ્ય થઇ પડયો છે. ભાઇબંધ હિંદુ તથા મુસલમીન કોમ તરફથી ખાસ કૉલેજ બનારસ તથા અલીગઢમાં સ્થાપવામાં આવી છે. તેમની વસ્તીની સંખ્યાના અભણ આદમીઓનું પ્રમાણ જોતાં ટુંક વખતની અંદર એ કોમોમાં કેળવણીનો પ્રસાર આશ્ચર્યદાયક રીતે વધતો જાય છે એ ઘણું ખુશી થવા યોગ્ય છે. જ્યારે કેળવણીમાં પહેલી શરૂઆતમાં આગળ પડતો ભાગ લેનાર, કેળવણીના ફેલાવામાં જાતપરજાતનો ભેદ રાખ્યા વિના લાખો રૂપીઆ એકેતડાકે કાઢી આપવાની પહેલ કરનાર કોમ, કેળવણીની બાબદમાં પાછળ પડતી જાય, એ એક ઘણાઓને મન સવાલ થઇ પડયો છે. પારસી કોમ માટે એક કોલેજ ખાસ કરીને હુન્નર-ઉદ્યોગને લગતી, હાલના વખતને અનુસરતા તમામ, છેલ્લામાં છેલ્લા સુધારા વધારા, સગવડ, સાધનો અને સંહીત સાથની સ્થાપવાનો સવાલ આજ લાંબી મુદત થયાનો કંઇ પણ છેવટના નીરાકરણ થયા વિનાનો ચુપ પડી રહ્યો છે એ પારસીઓ માટે દુરદેશી ભરેલું કહી શકાય નહિ. બીજી કોમોને એક વેળા પારસી કોમ કેળવણીના બાબમાં ધડા અને પ્રત્યક્ષ દાખલા રૂપ હતી. ત્યારે હવે પારસી કોમે પોતાની ભાઇબંધ કોમો તરફથી ધડો લેવાનો વખત

આવ્યો છે કે તેઓએ પોતાને માટે સગવડ અને અનુકુળતા ભરેલી થઇ પડે એવી ખાસ કૉલેજો સ્થાપીનેજ નહીં અટકતાં પોતાની પ્રજાકીય ધોરણપર યુનીવરસીટી જેવી મહાન સંસ્થાઓ સ્થાપવાનું કામ આરંભ્યું છે. અને કેળવણીનો ઘટતો ફેલાવો આ દેશની વસ્તી તમામ પ્રજામાં એક સરખી રીતે કરવાને આપણી દયાળુ અને દીલસોજ નામદાર સરકાર ઘણી ઇંતેજાર હોવાથી યુનીવરસીટીઓ સ્થાપવાનું કામ ટુંક વખતના અરસામાં પરીપૂર્ણ થવાની દરેક આશા રહે છે.

આ દેશમાં કેળવણીના ફેલાવાનું મહાન કાર્ય મુખ્ય ભાગે નામદાર સરકાર કરે છે. જોકે પ્રજાકીય યાને કે ન્યાયજાતના ભેદ વિનાની ખાનગી સાહસથી ચાલતી સ્કુલો તથા કોલેજો ના. સરકારની મદદ અને સહાનુભુતીથી ઠરાવી મુકરર થએલા અભ્યાસક્રમ અને ધોરણની હદની અંદર બની શકતું કામ કરે છે. કેળવણીનો ફેલાવો કરવાની ફરજ એકલી ફક્ત નામદાર સરકારનીજ છે એમ કહી શકાય નહિ. ના. સરકાર ઉપરાંત એ કામ પ્રજાકીય હોવાથી આખી પ્રજાના તમામ લોકોની એક મુખ્ય ફરજ ગણાવી જોઇએ. કેળવણીની હદ અથવા અભ્યાસનું ધોરણ અને ક્રમ તથા તેના ફેલાવાની વ્યવસ્થાનું તમામ કાર્ય ના. સરકાર ઉપર છોડીને બેસવું એ આપણી પોતાની ફરજ ચુકવા બરોબર ગણાય. હાલમાં હસ્તી ધરાવતી કેળવણી આપનારી સંસ્થાઓમાં જે અપૂર્ણતા હોય તે તપાસીને તેમાં સુધારોવધારો અને ફેરફાર દાખલ કરીને હાલના વખતને તથા પોતાના દેશ-કાળ તેમજ પોતાના ધર્મ તથા કોમના અસલ તથા હાલના રીતુઓઓ, માન્યના આચાર-વિચારને અવલંબીને પુરવણી કરવાની ખાસ અગત્ય સંબંધી બે મત પડી નહિજ. કેળવણી સંબંધી મીસીસ એનીબીસાન્ટ પોતાનો વિચાર જણાવતાં કહે છે કે "Education is not so much a matter of the Government as it *is the duty of the people. To be* really successful it must be taken up, designed, guided and carried out, *by those* who are not only the lovers of their country, but also by men who *understand* its needs and who are well aware of its peculiarities, of its characteristics and of traditions. To be truly useful, Education must be founded on a knowledge of the past of the country as well as of its present; it must be designed in accordance with the ancient traditions and national habits, and adopted to modern necessities, to meet an ever-increasing nation."

હાલની કેળવણીમાં ચોક્કસ પ્રમાણમાં અપૂર્ણતા હોવાનું જણાઇ આવે છે. પાશ્ચાત્ય દેશોના ધોરણ ઉપર આપવામાં આવતી કેળવણીની સાથે પુરાનું આ દેશનું અસલનું સાહિત્ય, રીત-રિવાજો, સંજોગ-સ્થિતિ ભુલાઇ જવાં જોઇએ નહિ હાલની કેળવણીએ પારસીઓ ઉપર કેવા પ્રકારની અસર મુખ્ય ભાગે કરી છે અને તેનું પરિણામ એકંદરે પારસીઓના બાબમાં તેમની શારીરિક, માનસિક નૈતિક યાને નીતિસંબંધી, આર્થીક યાને પૈસા સંબંધી, વ્યવહારીક, સંસાર સંબંધી, તેમજ ધાર્મિક વીગેરે જુદા જુદા પ્રકારની સ્થિતિઓ ઉપર કેવા પ્રકારનું આવવા પામ્યું છે, તે સંબંધી પુરતી તપાસ કરીને તે નક્કી કરી જાણવાની જરૂર છે. જેથી હાલની કેળવણી

યાને શારિરીક, માનસિક, નૈતિક, ધાર્મિક અને હુન્નર ઉદ્યોગને લગતાં શીક્ષણમાં યોગ્ય સુધારો વધારો કરવાનું બની આવે. હાલની કેળવણીનાં જે પરિણામો આવ્યાં હોય તે સંબંધી તપાસ કરી તે પરીણામોનું તોલ કરવાની દરેક આદમીની ફરજ છે.

આ ઉપરથી કેળવણીની મહત્તા, ખુબી અને ફાયદા જે દેખઈતા પ્રસક્ષ છે તેને માટે કાંઇ પણ સવાલ ઉઠાવવા જેવું છેજ નહિ. આ ઠેકાણે જે બાબદ જોવાની છે તે એટલીજ કે કેળવણીની હાલની પદ્ધતિ તથા ધોરણથી જે અસંખ્ય ફાયદાઓ આ દેશના વતનીઓ સાથે પારસીકોમે મેળવ્યા છે, તેના પ્રમાણમાં સાધારણ રીતે કેટલાક ગેરલાભ પણ થતા હોય તો તે અપવાદરૂપજ ગણાય, અને તે કારણથી હાલની કેળવણીને નુકશાનકારક ગણી તેને ઉતારી પાડવાનો અથવાતો તેનું મહત્વ લેશ માત્ર પણ કમી આંકવાનો જરાપણ હેતુ રાખવામાં આવ્યો નથી. પરંતુ હાલની કેળવણીમાં પુર્ત્તીરૂપે જો ઉમેરો કરવાનું અનુભવથી માલુમ પડતું હોય તો તેમ કરવાને આપણે ઢીલ કરવી ઘટારત યા ઇચ્છવા યોગ્ય ગણાય નહિ.

કેળવણીનો ખરો હેતુ શું હોવો જોઇએ, તે સંબંધી ઘણાઓ જુદા જુદા પ્રકારના વિચારો ધરાવતા હોય એમ લાગે છે. આપણા દેશમાં કેળવણી લેવાનો હેતુ શું છે, તે બાબે તપાસ કરતાં માલુમ પડી આવશે કે મોટો ભાગ ડીગ્રી મેળવવાને માટે શીક્ષણ લે છે. અને ડીગ્રી મેળવવાનો હેતુ સરકારી કે બીજી નોકરી મેળવવાને અથવાતો પ્રોફેશનલ ગણાતી કાયદા કે વૈદકની લાઇન લઇ વકીલ અથવા ડોકટર બનવાને માટે ઉમેદ રાખવામાં આવે છે. પોતાની દરેક શકિતને ઉત્તમમાં ઉત્તમ બની શકતા પ્રમાણમાં કેળવવાને અને ખીલવવાને માટે કેળવણી લેવાનો હેતુ રાખવામાં આવતો હોય એવું હાલમાં મોટાભાગે આવતાં પરીણામ ઉપરથી કહી શકાતું નથી. ડીગ્રી મેળવીને પછી પોતાની તથા પોતાના આશ્રીતોની આજીવીકા માટે પૈસો પેદા કરવાનો મુખ્ય આશય થઇ પડે છે અને તે વધુમાં વધુ પ્રમાણમાં કેમ મેળવવો તેજ જીંદગીની સૌથી પહેલી અને મુખ્ય નેમ રાખવામાં આવે છે કે જેથી ભપકા ભરેલી જીંદગી ગુજારવાનું બની શકે. પછી તે ભપકા ભરેલી હદ બહાર ખર્ચાળુ જીંદગી નીભાવવાને પૈસો પેદા કરવામાં ઘણું કરીને નીતિના સવાલને ઘણીવાર કેટલેક દરજ્જે પડતો મુકવા જેવું વલણ અખત્યાર કરવા તરફ તેઓ ઢળતા હોય એવું ઘણાને માલુમ પડી આવે છે; જે અધુરી કેળવણીનુંજ પરીણામ ગણી શકાય. દરેક માણસે જાણવાની જરૂર છે કે તે પોતે અમુક કોમ કે પ્રજાની કુલ વસ્તીનો એક ભાગ છે અને તે પોતે પોતાની સારી વા બુરી વર્તણુક વા રહેણી કરણીથી તે આખી કોમ કે પ્રજા ઉપર સારી વા બુરી અસરકર્તા થઇ પડે છે. જેઓ પોતાની કોમ અથવા જન સમાજના દેશની પ્રજાના લાભની નજરે કામ નહિ કરતાં પોતાના એકલાના લાભ અથવા ફાયદાની આપ મતલબી ઇચ્છા રાખીને દરેક કાર્ય કરે છે વા કરવા તરફ દોરવાય છે તેઓ પોતાની કોમ અથવા જનસમાજના દેશની ઉન્નતિમાં અટકાવરૂપ થઇ પડે છે.

"A father, who has gained wealth selfishly without regard to the national good, sees the nation growing less and less prosperous, and he knows that his own children and grand children have to be members of that decaying nation, and that his selfishness has undermined his family as well as injured his nation."

Does the successful lawyer escape from the result of the general national decay and can he separate himself off from the dis cent of the people? Agriculture does not affect the agricultural labourers alone, or the landh olders alone; every class of the com munity suffers when the agricultural results are poor. God has bound the classes of the nation together, and the national prosperity depends upon the public spirit of the people, upon the consideration of the whole nation, and upon the subordination of individual gains to the general good and the common prosperity"

"Education as a national Duty'

આ દેશમાં પાશ્ચાત્ય કેળવણી તથા તે દેશોના રીત-રિવાજો, આચાર-વિચાર, રહેણી-કરણી, ખાન-પાન તથા પોશાક-પહેરવેશનું ધોરણ શરૂઆતમાં ગ્રહણ કરી પોતામાં દાખલ કરવામાં પારસી કોમે મુખ્ય ભાગ લીધો હતો અને તે દરેક નવીન ધોરણ તથા રીત રિવાજોને અનુકુળ બની શકતી વધુ પ્રમાણમાં બારીક અને બીનચુક નકલ કરીને પોતામાં આમેજ કરી દેવાનો ખાસ ગુણ વા ખાશીયત બીજી ભાઇબંધ કોમોને મુકાબલે વધુ પ્રમાણમાં પારસી કોમે ખીલવવાની જીવતોડ મહેનત કોઇ પણ ભોગે કરવી ચાલુ રાખી છે અને રાખશે. એવી બાબદોની નકલ કરવામાં ચઢીયાતા ગણાવાનું પારસી કોમે ખાસ નામ કાઢયું છે, જેથી આ ઠેકાણે મુખ્યત્વે કરીને એવી બાબદોની ફક્ત ખાલી નકલ કરવામાં પારસી કોમે પોતાનું પારસીપણું કેટલા પ્રમાણમાં ગુમાવી દીધું છે અને હાલમાં દે છે અને તેઓની સ્થિતિ કેવા પ્રકારની બનવા પામી છે તે બાબે જાણવાની તજવીજ કરીને તેની સાથનો કેળવણીનો સંબંધ હાલમાં કેવો છે અને તેનું પરીણામ પારસી કોમના હકમાં કેવા પ્રકારનું આવ્યું છે અને આવશે તેનો દીર્ઘદ્રષ્ટીથી શાંત અને સંભાળપણે તોલ કરવાનો વખત હવે આવી લાગ્યો છે.

પારસી કોમે પોતાની દરેક પ્રકારની ઉન્નતિ કેળવણીમાં માની છે. અને તેમ સમજવામાં તેઓ ભૂલ કરતા જણાતા નહિ. ખરેજ આપણી ઉન્નતિનું પ્રથમ પગથીઉં કેળવણી છે અને તે ઓળંગ્યા વિના અનુક્રમે બીજા પગથીઆં ઉન્નતિના માર્ગના જડી શકે નહિ. પારસી કોમ પોતાની પારસી તરીકેની તેમના વડવાઓની કીર્તિ તથા પોતાની કોમની આબરૂ જે ઘણા સર્વોત્તમ સદ્ગુણોની ખીલવણીનું પરીણામ હતું તે જાળવી તેમાં વધારો કરવાને ખાસ પ્રયત્ન જર અને જેહમતના ભોગે ચાલુ કરવામાં તૈયાર થવું જોઇએ. પોતાની કોમના સામાન્ય હિતના કામમાં તમામ અંગત મનભેદ અને મતફેરી બાજુએ મુકી હાથમાં હાથ મેળવી દરેક તવંગર કે ગરીબ આદમીએ પોતાનો ઘટતો હીસ્સો આપવામાં ઢીલ અથવા પછાતપણું બતાવવું ઘટતું નથી.

કેળવણી એવા પ્રકારની હોવી જોઇએ નહિ કે જે શારીરિક, માનસિક, નૈતિક, ધાર્મિક, વ્યવહારિક સામાજીક, ઔદ્યોગિક આર્થીક વગેરે સ્થિતિ ઉપર નહિ ઇચ્છવા યોગ્ય અસર કરનાર થઇ પડે પારસી કોમને મુંબઇના એક આગલા ના. ગવરનરના શબ્દો ખરેજ આ તકે મનન કરવા યોગ્ય થઇ પડશે. તે નામદાર કહે છે કેઃ—

" The Parsis were quick to realize the advantage of education and to reap Corres-ponding benefits; but in the general recognition ponding of these advantages, which is spreading throughout India, the community now stands in need of special efforts to enable it to hold its ground."

ભાવાર્થ "કેળવણીની અગત્ય અને ફાયદો સમજી તેનો લાભ મેળવવામાં પારસીઓ ઉત્સાહી અને ચપળતા ભરેલા હતા" પરંતુ હાલના વખતમાં જ્યારે કેળવણીના ફાયદાઓ એકસરખા

ઓછું નહીં. "હિસાબ કોડીનો ને બક્ષિસ લાખની" આંખમાં એક રજ સમાય તો હિસાબમાં એક પૈ પણ સમાય."

મિયાં-સુને બનિઆ, બીઆજ કૈસા, હમ મુસલમાનોકો તો હરામ હે.

વાણીઓ-હા, ખરૂંજતો, હિરો હોય છે તો વહુ આવે છે. રૂપિઆ આપ્યા છે તો વ્યાજ માંગીએ છીએ. અમથા કંઇ માગતા નથી અમારે આમાં બીજી શી આવક છે? વાણીઆનો દીકરો ધીરે ધીરે એટલીજ રકમ પાછી લે તો શું ભીખ માંગીને પેટ ભરે?

મિયાં-દેખ તેરા હિસાબ કરતા હોય તો મેં બોલું ઇસ તરેહસેં કર, બાકી શીર શીરાના મત, બીઆજતો મૈં નહિં દઉંગા.

વાણિયો-(મનમાં-કેટલે વરસે માંડમાંડ હિસાબ કરવા બેઠો છું, ને ખેંચતાણ કરી તો ભારી પડશે. ફરીથી આ જન્મારે તો રૂપિઆ મળવાની તો આશા નથીજ, માટે જેમ એની મરજીમાં હોય તેમ થોડું ઓછું હિસાબ કરવો ઠીક છે એમ ધારી, મોટેથી)— ઠીક મિયાં સાહેબ, જેમ તમારી મરજી હોય તેમ હિસાબ કરો.

મિયાં-અચ્છા તબ સુનો સેતો તેરે મુંહસે કહેતે હે તો—"સોકા હુવા સાંઠ, આધા ગયા નાઠ, દશ દેએંગે, દશ દીલાઇંગે, ઔર દશકા દેનાભી કયા ઔર લેનાભી કયા! ચલ ચલાજા, હિસાબ હો ચૂકા, ઔર દેણાભી દે ચૂકા.

મતલબ કે-સોમાંથી ચાલીશ વ્યાજના ગયા, બાકી સાઠ રહ્યા તેમાંથી અડધા છૂટના મૂકયા એટલે ત્રીસ રહ્યા તેમાં દશ આપીશ, દશ કોઇ પાસે અપાવીશ, ને છેવટ દશજ રહ્યા તો તેમાં વળી આપવું શું ને લેવુંએવું. (એનું નામ તે રોકડયો ઇન્સાફ!)

કાવ્યવિનોદ-Poetry is beautiful thoughts in musical language.

ગુજરાતી ભાષાના મુખ્ય કવિયોમાં નરસિંહ મહેતો, પ્રેમાનંદ, સામળદાસ, દયારામ, નર્મદાશંકર, દલપતરામ વિગેરે છે. એમની કવિયોના લક્ષણનું દરેકનું ટૂંકામાં ટૂંકું વર્ણન એક નિરૂપક પ્રમાણે નીચે મુજબ રજુ કરી શકશે.:—

નરસિંહ મ્હેતાની કવિતા બાલ્યાવસ્થામાં છે, બાળક માફક તે હસતી રમતી રમે છે. તેની કલ્પના વિશાળ નથી, તેના ભાવ ગંભિર નથી. સુંદરતાના સરોવરમાંથી તે માત્ર આચમનજ કરે છે.

પ્રેમાનંદની મનોહર કલ્પના બહુ દૂર ફરી ન વળતાં પોતાના ચક્રમાંજ નિરંતર નૃત્ય કરે છે. એ કવિ વિષે નર્મદાશંકર લખે છે કે પ્રેમાનંદની કવિતા ગુર્જરી સ્થિતિ પ્રદેશમાં એક સુંદર સરોવર છે. જેની લહેરીમાં સર્વે ગુજરાતીઓ પોતાના રોવાં, હસવાં, સુખદુઃખના પ્રતિબિંબ જોઇ જોઇને નિવૃત્તિ આનંદમાં રહે છે.

સામળને કહાણી કહેવાનું ને સાધારણ વેપારના બનાવો એકઠા કરવાનું પસંદ છે.

દયારામ વધારે માનનીય છે. તેની કવિતા લીલાથી વિલાસ કરે છે, તેમાં રસ છે, રાગ અને કળા બ નેમાં તેની વિશેષતા છે.

નર્મદની કવિતા લાગણીથી પ્રેરાયલી અને પોતાનાજ તાનમાં મસ્ત છે.

દલપત-બાળકોના બાગનો હેતવંતો માળી છે. તેના બગીચામાંથી સંસારી હાલતનો રસિક પ્રસક્ષ સુવાસ નિરંતર નીકળીને નાના મોટાં સર્વના મનમાં -આનંદની લ્હેર ઉપજાવે છે.

સંસ્કૃત સાહિત્યના ઘણા કવિયો થઈ ગયા, તેમાં વાલ્મીકી, કાળીદાસ ભવભૂતી, ભારવી, પતંજળી, માઘ, બાણ વગેરે પ્રખ્યાત છે.

હિંદી ભાષાના કવિઓની ગણના કરવામાં એક કવિ કહે છે-

[વધુ માટે જુવો સફો ૭૪૫ મો.]

પ્રદરરોગ માટે રામબાણ ઉપાય.

ખાતરી ભરેલી અકસીર દવા.

પ્રદરનું દરદ સ્ત્રી જાતિમાં ઘણું સાધારણ હોય છે તેને અંગ્રેજીમાં સાધારણ રીતે (WHITES—વ્હાઇટસ) કરી કહે છે અને આપણા દેશની સ્ત્રીઓ એ દરદને પાણીનું જવું એમ કહેછે. જુવાન અને મજબુત બાંધાની સ્ત્રીઓ કરતાં નાજુક તબીયતવાળી અને મધ્યમ ઉમરની સ્ત્રીઓમાં ખાસ કરી એ દરદ જોવામાં આવે છે. ઘણીક સ્ત્રીઓને તેમની ખીલતી જુવાનીમાં પુર તંદુરસ્તી સાથે ફરતા હરતા આપણે જોતાં છતાં, પણ તેઓ પ્રદરથી પીડાતી નહિ હશે એમ માનવાને વંદો પણ એકવાર આનાકાની કરતા લાગે છે, પણ વખત જતાં પ્રદરનું દરદ શરીરમાં ઉંડું ફેલાતું જાય છે અને જો, વખતસર તેનો ઇલાજ ન કરવામાં આવે તો તેથી ગર્ભસ્થાનમાં બગાડો થવાનો તથા એવા બીજા દરદો થવાનો સંભવ રહે છે. વળી તે સાથ **મગજની નબળાઈ**, કળતર અશક્તી, મુર્છા (ચક્કર) આવવી, વખતો વખત પાણી પીવાની મરજી થવી, દાહ, છાતીમાં વગેરે બીજાં ઘણા દરદો ઉત્પન્ન થાય છે, અને છેવટે કોઇ કોઇ કેસમાં, ક્ષયે (ધાસણી)નો **નાશકારક** રોગ લાગુ પડે છે. પુરૂષોમાં જે. ખરાબી ગરમી (સ્પરમેટોરિયા)નું દરદ કરે છે તેવીજ ખરાબી સ્ત્રીઓમાં પ્રદરનું દરદ કરે છે. શરૂઆતમાં પાણી જેવો પદાર્થ સહેજસાજ પડતો જણાય છે, વખત જતાં ધીમે ધીમે જાડો થતો જાય છે. બહુ વખત જતા તે સહેજ રંગ પકડેછે, અને પાછળથી તે સહેજ લાલ પીળો કે ભુરો માલમ પડે છે. શરીર દિનપર દીન ગળાતું જાય છે, કામ કરતાં થાક ચડે છે, ચક્કર આવે છે, અનાજપર રૂચી થતી નથી, છાતીમાં ધબકારા થાય છે, અને રફતે રફતે ચહેરો ફિકો નિસ્તેજ પડે છે, અને દરદીનું શરીર શોષણ થતું જાય છે.

શરૂઆતમાં પ્રદરની દરકાર સ્ત્રીઓ જરા પણ કરતી નથી પણ જ્યારે એ દરદ જડ ઘાલી બેસે છે અને ત્રાસ આપવા માંડે છે ત્યારેજ તેનો ઇલાજ કરવા આતુર બને છે.

અમારી પ્રદરરીપુ નામની દવા ઉપરના દરદ માટે એક ઉત્તમ ઉપાય છે આ દવાનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓના શરીરમાં પ્રદરથી ઉત્પન્ન થયેલાં તમામ દરદોનો જડમુળથી નાશ થાય છે. ફક્ત એકજ શીશી વાપરવાથી ફાયદો થાય છે કીં. રૂ. ૩.

મળવાનું ઠેકાણું:—

સપટની કું૦ કેમીસ્ટો.

કાળબાદેવી રોડ, મુંબઈ.

નામદાર મુંબઇ સરકારની

ગવર્નમેન્ટ લેબોરેટરીમાં વિદ્વાન સરકારી ડકટરે અમારી બનાવેલ બાદશાહી **યાકુતી-અનંગ વિલાસ**ની ગોળીઓ એનાલાઈઝ કરીને તેમાં કોઇ પણ જાતની નુકસાનકારક ચીજ નથી એવું સર્ટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી **દવા અકસીર હોવાથીજ** વિલાયતમાં પાસ થયેલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને ઇંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહિ યાકુતી

અનંગ વિાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂપાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂપાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનારી આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ બનાવેલ છે, અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂપાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે આઉંસ એકની ડબીના રૂપીયા આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાશ મોટીરામ રાજકોટ-કાઠીયાવાડ.

તમોએ આએ નામ જોયું છે કે ?

તમારી ખાત્રી માટે એક શીશી	**દુન્યા હેર ઑઇલ**	ખાત્રી માટે જરૂર ખરીદજો.

અમારા જુના અનુભવે જાતી દેખરેખ હેઠળ જમાનાને અનુસરતું બનાવેલું છે

અડધા આનાનો સ્ટેંપ મોકલવાથી સેમ્પલ ફ્રી મોકલી આપવામાં આવે છે.	"દુનીઆ હેર ઓઈલ" મધુર અને સુવાસીક ખુશબોથી લોકપ્રિય થઇ પડેલું છે.	તમારા ગામમાં દરેક બોરાહોવાળાને ત્યાંથી મળશે અને ન મળે તો નીચલે ઠેકાણેથી મંગાવી લેવું.
દુન્યા હેર ઓઈલ ખરી જતાં વાળને અટકાવી માથાને થંડક આપે છે.	**દુન્યા હેર ઓઈલ** ચાલુ વપરાશથી બાલને નરમ અને ચળકાટવાળા કરેછે.	દુન્યા હેર ઓઇલ બાનુઓના ડ્રેસ સાથે ખુબસુરતીમાં દશ ઘણો વધારો કરે છે.

કીંમત બાટલી ૧ના ૧૨ આના પોસ્ટેજ ચાર આના.

એકલા બનાવનાર- **એ૦ ઇ૦ પાટનવાળા**

બાજીપાલા લેન,—મુંબઇ.

(૫ ૩)

[સાધણુ સદે ઉજરથી ચાલુ.]

'સુર સુર તુળશી શશી,
ઉર ગન કેશવદાસ.'
અબકે કવિ ખદ્યુત સમ,
જહું તહું કરત પ્રકાશ.

સુરદાસના કાવ્ય સૂર્ય બરાબર છે, તુળશીના ચંદ્ર જેવા ચંદ્ર છે, કેશવદાસના તારા જેવા પ્રકાશીત, જ્યારે આજકાલના કવિઓ તો આગિયા કીડા જેવા છે, કે જે જરા ચમકે કે પાછા ઢંકાઇ જાય.

નવરત્ન—વિક્રમ રાજાની દરબારમાં નવ કવિયો હતા, જેમનાં નામો વિદ્વતાને લીધે આજ સુધી અમર રહી ગયાં છે, એ નવ પંડિતો રાજાને એક શૃંગાર બરાબર હતા, જેથી તેમને નવરત્નને નામથી ઓળખવામાં આવે છે. આ કવિયોના નામો નીચે પ્રમાણે છેઃ—ધન્વન્તરિ, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વેતાલભટ્ટ, ઘટકર્પર, કાળીદાસ, વરાહમિહિર અને વરરૂચિ.

કાવ્ય રસની ખરી મજાહ આપનારો એક ગ્રંથ ગુજરાતીમાં હસ્તિ ધરાવે છે, તે અનોપમ ગ્રંથ "ગંજે શાયગાન" છે જે એક પારસી વિદ્વાન લેખકની કૃતિ છે. આ ગ્રંથમાંનો નિચલો સંસ્કૃત શ્લોક સંસ્કૃત કવિયોની સિફતમાં ઘણોજ ટુંક પણ રસિક ચિતાર આપે છેઃ—

ઉપમા કાલિદાસસ્ય ભારવેરર્થ ગૌરવઃ
દંડિન પદલાલિત્યં માઘે સંતિ ત્રયોગુણાઃ

ઉપમા (અલંકાર) તો કાલિદાસ કવિજ જાણે; અર્થગૌરવ (Greatness of meaning) તે તો ભારવીનુજ; સૌંદર્ય (beauty of expression) તો દંડિ કવિજ વાપરી જાણે, પરંતુ માઘ કવિતો ત્રણેમાં ઉત્તમ છે એ ચાર કવિયોના ઉત્તમ ગ્રંથો અનુક્રમે નીચે પ્રમાણે છે. રઘુવંશ, કિરાતાર્જુનીય, દશકુમાર ચરિત્ર અને શીશુપાળ વધ.

પાંચમો પ્રસિદ્ધ કવિ શ્રી હર્ષ છે, જે નૈષધ ચરિત્રનો કર્તા છે. કાલીદાસ કવિ છઠ્ઠા સૈકામાં થઇ ગયા. એના બીજા ગ્રંથો મેઘદૂત રઘુવંશ, શાકુંતલ અને વિક્રમોર્વશી નાટકો છે. આ કવિને જયદેવ કવિ 'કવિકુલ ગુરૂ' (સર્વ કવિયોનો ગુરૂ) એવું નામ આપે છે. બીજા એક કવિએ આ કવિની મોહટાઇ માટે એક શ્લોક રચ્યો છે, જેનો અર્થ નીચે મુજબ છેઃ અગાઉ મહા કવિયોની ગણત્રીના પ્રસંગમાં ટચલી આંગળીપર પહેલું નામ કાલિદાસનું રાખ્યું તેની જોડની આંગળીપર નામ મૂકવા માટે બરોબરી કરી શકે એવો કવિ ન મળવાથી તે આંગળીનું નામ 'અનામિકા' જે પાડવામાં આવ્યું, તે નામ હજી સુધી સાર્થક થએલું છે.

દુનિયાના ઉત્તમ યુરોપી કવિયો માટે કવિ Drydenની નીચલી લીટીઓ સ્મરણમાં રાખવા જોગ છેઃ–

Three poets in three distant ages born
Greece[1] Italy[2] and England[3] did adorn
The first in loftiness of thoughts surpassed
The second in majesty in both the last
The force of nature could no further go,
To make a third, she joined the other two

મમનમ પ્રબંધ અલંકારનો નીચલો દાખલો 'ગંજે શાયગાન'માંથી ઉતારવાની લાલચ અત્રે રોકાવી શકાતી નથી. આ શ્લોકમાં ચાર વૈદોના ચાર ગુણો એવી રીતે બાંધી દીધા છે કે તે વાંચતાં મનને આનંદની લહેરી આવે છેઃ—

નિદાને માધવઃ શ્રેષ્ઠઃ સૂત્રસ્થાને તુ વાગ્ભટઃ
શરિરે સુશ્રુતઃ પ્રોક્તશ્ચ ચરકસ્તુ ચિકિત્સિને

નિદાન (diagnosis)માં માધવ શ્રેષ્ઠ, સૂત્રસ્થાનમાં વાગ્ભટ, શરિરમાં સુશ્રુત અને ચિકિત્સામાં ચરક શ્રેષ્ઠ છે

1. Homer, 2. Dante, 3. Milton.

એજ અલંકારમાં આપેલા નિચલા શ્લોક ગુજરાતી કવિયોના નામ અમર કરે છેઃ—
છંદ ચંદ, પદ સુરકે કવિતસ કેશવદાસ
ચોપાઇ તુલસીદાસકી, દુહા બિહારીદાસ"

પારસી સંસારિક ચીજો અને પકવાનોના પ્રાસંગોપાત ઇંગ્રેજી શબ્દો નીચે આપીઆ છે, જે કોઇક રીતે ઉપયોગી થઇ પડશેઃ—

કડછી, ચમચ=Laddle.
ઝારો (છીદ્રવાળી ચમચ)=Skimmer.
તવેથો=Scraper.
કુરમુરા=Puffed rice.
સેવ (ગાંઠીયા સાથ ખાવાની)=Salted macaroni.
મેસુર=Sponged sweets.
સુતરફેણી Thread sweets.
લાડવા=Ball sweets.
ભજીઆ=Encrusted vegetables.
પૌંવા=(Rolled) or Faltteneđ rice.
બુંદી=Grain sweets.
જલેબી= Trbe sweets.
પાપડ=Pulse cakes.
છાણા=Dung cakes.

બાવાની સર્ટીફીકેટ.

મહેતાજી—તારૂં સોલી આ ટેબલપર દારના ચાર ગલાસ છે. હવે એમાથી તારા બાવા આવીને એક પી જાય તો કેટલા રહે.

સોલી—કાંઇ નહીં.

મહેતાજી—ત્યારે તું સમજ્યો નથી. જો ફરીથી સમજ (એમ કહીને પાછો સવાલ બોલી ગયા.)

સોલી—સહેજ કાંઇ નહીં રહે

મહેતાજી—ત્યારે તું મોટેના સવાલ બાદબાકી નથી જાણતો.

સોલી—પણ મારા બાવાને તો હું બરાબર જાણુંછને.

અમારા લેખકોને અને વાંચકોને અગત્યની ખબર.

લડાઇના દારૂણ રાક્ષસે દુનિયાની કોઇબી ચીજોપર પોતાનો કાતેલ ડંખ દેખાડવાનો છોડ્યો નથી. ઇંગ્લંડના મહાન વર્તમાનપત્રોએ પોતાનાં સફાઓમાં ઘટાડો કરવા માંડ્યો છે. માસિકોની યૂરોપના હજારો વર્તમાનપત્રો અને માસિકો બંધ પડયા છે, સ્થિતિ આથી વધુ સાંકડી થઇ પડી છે, કારણકે કાગળનો ભાવ એકદમ ચાર પાંચ ઘણો વધી ગયો છે અને તેવીજ રીતે મજૂરી પણ મોંઘી થતી ગઇ છે. અમારૂં માસિકપત્ર પારસી માસિકોના સઘળાં ચોપાન્યા કરતાં સસ્તી કીમતે અમોએ ચાલુ રાખ્યું છે; કે વિષયોની ઉંચતા અને લેખોની રસિકતામાં કોઇ પણ પ્રકારે બીજા માસિકો કરતાં ઉતરતું નથી. આટલી મુશ્કેલી છતાં આવી હલકી કીમતે અમારા વાંચકોને વિદ્યા હુન્નરોની જે બની શકતી મોજ અમે ચખાડીએ છીએ તેમા કશી પણ ન્યુનતા નહીં રાખવાનો અમોએ ઠેરાવ કીધો છે. અમે ખપ જેટલીજ પ્રતો છપાવતા હોવાથી અમારા લેખકોને કંઇક રીતે નિરાશ કરવાની દુઃખભરેલી ફરજ અમારે શીર આવી પડી છે. આજસુધી અમારા દરેક મહેરબાન લેખકને આ માસિક ચાલુ મફત પુગાડતા હતા, અને આ અંક પણ તેમજ પુગાડયો છે. અમારા લેખકોમાંના ઘણાક એવા છે કે જેઓના લખાણો વર્ષમાં એક કે બેજવાર અમને મળે છે તે સાહેબોને ત્યાં આવતો જુન માસનો અંક અને ચાર પછીના અંકો લડાઇ ચાલુ રહે ત્યાં સુધી નહીં મોકલવાનો અમોએ ઠેરાવ કીધો છે. જેઓ દર માસે અમને ચાલુ લખાણોથી ઉપકારી કરે છે તેઓને ત્યાંતો આગલીજ ગોઠવણ ચાલુ રહેશે, પણ જેઓને આવતો અંક ન મળે તેમને આ માસિકના ગ્રાહક બનાવી અમો

અર્જ કરીશું. આથી બે રીતે ફાયદો થશે અમારા લેખકો સચવાઇ રહેશે અને અમને વધુ ગ્રાહકોનો લાભ થશે, જેથી આ માસિકમાં વધુ સુધારાવધારા કરવાની અમને તક મળશે. અમારા દરેક ગ્રાહકે એક નવું ગ્રાહક મેળવી આપવાની ખાસ જરૂર છે કારણકે તે રીત બન્ને પક્ષને લાભકારક નિવડી શકશે. એ છતાં જે લેખકોના વિષયો અમુક અંકમાંજ આવશે તે સઘળાને તે માસની નકલ પુગાડવાની અમારી પવિત્ર ફર્જ અમો લેખીશું.

બીજી અર્જ અમને એ કરવી છે કે મુંબઇ તેમજ દેશાવરના ઘણાક માસિકોપર અમો બદલા તરીકે અમારો અંક નિયમિત મોકલીએ છીએ. જેઓપર પણ અમને કાતર ચલાવવી પડી છે. જેઓ પોતાના અંક અવારનવાર મોકલાવવાના અખાડા કરે છે અથવા તો ભૂલી ગયા એવો ડોળ દેખાડે છે તેમના નામો અમારા આ પરસ્પર બદલી કરવાની ટીપમાંથી કાઢી નાખ્યાં છે. જેમના પર આ રીતે માસ જુનનો અંક ન મોકલવામાં આવે તેઓએ અલબત્તા પોતાનું માસિક મોકલાવવું બંધ કરવું.

લવાજમ—મુંબઇ તેમજ દેશાવરોના ઘણાક ગ્રાહકોએ હજી પોતાનાં લવાજમો ચાલુ સાલ માટેના મોકલાવ્યાં નથી કે ભર્યાં નથી તે સઘળાઓને એક નમ્ર પણ તાકીદની યાદ આપવી છે કે આવતો અંક નીકળે તે આગમજ પોતાના લવાજમો જરૂરજ મોકલી આપવાં અથવા એક કાર્ડ લખી અમારા બીલ ઉઘરાવનારા માણસને અમુક તારીખે બોલાવવાની સુચના કરવી. જેઓને V. P. ની ફી અનુકુળ હશે તેઓ અમને તેમ કરવા જણાવશે તો તે રૂઢીનો અમો ઉપયોગ કરીશું. પણ લવાજમ મોકલાવવામાં હવે કોઇબી રીતે વધુ ઢીલ થવી જોઇએ નહીં એમ અમો વાજબી રીતે કહી શકીશું.

આ માસિકની ફતેહ માટે કોઇ વધુ ખુશ ભરેલી ખબર અમો આવતા અંકમાં આપી શકીશું, તે વાંચવાને અમારા કદરદાન ગ્રાહકોને આજથી તૈયાર રાખવા માંગીએછીએ!

પુસ્તક પરીક્ષા અને પહોંચ

દુઃખીને દિલાસો.

નવસારીવાળા પારસી વિદ્વાન લેખક મી. શે. બ. દેસાઇએ દુઃખી માણસોમાં મન સમાધાન કરવા માટે સાહિત્યનો જે ભંડારરૂપી ઇલાજ ખાસેઓમને માટે રજુ કર્યો છે તેના ૧૨-૧૩ અને ૧૪મા મણકા અમને મળ્યા છે. આ ત્રણે ભાગો આગળ માફકજ ઘણી ઉપયોગી રસીલી અને મનરંજન કરનારી બાબદોથી ભરપુર છે. અમને માનવાને ખાસ કારણ છે કે આ દિલાસા પત્રની નકલોનો જબરો ઉપાડ થાય છે અને દરેક પ્રજામાં તે લોકપ્રિય થતી ગઇ છે. ૧૨ ભાગમાં ૧૧૩થી-૧૨૦ સુધી ૮ દીલાસા પત્રો આપ્યા છે. ૧૩મા ભાગમાં ૧૨૧થી ૧૨૯ સુધી ૯ પત્રો ધરાવે છે. ત્યારે ૧૪મા ભાગમાં ૧૨૯થી ૧૩૭ સુધીમાં ૯ પત્રો સમાવવામાં આવ્યા છે. આ પત્રો એટલાં તો ઉપયોગી છે કે એકજ દાખલો અમને અંગત અનુભવનો રજુ કરવો છે કે અમારા એક મુસલમીન સ્નેહી મિત્રને કુટુંબી આફત વખતે અમોએ આ હારમાળાનો પહેલો ભાગ મોકલી આપ્યો હતો. એથી એ ભાઇના મનને ઘણી રાહત મળેલી અમને જણાઇ છે. કાગળના અને બીજી સામગ્રીઓ આજના દુકાળિયા કાળમાં પણ આ અંકો હંમેશ મુજબ નિયમસર અસલ કીમત, રૂપ અને ઈબારતમાંજ બહાર પડે છે તે લેખકને માટે બહુ સ્તુત્ય ગણાવું જોઇએ.

આ નવે ભાગમાં ૧૩મો ભાગ ઘણો રસિક અને મનરંજક છે. આ ભાગમાં ઘણી કહેવતો અને વાતો એવી રીતે ગુંથી લીધી છે કે તે વાંચતા મન જરા પણ કંટાળ્યા વગર આનંદ પામે છે. ઇંગ્રેજી અને રોમન ચિરોના નામોનું બે ત્રણ લીટીમાં વર્ણન

કરવા કરતાં આ ૧૩મા ભાગમાં અખ્તિયાર કરેલી વલણ અમને બહુ ભાવે છે. એક પાનામાં સંખ્યાબંધ યુરોપી નામો સામટા આવવાથી કોઇ વખત કંટાળો આવે; આથી આવા નામોની વધુ ઓળખ માટે દરેક પાના નીચે થોડીક નોંધો આપીને તેના રસમાં ઉમેરો કરવામાં આવે તો ઠીક થાય એવી અમારી નમ્ર સૂચના છે.

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન

(લેખક-મી. મોહનદાસ ક. ગાંધી)

મુંબઇમાં ગરીબ અને મધ્યમ વર્ગમાં સસ્તુ પણ ઉપયોગી વચન ફેલાવવાનો ઉત્તેજક મંદ પ્રયાસ જો કોઇપણ સંસ્થા તરફથી થતો હોય તો તે "સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય"જ છે. આ ખાતા તરફથી નિયમિત સસ્તી ચોપડીઓ બહાર પડે છે, જેમાં નૈતિક, સાંસારિક, ધાર્મિક કે જનસમૂહને ઉપયોગી પડે એવી બાબતો ખાસ વિદ્વાનો તરફથી લખાયેલી જોવામાં આવે છે. આ ગ્રંથો દરેક સાહિત્ય વિલાસીએ ખરીદવાની જરૂર છે આ ખાતાને શ્રીમંતો તરફથી મોટા આશ્રયની ખાસ આવશ્યકતા છે. આ ખાતા તરફથી પ્રગટ થએલી છેલ્લી ચોપડી અમને ઉપલા નામની મળી છે, તેમાં આરોગ્યતાને લગતો આખો વિષય ઘણોજ ટુંક પણ સરળ અને ઉપયોગી વિગતોથી ભરપૂર રીતે સમાવવામાં આવ્યો છે. આ વિષયનો લેખક આખા હિંદનો માનિતો નર મી. મો. ક ગાંધી છે, જેમનો નિઃસ્વાર્થ હેતુ અને અનુભવી કલમ વિષે કોઇનામાં પણ બે મત હોયજ નહીં

આ ચોપડી ઘરમાં રાખવાથી ઘણી ઉપયોગી સેવા તે બજાવી શકશે કીમત પાકા પુઠાના આના ચાર.

ફિજી ટાપુઓમાં હિન્દીઓની સ્થિતિ

(લેખકઃ—કુબેરભાઇ ઝવેરભાઇ પટેલ.)

ઇંગ્રેજી રાજ્યનો આખી પૃથ્વીપરનો સૌથી મ્હોટો ઉપકાર એ છે કે જ્યાં જ્યાં આ રાજ્યની સત્તા ચાલે છે ત્યાં ત્યાંનો ગુલામી વેપાર નાબુદ થતો જાય છે. છુટાપણું એ આ રાજ્યનો મુદ્રા લેખ છે. છતાં થોડોજ વખત આગમજ દક્ષિણ આફ્રિકામાં હિંદી મજુરીની કંગાળ સ્થિતિ વિષે હીંદની વડી કૌન્સીલમાં જે પોકાર ઉઠયો હતો અને સ્વર્ગવાસી ઓન. મી. ગોખલે, અને દેશભક્ત મી. ગાંધી જેવાઓના પ્રયાસને લોર્ડ હાર્ડીંજ જેવા દીલસોજ અમલદારથી મજબૂત ટેકો મળ્યો હતો. તે પરથી ગીરમિટિયા મજુરો હજી પૃથ્વીના થોડાક ભાગમાં ચાલુ છે એમ આપણે જાણતા થયા છીએ. અમારા વાચકમાંથી ઘણાકોને ખબર ન હશે કે દક્ષિણ મહાસાગરમાં આવેલા ફિજીના ટાપુઓ જે. ઇ. સ. ૧૮૭૪ માં ઇંગ્રેજી અમલ હેઠળ આવ્યા છે ત્યાં હજારો હિંદી મજુરો બખતમાં સપડાઇ તરેહવાર જાતના દુઃખો ભોગવે છે. ફીજી ટાપુઓના મજુરો તથા તેમની સ્ત્રીઓની કેવી માઠી દશા થાય છે, તેમને ચાબુકે કેમ મારવામાં આવે છે, ખાવા પીવા રહેવા વગેરેની કેટલી વિપત્તિ છે, અને કેટલા બધા દુર્ભાગી મજૂરો કમોતે માર્યા જાય છે, તેનો ઘણો કરૂણારસિક અનુભવ ઉપરથી ચીતારમાં મી. કુબેરભાઇએ આપ્યો છે. આ લખાણ એક હીન્દી લખાણનું અનુવાદ છે, તેમાં ગામ નિશાન અને દાખલા દલીલથી સઘળી દુઃખ ભરેલી હકિકતો સમાવવામાં આવી છે. આ વિપત્તિઓ આપણી સરકારને કાને લાવવા માટે આ લખાણનો ઇંગ્રેજી તર્જુમો કરી કૌન્સીલના સભાસદો અને સરકારી અમલદારો પર તેની નકલો મોકલાવવી ધારે છે. આ ચીતારનું મૂલ્ય ૦) આના રાખવામાં આવ્યું છે.

મીસ ભીખાઈજી પાલમકોટનો ઈંગ્રેજી સંગિતનો જલસો.

બાનુઓની લલિત કળામાં સંગિત સૌથી મુખ્ય અને ઉપયોગી સાધન ગણાય છે. આજ ઘણાં વર્ષો થયાં મીસ ભીખાઈજી પાલમકોટ પોતાના પારસી શિષ્યોને "પીઆનો ફોર્ટ"નું શિક્ષણ ઘણુંજ ફતેહમંદીથી આપતાં રહ્યાં છે અને તે માટે તેનો વાર્ષિક જલસો ગયા માસમાં તા. ૨૪ મીએ ટાઉન હોલમાં થયો હતો તે જોયા આ ફતેહનો એક મજબુત પુરાવો રજુ કરતો હતો. જેઓ ઈંગ્રેજી ઉંચા વર્ગનું સંગિત સમજી શકતા હોય તેમને આ જલસા પરથી સહજ ખાતરી થાય છે કે મીસ પાલમકોટ આ સંગિતના શિક્ષણમાં પોતાનું દીલ તથા જીવ આપીને મહેનત કરે છે. મોટે ઘરના પારસી કુટુંબોના મીસ પાલમકોટનું નામ અમો ઘણા માન તથા વડાઈથી રજુ કરીશું કે કોઈપણ યુરોપી શિક્ષક કરતાં મીસ ભીખાઈજી આ બાબદમાં ઓછા ઉતરે તેમ નથી.

જ્ઞાન સુધા—માસ ફેબ્રુઆરીનો અંક. આ માસિક ત્રીસ વર્ષનું જુનું અને તેના તંત્રી ઓ. રા. બ૦ રમણભાઇ મ. નિલકંઠ છે એજ એની લાયકાતની કસોટી છે. વિષયો હિંદુધર્મ અને સમાજને લગતા ખાસ યોજવામાં આવ્યા છે અને હિંદુ વાંચકોને માટે તે રસિક થઇ પડશે. અમદાવાદ શહેર ગુજરાતી માસિકોનું જન્મસ્થળ છે, જ્યાં લેખકોની (ખાસ કરીને હિંદુ લેખકોની) પુરતી સંખ્યા મળી શકે છે આથી વસંત અને સાહિત્ય જેવા માસિકના ધોરણે આ માસિકને વિસ્તૃત કરવામાં આવશે તો હિંદુઓ ઉપરાંત પારસી વાંચકોનો પણ તે ઉદાર આશરો મેળવી શકશે. વાર્ષિક લવાજમ રૂ. ૧ા છે.

નડીઆદ હિંદુ અનાથાશ્રમનો વાર્ષિક રીપોર્ટ.

ઘણાંક ધર્મખાતાઓ એવાં હોય છે કે જેની અગત્યતા પુરેપુરી રીતે સ્વિકારવામાં આવતી નથી. પણ આશ્રમ ઘરો, અનાથશાળાઓ, અને વનિતાવિશ્રામો જેવી સંસ્થાઓની જરૂરિયાતો જ્યાં સુધી મનુષ્યમાં માનસાધ્ય ખવાસ અને સમજાવની લાગણી છે ત્યાં સુધી ચાલુજ રહેશે નડીઆદમાં હિંદુ અનાથો માટે એક ખાતું હિંદુ કારોબાર હેઠળ બહુજ જુજ ખર્ચે પણ ઉપયોગી કાર્ય કરે છે. એમને મળેના વાર્ષિક રીપોર્ટપરથી જણાય છે કે છેલ્લાં ૭ વર્ષમાં આ આશ્રમે અતિ શ્રમ ખેંચીને સેંકડો જણો પાસથી રૂ. ૧)થી વધુંની રકમો ભેગી કરી ઘણાં મકાનો બાંધી, અનાથોને સાધારણ કેળવણી ઉપરાંત ઉદ્યોગ, સંગિત, કસરત, બાગાયત વગેરેનું શિક્ષણ આપવું શરૂ કર્યું છે. આ અનાથ શાળાને હિંદુ શ્રીમંતો તરફથી નાણાંની મોટી રકમો મળવી જોઇએ, કારણકે જેમ ફંડ મોટું થઇ પડે કે તે ગુજરાતના બીજા ભાગોમાંના પણ અનાથોનું પોષણ કરી શકે. જેઓ દર મહિને પાંચ રૂપિયા પણ બચાવી શકતા હોય તેમણે યોગ્ય સખાવત માટે આ ખાતું ઘણુંજ ધ્યાનમાં લેવા જોગ છે. અમારા પારસી વાંચકો તરફથી ખાસ કરીને કોઇપણ ન્હાની ન્હાની રકમો એ ખાતાના ઓ. સેક્રેટરી રા. રા. ભદ્રકશંકર ગીરધરલાલ મ્હેતાને નડીઆદ મોકલાવશે તો તેની પહોંચ ઉપકાર સહિત સ્વિકારવામાં આવશે.

વિવેચક—આ એક હિંદુ માસિક છે, પણ તેમાં આવતા વિષયો દરેક પ્રજાને રૂચે ને ગમે તેવા ઉપયોગી અને રસિક દેખાય છે. જાનેવારી, ફેબ્રુઆરી અને માર્ચના ત્રણે અંકનો સામટો નંબર ખાસ વિષયોથી ભરપુર છે, જેમાં ૨૭ લેખો હિંદુ મુસલમાન અને પારસી વિદ્વાનોથી લખાયલા છે. ઘણાક લેખકોની ખાસ છબી છાપવામાં આવી છે. આ રીતે લેખકોના લેખ કરતાં તેમના ચહેરાને વધુ પ્રસિદ્ધિ આપવાની આ માસિકના યત્નને અમે કેવળ સાખે એ પસંદ કરતા જાણે નથી.

લેખોની ચૂંટણી ઘણી વિદ્વતા ભરેલી અને લોક પસંદ છે, આવો દળદાર અંક. ચિત્રો સહિત બહાર પાડવા માટે અમો આ માસિકના વ્યવસ્થાપક રા. રા. હીરાભાઇ દાદાભાઇ દેશાઇને ધન્યવાદ દેઇશું આ માસિક નડિઆદ છપાય છે, અને તેનાં વાર્ષિક લવાજમ રૂ. ૨-૧-૦ છે.

આલઇંડિયા ઍડવરટાઇઝર એને ફલાધર

આ જાહેર ખબર ફેલાવનારૂં માસિક છે. જેનો માર્ચ મહીનાનો પહેલો અંક મલ્યો છે. માસિકનું નામ. લાંબુ લચ ઇંગ્રેજી છે. છે, પણ તેમાં ગુજરાતી ભાષામાં જાહેર ખબરો ફેલાવવાનો મુખ્ય હેતુ છે. થોડાક વિષયો સંકેતિક બાબદો પર છે, જે અમને લાગે છે કે હાલના વાચકોને અગમ્ય થઇ પડશે. આ માસિક અમદાવાદમાં છપાય છે, અને તેની કીંમત રૂ. ૨) છે.

ઘાસલેટરૂપી “ વ્હાઈટ ઑઈલથી ” તદ્દનજ

'નિરાળું' જગપ્રસીદ્ધ દીલપસંદ

હેઅર ઑઇલ

"MASIK MITRA"

VOL. 5] JUNE 1916. [NO. 60

નોંધ અને નુકતેચીની.

જ્યારે લડાઇના દૈત્યે સઘળે દાટ વાળ્યો છે અને છાપાકળાના કામપર ખાસ મોટી અગવડ મૂકાઇ છે, ત્યારે અમો કંઇ વધુ કરવાના યત્નમાં આજ ઘણા મહિના થયાં મચ્યા રહ્યા હતા, જેને પરિણામે અમારા કદરદાન વાંચકો સમક્ષ કંઇક ખુશાલીની ખબર આ પ્રસંગે રજુ કરવાને અમો શક્તિવાન થયા છીએ.

મુંબઇના સૌથી જુનામાં જુના માસિકોમાંનું એક **જ્ઞાનવર્ધક** છે; જેના માલેક પોતાની કમ્પુરસદને લીધે એ માસિક વધુ વાર ચલાવવાને અશક્ત થઇ પડયાથી આ જાણીતું જૂનું માસિક અમોએ ખરીદી લીધું છે અને તેનો **ફેબ્રુઆરી** અને **માર્ચ** મહિનાનો ડબલ અંક છપાઇને તૈયાર થયો છે. આ ચઢેલા અંકો અમો બીજા બે મહિનામાં એકદમ પુરા કરી દેઇને આ માસિકને નિયમિત કરી નાંખીશું. આ **જ્ઞાનવર્ધક** હાલમાં જુદું ચલાવવાનું નક્કી કર્યું છે. પણ ડીસેમ્બર પછી આ માસિકના અમારા ચોપાનીયા સાથ જોડી દઇ ઘણા ધરખમ સુધરા વધારા સાથે આવતા વર્ષના અમારા નવા અંકો નવા નામ અને દેહ સહિત નીકળવા પામશે. અમારા માસિક મિત્રના ગ્રાહકોને આ વર્ષના **જ્ઞાનવર્ધક**ના પણ ગ્રાહક થવાની વિનંતિ કર્યે છીએ, કારણ કે આ જૂનું માસિક તેનાજ ધોરણ પર એક જૂદાજ પણ ઘણા અનુભવી અને દરેલ અધિપતિની કલમ હેઠળ લખાતું રહેશે.

અમારૂં લવાજમ—આ સઘળા વધારા સુધારાને પુગી વળવા માટે અમારા ગ્રાહકોને નમ્ર અરજ છે કે આ સાલનું લવાજમ માસ જુલાઇથી ડીસેંબર સુધીના અડધા વર્ષનું ફક્ત રૂ ૧)ને હિસાબેજ મોકલવું, કારણકે નવા વર્ષથી નવા ફેરફાર સાથ એના લવાજમમાં પણ થોડો વધારો કરવાની અમને ફરજ પડશે. જેઓએ અત્યાર આગમજ અમને આખા વર્ષનું લવાજમ મહેરબાનીની દાખલ મોકલી દીધુ છે તેનો અડધો અવેજ અમોએ પાછો વળ્યો નથી પણ આવતા વર્ષના નવા બીલમાં તે રૂ. ૧ નો હિસાબ અમો બાદ કરી લેઇશું, પણ હવે પછી કોઇપણ ગ્રાહકોએ આખા વર્ષનું લવાજમ કૃપા કરી મોકલવું નહીં. હજી દેશાવરના થોડાક ગણ્યાગાંઠ્યા ગ્રાહકો છે જેમના પર બબે વર્ષના લવાજમ ચઢી ગયા છે, તેમની અમો હવે સખત ખબર લેઇશું, ને આવતો જુલાઇનો અંક તેમના પર V. P. થી મોકલીશું, તેમ છતાં જો તેઓ મફતમાંજ આ માસિકના અંકો પચાવી પાડવાની દાનત રાખતા હશે તો તેમના નામો અમો જાહેરમાં મૂકી બીજા ઘટીત પગલાં લઇશું.

આવા નજીવા લવાજમમાં અમને માણસો રોકીને લવાજમ માટે ઉઘરાણી કરવાનું પરવડતું નથી તે અમારા સુજ્ઞ વાંચકોએ ધ્યાનમાં રાખવું, અને આ બે શબ્દો વાંચ્યા પછી આ સવા રૂપરડીની ન્હાની રકમ તુર્ત અમને પોહોંચાડવાની ગોઠવણ કરવી.

EDITORIAL COLUMNS

The Hill Mania

By Editor.

During the hot season, while places like Bombay are 'boiling,' and those like Poona are 'baking,' there develops among lovers of fashion the custom of running away to the Hills, to escape the intolerable weather of the plains. The shady hill-stations like Matheran and Mahableshwar, where for the most part of the year ferocious tigers and other wild animals roam about here and there, have some magnetic attration for the upper classes, and for all who *can* get away Is it not, in the first place we ask, a source of double annoyance to those who *cannot*, for pressure of business, leave their low planes,—caused by the summer sun and by the free and fashionable ? Formerly a place like M'war was resorted to by a few rich Parsees who possessed bungalows of their own and mostly by Government officials. But now-a-days, every nook and corner of the three Parsee hotels filled up by even those who cannot as a matter of fact afford to compete with their more fortunate fellows. We find share brokers and shopkeepers, toddiwallas and hookawallas by scores. And what is the the prevailing notion among them about this health-resort ? The climat is so salubrious, so fat-increasing that one and all think they would return almost double in strength and treble in weight. But when one has a sharp attack of dysentry and another catches a severe cold, and fever and vomiting are the unexpected results, when some of a weak heart rather suffer from palpitation and others have a rheumatic pain in the lower limbs the sad experience teaches them that a place like M'war is only meant for those **already healthy people** and not for the weak or even the convalescent, whom the sea-side resorts like Jahanbordi would suit very well. We easily find out here, in this health-testing station, **the weak point** in the bodies of its anxious visitors Almost 75 % of Matheran votaries, are Parsees and 50 % of those at M'war are the same people who have a general tendency to imitate all outsiders It is a sad thing to find a Parsee earning some Rs.600 and spending something like a thousand in these few days and passing most of the time in anxiety over the illness of this member or that.

Why should there be so much waste of Parsee money, when our sea side stations or other sanatoriums are comparatively cheaper and more healthy. Hill-stations may be good for English people who cannot as a matter of fact stand the hot April Sun in India. Why is this Hill mania prevalent among our people, born and bred in the Indian summer?

Then there are so many humours of Mahableshwer For a place like this there is no well-conducted and comfortable Parsee hotel. In fact, there is an

urgent need of one for really deserving people. In a single room measuring a dozen feet square there are no less then 4 beds, a dining table and a W. C. Often a well-built and nicely decorated long hall becomes a regular hospital with a long line of wretched beds to accommodate therein khojas and Parsees, Hindus and Mahomedans all mixed together! Such are some of our **Parsee** hotels If there is a sudden shower and the floating clouds and fog enter our hotel rooms, there is a panic among the weak-chested to run down for fear of a sharp attack of chill. In the Gymkhana there is always the characteristic Parsee Schism over unnecessary points like Indian and English musical items for a concert programme. If there is a Jashan ceremony to be performeed, or a funeral to attend, our big sethias *will appear in their Eurasian costume with a false excuse that their* **fentas** and **pagrees** they had kept at home only. As if it is not possible *for them to carry in their otherwise heavy trunks a hat weighing hardly an ounce-thanks to the business efforts of Chenoy and Mistri Bros.*

—Over and above the salubrious climate and otherwise charming hill-top scenerics, there are worries and botherations both of the journey up and down and of the hotel residence from which one can hardly escape, and on this ground we contend that to the middle class Parsees these hills are unsuitable. To such we recommend other cheaper and better health-resorts and avoiding false imitations to try and spare gold and silver in these hot days of war.

Inspiring Thoughts

By HEERA J. Cooper.

"On Poets".

Great indeed is the Mission of a poet on this earth. He is a man selected by Heaven, and honoured by men; nay sometimes even envied by them. Then if at all he is worthy of so exacted a position, let him not write aught, save that, to which he could conscientiously attach his name. When Death comes with his monstrous claws to grasp within his destructive sway his corporeal being; may an angel sweet and fair guide his soul through the exquisitely perfumed, and thrillingly ethereal valleys that lead to the Imperial Mansions of God! And there in the presence of his Heavenly Father and creator, when the good recording angel melodiously shall sing forth the poet's thoughts, words, and actions in the radiant and all-magnificient Court of Heavens may he not tremblingly experience a blush of shame over his form. But instead feel his soul

"ત્યારે તમો ચુપ રહો", તેણે જવાબ દીધો અને તેણીનો હાથ ઢીલો ઝાલી રાખ્યો

તેણીએ પોતાનો હાથ ઢીલો પકડેલો જોયો કે તેણી તે તકનો લાભ લઇ એક ઝટકો મારી છુટી થઇ, અને ત્રાપ મારી બીજી બાજુ ધસી જઇ તે વિજળીની બત્તીની સ્વીચ દાબી દીધી અને તે ઓરડામાં ઉજ રડું ચારે તરફ ભુદેદાર રેશને થી પ્રકાશી રહ્યું.

તે ગુસ્સામાં આવી તેણી તરફ ધસ્યો અને મોટો પોકાર તેના મોહોડામાંથી બહેર નીકળી પડ્યો, અને મોટા આંચકા સાથે પાછળ હઠી ગયો જ્યારે તેનો ક્રોધી ચેહેરો ત્રાસ અને અચંબામાં બદલાઇ ગયો હતો અને ધારતી સાયની રાડ તેના મોહોડામાંથી નિકળી ગઇ અને પોતાના ઉંચા કરેલા હાથો નબળાઇથી નિચે નમી પડ્યા.

"વિરોનિકા !" તેણે મહા મહેનતે શ્વાસ લેતાં કહ્યું

"તમો--તમો" તેણીએ દબાવતા સ્વરે ધીમેથી ઉચ્ચાર્યું. તેણી દીવાલ તરફ પાછળ હઠી, અને બેભાન થઇ નિચે પડી જતી હોય તેમ તેણીએ દીવાલને વળગી લાંબા હાથ કર્યા.

તે માણસે તેણીની સામેથી ફરી જઇ પોતાનો ચહેરો હાથોથી છુપાવ્યો, જ્યારે તેના પહોળા ખભા અનહદ દુઃખથી ધ્રુજતા હતા.

"તમો"! તેણીએ ફરી પુછ્યું, કે જ્યારે તેણી ફાટે ડોળે તેને એકી ટગરે ઘુરકતી હતી. તે પછી તેણી નબળાઇથી તેણીની બાજુમાં પડેલી ખુરસી ઉપર ઢગલો થઇ મુડદા મિસાલ નીચે પડી.

તે તેણીનાં આગળ સપાટા સાથે ધસી આવ્યો અને તેણીનો લેવાયલો લુંટાયલો ચહેરો દીઠવા લાગ્યો અને પછી તરત ફર્યો અને નીચે પડી ગયલી ટોપી ઉચકી લીધી અને ચાલી જવા દરવાજા તરફ ધસ્યો.

તે બે પગલાં વધુ ભરે તે અગાઉ તેણી તરત ઉઠી ઉભી થઇ અને તેને પકડી રાખ્યો.

"નહિ" તેણીએ કઠોરતા ભરેલા અવાજે પોકાર્યું" તમો જઇ શકશો નહિ, હું જાણવા ઇચ્છુ છું કે તમો એક ચોર કાંય બન્યા. તમો એક પાપી ચોર કાંય થયા છો ?

તેના ફીક્કા ચેહેરાપર કાળાશ ફરી વળી અને તેણીની ચમકારા મારતી આંખો તે ચાદર જેવા સફેદ ચહેરાપર પડી. તેણે તેણીના હાથમાંથી છુટવા ફાંફાં માર્યાં, પણ તેણીએ તેના કોટની બાંયને એવી મજબુતીથી પકડી હતી કે તે તેની આગળ ચાલી શક્યો નહિ.

"હ્યુક, હ્યુક, હ્યુક ?" તેણીએ ગુંગળાતા અવાજે પોકાર્યું. "તમોને એક ચોર બનવાનું શું કારણ મળ્યું."

તેણે તેણી તરફ શાંત સ્વભાવે અણગમા અને સંતાપની નજરે જોયું, અને તેણીના હાથને ઝટકો મારી છુટો થયો.

"મને જવાદે", તેણે ખોખરા અવાજે કહ્યું કે જ્યારે તેણીએ ફરી તેને મજબુત પકડ્યો, "મેં તારી કોઇ ચીજ લીધી નથી, બીલકુલ કાંઇ લીધું નથી,. મને ખુદાને વાસ્તે જવાદે."

'હ્યુક હ્યુક ?" તેણીએ મોટા અવાજે પાછું પોકાર્યું. "તમો ચોર જેવી પંક્તી પર કેમ આવ્યા", તેણે ચોરી કરેલા ચાંદીના સરસામાન, ચમચા, કાંટા વગેરે સાની ટેબલ ઉપર એકઠા કરી મૂક્યાં હતાં તે તરફ પોતાના હાથની આંગળી કરી તેના ઉપર નજર કરી જવાબ મેળવવાની આશાથી તેણી અજાયબીથી તેને જોતી ઉભી.

તેણીએ તેના પહેરેલા કપડા ઉપરથી

એવું અનુમાન કર્યું કે તેની હાલત કોઇ ભીખારી થઇ નથી તેણી તેને બરાબર ઓળખતી હતી, તે એવી હાલને કાંય ઉતર્યો હશે તેજ તેણીની મોટી તાજુબી હતી.

"કેમ કેહેતા નથી?" તેને જોરથી હીલવી તકાજો કરતાં તેણી બોલી "તમોએ ચોરી કરવાનો નજીસ ધંધો કાંય અખત્યાર કર્યો, હયુક, બોલો ખુદાને વાસ્તે બોલો."

તેણે પોતાનાં રાથોડી મજબુત હાથોનું જોર કરી તેણીને પછવાડે હડાવી દીધી અને વિહાલપણે ક્રોધની આંખો સાથે તેણી તરફ જોયું

"કાંય પુછે છે," તેણે કરડાઇ ભરેલા અવાજે જુસ્સા ભેર કહ્યું, "કારણ તેનો તું અને તું છે તારા ખાતર મારી એ હાલત થઇ છે. ઘેડા માણસો દારૂ પીઇ પીઇ તારાજ થાય છે. બીજા જુગારમાં દોલત ગુમાવે છે, જ્યારે મેં તારે લીધે સર્વે કામો કર્યાં અને મારી હાલત કોડી વગરની ભુખરી બારસ થઇ ગઇ અને હું પાયમાલ થઇ ગયો, અંતે મારી આબરૂની પણ દરકાર કરી નહીં અને મેં એ ધંધો એવી આશામાં એખત્યાર કર્યો કે ગમે તે મારૂં થઇ જાય, કારણ કે તું બેગમા ઓરતે મને હૈયામાં નહીં ગણ્યો. મેં ઘણું વેઠયું છે તારા અને તારા ખાતર મેં જુગારમા મારી સર્વે દોલત તારાજ કરી દીધી, જ્યારે લોકોના ખ્યાલમાં તો હું ઇજતદાર છું. મારૂં ગુજરાન ચલાવવા મેં આ ચોરી કરવાનો રસ્તો લીધો, અને ચોર બન્યો છું તે તારાજ લીધે મારૂં ગમે તે થઇ જાએ તેની મને દરકાર નથી."

તે બે પગલાં પાછલ હટયો તે વખતે તેના હાથો તેણીના ખભાપર મુકેલા હતા તે થોડો વખત ચુપ રહયો, પણ તેણીની ક્રોધમાન આંખો તેનાપર ટેકવેલી હતી.

"તને ખબર નથી કે આ તરૂં ઘર છે. એ પણ મારા ધાતકી કમનસીબની વાત છે, હું તમો લોકોને કદી મારૂં મોહોડું દેખાડવા ચાહતો નહીં હતો, પણ અફસોસ કે હું તારા હાથમાં ઝીલાઇ ગયો," તે ધીમા અવાજે બોલ્યો, "હવે તું સમજી શકતી હશે કે તે મને બેવાર નીવાર કીધી તેથી મને આ પગલું ભરવું પડયું. નહીં તો આજે હું પૈસામાં રેલછેલ થનો સુખી અને પ્રમાણીક માણસ હતો."

"દિચકરા", તેણીએ હાંફતાં હાંફતાં બુમ પાડી, "તારા આવા દિચકારા કામ પર ધીટકાર હોજો. હું તને ચહાતી હતી અને પરણ્યા બાદ પણ તારો હમેશ વિચાર કરતી હતી પણ મેં સ્વપ્ને ધાર્યું નહિ હતું કે તું એમ કહેશે કે મારા લીધે તને આવું નીચકામ કરવું પડયું. મેં આજે જોયું કે તું એક બયલો છે હવે પછી તારો વિચાર મારા દીલમાં કદી લાવીશ નહિ." તેણીએ વધુ સીધી ટટાર થઇને કહ્યું. "જા, કાળું કર" તેણી આ શબ્દો એક રાણીના તોરથી બોલી, "જા, નાહાસી છુટવાની તક છે, એટલામાં તું નાશી જા અને આવતી કાલે, તારા આગલા પ્યારના લખેલાં કાગળો જે મારા પાસે છે તેનો નાશ કરીશ અને તારી આપેલી તે વખતની ભેટો જે આગલા પ્યારની એક યાદ તરીકે મેં સંભાળી રાખી હતી તે સર્વેનો નાશ કરી તરૂં નામ હમેશનું ભુસાડી નાખીશ".

તેણે જમીન ઉપર પડેલી ટોપી ઉંચકી લીધી અને કેટની બાંયથી લુંછી સાફ કરી.

"ત્યારે, શું તું પરણ્યા છતાં મને ભુલી નહી હતી કે"? તેણે ધીમા અવાજે દર્યાફત કરતાં પુછયું.

તેણીનું માથું નબળાઇથી નમી પડયું હતું અને આંખો સાથે નીચે જમીન ઉપર પાથરેલા ગાલીચાને ટીકતી હતી.

"હા, હું પરણ્યા અગાઉ તને ઘાડા પ્યારથી ચાહતી હતી પણ ખુદરતે બીજા સાથે

મારા નથીજ જોડયા, છતાં હમણાં સુધી આગલો ગુમાવેલો પ્યાર હું કદી યાદ કરતી હતી." તેણી અર્ધ મોટે અને અર્ધ ધીમા અવાજે, પટપટી

"હું જાણું છું કે તે મને કદી ચાહીજ નથી, ચાહવાનાં સર્વે ઢોંગ હતા" તેણે જવાબ દીધો. "હું જાણું છું તું મને મુર્ખ બનાવતી હતી, અફસોસ તને મેં જેવી ચાહી છે, તેનો પા ભાગ જેટલો હિસ્સો પણ તું મને ચહાતે તો આજે તું બીજાને પરણતે શું કરવા? હું હમેશાં અજાયબી સાથે વિચારતો હતો કે આગલા દહાડાઓનો તારો પ્યાર કયાં ગયો તેં મારા સાચા પ્યારનો બદલો એવો વાળ્યો કે મારૂં દીલ ભાંગીને ભુકો કરી તાલેવંત અને ખેતાબોનાં પુછડાઓ પર લોભાઈ જઇ બીજા સાથે તું પરણી ગઇ અને મને આ અવતારે તેં લાવ્યો."

"આ મારા છટ્ટીના લેખ હશે. હવે તને સંતોષ થયો વિરોનીકા, જેવી તું પૈસાની રેલછેલમાં રાજ કરતી રાણી માફક તારા ધણીનાં પ્યારમાં મસ્ત બની રહી છે, તેવીજ રીતે હું તને પૈસા અને સાચા પ્યારની રેલછેલમાં રાખતે પણ તું ખરા પ્યારની કદર કરી શકી નહીં મેં સાંભળ્યું છે કે તારો ધણી યતો તને ચહાતો નથી, વિરોનીકા"

"તમો ખોટું કહો છો" તેણીએ પોકાર્યું, "હું તેને ચાહું છું અને તે મને ચાહે છે, તમારૂં ધારવું ભુલ ભરેલું છે."

તેણી ખરૂં કહે છે કે નહીં તે જાણવા ચાહતો હોય એમ તેણે તેણીની આંખોમાં જોયું જ્યારે તેણીનાં ચેહેરાનો રંગ ઉડી જઇ ફીકકો પડી ગયો હતો.

તેણે કાંઇ વધુ બોલવા પોતાનાં હોઠો ખોલ્યા તેટલાં તેણી ચમકી અને તેણીના ચેહેરા ઉપર ગભરાટ અને ધાસ્તીના ચિહ્નો ખુલ્લાં પ્રગટ દીસતાં હતાં.

"જા", તેણી ગુંગળાતા અવાજે ગભરાટથી બોલી, "તેવણુ પાછા ફર્યા છે, જાઓ મારાં ભલાને ખાતર એક પળ પણ ખોયા વગર જાઓ."

તે આ ઓચિંતો ધડાકો સાંભળી બે પગલાં પાછળ હઠી ગયો કે જ્યારે દાદરપર ચઢવાનો અવાજ ખુલ્લો તેને નજદીક આવતો સ્પષ્ટ સંભળાતો હતો.

"નહીં, થોભી જાવો, જો આ રસ્તે જશો તો તેનાં હાથમાં જઇ પડશો," તેણીએ હાંફતાં હાંફતાં પોકાર્યું. તેણીએ તરત વિજળીની બતીની સિવીચ દાબી નાંખી અને તે ઓરડામાં અંધકાર અંધકાર થઇ રહ્યું. "છુપાઇ જાવો, સંતાઇ જાવો", તેણીએ ધ્રુજતા ધીમા બોલતાં વધુ ઉમેર્યું.

"અહિં અંદર કોણ છે."? વિરોનિકાનાં ધણીએ ઓરડા અંદર પગ મૂકતાં પોકાર્યું.

"હું--હું પોતે છું રોબર્ટ" તેણીએ પોતાનાં ધણીને વધાવી લેવા થોડાં પગલાં આગળ વધી હાથ પોહોળા કરી ધ્રુજતાં અવાજે જવાબ દીધો.

'આવી મોડી રાત્રે તું યહાં શું કરે છે."? તેણીના ધણીએ શંકા શીલ બની પુછયું, "હમનાં લગભગ રાતનાં ત્રણ વાગ્યા છે".

નીચે કાંઇ અવાજ થતો સાંભળ્યો અને ધાર્યું કે તમો વહેલા આવ્યા હશો એમ ધારી હું અહિં આવી", તેણીએ મનપર કાબુ રાખી ઉશ્કેરાટથી હસતા કહયું.

"હું ધારૂં છું કે તમો ઘણા થાકી ગયા હશો, રોબર્ટ, તેથી ચાલો બિછાને જલદી પોંઢી જઇશું."

તેણે તેણીને, એક હાથથી બાજુ ખસેડી દીધી, અને બીજે હાથ સ્વીચ દાબવા લાંબો કર્યો, આ વખતે તેણી એક નેતરની

માફક થરથર કંપતી હતી, તેણીએ આ હાલતમાં પોતાના મગજપરનો કાબુ ખોઇ દીધો અને એક કુદકો મારી પોતાના ધણીને સ્વીચ દાબતા અટકાવવા લાગી.

"વિરોનિકા", તેણે ઠંડે પેટે તેણીને બાજુ ખસેડી નાંખતા પોકાર્યું, "તું એમ કાંઇ કરે છે! તેણે સ્વીચ દાબી કે તે ઓરડો વિજલીની રોશનીથી ઝગમગી રહ્યો, "આ કોણ છે?"

સર રાબર્ટે અર્ધ ફરી જઇ તે બારણું ઠંડાઇથી બંધ કર્યું, અને તે પછી પોતાના બેઉ હાથો પોતે પહેરેલા ઓવરકોટનાં ગજવામાં નાંખી ગુસ્સા સાથે તેનાં તરફ જોયું.

"મેં" તને ઓળખ્યો મી. લ્યુક રેનવીક, તારી એક સખી મારી ઓહોરદારના કબજામાં હતી તે મેં જોઇ હતી. તે વખતે જોઇ કંઇ વેહેમ લાવ્યો નહિ હતો, પણ હવે મને ખાતરી થાય છે કે તેણીએ તારી સખી કાંઇ ખરાબ નિષ્ટાથીજ રાખી હતી, કેમકે મારી ગેરહાજરીને વખતે અત્રેની મોડી રાતની હાજરી, અને હું આજે નહિ આવીશ કરી તે જાણતી હતી એ સર્વે મને શક ભરેલા બનાવે છે, તેમજ હું આવ્યો તે અગાઉ આ ઓરડામાં રોશની હતી, અને પછી ઓચીંતા થએલા અંધકારે મને વધારે વહેમી બનાવ્યો છે. તે સિવાય આ ઓરડામાંથી મને લઇ જવાની તેણીની આતુરતા ભરેલી ચાલ, અને તેણી અહીં એકલી છે એમ કહેવું તેણીનુ જુઠ્ઠા પણું, એ સર્વે કારણો મને શંકાશિલ બનાવવા પુરતાં છે. તેણીએ પોતાના આશક ની સખી જે રાખી હતી તેનું કારણ એજ હતું કે તેણી મારાથી બેવફા છે. ઓ બેવફા, કહે તું શું કહે છે"!

વિરોનીકાનાં પગો તળેથી ધરતી ફાટી જતી હોય અને તેણી તેમાં ગર્ક થઇ જતી હોય એમ તેણીને લાગ્યું. તેણી બેભાન થઇ જતી હોય એમ લાગ્યું. તેણીએ બાજુ મૂકેલી તેબલને મજબુત પકડી રાખી અને તેણી ટગર ટગર પોતાનાં પતીને જોતી ઉભી. તેણી પર આવેલા બોહોતાનનો બોજ તેણીની છાતી ફાડી નાંખતી હતી, તેણી ખરેખર નિર્દોષ હતી જયારે તેણીનો ધણી પુરો વહેમી બન્યો હતો.

તેણીનો ચેહેરો મુડદા જેવો ફીકો પડી ગયો હતો, અને તેણી ધ્રુજતા દીલે તેને જોતી હતી તે પછી રેનવિકનાં મોહોડાપર અતી સંતાપ સાથે જોયું, જે તેબલ ઉપર હાથો ટેકવી ફાટે ડોળે જોતો ઉભો હતો.

"ઠીક," સર રાબર્ટે કરડા અવાજથી આગળ ચલાવ્યું "હવે વધુ વાર આ મારી મોહોરદાર તરીકે રહેનાર નથી, હું તેણીને જલદી છુટી કરીશ. ત્યારે ભલે તમો તમારી પ્યારની મુર્તી સાથે લગ્ન કરી સુખી થજો, સમજ્યા લ્યુક રેનવીક?"

રેનવિકે આ સાંભળી વિરોનિકાના ચેહેરા પર જોયું તો તેણીની આંખોમાંથી આંસુઓની નદી વેહેતી હતી, જ્યારે તેના ચેહેરાપર આશાના કિરણો ખુલ્લાં દેખાતાં હતાં અને તેના હોઠો કાંઇ જુદીજ લાગણી સાથે દીસતા હતા. પણ તેણીનો જ્યારે ચહેરો વધારે અને વધારે દુખમાં પીડાતો દેખાયો ત્યારે તેનાં ચહેરાપર પથરાએલો સેજ મલકાટ હવામાફક ગુમ થઇ ગયો અને તે ઘણી મુશ્કેલી સાથે દમ લેવા લાગ્યો અને પોતાની નજર તેણી પરથી ખસેડી નાંખી.

"સાહેબ" તે સર રાબર્ટ તરફ ફર્યો અને બોલ્યો. તેનો અવાજ મહામુશ્કેલીથી દબાતો બાહેર પડ્યો. "હું કાંઇ વધુ કહી શકતો નથી, હું વિરોનીકાને ચાહું છું. તે નાકબુલ કરી શકતો નથી. અને—"

"હું તે સાંભળવા ઇચ્છતો નથી અને—" સર રોબર્ટે ઉતાવળી અહીંથી તેને બોલતો અટકાવી કહ્યું.

"નહીં, તમો મારૂં પુરૂં સાંભળો" તેને વધુ બોલતો અટકાવી રેનવિકે વચ્ચે કહ્યું. જયારે તેણે સીધો ટટાર થઇ હિમ્મતથી બોલવાનું જારી કર્યું. "મારૂં "બોલવું પુરૂં સાંભળી લીધા પછી તમો ભલે ગમે તે મત બાંધજો, હું ખતરે વિરોનિકાનાં આશક તરીકે બીલકુલ આવ્યો નથી સર રોબર્ટ, તમો તેબલ ઉપર એકઠી કરી મૂકેલી ચીજો જોશો તો તમારી પુર્ણ ખતરી થશે કે મારી અહિ આવવાની શું મકશદ હતી. હું સોગદ પુર્વક કહિશ કે તમારી મોહોરદાર આ ઘરમાં રહે છે તેથી પણ હું નાવાકેફ હતો. આ બીજા કોઇનું ઘર ધારી ચોરી કરવાની મતલબથી હું ખાસ અહિં આવ્યો હતો, અને થયલા ખડખડાતના અવાજ સાંભળી તમારી જયારે મોહોરદાર આ ઓરડામાં આવી ત્યારે અજાયબીમાં દંગ થઇ ગયો. તેણીની દબાનથી હું શું મકસદથી અહીં આવ્યો હતો તે કેહેતો હતો, તેટલા તમારા આવવાનાં પગલાનો અવાજ સંભળાયો તેણીએ મારો ચોર તરીકેનો ભેદ ખુલ્લો નહિ થાય એવું ધારી બત્તી બુજાવી નાખી: અને તમોને જુઠું જુઠું કહ્યું મને બચાવવાની મતલબથી તેણીએ તેમ કર્યું હતું. તે સિવાય બીજો તેણીનો કાંઇ ઇરાદો નહીં હતો, કારણ કે એક પ્રમાણીક ગૃહસ્થ કહેવાતો હોવાથી જો હું ચોર તરીકે જાહેર થાઉં તો મારી આબરૂપર કાળી ટીલી લાગે એમ હોવાથી મને બચાવવા ખાતર તેણી જુઠું બોલતી હતી, અને પોતાનો ઉદાર ખવાસથી મ.રો ભેદ પોતે જાહેર નહીં કરતાં સઘળું મારા પર છોડયું છે, કારણ તેણી બરાબર જાણતી હતી કે મારો ગુન્હાનો એકરાર મને પુરો પાયમાલ કરશે, અને મારી ચુપકીદી તેણીનું સત્યાનાશ વાળશે."

સર રોબર્ટે ભવાં ચ્હડાવી નીચે જોયું અને પછી માથું ઉંચું કરી તિરસ્કાર સાથે રેનવિકને ઘુરકવા લાગ્યો.

"તમોએ જે એકરાર કર્યો છે તે હું પુરતો સમજતો નથી. હું જો કહીશ કે તમોએ જે ખુલાસો કર્યો છે તે હું માનતો નથી તો તમો અજબ થશો."

"નહિ-નહિ-" રેનવિકે એક લાંબો નિસાસો ખેચી ઉત્તર દીધો. જ્યા મેં મારો ભરમ ખુલ્લો કરવા સાથે સાચું કહ્યું છે જે તમારા જેવા અદેખા વહેમી અભિમાની માણસ જયારે કબુલ કરતા નથી, તો સારે નશીબે હું બીજો દાખલો આપી સાબેત કરીશ."

તેને તરત પોતાનાં એક ગજવામાંથી, બીજાં તાલાંને બેસે તેવી બનાવટી કુંચીઓનો ઝુમખો કાઢી ટેબલપર નાખ્યો, અને બીજા ગજવામાંથી ચામડાની એક ખુલ્લી કોથલી કાઢી આગળ ધરી કે જે કોથલીમાં ઘર ફાડવાનાં નાનાં મોટાં લોઢાંનાં ઓજારો હતાં.

"જો એક પરણેલી મોહોરદાર પોતાનાં ધણીને ખરા પ્રેમથી પુજતી હોય અને હું જો તેણીનાં લીધે આવ્યો હોવું, તો આ ઘર ફાડવાનાં ચોરોનાં હથીયારો સાથે શું કરવા આવું", તેણે બોખરા અવાજે કહ્યું.

"તમોને આ ઓજારો જોઇ મારા કહેવાપર વિશ્વાસ આવશે."

સર રોબર્ટે તે સામાનને ટીકી ટીકીને વિચારવંત અદાએ જોયું, અને એક પલ સાં ચુપકીદી પથરાઇ.

વિરોનિકા ધસાધસ રૂદન કરતી હતી, તેણી નિર્બળતાથી જરા બાજુ ખસી જઇ ખુરસી ઉપર ગોસડી થઇને પડી. તેણી બે ઓખત્યાર ડચકાં ખાતી હતી.

"તમો જેમ કહો તેમ મારા જેવા એક અદેખા અને વહેમી ધણીને આ રજુ

કરેલી સાબેતીઓ પુરતી નથી, સાહેબ," સર રોબર્ટે કહ્યું. "તમોએ જે કાંઇ કહ્યું છે તે હું સત્ય માનતો નથી. કારણ આ ચોરી કરવાનાજ ઓજારો છે અથવા નહીં તે હું જાણુતો નથી, કદાપી હું જાણુતો પણ હોઉં તો પણ તમારા કબજામાંથી નિકળેલા સામાનથી તમો કાંઇ ચોર ઠરતા નથી." તે બોલતો થોડો વખત ચુપ રહ્યો જે વખતે તેનાં ચહેરા પર અજબ ફેરફારો થતા હતા. તેણે પાછું બોલવાનું જારી કર્યું "તમોજે રીતથી ખુલ્લો એકરાર કર્યો છે. અને તમારા કબજામાંથી ઘરફોડવાનો સામાન પણ કાઢી બતાવ્યો છે, તે ઉપરથી મને ઇન્સાફની રૂએ કહ્યા વગર ચાલતું નથી, અને તેમ કરવા હું ફરજથી બંધાયલો મને સમજુ છું. મારો ઇરાદો એવો છે કે તમને પોલીસના હવાલામાં આપવો. તમો પાસે સાબેતીઓ મોજુદ છે, અને જો પોલીસ તમોને ગુન્હેગાર ઠરાવે અને તમો ગુન્હેગાર છો એમ સાબેત કરો ત્યારેજ હું ખાતરીથી માનીશ કે મારી મોહોરદાર નિર્દોષ છે. જો કે તેણીની પણ પોલીસ તરફથી તપાસ ચાલવી જોઇએ, પણ તેણી આ મુકદમામાં ઘસડાએ તે હું પસંદ કરતો નથી."

"રોબર્ટ ? રોબર્ટ ?" વિરોનિકાએ ઉઠી ઉભી થતાં પગલા લંબાવતાં પોકાર્યું, "તમો તેમ કદી કરી શકશો નહિ તમોને સંતોષ આપવા તેણે પોતે તમારા રૂબરૂ ચોર પુરવાર થઇ મોટો ભોગ આપ્યો છે."

" ચુપ રહે, પટપટ નહિ જોઇએ." સર રાબર્ટે કડ્ડે પેરે જવાબ દીધો " આ બાબત અમો વચ્ચે છે તેમાં વચ્ચે તને આવવાની કાંઇ જરૂર નથી, કેમ તમો કબુલ કરો છો કે સાહેબ"?

" લ્યુક, લ્યુક, તમો શું કરો છો તે પેહેલે વિચારજો," વિરોનિકાએ અકલામણથી પોકાર્યું.

" હું ભોગ આપીશ અને પુરવાર કરીશ, વિરોનિકા. "રેનવિકે દબાયલા અવાજે તેણીને જવાબ દીધો. " હા હું કબુલ કરૂં છું, જો ચોર તરીકે હું ગુન્હેગાર ઠરવાથી વિરોનિકા જેવી સદ્‌ગુણી વફાદાર મોહોરદાર નિર્દોષ જાહેર થાય છે તો હું ખુશીથી ભોગ આપવા તૈયારછું. "

" કદી નહીં. લ્યુક કદી નહિ" તેણીએ ઉશ્કેરાઇને પોકાર્યું. "તમો જો ચોર ઠરશો તો કેદખાનાની શિક્ષા તમોને થશે, તમો મારા લીધે આબરૂ ગુમાવો ના, લ્યુક એવું પગલું કદી ભરશો નહિ."

તેણીનાં ધણીનાં ચેહેરાપરનો ક્રોધ વિખરાતો ગયો, તેણે વિચારોનાં વમલમાં રેનવિકને જોયું અને તે પછી વિરોનિકાને જોયું.

" રોબર્ટ જો તમો પાસે અંશ જેટલે પણ ઇન્સાફ હોય, અને મારી વફાદારી પર ભરોશો હોય, તો આ બારણું ખોલી નાખો, અને તેને બાઆબરૂ જવા દેઓ. તેણે જે કરી બતાવ્યું છે તે ખરા પ્રેમીની હુરમતને શોભા આપે તેવુંજ છે. તેણેમારે લીધે પોતાની જરા પણ દરકાર કર્યા વગર ખરી જાનફીશાની કરી બતાવી છે. "

"હુરમતને ?" સર રોબર્ટ પટપટયો, "વિરોનિકા" રેનવિકે સમજાવતી ઢબે કહ્યું,

"એનાં જેવા માણસ નજદીક ઠાકઠુદી કરવી નકામી છે."

"હા, હુરમતને શોભા આપે તેવો તે વર્ત્યો છે?" તેણીએ હિમ્મતથી જવાબ દેતાં કહ્યું.

સર રોબર્ટે માથું ધુણાવ્યું.

"હું પુરો ઇન્સાફ આપીશ, મને તારી વફાદારીપર પુરો ભરોસો છે વહાલી વિરોનિકા" તેણે કહ્યું, અને ફરી જંઘ થોડાં પગલાં લંબાવ્યાં, અને બારણું ખોલી દીધું.

"મી. રેનવિક હવે તમો સીધાવો, મને પુર્ણ ખાતરી છે કે તમોએ જે કહ્યું છે તે ખરૂં છે, તમારો સાચો પ્રેમ આડે આવ્યો છે, અને તમોને છુટાપણું મળ્યું છે. તમોએ ઠીક બજાવ્યું અને તમોએ એક માન આપવા લાયક માનવંતા પોતાને પુરવાર કર્યા છે."

તમારા ભલા બોલો વિશે હું ઉપકાર માનું છું," રેનવિકે ગુંગળાતા અવાજે કહ્યું. એટલું કહી તેણે પોતાનાં ધ્રુજતા હાથોને તે ટેબલ પર મુકેલા ઘર ફાડવાનાં ઓજારો અને કુંચીઓ ઉપાડી લેવા લાંબા કર્યા.

એક નાદની બુમ સાથે વિરોનિકા ઉછળીને મારી સાંમે આવી; અને તેના હાથમાંથી તે ચોરી કરવાનો સામાન ઝુંટવી લીધો.

"તમોએ માનવંતા પોતાને પુરવાર કર્યા છે," તેણી દબાતા અવાજે બોલી, જ્યારે તેણી આંખોમાં સ્પષ્ટ રીતે કંઇ મરમ દેખાતો હતો.

તે જરા બેચેનપણે પણ ખુશાલ ચેહેરા સાથે હસતો પાછો હટયો.

'તમારા સારા બોલો વિશે આભાર થયો."

"હું હવે પછી કદી ચોરી કરીશ નહીં, અને માનવંતો બનીશ. તમારા ભલા બોલો ભુલીશ નહીં. આ સામાન હું અહી મુકી જાવું છું."

"હા અહીં મુકી જાવો," સર રોબર્ટે અનિશ્ચિતપણે પટપટી કહ્યું, અને તે તેઓ બેઉને ત્યાં છોડી બાજુમાં આવેલા મોટા દીવાનખાના તરફ ચાલી ગયો.

લ્યુક રેનવીકે નિચે પડી ગયલી ટોપી ઉંચકી લીધી અને બારણા તરફ ચાલવા લાગ્યો, જ્યારે તેની આંખો વિરોનિકાનાં સુંદર ચહેરા પર ચોટેલી હતી. તે એક પળ સુધી તેણીની સામે આવી ઉભો અને ઉતાવળથી તેણીનો હાથ ઝાલી તે ઉપર તેણે એક ચુમી લીધી.

"મને તેં માનવંતો બનાવ્યો છે,"

તે તેણીની આંખો તરફ નજર કરી પટપટયો, "હું પ્રમાણીક બન્યો છું."

તેણીએ પોતાનું માથું ફેરવી લીધું જ્યારે તેણીની આંખોમાં આસું હતાં.

લ્યુક પોતાના જીગરમાં કંઇ નવીન આશા સાથ તે ઘર છોડી ગયો. ખોવાયલા પ્યારની નિરાશીએ તેને ચોર બનાવ્યો હતો, તે પ્યારની અસલી યાદે તેના જીગરમાં નવી આશા ઉભેરી હતી. આ આશામાં તેણે જીંદગીનો દાવ નવેસરથી માંડયો અને તેમાં તે સુખી થયો.

(પારસી સંસારી નવી ચાલુ વાર્તા)

શેહેરાં નહિ મેહેરાં

એક તવંગર બીજી ગરીબ

ખાસ લખનાર રૂસ્તમજી હો. મીસ્રી.

જ્યારે દોરાબ પંજાબમાં હતો, ત્યારે તે તહેવારોના દિવસો ઉપર કાશ્મીર તરફ ફરવા દરવાનું વધારે પસંદ કરતો હતો, અને ત્યાં તેને એક પારસી ચીતારા સાથે સહેજ પીછાન પડી હતી ને ચિતારો કાશ્મીરની રળીઆમણી ખીણો અને ત્યાંના કુદરતી મનપસંદ દેખાવોનાં ચિત્રો પાડવામાં હંમેશાં રોકાયલો રહેતો હતો. દોરાબ વાડીઓ હમેશાં પોતાની મુસાફરીમાં બધાં નાના મોટા સંઘે બેળાતો હતો, અને મૂખ્ય કરીને તેને કોઇ જરથોસ્તી જડતો, તો તેની સંગાતનો અને દોસ્તીનો તે અત્યંત રહેતો હતો.

આ ચિતારાને કાશ્મીરના મહારાજાની મોટી મદદ હતી, અને તેનાં ચિત્રો હિંદુસ્તાનમાં દરેક પ્રદર્શનમાં હમેશાં પહેલે નંબરે આવતાં હતાં.

દોરાબ વાડીઓ તેને પહેલાં મળ્યો, ત્યારે તેને યુરોપિયન સમજ્યો હતો. તે પણ તેમજ સમજ્યો હતો. બન્ને યુરોપિયન ડ્રેસમાં જવાથી એક બીજાને અંગ્રેજ સમજ્યા હતા અને તેમ સમજીને તેઓએ ઇંગ્રેજીમાંજ વાત ચલાવી હતી, પણ જ્યારે એક બીજાના નામથી વાકેફ થયા, ત્યારે પારસી જાણીને તેઓને બહુજ ગમત પડી હતી

" ઓહ ! તમે તો પારસી છો ? તમે એવું સરસ ઇંગ્રેજી બોલો છો કે જો કોઇ તમારું નામ નહિ જાણે, તો તે તમને ઇંગ્રેજ સમજે ! વળી તમારો દેખાવ પણ ઇંગ્રેજ જેવોજ છે મને પણ ઇંગ્રેજીમાંજ વાત કરવાની ટેવ પડેલી છે. વળી અહીં કદાચજ કોઇ પારસી ભેટી નીકળે છે તો તેની સાથે ગુજરાતીમાં વાત થાય છે, નહીં તો હું તો ઇંગ્રેજીમાંજ વાતચીતનો વહેવાર રાખું છું. હું કાશ્મીરના મહારાજાના આશરા હેઠળ ગામે ગામના અને શહેરેશહેરના મનોહર દેખાવોના ચિત્રો ઉતારું છું. વળી મને મુસાફરીનો ચસકો લાગ્યો છે, તેથી એક ઠેકાણે ઘર ઘાલીને રહેવા ગમતું નથી," તે ચિતારાએ દોરાબ આગળ ખુલાસો કીધો હતો.

"મુસાફરીનો શોખ એ એક સારી વાત છે ? એમાંથી ઘણું શીખવાનું, અને ઘણું જોવાનું મળે છે, તેમજ આ દુનીઆનો ખરો રંગ આપણે મુસાફરીમાંજ જોઇ શકીએ છીએ. માંચીમાંના માકડની માફક એકજ ગામમાં રહેવાથી અનુભવ વધતો નથી. ચોપડીઓના અભ્યાસ કરતાં મુસાફરીનો અનુભવ બહુ લાભકારક છે. વળી વાંચેલું ભૂલી જવાય છે, પણ મુસાફરીમાં જોયલું અને અનુભવેલું મન ઉપર એવી છાપ મારી રહે છે કે તે છાપ જીંદગીભર ભુસાતી નથી," દોરાબ વાડીઆએ જવાબ દીધો હતો.

"બરાબર છે, પણ લાંબા વખતે આપણું વતન યાદ આવ્યા વિના રહેતું નથી. હું અસલ સુરતનો રહેવાસી છું, અને સુરત એકવાર પાછું

જોવા મન તલપાપડ થઇ રહ્યું છે. વળી મુંબઇમાં પણ ઘણાં વરસ થયાં પગ મુક્યો નથી," તે ચિતારાએ કહ્યું.

આ ચિતારાએ પોતાના બંગલામાં દોરાબ વાડીઆને ચાર દિવસ ઉતારો આપ્યો હતો, અને લાહોરના આડવોકેટ જનરલ તરીકે કાશ્મીરના મહારાજા સાથે ઓળખ કરાવી હતી આ ચિતારાએ પોતાનો કાડ પણ દોરાબ વાડીઆને આપ્યો હતો અને તે કાર્ડ ઉપર

"જાલ પરવીઝ

આરટીસ્ટ"

નામ છાપેલું હતું.

આ કાર્ડ વાંચીને દોરાબ વાડીઓ બોલી ઉઠયો હતો, " તમે જાલ પરવીઝ ! મને ખબર છે કે તમારાં પિકચરો સીમલાના છેલ્લાં પ્રદક્ષણામાં પહેલાં આવ્યાં હતાં, તેમજ લંડન એકઝીબીશનમાં વોટર કલરમાં સોનાનો ચાંદ જીતી જનાર તે તમેજ કે કોઇ બીજો" ?

"હા, સાહેબ, હું જ તે તમારો કમીનો સેવક; મારો ખાસ અભ્યાસ 'વૉટર કલર' નો છે. વૉટર કલરમાં હું હંમેશાં પહેલો આવું છું."

"હા, તમારાં પિકચરો મુંબઇનાં એકઝીબીશનમાં હતાં, તે મને બહુ પસંદ પડયાં હતાં, અને તેમાંનું 'કાશ્મીરની ખીણ' નું ચિત્ર મને એટલું બધું પસંદ પડયું હતું કે સાતસો રૂપીએ મેં તે ખરીદી લીધું હતું," દોરાબે વાત કરીને સિદ્ધ કરી આપ્યું કે કાયદા ઉપરાંત તે ચિત્રોનો પણ ભારે શોખીન હતો અને તેને ચિત્રની પરીક્ષા કરતાં આવડતી હતી.

ઉપર વર્ણવ્યા પ્રમાણે જાલ પરવીઝ અને દોરાબ વાડીઆને સારી દોસ્તી બાઝી હતી. આ દોસ્તીનો લાભ લઇને જાલ પણ લાહોરમાં ઉતરી પડીને દોરાબને ત્યાં કેટલોક વખત પરોણા તરીકે રહી ગયો હતો.

વાંચનારને હવે સમજ પડશે કે જ્યારે દોરાબ વાડીઆએ માકાશાહનું વિલ વાંચ્યું અને તેમાં જાલ પરવીઝ, આરટીસ્ટ, વિષેના ફકરા વાંચ્યા, ત્યારે તે સમજી ગયો કે આ મારા કાશ્મીરના દોસ્ત વિષેની બાબદ છે. આથી તેણે આ બાબદ ઉપર કુદરતી રીતે વધારે ધ્યાન આપ્યું હતું પેશતનજી વાડીઆ માકાશાહના વીલના ત્રસ્ટી હતા, પણ તેમાં ખુલ્લું દરશાવેલું હતું કે પેશતનજી વાડીઆની રજાકજાએ દોરાબ વાડીઓ ત્રસ્ટી નેમાય. બુઢા પેશતનજી પોતાની નાદુરસ્ત તબીયત અને સંધીવાના બુરા રોગને લીધે ઘણું ખરું નવું કામ દોરાબનેજ સોંપતા હતા, અને આ વિલની બાબદ પણ દોરાબને સોંપી હતી. દોરાબ પોતાની ફરજ સમજવા લાગ્યો કે સઘળો પૈસો માકાશાહના કુંટુંબમાં સચવાયલો રહે તો સારૂં. આથી દોરાબે જાલ ઉપર ખાનગી કાગળ લખીને તેને મુંબઇ બોલાવ્યો હતો. વિલમાં જણાવ્યા પ્રમાણે વાડીઆ સોલીસીટરે, વિલની નકલ જાલ ઉપર મોકલી આપી હતી, અને જાલે તેની પહોંચ સ્વિકારતાં ઘણોજ ટુંકો જવાબ લખ્યો હતો. આથી દોરાબે તેને મુંબઇ બોલાવ્યો હતો કે જેથી તેની સાથે મોઢેમોઢું વાત કરવાને અને તેના વિચાર કેવા છે તેથી વાકેફ થવાને અને.

દોરાબ વાડીઓ માકાશાહના વિચિત્ર વિચાર સાથે મળતો થતો હતો, એમ વાંચનારે સમજવું નહિ તે લગન અને લગનની ઉંચ અને ગંભીર મતલબ સારી પેઠે સમજતો હતો, એમાં કશો શક નથી, પણ હાલ તો તેને પોતાના કુળ તરફથી પવિત્ર ફરજ બજાવવા સિવાય બીજો છુટક હતો નહિં.

જાલ પરવીઝે માકાશાહના વિલની કોપીની પહોંચ સોલીસીટર ઉપર મોકલી હતી, તેની સાથે જે ટુંકો જવાબ મળ્યો હતો, તે જવાબનો સાર થોડા બોલોમાં અત્રે આપીશું-।

" શેઠજી, મારા વડીલ માકાશાહ વૃદ્ધ વયને લીધે મગજની સારી હાલતમાં નહી હશે, મને તેમના પૈસા ઉપર કશો હક નથી. કાયદા પ્રમાણે તેની દીકરાની દીકરી હેયાત છે તેને બધું મળવું જોઇએ "

—⊱⊱◎⊰⊰—

પ્રકરણ ૧૪ મું.

સ્વમાન.

અંગ્રેજ ઓદમાં અંતરે વસે, બધાંની વિવિધ વખાણ,
એક સરખા બે મળશે જ નહીં, એ નક્કી થયલું જાણ

જાલ પરવીઝે મુંબઇમાં એક ઓરડો ભાડે રાખ્યો હતો. તેમાં તે જવાન રહેતો હતો નહી, પણ તેમાં પોતાનાં ચિત્રો સાચવી રાખતો હતો. કોલાબા તરફ એક ચાલીના ત્રીજે મજલે દરિયાની સામે તેનો ઓરડો આવેલો હતો, મુંબઇની બાહેર વરસો સુધી રહેવા છતાં તે મુંબઇના ઓરડાનું ભાડું ચાલુ ભરતો હતો. દોરાબ વાડીઆના સવાલના જવાબમાં આડકતરી રીતે તેણે જવાબ દીધો હતો કે મારી પાસે થોડી ખાનગી પુંજી છે, તેના વ્યાજમાંથી તેમજ મારી કમાઇમાંથી તેમજ મને મહારાજા તરફથી પગાર મળે છે તેમાંથી હું મારું ગુજરાન આસાનીથી કરી શકું છું તેના ઓરડામાં ફક્ત જરૂરજોગ સામાન હતો, સૂવી પાડવાનું પલંગ, એક ટેબલ, અને એક સુવાનો કોચ, ચાર ખુરસી, અને એક નાની કબાટ, અને એક લૅમ્પ, આ તેનો સામાન હતો તે ઉપરાંત ભીંતે તરેહવાર ચિત્રો ટાંગેલાં હતાં, જેમાં જુદી જુદી જાતનાં ફુલોનાં પાનરાં, ટેકરીઓ અને ખીણોના મોહ પમાડનારા દેખાવો, એવા તો રમણ્ય અને રળિયામણા હતા, કે જેને કુદરતની બલીહારીનું ભાન હોય, અને જે કોઇ ચિત્રનું શોખીન હોય, તેને તે બધું બસ જોયાજ કરવા ગમે.

દોરાબ વાડીઆએ તેની આગળ વિલ વિશે વાત છેડી અને શરૂ કર્યું, "તમારા માતાજીના કાકાજી માકાશાહના વિચાર વિચિત્ર હતા, પણ તેમનું ભેજું બહુ સાબુત હતું, અને તેમનાં 'વિલ' વિષે બીજાંઓ ગમે તે ધારે, પણ અમે તેની અંદરની ખુબી અને માકાશાહની ખરા દિલની મતલબથી વાકેફ છીએ, તેથી અમને તે એટલું વિચિત્ર કે નવાઇ જેવું લાગતું નથી."

જાલ પરવીઝે પુરતી ગંભીરાઇથી પોતાનું ચિત્ર ચાલુ રાખીને જવાબ દીધો, ' મારા મોટા કાકાજી, જેમને હું કોઇ વખત મળ્યો ન હતો, કે જોયા નહતા, તેઓનું 'વિલ' શું છે તે મને વિગતવારે સમજાવો, તમે બોલો, હું સાંભળું છું, મારા કાન તમારી વાતમાં છે, અને મારી આંખ મારાં ચિત્રમાં છે. આ ચિત્ર મને ઉતાવળે પુરું કરવું છે, વાસ્તે હું મારૂં કામ કરતો જઇશ, અને તમારી વાત પણ સાંભળીશ "

" એટલો બધો પૈસો તમારા કાકાજી તમારે માટે મુકી ગયા છે કે તમને પેટનો ખાડો પુરવા માટે કામ કરવાની કશી અગત્યતા રહેશે નહીં, પણ બધું તમારી મરજી ઉપર લટકે છે પહેલે વરસે તમને રૂા. ૫૦૦) મળશે. "

" લાવો. તોબી હો, કાકાજી દર વરસે પાંચસો રૂપિઆજ આપવા લખી ગયા હોત, તો હું સંતોષ પામત, " જાલે જવાબ દીધો.

" પણ તમે કાશ્મીરમાં હતા ત્યાં તો કામથી કંટાળતા હતા " દોરાબ તાલતલાવટથી બોલ્યો.

" હોય, માણસ જાત છીએ કોઇવાર કંટાળો પણ લાગે, વારૂ, ચાલો, માકાશાહ કાકાનાં વિલની વિગતો મને જણાવો, પછી હું કહું કે તેવણનું કાતરીઉં સાબુત હતું કે ઘસેલું, " જાલ પરવીઝે વિલની ઠેકડી કરવાનું પેહેલું પગલું ભર્યું.

" જાલ, વિલમાં એ મરનાર ગ્રહસ્થની બે મતલબ સર્વોપરી હતી પેહેલી મતલબ આ હતી કે પોતાની મીલકત પોતાનાં ભાઇનાં કુંટુંબમાં જાય, પહેલી નજરે કદાચ તમને તેમનું કાતરીઉં ગેપ લાગશે, પણ તેમ કરવાને તેમની પાસે મજબુત કારણ આ હતું, કે તમારા મમાવા જે તેમના ભાઇ થતા હતા, તેમને એમનાથી જે ગેર ઇનસાફ થયો હતો તેનો પુરતો બદલો તેના વારસોને આપવો "

" મારા મમાવાને ગેરઇનસાફ! કોયરાના સાલની વાત ! ચાલો, વારૂ પછી ? "

" માકાશાહે બધી વાત મારા બાવાજીને કહી છે તેમજ આ વાતથી શેહેરાંને પણ વાકેફ કરી છે. વાત એમ બની હતી કે તમારા મમાવા અને માકાશાહ એકજ છોકરી ઉપર પ્યારમાં પડયા હતા અને તેણીનું નામ પણ શેહેરાંબાનું હતુ "

" તે તો મારી મમાઇ થાય ! તેવણ મરૂયાં હતાં, અને મારી માયનું અને મારૂં બીલાનમાં હતાં, 'તે મનીવ' આવે છે, એમ હતાં, અને તેમાંનું 'કાશ્મીરની''વ્યું હતું." ચિત્ર મને એટલું બધું પસંદ પડયું હતું કે સાતસો રૂપીએ મેં તે ખરીદી લીધું હતું," દોરાબે વાત કરીને સિદ્ધ કરી આપ્યું કે કાયદા ઉપરાંત તે ચિત્રોનો પણ ભારે શોખીન હતો અને તેને ચિત્રની પરીક્ષા કરતાં આવડતી હતી.

ઉપર વર્ણવ્યા પ્રમાણે જાલ પરવીઝ અને દોરાબ વાડીઆને સારી દોસ્તી બાઝી હતી. આ દોસ્તાનો લાભ લઇને જાલ પણ

"અને એમ કરીને પોતાની પૌત્રીને રખડતી કરવી ? તમે એને ચરકેલું ભેજું નહી કહો, પણ મને તો એમ લાગે છે," જાલે ઉત્તર દીધો.

"નહી, ચકરમ ભેજું બીલકુલ નહી ! માકાશાહે પોતાની પૌત્રીનો પણ વિચાર કીધો છે, અને તેથીજ મરનાર તમને વિલમાં અરજ કરે છે કે તમોએ શેહેરાંને પરણેતર તરીકે કબુલ રાખવી, જેથી તેણી પણ રખડે નહી, અને આ સઘળા પૈસાનો લાભ મેળવે."

"મી. દોરાબ, તમે તમારા કુળનો બચાવ કરો તો તે વાજબી કહેવાય, પણ મને કહેવા દો કે આ વિલમાં માકાશાહે સરયામ ચકરમ પણું દેખાડયું છે. આવું વિચિત્ર વિલ કરીને અમને બંન્નેને કહંગી હાલતમાં મુકી જનારને ચકરમ નહીં કહું તો શું ? પરણવા હા કહું તો તેમાં પણ નુકસાન છે, અને ના કહું તો તેમાં પણ નુકસાન છે. એટલે એ બાબતનો શો જવાબ આપવો એ મુશકેલ છે," જાલે જવાબ દીધો.

"પણ તમે માકાશાહને એક વાર 'હા' કહેવાડી હતી, એમ તેવણ બોલતા હતા," દોરાબે વાત આગળ ચલાવી.

" મેં હા કહેવાડી ? જયારે ઘણો કંટાળો આપે ત્યારે બીજુ શું લખું ! મારૂં કાગળ તમારા બાવા પસે હશે. મને ખુદાજી એ દમ ભરાવીને લખ્યુ કે જો તું શહેરાંને પરણવા ના કહેશે, તો તને તેમજ તેણીને વાકેફ ... જહેશ નહી, અને તને

દોરાબ વાડીઓ ખડતાં કરીશ. આવી વિચાર સાથે મળતો થઇ હોત તો શો જવાબ નારે સમજવું નહિ તે બન્ને સાથે લખ્યું ઉંચ અને ગંભીર મતલબ સારી તો હું હા જતો હતો, એમાં કશો શક ઃબદમાં એવાં તો તેને પોતાના કુળ તરફથી કહાડવાં, મને બજાવવા સિવાય બીજો છુટકો છે, " આ

શબ્દો પરથી જાલ એમજ માનતો હતો કે સુદ્ધા માકારાહ ચકરમજ હોવા જોઇએ.

ત્યારે તમે શું આમ કહેવા માગો છો કે ફક્ત સભ્યતાને ખાતર તમે હા કહી હતી ?"

" ખચિત ! સભ્યતાને ખાતરજ ! જો એ છોકરીને ખબર પડી હશે કે જોયા જાણ્યા વગર એકદમ મેં હા કહી, તો તે મારા માટે કેવો વિચાર લઇ જશે ? તેણી તો એમજ ધારશે કે મેં પૈસાને ખાતરજ હા કહી, " જાલ એમ બોલી અદેહો કરતો દેખાયો.

" શહેરા સાથે તમને ઓળખાણ કરાવીશું અને જ્યારે તેણીના સમાગમમાં આવશો, ત્યારે તે તમને ઝટ પીછની લેશે, એવી હુશીયાર છોકરી છે, વારતે હવે તમે ક્યારે મેલાપ કરવા માગો છો ? તમે પહેલા તેણીને પીછાણી લો, અને પછી કહો કે પરણું કે નહી ?"

"મારા મેહેરબાન ભાઇ, હું પરણવાનો હાલ વિચાર કરતો નથી, " જાલે જવાબ દીધો.

" જુઓ, ભાઇ, તમે મોટી બેવકુફાઇ કરો છો ! એ કંઈ બચ્ચાનો બેવનગો વિલ પ્રમાણે ચાલવું કે નહિ તે તમાર કામ છે, અને ચોક્કસ ઠરાવ ઉપર આવવા માટે ચોક્કસ વહેવારૂ પગલાં ભરવાની જરૂર છે, ' દારાબે કહ્યું.

" જો ભાઇ દોરાબ, મારી સાથે તારૂં 'વકીલપણું' છોડી દે. હું તો એમજ સમજું છું કે જો હું પરણવા હા પાડું, તો તું પહેલો, અને પછી બીજા કહેશે કે પૈસાને ખાતરજ હું પરણ્યો. શેહેરાને ખાતર પરણ્યો એમ કોઇ કહી શકશેજ નહી વળી જ્યું ત્યાં સુધી શેહેરા પણ તાણ્યા મ રીને સંભળાવશે કે ઓળખ પીછાણ્યા વગર, ચાલચલણ કે રીતભાતથી વાકેફ થવા વિના પરણવા ઝટ હકને હા પાડી, તે પૈસાને ખાતર નહીં તો બીજાં શાને માટે ? મારા મત પ્રમાણે જો હું એકદમ હા પાડું, તો એ છોકરીને અપમાન કરવા બરાબર છે. શું અમે લાકડાનાં ઢીમરાં છીએ ? કે જંગલી જાનવર છીએ ? કે એવી કઢંગી રીતે લગનના ગાંઠથી જોડાઇએ ? શું હું ભૂખે મરૂં છું કે મોટા-કાકાજીની મરજી મુજબ લગન કરૂં ? બે જણના દિલના જોડાણ તેને લગન કહે છે. હાલ શું અમારાં દિલ કોઇની રીતે જોડાયલાં છે ? લગન કરવા શા આધારે હું હા પાડું ? શેહેરા કે હું બજારમાં વેચાતી ચીજ છીએ કે પૈસાને લીધેજ એક બીજાને કબુલ રાખીએ !" જાલે ઘણી છટાથી જવાબ દીધો.

"ભાઇ જાલ, હું તને હાલ હા કે ના કાંઇ કહેવા કહેતો નથી. અમારી મતલબ એમ છે કે તમને બન્નેને એક બીજાના સમાગમમાં લાવવાં, અને એક બીજાને પીછાણવાની તક આપવી, બોલ એમાં શું ખોટું છે ?" દોરાબે પૂછ્યું.

"નહી નહી ! આવા ચોક્કસ સંજોગમાં હું તેણીની મુલાકાત લેવા કદી ખુશી બનાવું નહીં " જાલે દૃઢતાથી જવાબ આપ્યો.

" પણ તેમ તને કરવુંજ પડશે, કારણ કે વિલમાં એક બીજી કલમ છે. જો તું શેહેરાને મળવા પણ ના પાડે, તો તને વરસ દહાડે ૫૦૦ રૂપીઆ પણ નહીં મળે "

" એમ છે ! ત્યારે તો જેમ તેમ એકવાર મુલાકાત લઇશું, અને કહી દઇશું કે બાઇ, દિલગીર છું કે એ વાત બની શકશે નહીં. એમ મોઢાપર કહેતાં લગરીક ગોઝું તો લાગશે પણ એક વખતની બે ફાર ઝટ થાય તો તેણી આશામાં તણાય નહીં. દોરાબ, ખચિતજ, કાકાજીનું વોજું મલમપટ્ટાને લાયક હશે," જાલે દોરાબને ખિજવાઇને જવાબ દીધો.

" જો મારી સલ્લાહ પ્રમાણે ચાલે તો મળીને ના કહેવામાં તને ફાયદો નથી, હા કહેવામાં ફાયદો છે," દોરાબે સલ્લાહ આપી.

" વાડી વણ્ઝા ઉપર ડોળો રાખીને હા કહું ? ઠીક, જેમ તારી સલ્લાહ !" જાલ ટહોરમાં હસીને બોલ્યો.

" તમે ના કહેશો તો શેહેરાંને દોલત મળશે એમ પણ નથી. બન્ને હા કહેતો દોલત કુટુંબમાં રહે, નહીં તો સખાવતમાં જાય, લે આ વિલની કોપી લાવ્યો છું તે જોઇએ તો ફરીથી વાંચ," દોરાબે કહ્યું, અને ઉમેરીને કહ્યું, " હજી, તમે ઉતાવળા ના થાઓ, બન્ને સાથે મળો અને મસલહત કરીને કોઇ એવા ઠરાવ ઉપર આવો કે દોલત સખાવતમાં જતી બચે "

" હું તારી મતલબ સમજ્યો, પણ એક છોકરીની સાથે આવી નાજુક બાબત ઉપર ગોઠવણ કરવા બેસવું મને તો બહુ ભારી લાગે છે !" જાલ આ સવાલને ઘણું મોટું રૂપ આપતો હોય તેમ લાગ્યો.

" એ તારૂં કામ છે. શેહેરાંનું કામ નથી. તું હિમ્મત પકડી તેણીને મળ, ને તેણીને ચોક્કસ ગોઠવણ ઉપર આવવા સમજાવ. અમે તમારી ગોઠવણ કબુલ રાખીએ, અને વિલની સરત પ્રમાણે તમને દોલત વેંહેચી આપે," દોરાબે વધુ સમજણ આપી, જેથી દોલત સખાવતમાં જતી બચે.

દોરાબે વળી વધુ પૂછ્યું, "જાલ, મારા બાવાએ મને તને પૂછી જોવા કહ્યુ છે કે હાલ શેહેરાં મુંબઇમાં છે તેટલાં તું તેણીની મુલાકાત લેવાને ખુશી થશે કે નહી ?"

" નહી નહી ! બાપુ, મુલાકાતનો દિવસ જેમ બને તેમ લાંબો જવા દે ! હાલ તુરત મને પડતો મુક !"

" ઓજાજા ! શહેરાં પણ એવીજ ઢબે વાત કરે છે. ચાલો ત્યારે, હાલ એ વાત માંડી વાળો! ત્યારે, હવે તમે મુંબઇમાંથી જશો અને પાછા કયારે આવશો ?"

" કાકાજીની વરસી કયારે છે ?"

" ૨૦ મી અકટોબરે "

" ત્યારે અકટોબરની શરૂઆતમાં હું મુંબઇ આવીશ, અને એનો ફડચો કરી નાખીશ," જાલે પોતાનો વિચાર જાહેર કીધો

તમે મુંબઇથી કયાં જશો ! સરનામું આપી જશો તો મહેરબાની· તમારી હીલચાલથી અમને વાકેફ રાખશો તો પત્ર વહેવાર કરવામાં અડચણ નહી પડે."

" હું ફરતો રહીશ. પણ આગસ્ટ સપ્ટેબરમાં પુનાની ઘોડદોડની સરતની વેળા હું પુનામાં આખી સીઝન રહીશ એવો મેં નિશ્ચય કરી રાખ્યો છે. મારા દોસ્ત બી હોરમસજી ઝવેરીએ મારી પાસે વચન લીધો છે કે એ બે મહિના મારે પુનામાંજ ગુજારવા," જાલે જણાવ્યું.

"બી. હોરમસજી ઝવેરી !" દોરાબ અજાયબ થઇને બોલ્યો.

"હા તમે અજબ થાઓ છો તેનું કારણ હું સમજું છું. તેની ચાલ તમને પસંદ નહીં હશે હું કબુલ કરૂં છું કે તે ઘણો 'રફ' છે, અને મોટા મહરથમાં ખપવાનું ડોળ ઘાલે છે. હું સારી પેઠે જાણું છું કે તે અમણ પણ પેહેલાં નબરનો છે. પણ હું તેના ઉપકારમાં છું. તેણે એક વખત મને ડુબી જતાં બચાવ્યો હતો, ત્યારથી મેં એની સાથે દોસ્તી રાખી છે. એની સાથે મને બિગાડ કરવાનું છાજે નહીં."

" ચોક્કસ રીતે તું ખરો છે,પણ એ બડો બદમાસ છે ! બધાં જણ એને સારી પેઠે ઓળખે છે !" દોરાબે કહ્યું.

" અનેક દોસ્તો હોય તેમાં કોઈ કેવો અને કોઇ કેવો હોય, તેને લઇ ચલાવવો જોઇએ. બધાઓની ચાલચલણ, રીતભાત, અને ખાનગી

બાબરો ઉપર ધ્યાન આપતાં આપણને કેમ પરવડે ? તેમ કરવા જઇએ તો બધામાં કાંઇ પણ ખામી નિકળ્યા વિના રહે નહીં તે છતાં બધાઓ તેને જેવો કાળો ચિતારે છે એટલો તે કાળો નથી, " જાલ બી૦ હોરમસજીના બચાવની સગરીક નબળી કોશીષ કરી જોઈ.

" શેહેરાં પણ પુને જવાનો ઇરાદો રાખે છે. જ્યાં તેણી ઉતરે તેની પડોસમાં તમે ઉતરો, તો ઓળખ પડશે, અને વળી તમારી મતલબ પાર પડશે, " દોરાબે સુચના કીધી,

"પણ ભાઇ દોરાબ, જાણી જોઇને હું એ પ્રમાણે કદી નહીં કરૂં ! મારૂં અંતઃકરણ એવું નિચ પગલું ભરવા મને કદી આગળ પાડે એમ નથી. અજાણપણે એમ એક જગે સાથે થઇએ, તો તે વાત તદન નિરાળી છે. મને તેણીની સાથે મેળાપ નહી કરવાનો બીજો કશો વાંધો નથી ફક્ત આ વિચિત્ર વિલે બધો ગોટાળો કર્યો છે, " જાલ બોલ્યો.

" ઠીક ત્યારે ! આગસ્ટ સપટેમ્બર સુધી થોભીશું. હાલ તુરત, તમે બન્નેને વિચાર કરવાને પૂરતો વખત છે. હાલ તમે તદન છૂટા છો " વકીલે કહ્યું, " અને હવે મને બીજું કાંઇ કહેવું નથી. વાસ્તે આપણે છૂટા પડીએ. "

" નહી નહી ! એમ છૂટા નહી પડાય ! કાકાજીના વિલની વાત હવે પડતી મેલો, અને બીજી કાંઇ વાત કરો. આપણે આજે સાથેજ કોઇ હોટેલમાં જમીશું," એમ કહીને જાલે વકીલને થોભાવ્યો, અને સાથે ફરવા લઇ ગયો.

પ્રકરણ ૧૫ મું

પરિક્ષાનો તાગડો.

મને ચાહે છે કે મારા જરને, તપાસ છુપી થાય,
ગરીબ સમજીને મને પરણે, તો દિલનો વહેમ જાય.

પેશતનજી વાડીઆ દુનિયાની રંગતથી પુરતા વાકેફ હતા, અને તેથી પોતાના જવાન દીકરા દોરાબને શેહેરાં સાથે કાંઇ ઘણું કામ પાડવા દેતા હતા નહિ. તેમને ભય રહેનો હતો અને તે ભય ખુદરતી હતો, કે રખેને દોરાબ શેહેરાં ઉપર પ્યારમાં પડે, કારણ કે તેણી ખુબસુરત હતી, અને લોકનું બોલવાનું થાય કે દોઢીઆવાળી કુંજને પોતાને સાંજ ગોઠવી દીધી. આ કારણને લીધે દોરાબે શેહેરાંને હજી દીઠી હતી નહિ.

પણ એક દિવસે પેશતનજીએ પોતાના દીકરા દોરાબને કહ્યું " દીકરા દોરાબ, સાંજે ઘેર જતાં શેહેરાંને મળીને પુછજે કે સુરતના બંગલાને રિપેર કરશો છે કે નહિ ? તું ફક્ત આએ ચીઠીજ આપજે, અને તેણીને કહેજે કે બાવાએ કહ્યું છે કે એનો જવાબ લખજો"

સાંજ રળિયામણી હતી. લોકો ચોપાટીના ફુટ પાથ ઉપર ફરતાં હતાં. દોરાબ પણ ટ્રેનમાથી ચર્નિરોડ ઉતરીને પાંડિખ્યાલ મોટા દરવાજેથી આગલ ચાલ્યો. શેહેરાં ચોપાટીના ફુટ પાથની સામેના એક મકાનમાં રહેતી હતી. સાંજ ખુશનુમાં હોવાથી ત્યાં ફરતું દરેક આસામી ખુશ જણાતું હતું. રંગીલી હાલતમાંજ તે પોતાના મનમાં આજ કેટલાક દિવસ થયા ભમતા આકારનો ખ્યાલ કરતો ચાલતો હતો. ફુટ-પાથ ઉપર અનેક બૈરાઓ ચાલતા હતાં.

તેઓએ અનેક રંગની સાડી અને અનેક જાતના પોલકાઓ પહેરેલાં હતાં, પણ તેનાં મનમાં ભમતા આકાર આગલ સઘળાં બૈરાઓ દોરાબના મનથી પાણી ભરતાં હતાં. પોતાના મનમાંની ઓરતની સાહાઇ આગલ સઘળા બૈરાઓ ઉતરતાં હતાં.

કહેવત છે કે જેનો વિચાર કરતાં હોઇએ અને તે હાજર થાય, તો આપણે કહીએ છીએ કે "સો વરસના આવરદા થશે." આ કહેતીને અનુસરતી રીતે જે આકારનો તે

ખ્યાલ કરતો હતો તેજ આકાર તેનાથી થોડાં પગલાં આગલ ચાલતો હતો. તેણીની ઉપર નજર પડતાં તેને તેની રગેરગમાં એક વીજળીક આંચકો લાગ્યો.

જે છોકરીને તે આજ કેટલાક દિવસ થયા પાછી જોવાને ઇંતેજાર હતો તેજ છોકરી થોડા વારને છેટે આગળ ચાલતી હતી તેણી એકલી હતી, અને સીધી સડસડાટ ચાલતી હતી પછવાડેથી તે તેણીનું આખું મો જોઇ શકતો હતો નહી, પણ જ્યારે તેણી ડાબી જમણી બાજુએ નજર કરતી હતી. ત્યારે તેણીનું અરધું મોહું તે જોઇ શકતો હતો. તે કોઇ બીજી છોકરીને જોઇને ઉતરાયો હતો એમ હતુંજ નહીં. શું તેણી ચોપાટી તરફ રહેતી હતી? કે શું તેણી ફરવા આવી હતી? કે તેણી કોઇને ત્યાં કામે જતી હતી? આ વખતે તેણીનો ડ્રેસ મનમાનતો હતો, અને પહેલે દિવસે હતો તેવો હલકો હતો નહી. દોરાબે પછવાડેજ ચાલવાનું ચાલુ રાખ્યું તેણીનો આગલો ડ્રેસ અને હાલનો ડ્રેસ એ બાબદે દોરાબનું ખાસ ધ્યાન ખેંચાયું હતું કારણ કે આસમાન જમીન વચ્ચે ફરક છે તેટલો ફરક બે વખતના ડ્રેસ વચ્ચે હતો તેણીએ સાદો પોશાક સજેલો હતો, પણ તે મોંઘો હતો. ટુંકમાં, આ વખતે તેણી ઘણી દીપી રહી હતી. આથી દોરાબ ઘણો ગુંચવાડામાં પડયો હતો તેણીએ તેને કહ્યું હતું કે હું તો મારો ટાઇમ પસાર કરવા નોકરીએ રહી છું. તે વાત હવે દોરાબને ખરી લાગવા માંડી અને આ વાકય તેના કાનમાં ઘું ઘું કરીને તેને ગુંચવાડામાં નાખીને ગભરાવા લાગ્યો. એકવાર દોરાબે તેણીને ગરીબ કંગાળ હાલતમાં રીબતી છોકરી ગણી હતી, પણ હવે તેને શક શરૂ થયો કે આ છોકરી સારી સ્થિતીમાં રહે છે, અને પોતાનો ટાઇમ પસાર કરવાને માટે નોકરીએ રહી હોય એ માનવા જોગ છે, કારણ કે હાલનાં પારસીનાં બાયડાં મનમાં આવે તે કરવાને બાકી કાંઇ રાખતાં નથી.

શહેરાંના રહેઠાણના સરનામા પ્રમાણે દોરાબને જવું હતું, માટે આ છોકરીને હવે આગળ ચાલી જવા દેવી, કે શહેરાંને મળવાનું હાલતુરત મુલતવી રાખીને તેણીની પુઠે પુઠે જવું એ બે વિચારમાંથી કયા વિચાર ઉપર અમલ કરવો, તેનો નવો ગુંચવાડો દોરાબને માટે ઉભો થયો, પણ તે ગુંચવાડો આ છોકરીએજ દૂર કર્યો, કારણ કે તેણી પણ શેહેરાંના રહેઠાણ તરફજ વળી, એટલુંજ નહીં પણ જ્યારે તેણી તેણીનાજ મકાનમાં ચઢી, ત્યારે દોરાબની અજાયબીનો શો પાર? તે સ્તબ્ધ થઇને બે ઘડી પળ ઉભો, અને એક પળ ઉડતો વિચાર તેના મગજમાંથી પસાર થઇ ગયો કે રખેને આ છોકરી શેહેરાં પોતે હોય. —

આખરે તે પણ આ છોકરીની પછવાડે તે મકાનમાં ચઢયો, અને એક નોકરને થોભાડીને શેહેરાંબાનું માટે પૂછપરછ કરી. તે નોકરે જવાબ દીધો. "બાઇ બાહેરથી આ ઘડી અંદર ગયાં છે." આ જવાબથી દોરાબનો શક મજબુત થયો કે "જે છોકરીનો ખ્યાલ હું આજ કેટલેક વખત થયો કરૂં છું તે છોકરી ખરેખર દોઢીઆંવાળી શેહેરાંબાનું પોતે છે"

દોરાબ આ છોકરીને એકવાર ફરીથી મળવાને ઇંતેજાર હતો, આ વાત ખરી છે, કારણ કે તેની ઇંતેજારીએ પ્યારનું રૂપ લીધું હતું, અને પોતાના પ્યારની ઉશ્કેરણીમાં તેણીને એકદમ શેહેરાંબાનું ધારી લીધી હતી આ તેના પગલાંએ ગંભીર ગોટાળો કર્યો. જ્યારે તે મકાનમાં દાખલ થયો, ત્યારે તેણે એક બીજી ઉંચી ખુબસુરત જવાન બાનુને હોલમાં જોઇ. આ બાઇ શેહેરાં પોતે હતી, પણ એવો ખ્યાલ તેને આવ્યો નહીં પેલા નોકરે કહ્યું હતું કે શેહેરાંબાનું હમણાંજ બાહેરથી આવ્યાં તેથી તે માણસના કહેવા પ્રમાણે જે જવાન બાનુ તેની આગલ આગલ ચાલી ગઇ હતી તે શેહેરાંબાનુ હોવી જોઇએ.

મહાન લડાઇની થોડીક વિગતો.

બિચારૂં પણ બળવંત બેલજીઅમ-તેની શરૂઆતની તવારીખ અને આ નાના રાજ્યે પોતાની ફરજ કેવી રીતે બજાવી છે તેનું ટૂંક વર્ણન.

ખાસ લખનાર:—J. N. P.

Occupied provinces are not conquered provinces. Belgium is no more a German province than Galicia is a Russian province.

Cardinal Mercier.

આયર્લેંડના ત્રીજા ભાગ જેટલા કદનું એક નાનું રાજ્ય બેલજીઅમ છે, જેણે ૧૮૩૧-૯ સુધીના વર્ષો પછીથી સલાહ અને આબાદીમાં દિન ગુજાર્યા છે, અને જે બનાવોથી એક પ્રજાના વર્ગમાં તે દાખલ થયું છે, તે દીવસોથીજ આ દેશની રૈયતે પોતાની પ્રકૃતિ અને ધર્મના વિચારોમાં ડચ લોકોથી, અને રાજદ્વારી આદર્શોમાં તે વખતના રાજાની સત્તાવાળા ફ્રાન્સથી જુદા પડીને પોતાના પ્રજાકીયપણા માટે જાગૃત થઇને જે રાજદ્વારી બળથી સ્પેનદેશને હંફાવ્યું હતું તે બળની ખીલવણી કરવાનો અને પોતાની જમીનની ખાંચોખુંચ ખેતી કરીને 'પોતાનું' ભવિષ્ય માંડવાનો ઠરાવ કીધો હતો. તેનો આગલો કીર્તિવંત કાળ, ફ્લેમીંગ અને વાલુન પ્રજાઓની અસલ ચંચળાઇ, અને રાજદ્વારી પ્રકરણમાં તેમણે દેખાડેલી સમભવનાને લીધે તે વખતે પોતાનું ભવિષ્ય ચળકતું થશે એવો છાપ આસપાસનાઓ પર તેમણે જડ બેસાડયો હતો.

તે છતાં તેમના વધારામાં શરૂઆતથીજ અડચણોના ઘેરાવામાં તેઓ સપડાયા હતા. ૧૮૩૦-૧ ના સાલની ધર્મની ફાટફુટે તેમણી અને ડચ લોકો વચ્ચે મોટો અંતરભાવ પાડયો. એક વખત એવો હતો કે ફ્રાન્સ બેલજીઅમને પોતાના રાજ્ય સાથ જોડી નાખવા તલપી રહ્યું હતું. અને ત્રીજા નેપોલીઅનના વખતમાં પ્રસીયા સાથના વાંધાઓએ આ રાજ્યને તેવી મુશ્કેલીની હદપર લાવી નાખ્યું હતું. વળી હોહેનઝોલર્ન વંશે પણ આ રાજ્ય પર ધમકી આપનારા સદેશા કહેવાડયા હતા કે "તેઓ ફ્રાન્સના હાથમાં એક હથિયાર થઇ પડયા છે." છેક ૧૮૪૨ ની સાલનો વખત કે જયારે ચોથા ફ્રેડરીક વીલીઅમે પોતાના ઇંગ્લંડના પ્રવાસ વખતે ઉપલી મતલબના શબ્દો કહેલા હતા, ત્યારથી આજ દીન સુધી બિચારૂં બેલજીઅમ પરદેશી ધમકીના વાદળો તળેજ ઉછરતું રહ્યું છે.

આટલું છતાં આ દેશ જરાપણ ડગ્યો નથી. લડાઇની ધાસ્તીમાં પણ પોતાની પ્રજાકીય વાસનાની પુઠેજ તેઓ રહ્યા છે. પોતાના પાડોશીપર આસ્થા રાખીને તેઓ સલાહ સંપજના રસ્તાપર રહ્યા છે વખતના રંગ સાથ રહીને તેઓએ ખેતિવાડી, હુન્નરો અને વેપારમાં ઘણા વધારા સુધારા કરીને લીઝને બર્મીંગામ અને Stetienne નો હરિફ બનાવ્યું છે.

એન્ટવર્પને લીવરપુલ અને હેમબર્ગ સાથ, ઘેન્ટ ને મેન્ચેસ્ટર અને મુલહોસન સાથ, અને બ્રસલ્સ ને હુન્નરો અને

કળાઓના ધામ તરીકે પેરીસ સાથ હરિફ બનાવ્યાં છે. આવા નાના મુલકમાં આવા અહોળા વિસ્તારપર થએલા સુધારા બીજે કંઈ જણાતા નથી.

બેલજીઅમની ઉત્તરે, ખાસ કરીને ફ્રેન્ચ ભાષા બોલતી પ્રજાઓમાં, જેટલી નૈસર્ગીક સુંદરતા છે તેટલી યુરોપના ઉત્તર ભાગમાં કંઈ બીજી ગમ જણાતી નથી, બ્રસલ્સની પશ્ચિમ અને ઉત્તર ફ્લેમીંગ લોકોની મોટી વસ્તી છે, તેઓ ઘણો દેખાવ કરનારાં નથી, પણ પોતાના ડચ પાડોશી કરતાં વધુ આનંદી રહે છે. તેમને માટે એક જૂની કહેવતછે કે "the Flemings sing in full throated fashion." અને ખરેજ ફ્લેમીંગ ગવૈયા એવીજ રીતે ગાય છે. તેમની પ્રકૃતિમાં જોર અને મનશક્તિ માટે મોટો પ્યાર રહે છે, જે પ્યાર તેમના અસલી ગીતો અને તેમનાં હુન્નરો અને કારીગરીમાં માલુમ પડે છે.

તેમના જૂદી જૂદી જાતના સુધારા લડાઇની ધાસ્તીઓ દરમ્યે થએલા છે, આ રીતે "Cockpit of Europe ના નામથી ઓળખાતુ આ શહેર દુન્યાના સૌથી સુંદર અને આબાદ શહેરોમાંનું એક હાલમાં ગણાય છે, હજી પણ તેઓ પોતાની કિલ્લેબંદી મજબૂત કરતા રહ્યા છે. એન્ટવર્પ ને મજબૂત કર્યા પછી મ્યુઝ નદીની ખીણ આગળ નીં કિલ્લેબંધી પર તેઓ હવે ધ્યાન આપે છે. આ હાલતમાં જર્મનીનો ડોળો પણ તે પર બેસાતેજ રહેતો. ૧૯૦૯ની સાલમાં બર્લીન તરફથી રાજદ્વારી રેલવેબાંધાતી ગઇ જેનો એક છેડો છેક બેલજીઅમની સરહદ સુધી લાવવામાં આવ્યો. આ છેક હદબહાર ઉશ્કેરણી કરવા જેવું હતું.

છેલ્લા આગષ્ટમાં આ રીતે બર્લીનમાંથી જે ચેલેંજ આ દેશને થયો તે પગલાથી આ શહેર કંઇ એકદમ અજાએબ થયું નહી, કારણ કે લડાઇના વાંદળાનો બોજો તેમની પર અવાર નવાર પડતોજ હતો; હવે તે બોજો પ્રસીઆના ગડગડાટમાં બદલાઇ ગયો. આ વખતે એલબર્ટ રાજા અને તેના પ્રધાનો શું કરવું એવા વિચારમાં બેસી ન રહ્યા. ૧૮૩૯ની સલાહે તેમને અલગ રહેવાનું ફરમાન આપ્યું હતું, તેને તેઓ ગમે તે વખતે ચીવટાઇથી વળગી રહ્યા. રાજા અને પ્રધાનોએ મજબૂત મન રાખી જેવું શૌર્ય અસલી સ્પાર્ટનોએ બતાવ્યું હતું તેની નકલ કીધી.

આજ જોઇશું તો બેલજીઅમની સખ્ત આફતમાં ડુબેલી છે, પણ તે આફત તેના બહાદુર પહેલવાનોએ પોતા પર હાથે કરીને આણી છે. તેમની સચ્ચાઇની લડાઇએ દેશ પર શું આફતો આણી છે તેનો હેવાલ ત્યાંનો નામચીન કવિ 'એમીલ વીરહેરન, નીચે મુજબ આપે છેઃ—

આ તો આ વખતે, ખરૂં છે કે આપણાં કારખાનાં ચૂપ થઇ ગયાં છે અને બહારથી આધિન જેવાં થઇ પડયાં છે. પણ જેવી લડાઇ પુરી થશે કે તેઓ સુતેલા રાક્ષસનો માફક પાછા જાગૃત થશે. આપણે ત્યારે હમેશાની માફક ઉદ્યમી અને ચાલાક થઇશું. આજ સુધી આપણી પ્રજાએ કાંઇ પણ ધાસ્તી ભોગવી નથી. કાલે શું થશે તે મારેની આપણને ખાતરી છે. આપણે એક શ્રીમંત પ્રજા તરીકે જીંદગી ગૂજારી છે, જેઓ ગરીબાઇ શું છે તે જાણતા નથી. અમારી નજરે લડાઇ એ બીજા લોકોનો ધંધો છે. જે વખત લડાઇની અમને જરૂર ન હતી તે વખતે તે અમારી પર મક્કમપણા અને ઝનુનથી આવી પડી. એક પહાડપરથી ખરી પડતા ડુંગરાઓ જેમ અમને કચરી નાખે તેમ વીલીઅમનું લશ્કર અમારી પર ટુટી પડયું. અમારી સંખ્યા નાની હતી, અને અમો સામે થયા. અમારીપર બિનવફાદારી અને

વિશ્વાસઘાતના આરોપો મૂકવામાં આવ્યા. લીઝના જૂના કિલ્લાઓમાં અમારૂં લશ્કર વધારી મૂક્યું અમારી હિંમત વધારવાને, સામે થવાની નવી શક્તિ મેળવવાને અને અમારામાં નવું જોર ઉમેરો કરવાને અમને ફરજ પડી આ સઘળું એક દીવસમાં એક કલાકમાં એક પલમાં થયું અને અમે એકદમ દુન્યાની અચરતીનાં કારણું થઇ પડયાં આહ ! બહાદુરી અને કીર્તિની ન ભૂલાય તેવી તે પલો ! અમારા નાના લશ્કરને સરહદ તરફ કુચ કરતા જોઇને અમારામાંના કેટલાકો બોલ્યા કે "They will only be food for cannon. We have no army, no generals, no fortresses."

ચાર દિવસમાં આગળ કોઇને માલુમ નહીં એવું એક નામ સર્વના હોઠ પર રમી રહ્યું. છોકરાં (Leman) સરદાર, લેમનનો દાવ રમવા લાગ્યા; છોડીઓ તેના 'ફોટો' મહોલ્લે મહોલ્લે વેચવા મંડી ગયા. એક વખણાયલા કલાગાર તરીકે તેણે સંપૂર્ણ પ્રતિષ્ઠા મેળવી. એટલુંજ નહીં, પણ પેલું નાનું લશ્કર જે 'જર્મન તોપનો ખોરાક' ધારવામાં આવતો તે મર્ણાંત તરફ પોતાના હાથમાં પ્રસીઅન તરવારો લેઇને પાછું આવ્યું. તેઓ નમાના તેટલાજ આનંદી હતા. જે વખાણવા જોગ ભાગ તેઓએ ભજવ્યો તે માટે તેઓ જરાયે વકર્ત ન લેતા. અમે તેમને ખુશાલીથી વધાવી લીધા અને ઉત્તેજન આપ્યું. મગરૂરી અને ઉશ્કેરણીની તે ઘણી સુંદર પલો હતી. રતુ શ્રેષ્ઠ હતી અને હવા રોશની અને પહેલવાનગીરી બંનેથી ભરપૂર થઇ હતી.

લીઝની પહેલી ફતેહો સાથ હેલન, હેરશ્ટાટ, એક્ષારટ ડીક્ષમૂડ અને ફર્નેસની વધામણીથી આખી દુન્યાના વખાણ, આભાર, અને પ્રીતિ તેઓએ છતી લીધાં. નજીક ૩ મહિના સુધી જરમન લશ્કરના મોટા ટોળાંને અમે અટકાવમાં રાખ્યું. તેઓ તો એમજ સમજ્યા કે ૩ દિવસમાંજ અમો શરણ થઇ જઇશું. તેમની હજારોની પહેલી સંખ્યાને અમોએજ કાપી નાંખી.

દુશ્મનો ખભે ખભે અથડતા ચાલતા ધેટાંઓની માફક ટોળાંનાં ટોળાં અમારા કિલ્લાઓ પર ધસી આવ્યાં. હુમલો કર્યાં આગમજ "કૈઝર, કૈઝર," એવા પોકાર તેઓ કરવા લાગ્યા. ત્યારે બેલજીઅનના ન્હાના લશ્કરે પોતાની નાની, ગોંધાટ નહીં કરતી બંદુકોથી જવાબ વાળ્યો, પણ અમે પાનાના કાર્ડની માફક જમીન પર પડવા લાગ્યા. કોઇ વખત ત્યાંથી ભટકતા કોઇ ઝેપલીનની ઓચીંતી રોશની વચ્ચે અમારા વિલાપનો અવાજ સંભળાતો, દુઃખના લાંબા ડચકાં સઘળે સંભળાતાં અને તેની પછી મોતની ચૂપકીદી રજુ થતી.

અમારા મજબૂત અટકાવને લીધે ફ્રાન્સ અને બ્રિટનોને લશ્કર જમા કરવાનો વખત મળ્યો એટલુંજ અમોએ કીધું એમ નથી, પણ લીઝ અને હેલન મધેના અમારા સિપાહીઓ સુથારો અને દુકાનદારોના ગેધા આગલા વર્ષોના નમુના હતા તે અમોએ બહાર પાડયા. જે પળે મિત્રરાજ્યની આત્મિક હૈયાની જોખમમાં આવી પડી હતી તે પળે અમો તેમના બચાવમાં ઉભા હતા. લીઝના લશ્કરોની હાલત અસલી થરમોપીલીની લડાઇની યાદ દેવાડે છે, કે જે વખતના બહાદુર સ્પાર્ટનોની હાલત હાલના લીઝીઓઇઝની બરાબર હતી. જેમ તે વખતે હતું તેમ આજે પણ એક મૂઠીભર લશ્કરે આખી દુનિયાના રક્ષણમાં ભાગ આપ્યો છે. પશ્ચિમને માટે આવી સેવા કરવાનો વિચાર કરતા અમારા અંતઃકરણમાં મગરૂરીનો જોસ્સો ઉભરી નીકળે છે. આંસુઓ અમને અભિમાન કર્તાં છે.

અમારે કહેવું જોઇએ કે ઇશ્વરેચ્છાથી સઘળી પ્રજાઓમાં બેલજીઅમને આ કામ માટે ચૂંટી કાઢવામાં આવ્યું કે જેથી મનુષ્ય જાતનું સૌથી મહાભારત કામોમાંનું એક બજાવવાની તેને જોગવાઇ મળી છે, અને હાલના હેવાન્યપણા અને જનુનની સામે સૌથી પહેલી અને સૌથી અગત્યની કિલ્લેબંધી બાંધવાનું માન તેને શીર જાય છે. આ નામચીન નાની પ્રજાનું નામ તવારીખ અમર્ગ કરશે અમારે કહેવું જોઇએ કે આ ત્રાસદાયક વખતમાં અમો એવી એકત્રતાથી રહેતા કે લડાઇની આવી મહાન પળો સાથે સરખાવતાં અમારી આગલી આખી જીંદગી કશા વિસાદમાં નથી. લડાઇ અગાઉ અમો એક જૂદીજ પ્રજા હતા. અમારા વચ્ચે નજીવા કજીઆથી મતભેદ હતો. કંઇ સબર કારણ વગર ફક્ત શબ્દો માટેજ લડી મરતા હતા. અમારામાં તડા પડવાના સંભવો ઘડીઘડી ઉભા થતા. સૌથી પહેલાં છુટાપણું ભોગવનારા અને મગરૂરી ધરાવનારા શહેરીઓ થવા પહેલા અમો ધારાનાહિમાયતીઓ અને વેપારીઓ થવાની કોશીશ કરતા.

સહીસલામતી ... પછી મ્યુઝ નદીની ખીણુ આગળની કિલ્લેબંધી પર તેઓ હવે ધ્યાન આપે છે. આ હાલતમાં જર્મનીનો ડોળો પણુ તે પર ખોસાતેજ રહેતો. ૧૯૦૬ની સાલમાં બર્લીન તરફથી રાજદ્વારી રેલવેઓ બંધાતી ગઇ જેનો એક છેડો છેક બેલજીઅમની સરહદ સુધી લાવવામાં આવ્યો આ છેક હદબહાર ઉશ્કેરણી કરવા જેવું હતું.

હેલ્લા આગષ્ટમાં આ રીતે બર્લીનમાથી જે ચેલેંજ આ દેશને થયો તે પગલાથી આ શહેર કંઇ એકદમ અજાએબ થયું નહીં,

ઓસ્ટ્રીઆના ક્રોટ અને સર્બ રહેવાસીઓ.

હાલની લડાઇમાં તેમની સ્થિતિ.

દક્ષિણ સર્બ પ્રજાનો વિરલો પાદરી સ્ત્રાસમેયરની કાંહાંણી.

લખનાર J. N. P.

The Great War has proved the enduring bravery, of mankind.

"Collier,s Weekly."

અત્યાર સુધી યૂરોપે દક્ષિણમાં આવેલી સ્લાવ પ્રજાઓ વિષે કશી પણ દરકાર લીધી નથી. ઓસ્ટ્રીઆની મીઠી જીભલડીએ આખા યૂરોપને દખણ સ્લાવ પ્રજાઓપર પણુ ધ્યાન આપવાથી દૂર રાખી હતી, આથી કરીને 'ક્રોસીઆ'ના મૂલકકે ક્રોટ પ્રજા વિષે દશીવા સિવાય બીજું કોઈ જાણુતું નહતું. આ ક્રોટ પ્રજા પોતાની આર્થિક સ્થિતિમાં પરતંત્ર હોવાથી તેમજ એક બીજા સાથ ટંટા ફિસાદમાં રોકાયલી રહેવાથી પોતાની હાલતથી યૂરોપને સચેત કરવાનો કંઇ પણુ ઉપાય યોજી શકી નહીં. ક્રોટીઆ વિષેની કશી પણુ હકિકત જો બહાર આવતી તો તે વાએના અને બુદાપેસ્ત તરફથી રજુ થતી. તે એટલી ધોળ ચલાવેલી આવતી કે જે પણુન ખાતે એવું અનુમાન કરવાનું કારણુ તરીકે જીંદ... સીઆ મધ અને દૂધથી ઉભરાઇ શું છે તે ...દેશ છે.

લડાઇ એ ...atia નો દેશ ઓસ્ટ્રીઆની દક્ષીણુ લડાઇની ...છે, અને હાલની લડાઇ ઓસ્ટ્રીઆએ અમારી ...છે, માટે તેના રાજ્યના આ દેશની પડી. એ...તારીખ આ માસિકના વાંચકોને રસિક જેમ આ...

લશ્કર ...-પ્રજા આ રાજ્યની નું રહીમાં સંખ્યા

સામે થયા.

એટલી તો દબાયલી છે, કે પોતાની સ્થિતિ જાહેર કરવાની ઘણાક દેશાભિમાન પુરૂષોની કોશીશો સફળ થઇ નથી. બહારનાઓને તો એટલુંજ મનાવવામાં આવતું કે આ પ્રજા ઓસ્ટ્રીઆથી પુખ્ત થએલીજ અજ્ઞાન ભટકતા રાજાઓની બની છે. પણ આ પ્રજા હજારો વર્ષના સુધારાની અસર લઇ પુખ્ત થઇ હતી એ વાતથી બીજાઓ અજ્ઞાન હતા. પોતાના અસલી સુધારાના સંસ્કારથીજ તે આગળ વધતી હતી અને હંગેરીયન લોકોની પાછળથી મેળવેલી કેળવણીને લીધેજ તેઓ સુધર્યા છે એમ જે મનાતું હતું તે ખોટી બીના છે.

યૂરોપમાં સમતોલ સત્તા રાખવામાં ક્રોસીઆએ જાણવાજોગ ભાગ આપ્યો નથી પોતાની લડાઇ લડવાને બદલે ક્રોસીઆ વર્ષો થયાં યૂરોપની લડાઇ લડે છે તેની લડાઇ તે જર્મન યૂરોપની વિરૂદ્ધ સુધારાની લડાઈ છે. પોતાથી બની શકતા સઘળા જોરથી પૂર્વ તરફના દરવાજા જર્મન અસરોથી દૂર તેમણે રાખ્યાં છે, અને હાલની મહાન લડાઇથી જે સઘળું બહાર આવે છે તેના તેઓ પ્રથમ સુધારકો હતા.

જે દિશાએ લોકોની સામટી કોશીશ વ્યર્થ ગઇ છે તે દિશાએ એક માણસ ક્રોસીઆના બીશપ સ્ટ્રોસમેયર (Strossmayer) ની અજંતમાં ફત્તેહની કીર્તિ આવી પડી છે. જ્યારેથી દક્ષિણ સ્લાવ પ્રજાની વાત કરે ત્યારે આ સ્ટ્રોસમેયરનું નામ વાપર્યા વગર બોલવું અશક્ય થઇ પડે છે, કારણ કે તે સૌથી મહાન, સૌથી વધુ સત્તાવાળો અને સ્લાવ પ્રજાના વિચારોનો સૌથી વધુ ફત્તેહમંદ પડઘા પાડનારો વિર હતો. સર્બો-ક્રોસીઅન પ્રજાની જીંદગીને એક એવું રૂપ તેણે આપ્યું છે કે જે ૬૫ વર્ષે કોઇથી ચગદી શકાશે નહીં. સ્ટ્રોસમેયર અદ્ભુત બુદ્ધિનો માણસ હતો, લોકોનો સાચ્ચો પાદરી હતો, અને સૌથી ઉમદા પંક્તિનો (free thinker) દરેક ધર્મ માટેના ઉચ્ચ આદર્શ ધરાવનાર પુરૂષ હતો. પોતે એક અત્યંત દેશાભિમાન પુરૂષ હોવાથી પોતાની ગંજાવર આવકનો ઘણો ભાગ પોતાની પ્રજાના હિત માટેજ ખર્ચી નાખતો. તેણે "દક્ષિણ સ્લેવેનિક એકેડેમી ઓવ સાયન્સ"ની સ્થાપના કીધી, કેટ માટે પાઠશાળા ઉભી કીધી અને લલિત કળાનો તે એક મોટો મુરબ્બી હતો. ઝાર એલેકઝાંડર ત્રીજાનો મોટો માનિતો હોવાથી અને ગ્લેડસ્ટન, ક્રિસ્પી અને બીજા નામાંકિત યૂરોપી રાજદ્વારી પુરૂષોનો મિત્ર હોવાથી ક્રોસીઆ અને દક્ષિણ સ્લાવ પ્રજા પર યૂરોપના મુખ્ય માણસોનું ધ્યાન ખેંચવામાં, અને પૂર્વ તરફથી આવતા ધસારા સામે અટકાવ રાખનારી બેરહા રાજ્યોની આ સ્લાવ પ્રજાઓની અગત્યતા તેમના મનપર ઠસાવવાની કોશીશમાં તે ફત્તેહ પામ્યો હતો. તેની આ કોશીશો માટે વાએના અને બુડાપેસ્તમાં સખ્ત દુશ્મનાઇ દેખાડવામાં આવતી, અને જેટલો તે પોતાની પ્રજાનો સૌથી વહાલો દોસ્ત હતો તેટલોજ જર્મનો અને હંગેરીઓનો કટ્ટો દુશ્મન હતો, ફ્રાન્સીસ જોસફ શહેનશાહનો ખાનગી 'ચેપ્લન' હતો, અને વાએનાની અદાલતમાં સૌથી માનવંત પુરૂષ (persona gratissima) ગણાતો હતો, પણ પાછળથી તેની અવગણના થઇ. આ અવગણના ૧૮૮૮માં તેની સિમાએ પુગી, જ્યારે એક ખત ક્રોસીઆના (Belover) બેલવર શહેરમાં શહેનશાહ તરફથી ઠપકો મળતાં તેનો સખ્ત ટોણો તેણે તુર્ત માર્યો, અને વાપીઠકાવી તેની હાજરીમાંથી ચાલી ગયો. સ્ટ્રોસમેયરની આવી દીમનસરી વર્તણુકને ધામધુમથી વધાવી લેવા માટે તેની પ્રજા આતુર હતી, પણ વચનને આધિન રહીને જે પ્રજાના છાપખાના પર તમાપ મરાતી હતી તે પ્રજા તરફથી આવી નિડર લડત લડનારા જોધાના કામ તરફ છુપી ખુશાલી

બતાવીનેજ તે મુંગી બેસી રહી.

સ્ટ્રોસમેઅર કંઇ ખાલી પુરૂષ નહતો, પણ સૌથી ચૂનંદો રાજદ્વારી નર હતો. તે જાણતો હતો કે છેવટની ફતેહ મેળવવી હોય તો રસ્તો બરાબર સાફ રાખવો જોઇએ. જબરજસ્તીથી ઓસ્ટ્રીઆની ધુસરીમાંથી નીકળી જઇ આ દક્ષિણ પ્રાંતોને છૂટા પડવાનું કામ તેને તે વખતે અશક્ય લાગ્યું. આવો જોખમ ખેડવા માટે ૧૮૪૮નો રાજ્યક્રાંત હજી સૌના મનને દુભવતો હતો.

૧૮૬૧ ની સાલમાં જ્યારે હંગરી સાથ સમજૂત કરવાના સંદેશા શરૂ થયા, ત્યારે તેની રૈયતે સ્ટ્રોસમેયરને કૌન્સીલમાં રાખવાને ઘણુંજ દબાણ કીધું. તે વખતનો નામચીન હંગેરીઅન રાજદ્વારી Franz Deak એક એકલોજ પુરૂષ હતો કે જે હાલના જમાનાના બહોસ રાજદ્વારીઓની હારમાં આવી શકે કે જેઓ બીજા રાજપોને પણ સમદૃષ્ટીથી જોઇ શકે છે. સમજૂતીનો ક્બાલો ઘણા ઉદાર ધોરણપર રચવામાં આવ્યો હતો અને જો તે અમલમાં મૂકવામાં આવે તો **ક્રોસીઆની** આર્થિક અને પ્રજાકીય જીંદગીમાં ઘણોજ છુટકારો થઇ શકે. **ક્રોસીઆની** રાજદ્વારી ટોળીસ્ટ્રોસ મેયરની સરદારી હેઠળ આ ખરડાની દરેક કલમ અમલમાં મૂકવાના ઠરાવપર આવી આ દેશની સઘળી રૈયત પોતાની રાજદ્વારી લાયકાત પુરવાર કરવા એક મતે આ ટોળીની બાજૂએ રહી. કમનશીબે ડીકજ એકલો પુરૂષ હતો કે જે પ્રમાણિક રીતે આ સમજૂતી અમલમાં મૂકાએલી જોવા રાજી હતો. ત્યારપછી હંગેરીઅનની રાજદ્વારી ટોળકીએ આ ખરડાને કાગળના એક ચીથડા જેવો ગણ્યો, અને ક્રોસીઆપર જે કલમોથી ફક્ત પૈસા કે બીજું કંઇ આપવાનો જુલ્મો રહેતો તેજ કલમો અમલમાં મૂકતા.

કોલોમન તીઝા (Koloman Tisza) નામનો હંગેરીઅન પ્રધાન (જે હાલના પ્રધાનનો બાપ હતો) તેના વખતમાં આ ક્બાલાની સૌથી અગત્યની એક કલમ બનાવટથી અંદર ઘુસાડી દેવામાં આવી હતી. **ક્રોસીઆના** બંદર ફ્યુમ (Fieume) ને લગતો એક ફકરો, જેથી આ અગત્યના મથકને ક્રોસીઆના એક ભાગ તરીકે ગણવામાં આવ્યું હતું, તે ફકરાપર એક કાગળની કાપલી વળગાડી દેવામાં આવી, અને તે પર, બીજા કોઇના દસ્કતે આ ફ્યુમ શહેરને માટે નીચલા બોલો લખી નાંખવામાં આવ્યા (A corpus separatum adnexœ Hungarium) આ ખાલગથી પહેલવહેલા હંગેરીઅન ખરડાની duplicate નકલમાં કરવામાં આવી, અને જ્યારે તીઝાએ પોતાના ભત્રિજા Count Khuen-Hedervaryને **ક્રોસીઆના** વાયસરાય તરીકે નેમ્યો ત્યારે એવીજ એક કાપલી ક્રોસીઆના દફતરખાનાની નકલમાં ઘુસાડવામાં આવી. આ કૌન્ટ હેડરવેરી બહારથી ક્રોશીઆમાં શાંતી ફેલાવવાનું મોહું ડોળ ઘાલતો હતો, પણ તેણે પોતાની સત્તા કંઇપણ શરમ વગર ખુલ્લી રીતે હવે વાપરવા માંડી. ૨૦ વર્ષની તેની કારકીર્દીમાં તેણે **ક્રોસીઅન લોકોને મેગ્યીઅર** બનાવી આપવાના દરેક રીતના ગમે તેવા ધિક્કારવા જોગ ઉપાયો યોજ્યા. લાંચ, ધમકી, મોટા રાજદ્રોહના ગુનાહ માટેની તપાસ, કેદખાનું, અને ફાંસીના ઉપાયો પણ લેવામાં આવ્યા. સમજૂતીના ખરડાને પગનળે કચડવામાં આવ્યો અને દરેક વાંધા ઉઠાવતા તેમને સખ્તાઇથી દાબી દેવામાં આવતાં.

પોતાના ગુન્હાભરેલા કામોને રાજદ્વારી રૂપ આપવાના બેટા ઓથા હેઠળ તેણે બદમાસ ચાલના, નાદાર હાલતના અને આજકાલના ફૂટી નીકળેલા કેટલાક ગાડેઆઓની એક ટોળીનું

બંધારણ કીધું, જે ટોળી તેના ગેરવાજબી કામોને પાર્લામેંટરી બહાલી આપતી. તેની આખી રાજનીતિ જૂલમનો સટ્ટો રજુ કરે છે, જેમાં તે સ્ટ્રોસમેયર અને સર્બો-ક્રોસીઅન પ્રજા સામે નિર્દય યૂદ્ધ લડતો હતો.

હેડરવેરી એમ જાણતો હતો કે સ્ટ્રોસમેયરની પડતી સાથેજ સ્લાવ હિલચાલને કાતેલ ફટકો પડશે, આથી બંને પક્ષ વચ્ચેનો ઝઘડો કટ્ટી દુશ્મનાઇથી વધતો ગયો. એક ગમ દેવાનિઅત ભરેલું જોર તો બીજી ગમ પ્રજાકીય આદર્શ સામસામાં ઉભાં હતાં. અને આ પંચાતનો શું છેડો આવે છે તે વિચારમાં આ પ્રજા ઝુરતી હતી. આ સઘળામાં સ્ટ્રોસમેયર અડગ રહ્યો, તે કદી બીહયે એવો પુરૂષ હતો નહીં.

નાદળીના ગડગડાટ માફક એનો મુદ્રાલેખ આખા દેશમાં પડઘા કરતો કે "The Croats and Serbs are one nation! Southern Slavdom must win!" એક ગમથી આ રીતે હંગેરીઅનનો જુલમ ચાલતો સારે બીજી ગમ તેની વિરૂદ્ધ પોકાર ઉઠતો જેથી આ અણબનાવનો છેડો આવ્યો, અને તેની વિરૂધની ટોળી મજબુત થતી ગઇ જેની અસરથી તેની સત્તા ભાગી પડી. ૧૯૦૪ માં પ્રજાએ મોટો બળવો ઉઠાવ્યો અને હંગેરીઅન સત્તાને આ રીતે અમલમાં મુકનાર રાજદ્વારી પુરૂષે જોયું કે આ પ્રજાને તાબે કરવા માટે જે કામ તેણે ૨૨ વર્ષ વેર માથે ઉઠાવ્યું હતું તે સઘળું ફોગટ ગયું છે. અને આ કામે તો સામી પ્રજાને જુદી પાડવા કરતાં એકત્ર બનાવી છે, અને જેનો તે નાશ કરવા મંડયો હતો તે વધુ પગભર થઇ પડયું છે. આથી તેણે રાજીનામું આપ્યું. તેની આ અપકીર્તિ ભરેલી રવાનગી સાથે સર્બ અને ક્રોશીઅન પ્રજાનું રાજદ્વારી જોડાણ વધુ મક્કમ થયું. સ્ટ્રોસમેયરના આ કામથી તેની જીંદગી અમર થઇ છે, અને તેણે પોતાની લડતથી જે પરિણામ મેળવ્યું તે પરિણામે આ પ્રજાની લડતમાં વર્ષોવર્ષ વધુ જાગૃતિ ઉત્પન્ન કીધી છે. તે પાછળથી ચાલુ કામ કરવામાંથી ફારેગ થયો પણ પોતાની પ્રજાના ભલા માટે જ્યાં સુધી જીવ્યો ત્યાં સુધી મહેનત કરતો રહ્યો. આ રીતે ક્રોશીઆ દેશ સાથ સ્ટ્રોસમેયરનું નામ સદા જોડાયલું રહ્યું છે.

રમુજી ટુચકા.

કોણ સરસ ?

એક ઇંગ્લીશ, એક આઇરીશ અને એક વખત એક ગામનો એક સ્કોચમેન એમ ત્રણ મિત્રો પોતાના એક મરી ગએલા મિત્રની કબરમાં કંઇ પૈસા નાખવા ગયા. **પહેલાં ઇંગ્રેજે પાંચ પાઉન્ડ રોકડા નાંખ્યા,**

આઇરીશ મિત્રે દશ પાઉન્ડની શાહજોગી ચીઠ્ઠી I. O. U લખી નાંખી જ્યારે છેવટે પેલા સ્કોચમેને પાંચ પૌન્ડ અને પેલી ચીઠ્ઠી ઉચકી લઇ ૨૦ પૌંડનો ચેક ભરી નાંખ્યો, ને તે કબરપર પછી માટી પુરવામાં આવી.

અક્કલના નમુના

એક ગામડામાંથી બે ગામડીઆ મોટા શહેરમાં ફરવા ગયા. તેઓ એક દેવળ આગળ આવ્યા અને અંદર જોવા માટે ફરતા હતા. એક પાદરી મકાન વીશે તેઓનું શું અનુમાન છે તે જોવાને સાથે ફરતો હતો. આખરે એક જણે ઉંચાઇ લંબાઇ પહોળાઇ સઉ જોઇને પોતાના ગોઠયાને કહ્યું "આપણે જો ઘાસ લાવીને આ જગ્યામાં ભરીએ તો કેવું મજેનું ? કોઇ ચોરે બી નહી ને વરસાદથી ખરાબ થાય બી નહીં."

જેઓએ લવાજમ મોકલ્યું નથી તેઓએ યાદ રાખીને મોકલી આપવાની કૃપા કરવી.

વ્હાલા ભુલકાંઓની સબીઓ માટે

નાનાં મોટા ફેમીલી "ગ્રુપો" માટે તેમજ ફોટોગ્રાફી અને એનલાર્જીંગને

લગતી દરેક સાચી સલાહ માટે

એસ. હોરમસજી ફોટોગ્રાફર

તમારે માટે મોજુદ છે. આટલા સસ્તા સ્ટુડયો નીકળવા છતાં હમારે ત્યાં

ઘરાકોનો જે ચાલુ દરોરો જોવામાં આવે છે, એજ

હમારા નામ કામની ગેરંટી છે.

ઠે. હાથી બિલ્ડીંગ, કાલબાદેવીરોડ મુંબઈ.

સાચી સલાહ.

કબજીઆત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વીર્યવીકારનાં ગમે તેવા દોષ દૂર કરવાના, ગમે તે જાતની અને ગમે તેવી કમજોરી નાબુદ કરવાના, અને સ્મરણ શકિતને સતેજ કરવાના દૈવી ગુણો અમારી

મદનમંજરી ગોળીઓ

ધરાવે છે. એવી સાચી સલાહ તમામ વિદ્વાન વૈદ્યો અને બાહોશ ડાકટરો પોતાના દરદીઓને આપે છે.

કીંમત-ગોળી ૪૦ની એક ડબીનો રૂ ૧.

રાજવૈદ્ય નારણજી કેશવજી

જામનગર—કાઠિયાવાડ.

બ્રાંચ ઓફિસ-ન, ૧૮૭, કાલબાદેવી રોડ મુંબઇ.

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું "વૈદ્યવિદ્યા" નામનું ૬૨૮ પાનાનું વૈદકીય પુસ્તક મંગાવો.

નામદાર મુંબઇ સરકારની

ગવનમેન્ટ લેબોરેટરીમાં વિદ્વાન સરકારી ડકટરે અમારી બનાવેલ બાદશાહી **યાકુતી અનંગ વિલાસની** ગોળીઓ એનાલાઈઝ કરીને તેમાં કોઇ પણ જાતની નુકસાનકારક ચીજ નથી એવું સર્ટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી **દવા અકસીર હોવાથીજ** વિલાયતમાં પાસ થયેલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને ઇંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહિ યાકુતી

અનંગ વિાસ.

ગમે તે કારણથી **ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂપાતન કાયમ રાખે છે.** આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી **ખરૂં પુરૂપાતન આપે છે.** ખરી મરદાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનારી આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી. **૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.**

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ બનાવેલ છે, અને તે નસોને પુરતી તાકાત આપે **છે. ખરૂં પુરૂપાતન લાવવા માટે આ લેપ ફ્તેહમંદ ઇલાજ છે** આઉંસ એકની ડબીના રૂપીયા આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાશ મોટીરામ રાજકોટ-કાઠીયાવાડ.

તમોએ આએ નામ જોયું છે કે ?

તમારી ખાત્રી માટે એક શીશી

દુન્યા હેર ઑઇલ

ખાત્રી માટે જરૂર ખરીદજો.

અમારા જુના અનુભવે જાતી દેખરેખ હેઠળ જમાનાને અનુસરતું બનાવેલું છે

અડધા આનાનો સ્ટેંપ મોકલવાથી સેંમ્પલ ફ્રી મોકલી આપવામાં આવે છે.

"દુનીઆ હેર ઓઈલ" મધુર અને સુવાસીક ખુશબોથી લોકપ્રિય થઇ પડેલું છે.

તમારા ગામમાં દરેક ખોરાકીવાળાને ત્યાંથી મળશે અને ન મળે તો નીચલે ઠેકાણેથી મંગાવી લેવું.

દુન્યા હેર ઓઈલ ખરી જતા વાળને અટકાવી માથાને થંડક આપે છે,

દુન્યા હેર ઓઈલ

ચાલુ વપરાશથી બાલને નરમ અને ચળકાટવાળા કરેછે.

દુન્યા હેર ઓઇલ બાનુઓના ડ્રેસ સાથે ખુબસુરતીમાં દશ ઘણો વધારો કરે છે.

કીમત ,બાટલી ૧ના ૧૨ આના પોસ્ટેજ ચાર આના.

એકલા બનાવનાર- **એ૦ દ૦ પાટનવાળા**

ભાજીપાલા લેન,-મુંબઇ.

(પ્ર. પ્ર)

પ્રદરરોગ માટે રામબાણ ઉપાય.

ખાતરી ભરેલી અકસીર દવા.

પ્રદરનું દરદ સ્ત્રી જાતિમાં ઘણું સાધારણ હોય છે તેને અંગ્રેજીમાં સાધારણ રીત (WHITES—વ્હાઇટસ) કરી કહે છે અને આપણા દેશની સ્ત્રીઓ એ દરદને પાણીનું જવું એમ કહેછે. યુવાન અને મજબુત બાંધાની સ્ત્રીઓ કરતા નાજુક તબીયતવાળી અને મધ્યમ ઉમરની સ્ત્રીઓમાં ખાસ કરી એ દરદ જોવામાં આવે છે. ઘણીક સ્ત્રીઓને તેમની ખીલતી જુવાનીમાં પુર તંદુરસ્તી સાથે ફરતા હરતા આપણે જોતાં હશું, પણ તેઓ પ્રદરથી પીડાતી નહિ હશે એમ માનવાને વૈદો પણ એકવાર આનાકાની કરતા લાગે છે, પણ વખત જતાં પ્રદરનું દરદ શરીરમાં ઉંડું ફેલાતું જાય છે અને જો વખતસર તેનો ઇલાજ ન કરવામાં આવે તો તેથી ગર્ભસ્થાનમાં બગાડો થવાનો ત્રાસ એવા બીજા દરદો થવાનો સંભવ રહે છે. વળી તે સાથ મગજની નબળાઈ, કળતર અશક્તી. મુર્છા (ચકકર) આવવી, વખતો વખત પાણી પીવાની મરજી થવી, દાહ, છાતીમાં વગેરે બીજાં ઘણા દરદો ઉત્પન્ન થાય છે, અને છેવટે કોઇ કોઇ કેસમાં, ક્ષય (ઘાસણી)નો નાશકારક રોગ લાગુ પડે છે. પુરૂષોમાં જે પરામી ગરમી (સ્પરમેટોર્યા)નું દરદ કરે છે તેવીજ ખરાબી સ્ત્રીઓમાં પ્રદરનું દરદ કરે છે. શરૂઆતમાં પાણી જેવો પદાર્થ સહેજસાજ પડતો જણાય છે, વખત જતાં ધીમે ધીમે જાડો થતો જાય છે. વધુ વખત જતાં તે સહેજ રંગ પકડેછે, અને પાછળથી તે સહેજ લાલ પીળો કે ભુરો માલમ પડે છે. શરીર દિનપર દીન ગળાતું જાય છે, કામ કરતાં થાક ચઢે છે, ચક્કર આવે છે, અનાજપર રૂચી થતી નથી, છાતીમાં ધબકારા થાય છે, અને રફતે રફતે ચહેરો ફિકો નિસ્તેજ પડે છે, અને દરદીનું શરીર શોષણ થતું જાય છે.

શરૂઆતમાં પ્રદરની દરકાર સ્ત્રીઓ જરા પણ કરતી નથી પણ જ્યારે એ દરદ જડ ઘાલી બેસે છે અને ત્રાસ આપવા માંડે છે ત્યારેજ તેનો ઇલાજ કરવા આતુર બને છે.

અમારી **પ્રદરરીપુ** નામની દવા ઉપરના દરદ માટે એક ઉત્તમ ઉપાય છે આ દવાનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓના શરીરમાં પ્રદરથી ઉત્પન્ન થયેલાં તમામ દરદોનો જડમુળથી નાશ થાય છે. ફક્ત એકજ શીશી વાપરવાથી ફાયદો થાય છે કીં. રૂ. ૩.

મળવાનું ઠેકાણું:—

સપટની કું૦ કેમીસ્ટો.

(પ્ર. મ.)

કાળબાદેવી રોડ, મુંબઈ.

વર્ત્તમાનપત્રોનો જન્મ.

એવું કહેવામાં આવે છે કે ક્રાઇસ્ટના જન્મની ૬૯૧ વરસ અગાડિ "એકતા ડીયુરની" નામનું એક રોમન વર્ત્તમાન પત્ર પહેલ વેહેલું રોમમાં નીકળ્યું હતું.

બીજું પત્ર પણ રોમમાંજ "એકના સેનેતર" નામનું જુલીયસ સીઝરના હુકમથી દરરોજ કહાડવામાં આવતુ હતું; જેની અંદર સેનેટને લગતી બાબદો આવતી હતી.

લંડનમાં પહેલ વહેલું 'વિકલી-ન્યુસ" નામનું દર અઠવાડિએ પ્રગટ થતું વર્ત્તમાન પત્ર ઇ. સ. ૧૬૨૨માં પ્રથમ નીકળવા માંડ્યું હતું. તેજ અરસામાં દરરોજ નીકળતાં એક પત્રનો પણ જન્મ થયો હતો. તેનું નામ "પેરલ-બોય" હતું.

સઉથી સસ્તું વર્ત્તમાનપત્ર લન્ડનમાં છે, તેનું નામ 'ટીકસ-એ-પેની" છે. તેનું અઠવાડીક લવાજમ એક પેની છે, જ્યારે તેની છુટક નકલ એક ફારદીંગે મળે છે.

આખી દુનિયામાં સઉથી વધુ વર્ત્તમાનપત્રો જર્મનીમાં નીકળે છે.

"મીસ પરીન"

—⁂—

" ટાંહુકા ટુચકા. "

શિક્ષક—"બોલ છોકરા, સુર્ય અને ચંદ્રમા વચ્ચે શું તફાવત છે."

છોકરો—"સાહેબ, સુર્ય ચંદ્ર કરતાં તંદુરસ્ત અને મોટો છે તેનું કારણ એ છે જે તે જલદી બીછાને જાય છે."

જેમ્સ—"તું શુધારેછ વ્હાલી, કાલે મીસીસ બેને "મારી જીંદગીની ધણી જુલો" નામનું જે ગાયન ગાયું, તે શું. થોડું દીલ ઉશ્કેરનારૂં હતું?

મીશીસ જેમ્સ—"અલબત તે દીલ ઉશ્કેરનારૂંજ હતું. એ ભુલો માટે તેણીજ જવાબદાર છે, કારણ આ સુધી ત્રણ વખત તો તેણી પરણી છે."

"દીલખુશ."

લગનના કારજ સાંધી આપનારા રાજાઓ.

જોડાં સાંધી આપવાનું કામ પુણ્યવંતું ગણાય છે, અને એ કામ બજાવનારા પોતાને ભાગ્યશાળી સમજી શકે છે, તે એટલે સુધી કે યૂરોપના ઘણા રાજાઓએ પોતાના લાગવગથી ઘણા જોડાં સાંધી આપેલાં નોંધાયાં છે, તેના થોડાક દાખલા અત્રે રજુ કરીશું.

ઓસ્ટ્રીયાના બુઝર્ગ શહેનશાહ ફ્રાન્સીસ જોસફે એક દહાડો એક લશ્કરી વીમાનીને ૧૦૦૦ પાઉંડ તેની પોતાની મનપસંદ મહોરદાર સાથે પરણવાને માટે આપ્યા હતા. તે વીમાનીનું નામ લેફ્ટેનંટ વોનબ્લેશક હતું. તે એક ખુબસુરત બાઇ સાથે ઘણો લાંબો વખત નો અટકાયલો હતો અને ઓસ્ટ્રીયામાં એવો ધારો છે કે એક લેફ્ટેનંટ પરણે તો પોતાની ભવિષ્યની ધણીયાણીએ પોતાના ધણીને ૨૫૦૦ પાઉંડ રીત તરીકે આપવા જોઇયે આથી તે લેફ્ટેનંટે ૧૫૦૦ પાઉંડ એકઠા કીધા હતા કે જે તેણે કેટલીક ઉડવાની સરતમાં મેળવ્યા હતા; પણ હવે તેની ધીરજ રહી નહીં અને બીજા ૧૦૦૦ પાઉંડ કેમ મેળવવા તેના વિચારમાં હતો. આ વાત ઓસ્ટ્રીયાના બુજર્ગ શહેનશાહ ફ્રાન્સીસ જોસફના કાનપર આવી. તેથી તેણે તરતજ પોતાના પાકીટમાંથી ૧૦૦૦ પાઉંડની નોટો તે વિમાનીને બોલાવી પોતાને હાથે આપી, આથી તેણે બુજર્ગ શહેનશાહનો ઉપકાર માનીને તેની માનીતી મોહરદાર સાથે પરણી ગયો.

જરમનીના શહેનશાહે પણ આવી રીતે લગનના કારજ કરવામાં પોતાની રૈયતને મોટી મદદ કીધી હતી.

એક દહાડો કેસર ફરતો હતો તેટલામાં તેને એક કારપોરલે સલામ કીધી પણ કેસરે

જોયું કે તે કોરપોરલ ઘણો દલગીર દેખાતો હતો. આથી તે ભલા કૈસરે તે કોરપોરલની દીલગીરીનું કારણ પુછ્યું. પહેલાં તો કોરપોરલ જરા અચકાયો પણ કૈસરે કહ્યું, તું "શું આફતમાં છે તે મને કહે તો જો મારાથી બનશે તો હું તને મદદ કરીશ". આથી તે કોરપોરલને કંઇક આશા આવી તેણે કહ્યું "ઓ મદદગાર શહેનશાહ હું એક છોકરીના પ્યારમાં પડેલો છું કે જે છોકરી એક સારજંટ-મેજરની દીકરી છે. મેં તે છોકરીના હાથની માંગણી તેણીના બાપ આગળ કીધી તે ઉપરથી તેણે જવાબ દીધો "જ્યારે તું સારજંટના ઓધાપર આવશે ત્યારે હું તને મારી દીકરી જરૂર હવાલે કરીશ, કારણ કે હું હવે બુઢો થવા આવ્યો છું, અને મને હવે એક સારજંટની મદદ મલવી જોઇએ". આથી હું દલગીર છું; કારણકે હું માત્ર કોરપોરલ છઉં અને સારજંટની પદવી પર આવતાં હજી ઘણો વખત લાગશે તેટલામાં જો બીજો કોઇ સારજંટ તેણીના હાથની માંગણી કરશે તો હું રહી જવશ," આ ઉપરથી કૈસરે પુછ્યું "શું તું તે છોકરીને ખરા દીલથી ચહાએ છે?" મારા જીવ કરતાં વધારે, જહાંપનાહ. "જા ત્યારે તારા સારજંટ મેજરને કહી આવ કે આજથી કૈસરે તુંને એક સારજંટ બનાવ્યો છે" આમ બોલનારો તે કૈસર વીલહેમ બીજો હતો, તે કોરપોરલ તેનો ઉપકાર માને તે પહેલાં તો તે હસતો હસતો ત્યાંથી ચાલી ગયો.

એક દહાડો ઇટાલીનો રાજા પોતાના તબેલામાં ગયો કે જે તબેલો જીસપી નામના ઘોડાવાળાના હાથ નીચે હતો પણ તેટલામાં તેને કોઇને ટેલીફોન કરવાનું યાદ આવ્યું કે તરત જઇને તબેલાનાજ ટેલીફોનનો ઉપયોગ કીધો. તેણે ઘંટડી વગાડી કે તરતજ એકસચેંજની અંદરથી એક છોકરીને મધુર અવાજ આવ્યો "હલો જીસપીકે મને એક કીસ આપ," આથી રાજાએ તરતજ ચુપ કરી ટેલીફોન આગળ કીધું ને તરતજ બોલ્યો **"તારા રાજા તરફથી,"** આથી એકસચેંજ છોકરી બેશુદ્ધ થઇ ગઇ. તરતજ રાજાએ જીસપીને બોલાવ્યો ને કહ્યું, "જીશપી શું તું એકસચેંજની છોકરી સાથે પ્યારમાં છે કે?" જીસપી અજાયેબ થયો કે રાજાએ આ વાત જાણી કેમ? તોપણ તેણે હીંમતથી કહ્યું "હા. નામવર." ત્યારે તો તેણી જાણતી નહતી કે તેણી સાથે વાત કરનાર કોઇ નહીં પણ હું હતો. તેણીએ મારી પાસે એક 'કીસ' માંગી ને મેં તેણીને આપી. આ ઉપરથી જીસપી ગભરાઇ ગયો અને નક્કી જાણ્યું કે હવે ગરદન જવાનો સોદો થયો. તેને ગભરાયલો જોઇને રાજાએ પુછ્યું. "તું ગભરાયે છે શાનો શું તું તે છોકરીને ચહાએ છે." "હા નામવર" "ત્યારે તો તને તેની સાથે પરણવાને પુર છુટ. છે." આથી તે તરતજ રાજાને પગે લાગ્યો અને રાજાએ તેના હાથમાં ૫૦૦ પાઉંડની નોટો સેરવી દીધી.

આવી રીતે ઘણા રાજાઓએ જોડાં સાંધવામાં મદદ કીધેલી જણાઇ છે. મર્હુમ શહેનશાહ એડવર્ડ, રાણીમાતા એલેકઝાન્ડ્રા, શહેનશાહ જોર્જ અને શહેનશાહ બાનુ મેરી વગેરે મહાન નરેશોએ આવા કામમાં પોતાનો ઉદાર ફાળો આપેલો નોંધાયો છે.

પરીન.

બ્રીટીશ વિજય માટે પ્રાર્થના.

(લેખકઃ—વીરજી મહેરઅલી દીવવાલા.)

રાગ. હરિગીત છંદ.

ઓ વિશ્વપાળક દુઃખના ટાળક, વિનતી અમ હૃદય ધરો,
પ્રચંડ યુદ્ધ યુરોપનું તેમાં હે, કૃપા દ્દષ્ટી કરો;
બ્રીટીશ સલતનત તણા, સર્વે શત્રુનો પ્રાજય કરી,
શહેનશાહ જ્યોર્જ પાંચમનિ, જય સત્વર આપો હરિ.......૧

ઉપદ્રવ દૃષ્ટિ એ નવ પડે, પ્રસરી શાન્તી જે રાજ્યમાં.
દિવ્ય કિર્તિ શશી સમ શોભતી, જળકે છે જેના તાજમાં;
નીજ પ્રજાદાસ દિલમાં ધરી, અર્પે છે સુખ પ્રયાસો કરી,
શહેનશાહ જ્યોર્જ પાંચમાને, જય સત્વર આપો હરિ.......૨

જે રાજ્યમાં દ્રવ્યવાન તેમજ રંક રહે છે આરામથી,
ચોર આદીક દુષ્ટો સઘળા, થર થર કમ્પે છે નામથી;
તે રાજ્ય ઓ વિભુ બ્રીટીસપર, તુજ પરમ કરૂણા કરી,
શહેનશાહ જ્યોર્જ પાંચમાંને, જય સત્વર આપો હરિ.......૩

ઉદગાર અમ અંતર તણા, એણી પેરે નીકળે,
બ્રીટીશ રાજ્ય કાયમ રહો, બ્રહ્માંડ જ્યાં સુધી ટકી રહે:
અમ પ્રાર્થનાને ઓ પ્રભુ તુજ પ્રેમળ હૃદયમાં ધરી,
શહેનશાહ જ્યોર્જ પાંચમાનિ, જય સત્વર આપો હરિ.......૪

ઓ ઇશ બ્રીટીશ વિજયના દુદંભીઓ વજડાવજે,
સમસ્ત પ્રજા તલપતી, તેઓનાં હૃદય હરખાજે.
બહાદુર બ્રીટીશ યોદ્ધાઓને વિજય માળ કંઠે ધરી,
શહેનશાહ જ્યોર્જ પાંચમનિ, જય સત્વર આપો હરિ ૫

૧૫૨૯માં બાબરે પઠાણો પાસેથી તે શેહેર પાછું જીતી લીધું. ઇ૦ સ૦ ૧૫૫૦માં અકબર બાદશાહે ત્યાં કિલ્લો બાંધ્યો, અને તેને "અલ્લા-આબાદ" એવું નામ આપ્યું. લૉર્ડ કલાઇવ સને ૧૭૬૫માં બીજી વખત હિંદુસ્થાન આવ્યો, ત્યારે તેણે અહિંનાં ઘણું અંધેર જોયું. તે એકદમ અલાહબાદ ગયો અને ત્યાં શાહ આલમ તથા સુજાઉદ્‌દઔલા અંગ્રેજોની કોઈ પણ શરત કબુલ કરવાને તૈયાર હતા, તેથી તેમની સાથે સલાહ કરવામાં આવી આ સલાહ "અલાહબાદના કોલકરારને નામે ઓળખાય છે. આ સલાહથી મોગલ પાદશાહ શાહઆલમને કલાઝવે ગંગા અને જમના નદી વચ્ચેનો દોઆબનો ભાગ આપી દીધો. આના બદલામાં શાહઆલમે ઇસ્ટ ઈંડીયા કંપનીને બંગાળા, બહાર અને ઓરીસ્સાની દીવાની એટલે સઘળા કર ઉઘરાવવાનો હક આપ્યો. આ રીતે ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ પછી હિંદુસ્થનમાં અંગ્રેજોની સર્વોપરિ સત્તા થવાને આ બીજું પગથીયું હતું. આખરે અયોધ્યાના નવાબ પાસેથી ઇ૦ સ૦ ૧૮૦૧માં તે આપણી માયાળુ બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું. ઇ૦ સ૦ ૧૮૫૮ના બડની સમાધાની થયા પછી અંગ્રેજ સરકારે એ પ્રાંતની રાજધાની આગ્રાથી બદલી અલાહબાદ કીધી.

પવિત્ર અક્ષયવટનું ઝાડ.

અશોક સ્થંભનીહેઠળ કેટલીક સીડીઓ છે. જે ઉતરીને ગયા કે એક શંકરનું દેવળ આવે છે. એ ઠેકાણે ગંગા અને જમના નદીને મળવા સારૂ સરસ્વતી આવી હતી એવું કહે છે, અને પુંજારી લોકો તેની સીડીઓ ભીંજાયલી દેખાડે છે. ભકત મંડળને તેટલો પુરાવો પુરતો થાય છે! તેની પાસે અક્ષયવટ નામે એક પવિત્ર ઝાડ છે, જેને લોકો બહુ માને છે. એ ઝાડ બહુ પ્રાચીન કાળથી પ્રખ્યાત છે.

ચીન દેશનો હયુએનસીંગ નામે મુસાફર ઇ. સ. ૬૦૦ના વર્ષમાં હિંદુસ્થાન જોવા આવ્યો હતો. તેણે એ દેશની ઘણીક ખબર લખી છે, જેમાં અક્ષયવટ ઝાડ વિષેમાં તે લખે છે કે તે ઝાડ બહુ મોટું અને અફાટ હતું. આજુબાજુ મોટું મેદાન હતું, પણ હાલમાં એ અક્ષયવટ ઝાડની આજુબાજુમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. હાલમાં ગંગા નદીનાં પાણીથી ભરેલું ખેંચાઇ આવી તેના ઢગલા દેવળ તથા તે ઝાડની આજુબાજુ ભેગા થયા છે, અને આખું મેદાન જે અગાઉ ખુલ્લું રહેલું તે ઢંકાઇ ગયું છે. તેના સબબે તે ઝાડ અને દેવળ એક નીચાણ જગ્યામાં દબાઇ ગયા જેવું દેખાય છે.

પ્રયાગ ગંગા નદીથી બે માઈલ દુર હતું એવું ચીન દેશના મુસાફર હયુએનસીંગે લખ્યું છે. ઇ૦ સ૦ ૧૬૦૦માં એટલે અકબર બાદશાહના વખતમાં અક્ષય વટ નામના ગંજાવર ઝાડની પાસેનાં બીજા ઝાડો ઉપરથી લોકો નદીમાં નહાવા સારૂ કુદકો મારતા હતા, એવું અબદુલ એને પોતાના ગ્રંથમાં લખ્યું છે. એ પરથી નવસો વર્ષમાં બે માઇલ દુર રહેલી નદી શહેરની પાસે આવી એવું પુરવાર થાય છે. અક્ષયવટ આગળ ઘણાક બ્રાહ્મણ લોકો પૈસા લેવ સારૂ તથા પ્રસાદ આપવા સારૂ બેઠેલા હોય છે

મુકુંદબાહ્મ સાધુની મુર્તિ.
નજરચુકથી દુધમાં બાલ આવવાથી જીવ આપ્યો.

અહિંના દેવળમાં મુકુંદબાહ્મ નામના મહા સાધુની મૂર્તિ બેસાડેલી છે. એ મૂર્તિ વિષે એવું કહેવામાં આવે છે કે એક દિવસે ગાયનું દુધ ગાળવાનું રહી જવાથી અને તે દુધ મારફતે નજરચુકથી એક ગાયનો બાલ એ સાધુના પેટમાં જવાથી એ મોટા પાપ બાબે એ સાધુએ પોતાનો જીવ આપ્યો હતો.

કુમભ અને માઘમેળા.

બેહેસ્તમાં જવા માટે છેવટની જગ્યા

હિંદુ લોકોના આ પવિત્ર શહેરમાં ઘણા [મે]ળા ભરાય છે, જેમાં કુમભ અને માઘ [મેળ]ા ઘણાં જાણીતા છે કે જે દિવસે હજારો [યા]ત્રાળુઓ ગંગા અને જમના નદીના પવિત્ર સંગમ આગળ નાહવા અને ધાર્મીક ક્રિયાઓ કરવા એકઠા મળે છે. પ્રયાગ શહેરમાં જીવ આપ્યો હોય તો સીધું બેહેસ્તમાં જવાય છે, એવી સમજે જુના વખતમાં ખસ પ્રયાગમાં આવી ઘણા લોક પોતાના જીવ આપતા હતા. એવું કહેવામાં આવે છે. એ ચાલ અને ઘેલછા આજ લાંબો વખત થયો અંગ્રેજ સરકારે બંધ કીધી છે.

ખુશરૂ બાગ.

આ બાગમાં જહાંગીર પાદશાહના છોકરા ખુશરૂની કબર છે. એ કબર આગ્રામાના તાજમહાલની ઢબપર બાંધેલી છે. એ કબર બહુ સુંદર છે. એની બાજુમાં રંગબેરંગી સુંદર પક્ષીઓ વિગેરેના ઉમદા ચિત્રો ચિતરવામાં આવ્યા છે, અને જમણી બાજુ ખુશરૂની માતા (જહાંગીર પાદશાહની બેગમ) ની કબર છે કે જ્યારે ડાબી બાજુએ તેના નાના ભાઈની કબર છે. કબરની આસપાસ ગંજાવર ફરતો બાગ છે, જ્યાં સાંજની વખતે ખુશનુમા હવા ખાવા મોટી સંખ્યામાં અલાહબાદના શોખીન જુવાનીઓ સહેલગાહે ઉતરી પડે છે, તેમજ શની તેમજ રવિવારે ખાસ સહેલાણીઓની પીકનીક પાર્ટીઓ વિગેરે આપણું વિશેષ લક્ષ ખેંચે છે.

જમના બ્રીડજ

અલાહબાદ સ્ટેશન નજદીક જમના નદી ઉપર એક ગંજાવર રેલ્વે પુલ બાંધેલો છે, જે પણ ઘણો જોવા લાયક છે, મજકુર ૩૨ ૫૩૫ ફીટ લાંબો બાંધેલો છે. પુલ એવી રીતે બાંધેલો છે કે ઉપરના ભાગ પરથી રેલવે ટ્રેનો પસાર થાય છે. અને તેની નીચે એક બીજો પુલ છે. જે ઉપરથી રાહદારી ગાડીઘોડા અને મોટર વિગેરે સહેલાઇથી પસાર થઇ શકે છે. આ જમના નદી ઉપરનો ગંજાવર પુલ ૧૪)૨૦૦ ફીટની અને ૨) ૩૦ ફીટની મળી ૧૭ કમાનો ઉપર ઉભો કીધો છે. કમાનના થાંભા યાને ટેકાઓ જેઓ નીચે પાણીમાં ૪૨ ફીટ સુધી દટાયલા છે, તેઓ ઇંટના છે, પણ તેની ઉપર પથ્થરથી ચણતર કીધું છે. જેમાની એક કમાન નદીમાં પાણીના વધુ જોસથી કેટલીક વખત ભયભરેલી સ્થિતિમાં આવી પડવાથી મજબુત રીતે ખુતના શેપની બનાવેલી છે. આ જંગી પુલને બાંધતાં રૂા.૪૩,૪૬,૩૦૦ નો પાદશાહી ખરચ થયો હતો. એ પુલ જાહેર વપરાશ માટે ૧૮૬૫ ના આગસ્ટની ૧૫ મી તારીખથી ખુલ્લો થયો છે.

આલફ્રેડ પાર્ક

આ પબલીક ગાર્ડન સને ૧૮૭૦ માં મરહુમ મહારાણી વિક્ટોરીયાના બીજા છોકરા ડયુક ઓફ એડીનબરોની હિંદુસ્તાનની મુલાકાતની યાદગીરીમાં બનાવ્યો હતો. આ ગાર્ડન વિશાળ છે, અને સીવીલ લાઇનમાં આવેલો છે. સાંજને વખતે સંખ્યાબંધ યુરોપિયનો વિગેરે બેંડ સાંભળવા તેમજ મોજશોખ કરવા ઉતરી પડે છે.

એ ઉપરાંત ત્યાં હાઇ કોર્ટ, સેક્રેટરીયેટ, ટાઉન હૉલ, સીવીલ હૉસ્પીટાલ, વૉટર વર્કસ, સેંટ્રલ જેલ, મેકફરસન પાર્ક, હાલની નવી પોસ્ટ ઑફીસ વિગેરે બીજી ઘણીક જોવા લાયક જગ્યાઓ છે.

જુની ઇમારતોમાં મ્યુર કૉલેજ બહુ સરસ બીલ્ડીંગ છે. અલાહબાદ યુનીવરસીટી અને લેજીસલેટીવ કાઉનસીલ (ધારાસભા) સને ૧૮૮૭ માં સ્થાપવામાં આવી હતી.

પારસી વેપારીઓ.

અલાહબાદમાં જરથોશતીઓ નાનાં મોટા મળી આશરે પચાસેક માણસો માલમ પડે છે. જેમાંના ઘણાખરા વેપારી વિષે બે બોલ લખવા આ જગ્યાએ પ્રસંગોપાત થઇ પડશે

મેસર્સ જે. શાપુરજી અને કું૦ આ ફર્મ ઘણી જુની અને જાણીતી છે. અલાહબાદમાં સૌથી પહેલી પારસી દુકાન ખોલનાર મજકુર ફર્મના માલેક મરહુમ મી જમશેદજી શાપુરજી વરકીંગએક્ષવાળા હતા મરહુમ મી. જમશેદજી સને ૧૮૭૪માં પોતાના બે ગોઠીયાઓ મેસર્સ રતનજી મોટાભાઇ અને સોરાબજી મેરવાનજીની સાથે અલાહબાદ વેપાર માટે આવ્યા હતા. પહેલાં નાના પાયાપર થોડોક પરચુટણ વેપાર ચલાવી ખુદાની બક્ષીસથી ધીમે ધીમે આગળ વધ્યા હતા, એઓનો ધંધો વાઇન, ખોરાકી અને પરચુટણ માલનો છે. હાલના માલેક મી૦ તેહેમુરસ જમશેદજી પણ એક સાહસીક વેપારી છે, અને પોતાનું બીઝનેસ-કામકાજ દિવસે દિવસે સારા પાયાપર લાવતા જાય છે મજકુર ફર્મ અલાહબાદમાં 'પારસી પાયોનીયર' તરીકેનું માન ખાટે છે, મી૦ તેહેમુરસપ અલાહબાદની પારસી અંજુમનના પ્રમુખ છે.

ગાંધી એન્ડ સન્સ.—એઓ ફેંન્સી ગુડસ અને હોઝીયરી વિગેરેનો ધંધો ચલાવે છે. એના માલેક મી૦ શાપુરજી ગાંધી પણ એક સાહાસીક અને ઉદ્યોગી બચ્ચા છે. અને દરેકમાં હીમતથી ઝીંપલાવે છે.

એમ. બી મીસ્ત્રી-વેલાતમાં લાંબો વખત નામાંકીત યુરોપ્યન આર્ટીસ્ટોના હાથ હેઠળ તાલીમ લઇ તેમજ ફોટોગ્રાફીકને લગતી અનેક પરીક્ષાઓ ફતેહમંદીથી પસાર કરી આજ લાંબો વખત થયો પોતાનો સ્ટુડીયો અત્રે ચલાવે છે. મી૦ મ.શેરશાહ મીસ્ત્રી એક કુશળ આર્ટીસ્ટ અને નામીચા ફોટોગ્રાફર છે. મી. મીસ્ત્રીનું નામ તેવણની ઉમદા કારીગરીથી પ્રખ્યાત અલાહાબાદના મોટા મોટા સીવીલીયનો વિગેરેમાં ઘરગતુ થઇ પડયું છે. અલાહબાદમાં કોઇ પણ ઘર એવું નહશે કે જ્યાં મી. મીસ્ત્રીનો હુન્નર દેખાતો ન હોય.

સી. ડી. મોતીશાહ એન્ડ કું.—મોટાર, સાઇકલ વિગેરેનો ધંધો ચલાવે છે.

આર. એમ ગઝદર એન્ડ કું. લી—મજકુર ફર્મ મી૦ અરદેશર શાપુરજી ગઝદરના ભાગીદારપણાથી ચલે છે, એઓ વાઇન પ્રોવીઝન બીને જનરલ મરચંટ છે.

ડા૦ બી. હીરજી—આ નેશાકરો તબીબ બરજોરજી હીરજીભાઇ બીલ પુરીવાલા પણ આજ ઘણાંક વર્ષો થયાં અલાહબાદનેજ પોતાનું બાપીકું વતન બનાવી સાંજ ટરીહામ થઇ પોતાની બોહોળી પ્રેકટીસ કરે છે. સીવીલ લાઇનમાં હોવાથી ડા૦ હીરજી યુરોપીયનોમાં ઘણા માનીતા થઇ પડયાં છે.

વિસરશો.

પાહલણજી પેપરમીટ—તું મરેરે ચાંડ નજાઇ, કેહજે સોજજી માંકોબા તપકીર સુંધો; તે આમે તાહરી આવીજ સુક્ષ્માની તપકીર કે? નરી જાણે ધુળ.

નજાઇ—આવાય ચપોરે, પણ તમે કઇ બરણીમાંથી સુંધી?

પાહલણજી પેપરમીટ—વળી કઇ? પેલી નાકેની બરણીમાંથી.

નજાય—ઓ ફીટરે, તેમાં તો ઘાણાજીરૂં ભરેલું છે.

જે મેહેરબાન ઘરાકોને અંકો બરાબર ન મળતા હોય તો તુરત અમારૂં લક્ષ ખેંચવું.—

'MASIK MITRA.'

VOL. 6] JULY] [1916 [NO 61

EDITORIAL COLUMNS

Development of an Arts College—

Indian people have now been seriously thinking about the growth of Education int heir Country. The EducationalReport of the different provinces shows that primary education is steadily advancing even among the backward classes. But what people are now-a-days grumbling for is the scarcity of higher institutions in the Country. There is indeed no lack of public charity and every year some Indian Sethia is coming forward with a munificent gift of several lacs for facilitating higher education in India. A marked change is however noticed in the history of the Gujarat College of Ahmedebad. It is surprising to note that no less than 100 Students are refused admission into the College this year. We hear that a protest is made by the public of that place against this measure; for the Gujarat College is largely the result of Ahmedabad public charity.

With Poona too there is a similar case Last year many were refused, admission into the Deccan College, for want of accommodation. Poona is an ancient seat of learning and the Brahmins of this place have displayed their inherent talent in various walks of life. It has been the aim of Poona public to "cheapen and facilitate education." As a result we have very useful and well-conducted private institutions, both primary and secondary. And it is with great pleasure and pride that we learn about the opening of the New Poona College from the current month. The story of this New Institution is indeed very interesting. So far back as 1883 a small band of energetic, young and vernacular-trained teachers founded a vernacular School called the Nutan Marathi Vidyalaya. Worked by a body of life members with the presiding principle of self-denial and with the spirit of true missionaries, the Vernacular School was gradually developed into a High School in 1895. Then it was thought that the private institution had reached a stage in which College education might be most profitably given. Only last year therefore, the council of this Institution approached the Bombay University with a view to its being affiliated to the University for higher education in Arts. As a result we have now one more Arts College in Poona, where at least 200 first-year students will receive cheap and valuable education. What strikes us most in this gradual growth of this Institution is the spirit of *self-sacrifice* and *Missionary Zeal* on the part of its workers.

While Education is thus being made so cheap for the old people of Poona, from another corner we hear news of fees being raised in all classes of a Parsee High School. Are Parsees *really* charitable ? Is it not true to say that Parsis do *cosmopolitan* charity, and children are starving at home ? We do not at all understand why a big Parsee Sethia should give Rs. 10,000 for building a Students' Reading Room and Library for a Hindu College and should disregard Parsee Institutions where the young generations of his own community are being educated. If India as a whole secured 30 lacs for a Research Institution from another Parsee, why should not the Parsee community itself claim even a third of that sum for a Parsee central institution for moulding the character of the new

generation ?Parsees have *made* the big city of Bombay. They have led the Indian nation ahead in many ways, Our great regret is that our *young Parsees*, in trying to imitate the foreigners, are slowly losing their nationality and are sadly lacking in the true Parsee spirit which alone made the community so great in the past. Hence the most urgent necessity of serving religious dishes in the stylish dining rooms of fashinable Parsee homes. The Parsee race *can* still be greater, and *still more useful to our country* of India, if they learn first to take pride in their own past, past traditions and past achievements. We want true Parsee missionaries badly to spread sound Parsee education in the community to-day. Above all we want very urgently good food offered to *the soul* in an attrractive manner.

Inspiring Thoughts.

By Heera J. D. Cooper

The loveliness of dawn.

It was about the beginning of January a delightful and ravishing hour of dawn was peacefully and deliciously awakening on the earth; when nature daintily and bewitchingly attired herself in the pale blue translucent veil of early morn, and looked a perfect picture of sublimity. The great Sun had not flung open. His massive glittering gates sufficiently wide to bathe the earth with his glorious flood. But partially streamed forth a few golden beams from out His celestial chamber, as if to enhance the charm of the lovely and ethereal scene—by gracefully permeating every crystalline thing with his refulgent beams, and impatting caressingly to every opaque object a faint halo of his precious luminosity. The birds dauntlessly indulged in their twittering music, and bade fond 'an revoirs' to their dear comrades who strutted forth with dignity from out their leafy homes in search of their humble daily wants. While man, sometimes their cruel murderer, lay yet sluggishly cradled in the arms of Indolence; and disturbed not the " harmless tenor " of these innocent and beautiful darlings of God. The morning air was redolent and uplifting, like the breath of a Sweet Angel.

"Temptation."

There are moments in life when a human being is put between the jaws of a sore temptation, which seems so intensely irresistible that with all the physical, mental, and spiritual power, he feels his soul trembling and wavering before it like a huge tree whose knotted boughs are helpless before a mighty storm. Then if human frailty is such, let no man consider himself the conqueror of evil, until he breathes his last; and then, and then only, like the famous Sailor let him dying exclaim "Thank God" I have done my duty."

માસિક મિત્રનો આવતો "નોરોજી અંક". લેખકોને એક એલતેમાસ.

આવતા પારસી નવા વર્ષનો અંક ઓગસ્ટ-સપટેમ્બર ૧૯૨૯નો ખાસ "નોરોજી અંક" થશે. તેમા ઓના મુજબ અનેક પ્રકારની ખાસ લખાયલી બાબદો પ્રગટ થશે. માટે જે મેહેરબાન લેખક મિત્રો એ ખાસ અંક માટે પોતાના લખાણો મોકલી આપવા ચહાતા હોય તો કૃપા કરી ચાલુ માસની તા. ૨૨મી સુધીમાં પોસ્ટ કરી દેશો, કે તે ઉપર લક્ષ આપવાને બની શકે. ટુંકી વાર્તાઓ, નાની રમુજી બાબદો, રમુજી ફકરાઓ ને બીજી ઉપયોગી બાબદોની વિશેશ જરૂર છે. તે ઉપર અમારા લેખક મિત્રોનું લક્ષ ખેંચીએ છીએ.

બર્નાર્ડ પેલીસી.

માણસાઈ ખંત અને ઉદ્યોગનો એક અતી ઉત્તમ નમુનો.

The contemplation of the ideal is true prayer; it inspires, it strenghthens, it ennobles. J. allen.

(લખનારઃ-મી, માણેક ફરામજી સુનાવાળા.)

આપણા આ સાયન્ટીફીક જમાનાની બલીહારી મોટે ભાગે શાને આભારી છે તે જો પુરતી ધીરજ અને સંભાળથી ઉકેલવાની કોશેશ કરીશું તો જણાશે કે અનેક ખંતીલા પુરૂષોની મહેનત તેમજ મજબુત મનશક્તિ સાથે થતા વરસોના અથાગ શ્રમને લીધે એ સઘળું હોય છે. એક તસુ પણ આગળ વધતા શી પ્રકારની જહેમત ખેચવી પડતી હશે તેનો ખ્યાલ આવવો પ્રત્યેક પુરૂષને અલબત સહેજ મુશ્કેલ છે. રાતદીવસ થતા ચાલુ પ્રયોગો, તન મન અને ધનના ભોગો, કુટુંબી સંજોગોની હજારો બારીક સંકડામણો, અને સૌથી વધુ તો નિષ્ફળતાઓના ચાલુ સપાટા વગેરેના ચાલુ દબાણ છતાં ધૈર્યવાન શખ્સોની ઝળકાટમંદ કારકીર્દિના વર્ણનો તપાસીએ છીએ ત્યારેજ તેઓની કીમતની કાંઇક ખરી કદર સુજતા આપણ શીખ્યે છીએ: અને આ વિષયના બાબદ પણ આપણને એવાજ એક રસમય ક્ષેત્રમાં લાવી મેલે છે, કે જેનો દરેક ભાગ આપણી જીંદગીને તેના અવશ્યના રોદમાં આણવા. યકી ઉત્તમ શિક્ષણો રજુ કરે છે.

બર્નાર્ડ પેલીસી (Bernard Pälissy) ઇ. સ. ૧૫૦૯માં ફ્રાંસમાં આવેલા એક નાનાં શહેર નામે Agen માં જનમ્યો હતો. નાનપણમાં તેના કુટુંબની હાલત બારીક થઇ પડેલી હોવાને સબબે તેને જોઇતી કેળવણી મળવા પામી નહીં: છતાં તેનામાં જાતી અકલનો અજબ ભંડાર હોવાથી કુદરતી રચનાઓનો તે માત્ર કુમળી વયથીજ પુંજારી બન્યો. અને સાધારણ બાબદો વટીકની ઊંડાઇએ પુગવાના તેના ચાલુ પ્રયત્નોને આધારે તેની વિચારશક્તિ પુષ્કળ ખીલવા માંડી. સચાઇ અને વિવેકના પાઠો બાળવયથીજ તેણે ગૃહણ કરવા શરૂ કર્યા, અને તે સાથે અજ્ઞાનતાના ખડબચડા રાહને ઘણી સરી રવેસે દૂરનો દૂર કરતો ગયો. તેણે ડ્રોઇંગ અને પેન્ટીંગનો સુંદર અને ખેંચાણકારક હુન્નર પ્રાપ્ત કર્યો, અને પોતાના ધંધાની નાની વયથીજ શરૂઆત કરી.

જ્યારે વીસ વરસની ઉમરની ભરતીમાં આવ્યો, ત્યારે ફ્રાંસના કેટલાક ભાગો, જર્મની અને નેધર્લાંડસમાં મુસાફરી કરવી શરૂ કરી. આથી નવી નવાઇઓના સંબંધમાં તે આવતો થયો, અને ચાલાકી વધવા પામી. Saintes ખાતે પહોંચતા પરણ્યો, અને ત્યાંજ મુકામ કરી ઠરી ઠામ થઇ રહ્યો. ઇટેલ્યન બનાવટનું એક એનામલ કપ એક વ.ર તેના દીઠામાં આવ્યું, અને તેજ ઘડીથી તેણે પોતાની જીંદગીનું ખરૂં કાર્ય આરંભવાનું શરૂ કરી એક સહાસીક સફાનું વિચિત્ર પ્રકરણ ખોલ્યું. તે સુંદર કોરી કામથી તે એટલો તો અંજાઇ ગયો કે તેની બનાવટનો ભેદ કે જે કોઇને ખબર ન હતો, તે ઉકેલવાનો તેણે નિશ્ચય કર્યો, અને હવેજ તેની ખરી અને ઉંચી કસોટી થવી શરૂ થઇ રસાયણ શાસ્ત્રનો જો કે તેણે સહેજબી અભ્યાસ કર્યો ન હતો, છતાં

ઇનામલની શોધ.

નું બીકીટ કામ પાર ઉતારવાનું માથે લીધું: પોતાની થોડીક નિર્જીવ કમાઇમાંથી બચાવેલા નાણામાંથી થોડાક પદાર્થો ખરીદ કરી લાવી તેઓને ચોક્સ પ્રમાણોમાં ભેળી પહેલો પ્રયોગ કરી જોયો. એક નાની ભઠ્ઠી ખરીદી તેમાં સાધારણ મટોડાનો એક વાસણ ઉપર તે પદાર્થોને પીગલાવી ચોંટાડવાની કોશેશ કરી જોઇ કે સફેદ ઇનામલનું પડ બાઝે, મગર તેમાં તે નિષ્ફળ ગયો; પણ પોતાના ધારેલા હેતુને ચીવટાઇથી વળગી રહેવાનો તેણે મજબુત ઠરાવ કરેલો હતો, માટે ધંધાથી ફારેગ થતાં દરરોજ કલાકોવેર આ કામ પાછળ તે મંડતો. અને પાઇએ પાઇ તે પાછળ ખરચવામાં કાઇએ

ફ્યાસ રાખતો નહીં. પણ દર વેળા નિષ્ફળતાની નાસીપાસી તો વધતીજ ચાલી. મહીનાઓ પછી મહીના, અને વરસો પછી વરસો યાહોમ વહેતાંજ ચાલ્યાં, પણ સઘલું વ્યર્થ ? તેની સ્ત્રીની ધીરજ પણ આખેર ખુટતી ચાલી, કારણ તેઓનાં બાળ બચ્ચાંના અંગમાં હવે તો વસ્ત્ર વગેરેની તંગાસ પડવા લાગી. પણ બર્નાર્ડ બહાદુર એક તસુએ હઠે તેઓ નામર્દ હતો નહીં. **આશા, ધીરજ અને ખંત** આ તેનો સાચો મુદ્રાલેખ હતો પોતાના ધંધામાં હવે તેનું ધ્યાન લાગતું નહિ. કંગાલત્યપણું તેના દ્વારે ડોળા ઘુરકતું ખડું થયું. પંદર લાંબા વરસોની નાસીપાસીનું જોર હર પળે વધ્યુંજ જતું હતું ? અને હવે તો સઘલા એને દીવાનો માની લઇ તેના ગરીબ કુટુંબની છીકડાયલી હાલત તરફ દયાથી જોવા લાગ્યા.

પણ ના, ના, અને છેવટ તુલીક નાજનિષ્ફળતા એનો બદલો ફત્તેહમાં જ આવશે એવી તેની પુર ખાત્રી હતી એક દીવસ સાંજને સમયે ચોકસ પદાર્થોનાં મિશ્રણ ને પીગલાવી જોતો હતો, પણ કલાકો પસાર થવા છતાં, તે પીગળવા પામ્યું નહીં. આ વખતે ફત્તેહની તેને દરેક આશાહતી તેનો સઘલો કોલસો અને બળતણનો તદન અંત આવ્યો છતાં વધુ ગર્મીની જરૂર હતી તે **હવે** આંગણમાં ધસ્યો અને ઉશ્કેરાયલી હાલતમાં સઘલી વાડ તોડી તેને બળતણ દાખલ વાપરી, પરંતુ હજુ વધુ ગર્મીની અગત જણાઇ; તુરતજ એકેક પછી જેજે લાકડાનો સામાન ઘરમાં હતો તેના કટકા કરી તેનો પણ કીમતી ભોગ આપ્યો, અને જ્યારે અંતે છેલ્લું લાકડું બળી રહેવા આવ્યું ત્યારે ઓ ! શું અજાયબી ! તે પદાર્થોનું મીશ્રણ પીગળ્યું.

અને પેલાં માટીનાં વાસણ ઉપર બાઝી જઇ **ઈનામલનાં પડનું રૂપ લીધું** ! આ મુજબ લગાર **સોલ વરસની** ખંતીલી મહેનત બાદ તેને ફત્તેહ મલી !

હવે તેનો ધંધો એટલો તો ધીકવા લાગ્યો કે હજારો રૂપિઆ તે કમાવા લાગ્યો. અનેક પ્રકારના છોડવાઓના રંગબેરંગી ચિતારો ઇનામલ 'વાઝીસ'પર એટલા તો શોભાયમાન દીસ્તા કે તેની ફતેહ અને નામના જગઆશકારા થવા પામી.

બર્નાર્ડ પેલીસીને કોમળ વયથીજ તે સર્વજ્ઞાની કિર્તાર ઉપર ઇતબાર રાખતાં શીખવવામાં આવ્યો હતો, અને ધર્મ પ્રત્યેની લાગણી વખત જતે એટલી તો ખીલવા પામી કે તેવેળા યુરોપમાં પુરાણા તેમજ સુધારક પક્ષો વચ્ચે જે પ્રખ્યાત ધાર્મિક જંગ મચતું હતું તેમાં સુધારક બાજુએ આવી જઇ Saintes ખાતે તેની Huguenots ટોળીનું તેણે વડપણ લીધું. અને તે ભારે છીકકરમાં એટલા તો પ્રયાસથી ઝીપલાવ્યું કે. "હ્યુગેનોટસ" ની પ્રખ્યાત કતલના ભયંકર બનાવ પછી તેને પકડીને મારી નાખવાનો હુકમ કરવામાં આવ્યો. લેકીન આ કટોકટ વખતે તેના નહદર હુનરે તેને ઠીક સહાયતા બક્ષી. ફ્રેંચ શહેનશાહે તેને પોતાની દરબારમાં તેડાવી રાખ્યો અને ત્યાં તે ત્રીસ વરસવેર લોકસેવા બજાવતો રહ્યો. કુદરતી રચનાઓની મોહીનામાં લપેટાયલો હોવાથી તેણે એક ઉમદા સંગ્રહસ્થાન બનાવ્યું હતું. તેને સાધારણ રીતે લોક તરફથી "Master Bernard of Tuileries" નો ખેતાબ ઇનાયત કરવામાં આવ્યો હતો !

આખરે ૭૬ વરસની વૃદ્ધ વયે તેને 'બાસ્ટાઇલ'ના મજબુત કિલ્લામાં કાંઇક ધાર્મિક તકરારને કારણે પુરવામાં આવ્યો, કે જ્યાં ચાર વરસ અતી ઘણી મુશ્કેલી અને કમનશીબીમાં ગાલી, ૮૦ વરસની મોટી વયે ઇ. સ ૧૫૮૯ માં તે સ્વર્ગવાસ પામ્યો.

જાતી મહેનતથી આગલ વધી, જાતી અકકલની કુમકે **જ્ઞાની દુનિયામાં** અજવાળું આણનારા વિર પુરૂષોમાં ખચીતજ બર્નાર્ડ પેલીસી સર્વોત્તમ જગો રોકે છે; અને આ આપણા યાહોમ આગલ વધતા સાયન્ટીફીક જમાનામાં નવા ઉછળતા જવાન્યાઓને એવા સહાસિક ખંતીલા પુરૂષોની જીંદગીનાં વૃત્તાંતો અતી ઉત્તમ બોધ આપતા રહે એજ સંગીન કેળવણી તેમજ જ્ઞાનના વધારાની મુખ્ય અને ખાસ નેમ રહેવી જોઇએ.

(પારસી સંસારી નવી ચાલુ વાર્તા)

શેહેરાં નહિ મેહેરાં

એક તવંગર બીજી ગરીબ

ખાસ લખનાર રૂસ્તમજી હો. મીસ્ત્રી.

(પ્રકરણ ૧૫ મું ચાલુ.)

બીજા હાથઉપર નોકરપણ ખરો હતો, કારણકે શેહેરાં જેણી હૉલમાં બેઠેલી હતી, તેણી પણ મેહેરાં, જેને દેરાબે જોઇ હતી, તેણીની બેચાર મિનિટ અગાઉ બાહેરથી આવી હતી. ટુંકમાં, શેહેરાં અને મેહેરાં બન્ને જુદાં જુદાં બાહેર ગયાં હતાં, અને બન્ને બેચાર મિનિટના અંતરે ઘરે પાછાં ફર્યાં હતાં.

દેરાબે હૉલમાં બેઠેલી ઉંચી જવાન બાનુને મળીને કહ્યું, " મારૂં નામ દેરાબ વાડીઆ સોલીસિટર છે. પેશનનજી વાડીઆ સૉલિસિટરે મને મોકલ્યો છે. અને શેહેરાં બાનુને એક કાગળ આપવું છે. એવણ હમણાંજ બાહેરથી આવ્યાં છે, તેવણને જઇને આ કાગળ આપશો ? "

આપણે કહી ગયા કે હૉલમાં બેઠેલી જવાન બાનુ શેહેરાં પોતે હતી. તેણી એક પળ વિચારમાં પડી કે ' આ દેરાબ વાડીઓ મને ઓળખતો નથી, અને હમણાં મેહેરાં બાહેરથી આવી તેને શેહેરાં ધારે છે. વળી મેહેરાં ઉપર એ કુરબાન છે એમ હું જાણું છું. વળી તે મેહેરાંને શેહેરાં માની લએ છે તો એને એમ માનવા દો. ઠીક છો જોઉં તો ખરી કે એમાંથી શું થાય છે ? '

" જવાબ જોઇએ છે કે? હું ઉંઘાડું ? " શેહેરાંએ દેરાબને પૂછયું.

" શેહેરાં બાનુને મારે મોઢેમોઢું મળવું છે. જરા એવણને જઇને કહો કે હું વાત કરવા માગું છું "

આથી શેહેરાં હસી પણ કાંઇ બોલી નહી. તેણી તુરત ઉઠીને અંદરના ઓરડામાં ગઈ અને ત્યાં જઇને કાગળ વાંચ્યો, અને પછી એક બે મિનિટ વિચારમાં ઉભી. જો ત્યાં કોઇ ચંચળ માણસ હાજર હોત તો શેહેરાંના ચેહેરા ઉપર તે એક જાતની અજબ પ્રકારની ખુશાલી પેદા થયલી જોઇ શકત, કારણકે આવા સંજોગમાં તેણીને એક નવોજ વિચાર સુજ્યો હતો. "

" મેહેરાં ડીઅર, પેશતનજી વાડીઆ સોલીસિટરે મારી ઉપર એક કાગળ મોકલ્યો છે કે વાડીવજીફાને રિપેર કરાવવાં કે નહિ. તેવણનો દીકરો દેરાબ વાડીઓ પોતે કાગળ લઇ આવ્યો છે ને હૉલમાં બેઠો છે. જવાબ તો એને કાંઇ આપવોજ જોઇએ"

"હા, જવાબ આપવોજ જોઇએ," મેહેરાં બોલી.

"મેહેરાં, તને યાદ છે કે આપણે આઇસ્ક્રીમ ખાવા ગયાં હતાં, ત્યાં દેરાબ વાડીઓ આવ્યો હતો ? અને તને નિહાળી નિહાળીને જોતો હતો તેનું તને કાંઇ ભાન છે ?"

મેહેરાંને બધું ભાન હતું, અને આ બનાવ તેણી ભૂલી ગઇ ન હતી શેહેરાંએ જ્યારે પાછી યાદ દેવાડી, ત્યારે મેહેરાં ઉલટી દિલગીર થઇ.

"જો, મેહેરાં, મારૂં એક કામ કર. હું કહું તેમ કર. મને હાલ કંઇ સવાલ પુછતી ના. પાછળથી હું તને બધું સમજાવીશ. વળી હું કહું તેમ કરશે તેમાં નુકસાન કોઇને થનાર નથી. દોરાબ વાડીઓ એમ સમજે છે કે તું શેહેરાં છે. એની વાત ઉપરથી હું એમ ખાતરીથી માનું છું. આએ કાગળ તારા હાથમાં લઇને હૉલમાં જા, અને અને તું પોતે શેહેરાં હોય તેમ એ કાગળનો જવાબ આપ"

"હું શેહેરા! એમ કેમ બને?" મેહેરાં અજાયબ થઇને બોલી.

"બનશે! એમાંથી બહુ મજાહ પડશે! પાછળથી બધો ખુલાસો કરીશું. જા ડીઅર, એમ ધયુપયુ મન રાખ નહિ બસ, બપકામાં જઇને કહે કે 'બાવાજીને કહેજો કે રિપેર કરવાની જરૂર હોય તો બેલાશક કરાવો. "હું શેહેરાં છુ" એમ તારે તારાં મોઢે ખાસ ખુલ્લું કહેવાની કશી જરૂર નથી."

શેહેરાંની મરજી અને હુકમ બજા લાવવવાને મેહેરાં બંધાયલી હતી. તેણી પોતાની મરજી વિરૂદ્ધ હૉલમાં ગઇ અને દોરાબને કહ્યું, "બાવાજીને કહેજો કે રિપેર જરૂર કરાવો"

"વારૂં, થેંકયુ!" દોરાબે જવાબ દીધો. દોરાબે તેણીનો ઉપકાર શા માટે માન્યો? તેણીએ પોતે બાહેર આવીને મધુર સાદે *જવાબ કહેવાની તસદી લીધી હતી, કદાચ તેને* માટે તો ન હોય?

મેહેરાંને તેના 'થેંક યુ'થી હસવું આવ્યું હતું, પણ દોરાબે તેનો અર્થ જુદોજ કરયો. મારી મુલાકાતથી તેણી ખુશ થઇ છે, તેથી તેણી હસી, એવો અર્થ તેણે ઉઠાડયો હતો. તેણીના હસવાથી દોરાબને ઉત્તેજન મળ્યું, અને તે હવે એમ સમજવા લાગ્યો કે આ છોકરીનું દિલ જીતવું સેહેલ છે. તેણીના હસવાથી વળી તેને હિમ્મત આવી અને તે બોલ્યો, "તમે મને ઉકડાં મળ્યાં હતાં ત્યારપછી તમે પાછાં આટલાં જલદી મળશો એવી મેં આશા રાખી હતી નહીં"

"અને તે પણ આવા નવા ન ધારેલા સંજોગ વચ્ચે" મેહેરાંને બોલવાની ફરજ પડી.

"હા, નવા સંજોગ તો ખરો! ઠીક, ત્યારે હું જાઉં છું, બાવાજીને કહીશ કે સુરતના વાડીવજીફા જલદી રિપેર કરાવે."

"હાજી, એમ કહેજો," મેહેરાં ટુંકમાંજ બોલી. તેણી પોતે વાડીવજીફાની માલેક ન હતી, એમ ખુલાસો કરવાની કશી જરૂર ન હતી, તેમજ તેવો ખુલાસો કરવાની મેહેરાંએ હિમ્મત કીધી નહીં, કારણકે શેહેરાં પોતે બારણાં પછવાડે ભરાઇને બધી વાત સાંભળીને ગમત મેળવતી હતી.

દોરાબ વાડીઆએ શેકહેન્ડ કરવા હાથ લાંબો કીધો હતો, અને તેથી તેણીને પણ પોતાનો હાથ આપવાની ફરજ પડી હતી. આ પ્રમાણે બન્ને આશકમાશુક જેઓ છુપાં અંદરખાનેથી એકબીજાંને પસંદ કરતાં હતાં, તેઓ અજબ સંજોગમાં સાથે મળીને શેકહેન્ડ કરીને છુટાં પડયાં.

તેના ગયા પછી શેહેરાં હસતી હસતી બાહેર આવી, પણ મેહેરાં ચીરડાઇને શેહેરાંને કહેવા લાગી, "જા, બા, શેહેરાં, આ તારાં ચેડાં મને નથી ગમતાં! જ્યારે દોરાબને આનો ખુલાસો થશે, ત્યારે તે મારે માટે શું ધારશે?"

"વહાલી, બિહે છે શા માટે? જે દહાડે ખુલાસો થશે ત્યારે બધો રોપસો હું મારે માથે લઇશ. દોરાબ અહીં ઘડીઘડી આવતો નથી, પણ આજની આ ભૂલથી મારા મનમાં એક નવી યોજના રમે છે."

"વળી બીજી યોજના! વળી કાંઇ તાગડો!" મેહેરાં અજાયબ થઇને પૂછવા લાગી.

"હા, એક યોજના, પણ તેમાં તારી મદદની પહેલી જરૂર છે, હું ધારૂં છું કે તું મને જરૂર મદદ કરશે. તને યાદ છે? પેશતનજી સોલીસિટર તે દહાડે શું કહી ગયા! આવતા આગસ્ટ સપટેમ્બરમાં જોલ પરવીઝ સાથે મારી મુલાકાત કરાવવામાં આવશે, અને તે માટે પુનામાં બંગલો ભાડે રાખવામાં આવશે. હજી ટાઇમ ઘણો બાકી છે. તેટલામાં આપણે આપણાં નામ બદલી નાખીએ. તું શેહેરાંનો પાર્ટ ભજાવ, અને હું મેહેરાં થઇ જાઉં, અને એવાં બદલેલાં નામ સાથે મારે જાલ પરવીઝની મુલાકાત લેવી. જાલ પરવીઝનો પત્તો શોધી કહાડીને તે હોય ત્યાં ફરવા જવું, અને તેના સમાગમમાં આવવાની તક મળે તો લેવી, અને તેમ કરીને તેના દિલની તપાસ લેવી; તે કેવો છે, તેની ચાલચલણ કેવી છે, તેની રીતભાત કેવી છે, તેના શોખ કેવા છે, તે સઘળું બદલેલાં નામે. તપાસું મારા નામથી તપાસ થઇ શકે નહીં, અને તેમ કરવાની મારામાં હિમ્મત પણ નથી. મને શેહેરાં જાણીને તે મારી સાથે પુરેપુરી વાત પણ નહીં કરશે, પણ મેહેરાં સમજીને, વખતે મારી સાથે હરી જશે, અને તેમ જો થાય તો તેની પરિક્ષા મારેથી ઘણી સરસ રીતે થઇ શકશે. જો વાહાલી મેહેરાં,, આ કેવો મજાનો 'પ્લાન' છે! બોલ, મને મદદ કરશે કે?"

"ઓહ! શેહેરાં! એ તો બહુ મુશ્કેલ છે! એ કેમ બને! શેહેરાંનો પાર્ટ બજાવતાં મારાથી ગોટાળો થઇ જશે તો!"

"નહિ, ગોટાળો જરા નહિ થશે! થોડા દહાડામાં આપણું કામ આપણે કહાડી લઇશું. વળી દોરાબ વાડીઆ મારફતે ઓળખાણ કરીશું, એટલે એ ભુલેલો દોરાબ પણ તને શેહેરાં તરીકે અને મને તારી કમ્પેનીઅન 'મેહેરાં તરીકેજ ઓળખાવશે"

"પણ એમ ધારો કે તમે દોરાબને બોલાવશો અને તે નહિ આવે અને તેના બાવા આવશે તો?"

"તો જોઇ લઇશું. પેશતનજીને સમજાવીને એ યોજનામાં સામેલ કરીશું અને વખત જોઇને વાત કરીશું મુંબઇમાં રહીને એમ નામ બદલી શકાયજ નહિ. બાહેરગામ જઇને નામ બદલીશું. મેહેરાં, બસ તારી હા કહેવાની બેઠી છે. બાકીનું કામ હું પોતે કરી લઇશ, વળી એમાં આપણને ગમત પડશે તે તો જુદી!"

"જો નામ ફેરવવાં હોય, તો બીજાં ભાગતાં નામ ધારણ કરીએ. દાખલા તરીકે મીસ ફલાણી-ફલાણી અને બે જેનો હોઇએ તેમ રહીએ."

"તો પછી સોલીસિટર મારફતે ઓળખાણ કેમ પડાય! શેહેરાં તરીકે રહીને હું જાલ-પરવીઝની પરિક્ષા લઇ શકતી નથી. શેહેરાં તરીકે મારો ટેક અને દરજ્જો હું ખોહવા ઇચ્છતી નથી. વળી તું શેહેરાં થશે તોપણ તું મગરૂરી મીજાસનો પાર્ટ ભજવી શકશે નહિ, પણ તું જાણે છે ખરી કે મારામાં તો મગરૂરીનો અંશ તારાં કરતાં ઝાઝો છે."

છેવટે, ઘણી સમજાવવાથી મેહેરાંએ આ ગોઠવણમાં સામેલ થવાની હા પાડી. ખરેખરૂં કહીએ તો તેણીને શેહેરાંએ હા પાડવાની ફરજ પાડી હતી. વળી તેણીએ શેહેરાંને મદદ કરવાની ફરજ વિચારી હતી. તેણી અંદરથી ઘણું ઇચ્છતી હતી કે દોરાબ વાડીઆને મળીને ખુલાસો કરૂં કે હું શેહેરાં નથી, પણ એમ કરવાની તેણીને તક મળી હતી નહીં, કારણકે તેઓ થોડા દિવસમાં મુંબઇથી ઉપડી ગયાં હતાં, અને માથેરાન જઇને રહેયાં હતાં હાલ તુરત તેઓ માથેરાનમાં 'ક્લેરેનડન' હોટેલમાં જઇને ઉતર્યાં હતાં.

પોતાની યોજના બરાબર અમલમાં

મુકવા માટે શેહેરાં નોકરોમાંથી કોઇને સાથે લઇ ગઇ હતી નહીં. હોટેલમાં જઇને ત્યાં નવી આયા રાખી હતી.

દોરાબ વાડીઓ ફરીથી શેહેરાંને મળ્યો હતો નહીં, તેનું કારણ શું? તેનું કારણ આ છે કે તેણે મનમાં વિચાર કીધો હતો કે મારો મિત્ર જાલપરવીઝ શેહેરાં સાથે પરણે તો સારૂં. મેહેરાંને તે ખરાં દિલથી ચાહતો હતો, અને જોકે તે ગરીબાઇની દરકાર કરતો હતો નહીં, તે છતાં જ્યારે તેણે જાણ્યું કે આ છોકરી દોલતવાન છે, તે પળથી તે પોતાના પ્યારને દાબવા લાગ્યો, અને મનાવા લાગ્યો, અને પોતાના મન સાથે બડબડવા લાગ્યો, 'આહ! હું એમ ધારતો હતો કે મારો 'લવ' ગરીબ છે, પણ એ તો મોટી જરદાર નિકળી! અફ્સોસ! એ ગરીબજ હોત તો કેવું સારૂં! એમ હોત તો હું જરૂર મારા પ્યારને પોષીને મોટો કરત, પણ આ નવા સંજોગમાં હાલ તુરત તેણીને વધુ વાર મળવાનું વાજબી નથી."

મેહેરાં અને શેહેરાંનાં નામો માથેરાન કર્લેરનડન હોટેલના મહેમાનાંનાં લિસ્ટમાં દોરાબે વાંચ્યાં, ત્યારે તેને ખબર પડી હતી કે આ બન્ને છોકરીઓ માથેરાનમાં છે.

પ્રકરણ ૧૬ મું.

એમાં ખોટું શું છે?

જ્ઞાન કસુક ને સભ્યતા, ધરાવે જે નાર,
હોય ભલે તે પરાક્રમી, ફળે તેનો સંસાર.

શેહેરાં હોટેલની ગેલરી ઉપર હાથ ટેકીને ઉભી ઉભી બોલી, " મેહેરાં, હું ઘણીજ દિલગીર છું કે આપણો પાર્ટ ભજી બતાવવાની મહેનત સફળ થઇ નથી."

" દિલગીર છે? કેમ? શા માટે?"

" તે, જોની, જૂઠું કેટલું બધું બોલવું પડેછ! જગેજગ જૂઠું બોલવું પડેછે અને નામ છુપાવવાની તકલીફ લેવી પડેછ!" શેહેરાંએ કહ્યું.

" હું બધી વખત તને આગલ કરૂં છું, એટલે મને જૂઠું બોલવાની ફરજ પડતી નથી," મેહેરાં હસીને કહેવા લાગી.

" પણ તારે એમ નહી સમજવું કે ગુનાહમાંથી તું છટકી જશે. મારી યોજનામાં તું પહેલી મદદગાર છે, એટલે વાંક તારો અને મારો બન્નેનો એક સરખો કહેવાશે," શેહેરાં હસીને બોલી.

" અને વળી, શેહેરાં આ બાબદને લીધે તેં પૈસાની ધુળધાણી કેટલી બધી કરી છે?" મેહેરાં કહેવા લાગી.

" ધુળધાણી કીધી એમ નહી સમજવું. તારા ડ્રેસને માટે પૈસા ખરચ્યા તે કાંઇ ફોકટ નહીં ગણાય. વાહાલી મેહેરાં, શેહેરાંનો પાર્ટ ભજવતાં તને ડ્રેસ કરવાની બહુ મહેનત પડતી હશે, પણ તું ઘણીશોભે છે, અંહ!"

આ વાત ખરી છે કે આ યોજના પાર પાડવા માટે મેહેરાંને માટે શેહેરાંએ તહરેવાર સાડીઓ, સદરાઓ, બુટ, અને ઘરેણાં વગેરે વગેરે, ડ્રેસ પછવાડે પૈસાની મોટી રકમ ખરચી હતી, કારણકે મેહેરાંને શેહેરા તરીકે ડ્રેસ કરવોજ જોઇએ, નહીં તો પાર્ટ બરાબર ભજવી શકાયજ નહિં.

" પણ, શેહેરાં, એમાં તારી મતલબ *શી છે, તેની મને હજી સમજ પડતી નથી,* મને તો એનો અર્થજ સમજ પડતો નથી, પણ વારૂં, કોઈ ઓળખીતું મળી જાય, તો કેવી ફજેતી થાય તેનો તને ખ્યાલ છે?"

" મેહેરાં, એમાં મતલબ છે અને અર્થ પણ છે. મેં તને તે હજી સમજાવ્યું નથી. જાલપરવીઝ માથેરાનમાં છે, એમ મને ખબર કરવામાં આવી ત્યારે મેં જોયું, કે તે જો અચાનક મળી જાય, અને આપણો સમા-

ગમમાં આવે, તો તેની તપાસ લેવાને જરૂર બની આવે. હું જાલની પરિક્ષા લેવા આતુર છું, જેથી તે મારે લાયકનો ભરથાર નિવડશે કે નહિ, તે હું જાણી શકું," આ પ્રમાણે ખુલાસો કરીને શેહેરાં હસવા લાગી.

"હવે હું સમજી ! વહાલી શેહેરાં, ત્યારે તો હવે જે થાય તે ખરૂં ! હવે તો એ યોજના બરાબરજ પાર ઉતારીશુ મને પહેલેથીજ બરાબર સમજણુ કેમ નહીં પાડી?" મેહેરાં પૂછવા લાગી.

"પહેલેથી કહેતાં જરા મને શરમ અને આંચકી લાગી, પણ હવે કહ્યું કે નહિ!" શેહેરાં મેહેરાંને કોટી કરી બોલી, અને પછી કહ્યું, "જો, મેહેરાં, હું જાલને પણ ગેરઇનસાફ કરવા માંગતી નથી મેં તેને જોયો નથી કે તે કેવો છે, અને જાણુતી નથી કે તેના આચાર વિચાર કેવા છે, ઘણાં વરસની વાત ઉપર જે કાંઇ મેં તેની વિરૂદ્ધ સાંભળ્યું હતું તેને વળગી રહું તો એ જવાનને ગેરઇનસાફ કરવા બરાબર થાય છે. હજી મેં કાંઇ નિશ્ચય કીધો નથી, કારણુ કે પરિણામ શું આવશે, તે હું ચોક્કસપણે કહી શકતી નથી. કદાચ એવું બને કે તેની રીતભાત મને ગમે, અને તેથી બપાવાજીની છેલ્લી મરજી પણ પાર પડે. એક કાંકરે બે પક્ષી મરાય તો સારૂં કે નહીં ? વકીલની મારફતે ઓળખાણુ થાય તેઅગાઉ આપણેજ જાણે અચાનક મળી ગયાં, અને ઓળખ થઇ, ને તેમ જો તપાસ થતી હોય, તો તેથી પણુ વધારે સારૂં, પણુ આપણુને સોથી અગત્યની સાવચેતી લેવી છે, તે એ કે તેને ખબર નહિ પડવી જોઇએ કે આપણે તેની હિલચાલ અને રીતભાત તપાસીએ છીએ."

"ઓ બાપરે, શેહેરાં, તારામાં આટલાં બધાં પરાક્રમ છે, એમ હું નહિ ધારતી હતી!" મેહેરાં શહેરાંની ચતુરાઇ અને હુશ્યારી જોઇ બોલી.

"આપણું કામ કોઇપણુ રીતે જોતાં બુરૂં નથી ! આપણે આપણી મતલબ ભલી નેમથી રમીએ અને તેથી કોઇને નુકસાન નહિ થાય તેમ આપણું કામ કહાડી લઇએ, તો તેમાં ખોટું શું ? આપણુ ઓરત જાતને એટલી હદ સુધી નાટક ભજવવો નહીં જોઇએ એમ કદાચ કોઇ મરદો બોલશે, પણ મરદો પોતાની મતલબને ખાતર હજારો ઉઘાપત્તા કરે છે તે ચાલે કે ?"

"તું ખાતરીથી જાણે છે કે જાલ માથેરાનમાં છે ? કેમ ખબર કહાડી ? મેહેરાં પૂછવા લાગી, "શેહેરાં, તું એમ સમજે છે કે આ આમદમાં હું તારી તરફ પુરતી દિલસોજી ધરાવતી નથી, પણ તેમાં તું ભૂલે છે. હવે હું તારી યોજનામાં સંપૂર્ણ દિલસોજી ધરાવું છું," શેહેરાં પેહેલાં મેહેરાં વિષે ખરેખર ભૂલ કરતી હતી, પણુ હવે મેહેરાંના સખ્યારાભરેલા સખુનોથી ઘણી રાજી થઇ.

"મેહેરાં, એક બીજી વાત છે, જેથી જાલને ગેરઇનસાફ થશે. હું તેની બધી રીતભાત અને સઘળા આચારવિચાર તપાસી લઇશ, પણ તેને અંધારામાં રાખ્યાથી તે મારી તપાસ લઇ શકશે નહિ, પણુ ચાલો. મારા મેંજમાં આ એક જાતનો ફીરો આવી ગયો હતો, પણ હવે જ્યારે શરૂઆત થઇ ચુકી છે ત્યારે તો છેલ્લી ઘડી સુધી અજમાયશ ચાલુ રાખીશું.

"એ કાંઇ તારો ફીરો નહિ કહેવાય. આ તો દોરાબ વાડીઆની ભૂલ થઇ, અને તે ભૂલ ઉપરથી તને આવો વિચાર સુઝયો,"

"જેમ કહે તેમ ખરૂં ! હવે તો આપણે વખત આવશે ત્યારેજ પાછાં ખરાં નામ વાપરીશું. હાલ તુરત તો તું શેહેરાં અને હું મેહેરાં છું. માથેરાનમાં છીએ ત્યાં સુધી હવે પાછાં નામ ફેરવાય નહિ," શેહેરાં બોલી.

આ પ્રમાણે વાત કરતાં અગાસી ઉપર

રહી હતી. તેનું બીજું કારણ આ હતું કે પેલા આરટીસ્ટના સાથીને તેણીએ ઓળખ્યો હતો. તે બીજો શખ્સ કોઇ નહિ પણ પોતાના ભાઇ સોહલનો શેઠ હતો. વાંચનારને યાદ હશે કે સોહોલ પોતાના શેઠને ત્યાં ચોરી કરીને નહાસભાગ કરતો હતો. પેલા આરટીસ્ટનો ખરેાે અદુખરો દોસ્ત બીજો કોઇ નહિ પણ સોહલનો શેઠ બી. હોરમસજી ઝવેરી હતો.

આથી, મેહેરાં તે દહાડે ઓરડામાંજ રહી હતી, અને શેહેરાં રાબેતા મુજબ જમ્યા પછી ગૅલેરી ઉપર નિકળી હતી, પછ આપણે ઉપર કહી ગયા, તેમ પેલો આરટીસ્ટ પણ ત્યાં ઉભેલો હતો.

તેણે શેહેરાંને જોઇને સભ્યતાથી સલામ કરી, અને પોતાના ઓરડામાંથી ખુરશી લાવીને શેહેરાંને બેસવાની અરજ કરી. ત્યાર પછી તેઓ વચ્ચે થોડી સાધારણ વાત થઇ

" કેમ, તમારાં સહી બાહેર નથી આવ્યા ? કાંઇ ઇજા તો નથી થઇ ? સેહેજ અંગ ઠબકાયું હશે " આરટીસ્ટ બોલ્યો.

" હાજી, મારી સહી બહુ બિહકણી છે, તેથી ઘણી ગભરાઇ. વાગ્યું કાંઇ નથી, પણ સેહેજ આશાયશ લેશે તો બસ," શેહેરાંએ જવાબ દીધો હતો.

" હશે, બાઇ, હું તો શેહેર શેહેર ફરતો છું, અને પારસી બાનુઓના સમાગમમાં ઘણોજ થોડો આવું છું, તેથી પારસણો વિષે હું કાંઇ મત આપવાની ઉતાવળ કરતો નથી," આરટીસ્ટે કહયું.

" તમારી વખતસરની મદદ નહિ મળતે, તો મારી સહીને એક મોટો અકસ્માત થતે, એમાં તો કશો શક નથી, માટે તમારો ઉપકાર થયો છે," શેહેરાં ઉપકારની લાગણીથી બોલી.

" નહિ બાઇ, એમાં મેં ઉપકાર જેવું કાંઇ કીધું નથી. માણસની ફરજ છે કે બીજાં માણસને જરૂરની વેળા મદદ કરવી. મેં મારી ફરજ સિવાય કશુંએ કીધું નથી. એ તો શું પણ કદાચ દરીઆમાં કે કુવામાં ઉતરવું પડે તો હું એક પળપણ વિચાર કરવા ઉભો રહું નહિં. મારી આદત છે કે કોઇને પણ દુઃખમાં સહાય થવું. "

આ પછી કેટલીક વાર સુધી તેઓ બંને જણ ચુપ બેઠાં. પછી શેહેરાંએ તે ચુપકીદી તોડી, અને તેણી બોલી, " માફ કરજો, હું તમને એક સવાલ પૂછવા માંગું છું. આપણે ફરીને સાંજે પાછા ફરતાં હતાં, તે વારે તમારો દોસ્ત પિકચરો અને ઓઇલપેનટીંગની વાતો કરતો હતો, તે ઉપરથી હું ધારૂં છું કે તમે કોઇ મોટી છબી રંગનારા છો."

" મારો દોસ્ત નથી જાણતો, પણ તમારો સેવક એક આરટીસ્ટ છે, " તેણે સભ્યતાથી જવાબ દીધો.

"અને તમને અડચણ નહિ હોય તો તમારૂં નામ અને ઠેકાણું આપશો ?"

" મારૂં નામ જે. પી. આરટીસ્ટ છે.

" જે. પી. આરટીસ્ટનાં પિકચરો મેં મુંબઇના એકઝીબીશનમાં જોયાં હતાં, અને ત્યાંથી એ ચિતારાના હાથની એક જરથોસ્ત પેગમ્બરની મોટી સબી મેં મોંઘી કિંમતે ખરીદી છે. બેશક તમારાં ચિત્રો જાણે જીવતાં હોય અને આપણી સાથે વાત કરતાં હોય તેમ લાગે છે !" શેહેરાં વખાણના શબ્દો બોલી.

" મારાં ચિત્રોની તારિફ તમારા જેવી એક બાનુના મોંઢેથી સાંભળતાં મને ઘણી ખુશાલી પેદા થાય છે. છે તો ખરૂં, જે મારાથી બને તેટલું કરી શકું છું, વધારે નહિ." આરટીસ્ટે પણ સભ્યતાથીજ જવાબ દીધો.

" તમારૂં નામ મેં ન્યુસપેપરમાં વારંવાર વાંચ્યું છે, બાપ વડાઇ જેવું તમારામાં કશું

નથી. પણ એ તો તમારી લાયકી છે!" શેહેરાં બોલી

"બાનુ, અમારો ચિતારાનો ધંધો એવો છે કે અમારૂં કામ એક હજાર માણસ જોવે અને તપાસે, પણ એક હજારમાંથી ફક્ત એક જે તેની ખરી ખુબી સમજતો હોય તેજ તેની ખરી પરિક્ષા કરી શકે બીજાં બધાંઓને અમારા ચિત્રો જોઇને હસવું આવે તેમાં નવાઇ નહિ, કારણકે બધાઓને અમારૂં કામ ધસાડા અને રંગનાં ધાબાં જેવું દેખાય છે. હું ઘણો ખુશ છું કે તમારાં જેવાં એક પારસી બાનુંને મારા ચિત્રો ઘણાં પસંદ પડયાં. તમને પોતાને ચિત્રકળાની કાંઇ સમજણ ખરી કે?"

"હાજી, હું સ્કુલમાં હતી ત્યારથી મને ડ્રૉઇંગનો ઘણોજ શોખ હતો," શેહેરાંએ જવાબ દીધો.

"તે શોખ તમે આગળ વધારતે તો તમે ચિત્રકળામાં પ્રવિણ થતે આજકાલ છોકરીઓ દરેક બાબદ અધુરી શીખીને છોડી દે છે, અને જવાંન વયમાં સંસારની જુસરીમાં પડીને ઘરનો ધસડબોરો માથે ઉઠાવે છે, આને લીધે ઉંચી કિસમનું શિક્ષણ તેઓ ક્યાંથી સંપાદન કરી શકે?"

"નહીંજી, હું પોતે હમણાંથી સંસારની જુસરીમાં જોડાવાનો વિચાર કરતી નથી. હાલ તો હું મારી સહી સાથે તેણીની એક પગારદાર 'કમ્પૅનીઅન' તરીકે સાથે ફરૂં છું અને તેથી મને મારો અભ્યાસ ખાનગી રીતે આગળ વધારવાને ઘણો અવકાશ મળે છે."

શેહેરાં પોતાનો ભાગ ભજી બતાવતી હતી. જાણી જોઇને તેણીએ પોતાની સહીનું નામ આપ્યું હતું નહિ, તેમજ પોતાનું નામ કહેવાની પણ જરૂર જોઈ હતી નહી, તેમજ પેલા આરટીસ્ટે નામ પુછવાની અસભ્યતા દેખાડી હતી નહિ. "હું ઘણોજ ખુશ છુ કે હમણાં હમણાં કેટલીક બાનુઓ પોતે પોતાની કમાઇથી ગુજરાન કરતાં શીખ્યાં છે. અવાસી આળસુ અલ્લુપાડાની માફક બાઇને ઘ.માં મરવાંના પીંજરામાં ઢંકાઇ રહે, અને બાહેર ખુલ્લી હવામાં નિકળે નહિ, અને ભાઈ તથા માબાપને સદંતર માથે પડે, તેનાં કરતાં પોતાનું ગુજરાન કરનાર તમારા જેવાં શીખેલાં ભણેલાં બાનુઓને માટે મને ઘણું માન રહે છે."

"તમારા આવા ઉમદા વિચાર માટે હું ઉપકાર માનુંછ, પણ ચાલોજી, હવે હું મારા ઓરડામાં જઇશ મારી સહી મારી રાહ જોતી હશે," શેહેરાં બોલી

"થોડી વાર બેસો. ચંદ્રમા હજી તો હમણાંજ પ્રકાશવા લાગ્યો છે, આજુબાજુનો 'સીન' તો જરા ધ્યાનથી જુઓ!" પોતે આજુબાજુ નજર ફેંકતો આરટીસ્ટ શેહેરાંને કહેવા લાગ્યો.

"હાજી. પણ તમારી અને મારી આંખો વચ્ચે ઘણો ફરક છે. તમે એ ખુદરતી 'સીન' તમારી ચિત્રકળાની નજરથી જુઓ છો, તેમાં જેટલી તમને મજાહ પડે તેટલી મજાહ મારી આંખોને પડે નહિ," એમ કહીને શેહેરાંસાથી ઉઠીને પોતાના ઓરડામાં ચાલી ગઇ.

પ્રકરણ ૧૯

પસંદગીનું પજરણ.

જોયો, ગમ્યો, પાછો ગયો, યાદ આવે હરદમ,
અર્થ એનો છે દિલ મહીં કે 'પ' 'દેહ કરદમ'

બીજી સહવારે સકાળેથી શેહેરાંને એક તાર મળ્યો, તે મોકલનાર દોરાબવાડીઓ હતો. કાંઇ કામને માટે આજની ગાડીમાં સાંજે માથેરાન આવી પુગીશ, આવી મતલબનો તે તાર હતો.

"વળી એ કાકા શું માગેછ?" શહેરાં તાર વાંચીને બોલી.

"રજાના દિવસો ઉપર આશાયશ લેવાને બદલે બિચારાને પોતાના કુળને વાસ્તે સેંકડો માઇલ મુસાફરી પણ કરવી પડે છે." મેહેરાં દોરાબની દયા ખાતી બોલી.

શેહેરાં જાણુતી હતી કે દોરાબની મુલાકાત મેહેરાંને ઘણી આવકાર દાયક થશે, અને તેથી ખુસમશકેરીના રૂપમાં ખાસ ચીરડવવા બોલી "મેહેરાં આપણે તુરત તાર કરીએ કે અમે અતરેથી ઉપડવાની તૈયારી કરી ચુક્યા છીએ ?"

"મારી સલ્લાહ માનતી હોય તો બહુ તોછડુ લાગશે," બોલી મેહેરાં ખરું સમજીને કહેવા લાગી.

"ચાલ, ત્યારે તું રાજી થા," શેહેરાં ટકોરમાં બોલી, "પણ તેના બાવા આવતે તો મને ગમતે. વળી આ એકલડોકલ જવાનને આપણા ઓરડામાં પણ ઉતારો આપી શકાશે નહીં."

તેણીએ મેનેજરને બોલાવ્યો અને તેને કહ્યું, "આજે એક ગ્રહસ્થ અતરે આવશે, તેને માટે સારું બિછાનું તેમજ ડિનર જોઇશે, અને તેને કોઇ બીજા ઓરડામાં ગોઠવજો."

"તમારી પાસેનો ઓરડો ખાલી છે. પેલો ચિનારો અને ઝવેરી બન્ને ચાલતા થયા છે," મેનેજરે ખબર આપી.

"તે લોક અહીં થોડા દિવસ રહીશું એમ કહેતા હતા," શેહેરાં અજબ થઇને મેનેજરને કહેવા લાગી.

"હા, પણ બન્ને દોસ્તોને આજે સહવારે કાંઇ મતફેર પડયો, અને એ મતફેર હું જાણું છું ત્યાં સુધી તમો બાનુઓના સંબંધમાંજ હતો મેં પેલા ચિનારાને પોતાના દોસ્તને ઠપકો આપતાં સાંભળ્યો કે બાનુઓ તરફ મર્યાદા અને માનની નજરે જોવું ઘટે છે. એ ચિંતારો ઘણો અશરાફ માણસ છે," મેનેજરે શહેરાંને વધુ ખબરથી વાકેફ કરી.

"હાજી, તે તો બહુ ભલો માણસ લાગે છે, પણ તેનો દોસ્ત આ હોટેલમાં નહિ ઉતરે તેટલું તમને સારૂં. એ બીજો બડો બદમાસ દીસે છે. પાસે પૈસા છે તેથી લોકો અખાડા કરે છે—

"વારૂ, મેનેજર, આજે આવનાર ગ્રહસ્થ રાતે અમારી સાથે અમારા ઓરડામાંજ જમશે અંહ! જરા સારી સારી 'ડીશો' અમારા હિસાબે એકસ્ત્રા (Extra) બનાવજો."

"વારૂંજી, પણ હું કહેતાં ભુલી ગયો કે પેલો ચિતારો જતી વખતે મારા ઓરડામાં એક પિકચર તમારા માટે આપી ગયો છે. તે હું માણસ પાસે મોકલું તે લેજો."

તે પિકચર ખોલીને જોતાં તે માથેરાનની 'પેંનોરામા પૉઇન્ટ'નો વ્યુ હતો. આ દેખાવ જોઇને જીવ એટલો ખુશી થતો હતો કે બોલવાની વાત નહીં. શેહેરાંને તે અતિગણો ગમ્યો. આ ચિત્રની નિચે J. P. (જે. પી.) અક્ષર પાડેલા હતા. આ ચિત્ર શેહેરાંએ બહુ સંભાળથી સાચવી રાખ્યું અને મેહેરાંને કહ્યું, "મેહેરાં, આ ચિતારો કોઇ અમીરજાદો લાગેછ. મારી સાથે થોડી મિનિટ વાત થઇ પણ વાતમાં એટલી લાયકી અને સભ્યતા અને બાનુઓ તરફ માન અને મર્યાદા એ સઘળું જોઇને હું તો ખાતરીથી માનુછ કે એ કોઇ સારા ખાનદાનનો અને ઘણોજ સારી ચાલચલણનો પુત્ર છે. બધાજ માટીડાઓ બૈરાંઓ સાથે એવીજ રીતે વાત કરતાં શીખે તો પછી જે અનીતિની વાતો આપણે માટીડાઓને માટે વાંચીએ છીએ તેવી નાલેશી આ જગતમાંથી સદંતર નાબુદ થાય. મેહેરાં હું ઘણી દિલગીર છું કે એ ગ્રહસ્થ સાથે આપણે ઓળખાણ પાડયે તે અગાઉ તે ચાલી ગયો! મને લાગેછ કે એ ચાલી ગયો તેમાં પણ લાયકીનોજ સવાલ સમાયલો છે, તે જાણતો હતો કે એનો સાથી ચાલચલણ

અને રીતભાતમાં ઢીલો અને ઉતરતો છે, તેથી તેણે અહીં ફેમીલીઓની વચમાં રાખવાનું તેને વાજબી લાગ્યું નહિ હશે. હું પણ કેવી કેવી અણઘડ છું કે મેં તેનું આખું નામ અને એડરેસ પણ લઇ લીધું નહિ!"

આ પિકચર તમને ભેટ કીધું તેની સાથે કાંઇ ચીઠી છે કે નહિ? મેહેરાંએ પુછ્યું

"નહિ. ફકત એક કાગજની કાપલી પિકચર સાથે 'પિન' લગાવેલી છે. અને તેની ઉપર 'એક મિત્ર તરફથી" આટલા શબ્દો સિવાય નામ નિશાન કશું એ નથી!" શીહેરાં દિલગીર થઇ હોય તેમ બોલી.

આ પછી મેહેરાંનું ધ્યાન ન્યુસપેપર વાંચવામાં રોકાયું, અને તે વખતે શીહેરાં ઇઝીચેર ઉપર પડીને પોતાના મન સાથે પણ આગળ ઉભેલાને સંભળાય તેમ બબડી:—

"મારી જીંદગીમાં જો કોઇ સારું માણસ દીઠું હોય, અને જેની વાતથી મારા દિલ ઉપર સારી અસર થઇ હોય તો આ ચિતારો પહેલો છે. તે શીખેલો, ભણેલો, હુન્નરવાળો સભ્ય, અદબ અંદાજથી વાકેફ અને લુચ્ચાઇ લફંગાઇથી તદન નિરાળો છે, વળી તેના વિચારો મને ઘણા નેક અને ઉમદા લાગ્યા, સામા માણસની સાથે વાત કેમ અને કેટલી કરવી તેથી તે માહેતગાર છે. નામ બદલવાથી હવે મને કેવો પસ્તાવો થાય છે નામ બદલીને અત્યાર સુધીમાં બે જણને ઠગ્યા છે! એક તો દોરાબ વાડીઆને, અને બીજો આ ચિતારાને; પણ જ્યાં સુધી અમે માથેરાનમાં છીએ ત્યાં સુધી નામ એજ ચાલુ રાખવાં પડશે. ખુદાને ખબર, હવે એ ચિતારાનો પાછો મેલાપ કયારે થશે?"

આ પ્રમાણે પોતાના મન સાથે મોટે મોટે બબડાને તેથી વધારે મોટેથી બોલી, "મેહેરાં, આ બે માદીડાં આવ્યા, અને પિકચર મને મળ્યું, તે વિષે દોરાબ વાડીઆ આગલ કાંઇપણ વાત કરવી નહી, અંહ!"

"ઠીક છે, હું તારી મરજી સંભાળીશ અને એ વાત નહી કહુંડીશ," મેહેરાંએ પોતાની મીત્રણ શેઠાણીને એ પ્રમાણે વચન આપ્યો.

પ્રકરણ ૨૦ મું.

શુદ્ધ અંતઃકરણ.

સાચી શુભ લાગણીમાં હેતુ નહિ ભળાય,
હેતુ જો ભળાય તો તે શુદ્ધ નહિ કહેવાય.

મેહેરાં સમજી હતી કે પેલા ઝવેરીએ મને સોહલ સરકારીની બેન તરીકે ઓળખી, અને તેથી તેણી બિહતી હતી કે રખેને નામનો ગોટાળો પકડાઇ આવે, પણ તેણીનું ધારવું ખોટું હતું. ઝવેરીએ તેણીને સોહલ સરકારીની બેન તરીકે ઓળખી હતી નહિ. તેને તેના દોસ્ત ચિતારા સાથે આ બે બાનુ એને લીધેજ તકરાર થઇ હતી, પણ તે જુદીજ તકરાર હતી

બી હોરમસજી ઝવેરીનું ખાનદાન કોઇ પણ રીતે તપાસે તો ઉંચું હતું નહિ. તેના બાપે પહેલાં લોકોને મોટાં વ્યાજે નાણાં ધીરીને પુષ્કળ પૈસો એકઠો કીધો હતો, અને તે પૈસો આ તેના એક પુરા ચાંદને મળ્યો હતો. પાછળથી બાપે મુંબઇમાં ઝવેરીની દુકાન ખોલી હતી, અને તે દુકાન તેનો નેકનામ દીકરો હજી ચલાવતો હતો. બાપ મારવાડી હતો એટલુંજ નહિ પણ તેનો દીકરો પણ હડહડતા મારવાડીને વટાવે તેવો હતો. પૈપૈનો હિસાબ ઘણો બારિકાઇથી તપાસવાની ટેવ તેના બાપ તરફથી તેને વારસામાં મળી હતી, અને તે ટેવની બરકતથી તેણે સોહલ સરકારીનો ગોટાળો પકડયો હતો. વળી તે બાપદાદેથી પૈસો ખોટે માર્ગે જવા દેતો હતો નહિ, માટેજ સોહલને પક-

કાતીને તેને શિક્ષા કરાવવા તૈયાર થયો હતો. પૈસાને ખાતર સામા ધણીને ગમે એવી વેઠ જંજાળ અને દુઃખ પોહોંચાડવા તે તૈયાર હતો ટુંકમાં, તેના દિલમાં દયાનો છાંટો હતો નહિ. બી. હોરમસજી ઝવેરી કુંવારો હતો. તેની જીંદગીની મોટામાં મોટી ઇચ્છા એક હતી કે કોઇ ખાનદાની છોકરી સાથે લગ્ન કરવાં. તેણીની પાસે પૈસો થોડો હશે તો ચાલશે, પણ કોઇ મોટાં કુટુંબની છોકરી, જેનું કુટુંબ અસલવારેથી નામીચું અને જાણીતું હોય, તેવાં ખાનદાનની છોકરીનો તે તલખગાર હતો. અલબત્તાં, તેને ખાનદાન ઉપરાંત ખુબસુરતીની મોટી ઇચ્છા હતી. છોકરી ખાનદાની હોવા ઉપરાંત ઘણીજ ગોરી અને ઘણી ખુબસુરત તેને જોઇતી હતી પોતાની આ એક મોટી ખાહેશ પુરી પાડવા તે મોટે મોટે ખાંચરે પરોણો તરીકે જવાને તક મળે, તો કદી ચુકતો હતો નહિ. તેનાં દોઢીઆને ખાતર કેટલીક મમાઇબપાઇઓ તેને ઓવરણા લેતાં હતાં, અને એ બુઢી મમાઇબપાઇઓ તેને કહેતી હતી, કે "કે જો મારી સુનઇ, મારી દીના, મારી શીરીનમાંથી કોઇની સાથેતમારો કાંઇ લગન કરવાનો વિચાર હોય તો કહેજો, શરમાતા નહિ, પણ અનરે વાંચનારને વકિક્ કરવાનું દરૂસ્ત વાગે છે. કે જે જે જવાન છોકરી આ ઝવેરીને ઓલખવા લાગતી, તેઓ તેને થોડા વખતમાં ગાળો દઇને સેસપામરી ભરીને હાથના અવળા ઓવરણા લીધા વિના રહેતી હતી નહિ. ટુંકમાં કોઇપણ હુસ્યાર શીખેલી અને સ્યાણી છોકરીને આ ઝવેરીની સમાગમમાં આવ્યા પછી ઝટ ધિકાર છુટતો હતો, કારણકે આ દોઢીબાવાળા પારસીને બિલકુલ રીતભાત આવડતી હતી નહી.

બાઇડાંઓ કરતાં માટીડાઓમાં તેને સારી ઓળખ હતી. જરી જરી વારમાં તે કેવો એક સ્યાણો અને સમજુ સજ્જન હોય તેવું ડોળ ઘાલતો હતો, અને વળી કોઇ કાંઇ અણુગમતું બોલે ત્યારે ખડખડ હસી પડતો હતો. આથી આ ઝવેરીની હસવાની ટેવ માટે તેનાં મિત્રોમાં ઘણી ટીકા થતી હતી. સામટી રીતે લેતાં મધ્યમ વર્ગમાં તેને લોકો ઠીક મલાવી લેતા, હતા, પણ જ્યાં અદબ અંદાજો અને વિવેક ઉચા પ્રકારનાં જોઇએ, ત્યાં તે માટીડાઓના મંડળમાં મોરનાં પીંછામાં કાગડો, એમ તુરત પરખાઇ અને પકડાઇ આવતો હતો

શહેરાં સાથે પેલા ચિતારાને જેલરી ઉપર મુલાકાત થઇ, અને ત્યાં ઉભાં રહીને તેણે થોડી વાત કીધી હતી, તે વારે તે ઝવેરી જેલરી ઉપર હતો નહિ, પણ બીજા ઓરડામાં બીજાઓ સાથે ટાયલાં ટપ્પા મારતો હતો પણ તેણે દૂરથી ચીતારાને વાત કરતાં જોયો હતો, આજકાલના કેટલાક બુદમાશીથી ભરેલા પારસી કોરગાઓની સંદ્દતો તે એક હતો. જો કોઇ ખુબસુરત જવાન છોકરીની સાથે કોઇ માટીડો હસીને વાત કરતો કે કોઇ છોકરીને હસીને કોઇ માટીડા સાથે વાત કરતાં જોઇ તો એકદમ સદ્દગુણની ઉંચાઇએ ચઢવાને બદલે દુર્ગુણના નિચાણમાં ભૂસો મારતો અને એવો છેરટ ઉપર આવતો હતો કે, "ચાલો, અહીં તો લગન લાગી ચુકયાં!"

આ તેની કુટેવને અનુસરીને તેણે પેલા ચિતારાને કહ્યું હતું, "કેમ દોસ્ત, પાડોસની છોકરી સાથે તને ઘણી દોસ્તી બાઝી છે, બચ્ચા એકલો એકલો મજાહ મારશે કે મારો કાંઇ ભાગ કરશે?"

આ સાંભળીને ચિતારાએ તેને જવાબ દીધો હતો, "દોસ્તી શાની? જેલરી ઉપર ઉભાં હતાં, ત્યારે સાધારણ બાબદ ઉપર વાતચીત થઇ, એ લોક કોણ છે તે પણ હું જાણતો નથી. અને નામ નિશાન પૂછવાની પણ મને જરૂર નહિ હતી,"

શીરાઝ શેહેરની તવારિખ.

(લખનાર—રૂ. હો. મીસ્તરી.)

ઇરાન દેશમાં આ અતી જાણીતું શહેર છે. દુન્યાનાં મહાન શેહેરોની ટીપમાં આ શેહેરનું નામ દાખલ કરી શકાય, એવી કોઇ અજાયબી ત્યાં નથી; દુન્યાનાં લોકની નજર ખેંચાય એવી ત્યાં ખુબસુરતી નથી. વળી એની તવારીખમાં એવી કશી નોંધ નથી, જેથી સઘળાઓના મનમાં તે રમ્યા કરે વળી હાલનો શીરાઝી પણ એવો વિદ્વાન કે હુન્નરમંદ નથી જેથી આ શેહેરની તારિફ કરવાને આપણને કારણ મળે, તે છતાં ત્યાં કાંઇ એવું છે જેથી ત્યાં રહેવાનું મન થાય. આ શેહેર લગભગ પાયમાલીની હાલતમાં છે, તેના રસ્તા ખખરાયલા, તેના મોહલ્લા સાંકડા, અને ત્યાંના ઘરોની આસપાસ ઉંચી દિવાલો ભરી નાંખેલી જેથી અંદરના લોકને બાહેરના લોક જોઇ નહીં શકે. પહેલાં આ શહેર ઇરાન દેશનું આગેવાન અને વેપારવણજમાં આગલી હરોળમાં હતું, આજે તે ફકત એક પ્રાંતની રાજધાનીના શેહેર તરીકે ગુંણાય છે. ભુતકાળમાં એનો જાહેજલાલી ઝાઝી હતી, વર્તમાનકાળમાં એની જાહોજલાલી નજરે પડતી નથી, અને ભવિષ્યમાં તેની સીમા ઉપર સુધારા વધારાની પણ કાંઇ આશા દીસતી નથી.

આટલું છતાં એશિયા ખંડમાં એના કરતાં વધારે ચિત્તાકર્ષક શેહેર બીજું કોઇ નથી એમ કહેવામાં અતિશયોક્તિ ગણવી નહીં. શાદી અને હાફેઝ જેવા જગજાહેર કવિઓની જન્મભૂમીનું આ શેહેર છે. કાવ્ય શાસ્ત્ર અને કાહાણી કિસ્સાઓના ફારસી લખનારાઓ આ શેહેરમાં મશહુર થઇ ગયા છે, બલ્બુ ગુંબજ અને સોનેરી મિનારાઓ, કાળાં સરોવરના ઝાડો અને લીલાં **અનારના** પુષ્કળ બાગો અહીં આવેલાં છે. ગુલાબ અને ચેરીબ્લોસમ (Cherry blossom) આ શહેરમાં ડગલે પગલે જડે છે. ઝાડોની ઘટાઓ અને વેહતાં પાણીનાં નાળાંઓથી આ શહેર ભરપુર છે આ શહેરને બાગે-જહાં-નુમા યાને આ દુન્યા દેખાડનારો બાગ, અને રશકે-બેહેસ્ત યાને આકાશની અદેખાઇના નામથી પણ ઓળખવામાં આવે છે. આ શહેરમાં બુલબુલ પક્ષી પણ અજાયબ ગેલમાં આવીને પોતાનો મીઠો સરોદ કાંઇ નવીજ ઢબે કહાડે છે. શાદી, જે પોતાના વખતનો અથંગ મુસાફર હતો, તેનું શીરાઝ માનીતું શહેર હતું. કવિના બોલવામાં કહીએ તો કોઇપણ મુસાફરને તેનું વતન વિસરાવી મેલે એવું આ શીરાઝ શહેર હતું અનેછે. જે કોઇ મુસાફર આ શેહેરમાંથી પસાર થયો હશે તેણે એની તારિફ કરી છે. સર ટોમસ હરબર્ટ, જે પહેલા ચાર્લ્સ રાજા તરફથી એલચી તરીકે ઇરાન ગયો હતો, તેના ફ્લફ્લપ ભેજામાથી શીરાઝની નિચલી તારિફ વએલી છે:—

"અહીં પેહેલ વેહલી મંત્રવિદ્યા જન્મ પામી હતી. અહીં રાજા નિમરોડ આવી વસ્યો હતો અને અહી તેને દાટવામાં આવ્યો છે. અહીં જગપ્રસિદ્ધ ખુશરૂ (Cyrus) પાદશાહનું મુવેલું સબ (ધડ વિનાનું) દાટવામાં આવ્યું છે. અહીં સીકંદર બાદશાહે પોતાનો સોલા સંપૂર્ણ કર્યો હતો અને ખાણીપીણી અને મોજ મજાહ ઉડાવી હતી. અહીંથી ઇરાનના માજીઓ બેથલેહેમ તરફ રવાના થયા હતા, અને અહીં ઘણો રાજાઓ એક પછી એક પોતાનો રાજદંડ વાપરી ગયા છે."

આ સઘળું એક સ્વપ્ના માફક પસાર થઇ ગયું છે. ઇરાનના નામીચા કવિઓ પોતાની કાવ્યશકિતની સદ્દનામાન છતાં જે કાંઇ શીરાઝ વિષે લખી ગયા છે તેમાં ઘણી સચ્ચાઇ છે.

શીરાઝમાં જે મુસાફર ગયો તેની ઉપર જાણે કોઇ જાદુ ચલાવતું હોય તેમ તેનું ચિત શેકાઇ જાય છે. ફકત આસપાસના રળિયામણા કુદરતી દેખાવ જોવાની તે અધિરાઇ કરે છે અને તે ગમે એટલી વખત એક દેખાવ જુએ છે, તે છતાં કંટાળતો નથી, ઉલટો, તે ફરી ફરીને તે જોવા ઇચ્છેછે. ત્યાંના અસલના પડીભાગેલા મહેલો, એ સઘળાં કાંઇ અજાયબ જાતની જોનારને મોહીણી આપે છે.

હાલ જેવી શાંતિ ભોગવે છે તેવી શાંતીમાં શીરાઝ હમેશાં પસાર થયું નથી તોફાની રૂતુ પણ એ શેહેરે અનુભવેલી છે; એ શહેરની તવારિખ, એક લખનારના જણાવ્યા પ્રમાણે, નોહાના પોત્રના વખતથી શરૂ થાય છે. કોઇ તેની તવારિખ ૪૦ સ૦ ૬૬૪ થી યુસફ ઝફફીના છોકરા મહમદના વખતથી શરૂ કરે છે, પણ હખામનીઅન અને સાસાનીઅન વંશના વખતમાં શીરાઝ ની લગોલગ એક જાણીતું શેહેર થઇ ગયું હશે, એવી સઘળી નીશાનીઓ ત્યાં અચુક મળે છે.

શીરાઝ શહેરે સંખ્યાબંધ રાજાઓ અને પુષ્કળ વંશો જેયા છે. ફાર્સના આ જાણીતાં શહેરમાં યાકુબ-બિન-લૈથ જે એક કંસારો હતો. તેણે પ્રાચીનકાળમાં રાજ્ય વસાવ્યું હતું, ત્યારપછી એક આડી માર, અલી-એ-બુજા નામના શખસે પોતાની હકુમત સ્થાપી હતી, ત્યારપછી તરકી સલ્તનતના ઘણા રાજાઓ થઇ ગયા, જેઓ આશરે એક સદી સુધી ખલીફા તરફથી અર્ધ સ્વતંત્ર સુબા તરીકે થઇ ગયા હતા. ત્યારપછી બ.રમી સદીમાં તૌર્કોમન જાતે હકુમત ચલાવી, જેઓનો અબુબકર એક જાણીતો અને ડ.હો સુલતાન થઇ ગયો છે. તેને જંગીસખાને હરાવ્યો હતો, અને ત્યાર પછી શીરાઝમાં મોગલ હકુમત ચાલી. એ જંગીસખાનના વખતમાં જાણીતો કવિ શાદી જન્મ પામ્યો હતો અને તે વખતે શીરાઝની જાહોજલાલી વિશેષ હતી. ત્યારપછીના વખતમાં યાને કવિ હાફીઝના વખતમાં તાઇમુરલેન શીરાઝ આવ્યો હતો, અને હાફીઝ કવિ અને તાઇમુર બાદશાહ વચ્ચે એક નોંધી રાખવા જોગ મુલાકાત થઇ હતી. એશઆરામ અને નચીંત મનના શીરાઝીઓ આ પ્રમાણે જુદી જુદી હકુમતોમાંથી પસાર થયા છે, કારણ કે કોઇબી રીતે તપાસીએ તો શીરાઝીઓ નમ્ર સ્વભાવના છે, અને લડાયક ખમીર તેમનામાં બિલકુલ હતું નહીં અને આજે પણ નથી.

શીરાઝની તવારિખમાં એકજ બનાવ નોંધાયલો છે, જે વેળા લોકો શીરાઝ ખાતે ચઢાઇ લાવનાર સામે થયા હતા શાહ મનસુરનો ખંડીઓ રાજા હતો, તેણે શીરાઝીઓને સમજાવ્યું કે તમે તાઇમુરથી સ્વતંત્ર બનવા માગતા હોવો તો મારી સાથે તેની સામે થવામાં સામેલ થાઓ, પણ આમ કરતાં તાઇમુરે તેમની ઉપર ભારે ગુસ્સામાં આવીને વેર લીધું હતું, અને શીરાઝીઓ જેઓ બિલકુલ લડી શકતા નહતા તેમને ધુળમાં રગડયા, અને તેમાં શાહમનસુર માર્યો ગયો હતો. તાઇમુરે આ સુંદર શીરાઝ શેહેર ઉપર એવું વૈર લીધું કે વરસો સુધી એ શેહેરની મનોહરતા, સુંદરતા, અને આકર્ષણમાં ભંગ પડયો હતો અને શીરાઝમાં સઘળે જગે શોક અને માહેતમ પ્રસરી રહયાં હતાં.

આગળ ચાલતાં પંદરમી સદીમાં કેટલાક તૌર્કોમન રાજ્ય કરનારાઓ ઇરાનમાં થઇ ગયા, તે વખતમાં શીરાઝ પાછું પોતાની અસલ નામાંકિત અને કીર્તિમાન હાલતમાં આવ્યું, તે વેળા શીરાઝ શેહેરની સીમાઓ વીસ માઇલ સુધી લંબાઇ હતી,

અને તેની દીવાલો સાત માઇલ ગોળ હતી, અને ત્યાંની વસ્તી લાખો માણસની હતી. આગળ ચાલતાં જ્યારે આખું ઇરાન એક રાજાના હસ્તકમાં આવ્યું, અને મૂખ્ય કરીને સફવી વંશના વખતમાં શીરાઝે પાછી પોતાની અગલની પદ્ધતી ગુમાવી હતી. ત્યારપછી, શાહ અબ્બાસની સલતનત વેળા, શીરાઝના ગવર્નર ઇમામ કુલીખાનના વખતમાં તેની જાહોજલાલી વળી એકવાર પાછી ટોચે ચઢી. શાહ અબ્બાસની પોતાની જાહોજલાલી અને પોતાની રાજધાની ઇસ્ફહાનની દરબારની કીર્તિ શીરાઝની જાહોજલાલી અને ત્યાંની દરબાર અને ત્યાંના ભપકા સપકા આગળ શૂન્ય જેવાં હતાં

આગળ ચાલતાં, શીરાઝ શેહેરે વળી એથી વધુ ચઢતી પડતી દીઠી. ઇ. સ. ૧૬૮૮ માં એક ભારે રેલથી શીરાઝનું અસલ શેહેર તણાઇ ગયું. વળી નાદીરશાહના મરણ થી જે રાજમમાં અંધેર વ્યાપી રહયું તેનો લાભ લઇને શીરાઝીઓને લુંટીને અફગન લોકોએ પોતાના લોભ અને હવસને પુરતો ખોરાક આપ્યો. આવી રીતે સદંતર પડી ભાગવા પછી અને આવી રીતે ભયંકર આફતમાંથી પસાર થઇને પણ વળી પાછું શીરાઝ શેહેર ઉગી નીકળ્યું. ઘણાં શેહેરો પડી ભાગ્યાં છે પણ જાણે ખુદરત આ શીરાઝ શેહેરને પડી ભાગેલી હાલતમાં હમેશાં રાખવાને રાજી ન હોય તેમ તે અનેકવાર ચઢતી પડતીમાંથી પસાર થયું છે. અઢારમી સદીમાં શીરાઝના નામીચા ગવરનર કરિમખાનઝંદ ના કારોબારમાં શીરાઝ અગાઉ કરતાં વધારે ઝમકથી ઊગી નીકળીને વધ્યું, અને આ કરીમખાનઝંદ ગવર્નરની બરકત ત્યાં આજે પણ અનેક જગે દીઠામાં આવે છે. હાલ શીરાઝ શેહેરની જેજે સુંદરતા જોવામાં આવે છે તેમાં કરીમખાનઝંદની સાહયતા હતી. તે ઇ. સ ૧૭૫૧થી ૧૭૭૯ સુધી આ શહેર નો ગવર્નર રહયો હતો, પણ ખરેખર તો દક્ષિણ ઇરાનનો, અને ફાર્સના મુલકનો સુલતાન અથવા શાહ હતો એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી.

ઇ. સ. ૧૭૨૨માં અફગાનોએ ઇસ્ફાહાન શેહેરની રાજધાનીને પાયમાલ કરી નાખી, તે વેળા કરીમખાનઝંદે ઇસ્ફાહાનથી રાજધાની શીરાઝમાં સ્થાપાવી, અને ત્યાં પથ્થરની દીવાલો, દસ ફુટ જાડી, અને બાવીસ ફુટ ઉંચી, શેહેરની આસપાસ બંધાવી. શીરાઝ શેહેર ઉપર આ કરીમખાનઝંદનો પુષ્કળ પ્યાર હતો, અને તેથી તેણે આ શેહેરને એવું બનાવ્યું, એવું વધાર્યું કે તેની બરાબરી કોઇ બીજું કરી ન શકે. ઇરાન શેહેરમાં આજે જે તખ્તેમરમર છે, તે કરીમખાનઝંદનું બનાવેલું હતું, અને ઇરાનમાં આજે જે **મોતીની તોપ** જોવામાં આવે છે તે પણ તેણે બનાવી હતી. શીરાઝ શેહેરની બજાર, મદ્રેસા, મસ્જીદો વગેરે જોવાથી જે આંખને ટાઢક વળે છે તે સઘળાં કરીમખાનઝંદની બરકત અને મેહેનત અને જેહેમતને આભારી છે. તે છતાં આ શેહેર જોકે વધ્યું, તોપણ તેની જાહોજલાલી ટુંક વખતનીજ હતી. કરીમખાનઝંદ આ ધરતી ઉપરથી કદમ ઉઠાવી ગયો કે શીરાઝની ચઢતીએ પણ નીચલી વલણ લેવા લાગી. કરીમખાનઝંદને શીરાઝમાં ઘણી ભપકાદાર અને રોનકદાર ઘોરમાં દાટવામાં આવ્યો હતો, પણ પાછળથી ઇરાનની ગાદી ઉપર આવનાર કાજરવંશના બાદશાહ આગા મહમદખાન, જે કરીમખાનઝંદની સોટ ઘનો એટલો અદેખો હતો કે તેણે તેની ઘોર શીરાઝમાંથી ખણાવીને તેહેરાન લઇ જવાને હુકમ કર્યો, અને તેની લાસને પોતાના મેહેલના ઉંબર આગળ દટાવી, જેથી ચાલતાં હાલતાં તેની ઉપરથી તેને (આગામહમદશાહને) ચાલવાનું બની આવે. આ શાહ જે હીજડા શાહ તરીકે પણ ઓળખાય છે, તે એટલો હલકી કીસમનો હતો કે પોતાના દુશમનોના મરણ પછી પણ તેમની લાસ ઉપર વેર લેતો હતો. [ચાલુ છે]

મારી નોંધ પોથી.

સખનારઃ—Polish.

કોરોનેશન ચેર—ઇંગ્લાંડની વિક્રાળ વંત્રીઓ—સફ્રેજીટસોએ તવારીખમાં મશહુર થયલી કોરોનેશન ચેર બોમ્બથી ઉરાડી દેવાનું કાવતરૂં રચ્યું હતું. આ રાજવંશી ખુરશી કેટલી કીમતી છે તેની નોંધ જાણવા જોગ છે. આ ખુરશી દુન્યામાં આજે એક સૌથી પ્રાચીન અને કીમતી સંગ્રહ સમાન લેખાય છે, જે ૬ સદી થઇ વેસ્ટમીનીસ્ટર એબી માં ગોઠવાઇ રહી છે. આ ખુરશી પહેલા એડવર્ડ રાજાએ ૧૩૦૦ના વર્ષમા બનાવી હતી જેનો ઉતારો ૧૦૦ શીલીંગની રકમે એક કાંસાના દીઝાઇન ઉપરથી લાકડા ઉપર કરવામાં આવ્યો હતો. આ ખુરશીની બેઠકને Stone of Fortune ના નામથી ઓળખાવામાં આવે છે. આ પત્થર તવારીખમાં જાણીતો થયલો છે. આ પત્થરને સ્પેન ખાતે થી આર્યલંડ અને ત્યાંથી આએઓના ખાતે લઇ જવામાં આવ્યો હતો. આ બાદ આ પત્થર સ્કોચ રાજા કેનેઠ સ્ટોન ખાતે લઇ ગયો હતો, જે પથરને હાલની ખુરશીમાં જડયો હતો.

આ પછી ૪ સદી સુધી આ ખુરશી ઉપરસ્કોટલંડનારાજાઓનેતખ્તનશીન કરવ.મા આવ્યા હતા. બાદ ૧લા એડવર્ડે તે જીતી લઇ તેને વેસ્ટમીનીસ્ટરમાં આણી હતી. આ ખુરશી બાબે ઇગ્લાંડનો એક ટિકાકાર જણાવે છે કેઃ—

"The Coronation Chair, is the one primeval monument which binds together the whole Empire. The iron rings the battered surface, the crack which has all but rent its solid mass asunder, bear witness to its long migrations It is thus embedded in the heart of the English Monarchy—an element of poetic, patriarchal, heathen times."

એક ઇંચ વરસાદ કેટલો થાય ?

એક ઇંચ વરસાદ જો કે નજીવી બાબદ જેવો લાગે છે પણ તે ખરી રીતે જોતાં પાણીનો એક જંગી જથ્થો રજુ કરે છે. એક ઇંચ પાણીથી એક એકર જમીન ઉપર પડેલું પાણી દર ૪૫ ગેલનના ૬૦૦ પીપ જેટલું થવા જાય છે. જેનું વજન ૧૧૦ ટન જેટલું હોય છે. જો વાદળાં માહેથી ૧ હજાર એકરના વિસ્તાર જેવડી જગ્યાએ એક સરખો એક ઇચ વરસાદ પડે તો તેથી ૧૧૩૦૦૦ ટન જેટલું પાણી થાય.

લંડનનો પોલીસમેન.

લંડનનો પોલીસમેન એક ચાલાક આસામી ગણાય છે. પોલીસની નોકરીમાં જોડાવાની ઉમેદ રાખતાં દરેક નવા આદમીની ઉમર ૨૦ થી ૨૭ વર્ષની મુકરર કરવામાં આવી છે. તેની ઓછામાં ઓછી ઉંચાઇ ૫ ફીટ ૯ ઇંચની હોવી જોઇએ, તેમજ સરકારી તબિબના મત મુજબ તે દરેક વાતે નિરોગી અને ખડતલ હોવો જોઇએ. પ્રથમ આ સઘળી તપાસમાહેથી પસાર થયા બાદ લંડનના પોલીસ કોનસ્ટેબલને અઠવાડીયાની દર ૨૭ શીલીંગે મુકરર કરવામાં આવે છે જે ઉપરાંત કપડાં અને તાપણું કરવા અર્થેના કોલસાનું જુદું દામ મળે છે. સરકારી મથકોમાં તેને અઠવાડીયાની એક શીલીંગે ઘરની પણ જોગવાઇ મળે છે જ્યારે તબીબી મદદ મફત મળે એવી ગોઠવણ ત્યાં જારી છે. ૪ હજાર જગ્યાના ચઢીઆતા એ હોદ્દાઓ માટે પોલીસ કોનસ્ટેબલને પ્રમોશનથી વધારવામાં આવે છે જેમાં કોનસ્ટેબલની પગાર ૨૭ થી ૩૫ શીલીંગ, સારજંટને ૩૮થી ૫૩ શીલીંગ, ઇન્સપેક્ટરને ૬૨થી ૧૦૮ શીલીંગ દર અઠવાડીએ આપવામાં આવે છે, જ્યારે સુપ્રીનટેનડન્ટને વાર્ષીક રૂ. ૫૨૦૦ થી ૬૭૫૦નું લવાજમ મળેછે આ ઉપરાંત પેન્શનની ગોઠવણ પણ મનમાનતી રાખવામાં આવી છે.

ગુજરાતી કહેવત મૂળ અને રૂઢી પ્રયોગ. (૮)

(લખનારઃ— J. N. P.)

રૂપની રડે ને કરૂપની ખાએ.

આ કહેવતનો અર્થ એ થાય છે કે એક સ્ત્રી ગમે તેવું ખુબસુરત રૂપ ધરાવતા છતાં જો તેણીના નશીબમાં ન હોય અથવા તેણીની ચાલ સારી ન હોય તો તેને સુખ મળતું નથી, પણ બીજી ગમે તેવી કદરૂપી હોય તે છતાં સારા સંજોગો તેણીને મળ્યા હોય તો તે સુખથી રહે છે. આ કહેવતનો અંગ્રેજીમાં અર્થ આ પ્રમાણે છેઃ—Beauty weeps, while fortune makes merry." એનેજ મળતી બીજી કહેવત આ પ્રમાણે છે રૂપના રડાંને કરમના કુડાં Appearances are deceitful ઉપલી કહેવતમાં રડે ને બદલે ઘણાકો રળે(કમાએ) એમ વાપરે છે, પણ તે ખોટુ છે તેની સાબેતી આ કહેવત માટેની નીચલી વાત રજુ કરે છેઃ—

"એક શહેરનો રાજા પ્રજાના સુખમાં ઘણી કાળજી રાખતો. આથી લોકોની હાલતની છુપી બાતમી મેળવવા દર રાતે તે છુપા વેસમાં ફરવા નીકળતો. એક રાત્રે આમ એક મોહલ્લામાંથી જતાં એક ઘરમાંથી કોઇનો રડવાનો અવાજ રાજાને કાને પડયે રાજા ત્યાં ઉભો રહી જોવા લાગ્યો તો ત્યા એક ઘણી રૂપાળી સ્ત્રી બેસીને રહેંટીઓ કાંતતી હતી, અને આંખમાંથી નવધાર આંસુ પાડી રડતી હતી. રાજાને આનું કારણ કશું સમજાયું નહીં વધારે તપાસ કરવા જરા આગળ ચાલ્યો કે તેની પડોસેના ઘરમાં તેથી ઉલટોજ દેખાવ તેની નજરે પડયો ત્યાં એક સ્ત્રી જે દેખાવમાં ઘણીજ કદરૂપી અને હલકી લાગતી હતી તે પોતાની પાડોશણુ માફકજ રેહેંટીઓ કાંતતી હતી, પણ રડવાને બદલે હસતી હતી, અને ખુશ મિજાજમાં કામ કરતી હતી. આ બંને દેખાવથી રાજાને નવાઇ લાગી અને તેનો ભેદ જાણવાનો તેણે મનમાં ઠેરાવ કીધો, તે રાત્રે તો ઘર જઇ મુંગો મુંગો સુઇ ગયો, પણ બીજે દિવસે પોતાના વજીરને બોલાવી ઉપલી હકીકત કહી ખોલાસો માંગ્યો કે, " એક પાડોશણુ કાંટે ને રૂવે, એક પાડોશણુ કાંટે ને હસે, કીસ કારણુ કાંટે ને રૂવે, કીસ કારણુ કાંટે ને હસે. " ? એ વાતનો ખોલાસો કરવા વજીરે મહેતલ માંગી અને રાત્રીની વખતે સઘળે ફરી ઉપલા બંને મકાનો શોધી કાઢી સઘળી તજવીજ કરી તેણે ખબર મેળવી કે જે સ્ત્રી રહેંટીઓ કાંતતાં રડતી હતી, તેને ભરથાર સારો નહીં મળ્યો હતો. ભરથારનું સુખ તેને ન હતું તેથી તેની કમસમજને લીધે સાસુ સસરો અને નણંદ પણ તેણીને સતાવતાં હતાં. વધુમાં તેનું પિએર ઘણુંજ દૂર હતું. આખો દિવસ વૈતરૂં કરી રાત્રીએ પણ તેને કામ કરવું પડતું, જે વખતે તેનો ભૂંડો ભરથાર કુસંગમાં વખત ગુજારતો હતો. ઘણી ખુબસુરતી ધરાવતાં છતા આવા કારણને લીધે તેણી દુઃખી હતી અને તે દુઃખની યાદમાં તે રોજ રડતી હતી.

હવે બીજી પડોશણુ જોકે સારા દેખાવની ન હતી તોપણુ તેને ભરતાર તરફનું ઘણું સુખ હતું તેનો ભરથાર સારી બુદ્ધિવાળો ને સમજદાર હોવાથી તે સ્ત્રીના સાસુ સસરા પણ તેણી સાથ હળીમળીને ચાલતાં હતાં ને સાથે લાગું તેણીનું પીઅર પણ ઘણું નજદીક હતું, આ સઘળા સુખમાં તેણી મગ્ન થઇ રહેંટીઓ કાંતી પૈસા એકઠા કરતી.

મુદત પૂરી થવા પછી વજીરે પોતાનો ખોલાસો બાદશાહને કીધો કે "એ પાડોશણુમાંની એક મુસલમાની અને બીજી હીંદવાની છે. તેમના રડવા હસવાનો ખોલાસો આ છે કેઃ—
સાસરીઆમેં ખટપટ ઘણી, પીઅર કે સબ આવે બસે;
ઘસકે ઘણી પરવર ન સોવે, ઈસ કારણ કાંતે ને રૂવે.

સાસરીઆમેં સંપજ ઘણી, માંયે છે મન ગમને ધણી; પીઅરતું સૌ આગળ વસે, તે કારણ કાંતે ને હસે. રાજાએ આ હકીકત સાંભળી પેલી દુઃખીઆરીને તેણીના ધણી સાથે બોલાવી મંગાવી. ધણીને સમજાવ્યો ને એવી ચાલથી વાર્યો ત્યારે ધણીએ એ સ્ત્રીને ફુવડાઇ ને બેરડાઇની કેટલીક સાબેતી આપી આથી રાજાએ તેણીને પણ શીખામણ દીધી કે તું ગમે તેવી ખુબસુરત હોય તો શું થયું, પણ જો ફુવડ હોય તો તારૂં રૂપ કંઇ કામનું નથી, તેનાથી તો તારી પડોશણ કરૂપી હોય પણ તે જો સુઘડ અને તાબેદાર હોય તો ખચીતજ તે ભાગ્યશાળી થવીજ જોઇએ."

શુભ ચિહ્નો.

પારસી લગની અસલી ચીઠ્ઠીઓમાં શ્રી ૧૧ શરૂઆતથી લખી ત્રણ મીંડા અને ત્રણ કાપા પાડી ૭૪॥ ના અંક લખવામાં આવતા હતા. આવા ચિહ્નો હજી પણ હિંદુઓ પત્ર વહેવારમાં વાપરે છે અને તેનો અર્થ શુભ સગન માંગવાનો છે. શ્રીનો અર્થ સૌભાગ્ય, લક્ષ્મી, એવો થાય છે, જેથી હરકોઇ લેખો લક્ષ્મીદેવીના નામથી શરૂ કરવાનો રેવાજ છે. છે. ૧૧ નો અર્થ સવાયું થાઓ, એકનું સવાઇ થાય એટલે વધે, જ્યાદાથાઓ વળી કોઇ શ્રી પંચ અથવા શ્રી પાંચ એમ લખે છે. પંચ એ ગામ કરમા કે ઘરના સમુદ માટે સારા ઉદેશે વપરાય છે. એ સમુદને સંઘ કહે છે. તમારૂં કુટુંબ એ તમારો સંઘ કહેવાય છે, એ સંઘનાં પંચ યાને અગ્રગણ્ય વડીલ પુરૂષ આપછો, તે સમુદ અથવા જથામાં આપ મુખ્ય પુરૂષછો એવો લખવાનો ઉદ્દેશ છે, જેથી આપના મુરબ્બી, અકાબર, અગ્રેસર વિગેરેનેજ એ ઉલ્લેખથી લખી શકાય -હાના કે ઉતરતાં દરજ્જાવાળાપર એમ લખાય નહીં. ભાઇ શ્રી પ=ખ્યા ભાઇઓમાં જે વડો હોય તેનેજ લખાય. કોઇ શ્રી ૧૦૮ લખે છે તેની પણ તવારીખછે. હિંદુઓમાં વૈશ્નવ માર્ગીઓના જાત્રાના તિર્થો પૈકી મુખ્ય ૮૪ હરકાં કહેવાય છે, જ્યાં શ્રીકૃષ્ણજીએ પોતાની સફર કરેલી તેના મુખ્ય તવારીખી ધામો છે, તે બધાં મળી ૮૪ હરકાં અને બાકી ૨૪ તિર્થો ચારે દીશાના મળી ૧૦૦ તિર્થો યાને જાત્રાના સ્થળો છે. તે ૧૦૮ તિર્થો જેણે કીર્યા હોય તેનાથીજ ૧૦૮ તુળશીદાણાની માળા હાથમાં રાખીને મંત્ર જપી શકાય. એ ૧૦૮ મણકા માં ૧૦૫મો મણકો આવે છે તેને મેરૂ કહે છે. જેમ પૃથ્વીનો મેરૂ સર્વથી ઉંચો છે તેમ ૧૦૮ તીર્થો કરી ,પરનારેલો જે ૧૦૮ મણકાની માળા ફેરવવાને અધીકારી એવો સર્વ સમુહમાં ઉંચી પદ્દીવાળો, માનવાળો પુજ્ય, યાને ૧૦૮ વાર નમસ્કાર કરવા યોગ્ય પ્રતીષ્ઠાવાળા (reverend) ને શ્રી૧૦૮ લખવાનો ચાલ છે મુસલીમનોમાં અલ્લાતાલાના ૯૯ નામવાળી મણકાની માળા જે હાજી અથવા સુફી તે ફેરવવાનો અધીકારી થાય તેના થીજ તે માળા હાથમાં પકડી શકાય. તેમ ૧૦૮ તીર્થો કરનારથીજ ૧૦૮ દાણાની માળા હાથમાં લઇ શકાય ને તેનેજ શ્રી ૧૦૮ લખાય.

ૐ ૦॥૧૭૪॥૮ આ ચિહ્નો વેપારી ચોપડામાં હીંદુઓ લખે છે, પહેલા ત્રણમીંડા હિંદુ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ત્રીપૂટી રજુ કરે છે. પછીના ત્રણ કાપા ગંગા, જમના, અને સરસ્વતી નદીઓની યાદ આપે છે, કોઇ તેને ત્રણ દુનિયા આ લોક પરલોક અને પાતાળની નીશાનીઓ ગણે છે જ્યારે ત્રીજે અર્થે પિતા, પુત્ર અને પવિત્રાત્મા એ ત્રણે મળી થએલા એક ઇશ્વરની ત્રયેકતામાં તેને કોઇ ગણાવે છે. ૭નો આંક હિંદુશાસ્ત્રમાં ગણાવેલા ૭ સમુદ્રો રજુ કરે છે, જયારે ૪નો આંક ચાર વેદોનું સ્મરણ કરાવે છે. છેવટનો અડધો છે તેને સત્યતાનો અડધો પાસો છે એમ ગણવામાં આવેછે, તેને જ્ઞાન અને ધર્મના અર્થમાં લેછે. આ બધા

ચિહ્નો લખવાની મતલબ એ છે કે એ ચિહ્નો નીચે લખેલી બીના સાચી છે, જે ઉપર જણાવેલી પવિત્રો ચીજોને યાદ રાખીને કે સાક્ષી ગણીને તે લખવામાં આવી છે. આમાં પ્રાચિન પદ્ધતિની ફિલસોફી અને રહસ્ય સમાયલા છે. કોઇ આ ૭૪ાા આંકડાંને એકજ સમજાવે છે અને તેને સાડી ચમોતેર મણ ગણે છે. કહે છે કે કનોજની લડાઈનો ઘેરો બાર વર્ષ ચાલ્યો તેમાં જેટલા બ્રાહ્મણો મરી ગયા તેમની જનોઇનું વજન ૭૪ાા મણ થયું હતું. કાગળ લખતાં આ અંકડો મૂકવાની આથી આ મતલબ થાય છે કે આ કાગળ જો કોઇ બીજો વાંચે તેને એટલા બ્રાહ્મણો મારવાનું પાપ લાગે.

* * *

અકબર બાદશાહ અને કવિ ગંગ—

એક વખત અકબર પાદશાહ શીકારે જતો હતો. ત્યાં એક ભાટના છોકરાના સમાગમમાં પાદશાહ આવ્યો. ત્યાં તેણે કંઇ ડીંગલ પાદશાહને સમજાવવાની માગણી કીધી પાદશાહે પુછ્યું "ડીંગલ એટલે શું"? તેણે જવાબ દીધો,"જેમ તેમ કવિતા ફેંકી મારવી તે વળી ડીંગલ. ડીંગ મારવી તે ડીંગલ, એમાં સમજાવવાનું શું?" બાદશાહે કહ્યું તારે જે માગવું હોય તે ડીંગલમાં માગ તો હું તને આપીશ.

ગંગલાએ તાણીને નીચે મૂજબ ડીંગલ લલકાર્યું.—

બાદશાહ સલામત, છત્રપતી મેં કયા મંગુ,
થોડે જઇસી બાત મંગું, કાનોમે દો
કુંડલ મંગું.
હાથ મે દો કડે મંગું, પાઉમે દો
તોડે મંગું
એક અંજર દે, એક ખંજર[1] દે, એક
સોનેકા, એક રૂપેકા
દો બૈલ દે તો ત્રીસકા બત્રીસકા
દો ઘોડે દે તો કાબુલકા કંદહારકા
દો ઉંટ દે સુલતાનકા સુલતાનકા,
દો નફર દે તો ઝાટક ઝુટક કરે
બીછાના, લડકા સોવે ભાટકા.
દો બટન દે તો જેસા ફુલ ગુલાબકા,
દો લોંડી દે તો કાંતે સુત હજારકા.
(હજાર મણનું)
દો સાલ દે તો મોલ હોવે હારકા,
દો હાથી દે તો સાકળ તોડે સાઠકા ×

અકબરશાહ બાદશાહ, હુમાયુકે નંદન,
હુમભાટકે મગને.
કુછ દે થોડાસા, બે ભાટકે મંગન થોરાસા,
બે ભાટકે મંગન થોરાસા.

પાદશાહ આ સાંભળી તેના પિતાને સમજાવી તે છોકરાને પોતાના શહેરમાં લાવ્યા ને વિદ્યાભ્યાસમાં નાખ્યો, પાછળથી તે અકબર બાદશાહનો રાજકવિ ગંગ બારોટ તરીકે મશહુર થયો.

નીચલું ડીંગલ શબ્દોપર રમત કરે છે અને એક શબ્દના બે અર્થ ઉઠાડી રમુજ પમાડે છે:—

રંગીકું નારંગી કેવે, આતીકો કહે નાવ;[1]
ચલતીકો કહે ગાડી,[2] ઐસી દુનિયા આડી;
મીઠેકો ખુરા[3] કેવે, ખારેકો કેહે મીઠાં;
પાલીકો કહે વાઢી[4] ઐસી દુનિયા આડી;
વાઢી[5] કો પાલી[6] કહે, કરનેકો નોકર[7] કહે;
સાફી[8] જો રહે ગંદી, ઐસી દુનિયા અંધી
હસતીકુ કહેતે રોટી, ઐસી દુનિયા ખોટી;

1 એક હથિઆર.

× સાઠ મણની સાંકળ તોડે એવા જબરા.

૧ હોડી જે ચાલી આવે છે તેને ના આવ=નાવ કહે છે. ૨ ગાડી=દારેલી; સ્થિર. ૩ બુરા ખાંડ; ખરાબ ૪ વાઢી જેમાં ધાં ભરીને પીરસે છે, તેથી પાલન પોષણ કરે છે, છતાં તેને વાઢી-કાપી નાખનારી કહે છે. ૫. જે વાઢી-કાપી નાખે છે તે. ૬ પાલી=છરી; પાલનારી ૭ નોકર, કામ ના કર ૮. ચીલમ પીવાની સાફી જે બહુ મેલી રહે છે; સફાઇદાર.

ગુજરાતી ભાષાનું બંધારન—ગુજરાતી ભાષા સંસ્કૃતની પુત્રી ગણાય એ છેક ૧૮માં સદીની આખેરીએ યુરોપી વિદ્વાનોમાં સંસ્કૃતભાષની માહિતી થવા લાગી અને શકુંતલા નાટકનો ઇંગ્રેજી તર્જુમો કરીને સર વિલ્યમ જોન્સે યુરોપી વિદ્વાનોમાં આ ભાષાની મોહિણી લગાડી. સંસ્કૃતનો અર્થ સંસ્કાર પામેલી Finished; Polished એવો થાય છે. કારણકે એના રૂપો ચોકસ ઠેરવીને તેના કાયદા બાંધી લીધા છે વેદિક હિંદુઓની સંસ્કૃત, પારસીઓની અવસ્તાઝંદ સાથે કેટલીક હદ સુધી મળતી આવે છે. તેનો પહેલો વિચાર Burnouf જેવા જાણતા વિદ્વાને બહાર પાડયો હતો સંસ્કૃત પરથી ભાગીને મરડાઇને જે ભાષા ઉત્પન્ન થઇ તે પ્રકૃત કહેવાઇ. આર્ય લોકો મધ્ય એશિયામાથી ઇ. સ. પૂર્વે ૫૦૦ વર્ષ સુધીમાં આવ્યા,ત્યાં સુધી સંસ્કૃત ભાષા તેમના શાસ્ત્રોમાં તેમજ બોલવામાં વપરાતી હતી પણ આ ભાષા બોલવામાં ઘણી કઠણ હોવાથી હિંદુસ્તાનના અસલી લોકોની ભાષા સાથ સંસ્કૃતના કેટલાક સહેલાઇથી બોલાય એવા શબ્દો મળી ગયા, અને પ્રાકૃત ભાષા થઇ; જે મૂળ ભાષામાંથી બીજી ભાષાઓ નીકળે છે તે ભાષાને પ્રાકૃતિ કહે છે સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ, બાળકો, નોકરો અને હલકી જાતના માણસો પ્રાકૃત ભાષા વાપરે છે.

એ ભાષાના જે રૂપો બગડીને નવી ભાષા થઇ તે અપભ્રંશ Currupted કહેવાઇ. ગુજરાતી ભાષાનું હાલનું બંધારન જોતાં દર સો શબ્દે ૮૯ શબ્દો સંસ્કૃત મૂળના અને ૧૧ શબ્દો પારકી ભાષાઓના આવે છે એમ નર્મદાશ જણાવે છે. સંસ્કૃત મૂળનાં ૮૯ શબ્દોમા ૨૩ ટકા નર્યા સંસ્કૃતના અને ૬૬ ટકા સંસ્કૃતના થોડા કે ઘણા બગડેલા (Currupted) રૂપના હોય છે, પરજાતિ ભાષામાંથી દાખલ થએલા શબ્દોમાં 'ફારસી અરબી' ઇંગ્રેજી, મરાઠી, વગેરે મુખ્ય છે.

ઇંગ્રેજી પરથી લીધેલા શબ્દો આ દેશમાં બ્રિટિશ અમલ શરૂ થયા પછી દાખલ થયા છે. કેટલાક શબ્દો ઇંગ્રેજીના તેના તેજ રૂપમાં મળે છે, જ્યારે બીજાઓમાં કંઇ ફેરફાર થયા છે.

આ રીતે ગુજરાતી ભાષામાં જે શબ્દો વપરાય છે તેના ચાર ભાગ પાડી શકાય. ૧ તત્સમ, ૨ તદ્ભવ, ૩ દેશીશબ્દ, ૪ પરભાષાનાશબ્દો.

પહેલામાં, સંસ્કૃતભાષાના શુદ્ધ શબ્દો નો સમાવેશ થાય છે. આર્યલોકો જ્યારે ગુજરાતમાં આવી વસ્યા ત્યારે સંસ્કૃત ભાષાના ઘણા શબ્દો ગુજરાતીમાં દાખલ થયા.

તદ્ભવ એટલે સંસ્કૃતમાંથી અપભ્રંશ થયેલા શબ્દો સ્ત્રી, બાળકો અને અભણ લોકોને જોડાક્ષર બોલતાં ન આવડે તેથી કેટલાક સંસ્કૃત શબ્દો અશુદ્ધ થઇ ગુજરાતીમાં દાખલ થયા.

દેશી-તે દેશમાં વપરાતા અસલના શબ્દો.

ચોથા વર્ગમાં આરબી, ફારસી, અંગ્રેજી વગેરે પરદેશી ભાષામાંથી દાખલ થએલા શબ્દો આવે છે અસલ આરબ લોકો વેપાર કરવા આવતા કે ચડાઇ કરતા તેથી, અને હાલમાં, પણ આરબો આપણા દેશમાં છે તેથી, તેમની ભાષાના ઘણા શબ્દો લોક વહેવારમાં ગુજરાતીમાં દાખલ થયા છે. ફારસી શબ્દો પણ ઉપર પ્રમાણે ઇરાની લોકોની સંગતમાં તેમજ પારસી લોકો સાથના વહેવારને લીધે ઘણા દાખલ થયા છે; અને હાલમાં ઇંગ્રેજી સરકારનું અદલ રાજ તપે છે, જેથી અંગ્રેજી ભાષાના ઘણા અને બીજી યૂરોપી પ્રજાના જૂજ શબ્દો ગુજરાતીમાં વપરાવા લાગ્યા છે. ગુજરાતી ભાષાના વિસ્તાર વિષે હવે પછી વધુ વર્ણન કરીશું.

શહેનશાહી ખજાણો.

લખનાર—મા. ફે. મુનાવાળા.

આપણા શહેનશાહ જ્યોર્જનો કીમતી ખજાનો-તેની કેમ સંભાળ લેવામાં આવે છે?

વીંડસર કેસ્ટલ અને બકીંગહામ પૅલેસ આ બે દુનિયાના સૌથી શોભાયમાન અને ખેંચાણકારક મહેલોમાં લેખાય છે, છતાં તે ઉપરાંત પ્રાચિન અર્વાચિન બાદશાહી કીંમતી ખજાનાના તેઓ સર્વથી ઉમદા મ્યુઝીયમો તરીકે પણ ગણાય છે. ત્યાં સઘળું જરઝવાહીર એટલી તો તકેદારીથી જળવાઇ રહેલું છે કે આજના જમાનાના પ્રખ્યાત અને કળાબાજ સાયંન્ટીફીક અઠંગ લુટારૂઓ (scientific burglars) નો હાથ પણ તે સામે લાચારજ થઇ પડયો છે.

મહાપ્રતાપી મર્હુમ મહારાણી વિકટોર્યાના રાજઅમલ વખતે બંને વીંડસર કેસ્ટલ અને બકીંગહામ પેલેસની ઉપર દરોડો પાડવાની અનેક હીંમતવાન કળાબાજ યુક્તિઓ રચાઇ હતી, પણ એકેમાં ફતેહ મળવા પામી હતી નહીં. West Endના કેટલાક નામીચા બદમાશોની એક ટોળીએ માત્ર થોડાકજ વરસ આગમચ બકીંગહામ પૅલેસ ઉપર અખતરો કરી જોવાની ગોઠવણ કરી હતી, અને તે અઠંગ સોનેરી ટોળી માંહેલો એક ભેદી રીતે અંદર છુપી રીતે દાખલ થવામાં પુર ફતેહમંદ નીવડયો, પણ તે આખરે સપડાઇ જતો વગર ભાડેના મહેલ (!) માં હડસેલાઈ ગયો!

ઉપલા બાદશાહી મકાનોને મીલીટરી તેમજ પોલીસ પહેરાની સખત તકેદારી હેઠળ મેલવામાં આવ્યા છે, અને ડીટેકટીવોની એક ફોજ ચાલુ ત્યાં ભમતી ફરે છે. સઘળા ઓરડાઓને ચોર તેમજ વળી આગની ધાસ્તી સામે પુરતી સંભાળથી બચાવવાની મજબુત ગોઠવણ કરવામાં આવી છે, અને દરેકની ઉપર સ્ટીલ પ્લેટનું અતી મજબુત એક તરેહનું ઢાંકણું રાખેલું હોય છે કે જેથી બારીકમાં બારીક સોય વટીક "કી હોલ"માં પ્રવેશ થવી મુશકેલ થઇ પડે.

ત્યાંના કીમતી ખજાનાનો ટુંક હેવાલ.

વીંડસર કેસ્ટલમાં એક પ્લેટ છે, જેની કીમત પોણાચાર કરોડ રૂપ્યા જેટલી અંકાય છે. નક્કર સોનનું એક "ડીનર-સર્વીસ" છે, કે જે દોઢસો પરોણાઓને માટે પુરતું થઇ પડે, અને એવીજ બીજી સોનાચાંદીની જણસો બધી મળી ૧૧૮૦ જેટલી થવા જાય છે, અને તે સઘળાંનું વજન ૩૦ ટન જેટલું છે. મીણબત્તીનું એક સોનેરી સ્ટેંડ કે જેની આકૃતી St. George અને (Dragon) ની છે, તે એટલું તો વજનમાં ભારી છે કે બે મજબુત માણસો વિના તે ઉંચકી શકાતું મુશકેલ છે. તેનું વજન ૨,૫૦૦ ઔંસ જેટલું છે, અને કીંમતમાં બે લાખ રૂપ્યા જેટલું અંકાય છે.

વળી ત્યાં એક ઢે છે જેનો વ્યાસ પાંચ ફીટ છે, તેને બાદશાહ જ્યોર્જ ચોથાની અનેક તપકીરની સોનાની ડાબડીઓમાંથી બનાવવામાં આવ્યું છે, કે જે ડાબડીઓ મોટાં શહેરો અને બીજા દેશો તરફથી તેને ભેટ મળી હતી. સઘળી ડાબડીઓનાં સુંદર નકશીદાર મથાળાઓને સાચવીને સંભાળથી ઉપર દેખાય તેમ ટ્રેમાં રાખવામાં આવ્યાં છે. આની કીંમત દોઢ લાખ રૂપ્યાની છે.

સીઆમના રાજાએ મહારાણી વિકટોર્યાને ભેટ કરેલી નક્કર સોનાની એક પીકદાની, કે જેનું વજન દસ પૌંડ છે, તે અને વીલ્યમ ચોથો Duke of Clarence તરીકે લીવરપુલના વેપારીઓ તરફથી "ગુલામી વેપાર" (slave trade)ની તરફેણમાં લડયો તેથી તેઓ તરફથી તેને ભેટ થએલી "ડીનર સર્વીસ" બીજી અનેક જાણવાજોગ ચીજોમાં આવી જાય છે,

ચાલસ પહેલાએ પાર્લામેંટને ઠેકાણે લાવવાકાજે ઘણી એક ઉત્તમ અસલી એક ઐતિહાસિક હીરા મોતીથી મઢેલી સોનાની પ્લેટને પીગળાવી કહાડી હતી, તેથી હાલ ઘણી પુરાણી પ્લેરો ત્યાં બાકી નથી.

"આમેંડા" કાફલાના વડા અમલદારની કેબીનમાંથી લુટેલી કીસમ કીસમની ચીજોમાં એક જામ પણ હજુ મોજુદ છે, જેમાંથી બાદશાહી ખાનાંઓ ઉપર શરાબ નોશ કરવા માં આવતો.

Chinaware નો તો ત્યાં જાણે શુમારજ નથી. તરેહ તરેહના "વાશીઝ" એકેકથી ઉમદા કારીગીરીના બેહદ નમુનાઓ પુરા પાડે છે. તેઓમાં કોઇક તો ૧૪ ઇંચ જેટલા ઉંચા છે

ઇ. સ. ૧૭૮૪ માં Louis XVI માટે Royal Sevres Porcelain Works ખાતે એક બાદશાહી "ડેસર્ટ સર્વીસ" બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો, અને આસરે દસ વરસે તે પુરી થઇ! આ સર્વીસ તે બાદ જ્યૉર્જ ચોથો પ્રગટ હતો રાજા થતાં આવી. એવી બીજી બે ત્યાર પછી બનાવવામાં આવી કે જેમાં મહારાણી વિક્ટોર્યા અને પ્રિન્સ કોન્સર્ટની તસ્વીરો કાંઇ ઓરજ શણગાર આપે છે.

વીંડસર ખાતે બે કેબીનેટો મૂકવામાં આવી છે, કે જેઓ ઉપરનું બારીક નકસી કામ બે પળ આપણને ચકીત કરી મેલે છે. બાસ્કેટ અને કીસમ કીસમનાં ફુલોની કોતરામણીથી તેની સૌંદર્યતામાં ઓર બી વધારો થાય છે. તેઓમાંની એકની કીમત સાડી સાત લાખ રૂપ્યા જેટલી થવા જાય છે.

ખજાનાના માંહેલી જે ચીજને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડવામાં આવે છે. ત્યારે તેની નોંધ એક ખાસ "લીસ્ટ–બુક" માં કરવામાં આવે છે, અને જે ઠેકાણે તેઓને મુકવામા આવી - હોય તે જગ્યાનો પુરેપુરો હેવાલ ઘણી બારીકીથી નોંધી દરરોજ તેની મજબુતીમાં મજબુત તપાસ અને તકેદારી રાખવામાં આવે છે.

બાદશાહી જવાહેર ચોરવાના કેટલાક પ્રપંચોની તવારીખ.

હોલેંડ દેશનું તાજ, કે જેની કીંમત ૧૫ લાખ રૂપ્યા જેટલી અંકાતી હતી, તે આશરે ૮૦ વરસની વાત ઉપર કેટલાક અઠંગ લુટારૂઓના હાથમાં થોડાંક વરસો સુધી રહેવા પામ્યું હતું. તેની અંદરના કેટલાક અતી કીમતી નાદર નગો અમેરીકાનાં બ્રુકલીન શહેરમાંથી મળી આવ્યાં હતાં. અને આખરે બેલજીયમ ખાતેથી તેનો ૫ તો બરોબર મળી શક્યો.

પરંતુ આખા યુરોપનાં કોઇબી તાજ કરતાં હંગેરીનું સર્વથી ઘણું હાડમારી ભોગવી ચુક્યું છે. ઘણા લાંબા અરસાની તે બીના છે કે જયારે એ દેશના બાદશાહી કુટું બના મર્દ વંશનો અંત આવ્યો, કે જવારે ત્યાંની પ્રજાએ એક ચોકસ જણને રાજા બનાવ્યો. પોતાના બાદશાહી તાજપોશીના કીમતી પોશાકમાં સજ થઇ, માથે ઝગઝગતાં તાજ સહીત જાહેરમાં દેખાવ દીધો ત્યારે બોહીમીઆના રાજાની હીકમતથી તેની ઉપર અચાનક હુમલો કરી તે તાજને ઘણી વિચિત્ર રિતે ચોરી જવામાં આવ્યું. આ આ ઉપરથી હંગેરીયનોએ બવેર્યાના રાજા "ઓટ્ટો"ને એક કબુલાતે રાજા બનાવવા સ્વિકાર્યું કે તે કાંઇ પણ કરી ગુમાવેલું તાજ પાછું મેળવી આપે.

હવે, પોતાનું આ જોખમભર્યું કામ પાર પાડવા વકી, "ઓટ્ટો" એક સાધારણ વેપારી વેશ ધારણ કરી તે કીંમતી તાજને મેળવવા ફત્તેહ પામ્યો, અને પોતાની સાથે તે ઉમદા માલને વેગનનાં એક પીપમાં નાખી હંગેરી તરફ ચાલુ મુકયું. તેની આ વખતની

મુસાફરી દરમ્યાન તે પાછું લગભગ ગુમાઇ જવાની અણી ઉપર હતું; કારણ ગાડીના એક મોટા આંચકા સમે તે પીપ એક ઉંડી ખાઇમાં ગબડી પડ્યું, અને ઘણી મુશ્કેલી પછીજ તેને પાછું ઢુંડી કહાડવામાં આવ્યું. હંગેરી ખાતે આવી પુગતાં તેને લગતાં પરાક્રમો નો થોડાક વખતને સારૂ અંત આવેલો જણાયો આ તાજ સાથ ચેડાં કહાડનાર તે બાદ કોઇ પણ થઇ ગયું હોય તો તે રાજા આલબર્ટની વિધવા હતી. પોતાની એક મિત્રની મદદ લઇ તેને એક ગાદીમાં હીકમતથી તેણીએ સીવી લીધું, અને ડેન્યુબ નદીને પાર જર્મન સલતનતમાં તેને રવાના કર્યું, કે જ્યાં તેણીએ તુરતજ આશરો લીધો, અને જ્યારે પૈસાની તંગી હદબહાર વધી પડી ત્યારે તેણીએ ત્રણ હજાર ડકેટસ માટે તેને શહેનશાહ ફ્રેડ્રીકને ગીરવી મૂકી આપ્યું. હંગેરીના કબજામાં તે પાછું આવી શકે તે આગમજ તો હજારો કીમતી જાનોનો નાશ થઇ ચુકયો હતો, અને લોહીની નદીઓ વહેતી થઇ હતી.

બે એક સદીઓ વેર તો એ કીંમતી તાજ પુર શાંતીમાં પડી રહ્યું, જોકે બળવા વખતે તે સેહેજમાં બચી ગયું હતું. ઓસ્ટ્રીયનોથી તેને બચાવવા થકી કેટલાક દેશહીતકારીક પુરૂષોએ તેને એક જંગલમાં ડાટયું, અને ત્યાં આશરે ૫૦ વરસ વેર તે સહીસલામત રહેવા પામ્યું, ત્યારબાદ તેને પાછું ખોદી કહાડી હંગેરીનાં પાયતખ્તમાં લાવવામાં આવ્યું અને તે પછી વધુ ઉંચી કસોટીમાંથી પસાર થવા તે પામ્યું નથી.

-બીજાં અનેક તાજોમાં સ્કોટલાંડનુ તાજ પણ ઘણો અગત્યનો હીસ્સો આ તવારીખમાં રોકે છે. જ્યારે ઓલીવર ક્રોમ્વેલ સ્કોટલંડ ઉપર ચહડાઇ લઇ ગયો ત્યારે આ તાજ તેમજ બીજાં બાદશાહી જરઝવાહીરોને Dunnotaur Castle માં ખસેડવામાં આવ્યાં. આખરે જ્યારે ઓલીવરનો લશ્કર ક્રોમવેલના હાથમાં જઇ પડયું અને એ કેસલને ઘેરો ઘાલવામાં આવ્યો, ત્યારે કેટલાકોએ ત્યાંના મુખીને આજીજી કરી કે તે કીમતી ઝવાહેરોને કોઇ સલામતી ભરી જગોએ લઇ જવા સપુર્દ કરવાં. પણ તેણે તેમ કરવા સાફ ના પાડી. આથી Earl of Mar ની બેહાએ તેઓને કબજામા લેવાનું એક બીડું ઝડપ્યું. એ કેસલથી ચારેક મઇલને છેટે આવેલાં Kineff ના પાદરીની બાયડીએ તે કામ ફતેહમંદીથી પાર ઉતાર્યું. એક અંગ્રેજ જનરલની મદદ લઇ છાવણી પસાર કરી ખુદ તે કીલ્લામાં દાખલ થઇ પોતા સાથે તે સઘળાં ઝવાહેરો લઇ ઘોડેસ્વાર થઇ પેલાજ જનરલની પછી મદદ લઇ સહી સલામત રંજેે માપી ગઇ. kineff જઇ પુગતા ત્યનાં દેવળમાંનાં કમ્પાઉંડમાં તેમને સંભાળથી ડાટવામાં આવ્યાં, અને તે વારે ત્યાંના ભલા પાદરીએ સઘળી મજબુત ગોઠવણ કરી રાખી આખરે યોગ્ય વખતે કહાડી તેઓને સ્કોટીશ પાયતખ્તમાં ફરી પાછાં લાવી મેલવામાં આવ્યાં.

ફારસી રમુજ.

" અકબર બીરબલ ".

બાદશાહ અકબરે બીરબલને કહ્યું કે હીંદીઝબાન કેવી નજીસ છે કે પાંવ (પગ) કે જેથી મક્કેહજ કરવા જઇએ છઇએ તેમજ કાશી તીર્થ કરવા જઇએ છઇએ તેને પાંવ (પા શેર) કહે છે, બીરબલે જવાબ આપ્યો કે તમારી ફારસી હીંદી ઝબાન કરતાં વધું ખરાબ છે કારણ હથ કે જેથી લોકો સખાવત કરે છે તેને દસ્ત કહે છે, અને ખરું પુછો તે દસતમાં (પાયખાન) જવાની મતલબ થાએ છે.

કરીમ સજજનલાલ,

ફારસી રમુજ.

લખનારઃ—"કરીમ સજનલાલ."

"કીંમત કોઈના બાપની છે કે"

એક કોઇ ભુખો માણસ રસતે ચાલ્યો જતો હતો તેની ઓળખાનવાળો કોઇ મુસાફર તેને રસતામાં મલ્યો કે જે કુવા પાસે બેસી ખાતો હતો. સલામ થયા બાદ તે મુસાફરે પુછ્યું કે મારૂં ઘર છોડવાને ઘણા દહાડા થયા છે મારા ઘરની મારી ઓરત અને મારા બચ્ચાની તથા મારા ઉંટની શું ખબર છે, હું ધારૂં છું કે સઉ સારી પેઠે હશે. તે ભુખાએ જવાબ આપ્યો કે હા સઉ સારી પેઠે છે, પણ તે મુસાફરે તે ભુખાને નામને ખાતર પણ ખાવા કહ્યું નહીં. જેથી તે ભુખાએ એક તાલ જોડી કાઢી અને કહ્યું કે અગર તારો કુતરો જીવતો રહેતે તો જેવો તારી સામે કુતરો બેઠો છે તેવોજ હતે તે માણસે પુછ્યું કે મારો કુતરો મરણ કેમ પામ્યો? તેણે જવાબ આપ્યો કે તારા મરણ પામેલા ઉંટનું ગોશ વધુ ખાવાથી, તે મુસાફરે પુછ્યું કે ઉંટ કેમ મરણ પામ્યું? જવાબ મલ્યો કે ખોરાક નહીં મલવાથી. કારણ તારી ઓરત મરણ પામી હતી, તેથી ઉંટની કોઇએ દેખરેખ નહીં રાખી. પેલાએ પુછ્યું કે ઓરત કેમ મરણ પામી. જવાબ મલ્યો કે છોકરાનાં ગમમાં મરણ પામી? છોકરો કેમ મરણ પામીઓ તેનો જવાબ મલ્યો કે ઘર પડી જવાથી દબાઇને મરણ પામીઓ.

આવો ખાનાખરાબી અને પયમાલીનો હિસાબ સાંભળી તે મુસાફર રોતો સરપીટતો ઉઠી ચાલી ગયો, જ્યારે તે ભુખા માણસે તેનું છોડી દીધેલું ભોજન સુખેથી જમી તેને ઇનસાફ આપ્યો.

"આપણ તો એકજ બાપનાં."

એક ફકીરે, એક તાલેવંત કંજુસ પાસે જઇ સવાલ કર્યો કે મારો અને તારો બાપ એકજ છે કારણ હજરત આદમની ઓલાદથી આપણે ઉતરી આવ્યા છઇએ, તેમજ તારી અને મારી માય પણ એકજ છે કારણ અમાઇવ (મામા હવા) સર્વેની માય થાએ છે. તેથી આપણ બાંઇ ભાઇ થઇએ છઇએ. તને ખુદાએ દોલતમંદ બનાવ્યો છે, જ્યારે મને કમનસીબ ફકીર બનાવ્યો છે. તું મારો ભાઈ થાએ છે અને તારી દોલતનો હું ભાગીદાર થાવું છું તેથી બરાબર મારો ભાગ મળવો જોઇએ, તે સાંભલી તે તાલેવંત કંજુસે ગળવામાથી એક પૈસો કાઢી તે ફકીરને આપ્યો. ફકીરે કહ્યું કે એ બરાબર નથી. તે કંજુસે જવાબ આપ્યો કે એ ભાઇ એટલા ઉપર સંતોષ પકડી ચુપ રહી જા નહીં તો એ બાબતની દુનિયાનાં સર્વે ભાઇઓને ખબર પડશે તો તારે ભાગે આ એક પૈસો પણ આવશે નહીં સમજ્યો.

"સાલમાં લપેટી".

એક ગરીબ માણસ પૈસાવાળો થઇ ગયો તે સાંભળી તેની ગરીબીના વખતનો એક ગરીબ દોસત તેની મુલાકાત કરવા આવ્યો તે નવો થયેલો પૈસાવાળો જાણતો નહીં હોય તેમ બોલ્યો, કે તું કોણ છે અને શું કરવા આવ્યો છે. તેનો દોસત તે સાંભળી ઘણો ફરસીનદો થયો અને કહ્યું કે તું મને જાણતો નથી હું તારો જુનો દોસત છું અને મેં સાંભળ્યું કે તું બેઉ આંખે આંધળો થઇ ગયો તેથી તને જોવા આવ્યો છું.

એક દોલતમંદ વકીલ મરવા સુતો પોતાની દોલત દીવાનાં માણસોને નામે લખી ગયો. કોઇએ એ બાબતમાં પુછ્યું તેનો જવાબ આપ્યો કે જે દોલત મેં એકઠી કીધી હતી તે એવાજ દીવાનાઓએજ મને આપી હતી.

સે'ટનો રાજા **ઓટો મોહિની.** (રજીસ્ટર્ડ)

ચ'બેલીના ફુલોનો બહાર.

માત્ર ચારજ ટિપા રૂમાલમાં નાંખો અને તમારી પાસે ચ'બેલીના ફુલોનો એક તુરો હોય એવી સુગ'ધ ચાલુ આવ્યા કરશે. પણ તેમાં ખાસ ધ્યાન ખે'ચનારૂં એ જોયો કે જ્યારે ફુલોનો તુરો તેની સુગ'ધ ખોઇ સાંજ પડતાં કરમાઇ જાય છે, ત્યારે સે'ટના માત્ર ચાર ટીપાં ચાર દીવસ સુધી ચાલુ સુગ'ધ આપશે. તેની આ દીલખુશ અને અત્ય'ત અગત્યની ખુબીના સબબે, મજબુત હરીફાઇ અને તપાસ છતાં તેને કેટલાક પ્રદર્શનોમાં સોના અને રૂપાના ચાંદ મળ્યા છે.

ઉપર લખવા પ્રમાણે તેની વાસ ટકતી નથી એવુ' સાબીત કરનારને રૂ. ૧૦૦ ઈનામ મળશે.

અર્ધા આંઉસની કાચના બુચવાળી શીશીના રૂ. ૨. } કપડામાં રાખવા લાયક
૧ દ્રામની સુ'દર ટયુબના ૧૨ આના } ઓટો મોહીનાના સુગ'ધી
} કાર્ડો ૧ ડઝનના ૧૨ આના.

એકલા માલિકોઃ—ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કું'પની.

એકલા આડત્યાઓ—**મોહીની એજન્સી**, ૩, ફીદા બીલ્ડીંગ જુમા મસ્જીદ—મુ'બઈ નં. ૨.

(પ્ર. પ્ર.)

તમો કોઈપણ પ્રકારના ચામડાના દરદથી પીડાતા હોવો

ખરજવું, સોજો, નાસુર, કોડ, ફોલ્લા, માથાનો દુખાવો, કમરનું દુખવું, સંધીવા, શરીર ઉપર શીળસ ધાઇ આવવું, વગેરે તો અમારા

અમૃતાંજનની મદદ તુરતજ લેશો.

એ અનાત્વરોનો સોડમ સારો છે અને એ તમામ દરદો સાજા કરશે, રૂઝ લાવશે તથા તમોને આરામ બક્ષશે જયારે. નજીવી જેવી કીમતે તમોને દુનિયામાં મશહુર થયલો, તમારા દરદો દૂર કરનારો "બામ" મળે છે ત્યારે શા માટે શરીરની બીમારીથી પીડાવો છો ? માટે ઢીલ કરો ના. એકવાર અજમાવી જુવો અને સ'તોષ પામેલા ઘરાકો માહેલા તમો પણ એક થાઓ.

દર શીશી દીઠ આના ૮.

હીં'દુસ્તાનમાં સઘળા ગાંધીઓને ત્યાંથી અથવા

અમૃતાંજન ડીપો

૧૦૯, ફ્રીયર રોડ કોટ, મુ'બઈ મધેથી મળશે.

(પ્ર. પ્ર.)

ગુલામહુશેન ઇશમાલજી એન્ડ બ્રધર્સ.

સ્થાપના	કરાંચીવાળા.	૧૮૭૪
આજ વરસો થયાં વેખ્યાતી પામેલા	BY APPOINTMENT TO H. E. THE GOVERNOR OF BOMBAY.	સ્ટીલ ટ્રંકો અને દરેક જાતના બોક્ષો બનાવનારાઓ વગેરે.

No. G. I. "SIR GEORGE SYDENHAM CLARKE" DESPATCH BOX.

સ્વદેશી માલ ઉમદા કારીગીરી



હમારા લોકપ્રિય બોક્ષો દુન્યાના દરેક ભાગના હજારો મુસાફરો વાપરી દરેક વખત પોતાનો સંતોષ જાહેર કરે છે. હમારા બોક્ષની સંગીન બનાવટની પીછાનના બદલામાં હિંદુસ્તાનમાંથી ૧૩ સોનાના ચાંદો મળ્યાછે.

જેથી સરકારી મોટા અધીકારી ખાતાઓ, હાઇકોર્ટો, સોલીસીટરોની ઓફીસો, બેંકો, તેમજ દેશી અધીકારીની ઓફીસો અને પેહેડીઓમાં ઘણુજ વિશ્વાસથી અને ઉલટથી હમારા હજારો સ્ટીલના દરેક જાતના બોક્ષ વપરાય છે.

(કામ જોઈ ખાત્રી કરજો) (ઇંગ્લીશ માલને બાજુએ મુકશો.)

વધુ વીગત માટે હમારૂં 'પ્રાઇસલીસ્ટ' મંગાવી ખાત્રી કરો.

(પ્ર. પ્ર.) **ગુલામહુશેન ઇશમાલજી એન્ડ બ્રધર્સ**

(કારખાનું કેમ્પ કરાંચી) શો રૂમ ન ૬૭ ૯૮ હોર્નબી રોડ, મુંબઇ)

ઇચ્છિત ફળ આપનાર.

શક્તિ સુધારક ગોળીઓ.

સ્ત્રી પુરૂષોના તમામ પ્રકારના ધાતુ વિકારનો નાશ કરે છે. નબળાં શરીરમાં લોહી અને ધાતુ વધારી મજબુત બનાવે છે, અને છાતીનાં તેમજ ક્ષયનાં દર્દો, ઘડપણની નબળાઇ, વીર્યનું કોઇપણ પ્રકારે સ્ખલિત થવું, યાદ શક્તિનું મંદ થવું, હીસ્ટીરીઆ તથા હરકોઇ રોગ પાછળની નબળાઈ એ સર્વેને નાબુદ કરવા એક રામબાણ ઉપાય છે. ખાંસી તથા દમ નાબુદ કરી, ભૂખ લગાડી ખોરાક પચાવે છે, અને જુના પ્રમેહને નાબુદ કરે છે.

ત્રણ ડબી સાથે, ફાયદો ન થાય તો પૈસા પાછા આપવાની ગેરંટી મળે છે.

કીંમત ૩૨ ગોળીની ડબીનો. રૂ. ૧)

સજીવન તેલ

લગાડવાથી ગમે તે કારણથી આવેલી ઇંદ્રિની નબળાઇ અથવા નપુસકપણું નાબુદ થાય છે અને નસો મજબુત બની પૂર્ણ સ્થિતિએ પહોંચે છે કીંમત રૂ. ૧)

પ્રમેહ ભંજન ગોળીઓ.

દરેક પ્રકાર જુના તથા નવા પ્રમેહનો જડમુળથી નાશ કરે છે. પેસાબમાં અથવા ઇંદ્રિની કોઇપણ જગ્યાએ થતી આગ અને દુખાવો અટકાવે છે.

કીંમત ૨૦ ગોળીનો રૂ. ૧)

વૈદ્ય કલ્યાણજી હરિકૃષ્ણ ઠાકર.

જામનગર.

(૪. ૭)

મુંબઇ કાલબાદેવી રોડ, વીઠલવાડી નાકે.

ETD, 1884
સ્થાપી ૧૮૮૪

બી. અરદેશરની કું.

EDISON PHONOGRAPH AGENCY

હારમોનિયમો

તે ક્યાંથી ખરીદશો ?

આજથી ૨૦ વર્ષોની જાણીતી થયલી બી. અરદેશરની કુંપની જાહેર પ્રજાને જણાવવાની રજા લે છે કે, સારા ને ટકાઉ અંગ્રેજી તેમજ દેશી બનાવેલા ઉંચી ક્વોલીટીના અને હરેક પ્રકારની સારી સામગ્રીની ખાત્રીપૂર્વકજ હારમોનિયમો યાતો તેને લગતો કશો પણ છુટો સામાન જોઇએ તો બી અરદેશર તમારી ખીદમતમાં હાજર છે હિંદની હવાને બરનોજ માલ કીફાયતે જામીનગીરી સાથે મળશે

ગ્રામોફોનો અને ફોનોગ્રાફો

ફોનોગ્રાફો તેમજ ગ્રામોફોનમાં અમો અનુભવી છીયે તેમજ બનાવનારાઓને ત્યાંથીજ પરભારા આયાત કરનારાઓ છીએ. તમો માગો તેવા હરેક પ્રકારના મોટા જથ્થામાં મોજુદ છે, ગ્રામોફોન તેમજ ફોનોગ્રાફને લગતો સામાન તેમજ પ્રખ્યાત ગાયનકારોના તેમજ નાટકોના ગાયનોના રેકર્ડોનો સર્વથી મોટો જથ્થો તમારી પસંદગી માટે અમો પાસે મોજુદ છે એકવાર પધારી તમારી ખાત્રી કરજો. સારો માલ ને કીફાયત ભાવો.

સીનેમેટોગ્રાફો

છેલ્લામાં છેલ્લી રૂઢીના સીનેમેટોગ્રાફો વેચનારૂં જાણીતું મથક તે બી. અરદેશરની કું. છે સીનેમેટોગ્રાફો તેમજ નાની મોટી મનપસંદ ફીલમોનો જથ્થો અમારે ત્યાં અમેરિકા ફ્રાન્સ, ઇંગ્લાંડ વિગેરેથી આવતો રહે છે લાઇમલાઇટ તેમજ વીજળીકને લગતો અપ-ટુ-ડેટ સામાન અતિશે કિફાયતે અમો વેચીએ છીએ, લગન નવજોતના મેળાવડાઓ વગેરે પ્રસંગોમાં અમો સીનેમેટોગ્રાફોના ખેલો મનપસંદ રીતથી ગમે તે મથકોએ ટુંક વખતમાં બહુજ કીફાયત કરીએ છીએ

અમારી એક સલાહ.

શોખીન આલમને અરજ કરીએ છીએ કે કોઇપણ પ્રસંગે ઉપલી કાંઈપણ ચીજો ખરીદવા ચાહાતા હોવો તો ખાસ કરીને અમારી સલાહ લેશોજી, બીનઅનુભવીઓની ફાલતુ દુકાને જવા આગમચ અમારા શો-રૂમની એક વખત મુલાકાત જરૂર કરી લેશોજી. રીપેરકામ નવા જેવુંજ થાય છે. કોઇપણ ચીજો માટે લખો યાતો મળો. સલાહ તદન મફત, કીફાયત ભાવો, ને ઉતમ માલની ગેરંટી. પ્રસિદ્ધ મથક-એડીસન ફોનોગ્રાફ એજન્સી.

કાલબાદેવીરોડ-મુંબઇ.

B. Ardeshir & Co.

Importers of Harmoniums, Cinematograph, Gramophones, Records, Etc.
Kalbadevi Road, BOMBAY.

A Trial is Solicited.

Address. "up-to-date" BOMBAY.

૫.૪)

(એક ડુંકી ડીટેકટીવ વાર્તા) **"મેરી"ની મુશીબતો** (લખનાર કેકી ર. દેરાવાળા)

" અલોહ ? મી. મોરીસ ! ! કયા ચાલ્યા ? વળી કોઇ નામદારને મળવા જાઓ છો ? " બુઢા મી. નોરવેલ દુસંતે રમુજમાં પૂછયું. હું જરા એક માણુસની શોધમાં છું, તમો કયાં ચાલ્યા.

કેમ મીસ સોરવેલ તમો પણ કાકાની સાથે ને સાથેજ ફરશો કે; જરા તો એમણુને છુટા રહેવા દો, " ડીટેકટીવ મી. મોરીસે જવાબ દીધો.

", કાંય ! હું શાને માટે મારા વહાલા કાકાને વિહિલા મૂકુ ? તમોને અદેખાઇ લાગતી હશે ? " મેરી નોરવેલે ટોકાર કીધી.

વેલ ! સાંભલો; મી. મોરીસ આવતી પરમદાને સનીવારે મારી સાલગ્રેહ છે. માટે હું તમોને મારે ત્યાં આખો દીવસ આવવાનું ઇજન કરું છ, તે આપણે આખો વખત રમત ગમતમાં હસી ખુશીથી પસાર કરીશું " મી૦ નોરવેલદુરાને આગ્રહથી તેડું કીધું. " ટેન્કસ ! તમારી જેવી મરજી ! હું જરૂર આવીસ " ડીટેકટીવ મી૦ મોરીસે હા પાડી. ઉપલી વાતચીત આ ત્રણે ઓળખીતાએ એક સવારે બજારમાં સામાસામી મળતાં થઇ

શનીવાર આવી પુગ્યોને મેરી નોરવેલ સકાળેથી ઉઠી પોતાના કાકાની સાલગ્રેહની ધામધુમ કરવા લાગી કારણ તેણીને ત્યાં ઓલખાણુ પીછાણુનાં પરોણાઓ આવનાર હતાં.

બરાબર સાડાનવ વાગે ડીટેકટીવ મી૦ મોરીસની ઘુમગાડી જયારે મી. દરાનના બાગમાં આવી ઉભી ત્યારે વહેલા વગેલા " મેરી પોતાના મુરબી કાકા મી૦ નેરવેલને તેડવા ગઇ ને બેઉ જણાઓ મી૦ મોરીસ ડીટેકટીવને રીસીવ કરવા દરવાજા આગળ ઉભા, ને સલામ કરીને તેને માન આદરમાન આપી ને અંદર હોલમાં લાવ્યા.

મી૦ મોરીસે મીનોરવેલ દુરાંતને તે વરૂની વરસગાંઠની ભલી દુવા સાથે મુબારકબાદી આપી જેનો લાઇકી ભરેલી રીતે મી. નોરવેલ ટુંક જવાબ ખરા અંતઃકરણથી આપ્યો.

આ તકનો લાભ લઇ મી૦ નોરવેલે પોતાના એક બેટા ચારલી નોરવેલને મોરીસ સાથે ઓળખાણ કરાવી મી૦ મોરી નોરવેલને–ચાર્લીની રીતભાત જાણતો હોવાથી તેને ચટકો લગાડવા થોડોક બોધ દેવા લાગ્યો. જુઓ મી૦ચાર્લીસ તમારી ઘણીજ ફર્યાદો તમારા બાવા મારી આગળ કહે છે ! હવે તમો કંઇ નાના નથી કે તમોને મારીને સુધારે પછી તો તમારી મરજી: હું આશા રાખુ છું કે આવતે વરસે જો હું જીવતો હોઇશ તો તમારામાં સુધારો થએલો જોવાની ઇચ્છા રાખું છું "

" હાજી ! હું પણ ઇચ્છું છું કે તમારું બોલવું આમીન થાએ ચાર્લીએ કહ્યું.

બપોર થવા લાગી ને ખાણાનો ઘંટ થયો. સઉ સઉની જગ્યાપર ગોઠવાઇ ગયાં, ને ખાણાને પુરતો ઇન્સાફ આપીને ઉઠયા.

પરોણાઓ વચ્ચે એલારપેલારની વાત ચાલવા લાગી, ચાર્લી તે તકનો લાભ લઇ પોતાની કઝીન એક રૂમમાં બારીએ ઉભી હતી ત્યાં ધસારાબંધ ગયો, આ વખતે મી૦ મોરીસ ડીટેકટીવ પાસેના ઓરડામાં બેઠેલો હતો, તેઓના ઓરડા વચમાં એક પારતીશન લાકડાનું કરી લીધેલું હતું જેથી ઓરડામાં થની વાત પરગટી સમજાતી હતી, ચાર્લી પીધેલા માણુસની માફક લડતા જવાજે મેરી સાથ

તકરાર કરતો બોલ્યો વહાલી મેરી, મારૂં જરા તું સાંભલ! તું જાણેછ કે હું તુને ચાહુંછ!! તારી ખુબસુરતીનું બ્યાન કરવાની મારી પાસે શક્તિ નથી. તું એક પરી જેવી ખુબસુરત છે. હું તને મારી સાથ લગ્નથી જોડાવા અર્જ કરૂંછ, જેનો જવાબ મને હા માં મળશે. તું ઘણો મુર્ખ છે. હાલમાં મુંગો રહે; હું એક વખતે તને કહી ચુકી કે હું કાંઇ તને ચહતી નથી ને ચહવશ પણ નહિ, તે છતા પાછો તારો બકબકારો કરીને માથું ફેરેછ." મેરીએ ગુસ્સે થઇને કહ્યુ

"અરે હો દીવાની! તારે માટે મે મારૂં સુખ તજ્યું; તને એક મૂર્તી માફક પૂજુ છું ને તું એવી બેકદર થાયછ? નહિ નહિ!! મેરી જરા રહેમ કર ને મારા જેવાને તારા પવિત્ર પ્યારમાં બલી જલીને ખાક થનારને બાહેર કહાડ." ચાર્લીએ કહ્યું

"ચાર્લી તું તદન પાધેલો છે; ને તેથીજ હું તારા આવા નાલાયક સખુનો સાંખી જાઉછ, તું મુંગો બેસ," મેરીએ પાછું ગુસ્સે થઇ ઉશ્કેરાઇને કહ્યું.

"વાહલી મેરી! હું તુને છોડવાનો નથી ને તું મારીજ થશે" ચર્લીએ કહ્યું, હું તારી ઉપર દયા લાઉં છું ને તારા આવી હાલતપર અફસોસ લાઉછ, માટે જો ચાર્લી તારી ઇજત તને વહાલી હોય તો હયાંથી ચાલીજા," મેરીએ શાંતીથી કહ્યું.

"કદીબી નહિ! તે બનશેજ નહિં!' જ્યાં સુધી તું મને ચાહેછ એમ બોલશે નહિ ત્યાં સુધી હું હયાંથી જવાનો નથી. ને તારો પીછો છોડીશ નહિ બોલ! બોલ!! વહાલી મેરી બોલ, તું મને ચાહેછ કે નહિ," ચાર્લીએ દબાનથી પુછ્યું.

મેરી તુરતજ ઘંટ વજાડવા ઉઠી જે વખતે તેણીના રેશમી ઝભો જમીનપર ઘસડાવાનો અવાજ ડીટેકટીવ મી. મોરીસે સાંભળ્યો. મેરી એમ કંઇ તું છટકવાની નથી, હું તને મારી જીંદગીના કોઇબી જોખમે મેળવીશ એટલું બોલ તેણીને પોતાની છાતી સાથે દાબીને એક કીસ લીધી આથી તેણી વધારે ગુસ્સે થઇ તુરતજ સામાસામી ખેંચતાણનો અવાજ વધારે આવવાથી ને મામલો બગડેલો જાણીને ડીટેકટીવ મી. "મોરીસ" તેઓના રૂમમાં ગયો, ને જોરથી બુમમારી, "હીવર ચાર્લી તને સરમ નથી."

ચાર્લી તેના બેઉ હાથમાં કમરમાથી પકડીને ઉભો હતો તે મોરીશને જોતાજ તેણીને છોડી દીધી મેરીશરમથી લાલ થઇ ગયને બેશુધ જેવી થઇ ગઇ આવુંજ જોતાંજ મી. મોરીસે તેણીના બેઉ હાથો પકડી લીધા ને તેણીને એક સોફા ઉપર લઇ જઇ બેસાડી પંખો નાંખ્યો.

તુરત તેણી શુદ્ધિમાં આવીને ડીટેકટીવનો ઉપકાર માન્યો તો ત્યાંથી બેઉ જણા છુટા પડયા ને ચાર્લી કંઇ કામને બસે બાહેર ચાલી ગયો,

મા મોરીસે તુરતજ એ સઘલી વાત મી. નોરવેલ દુરાતને કહીને જરૂરી પગલાં લેવાની તેને સલાહ આપી.

"તુરતજ મી, નોરવેલ ચાર્લીને ઘરમાં દાખલ નહિ કરવાનો હુકમ બધાઓને આપો"

આવી રીતે આખો દીવસ ઉલગબરદીનો તમકો પસાર કરીને ડીટેકટીવ મી. મોરીસ રાત્રે ખાણું લઇને વિદાય થયો.

બીજી સવારે રવિવારનો દીવસ હોવાથી મોડેથી પોતાના કામપર નીકળ્યો.

ઉપલા વાતને આકથી પંદર મહિના થયા હશે કે મી. દુરાતના સોલીસીતર મી "મોરસંત, કાબાએ એક ચીઠી મી. મોરીસ ડીટેકટીવ ઉપર લખી તેને જલદી આવવાની અરજ કરી.

તુરતજ મી. મોરીસ તેની ચીઠીને

માન આપીને ગયો.

"કેમ મી. મોરતન મારૂં કામ કંઇ તમને પડયું ?" ડીટેક્ટીવ મી. મોરીસે પુછયું.

"હા સાહેબ આર જાણતા તો હશો કે મી નોરવેલ દુર્શંત આજ ચાર દીન થયા મરણ પામ્યા છે.' મી મોરવેલ દુર્શંત આજ ચાર દીન થયા મરણ પામ્યા છે ? મી' મોરતન (સોલીસીટરે) કહ્યું.

"હા, હુ જયારે કેનપેનમાં હતો ત્યાં મને ખબર મલી મરનાર તો મારા જાની દોસ્ત હતા મી. મોર્રીસે કહ્યું.

ઠીક ત્યારે સાંભલો મને એ ત્રણ માસ ની વાત ઉપર બુઢા નોરવેલ દુર્હાંતે પોતાનું છેવટનુ વસિયતનામું બનાવવા તેડયો-હું. તેવણના હુકમને માન આપીને ગયોને જયારે મને પહેલાં વીલનો નાશ કરવા કહ્યું ત્યારે મને વિચાર આવ્યો કે વળી થયું શું ? મગર હું કાંઇ બોલી શકયો નહી. ને મેં તે વીલનો નાશ કીધો

મેં પછી બીજું વીલ તૈયાર કીધું જેનો સાર એટલોજ કે મેરીના નામથી તેવણની ભત્રીજીને સઘળી પુંજી મળે જયારે તેવણની દીકરી ચાર્લીને ફકત મહિને દહાડે થોડી રકમની ફરમાશ કરવામાં આવી હતી"

"વારૂં તે તો હુ જાણું છ પછી શું ? મી૦ મોરીસે પુછયું

"પછી વીલ ઉપર સહી સાખ કરીને મને સ્વાધીન કરવામાં આવ્યું. મેં તુરતજ એક કવરમાં મેલી મારી ખાનગી ટેબલમાં મારે હાથે મુકયું તેવણના મરણની ખબર સાંભલી તેવોજ હું તે વીલ કહાડવા મેં ખાનગી ટેબલ ઉઘાડીને વીલનું કવર કહયું મગર તમો સાંભળીને અજાયેબ થશો કે મારી ભારે અજાયેબી વચ્ચે ને કવરમાંથી એક એક વીલને બદલે એક કોરૂં કાગજ નીકળ્યું જે જોઇને હું તો ફાટીજ ગયો ને વિચારમાં પડયો કે હવે શું થશે ને હું કેમ કરીશ?

ઉપલા સખુનો મી૦ મોરતન સોલીસીટર બોલ્યો.

ત્યારે શું ફકત કોરૂં કાગળ નીકળ્યું મી૦ મોરીસે પુછયું. હા ! ફકત કાગજ નીકળ્યું ને હવે મને કંઇ રસ્તો બતલાવશો !" મોરતને કહ્યું વારૂં તમારો શક કોણ પર છે ડીટેક્ટીવ મોરીસે પુછયું.

"કેમ કહું, મગર તમારા કહેવા મુજબ તો ચાર્લીજ ગુનેહગાર હોવો જોઇએ બીજો ખ્યાલ એમ આવેછ કે એને મારા ઓરડાની ચાવી ને દેસકની ચાવી કેમ મળે તેમજ મે તે વીલ કયાં મુક્યું છ તે સઘળું તેને ખબર કેમ પડે, એ સઘળાનો આપણે સંભાળ વિચાર કરવો જોઇએ" સોલીસીટર મોરીસે કહયું.

તમારા કલાર્ક કેટલા છે ? ડીટેકટીવ મોરીસે પુછયું.

"બે જણા છે, ને મારા તેઓ જુના માં જુના માણસો છે મારો તેઓ ઉપર પુરતો ભરોસો છે, ને કેટલીક વખતનો હું સઘળો જોખમ તેઓનેજ સોંપી જાઉં છું ને હજુ સુધી મેં તેઓને એ બાબતસર ઠપકો પણ કીધો નથી." મી૦ મોરતને કહયું.

"ઘણુંજ સારૂં કીધું કે તમોએ કાંઇ વાત કીધી નથી, વારૂં કંઇ ખાનુ કે છએ. અહાણયું છે કે ભાંજફેડની કોશેશ કીધી છે! મોરીસે પુછયું તેવું કંઇજ નથી અને કોઇએ મજેહથી ખાનું ખોલ્યું છે" સોલીસીટર મી૦ મોરતને કહ્યું

આટલું છતાં તમે કહો છો કે તમારા કલાર્ક વિશ્વાસુ છે, ઘણીજ અજાયબી છે જે તમારી ચાવી કઇ જાતું નથી ને તમારા માણસો-પર તમને વિશ્વાસ છે ત્યારે શું કોઇ જાદુ

ચારો તમારી ઓફીસમાં છે?" ડીટેકટીવે જરા મજાક કીધી

નહિ, મારે કંઇ કહેવું નથી, મેં તો જેવાં તેઓ કામપર આવ્યા તેવાજ મેં તેઓને ઉપરટપકેથી મુંગે મોઢે તપાસ્યા મગર તેઓનાં મોઢાંપર કંઇ પણ જાતની ધાસ્તી યા ફિકરની નીશાનીઓ દીસી નહીં, રાબેતા મુજબ તેઓ ખુશાલ કામ કરવા લાગ્યા. તેથી તો મેં તમને તમારી સલાહ લેવા તેડયા, માટે હવે જે લટકો ફટકો કરવો હોય તો તમો કરો" ડીટેકટીવને મોરસને કહ્યું, "ઠીક ત્યારે મારા હાથમાં કેસ આપો ને પછી મારૂં કામ હું કરીશ." ડીટેકટીવે કહ્યું

ઉપલી વાતચીત પછી મી૰ મોરીસ ડીટેકટીવ મી૰ મોરતન સોલીસીતર સાથે હેબસલામ કરીને વિદાય થયા.

એવામાં રસ્તામાં એક અમલદાર મળ્યો ને મી૰ મોરીસને કહ્યું કે તમોને મી૰ ૧૬૯ સાહેબ બોલાવેછ, મેં તમારે ઘેર તલાસ કીધી, પછી તમારી પેલી બેઠક આગલ નહિં જોવાથી પાછો પોલીસચોકીપરજ જતો હતો, મગર સારૂં થયું કે તમો મલી ગયા.

"કેમ વળી કંઇ સ્નાનના સમાચાર છે શું?" મી૰ મોરીસે પુછ્યું "હા સાહેબ, મોટી એક સુનેરી ટોલી પકડાઇ છે ને તેની "તપાસ" માટે તમોને બોલાવ્યા છે, માટે જલદી ચાલો." તે અમલદારે કહ્યું.

"ઠીક તું જા; જરા જોઇને હું આવું છ," ડીટેકટીવ મી૰ મોરીસે કહ્યું થોડુંક પરચુરણ કામ આતોપીને તુરતજ મી૰ મોરીસ પોલીસ-સ્ટેશનપર ગયો જ્યાં તેના વડા મી૰ ત્રેસ્ફૂર્દને સલામ કરીને પૂછ્યું, "કેમ સાહેબ મારૂં કંઇ કામ પડયું?"

"હા તમારૂં અગત્યનું કામ છે! જુઓ સામેની થંડીમાં બધા તુરંગના પંખેરાઓ સપાટામાં આવવાથી પુરેલા છે, ને તે ઓના દરેકની જુદી જુદી તપાસ કરવાની છે. માટે જે જે નામદારોને તમો ઓળખો છો તેપર દેખરેખ રાખવાની જરૂર નથી, મગર નવા નવા પરોણાઓને તુરંગની ખીચડીનો સ્વાદ ચખાવાવવા તમારે જરા વધુ ધ્યાન આપવું પડશે.

તેઓને કોઇ વખત એવું કંઇ માન મળ્યું છે કે નહિ તે વિષે વિગતવાર રીપોર્ટ મને આપો"

વારૂં સાહેબ કહીને દરવાજે ખોલાને તુરંગના પંખેરાઓને જોવા મી. મોરીસ અંદર ગયો ને સૌએ સાહેબ સલામ કીધી કેટલાક તરફ મળીને ચેશ્ના કીધા કહીં તમે લાંબે વખતે દેખાયા, કેમ છો? વગેરે તાહેલા તપ્પા કરીને નવા નામદારોની વિગત એકઠી કરી પરચુરણ તપાસ કીધી ને તેનો રાબેતા મુજબનો "રીપોર્ટ" વડા અગલ રજુ કીધો.

હવે આપણે આપણી વાર્તાથી વેગલે ગયા, મગર હવાં જો મી. મોરીસ આવતે નહિ તો "ન્યુયોર્ક હેરલ્ડ"માં આવેલી પરચુરણ ખબરો તુરત વાંચવાને ભાગ્યવંત નીવડતે નહિ ને વાર્તાનું કંઇ ઉલટુંજ પરિણામ આવતે.

પોતાનો રીપોર્ટ વાંચવા તેણે બીજે દિવસનું પાનું ઉઘાડયું. જ્યાં તુરતજ તેવણની નજર એક નાની અજાયબ ભરેલી રીતે લખેલી જાહેર ખબર બહાર પડી જે વાંચતાજ મી. મોરીસના ડોળા ચમકતા લાગ્યા આ ખબર નીચે મુજબ હતી.

"મક્કમ ઠેકાવનો શખ્સ દરેક આફતો જલદીથી મતાડે છે.

આજ રાત્રે આઠ વાગે, લવ—એન્ડ જોન તમારી રાહ જુએ છે અરે ખચીતજ

આ કંઇ નવો ખડાકો છે લવ જરા મન કસું.

ડીટેક્ટીવ પોલીસે આ ખબરપર ઘણો ઉંડો વિચાર કીધા પછી તેની મતલબ કાઢવા નીચલા ઠરાવપર આવ્યા તે આ કંઇ ડીલને લગતી બાબદ છે; અને એનો અર્થ એમ થવો જોઇએ.

" વીલમાં લખેલી વીગતોનો નાશ મ. ક્રમ ડેવાનો મ ગ્રુસ જલદી કરશે

વીલ લાવના માટે ન્હ લગે લવ એન્ડ જોવ નામના હોટલનાં પાસ કમરામાં આવનાર બાદ જુએ છે, માટે ત્યાં તેની આગલ આવવું "

તુર્તજ મુદ્દો મળવાથી ખુસી થયો ને હાથમાંનું પત્ર બાજુએ મેલી હમને કામકાજમાં મંડી ગયો, અને ઘણી આતુરતાથી રાતના આઠ વાગાની વાટ જોતો રહે

પરન્તુ ટુંક કામકાજ કરીને ઘેર જલદી સાંજે ગયો ને કપડાં બદલીને નવો રંગ મચાવવા બાહેર પડયો.

મનમાં મગન થઇ માલ્યો કે ચાલો હવે તો હકદારનો હક ળશે અને હાનિ કરનાર હયવાનોને ઠેકાણે લાવશે નિંદા મેલીને દુનિયાની ગોરંશાંમાથી હેરાન થતા બચાવું ત્યારેજ જપીને બેસીશ

જ્યારે સાડાસાતનો ટકોરો " ૨૨ " પર પડયો કે મી૦ મોરીસ જુદો પોષાક પહેરી હોટેલ તરફ રવાના થયો ને ટુંક ટુંકે રસ્તેથી તે માનીતા " લવ એન્ડ જોવ " નામના હોટેલમાં પુગ્યા આ હોટેલમાં પ્યરંગી લોકોની આવજા ઘણી થતી હતી ને ટુંકમાં કહીએ તો ત્યાંના લોકોને આ એક આશીર્વાદ સમાન હતું.

ડીટેકટીવ મી૦ મોરીસે પોતાનું ખાણું ત્યાંજ લેવાનો ઠરાવ કીધો ને વેટરને હુકમ કરી તે મંગાવ્યું.

ખાણાની એક તેબલપર બેઠો, જ્યાં તેની આજુબાજુ લાઇનબંધ અગ્યાર બેઠક હારદાર ગોઠવી રાખેલી દીસ્તી હતી. દરેક બેઠકની વચ્ચે એક પટલા લાકડાનો પડદો રાખેલો હતો આ ગાળામાંથી બોલે બોલ એક બીજા પાસેની બેઠકવાલાની વાત સંભળાતી હતી.

જેવો આઠનો ટકોરો થયો કે કાલા પોશાકને ભપકાદાર દેખાવમાં એક નવજવાન મરદ એક સુંદર વોકીંગ સ્ટીક હાથમાં લેઇ એકેએક બેઠક જોતો જોતો ચાલતો આવ્યો જારે કમભાગ્યે તેણે પોતાની ખુરશીગાજમા મોરીસ ડીટેક્ટીવની બેઠકની જોડમાંની ટેબલપર પોતાની ટોપી ઓવરકોટ, સ્ટીક વગેરે મેલી તે ખુશાલીથી "સીટપ્રેમ" કરતો બેઠો.

પાંચ મિનીટ ગઇ નહિ હશે. તેટલામાં એક બીજા ચીરંજીવ પણ "સફેદ માથાપર કાળા સેતાન "ની મફક એસરી ફાંકડા સુટમાં થઇને આવ્યા, જેવણે પોતાના કોમ્રેડ સાથીને જોવા માટે દરેક પારટીશન તરફ નજર ફેરવી જયાં પેલો એક ફુપલો જવાન બેઠો હતો તેની આગલ આવી બેઠક લીધી તેમણી વચ્ચેતુર્તજ નીચલી વાતચીત શરૂ થઇ.

કેમ છો. મી. ચાર્લસ; બીજા આવનારે પૂછયું.

" ત્યારે તો તમે મારી જાહેર ખબર વાંચીને અહીં આવવાની મેહનત લીધી. ખરી. તસદી પડી તમને બીચારાને " ચાર્લસ નોરવેલે કહ્યું

" જીહા ! તમારી જાહેર ખબરને માન આપીને આવેલો છું." પેલા બીજાએ જવાબ આપ્યો. આ બીજો કોઇજ નહીં પણ મી. મોરતનો વિશ્વાસુ કલાર્ક મીલારડ ફીલડ હતો.

ધારું ચાલો તમે પેલું ચીઠ્ઠુ બાંધ્યા

છો ?" ચાર્લ્સે પુછયું.

સાહેબ ચીઠ્ઠું નથી મગર એ તો તમારો મદદગાર છે. જો એ મારા સેઠના હાથમાંથી જતે નહિ તો આજે તમારો હાલ શું હતે ? માટે જરા સાચેસાચું કહું તો એને રાખેલા મુજબ "વીલ"નાજ એલકાબથી બોલાવજો." મીલાર્ડ ફલાર્ક બોલ્યો.

"વારૂં ચાલો ઠીકસુધી છોડી દો. ને મને બતાવો." ચાર્લ્સે કહ્યું પહેલા મને તમારા લખવા મુજબ ચીઠી સહિ કરી આપો ને પછી તમારૂં માનીતું કાગજ લઇને ગમે તેમ કરો." મીલાર્ડે કહ્યું.

"ઠીક ! બોલો ત્યારે કેટલા પૌંડ લખું ?" ચાર્લ્સે આસ્તેથી પુંછ્યું "તમારી મરજી મુજબ લખો મને શું છે ?"

"ઠીક ત્યારે ૫૦૦) પૌંડ લખું છું." કરીને ચાર્લ્સે ૫૦૦) પૌંડની એક પ્રોમીસરી નોટ લખી આપી.

જે બરાબર સહિ સાખ કરેલી જોઇને મીલાર્ડ પોતાના જમણી બાજુના ખીસામાં બેસી દઇને ડાબી બાજુના ખીસામાંથી એક લાંબુ ચીતરેલું કાગજ ચાર્લીના હાથમાં આપી કહ્યું "હું તમોને તમારી ફતેહની મુબારક બાદી આપું છુ."

"થેંક્સ, હવેજ મેરી જોશે કે મે તેણીને કાલાવાલા કીધા, પગે પડગો, ને દયા કરવા કહ્યું કે મારી સાથે તે પરણે, પણ તેણીએ મને ઠોકરો મારીને હડધુત કીધો ને છેવટે ઘરમાંથી પણ કઢી મુકાવ્યો. ઠીક હવે ક્યાં જવાની છે ? હું તો હવે મરતાબી એની સાથે પરણું નહિ. ને વળાં એને એક કોડી વગરની કરીને શેહેરમાંથા કાઢી મુકું નહિ તો મારૂં નામ ચાર્લી. નોરવેલ નહિ.

"બોહ્મા હવે એનોરરતો તમો કરોછ કે હું ?" મીલાર્ડે પુછયું.

"અરે વળી તમો શું કરવા મહેનત લેઓ છે એ તો મારૂં. કામ છે" ! ચાર્લીએ કહ્યું ને એકદમ ચાર્લીના હાથમાં જળતી મેચીસ હતી તે બુજવી નાંખી ને પેલું વીલ હાથમાંથી ઝુંટવી લઇને કહ્યું:—

"ખબર દાર ! જો જરા તમોહીલ્યા ચાલ્યા તો આ જરીવોલવર તમારો જાન લેશે. માટે ચુપચુપ "હેનડસ-અપ"-ચાર્લી અને તેનો સાથી એકદમ આ નવી આફતથી ગભરાઇ શરણ થઇ ગયા અને પોતાના જાન બચાવવા ઉભા. મોરીસને આથી વધુ હીંમત આવી ને બધો સાર મેળવવા તેણે વધુ સવાલો પૂછવા માંડયા. બોલો તમોએ. એ વીલ ક્યારે, મી૦ મોરતનના ખાનામાંથી ચોર્યું ને ચાવી કેમ મેળવી" ? મોરીસે સોલીસીટરના ફલાર્કમીલાર્ડને પુછયું.

મેં ગયા અઠવાડયામાંજ આ કામ કીધું જ્યારે મી૦ નોરવેલ ગંભીર હાલતમાં હતાં ચાર્લીએ આવીને મોટી લાંચ આપવાની લાલચ દેખાડી મને આ ચોરી કરવા ઉશ્કેર્યો.

મારા શેઠ જ્યારે જમવા બેસે છે, ત્યારે મેં તેવણુની ટેબલની ચાવી લઇ જે ટેબલનાં વચલા ખાનામાં એવણ દસ્તાવેજો મૂકે છે. ત્યાંથી ટેબલ ઉઘાડાને મેં અંદર એક "કોરૂં કાગજ" ખોસી દીધું અને પછી ચાવી દઇને કશામાં હોય નહીં તેમ સઘળું વગેરગે કરી દીધું. મારે કામે વલગી ગયો ને મેં તે વીલ મારે ઘેર રાખી મૂક્યું. આગલી ગોઠવણ મુજબ ઉપલી જાહેર ખબર છપાય તે દીને ઠેકવેલ વખતે ને જગાએ આવવા નક્કી થયું હતું. જે મુજબ આજે આવ્યો, મગર આ એ કેજે પુગો માટે મારી ઉપર દયા કરો, મેં ગુનો કબુલ્યો છે. તમને બધી વિગતો સાચેસાચી કહી દીધી છે ને કશી મહેનત પણ આપી નથી." ને ફલાર્કે કરગરીને કહ્યું. વરૂ ઠીક આ કાગજ પર સહી કરો. ઉપલો એ કરાર તે ઠીકઠીકે બોલ

ઑલ ઉપર મુજબ લખી કાઢયો ને તેની સહી લીધી.

જ્યારે ચાર્લીની વારી આવી ત્યારે મોરીસે પુછયુ, એમાં કંઇ ફેર છે, ને તમારે કઇ કહેવું છે"?

"નહિ સાહેબ! મારે કંઇ કહેવું નથી મેં મારે હાથેજ મારી કબર ખોદી, માટે હવે તમારી દયપર છુ," ચાર્લીએ રડ મસ ચહેરે કહ્યું "ઠીક સારે જુઓ, તમો એક સારા ખાનદાનના માણસ છો તમારે ગુને હ જોકે ગંભીર છે. મગર આ વખતનું તમને છોડીદઉંછુ ને તે એવી શર્તે કે (ચાર્લી તરફ જોઇ) તમારે મેરી આગળ તમારા કાળા કતુંક કબુલી દેવા ને તેણીની માફી મ ગવીને ફરીથી એવું કામ નહીં કરવા ખુદાના કસમ ખાવા પછી (મીસ્તારડકીલડ તરફ ફરીને કહ્યું) તમો એ તમારા શેઠ મી૦ મોરતન સેલોસીનર આગળે તમારો ગુનોહ કબુલે કરીને તેઓની માફી માગવી ને ફરીથી એવાં કામ નહી કરવા ખરા અંતઃકરણથી કસમ ખાવાં, હવે તમોએ ધ્યાન રાખવું તમોએ તમારીજ આબરૂનો વીચાર કરવો એટલું બસ નથી તમારા જેવાં છોકરાંની પણ તેઓને એવાં દર્તુક કરવાની અગાઉ દરકાર કરવી જોઇતી હતી.

" ઓસો કબુલ છો ? " મી૦ મોરીસે ભલમણસાઇથી પુછયું હા તમો જેમ કહો તેમ હમો તૈયાર છાએ ". બેઉએ કહ્યું

વાંચનારનો કીમતી વખત હવે શું કામ વધુ રોકવો જોઇએ ભલા. દીટેકટીવ મી૦ મેરીસે પોતાની ખાનદાની અસર બતાવીને કમનશી બે સંજોગના ભોગમાં સપડાયલા તે બંને જવાનોને તેમજ તેઓના કુટુંબને આડે રસ્તે યા કોઇની વધુ હેરાન ન કરતાં ઘરમેળે સુજી સમજીને મંડવાલ કરાવી આપી આંથી મી૦ મોરતને તેમજ વાર્તાની નાયકા મી૦ મેરીએ ખરાઅંતઃકરણથી મી૦ મોરીસનો ઉપકાર માન્યો, જ્યારે મીસ મેરીએ પોતાની હમેશના ખાસ્યાત મુજબ ગુનેગારનો બદલો ભલાઇથી બરાબર આપી હાસો ચાર્લીને અપસ કહ્યું કે એથી તે પોતાની જીંદગી સુધારે ને પોતાના બાપદાદાના નામને બટ્ટો લગાડે નહીં. જ્યારે ઉપલા સખુનો તેણીના મુખમાંથી નીકલતાજ મી૦ મોરીસ તેમજ મી૦ મોરતન સોલીસીટરે પણ વાહ ? તદી ના પોકાર કીધાને વીના ન લાગે કે શાબાશ છે એની બેઉને તેમ આપ મહાશયોને એવી દયાળુ દીલ્ગી તેઓ બ વે છે,

રમુજીરત્ન.

લખનાર—એમ. કે. જોશી.

Little bursts of laughter,
Little shafts of wit—
If it's jokes you're after,
These are Simply "it."

મુંબઇમાં ભરાયલા ચિત્ર પ્રદર્શનમાં એક માણસ એક ચિત્ર બહુજ ખંતથી જોતો હતો. આ જોઇને તેની પાસે ઉભેલા એક માણસે પૂછયું,

" ભાઇ, તમે કોઇ ચિત્રકાર હશો ?"

" જી હા મેં ઘણાં ચિત્રો બતાવેલાં છે, " ત્યારે તો લોકોની કીર્તિ પણ ઘણી થતી હશે " પણ આખરમાં આછાં . કેટલા, ચીત્રો તમોએ બતાવ્યા છે ? "

સાહેબ જો તમો એક ચીત્ર પછી એક એમ લાઇનમાં મૂકો તો મઝગના માઇલ સંબંધ એટલાં બધાં ચીત્રો મેં બતાવેલાં છે;

એમ કેમ ?" " સાહેબ, સેવક એક સીનેમેટોગ્રાફનો ઓપરેટર છે. "

૨ ખોટું ઘર.

મુંબઇમાં એક બુઢો પારસી, ગુજરાતી વાર્તાઓની ચોપડીઓ લઇ ઘરેઘર ફરતો હતો. એક વખતે તે એક ઘ.ના દરવાજામાં

ઉભેલી એક બાઇ આગળ આવ્યો અને કહ્યું " બાઇ તમારા ઘરની લાયબ્રેરીમાં પીકવીક છે? દદી તારાપોરવાળા છે? કાબરાજી છે? પાલમકોટ છે? આલો ત્યારે પેલા ગુજરાતી એમાં, ગોવર્ધનરામ છે? દેલવાડાકર છે?"

બાઇ—" ભાઇ તમે ઘર ભૂલ્યા હશો આ કાંઇ બોર્ડીંગહાઉસ નથી"

૩ ક્યાંથી શીખ્યો.

છોકરાની મા-(બાપને). " મને ખબર પડતી નથી કે આપણો છોકરો ખરાબ ગુણો ક્યાંથી શીખ્યો? એટલાતો ખાત્રી છે કે તે મ્હારી પાસેથી શીખ્યો નથી "

બાપ—" ખરેખર ત્હારૂં કહેવું ખરૂં છે. કારણ કે ત્હારા (દુ:) ગુણો ઓછા થયા નથી.

૪ બધા માટે.

એક વખતે બે મીત્રો આગગાડીમાં અચાનક ભેગા થયા એકના હાથમાં રાજ વર્તમાન હતુ તે જોઇને બીજો તે છાપું વાંચવા લાગ્યો. થોડુંક વાંચી રહ્યા પછી તે બોલ્યો.

"ખરેખર છાપાવાળાઓ કાંઇ અજબ કરે છે.

દરેક જણને ગમતું વાંચન આપે છે જુઓ વેપાર સમાચાર, રમત ગમત, રાજદ્વારી વીગેરે વીગેરે છે." બીજા માણસે એક ખાલી પડેલી જગ્યા બતાવી ને કહ્યું, " પણ ભાઇ, આ ખાલી જગ્યા શા માટે રાખી છે."

પેલો—" ખબર નહી, તે તો જેને વાંચતાં ન આવડતું હોય તેવા અભણ માણસને માટે?"

૫ કાંઇ કરવું જોઇએ

એક ગૃહસ્થ—(ઘોડાવાળાને)—" તમે લુચ્ચા વેપારી છો, તમોએ મને આંધળો ઘોડો આપ્યો છે."

ઘોડાવાળો—ત્યારેતો કાંઇ કરવું જોઇએ

ગૃહસ્થ—હું પણ કહું છું કે કાંઇ કરવું જોઇએ."

ઘોડાવાળો—સાહેબ. હું તમોને એક સારા ઘોડાના ડાકટરનું ઠેકાણું આપુ તે લેઓ

૬—સોંઘ ભારી પડી.

મોટે પાકે રંગ લગાડનારી એક સ્ત્રી (એક રંગરેજને) "આ સાડીનો રંગ કેવો પડશે

[illegible]ગારી—"[illegible]મ સાડી બહુ જુની છે પણ ([illegible]રા વીચા ને) તેનો રંગ તો તમારા મેહ[illegible]ર જેવો થશે."

કેમ રહેલો કુવો.

[illegible]તર—કે કરાઓ, આ દાખલો બહુ ભારી [illegible] મ ? તેને કઇ રીતથી રહેલો કરી શકાય!

કરાઓ—" સાહેબ થોડાક આંકડા ઓછા [illegible]વાથી"

ખરાબ વખત.

[illegible] (ઘર આળાને,) " સાહેબ, તે [illegible] ઘણીવાર તમે મને વહેચ્યું તે [illegible] નથી"

[illegible]વાળી. તેમા ઘડાયણનો વાંક નથી [illegible] ખતરનાક [illegible] લોકો એમ નથી કહેતાં [illegible] હાલ વખત ખરાબ છે."

૯ ડાક્ટરની મોટી ફીનો ભસ્મ.

[illegible] જઇ તમારો ડાકટર તમારે [illegible] આવે [illegible] ત્યારે તે દર ફેરે શું પૈસા [illegible]"

" બે ગીની ભઇ "

" મ્હારા ભાઇ, [illegible] મહીનામાં તો ઘણી વખત આવે છે કેટલી વખત આવેછે

" વીસ વખત "

" વીસ વખત! ત્યારે તો તમારે ચાળીસ ગીની આપવી પડતી હશે!"

" નહીરે ભઇ માત્ર બેજ ગીની, બાકી ઓગણીસ વખત તો તે પૈસા વસુલ કરવાને અહીં આવે છે.

૧૦ બધુ સાથે તે કાંઇ હોય.

ત્યારે તો આ મોટર ચીત્રમાં દેખાડયા પ્રમાણે પાંચ હજારમાં આપશો. આ ફાનસો પણ આપશો કે?

વેપારી, અરે નહી સાહેબ, ફાનસો તો જુદા"

ઘરાક પણ આ કેટલોગમાં તો ફાનસ ચીતરેલા છે!

વેપારી, ત્યારે તો તેની અંદર એક બાઇને પણ બેઠેલી ચીત્રી છે તેથી કમેકાંઇ તે બાઇને પણ આપવા બંધાએલા નથી."

પુસ્તક પરિક્ષા.

લખનાર મી૦ ફીરોઝશાહ જા મર્ઝબાન એમ. એ.

જીવપર જોરાવરી.

ઘણો વખત થયો અમારી તપાસ માટે મી૦ પીજામની ઉપલી પારસી સંસારી નવલકથા આવી પડી છે. આ વાર્તાની મુખ્ય નાયિકા **મીસ કેટી** નામની એક શ્રીમંત અબલા છે જે પોતાના ધારેલા ધણીની ખાસિયતની અગમ પરિક્ષા લેવા સુરતથી છૂપે નામે આવી કોલાબે પાડેના ધર્મશાળામાં એક ગામડિયનને વેષે સાસરીવાળાના પાડોશનાં રૂમમાં આવી રહે છે. આ કેટી–મીસ ખોરસેદ **દાવર**—પર સેંકડો દુઃખો પડે છે. આ દુઃખ પાડનારા બે મુખ્ય પાત્રોને મી૦ પીરોશાએ એવી રીતે વર્તામાં ગુંથી લીધા છે કે આખો વખત આ વાર્તા એક ઉઠાઉગીરની કાંદાની, એક ડીટેકટીવની ચાલાકી, કે દુનિયાના કાવાદાવા અને ખૂનોની એક હૃદયભેદક હારમાળા રજુ કરે છે. આખી વાર્તા સીલસીલાબંધ નથી પણ ત્રણ ચાર આડકથાને લેખકે સાથે સાંધી દેઈ એક પેચવર્ક વર્ણું એવું રજુ કીધું છે કે તેમાંથીજ ખરી જીંદગીની હકિકત કરતાં એક નાટકી એહેવાલનો વધુ ખ્યાલ નીકળે છે. લેખક પારસીઓના સાથી માનિતા, એક મોટા દૈનિકપત્રનો અનુભવી અધિપતિ છે, જેથી પારસી સંસારમાં દીસતી ઘણીક ભપકા ભરેલી વડાઇ અને હાડમાહના સડેલા મામલાનો તેમને પૂરતો ખ્યાલ મળેલો હોવો જોઇએ.

વાર્તાને ઘણી ખેંચાણકારક કરવા તેમાં ૨૩ સુંદર ચિત્રો આપ્યાં છે જે અંદરની વિગતોનો પૂરતો ભાસ-આપી શકે તેવાં સુંદર અને લાગુ પડતાં છે. અમારી અભિલાખી એજ છે કે લેખક અંદર પીરટોલ બાજી અને ખુનના બનાવોનું વર્ણન ઉમેરવામાં અતેરું કીધું છે, કદાચ આ કથાને ટુંકી કરી તેનો સીધો ગુજરાતી વહીસની બદમાશી અને ચાનજીની લડંગાઇ।। વેડીજ હદમાં રાખ્યો હતે તો પારસી સંસારનું તે એક હુબહુ ચિત્ર થઇ પડતે.

વાર્તાનું નામ **જીવપર જોરાવરી** છે તે શુદ્ધ અને લાગુ પડતુંજ છે. ગુજરાતી ભાષાનો કોઇબી અભ્યાસી એ નામને અશુદ્ધ કહી શકશે નહીં. વાર્તાની બાજી નાયિકા **શીરીન** છે, જેને પણ દુઃખો ખમનાં જીવપર જોરાવરી કરવી પડે છે ઘરડા મુલ્લાજીનું પાત્ર બેદીજણાય છે તે પણ દર વખતે એજ઼ગબી એક ફરેસ્તાની માફક શીરીનને મદદ કરવા ભૂતની કાની ફૂટી નીકળે છે તે કેમ બને છે ? શરૂઆતના બે ફોટોમાં પારસીપણું ઓછું લાગે છે. કેટીનું મોહોડું એક લઇ ઉંરાનો ચિતાર આપે છે. તેવાજ રાતે ડા અદીનું ચિત્ર એક મોગન ઉમરાવનો ખ્યાલ આપે તેવું છે ડા અદી પોતાના કાકાને ભુલમાં કોઇ નોકર સ ઃજી લડાક અને લાકડીનો માર મારે છે એ વાત અમારા ભોલા મિત્ર પીરોશાએ લખીને જરા સદરાન બાન કાપી છે. અલબત્તા એવી ન્હાના ખામીઓ આ સાડીચારસેં પાનાના લંબાણ દાસ્તાનમાં શોધવા બેશીએ તો ઘણી નીકળે. ખાસ કરીને બધામાં જોરાવરી છે ન લાયા મૂર્દાત છે, ભાઇ પીજામ આ પર થોડું ક વધુ ધ્યાન આપે તો ઠીક.

આ વાર્તાથી ગુજરાતી નવલ કથામાં એક સુંદર, દીલ ગદગદાવનારા રસિક પુસ્તકનો વધારો થયો છે, એ માટે મી. પીજામને અમો મુબારક બાદી દેઇયું, અને અમા

તેણે સમજાવ્યું કે "એક રોટી પર નજર રાખું છું, તેની મતલબ એ છે કે તે હું ખાઉં છું અને એક રોટી નાખી દેઉ છું તેની મતલબ એ છે કે તે મારી સાસુને આપુ છું, બે રોટલીઓ પાછી આપું છું તેની મતલબ એ છે કે તે મારા મા અને બાપને આગલા હેસાનમાં આપું છું અને બાકીની બે રોટલી કરજમાં આપું છું તેની મતલબ એ છે કે તે મારા બેટાઓને આપું છું જેઓ મારા કરજદાર રહેશે.

(૪) એક ફકીરે એક કંજુસ પાસે જઇ સવાલ કર્યો કે અલ્લાના નામ પર કંઇ આપ. તે કંજુસે કહ્યું કે અગર તું એક વાત મારી કબુલ કરે તો તું જે માંગશે તે હું આપીશ અને બજા લાવીશ. તે ફકીરે કબુલ કીધું અને કહ્યું તે શું વાત છે તે કેહે. તે કંજુસે જવાબ આપ્યો કે મારી પાસેથી કોઇ પણ ચીજ માંગ નહીં. તે સિવાએ તું જે કેહેશે તે હું કરવા કરવા તૈયાર છું.–

કરીમ સજનલાલ

ઘાસલેટરૂપી "વ્હાઈટ ઑઈલથી" તદ્દનજ નિરાળું જગપ્રસીધ્ધ-દીલપસંદ

હેઅર ઑઇલ.

(રજીસ્ટર્ડ) વાપરો.

જે બીજાં તેલો માફક કોઇ પણ રીતે નુકસાન નહીંજ કરતાં, વાળને કાળા, ચળકતા સુંવાળા બનાવી મોટા જથ્થામ વધારો કરેછે. આ તેલ ખાસ કેમીકલ બનાવટથી અને કેટલાએક ફાયદાકારક તેલોમાંથી બનાવેલું છે અને તેથી આજ દીન સુધીમાંના દરેક તેલોમાં ઉંચ પંકતી ધરાવવાને ફતેહમંદ નીવડ્યું છે. એકવાર વાપરી ખાત્રી કરો. સેમ્પલ માટે ૦)–સ્ટાંપ બીડે

કીંમત બાટલી ૧નો રૂ. ૧, પોસ્ટેજ જુદું.

એકલા બનાવનાર

"ધી પરસ્તાન" પરફ્યુમરી કુંપની

૧૩૭ નાગદેવા સ્ટ્રીટ, મુંબઇ. ૩

અમારા એજંટો–મેસર્સ જી૦ એન૦ હકીમ, ટાવર સામે, વડોદરા; કે૦ એમ૦ જાવદેકરની કું૦, રીચીરોડ અમદાવાદ; હુસેનઅલી નુરદીન કાગદી, કતોપોર બજાર ભરૂચ; પ્રભુદાસ પાનાચંદ બુરાનપોરીભાગળ, સુરત.

જે મેહેરબાન ગ્રાહકોએ લવાજમ નહી મોકલ્યું હોય તેમણે તે કૃપા કરી મોકલી આપવાનું ખાસ યાદ રાખવું–યાતો એક કાર્ડ લખશો તો બીલ કલેકટરને મોકલી આપીશું.